ચોથી શ્રેણી

પુસ્તક-૧૦૧

તા.૧૫મી સપ્ટેમ્બર, ૨૦૨૩
ભાદ્રપદ ૨૪, ૧૯૪૫ શાકે
થી
તા.૧૬મી સપ્ટેમ્બર, ૨૦૨૩
ભાદ્રપદ ૨૫, ૧૯૪૫ શાકે

# ગુજરાત વિધાનસભા

## ચર્ચાઓ

## સત્તાવાર અહેવાલ
## પંદરમી ગુજરાત વિધાનસભા
## ત્રીજું અધિવેશન

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

# અ નુ ક્ર મ ણિ કા


| વિષય | પાના નંબર | |
|---|---|---|
| **તા.૧૫મી સપ્ટેમ્બર, ૨૦૨૩ ભાદ્રપદ ૨૪ ૧૯૪૫ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | 1 | 13 |
| અતારાંકિત પ્રશ્નો | 14 | 54 |
| પોઈન્ટ ઓફ ઈન્ફર્મેશન( ટેબ્લેટથી રેકોર્ડિંગ કરવા અંગે) | ૫૫ | ૫૬ |
| પોઈન્ટ ઓફ ઓર્ડર (સભાગૃહમાં વાંચન કરીને પ્રવચન કરવા અંગે) | ૫૬ | ૫૭ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૫૭ | ૫૭ |
| વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત | ૫૭ | ૫૭ |
| સરકારી સંકલ્પ(નિયમ-૧૨૦) ચંદ્રયાન-૩ તથા આદિત્ય એલ-૧ મિશનની સફળતા અંગે | ૫૭ | ૬૯ |
| ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા(સુધારા) વિધેયક, ૨૦૨૩ | ૬૯ | ૮૦ |
| પોઈન્ટ ઓફ ઓર્ડર(વિધેયકના સ્કોપની બહાર પ્રવચન કરવા અંગે) | ૮૦ | ૮૨ |
| ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા(સુધારા) વિધેયક, ૨૦૨૩(ક્રમશઃ) | ૮૩ | ૧૧૩ |
| બાળ વિશ્વવિદ્યાલય (સુધારા) વિધેયક, ૨૦૨૩ | ૧૧૪ | ૧૧૭ |
| **તા.૧૬મી સપ્ટેમ્બર, ૨૦૨૩ ભાદ્રપદ ૨૫, ૧૯૪૫ શાકે** | | |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૧૧૮ | ૧૧૮ |
| પોઈન્ટ ઓફ ક્લેરિફિકેશન ( દિલગીરી વ્યક્ત કરવા અંગે) | ૧૧૮ | ૧૧૮ |
| ગુજરાત પબ્લિક યુનિવર્સિટી વિધેયક, ૨૦૨૩ | ૧૧૯ | ૧૬૩ |
| ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતીય સુધારા)વિધેયક, ૨૦૨૩ | ૧૬૪ | ૧૭૦ |
| છેલ્લા દિવસનો પ્રસ્તાવ(નિયમ-૧૦૨) (મેરી માટી મેરા દેશ અભિયાનને સફળતાપૂર્વક પાર પાડવા અંગે) | ૧૭૧ | ૧૭૮ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા અતારાંકિત પ્રશ્નો (૮૭-ક) | ૧૭૯ | ૩૬૩ |

ભાદ્રપદ ૨૪, ૧૯૪૫ શાકે

તારાંકિત પ્રશ્નો

**ગુજરાત વિધાનસભા**

**શુક્રવાર, તા.૧૫મી સપ્ટેમ્બર, ૨૦૨૩**

**ભાદ્રપદ ૨૪, ૧૯૪૫ શાકે**

**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**

**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**

તારાંકિત પ્રશ્નો

**ઔદ્યોગિક નીતિ-૨૦૨૦ હેઠળ ઔદ્યોગિક પાર્ક વિકસાવવા માટે સહાય**

* ૧૫/૩/૧૬૦ **શ્રી ચૈતન્ય દેસાઇ** (અકોટા) : **માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ ઔદ્યોગિક નીતિ-૨૦૨૦ હેઠળ ઔદ્યોગિક પાર્ક વિકસાવવા માટે કેટલી સહાય મળવાપાત્ર છે, | (૧)<br>➢ ન્યુ બિલ્ડિંગ, અધર કન્સ્ટ્રકશન અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફેસિલિટી માટે માન્ય સ્થાયી મૂડી રોકાણના ૨૫% અને વનબંધુ તાલુકામાં ૫૦% પરંતુ રૂ.૩૦.૦૦ કરોડની મર્યાદામાં સહાય મળવાપાત્ર છે.<br>➢ હોસ્ટેલ/ડોરમેટરીના નવા બિલ્ડિંગના બાંધકામના માન્ય સ્થાયી મૂડી રોકાણના ૨૫% પરંતુ રૂ.૨૦.૦૦ કરોડની મર્યાદામાં સહાય મળવાપાત્ર છે.<br>➢ ઔદ્યોગિક પાર્ક માટે ખરીદવામાં આવતી જમીન પર ડેવલપર દ્વારા ચૂકવવામાં આવેલ સ્ટેમ્પ ડ્યૂટીની રકમના ૧૦૦% ડેવલપરને અને પાર્કમાં ડેવલપર પાસેથી પ્લોટની ખરીદી માટે ચૂકવવામાં આવેલ સ્ટેમ્પ ડ્યૂટીની રકમના ૫૦% પ્લોટ ખરીદનાર ઔદ્યોગિક એકમને પરત મળવાપાત્ર થાય છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત નીતિ હેઠળ કુલ કેટલા પાર્ક નોંધાયેલ છે, અને | (૨) કુલ – ૪૬ પાર્ક. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ નીતિ હેઠળ કુલ કેટલી સહાય આપવામાં આવેલ છે ? | (૩) કુલ રૂ. ૨૦૬૪.૮૧ લાખ. |

શ્રી ચૈતન્યભાઇ મ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧-૩-૨૦૨૩ની સ્થિતિએ ઔદ્યોગિક નીતિ ૨૦૨૦ હેઠળ ઔદ્યોગિક પાર્કને વિકસાવવા માટે કેટલી સહાય આપવામાં આવેલ છે? ઉક્ત સ્થિતિએ અને ઉક્ત યોજના હેઠળ કેટલા પાર્ક નોંધાયેલ છે અને પછલા બે વર્ષમાં કેટલી સહાય આપવામાં આવી છે?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, નવી બિલ્ડિંગ, અધર કન્સ્ટ્રકશન, ઇન્ફ્રાસ્ટ્રકચરની ફેસિલિટી હેઠળ મૂડી રોકાણના ૨૫ ટકા અને વનબંધુ કલ્યાણ હેઠળ ૫૦ ટકા વધુમાં વધુ રૂ.૨૦ કરોડની મર્યાદામાં આપવામાં આવે છે. સાથોસાથ સભ્યશ્રીએ પૂછ્યું છે કે ઔદ્યોગિક સહાયની યોજના ક્યારથી અમલમાં આવી? ઔદ્યોગિક પાર્ક સહાય યોજના વર્ષ ૨૦૧૫ હેઠળ અમલમાં આવી. ત્યારબાદ વર્ષ ૨૦૨૦માં અમલમાં આવી અને આ યોજના અંતર્ગત મળતા લાભની વાત કરું તો નવી બિલ્ડિંગ બનાવવા માટે, અધર કન્સ્ટ્રકશન માટે, ઇન્ફ્રાસ્ટ્રકચર ફેસિલિટી માટે મૂડી રોકાણના ૨૫ ટકા અને વનબંધુ કલ્યાણ હેઠળ ૫૦ ટકા વધુમાં વધુ રૂ.૩૦ કરોડની મર્યાદામાં આપવામાં આવે છે. સાથે સાથે કોમન ફેસિલિટી હોય, હોસ્ટેલ હોય, ડોરમેટરી હોય, બિલ્ડિંગનું બાંધકામ હોય અને મૂડી રોકાણના ૨૫ ટકા પરંતુ રૂ.૩૦ કરોડની મર્યાદામાં આવે છે. સાથે સાથે ઔદ્યોગિક પાર્ક માટે ખરીદવામાં આવતી જમીનો માટે ડેવલપર દ્વારા ચૂકવવામાં આવેલ સ્ટેમ્પ ડ્યૂટી રકમના ૧૦૦ ટકા ડેવલપરને પાર્કમાં ડેવલપ કરવા માટે પ્લોટની ખરીદી માટે ચૂકવવામાં આવે છે. સાથે સાથે રકમના ૫૦ ટકા જે વ્યક્તિ પ્લોટ ખરીદે એ ઔદ્યોગિક એકમને આ મળવાપાત્ર સહાય આપવામાં આવે છે.

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, રાજ્યમાં ઇન્ડસ્ટ્રીયલ પાર્કની યોજના અમલમાં આવી ત્યારથી યોજના હેઠળ કેટલા ઇન્ડસ્ટ્રીયલ પાર્ક સ્થાપિત થયા અને એમાં કેટલું મૂડી રોકાણ થયું અને કેટલા વિસ્તારમાં આવેલ છે?

તા. ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૨૩

તારાંકિત પ્રશ્નો

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, જે વખતથી દેશના યશસ્વી વડાપ્રધાન ગુજરાતના મુખ્યમંત્રી હતા અને એમણે વાઇબ્રન્ટની શરૂઆત કરી હતી અને વાઇબ્રન્ટ શરૂ થવાના કારણે જે મોટી મોટી ઇન્ડસ્ટ્રીઝ આવવા માંડી અને એના કારણે નાના નાના એમ.એસ.એમ.ઇ., સ્મોલ સ્કેલ ઇન્ડસ્ટ્રીઝ, લઘુ ઉદ્યોગો એ વ્યાપક પ્રમાણમાં વધવા મંડ્યા. એટલા માટે જી.આઇ.ડી.સી. અને આ સિવાય બીજા અધર પ્રાઇવેટ ઇન્ડસ્ટ્રીયલ પાર્કો પણ પોતાની રીતે સારી રીતે ડેવલપ થઇ શકે, એના રોડ-રસ્તા સારા થાય, કોમન ફેસિલિટી સારી થાય, એના માટે સરકાર આ યોજના લાવી હતી. ઉદ્યોગ નીતિ અંતર્ગત વર્ષ ૨૦૦૩, ૨૦૦૯, ૨૦૧૩ અને ૨૦૧૫માં કુલ લગભગ ૧૧૬ ઔદ્યોગિક પાર્કોને અત્યાર સુધી મંજૂરી મળી. ૪૭ પાર્ક અત્યાર સુધીમાં કાર્યરત થઇ ગયા છે. ૫૦ જેટલા અત્યારે અન્ડર ઇમ્પ્લિમેન્ટેશનમાં છે. લગભગ રૂ.૧૨,૬૮૦ કરોડનું આમાં રોકાણ થયેલ છે. ૨૯૨૬ હેક્ટરમાં આ ઔદ્યોગિક પાર્કનો વિકાસ થયેલ છે.

શ્રી યોગેશભાઇ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એક તો ઔદ્યોગિક પ્લોટ ખરીદવા માટે ઉદ્યોગ ડેવલપ કરવા માટે સ્ટેમ્પ ડ્યૂટી વધુ પડતી છે. તે ઘટાડવી જોઇએ. બીજું, રૂ.૨૦ કરોડની સહાય આપો છો. ૪૬ જણાએ પાર્કની માગણી કરેલ છે અને અત્યાર સુધીમાં રૂ. ૨૦.૪૬ કરોડ વાપર્યા છે તો વધુ પાર્ક કરવા માગો છો કે કેમ?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ખૂબ સિનિયર છે. રાજ્યમાં સ્ટેમ્પ ડ્યૂટી એ બધી જ જગ્યાએ અલગ અલગ દરો મુજબ નક્કી થતી હોય છે. કોઇ વધતું ઓછું હોય એવું ન હોય. કોઇને માફી ન આપી શકાય. એમણે ખૂબ સરસ પ્રશ્ન પૂછ્યો છે કે બાકીની અરજીઓ કેમ મંજૂર ન થઇ? એમને જણાવવાનું કે જ્યારે સરકાર કોઇપણ યોજના મૂકે ત્યારે પૂરતા કાગળો માગે છે. જગ્યા એન.એ. થયેલ છે કે કેમ? દસ્તાવેજ થયેલ છે કે કેમ? ખોટા અથવા અપૂરતા કાગળો હોય ત્યારે જ નામંજૂર કરીએ છીએ.

**સુરત જિલ્લામાં નિરાધાર વૃદ્ધો અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના**

* ૧૫/૩/૯૩ **શ્રીમતી સંગીતાબેન પાટીલ** (લીંબાયત) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧-૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લામાં નિરાધાર વૃદ્ધો અને દિવ્યાંગોની આર્થિક સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૨૦૭૮ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૮૮૯ |
| (૩) તે પેટે કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૧,૨૨,૯૧,૦૦૦/- |

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, નિરાધાર વૃદ્ધો અને નિરાધાર દિવ્યાંગો માટેની આર્થિક સહાય યોજના ક્યારે અમલમાં આવી અને આ યોજનાના હેતુ શું છે ?

શ્રીમતી ભાનુબેન મ. બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારના મજૂર કલ્યાણ અને સમાજ કલ્યાણ અને આદિવાસી વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક : બીએમ/૧૦૭૮/૨૦૬૮૧૬ તા.૧/૪/૧૯૭૮ થી નિરાધાર વૃદ્ધો અને દિવ્યાંગો માટે આ યોજના રાજ્યમાં તા.૧/૪/૧૯૭૮થી અમલમાં મૂકવામાં આવેલ છે. આ યોજનાનું લક્ષ્ય નિરાધાર વૃદ્ધો અને નિરાધાર દિવ્યાંગો માટેનું છે. જેઓને પેન્શનના રૂપે નાણાકીય સહાય ઉપલબ્ધ કરવા માટે અમલમાં મૂકવામાં આવેલ છે.

શ્રી પ્રવીણભાઇ મ. ઘોઘારી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, નિરાધાર વૃદ્ધો અને દિવ્યાંગો માટે આર્થિક સહાય યોજના હેઠળ છેલ્લાં પાંચ વર્ષમાં સુરતમાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવામાં આવેલ છે?

શ્રીમતી ભાનુબેન મ. બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૮-૧૯માં લાભાર્થીની સંખ્યા ૫,૪૪૨ અને રૂપિયા ૩૭૧.૭૭ લાખની સહાય ચૂકવવામાં આવી છે. વર્ષ ૨૦૧૯-૨૦માં લાભાર્થીની સંખ્યા ૬,૩૮૮ અને રૂપિયા ૬૦૧.૮૭ લાખ સહાય ચૂકવવામાં આવી છે. વર્ષ ૨૦૨૦-૨૧માં લાભાર્થીની સંખ્યા ૭,૧૧૮ અને રૂપિયા ૬૬૯.૨૮ લાખની સહાય ચૂકવવામાં આવી છે. વર્ષ ૨૦૨૧-૨૨માં લાભાર્થીની સંખ્યા ૭,૬૦૯ અને રૂપિયા ૭૧૯.૧૮ લાખ સહાય ચૂકવવામાં આવી છે તેમજ વર્ષ ૨૦૨૨-૨૩માં ૯,૪૩૨ લાભાર્થીઓને રૂપિયા ૧,૧૧૧.૨૬ લાખની સહાય ચૂકવવામાં આવેલ છે.

**રાજ્યમાં પોતાના મકાનમાં કાર્યરત આઇ.ટી.આઇ**

* ૧૫/૩/૧૬૭ **પાયલ કુકરાની** (નરોડા) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧-૦૭-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેટલી સરકારી આઇ.ટી.આઇ. પોતાના મકાનમાં કાર્યરત છે, અને | (૧) |

| ક્રમ | જિલ્લાનું નામ | પોતાના મકાનમાં કાર્યરત સરકારી આઇ.ટી.આઇ.ની સંખ્યા |
| --- | --- | --- |

| | | |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૫ |
| ૨ | અમરેલી | ૧૨ |
| ૩ | આણંદ | ૦૯ |
| ૪ | અરવલ્લી | ૦૮ |
| ૫ | બનાસકાંઠા | ૧૪ |
| ૬ | ભરૂચ | ૧૦ |
| ૭ | ભાવનગર | ૧૧ |
| ૮ | બોટાદ | ૦૪ |
| ૯ | છોટાઉદેપુર | ૦૬ |
| ૧૦ | દાહોદ | ૦૯ |
| ૧૧ | ડાંગ | ૦૩ |
| ૧૨ | દેવભૂમિ દ્વારકા | ૦૪ |
| ૧૩ | ગાંધીનગર | ૦૬ |
| ૧૪ | ગીર સોમનાથ | ૦૬ |
| ૧૫ | જામનગર | ૦૭ |
| ૧૬ | જૂનાગઢ | ૧૦ |
| ૧૭ | ખેડા | ૦૭ |
| ૧૮ | કચ્છ | ૧૦ |
| ૧૯ | મહિસાગર | ૦૬ |
| ૨૦ | મહેસાણા | ૧૦ |
| ૨૧ | મોરબી | ૦૫ |
| ૨૨ | નર્મદા | ૦૪ |
| ૨૩ | નવસારી | ૦૯ |
| ૨૪ | પંચમહાલ | ૦૮ |
| ૨૫ | પાટણ | ૧૦ |
| ૨૬ | પોરબંદર | ૦૩ |
| ૨૭ | રાજકોટ | ૧૩ |
| ૨૮ | સાબરકાંઠા | ૦૮ |
| ૨૯ | સુરત | ૧૨ |
| ૩૦ | સુરેન્દ્રનગર | ૧૦ |
| ૩૧ | તાપી | ૦૫ |
| ૩૨ | વડોદરા | ૧૨ |
| ૩૩ | વલસાડ | ૦૫ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલી સરકારી આઇ.ટી.આઇ.ના નવીન મકાનના બાંધકામ કરવામાં આવેલ છે?

(૨) ૧૪ (ચૌદ)

ડો. પાયલ મ. કુકરાની : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ માનનીય મંત્રીશ્રીનો આભાર અને અભિનંદન વ્યક્ત કરવા માગું છું કે અમારા નરોડા વિધાનસભા વિસ્તારમાં હાલમાં નવી આઇ.ટી.આઇ. બિલ્ડિંગનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું એના થકી સૌનો આભાર વ્યક્ત કરવા માગું છું અને મારો પ્રશ્ન એ છે કે અમદાવાદ જિલ્લામાં કુલ કેટલી સરકારી આઇ.ટી.આઇ. કાર્યરત છે? આભાર.

શ્રી કુંવરજીભા ન. હળપતિ : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ પહેલા તો આ ગૃહના નેતા આપણા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. એક ભારત શ્રેષ્ઠ ભારતના માધ્યમથી એક શ્રેષ્ઠ વિધાનસભા બનાવવા માટે અને ઇ-વિધાનસભા બનાવવામાં આવી એ બદલ અભિનંદન આપું છું અને શ્રીમતી પાયલબેનનો પ્રશ્ન છે કે અમદાવાદ જિલ્લામાં કુલ કેટલી સરકારી આઇ.ટી.આઇ. પોતાના મકાનમાં કાર્યરત છે. અમદાવાદ કુલ ૧૫ આઇ.ટી.આઇ. પોતાના મકાનમાં કાર્યરત છે. બાવળા, દેત્રોજ, ધંધુકા, ધોલેરા, ધોળકા, ગોતા, કુબેરનગર, માંડલ, મણીનગર, મણીનગર મહિલા, સાણંદ સરસપુર, સરખેજ, થલતેજ મહિલા અને વિરમગામ એમ કરીને કુલ ૧૫ આઇ.ટી.આઇ. કાર્યરત છે.

## તા. ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૨૩

## તારાંકિત પ્રશ્નો

શ્રી અમૂલ ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, છેલ્લાં બે વર્ષમાં કેટલી સરકારી આઇ.આઇ.ટી.ના નવીન બાંધકામ કરવામાં આવ્યા અને ભવિષ્યમાં જે લોકો ભાડાના મકાનમાં અથવા બીજે બેસે છે તેના માટે આવું કોઇ આયોજન છે કે કેમ?

શ્રી કુંવરજીભા ન. હળપતિ : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લાં બે વર્ષમાં કુલ ૧૪ સરકારી આઇ.આઇ.ટી.ના નવીન બાંધકામ કરવામાં આવેલ છે જેની વિગત નીચે મુજબ છે.

વડોદરામાં ગોત્રી, ગીર-સોમનાથમાં ગીરગઢડા, પાટણમાં ચાણસ્મા, ભરૂચમાં અંકલેશ્વર, રાજકોટમાં રાજકોટ ડીસેબલ, નવસારીમાં બિલિમોરા, અરવલ્લીમાં કણસા, સુરેન્દ્રનગરમાં સુરેન્દ્રનગર, મહેસાણામાં વિસનગર, પાટણમાં વાગદોડ, ડાંગમાં વઘઇ અને અમદાવાદમાં કુબેરનગર.વડોદરામાં- દેસર અને છોટાઉદેપુરમાં પાવી-જેતપુર.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સરકારી આઇ.ટી.આઇ. સ્કૂલો છે એ પોતાના મકાનમાં જે ચાલુ છે એ મકાનમાં પ્રિન્સિપાલની કેટલી જગ્યાઓ ખાલી છે?

શ્રી કુંવરજીભા ન. હળપતિ : પ્રશ્ન શું હતો?

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપે ધ્યાન રાખવું જોઇએ. બે વખત પ્રશ્ન ન કરાય. આજે કરો.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સરકારી આઇ.ટી.આઇ. સ્કૂલો છે એ પોતાના મકાનમાં જે ચાલુ છે એ મકાનમાં પ્રિન્સિપાલની કેટલી જગ્યાઓ ખાલી છે?

અધ્યક્ષશ્રી : સરકારી આઇ.ટી.આઇ. સ્કૂલો પોતાના મકાનમાં ચાલુ હોય એમાં પ્રિન્સિપાલની કેટલી જગ્યા ખાલી છે?

શ્રી કુંવરજીભા ન. હળપતિ : માનનીય અધ્યક્ષશ્રી, મોટાભાગની જગ્યા આમ તો ભરાયેલી છે પણ એ આ પ્રશ્નને સુસંગત નથી એટલે મારી પાસે અત્યારે માહિતી નથી.(અંતરાય) અમદાવાદ આઇ.ટી.આઇ.નો છે મહેકમનો નથી. મહેકમનો નથી એટલા માટે કહું છું કે પ્રશ્ન અહીંયા ઉપસ્થિત થતો નથી.

અધ્યક્ષશ્રી : તમે એ રીતે જવાબ નહીં કરી શકો. તમે રેકર્ડ ઉપર મૂકી દેજો અને સભ્યશ્રીને પહોંચાડજો. એમની પાસે અવેલેબલ નથી પરંતુ આપને પહોંચાડશે.

શ્રી કુંવરજીભા ન. હળપતિ: આપને પહોંચાડીશ.

### કેન્દ્ર સરકારની કંપનીઓમાં સ્થાનિકોને રોજગારી

* ૧૫/૩/૩૨૩ **શ્રી ઇમરાન ખેડાવાલા** (જમાલપુર-ખાડીયા) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૭-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં આવેલ ઓ.એન.જી.સી., એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડીયા અને આઇ.ઓ.સી. કંપનીમાં રાજ્યના ૮૫ ટકા સ્થાનિકોને રોજગારી આપવાના પરિપત્રનું પાલન થતુ નથી, તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ તે માટે છેલ્લા બે વર્ષમાં શાં પગલાં લીધા ? | (૨) સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી ન જળવાવા અંગે છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ કાર્યવાહી કરવામાં આવેલ છે.<br>(૧) સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી જળવાય તે માટે નાયબ નિયામક (રોજગાર) દ્વારા સંબંધિત એકમોને સરકારશ્રીના તા.૩૧-૩-૧૯૯૫ના ઠરાવની જોગવાઇઓ તરફ ધ્યાન દોરતા પત્રો પાઠવેલ છે.<br>(૨) નાયબ નિયામક (રોજગાર) દ્વારા દર છ માસે ઉક્ત ઠરાવ અનુસાર સ્થાનિકોની નિયત ટકાવારી ન જાળવતા એકમોના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજી ઠરાવની સમજૂતી આપીને સ્થાનિકોની ટકાવારી જાળવવા જણાવેલ છે તથા તેમના એકમમાં સ્થાનિકોની નિયત ટકાવારી જાળવવામાં પડતી મુશ્કેલીની જાણકારી મેળવી તેનું નિરાકરણ કરવા જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ છે. |

ભાદ્રપદ ૨૪, ૧૯૪૫ શાકે

## તારાંકિત પ્રશ્નો

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧-૭-૨૦૨૩ની સ્થિતિએ રાજય સરકારમાં આવેલી ઓ.એન.જી.સી., એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયા અને આઇ.ઓ.સી. કંપનીમાં રાજયમાં ૮૫ ટકા સ્થાનિકોને રોજગારી આપવાના પરિપત્રનું પાલન થતું નથી તે હકીકત સાચી છે અને જો હા તો ઉપરોકત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં શાં પગલાં લીધાં? માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે એ જવાબ દર વખતે એક જ જવાબ છાપેલો આવે છે એટલે માનનીય મંત્રીશ્રીને આપના મારફત પૂછવા માગું છું કે રાજયમાં ખાનગી કંપનીઓ અને ભારત સરકાર અને ગુજરાત સરકારના જાહેર સાહસોમાં ૮૦ ટકા સ્થાનિકોને રોજગારી આપવાની જોગવાઇનો ભંગ થાય છે. આ પ્રશ્ન વિધાનસભાગૃહમાં વારંવાર પૂછવામાં આવે છે છતાં સરકાર દાખલારૂપ કાર્યવાહી કરવાને બદલે ફકત નોટિસ આપીને સંતોષ માને છે, તો આવી કંપનીઓ સામે કડક પગલાં લેવા માંગો છો કે કેમ? બીજો પ્રશ્ન છે કે મંત્રી જે જવાબ આપે છે એ તા. ૩૧-૩-૧૯૯૫ના ઠરાવની જોગવાઇઓ તરફ ધ્યાન દોરતો પત્ર પાઠવેલ છે. આ શબ્દોમાં માનનીય મંત્રીશ્રીની નમ્રતા દેખાય છે. કંપનીઓના ઠરાવની જોગવાઇઓ...

અધ્યક્ષશ્રી : વિગતવાર ચર્ચા કરો છો એના કરતા સીધા પ્રશ્ન ઉપર આવી જાવ.

શ્રી ઇમરાન ખેડાવાલા : આ પ્રશ્ન જ છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન લાંબો પૂછ્યો છે. પ્રશ્ન ટૂંકો પૂછો.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન જ ખાલી છે. છાપેલો છે એનો જવાબ છે. જવાબનો પેટા પ્રશ્ન છે.

અધ્યક્ષશ્રી : તમારો ટાઇમ બગડે છે એટલા માટે સ્પીડ કરો. હું પ્રશ્ન સમજ્યો છું, પરંતુ એનું વર્ણનાત્મક ન હોય. સીધા પ્રશ્ન ઉપર આવી જાવ.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, ઠરાવનો ભંગ થાય છે અને ઠરાવનો ભંગ ન થાય એ માટે પગલાં લેવાની જરૂર હોય છે. અદાણીને રૂ.૩૯૦૦ કરોડની...

અધ્યક્ષશ્રી : હજુ પણ ફરી પાછો તમે લાંબો પ્રશ્ન જ પૂછો છો. તમે પ્રશ્ન ઉપર આવો.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન તો પૂછીશ ને?

અધ્યક્ષશ્રી : એક મિનિટનો પ્રશ્ન પૂછવાનો ન હોય. સીધા મુદ્દા ઉપર આવવાનું હોય.

શ્રી ઇમરાન ખેડાવાલા : હું એ જ પૂછવા માગું છું કે દર વખતે એક જ જવાબ આપવામાં આવે છે. ગુજરાતની અંદર આપણે ૮૦ ટકા લોકોને રોજગારી આપવાની વાત કરી છે.

અધ્યક્ષશ્રી : બે મિનિટ ઉપરનો સમય તમારે પ્રશ્ન પૂછવામાં થઇ ગયો.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, સરકાર અને મંત્રીશ્રી શું જવાબ આપે છે એ જાણવા માગું છું.

અધ્યક્ષશ્રી : ઠીક છે. આ વાતને તમે શોર્ટમાં કહી શકયા હોત.

શ્રી કુંવરજીભા ન. હળપતિ : માનનીય અધ્યક્ષશ્રી, એમના પ્રશ્નનો જવાબ ઓ.એન.જી.સી., એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયા અને આઇ.ઓ.સી. કેન્દ્ર સરકાર હસ્તકના જાહેર સાહસો છે. જેમાં ભરતી પ્રક્રિયા ઓલ ઇન્ડિયા લેવલથી થતી હોય. જે તે જગ્યા ભરતી નિયમ મુજબ મેરીટના ધોરણે અથવા પરીક્ષાના માધ્યમથી અધિકારી/કર્મચારીઓની પસંદગી થાય છે તથા પસંદગી પામેલા ઉમેદવારોને કોઇપણ રાજયમાં નિમણૂક આપવામાં આવતી હોઇ ત્યાં સ્થાનિક ટકાવારી જળવાતી નથી.

શ્રી અમિત ઠાકર : માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રકારે શ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકારે એમ્પ્લોઇમેન્ટની ભાષા જ બદલી નાખી અને આંકડામાં વર્ષ ૨૦૦૪થી ૨૦૧૪ અને વર્ષ ૨૦૧૪થી ૨૦૨૩ વચ્ચે બહુ જ મોટો ફરક દેખાય છે. માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારમાં ગુજરાત એમ્પ્લોઇમેન્ટ આપતાં રાજયમાં આખા દેશમાં ઓફિશિયલી નંબર વન છે. મારો પ્રશ્ન એ છે કે, જૂન-૨૦૨૩ની સ્થિતિમાં કેન્દ્ર સરકારના જાહેર સાહસોમાં ગુજરાતમાં મળતી રોજગારીની વિગતો શું છે?

શ્રી કુંવરજીભાઇ હળપતી : માનનીય અધ્યક્ષશ્રી, જૂન-૨૦૨૩ અંતિત કેન્દ્ર સરકાર હસ્તકના જાહેર સાહસોમાં રોજગારીની વિગતો નીચે મુજબ છે. ઉત્પાદનલક્ષી એકમોની સંખ્યા ૨૬ છે. ઉત્પાદનલક્ષી એકમોની મળેલ માહિતી ૨૬ની છે. મેનેજર, સુપરવાઇઝર કક્ષાના અધિકારીની સંખ્યા ૭,૮૮૭, કામદાર કક્ષાની સંખ્યા ૧૦,૭૮૭, મેનેજર, સુપરવાઇઝર કક્ષાના અધિકારીની સંખ્યા ૨,૭૮૯ તથા કામદાર કક્ષાની સંખ્યા ૯,૪૦૩ આમ કુલ મળીને ૧૨,૧૯૨ એમ સરેરાશ ૬૫ ટકા છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર રાજ્યમાં ઉદ્યોગોને અનેક રીતે સુવિધા, સગવડો અને સહાય આપે છે. કેન્દ્ર સરકારના જાહેર સાહસો હોય તેને પણ અને બીજા અન્ય ઉદ્યોગોને પણ સહાય આપે છે. છેલ્લાં ઘણાં વર્ષોથી આ જ પ્રશ્ન કાયમ ગૃહમાં આવે છે અને તેનો ટિપીકલ જવાબ આપણે આપીએ છીએ કે, આ વર્ષ ૧૯૯૫નો પરિપત્ર/ઠરાવ છે અને તેનો અમલ કરવા માટે અમે પ્રયત્ન કરીએ છીએ. પરંતુ દર વર્ષે યાદી આવે કે, આટલા ઉદ્યોગો તેનું પાલન કરતા નથી. મારી આપના મારફત માનનીય મંત્રીશ્રી અને સરકાર પાસે અપેક્ષા છે કે, ગુજરાતમાં લાખો યુવાનો બેરોજગાર હોઇ રોજગાર ઝંખી રહ્યા છે. આપણી જ પ્રજાના ટેક્સના પરસેવાના પૈસાથી ઉદ્યોગોને સહાય અને સુવિધા આપતા હોઇએ તો કાયમી રોજગાર મળે અને ૮૫ ટકા સ્થાનિક રોજગાર મળવો જોઇએ તેના માટે પરિપત્ર કે ઠરાવ નહીં, પણ આવતા વિધાનસભા સત્રમાં કાયદો બને એટલા માટે બિલ લાવીને કાયમી રીતે આ પ્રશ્નનું નિવારણ કરવા માગો છો કે કેમ?

## તા. ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૨૩

## તારાંકિત પ્રશ્નો

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ અને પ્રશ્નના જવાબમાં અમે સ્પષ્ટ કહ્યું છે કે, અમે ૮૫ ટકા રોજગારી આપી શકતા નથી. ફીગર જુઓ તો છેલ્લા બે વર્ષમાં અત્યાર સુધીમાં ૨૪ વખત તેમને કાગળ લખવામાં આવ્યા છે અને ૨૪ વખત તેમની સાથે મિટિંગ કરી છે. મિટિંગ કરીને અમે નક્કી કર્યું છે કે, કોઇપણ સંજોગોની અંદર આ ભરતી થવી જોઇએ. ફીગર મુજબ અત્યાર સુધીમાં કામદારોને જે રોજગારી આપવામાં આવે છે તેની ૮૭ ટકા ભરતી થાય છે. માત્રને માત્ર  મેનેજર કક્ષામાં ભરતી થતી નથી. તેના માટેનું મહત્ત્વનું કારણ એટલું છે અને જયારે જયારે અમે તેમને બોલાવીને અધિકારીઓ સાથે ચર્ચા કરી ત્યારે તેમનું કહેવાનું એટલું થાય છે કે, આ ભરતી કેન્દ્ર લેવલે થતી હોય છે. કેન્દ્ર લેવલની ભરતીની અંદર દરેક રાજ્યના ઉમેદવારો જતા હોય છે. આપણા ગુજરાતી ભાઇઓ પણ આ જાહેરાત પડી ત્યારે ૨૧ ટકા લોકો ત્યાં આગળ ગયા છે. હજી અમે અમારા લેવલે પ્રયત્ન કરીએ છીએ કે, આ રેશિયો કેમ કરીને જળવાય. અત્યારે ૬૫ ટકા ભરતી થઇ રહી છે તે વધુમાં વધુ કેમ થાય તે બાબતના પ્રયત્નો આપણે કરીએ છીએ.

શ્રી જિતેન્દ્રકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સ્થાનિક ઉમેદવારોને રોજગારી મળી રહે તે માટે  તા.૩૧-૩-૧૯૯૫ના રોજ જે ઠરાવ બહાર પાડયો તે ઠરાવની જોગવાઇઓ શું હતી અને ઠરાવ મુજબ સ્થાનિક રહીશો કોને ગણવામાં આવે છે અને આ ઠરાવ કોને લાગુ પડે છે?

શ્રી કુંવરજીભાઇ હળપતી : માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧-૩-૧૯૯૫ના ઠરાવની જોગવાઇનું પાલન કઇ રીતે કરવામાં આવે છે તો કેન્દ્ર તથા રાજ્ય સરકારના એકમો તથા ખાનગી ઉત્પાદનલક્ષી એકમોને તા.૩૧-૩-૧૯૯૫ના ઠરાવની જોગવાઇનું પાલન કરવાનું હોય છે. વર્ષમાં બે વાર એટલે કે જૂન તથા ડિસેમ્બર અંતિત માહિતી મેળવીને સ્થાનિક રોજગારીની સમીક્ષા કરવામાં આવે છે. કેન્દ્ર તથા રાજ્ય સરકારના જાહેર સાહસો તથા ખાનગી બિન પ્રોત્સાહિત એકમોની અમલીકરણની કામગીરી શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા કરવામાં આવે છે. ખાનગી પ્રોત્સાહિત એકમોના અમલીકરણની કાર્યવાહી ઉદ્યોગ કમિશનરશ્રી દ્વારા કરવામાં આવે છે અને આ માટે ખાનગી એકમો પૈકી જે નિયત ટકાવારી જળવાતી નથી એવા તમામ એકમોની યાદી જિલ્લા કક્ષાએથી ઉદ્યોગ કેન્દ્ર તથા વેરા કચેરીને મોકલવામાં આવે છે અને જ્યારે રોજગાર અને તાલીમ નિયામકશ્રીની કચેરી દ્વારા ઉદ્યોગ કમિશનરને મોકલવામાં આવે છે.

### ખેડા જિલ્લાના ઔદ્યોગિક એકમો સામે મળેલ ફરિયાદો

* ૧૫/૩/૧૭૧ **શ્રી યોગેન્દ્રસિંહ પરમાર** (ઠાસરા) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન ખેડા જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમો સામે કર્મચારી/વર્કરોના શોષણ અને અન્યાય બાબતે કેટલી ફરિયાદો મળી, અને | (૧) ૨૮ |
| (૨) તે ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી ? | (૨)<br>• ૦૨ ફરિયાદોમાં ૨૦૮ શ્રમયોગીઓને રૂ.૨૧,૨૪,૬૫૧/-નું સમજાવટથી ચૂકવણું કરાવેલ છે.<br>• ૦૭ ફરિયાદોમાં ૦૭ ઔદ્યોગિક એકમો સામે ૦૭ ફોજદારી કેસો દાખલ કરવામાં આવેલ છે.<br>• નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરીને મળેલ ફરિયાદો અન્વયે કુલ-૦૨ કારખાના વિરૂધ્ધ કુલ-૨૭ ફોજદારી કેસો કરવામાં આવેલ છે. |

શ્રી યોગેન્દ્રસિંહ પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી જાણવા માગું છું કે છેલ્લા એક વર્ષ દરમ્યાન ખેડા જિલ્લામાં આવેલા ઔદ્યોગિક એકમો સામે કર્મચારીઓના શોષણ અને અન્ય બાબતોની કેટલી ફરિયાદો મળી અને એ અંગે શું કાર્યવાહી કરવામાં આવી છે?

શ્રી કુંવરજીભા ન. હળપતિ : માનનીય અધ્યક્ષશ્રી, ઔદ્યોગિક એકમમાં જે ફરિયાદો હોય છે તેમાં મોટા ભાગની ફરિયાદોનો નિકાલ તાત્કાલિક કરવામાં આવે છે અને ઔદ્યોગિક એકમો સિવાય પણ દુકાન, હોટેલ, રેસ્ટોરન્ટ, વાણિજ્ય સંસ્થાઓ, સ્થાનિક સત્તામંડળ અને હોસ્પિટલ જેવા સંસ્થાનોમાં લાગુ પડતા કાયદાઓની તપાસ કરવામાં આવે છે.

શ્રી રાજેશકુમાર મ. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, તા. ૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ ખેડા જિલ્લામાં કારખાના ધારા હેઠળ કેટલા ઔદ્યોગિક એકમો નોંધાયેલા છે?

## તારાંકિત પ્રશ્નો

શ્રી કુંવરજીભા ન. હળપતિ : માનનીય અધ્યક્ષશ્રી, કારખાના ધારાની પાત્રતાની સંખ્યા જે સ્થળ ઉપર ૧૦ કે તેથી વધુ કામદારોને રોકીને વીજળી શક્તિની મદદથી ઉત્પાદન પ્રક્રિયા કરવામાં આવતી હોય અથવા જે સ્થળ ઉપર ૨૦ કે તેથી વધુ કામદારોને રોકીને વીજળી શક્તિની મદદ વગર ઉત્પાદન પ્રક્રિયા કરવામાં આવતી હોય તેવા સ્થળને કારખાના તરીકે કારખાના ધારા ૧૯૪૮ હેઠળ નોંધણી કરવામાં આવે છે. તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ ખેડા જિલ્લામાં ૯૧૧ ઔદ્યોગિક એકમો તથા કારખાના ધારા હેઠળ નોંધાયેલી જે વિગતો છે એ નીચે મુજબ છે. કપડવંજ તાલુકામાં કારખાનાની સંખ્યા ૫૯, કઠલાલ તાલુકામાં કારખાનાની સંખ્યા ૬૬, મહેસાણામાં ૩૬, ખેડામાં ૧૪૩, માતરમાં ૬૫, નડિયાદમાં ૪૧૪, મહુધામાં ૧૨, વસોમાં ૩, ગલતેશ્વર ૩, ઠાસરામાં ૧૧૦ અને આમ કુલ ૯૧૧.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, કોઇ પણ ઔદ્યોગિક એકમમાં ઇન્ડસ્ટ્રીઝ સેફ્ટી અને હેલ્થના જે ધારા ધોરણો છે એ જળવાય છે કે કેમ? અને લઘુતમ વેતન સહિતના શ્રમ કાનૂનોનું પાલન થાય છે કે કેમ? એ જોવાની જવાબદારી ફેક્ટરી ઇન્સ્પેક્ટર અને લેબર ઓફિસરની હોય છે. આપણા ગુજરાતમાં મંજૂર થયેલા મહેકમની સામે કેટલા શ્રમ અધિકારીઓ, લેબર ઓફિસર અને ફેકટરી ઇન્સ્પેકટરની અછત છે? ક્યાં સુધીમાં સરકાર એ આયોજન પૂરું કરવા માગે છે? સમગ્ર ગુજરાતમાં જ્યાં પણ સર્કિટ હાઉસમાં હું રોકાઉ છું ત્યારે મારો અનુભવ છે કે, ક્યાંય મીનીમમ વેઇજ મળતું નથી, સેલરી સ્લીપ પણ આપવામાં આવતી નથી અને લઘુતમ વેતન પણ ચૂકવાતું નથી તો આ બાબતે પણ શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા એક પરિપત્ર કરી રાજયના દરેકે દરેક સરકારી વિભાગોમાં પરિપત્ર કરવામાં આવે અને દરેક ઔદ્યોગિક એકમને સૂચના આપવામાં આવે એ પ્રકારનું કોઇ આયોજન મંત્રીશ્રી કરવા માગે છે કેમ?

શ્રી કુંવરજીભા ન. હળપતિ : માનનીય અધ્યક્ષશ્રી, રાજયનું શ્રમ તંત્ર મુખ્યત્વે લઘુતમ અધિનિયમ ૧૯૪૮, બોનસ ચૂકવણી અધિનિયમ ૧૯૬૫, ગ્રેજ્યુઇટી ચૂકવણી અધિનિયમ ૧૯૭૨, કોન્ટ્રાકટર મજૂર નિયમન અને નાબૂદી અધિનિયમ ૧૯૭૦, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭, બાળ અને કિશોર પ્રતિબંધ નિયમન અધિનિયમ-૧૯૮૬, કારખાના ધારા ૧૯૪૮ અને પ્રસ્તુત સહાયતા અધિનિયમ ૧૯૬૧ના કાયદાઓનો અમલ કરવામાં આવે છે. શ્રમ તંત્રના નાયબ શ્રમ આયુક્ત વર્ગ-૧, મદદનીશ શ્રમ આયુક્ત વર્ગ-૧, સરકારી શ્રમ અધિકારી વર્ગ-૨ તથા નિયામકશ્રી, ઔદ્યોગિક તાલીમ સંસ્થા અને સ્વાસ્થ્ય તંત્રના નાયબ નિયામક વર્ગ-૧, મદદનીશ નિયામક વર્ગ-૨, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય અધિકારી વર્ગ-૨, સંલગ્ન અધિકારીઓ મારફત શ્રમ કાયદાનો અમલ કરાવવામાં આવે છે અને નિરીક્ષકની કુલ સંખ્યા ૧૧૭ છે, એમાંથી ભરાયેલી ૬૫ છે.

<u>અધ્યક્ષશ્રી</u> : એમનો પ્રશ્ન એટલો હતો કે મીનીમમ વેજીસનો કાયદો છે એના માટેનું તંત્ર પણ છે, પણ કેટલીક જગ્યાએ ત્યાં આગળ એનું પાલન થતું નથી, તો એ પાલન કડકાઇથી થાય એવું કરવા માગો છો કે કેમ?

શ્રી કુંવરજીભા ન. હળપતિ : માનનીય અધ્યક્ષશ્રી, એમણે ધ્યાન દોર્યું છે એટલે ચોક્કસ આ માટે રાજય સરકાર વિચારણા કરશે.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારો સવાલ એટલો જ છે કે મહેકમ કેટલું મંજૂર થયેલું છે ?

<u>અધ્યક્ષશ્રી</u> : મહેકમનો લગભગ તેમણે જવાબ આપી દીધો છે.

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, શ્રમ આયોગ તંત્ર દ્વારા શ્રમયોગીઓને શ્રમ કાયદાનું માર્ગદર્શન આપવા શી વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે ?

શ્રી કુંવરજીભા ન. હળપતિ : માનનીય અધ્યક્ષશ્રી, દરેક જિલ્લાની શ્રમ આયુકત તંત્ર હેઠળની કચેરીઓમાં અધિકારીઓનો રૂબરૂ સંપર્ક સાધી અને માર્ગદર્શન આપવામાં આવે છે. શ્રમ આયુકત કચેરી દ્વારા ટોલ ફ્રી હેલ્પ લાઇન દ્વારા અસરકારક ત્વરિત વ્યવસ્થાના ભાગરૂપે કાયદાકીય માર્ગદર્શન શ્રમયોગીની કલ્યાણકારી યોજનાઓની જાણકારી તથા ટેલિફોનિક ફરિયાદ પણ નોંધવા માટે જીવીકે મારફતે શ્રમ આયુકતની કચેરી ગુજરાત રાજય દ્વારા શ્રમિક સહાય હેલ્પ લાઇન ૧૫૫૭૨ તારીખઃ૩૧-૧૨-૨૨ના રોજથી કાર્યરત કરવામાં આવેલ છે અને આ શ્રમિક સહાય હેલ્પ લાઇન ઉપર તા. ૨૧-૧૦-૨૦૨૨થી આજદિન સુધી કુલ ૪,૬૨૫ જેટલા કોલ મળેલા છે અને તેમાંથી ૨,૬૪૦ જેટલા કોલ મારફતે વિવિધ પ્રકારના શ્રમયોગીને લગતા પ્રશ્નોની જાણકારી મેળવવા ૧,૨૩૩ જેટલા શ્રમ તંત્ર તથા તેના સંકલન વિવિધ બોર્ડ મારફતે ચલાવવામાં આવતી વિવિધ યોજનાઓની જાણકારી માટે ૩૬૩ જેટલા કોલ વિવિધ શ્રમ કાયદાને લગતી જાણકારી મેળવવા ૨૫૧ જેટલા કોલ ફરિયાદને લગતી માહિતી મેળવવા ૧૩૮ જેટલી ફરિયાદોના કોલ મળેલ છે અને જેમાંથી તમામ કોલને યોગ્ય પ્રતિસાદ આપી શ્રમયોગીના પ્રશ્નોનો હકારાત્મક નિકાલ કરવામાં આવેલ છે.

શ્રી ફતેસિંહ વ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીને મારે પૂછવું છે કે, જે વર્કરો ૪ વર્ષ, ૫ વર્ષ કે ૬ વર્ષથી સતત નોકરી કરતા હોય, છતાં વગર કારણે અધવચ્ચે તેને છોડી દેવામાં આવે છે, તો તમે કંપનીના માલિકોને સૂચના આપવા માગો છો કે કેમ?

શ્રી કુંવરજીભા ન. હળપતિ : માનનીય અધ્યક્ષશ્રી, અધવચ્ચેથી છોડીને જતા હોય તેવા અમને ધ્યાનમાં આવશે એટલે તરત જ તે કંપનીઓને સૂચના આપવામાં આવશે.

## તા. ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૨૩

## તારાંકિત પ્રશ્નો

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને આપના મારફત પૂછવા માગું છું કે, ખેડા જિલ્લા અને બીજી જગ્યાએ પણ જે ઔદ્યોગિક એકમો છે તે એકમોની અંદર જે કામદારો કામ કરે છે તે કામદારોને આપણા અધિનિયમ પ્રમાણે તેને ગ્રેજ્યુઇટી, મેડિકલ, સેફ્ટી, મીનીમમ વેજીસ, બોનસ મળે છે કેમ? અને તેનું કયારેય સુઓમોટો ઇન્સ્પેકશન કર્યું છે કે કેમ? કારણ કે આ ખાનગી કંપનીઓની અંદર હું દાવા સાથે કહું છું કે ૯૦ ટકા એકમો એવા છે કે જેમાં ૨૫ ટકા પણ સ્થાનિક રોજગારી મળતી નથી.

અધ્યક્ષશ્રી : નહીં, આપનો પ્રશ્ન આવી ગયો બીજો પ્રશ્ન હોય તો મૂકો. તમે સરપ્રાઇઝ ચેકિંગ કરવા માગો છો કે કેમ? અને સુઓમોટો કર્યું છે કે કેમ?

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, સુઓમોટો તમામ યુનિટોને...

શ્રી કુંવરજીભા ન. હળપતિ : માનનીય અધ્યક્ષશ્રી, જયારે જયારે રાજય સરકારને અને વિભાગને જાણકારી થાય છે ત્યારે તરત જ જે તે અધિકારીઓને જે કારખાનામાં આવી ઘટના બનતી હોય ત્યાં તપાસ કરાવવામાં આવે છે.

### અરવલ્લી જિલ્લામાં પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના

* ૧૫/૩/૩૦ **શ્રી બાબુસિંહ જાદવ** (વટવા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અરવલ્લી જિલ્લામાં પ્રિ.મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના હેઠળ ધોરણ - ૧ થી ૮ માં અભ્યાસ કરતા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ મેળવવા કેટલી અરજીઓ મળી, | (૧) ૭૩,૩૦૧ |
| (૨) ઉક્ત સ્થિતિએ મળેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૭૩,૩૦૧ |
| (૩) તે પૈકી કુલ કેટલી રકમની શિષ્યવૃત્તિ સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૭,૧૦,૫૦,૦૦૦/- |

શ્રી બાબુસિંહ સા. જાદવ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ધોરણ ૧ થી ૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજનાનો મુખ્ય હેતુ શું છે? તથા કયા દરે શિષ્યવૃત્તિની સહાય ચૂકવવામાં આવે છે ?

શ્રીમતી ભાનુબેન મ. બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, વિકસતિ જાતિના વિદ્યાર્થીઓને શિક્ષણમાં પ્રોત્સાહન મળે, વિદ્યાર્થીઓનો ડ્રોપ આઉટ રેશિયો નાબૂદ થાય, વિકસતિ જાતિ કલ્યાણ દ્વારા રાજયના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગ, લઘુમતિ જાતિ, વિચરતી વિમુકત જાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિની યોજના અંતર્ગત ધોરણ- ૧ થી ૮માં કુમારને વાર્ષિક રૂપિયા ૭૫૦ની શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. જ્યારે ધો. ૧થી ૫ની કન્યાઓને રૂ.૭૫૦ અને ધો. ૬થી ૮ની કન્યાઓને વાર્ષિક રૂ.૧,૦૦૦ની શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.

શ્રી બલરાજસિંહ ક. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના ક્યારે ચાલુ કરવામાં આવી અને એ યોજનાની આવક-મર્યાદા શું છે?

શ્રીમતી ભાનુબેન બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજનાની શરૂઆત વર્ષ ૧૯૭૮-૭૯થી કરવામાં આવી અને તા.૧૩/૧૦/૨૦૧૫થી પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજનાની આવક-મર્યાદા નાબૂદ કરવામાં આવેલ છે.

શ્રી મુકેશકુમાર ડી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજનામાં ક્વૉલિફિકેશનના માપદંડો કયા કયા છે?

શ્રીમતી ભાનુબેન બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, વિદ્યાર્થી વિકસતી જાતિના એટલે કે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના, આર્થિક રીતે પછાત વર્ગના, લઘુમતી અને વિચરતી અને વિમુક્ત જાતિના હોવા જોઇએ. વિદ્યાર્થી ધો.૧થી ૮માં અભ્યાસ કરતા હોવા જોઇએ. વાર્ષિક આવક-મર્યાદા નથી. સરકારી અથવા ગ્રાન્ટ ઇન એઇડ શાળામાં અભ્યાસ કરતા હોવા જોઇએ અને વિદ્યાર્થીઓ છેલ્લી વાર્ષિક પરીક્ષામાં પાસ થયેલા હોવા જોઇએ.

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે એમણે હાલમાં એમના જવાબમાં જણાવ્યું કે આ યોજના વર્ષ ૧૯૭૮થી કાર્યરત થઇ છે. તો વર્ષ ૧૯૭૮માં કેટલી શિષ્યવૃત્તિ આપવામાં આવતી હતી અને હાલ વર્ષ ૨૦૨૩માં કેટલી શિષ્યવૃત્તિ આપવામાં આવે છે?

અધ્યક્ષશ્રી : અગાઉની માહિતી આપની પાસે હોય તો ભલે, નહિ તો માહિતી ટેબલ પર મૂકાવી દેજો.

શ્રીમતી ભાનુબેન બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, માહિતી ટેબલ ઉપર મૂકાવી દઇશું.

## તારાંકિત પ્રશ્નો

શ્રી ધવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ધો.૧થી ૮માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે ત્રણ જોડી ગણવેશની ફાળવણી કરીએ છીએ. એની સહાય માટે માત્ર રૂ.૯૦૦ ચૂકવવામાં આવે છે, જે મને લાગે છે કે ત્રણ જોડી ગણવેશ માટે પૂરતા નથી. એમાં આપણે કાંઇ વધારો કરવા માગીએ છીએ કે કેમ?

શ્રીમતી ભાનુબેન બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનું સૂચન છે.

**સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં અન્ય પછાત વર્ગો માટેની બેઠકો નક્કી કરવા માટે આયોગ**

* ૧૫/૩/૪૬૨ **ગેનીબેન ઠાકોર** (વાવ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૭-૨૦૨૩ની સ્થિતિએ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં અન્ય પછાત વર્ગો માટેની બેઠકો નક્કી કરવા માટે સમર્પિત આયોગની રચના ક્યારે કરવામાં આવેલ, | (૧) આ વિભાગના તા.૦૮/૦૭/૨૦૨૨ ના ઠરાવથી સમર્પિત આયોગની રચના કરવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત આયોગની મુદ્દતમાં ક્યારે કેટ કેટલો વધારો કરવામાં આવેલ, | (૨) સમર્પિત આયોગનો કાર્યકાળ તા.૧૨/૦૭/૨૦૨૨ ના ઠરાવથી રાજ્ય સરકાર ઈચ્છે ત્યાં સુધી રાખવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત આયોગના ચેરમેન અને સભ્યો કોણ છે, અને | (૩) ચેરમેન: શ્રી કે. એસ. ઝવેરી, નામ. હાઈકોર્ટના નિવૃત્ત મુખ્ય ન્યાયધીશ<br>સભ્ય:- શ્રી કે. એસ. પ્રજાપતિ, નિવૃત્ત સંયુક્ત સચિવ<br>સભ્ય:- શ્રી વી. બી. ઠાકોર, નિવૃત્ત નાયબ સચિવ<br>સભ્ય:- શ્રી આઈ. એસ. પટેલ, નિવૃત્ત અધિક કલેક્ટર<br>સભ્ય સચિવ:- શ્રી જી. એન. નાચીયા, નિવૃત્ત અધિક કલેક્ટર |
| (૪) ઉક્ત આયોગ દ્વારા અહેવાલ રાજ્ય સરકારને ક્યારે સોંપવામાં આવેલ છે ? | (૪) તા. ૧૩-૦૪-૨૦૨૩ ના રોજ |

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે તા.૩૧/૭/૨૦૨૩ની સ્થિતિએ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં અન્ય પછાત વર્ગો માટેની બેઠકો નક્કી કરવા માટે સમર્પિત આયોગની રચના ક્યારે કરવામાં આવી? મારો બીજો પ્રશ્ન છે કે આયોગની મુદ્દતમાં ક્યારે કેટલો વધારો કરવામાં આવ્યો? અને મારો ત્રીજો પ્રશ્ન એ છે કે ઝવેરી પંચનો રિપોર્ટ ગૃહમાં મૂકવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : જો આપની પાસે વિગતો હોય તો ઠીક છે અને જો બે વિભાગ થતા હોય તો બીજા મંત્રી પણ જવાબ આપી શકશે. આપની પાસે વિગતો હોય તો આપ જવાબ આપી શકશો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ઝવેરી કમિશન વર્ષ ૨૦૨૧ના સુપ્રીમકોર્ટના ચુકાદા અન્વયે બનાવવામાં આવ્યું છે. વખતો વખત અનેક કેસો, હાઇકોર્ટ અને સુપ્રીમકોર્ટના ચુકાદાઓ અને છેલ્લે વર્ષ ૨૦૨૧માં જે સુપ્રીમકોર્ટનો ચુકાદો મળ્યો, એના અનુસંધાને આપણે ઝવેરી પંચની નિમણૂક કરી અને ઝવેરી પંચે સૂચનો પણ કર્યાં અને ભલામણો પણ કરી અને એના સંદર્ભમાં આજે ગૃહમાં એ માટેના કાયદાની વિશદ ચર્ચા થવાની જ છે એટલે એનો જવાબ પણ આપને મળશે. સાથે-સાથે જે સૂચનો છે એનો આપણે અમલ પણ કરીએ છીએ અને ભલામણો અંગે પણ ભવિષ્યમાં આપણે વિચાર કરીશું. શ્રી ભગવાનજીભાઇ લા. કરગટિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આ સમર્પિત આયોગે જે ભલામણો સ્વીકારી છે તેમાં કઇ કઇ ભલામણો સ્વીકારવામાં આવેલ છે અને તેનો અમલ ક્યારે કરવામાં આવશે?

શ્રીમતી ભાનુબેન મ. બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, સમર્પિત આયોગ દ્વારા સોંપવામાં આવેલ અહેવાલની ચકાસણી તથા અહેવાલનો વિસ્તૃત અભ્યાસ અનુક્રમે પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ તથા શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા કરવામાં આવનાર છે તેમજ અહેવાલનો સ્વીકાર કરવાની વિચારણા તથા અહેવાલનો સ્વીકાર કર્યા બાદ આનુષંગિક કાર્યવાહી પણ ઉક્ત વિભાગ દ્વારા જ કરવાની હોવાથી વિભાગ દ્વારા સમર્પિત આયોગ દ્વારા સુપરત કરવામાં આવેલ અહેવાલ પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ તથા શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગને મોકલી ભલામણો પરત્વે જરૂરી કાર્યવાહી કરવા જણાવેલ છે. આમ, સંબંધિત વિભાગો દ્વારા જરૂરી આનુષંગિક વહીવટી પ્રક્રિયા પૂર્ણ કર્યેથી અમલ અંગે વિચારણા હાથ ધરવામાં આવશે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારા ત્રણ પ્રશ્નો છેઃ સુપ્રીમકોર્ટનો ચુકાદો વર્ષ ૨૦૧૦માં આવ્યો. આજે ૧૩ વર્ષ થયાં. મારો પ્રશ્ન એ છે કે આ સુપ્રીમકોર્ટે જે ચુકાદો આપ્યો તેમાં એસ.ટી./એસ.સી.ની અનામતને અસર ન થાય તે રીતે ૨૭ ટકાની મર્યાદામાં જ આ રિઝર્વેશન આપવાનું હતું કે ૫૦ ટકાની મર્યાદામાં આપવાનું હતું? કારણ કે

મારી સમજણ એવી છે કે ૫૦ ટકાની મર્યાદામાં અપાય તો ગુજરાતમાં જ્યાં એસ.ટી. નથી અને માત્ર એસ.સી. છે ત્યાં ૭ ટકા એસ.સી. માટે અનામત રહે છે તો ૪૩ ટકા સુધી જ સુપ્રીમકોર્ટના ચુકાદા મુજબ અનામત આપી શકાતી હતી કે કેમ? ઝવેરી કમિશનમાં પણ આ પ્રકારની ભલામણ છે કે કેમ? અને જો હોય તો શા માટે તેનો અમલ કરવામાં આવ્યો નથી? ઝવેરી કમિશનનો રિપોર્ટ યુનિટની વસતીને ધ્યાનમાં લઇ અનામત આપવાનો હતો પણ તે મુજબ અનામત આપી શકાઇ નથી તો તેનાં કારણો શાં છે? અને જો તે ચુકાદો ન સ્વીકાર્યો હોય અને ઝવેરી કમિશનનો અહેવાલ પણ ન સ્વીકાર્યો હોય તો તેનું કારણ શું? અને ઝવેરી કમિશનનો રિપોર્ટ ગૃહ સમક્ષ મૂકવા માગો છો કે કેમ અને મૂકવા માગતા હોય તો ક્યારે મૂકવા માગો છો?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સમર્પિત આયોગના રિપોર્ટ મુજબ યુનિટવાઇઝ એસેસમેન્ટ કરીને અનામત આપવાનો વિષય છે. ગુજરાત સરકારે ૨૭ ટકા અનામત આપવાનો નિર્ણય કર્યો છે. વર્ષ ૨૦૨૧ના ચુકાદા પછી મહારાષ્ટ્રમાં ભારતીય જનતા પાર્ટીની સ્થાપના એટલે કે શિંદે સરકાર બેઠી તેના પછી તરત જ આ ચુકાદાનો અમલ કર્યો. મધ્યપ્રદેશ અને ઉત્તર પ્રદેશમાં પણ અમલ થઇ ગયો. ગુજરાત ચોથું રાજ્ય છે કે જેણે વર્ષ ૨૦૨૧ના સુપ્રીમકોર્ટના ચુકાદા પરત્વે સમર્પિત આયોગની રચના કરી અને ઝડપથી એ બાબતમાં આગળ વધવા માટે આજે આ કાયદો લઇને પણ આવ્યા છીએ. આગળ આ કાયદા બાબતમાં બૃહદ અને વિશેષ ચર્ચા થવાની છે. એમને આખો જવાબ ચર્ચા દરમિયાન પણ મળવાનો છે.

<u>અધ્યક્ષશ્રી</u> : વિસ્તૃત પ્રશ્ન છે, પણ હાલ તમારી પાસે જે માહિતી ઉપલબ્ધ હોય તે આપો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, નોન આદિવાસી વિસ્તારમાં ૫૦ ટકાની મર્યાદામાં ૭ ટકા રિઝર્વેશન હોય તો તે ૪૩ કે ૪૨ ટકા આપી શકાય તેવી ભલામણ હતી કે કેમ અને ભલામણનો અમલ થયો છે કે કેમ? મારો પ્રશ્ન એટલો જ છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૫૦ ટકાની મર્યાદામાં અનામત આપવાની છે. એસ.સી. / એસ.ટી.ની એકપણ અનામત જગ્યા ઓછી કર્યા સિવાય જે વધે એમાં ૨૭ ટકા અનામત આપવાની છે અને રાજ્ય સરકારે જિલ્લા પંચાયત, ગ્રામ પંચાયતના વોર્ડો કે મહાનગરપાલિકામાં કુલ જેટલી સીટો છે એ તમામ જગ્યાએ ૨૭ ટકા ઓ.બી.સી. અનામત આપવાનું આયોજન કરેલ છે અને એ જ પ્રમાણે આપવામાં આવશે.

<u>અધ્યક્ષશ્રી</u> : એમણે વિસ્તૃત જવાબ આપવાનું કહ્યું છે અને આજે જ આ બિલ છે એટલે વિસ્તૃત જવાબ આપશે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, બિલમાં તો વિસ્તૃત ચર્ચા કરીશું પણ માનનીય શ્રી અર્જુનભાઇની જે લાગણી હતી કે ઝવેરી કમિશને જે ભલામણો કરી છે એ પબ્લિક ડોમેનમાં ઉપલબ્ધ હોવી જોઇએ કે જેથી લોકોને પણ ખબર પડે કે શું ભલામણો હતી અને એના પરથી શું નિર્ણય લેવાયો. આ ગૃહમાં પ્રશ્નોત્તરીમાં પણ અમે જાણવા માંગીએ છીએ કે ૨૭ ટકા અનામતનો નિર્ણય ભલામણો મુજબ થયો છે કે કેમ? સુપ્રીમકોર્ટની ગાઇડલાઇન મુજબ થયો છે કે કેમ? યુનિટ પ્રમાણે જે વસતી છે એ પ્રમાણે ૨૭ ટકા અનામત આપવામાં આવી છે કે કેમ? કે જનરલ ૨૭ ટકા અનામત આપવામાં આવી છે ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આનો વિગતવાર જવાબ મળવાનો છે, પરંતુ અત્યારે જ્યારે તેઓ પૂછી રહ્યા છે ત્યારે હું ફરીથી કહું છું કે, ગુજરાત રાજ્યની તમામ સીટોમાંથી ૨૭ ટકા, માનો કે કુલ મળીને ૩૦ કે ૫૦ હજાર વસતી થતી હોય તો એમાંથી આપણે ૨૭ ટકા અનામત જે-તે વોર્ડના આધારે આપી જ રહ્યા છીએ, પરંતુ સમર્પિત આયોગે જે વાત કરી છે એ પ્રમાણે ૧૦ ટકા જ્યાં પેસા વિસ્તાર છે અને આદિવાસીઓની વસતી વધારે છે ત્યાં ૫૦ ટકાની મર્યાદામાં કહ્યું હોવાથી જે ૧૦ ટકા ઓ.બી.સી. માટે આરક્ષણ આપેલ હતું એ ખતમ થઇ જતું હતું. એટલે આ સુધારો કરી વસતી ૪૦ ટકાથી વધુ હોય ત્યાં પણ ઓ.બી.સી. અનામત ૧૦ ટકા ચાલુ રાખવાનું નક્કી કર્યું છે.

<u>અધ્યક્ષશ્રી</u> : માનનીય અર્જુનભાઇ, મોટાભાગનું આવી ગયું છે. પાછળથી આની વિશેષ ચર્ચા થવાની જ છે.

**મોરબી જિલ્લાના ઔદ્યોગિક એકમો સામે મળેલ ફરિયાદો**

* ૧૫ / ૩ / ૧૭૨ **શ્રી દુર્લભજીભાઇ દેથરીયા** (ટંકારા) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન મોરબી જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમો સામે કર્મચારી/ વર્કરોના શોષણ અને અન્યાય બાબતે કેટલી ફરિયાદો મળી, અને | (૧) ૧૭૬ |
| (૨) તે ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી ? | (૨)<br>• ૪૮ ફરિયાદોમાં ૪૮ શ્રમયોગીઓને રૂ. ૯,૭૨,૨૬૬નું સમજાવટથી ચૂકવણું કરાવેલ છે.<br>• ૮૯ ફરિયાદોમાં ૦૫ ઔદ્યોગિક એકમો સામે ૦૬ ફોજદારી કેસો દાખલ કરવામાં આવેલ છે. |

- ૨૮ ફરીયાદોમાં અરજદારશ્રીને ઔદ્યોગિક વિવાદ અધિનિયમ-૧૯૪૭ની કલમ-૩૩ (સી)(૨) અંતર્ગત રીકવરી અરજી દાખલ કરવાની સલાહ આપેલ છે.
- ૦૭ ફરીયાદો શ્રમ કાયદા સિવાયની હોઈ, સક્ષમ સત્તાધિકારીનો સંપર્ક સાધવાની સલાહ આપવામાં આવેલ છે.
- નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરીને મળેલ ૦૪ ફરિયાદો અન્વયે તપાસ કરતાં કાયદાભંગ જણાયેલ ન હોઇ, કોઇ કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ નથી.

શ્રી દુર્લભભાઇ હ. દેથરિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, તા. ૩૧-૦૩-૨૦૦૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન મોરબી જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમો સામે કર્મચારીઓના શોષણ અને અન્યાય બાબતે કેટલી ફરિયાદો મળી છે? અને આ ફરિયાદો અન્વયે શું કાર્યવાહી કરવામાં આવી છે?

શ્રી કુંવરજીભાઇ હળપતી : માનનીય અધ્યક્ષશ્રી, મોરબી જિલ્લામાં જે ફરિયાદો મળી છે એના આધારે અત્યારે શ્રમ આયુક્ત તંત્રના નાયબ શ્રમ આયુક્ત વર્ગ-૧, મદદનીશ શ્રમ આયુક્ત વર્ગ-૧ તથા સરકારી શ્રમ અધિકારી વર્ગ-૨ સંવર્ગના અધિકારી દ્વારા શ્રમ કાયદાઓનો અમલ કરવામાં આવેલ છે અને શ્રમ કાયદાઓના અમલીકરણ માટે માસિક ૨૫ નિરીક્ષકોનો લક્ષ્યાંક દરેક સરકારી શ્રમ અધિકારીને આપવામાં આવેલ છે. સરકારશ્રીના શ્રમ અધિકારીઓ દ્વારા કાયદાના નિરીક્ષણો કરતી વખતે ઉદ્યોગ એકમો સામે જે ફરિયાદો હોય છે તેવા એકમોના નિરીક્ષકોને લગતા ધારા-ધોરણ હાથ ધરવામાં આવેલ છે અને આ ફરિયાદોમાં લઘુત્તમ વેતનધારા હેઠળ અન્ય કાયદાઓની જોગવાઇથી માહિતગાર કરવાના આશયથી ગાંધીનગર તથા અન્ય ૨૬ વિભાગો દ્વારા અમદાવાદ અધિકારીની ૨૩૮ સરકારી કચેરીઓ માટે એપ્રિલ તથા મે મહિનામાં વર્કશોપનું આયોજન કરવામાં આવેલ હતું અને આ આયોજન જિલ્લા કચેરી દ્વારા પણ કરવામાં આવે છે. લઘુત્તમ વેતન ધારા અન્વયે જે ફરિયાદો મળેલ હતી તેનું ચૂકવણું પણ કરવામાં આવેલ છે.

શ્રી કાન્તિલાલ શિ. અમૃતિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, એક વર્ષમાં જે ફરિયાદો મળી એમાં, સમાધાન કરી ફરિયાદીઓને કેટલા પૈસા ચૂકવવામાં આવ્યા?

શ્રી કુંવરજીભાઇ હળપતી : માનનીય અધ્યક્ષશ્રી, કુલ ૪૮ ફરિયાદો મળેલી છે અને રૂ. ૯ લાખ ૭૨ હજાર જેટલી રકમનું ચૂકવણું કરવામાં આવેલ છે.

**વેરાવળ ફેઝ-૨ મત્સ્યબંદર વિકસાવવાની કામગીરી**

* ૧૫/૩/૬૧ **શ્રી ભગાભાઇ બારડ** (તલાલા) : **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ ફેઝ-૨ મત્સ્ય બંદરને વિકસાવવાની કામગીરી ક્યાં તબક્કામાં છે, | (૧) પ્રાથમિક તબક્કામાં છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ઉક્ત કામ અંગે કેટલો ખર્ચ થયો છે, અને | (૨) રૂ. ૧.૯૦ કરોડ |
| (૩) ઉક્ત કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૩) ઓક્ટોબર ૨૦૨૫માં પૂર્ણ કરવાનું આયોજન છે. |

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ તો ગીર સોમનાથ જિલ્લામાં વેરાવળ, માઢવાડ અને સુત્રાપાડા આ ત્રણે જગ્યાએ ફિશરીઝ હાર્બર જેટી મંજૂર કરવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય મંત્રીશ્રીનો તમામ દરિયાઇ પટ્ટીના તમામ ફિશરમેનો વતી હું આભાર માનું છું. મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, આ ત્રણે ફેઝ વેરાવળ, માઢવાડ અને સુત્રાપાડામાં જેટીની જે કામગીરી ચાલે છે એનું જે મટીરિયલ વપરાય છે એનું ટેસ્ટિંગ, મેટલથી લઇ બ્લેક સ્ટોનના પથ્થરો જે જેટી બનાવવા માટે વાપરવાના છે એનું ટેસ્ટિંગ રોજે-રોજ ત્યાં થાય તો એની ક્વોલિટી જળવાય. હું એટલા માટે કહું છું કે, માંગરોળમાં અત્યાર સુધી બે વખત જેટી ડેમેજ થઇ છે. આ ત્રણે જગ્યાએ ફરી વખત જેટીને કંઇ નુકસાન ન થાય તે માટે એનું મટીરિયલ ક્વોલિટીવાળું વપરાય એ માટે એનું ટેસ્ટિંગ ત્યાં રોજે-રોજ થાય એવી વ્યવસ્થા ઊભી કરવા માગો છો કે કેમ?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્ય શ્રી ભગાભાઇ દ્વારા જે પ્રશ્ન પૂછવામાં આવ્યો છે એમાં પહેલી તો મત્સ્ય બંદરોની જેટીનાં કામમાં જે મટીરિયલ વપરાય છે એના ટેસ્ટિંગ બાબતની વાત કરી છે. હું આ સન્માનનીય સભાગૃહને ખાતરી આપવા માગું છું કે, આ મત્સ્ય બંદરોની મંજૂરી તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને આપણા દેશના

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના એક સ્વપ્ન સમાન છે. એટલા માટે કે ગુજરાત રાજ્યમાં ૧૬૦૦ કિ.મી. લાંબો દરિયાકિનારો છે અને આ દરિયાકિનારા ઉપર વધુમાં વધુ માછીમારીની પ્રવૃત્તિ વિકસે એ માટે એમનું એક વિઝન હતું અને તેના ભાગરૂપે આ મત્સ્યબંદરો વિકસાવવાનું એમણે સ્વપ્ન સેવ્યું હતું અને એ અન્વયે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શન હેઠળ જુદા-જુદા બંદરોના વિકાસની કામગીરી અત્યારે પ્રગતિ હેઠળ છે. માનનીય પ્રધાનમંત્રીશ્રીએ પોતે સેવેલ સ્વપ્નને સાકાર કરવા સારું ગત વર્ષે એમણે જ આ ખાતમુહૂર્તો કરેલ. આજે ગીર સોમનાથ જિલ્લામાં રૂપિયા ૭૦૦ કરોડના ખર્ચે વેરાવળ ફેઝ-૨, સુત્રાપાડા અને માઢવાડ બંદર વિકસાવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. અમારી સરકારે આ જિલ્લામાં નવા બંદર ખાતે પણ રૂ.૩૦૦ કરોડના ખર્ચે મત્સ્ય બંદરનું કામ શરું કરેલ છે અને લગભગ ૬૦ ટકા જેટલી આ કામગીરી પૂરી થઇ ગઇ છે. આ દરેક કામોમાં એની ક્વોલિટી જળવાય, આ કામો લાંબા સમય સુધી માછીમાર ભાઇઓને કામ આવે એના માટે સરકાર સંપૂર્ણ ચિંતિત છે. આ કામો ક્વોલિટીવાળા મટીરિયલ સાથે થાય એ જોવાની સરકારશ્રીની પણ જવાબદારી છે. એના ટેસ્ટિંગથી લઇ જરૂરી તમામ કામગીરીમાં અમે પૂરતું ધ્યાન આપીશું. કારણ કે, માછીમારી એ માનવજાતની આજીવિકાનું સૌથી જૂનું સાધન છે. રાષ્ટ્રીય અર્થતંત્ર તથા ભારતના સામાજિક અને આર્થિક વિકાસમાં ખૂબ મહત્ત્વની ભૂમિકા જયારે આ મત્સ્ય ઉદ્યોગ ક્ષેત્રની હોય ત્યારે રાજયના માછીમારોના સર્વાંગી ઉત્કર્ષ માટે રાજય સરકારે જે પગલાં લીધાં છે. જે કામો મંજૂર કર્યાં છે. એ કામો ગુણવત્તાવાળાં થાય એનું અમે પૂરું ધ્યાન રાખીશું એની હું આ સન્માનનીય સભાગૃહને ખાતરી આપું છું.

ડો. સી.જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આ વેરાવળ ફેઇઝ-૨ મત્સ્ય બંદર વિકાસ પામી રહ્યું છે અને રૂપિયા ૧.૯૦ કરોડનો ખર્ચ થયો છે, તો કુલ જોગવાઇ કેટલી છે અને કેટલો ખર્ચ થવાનો હવે બાકી છે? આ પ્રોજેકટના અનુસંધાને સ્થાનિક માછીમારો તરફથી કોઇ રજૂઆત સરકારને મળી છે કે કેમ? અને મળી હોય તો તમે શું પગલાં લેવા માગો છો?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ વેરાવળ ફેઇઝ-૨ પ્રોજેકટમાંથી આ વિસ્તારની લગભગ ૪૫૦૦ જેટલી વધારાની બોટનો આમાં સમાવેશ થઇ શકશે. બારમાસી બંદરની સુવિધાનો ઉપયોગ પણ કરી શકાશે. માછીમારી કરવા યુરોપિયન યુનિયનના ધારાધોરણ મુજબ આધુનિક સુવિધાઓ મળશે. ૪૨ હજાર જેટલા લોકોને સીધી રોજગારી પણ મળશે. એમ અનેકવિધ રીતે આ મત્સ્ય બંદર ફેઇઝ-૨ના કામથી આ વિસ્તારના માછીમારોને ફાયદો થશે. વધારામાં માછીમાર એસોસિયેશનની જુદી જુદી રજૂઆતો આવી હતી. અમારા અધિકારીઓએ તેમની સાથે મિટિંગો કરી અને એમના મોટા ભાગના પ્રશ્નોનો સુખદ ઉકેલ પણ લાવ્યા છે. એમણે સંમતિ પણ આપી છે અને બધાની સંમતિ સાથે આ ફેઇઝ-૨ વેરાવળ માછીમાર બંદરનું કામ ચાલી રહ્યું છે.

શ્રી ભગવાનજીભાઇ લા. કરગટિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે આ પ્રોજેકટ કેટલા તબક્કાનો છે અને એમાં તબક્કાવાર શું શું કાર્યવાહી કરવામાં આવે છે અને આ કાર્યવાહી કયારે પૂર્ણ કરવામાં આવશે? મારો બીજો પ્રશ્ન છે કે મારા મત વિસ્તારના ચોરવાડ ગામે પણ એક બંદર આવેલું. એ બિપરજોય વાવાઝોડામાં ડેમેજ થયું છે. એને સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવેલ છે, તો એ કામ કયારે શરૂ કરવામાં આવશે અને માંગરોળ બંદર ફેઇઝ-૩ ત્રણ વર્ષથી ડેમેજ થાય છે તો એ ડેમેજ થવાનાં કારણો શું છે અને એ કયારે રિપેરિંગ કરવામાં આવશે?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી. આ પ્રોજેકટના બે તબકકા છેઃ પહેલા તબકકામાં પાયલોટ જેટી, બ્લોક વાર્ફ, રિટેઇનિંગ વોલ, બીચ લેન્ડિંગ, ડ્રેજિંગ વાર્ફ, એકલેમેશન, સોર પ્રોટેકશન, ઇસ્ટર્ન અને વેસ્ટર્ન બેકવોટરના રિપેરિંગની કામગીરીનો સમાવેશ કરવામાં આવેલ. બીજા તબકકામાં વહીવટી બિલ્ડિંગ, ઓકશન હોલ, બોટ રિપેર શોપ, ડોરમેટ્રી, ગીયર શેડ, નેટ મેન્ડિંગ રોડ, ફીશ હેન્ડલિંગ એરિયા, રેડિયો કોમ્યુનિકેશન ટાવર, સેનિટેશન ફેસેલિટી તથા ઇલેક્ટ્રિક સુવિધાની કામગીરીનો સમાવેશ કરવામાં આવ્યો છે. સી.આર.ઝેડની પ્રગતિમાં ચોરવાડ બંદરનું કામ પણ ચાલુ છે. સી.આર.ઝેડની મંજૂરી મળે કે તુરત જ અમે ચોરવાડ બંદરનું કામ હાથ ધરીશું. આ વેરાવળનું ફેઇઝ-૨નું કામ ઓકટોબર-૨૦૨૫ સુધીમાં પૂર્ણ થઇ જશે અને પૂર્ણ થઇ ગયા બાદ મેં કહ્યું તે પ્રમાણે તમામ સવલતો આ વિસ્તારના માછીમાર ભાઇઓને મળશે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે જે બોટની સંખ્યા છે એના પ્રમાણમાં ફીશ લેન્ડિંગની સગવડતાઓ અને એના જે સોર ઉપર, કાંઠા ઉપરની સગવડતાઓ ખૂબ ઓછી છે. જયારે અત્યારના કરતા ૩૦ ટકા જેટલી હોડીઓ હતી ત્યારે ૩૦ વર્ષ પહેલા આ બધા બંદરો બંધાયેલા. આપના મારફત માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે અત્યારે જે હોડીઓની સંખ્યા છે તે લગભગ ૩૮ હજાર જેટલી સંખ્યા છે. એને પૂરતી સગવડતાઓ મળી રહે એ પ્રમાણે બધા જ બંદરોની અંદર નવેસરથી પ્લાનિંગ કરીને એને એક્સ્ટેન્શન કરવા માગો છો કે કેમ? બીજું, ગુજરાતની અંદર આખા દેશમાં મોટો દરિયાકિનારો હોવા છતાં ડીપ-સી-ફિશિંગની અંદર આપણે ત્યાં નહીવત કામગીરી થયેલી છે. બીજાં રાજયો આપણા કરતા ઘણા આગળ નીકળી ગયા છે.ખૂબ મોટી રોજગારી આપતો આ ઉદ્યોગ છે. તો ડીપ સી ફિશિંગની અંદર પાંચ વર્ષ પૂરાં થયાં, હજી કામગીરી થઇ નથી.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ઉપર આવો.

## તારાંકિત પ્રશ્નો

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : એ કામગીરી કરીને આપણાં જે ફિશરમેન છે તેને ડીપ સી ફિશિંગ માટેની બોટ મળી રહે અને તેના ઉપર કામ કરનારા લોકોને તાલીમ થઇ જાય એ ક્યાં સુધીમાં આપનું આયોજન છે એ માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી એ મુજબ વેરાવળ બંદર ખાતે લગભગ ૩૮,૦૦૦ જેટલી બોટો શ્રી અર્જુનભાઇના અંદાજ મુજબ કાર્યરત છે, પણ અત્યારે અમે જે ફેઝ-૨માં કામગીરી કરી છે, એ મુજબ ૪૫૦૦ જેટલી બોટોને આમાં સગવડતા મળી શકશે. બાકી મેં કહ્યું તેમ જેમ જેમ નાણાકીય અનુકૂળતા થશે, કેમ કે આ વેરાવળ, માઢવાડ, સુત્રાપાડા, નવાબંદર આ તમામ બંદરો ખાતે કરોડો રૂપિયાના ખર્ચે માછીમારોના ઉત્કર્ષ માટે કામ ચાલી રહ્યાં છે. શ્રી અર્જુનભાઇને એ પણ જાણકારી હશે જ કે આ બધાં કામો આખરે તો નાણાકીય ઉપલબ્ધિ મુજબ થતાં હોય છે પણ માછીમારી ખાતાના બજેટમાં આ વર્ષે માનનીય મુખ્યમંત્રીશ્રીએ ઉદારતાથી વધારો કર્યો. કેન્દ્ર સરકારે બધી મંજૂરી પણ આપી. સહાય આપવાની ખાતરી આપી એટલા માટે આટલું અમે કરી શક્યા છીએ. બાકી તેમની વાત સાચી છે કે તમામ માછીમાર ભાઇઓને તેની બોટો રાખવા માટેની સગવડતા મળી શકે તો આ ક્ષેત્રે ઘણું મોટું કામ થઇ શકે અને આપણે માછીમારીના ઉત્પાદનમાં પણ વધારો કરી શકીએ. ડીપ સી ફિશિંગની કામગીરીની વાત છે. તેમાં હું ગંભીરતાપૂર્વક વિચારી રહ્યો છું. હમણાં જ અમે તેના એમ્પેનલ માટેની કાર્યવાહી માટે જે જે લોકો આ કામગીરી કરે છે એ પણ પૂર્ણતાના આરે છે. ડીપ સી ફિશિંગ ક્ષેત્રે વધુમાં વધુ માછીમાર ભાઇઓને લાભ મળે તેના માટે ઝડપથી કાર્યવાહી કરીશું.

### સુરત જિલ્લામાં ડેરી ફાર્મ સ્થાપનાની સહાય યોજના

* ૧૫/૩/૧૦૦ **શ્રી પ્રવિણભાઈ ઘોઘારી** (કરંજ) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સ્વરોજગારી હેતુ પશુપાલન વ્યવસાય માટે ૧૨ દુધાળા પશુના ડેરી ફાર્મ સ્થાપનાની સહાયની યોજના અંતર્ગત સુરત જિલ્લામાં કુલ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૧૫ |
| (૨) ઉક્ત સ્થિતએ ઉક્ત યોજના અન્વયે કુલ કેટલી રકમ સહાય પેટે ચૂકવવામાં આવી ? | (૨) રૂ.૨૨,૬૦,૦૦૦. |

શ્રી પ્રવીણભાઇ મ. ઘોઘારી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે દૂધાળા પશુના ડેરી ફાર્મ સ્થાપના સહાયની યોજનામાં છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લામાં તાલુકાવાર કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી છે અને તાલુકાવાર કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી છે?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ્ય કક્ષાએ ખેતી સાથે પશુપાલન વ્યવસાય વધુમાં વધુ લોકો, ખાસ કરીને ખેડૂતો અપનાવતા થાય અને તેના કારણે ખેડૂતોની આવક બમણી કરવાનો માનનીય વડાપ્રધાનશ્રીનો જે સંકલ્પ છે તેને સિદ્ધ કરવા માટે ગ્રામ્ય કક્ષાની રોજગારીની તકો વધુ ઉપલબ્ધ થાય એ ખૂબ જરૂરી છે. તેમાં પશુપાલન ઉદ્યોગ ખૂબ મહત્ત્વનો છે. ગામડાંના લોકો અને તેમાં પણ ખાસ કરીને શિક્ષિત બેરોજગાર યુવકો પશુપાલનને વ્યવસાય તરીકે સ્વીકારીને પશુપાલન કરવા માગતા હોય તેઓને આર્થિક મદદ પૂરી પાડવામાં આવે તો તેઓ પશુપાલનના વ્યવસાયમાં જોડાય અને ગ્રામ્ય કક્ષાએ તેઓ રોજગારી મેળવી શકે એ માટે રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૮-૧૯થી અમલમાં મૂકવામાં આવેલ ૧૨ દૂધાળા પશુના ડેરી ફાર્મની સ્થાપના પર સહાયની યોજનાને આગળ વધારવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં અમારી સરકાર દ્વારા આ કામગીરી થઇ રહી છે. દૂધાળા પશુની સહાયની વાત કરું તો ઉમરપાડા તાલુકામાં ૩ અરજી અને ૪,૦૪,૪૦૦ રૂપિયાની સહાય ચૂકવવામાં આવી છે. ઓલપાડ તાલુકામાં ૧ અરજી અને ૧,૯૯,૧૦૦ રૂપિયાની સહાય ચૂકવવામાં આવી છે. કામરેજ તાલુકામાં ૩ અરજી અને ૬,૩૪,૮૦૦ રૂપિયાની સહાય ચૂકવવામાં આવી છે. બારડોલી તાલુકામાં ૧ અરજી અને ૧,૯૩,૨૦૦ રૂપિયાની સહાય ચૂકવવામાં આવી છે. મહુવા તાલુકામાં ૧ અરજી અને ૧,૯૩,૨૦૦ રૂપિયાની સહાય ચૂકવવામાં આવી છે. માંડવી તાલુકામાં ૪ અરજી અને ૬,૩૪,૮૦૦ રૂપિયાની સહાય ચૂકવવામાં આવી છે. પલસાણા તાલુકામાં ૨ અરજી મંજૂર કરી છે, આમ, સુરત જિલ્લામાં ૧૫ અરજીઓ મંજૂર કરી ૨૨,૬૦,૦૦૦ રૂપિયાની સહાય ચૂકવવામાં આવી છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

તા. ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

અતારાંકિત પ્રશ્નો

( તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ )

**ઔદ્યોગિક નીતિ-૨૦૨૦ હેઠળ MSME એકમોની ક્લેઇમ અરજીઓ**

૧૫/૩/૨૮૯ **શ્રી ધર્મેન્દ્રસિંહ વાઘેલા** (વાઘોડિયા) : **માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઔદ્યોગિક નિતી ૨૦૨૦ અંતર્ગત વ્યાજ સહાય યોજના હેઠળ વાઘોડિયા અને વડોદરા તાલુકામાં માઈક્રો, સ્મોલ એન્ડ મીડિયમ એન્ટરપાઈઝીસ (MSME) એકમોની કેટલી કલેઇમ અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) તા.૦૧/૦૭/૨૦૨૧ થી તા.૩૧/૦૭/૨૦૨૩ સુધીનાં સમયગાળા દરમિયાન વાઘોડિયા તાલુકાના ૨૬ એકમોને તથા વડોદરા તાલુકાના ૧૮૮ એકમોને એમ કરીને કુલ ૨૧૪ એકમોની કલેઇમ અરજીઓ મંજૂર કરવામાં આવી. |
| (૨) ઉકત સ્થિતિએ કુલ કેટલા એકમોને કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૨) તા.૦૧/૦૭/૨૦૨૧ થી તા.૩૧/૦૭/૨૦૨૩ સુધીનાં સમયગાળા દરમિયાન વાઘોડિયા તાલુકાના ૨૫ એકમોને રૂ.૫૬.૫૮ લાખ તથા વડોદરા તાલુકાના ૧૭૬ એકમોને રૂ. ૩૯૯.૨૮ લાખ એમ કરીને કુલ ૨૦૧ એકમોને કુલ રૂ.૪૫૫.૮૬ લાખની સહાય ચૂકવવામાં આવી. |

**રાજ્યમાં વસતા પરપ્રાંતિય લોકોને બક્ષીપંચના લાભો મળવા બાબતની દરખાસ્ત**

૧૫/૩/૪૭૧ **શ્રી દિનેશભાઈ ઠાકોર** (ચાણસ્મા) : તેરમી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રમાં તા.૨૪-૦૩-૨૦૧૫ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૧૭૮૭૭ (અગ્રતા-૧૪૬)ના અનુસંધાને **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં વસતા પરપ્રાંતિય લોકોને બક્ષીપંચના લાભો મળે તે બાબતની દરખાસ્ત સરકારની વિચારણા હેઠળ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૦૭-૨૦૨૩ની સ્થિતિએ વિચારણા કયા તબક્કે છે અને શો નિર્ણય કર્યો છે, અને | (૨) બાબત વિચારણા હેઠળ હોઈ આખરી નિર્ણય લેવાયેલ નથી. |
| (૩) તેનો અમલ ક્યારે શરૂ કરવામાં આવનાર છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ગાંધીનગર જિલ્લામાં મરઘાં પાલનની તાલીમ**

૧૫/૩/૫૪ **શ્રી અલ્પેશ ઠાકોર** (ગાંધીનગર દક્ષિણ) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં કેટલા આર્થિક રીતે નબળાં મરઘાંપાલકોને મરઘાંપાલન અંગેની તાલીમ આર.આઈ.આર/કડકનાથ પક્ષી આપવાની યોજનામાં લાભ આપવામાં આવ્યો, અને | (૧) ૩૨૦ |
| (૨) તેમાં કુલ કેટલી સહાય આપવામાં આવી ? | (૨) કુલ રૂ.૬,૪૦,૦૦૦/- તાલીમ સ્ટાઈપેન્ડ સહાય અને રૂ.૧૬,૮૦,૦૦૦/- ના ખર્ચે ૨૫ આર.આઈ.આર/ કડકનાથ પક્ષીના એકમ આપવામાં આવ્યા. |

---------

**ડીપ-સી પાઈપલાઈન માટે પર્યાવરણીય સંમતિ**

૧૫/૩/૪૮૬ **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા** (પોરબંદર) : **માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૭-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં ડીપ-સી પાઈપ લાઈન નાંખવા માટે એન્વાયરમેન્ટ ઈમ્પેક્ટ | (૧) ના, જી. |

એસેસમેન્ટના નોટીફિકેશન તા.૧૪-૦૯-૨૦૦૬ મુજબ પર્યાવરણીય સંમતિ લેવી જરૂરી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત એન્વાયરમેન્ટ ઇમ્પેક્ટ રિપોર્ટ ક્યારે અને કોના દ્વારા તૈયાર કરવામાં આવ્યો, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉક્ત સ્થિતિએ પર્યાવરણીય સંમતિ માટે દરખાસ્ત ક્યારે મોકલવામાં આવી ?

**15/3/55 શ્રી અરૂણસિંહ રણા (વાગરા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| **(૧)** તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં નર્મદા જિલ્લામાં કેટલાં આર્થિક રીતે નબળાં મરઘાંપાલકોને મરઘાંપાલન અંગેની તાલીમ અને આર.આઇ.આર/કડકનાથ પક્ષી આપવાની યોજનામાં લાભ આપવામાં આવ્યો, અને | **(૧)** ૮૦ |
| **(૨)** તેમાં કુલ કેટલી સહાય આપવામાં આવી ? | **(૨)** કુલ રૂ.૧,૬૦,૦૦૦/- તાલીમ સ્ટાઇપેન્ડ સહાય અને રૂ.૪,૨૦,૦૦૦/-ના ખર્ચે ૨૫ આર.આઇ.આર/કડકનાથ પક્ષીના એકમ આપવામાં આવ્યા. |

**"અમદાવાદ જિલ્લામાં રોજગારવાંચ્છુઓ"**

**15/3/324શ્રી ઇમરાનખેડાવાલા (જમાલપુર-ખાડીયા) : માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| **(૧)** તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ જિલ્લા રોજગાર કચેરી, અમદાવાદ ખાતે કેટલા રોજગારવાંચ્છુઓનોંધાયેલ છે, અને | **(૧)** ૧૫૭૯૬ |
| **(૨)** ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા રોજગાવાંચ્છુઓને સરકારી નોકરી મળી? | **(૨)** સરકારી નોકરીમાં ભરતીની પ્રક્રિયા રોજગાર કચેરીઓ મારફત થતી નથી, તેથી માહિતી શૂન્ય છે. |

**બાંધકામ શ્રમિક બાળકોને ભાગ્યલક્ષ્મી બોન્ડ**

**15/3/463 : ગેનીબેન ઠાકોર (વાવ) : માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-**

પ્રશ્ન જવાબ

| | | | |
|---|---|---|---|
| **(૧)** | તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ મજૂર શ્રમ કલ્યાણ યોજના અંતર્ગત બાંધકામ શ્રમિક બાળકોને ભાગ્યલક્ષ્મી બોન્ડ આપવામાં આવે છે તે હકીકત સાચી છે, અને | **(૧)** | હા જી |
| **(૨)** | જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજયમાં કેટલા બાંધકામ શ્રમિક બાળકોને ભાગ્યલક્ષ્મી બોન્ડ આપવામાં આવ્યા? | **(૨)** | |

| વર્ષ | આપેલ બોન્ડની સંખ્યા |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૬૧૧ |
| ૨૦૨૨-૨૩ | ૭૩૯ |
| **કુલ** | **૧૩૫૦** |

**વાઘોડીયા અને વડોદરા તાલુકામાંથી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં વર્ગ વધારવાની દરખાસ્ત**

*** 15/3/287:શ્રીધર્મેન્દ્રસિંહ વાઘેલા (વાઘોડીયા) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ –**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| **(૧)** | તા.૩૧/૦૭/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વાઘોડીયા અને વડોદરા તાલુકામાંથી બિન સરકારી ગ્રાન્ટ ઈન એઈડ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં વર્ગ વધારવાની કેટલી દરખાસ્તો મળી, અને | (૧) | કુલ ૧૦(દસ) દરખાસ્તો મળી |
| **(૨)** | તે પૈકીની કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી છે? | (૨) | કુલ ૦૭(સાત) દરખાસ્તો મંજૂર કરવામાં આવી છે. |

**મોરબી જિલ્લાના મુખ્યમંત્રી ગૌ-માતા પોષણ યોજના**

**15/3/312 શ્રી દુર્લભજીભાઇ દેથરીયા (ટંકારા) : માનનીય ગૌસંવર્ધન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| **(૧)** | તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ મુખ્યમંત્રી ગૌ-માતા પોષણ યોજના હેઠળ લાભ મેળવતી પાંજરાપોળ/ગૌ-શાળાના બેંક ખાતા સમયસર ન ખુલી શકતા ફાળવેલ રકમ જમા થયેલ નથી. તો પુન: આ રકમ આ સંસ્થાના ખાતામાં ફાળવવાનું કોઇ આયોજન છે, અને | **(૧)** | ના |
| **(૨)** | જો હા, તો કેટલા સમયગાળામાં આ રકમ જમા કરવામાં આવશે? | **(૨)** | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**ગીર સોમનાથ જિલ્લાના ઔદ્યોગિક એકમો સામે મળેલ ફરિયાદો**

**15/3/173 : શ્રી ભગાભાઇ બારડ (તલાલા) : માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| **(૧)** | તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન ગીર સોમનાથ જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમો સામે કર્મચારી/ વર્કરોના શોષણ અને અન્યાય બાબતે કેટલી ફરિયાદો મળી, અને | **(૧)** | ૦૭ |

| | | | |
|---|---|---|---|
| **(૨)** | તે ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી? | **(૨)** | • ૦૩ ફરિયાદોમાં ૫૨૮ શ્રમયોગીઓને રૂ!૫,૯૯,૯૩૪/-નું સમજાવટથી ચૂકવણું કરાવડાવવામાં આવેલ છે.<br>• ૦૩ફરીયાદમાં ઔદ્યોગિક વિવાદ અધિનિયમ હેઠળ કેસ કરવા જણાવેલ છે.<br>• નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરીને મળેલ ૦૧ ફરિયાદમાં ૦૧ ફોજદારી કેસ કરવામાં આવેલ છે. |

**ટેક્ષટાઈલ પોલિસી-૨૦૧૨ હેઠળ વેટ/એસ.જી.એસ.ટી. સહાય**

**15/3/157શ્રી પ્રવિણભાઈ ઘોઘારી (કરંજ) : માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| **(૧)** | તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં ગુજરાત ટેક્ષટાઈલ પોલિસી-૨૦૧૨ હેઠળ ટેક્ષટાઈલ ક્ષેત્રના એકમોની કુલ કેટલી દાવા અરજીઓને વેટ/એસ.જી.એસ.ટી. સહાય ચૂકવણી કરવામાં આવી, અને | **(૧)** | ૨૭૧ અરજીઓ |
| **(૨)** | તે અન્વયે ઉક્ત સ્થિતિએ કુલ કેટલી સહાયનું ચૂકવણું કરવામાં આવેલ છે? | **(૨)** | રૂ. ૧૪,૬૬૪.૦૪ લાખ |

**પોરબંદરના અસ્માવતીઘાટમાં કાંપ ભરાઈ જવાની ઘટના**

**15/3/487શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા (પોરબંદર): માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| **(૧)** | તા.૩૧-૦૭-૨૩ની સ્થિતિએ પોરબંદર બંદરના અસ્માવતી ઘાટ પાસે બારાની મુખ્ય ચેનલમાં કાંપ ભરાઈ જવાના કારણે માછીમારોને થતી મુશ્કેલી અંગેની હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, અને | **(૧)** | હા, |
| **(૨)** | જો હા, તો ઉક્ત સ્થિતિએ માછીમારોને પડતી મુશ્કેલી નિવારવા માટે ખાડીમાં ડ્રેજીંગ કરવા અંગે શી કાર્યવાહી કરવામાં આવેલ છે ? | **(૨)** | ટેન્ડર પ્રક્રિયા હાથ ધરીને ઈજારદારશ્રીનેડ્રેજીંગ કામગીરી સોંપવામાં આવેલ છે. |

**અમરેલી જિલ્લામાં પ્રાથમિક શિક્ષકોની ઘટ**

**15/3/313 શ્રી હિરાભાઇ સોલંકી (રાજુલા): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| **(૧)** | તા. ૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ અમરેલી જિલ્લાના રાજુલા-જાફરાબાદ-ખાંભા તાલુકામાં આવેલ પ્રાથમિક શિક્ષકોની કેટલી ઘટ છે, અને | **(૧)** | |

| ક્રમ | તાલુકાનું નામ | પ્રાથમિક શિક્ષકોની ઘટની સંખ્યા |
|---|---|---|
| ૧ | રાજુલા | ૨૮૩ |
| ૨ | જાફરાબાદ | ૨૧૧ |
| ૩ | ખાંભા | ૧૮૧ |

**(૨)** ઉક્ત ઘટતા પ્રાથમિક શિક્ષકોની નિમણૂક કેટલા સમય દરમ્યાન પૂર્ણ કરવાનું આયોજન છે?

**(૨)** જેમ બને તેમ ઝડપથી

**રાજ્યમાં સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વ્યાયામ શિક્ષકોની ઘટ**

**15/3/479:ડૉ.સી.જે.ચાવડા (વિજાપુર) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| **(૧)** તા.૩૧-૭-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વ્યાયામ શિક્ષકોની કેટલી જગ્યાઓ ખાલી છે, અને | **(૧)** વ્યાયામ શિક્ષકોની ૧૫ જગ્યાઓ ખાલી છે. |
| **(૨)** ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવાનું આયોજન છે? | **(૨)** વહીવટી અનુકુળતા મુજબ જેમ બને તેમ જલદી |

**રાજ્યમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કોમ્પ્યુટર શિક્ષકોની ભરતી**

*** 15/3/474શ્રીકિરીટકુમાર પટેલ (પાટણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે. -**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| **(૧)** તા.૩૦/૦૬/૨૦૨૩ની સ્થિતિએ રાજયમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કોમ્પ્યુટર વિષય ભણાવવા માટે શિક્ષકોની ભરતી માટેની પરીક્ષા છેલ્લે ક્યારે લેવામાં આવેલ, | **(૧)** તા.૩૦/૦૬/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં માધ્યમિક શાળાઓમાં કોમ્પ્યુટર વિષય ભણાવવા માટેની કોમ્પ્યુટર વિષયની ટાટ (માધ્યમિક)ની મુખ્ય પરીક્ષા તા.૨૫/૦૬/૨૦૨૩ નારોજ લેવામાં આવેલ હતી અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કોમ્પ્યુટર વિષય ભણાવવા માટેની કોમ્પ્યુટર વિષયની ટાટ (ઉચ્ચત્તર માધ્યમિક)ની પરીક્ષા તા.૨૮/૧૦/૨૦૧૮નારોજ લેવામાં આવેલ હતી. |
| **(૨)** ઉક્ત પરીક્ષામાં કેટલા ઉમેદવારો નોંધાયેલ તે પૈકી કેટલા ઉમેદવારોએ પરીક્ષા આપેલ, | **(૨)** તા.૨૫/૦૬/૨૦૨૩ ના રોજ યોજાયેલ કોમ્પ્યુટર વિષયની ટાટ (માધ્યમિક) મુખ્ય પરીક્ષામાં નોંધાયેલ ઉમેદવારોની સંખ્યા ૧૨૨૯ હતી પૈકી ૧૨૨૯ ઉમેદવારોએ પરીક્ષા આપેલ હતી અને તા.૨૮/૧૦/૨૦૧૮ નારોજ યોજાયેલ કોમ્પ્યુટર વિષયની ટાટ (ઉચ્ચત્તર માધ્યમિક) પરીક્ષામાં નોંધાયેલ ઉમેદવારની સંખ્યા ૪૪૯ હતી તે પૈકી ૩૬૮ ઉમેદવારોએ પરીક્ષા આપેલ હતી. |
| **(૩)** તે પૈકી કેટલા ઉમેદવારો પાસ થયેલ, અને | **(૩)** કોમ્પ્યુટર વિષયની ટાટ (માધ્યમિક) મુખ્ય પરીક્ષામાં પાસ થયેલ ઉમેદવારોની સંખ્યા ૮૧૧ અને કોમ્પ્યુટર વિષયની ટાટ (ઉચ્ચતર માધ્યમિક) પરીક્ષામાં પાસ થયેલ ઉમેદવારની સંખ્યા ૨૧૦ છે. |
| **(૪)** ઉક્ત સ્થિતિએ પાસ થયેલા ઉમેદવારો પૈકી કેટલા ઉમેદવારોને નિમણૂક આપવામાં આવી અને કેટલા ઉમેદવારોને કયા કારણોસર નિમણૂક આપવાની બાકી છે ? | **(૪)** ઉક્ત સ્થિતિએ પાસ થયેલા ઉમેદવારો પૈકી મેરીટ ક્રમ પ્રેફરન્સના આધારે રાજ્યની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ષ ૨૦૨૧-૨૨ની શિક્ષણ સહાયકની ભરતી પ્રક્રિયા અન્વયે માંગણા પત્રક મુજબ માધ્યમિક વિભાગમાં ૮૧ અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં ૨૫ એમ કુલ ૧૦૬ શિક્ષણ સહાયકને નિમણૂક |

આપવામાં આવી. માંગણા પત્રક મુજબની જગ્યા પર તમામને નિમણૂક આપી દેવામાં આવેલ છે.

**વડોદરા જિલ્લાના પાદરા તાલુકામાંથી સબસીડાઇઝ યુરીયા ખાતર બારોબાર વેચવા બાબત**

**15/3/500:શ્રીગુલાબસિંહ ચૌહાણ (લુણાવાડા) :માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| **(૧)** | તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાંવડોદરા જિલ્લાના પાદરા તાલુકામાંથી ખેડૂતોના સબસીડી વાળા યુરીયા ખાતરને બારોબાર કંપનીમાં વેચવા હોવાના કેટલા ગુનાઓ કોની સામે નોંધાયા, | **(૧)** | કોઇ ગુનો બનેલ નથી. |
| **(૨)** | તેમાં કેટલી રકમનો કેટલો જથ્થો બારોબાર વેચ્યો હોવાનું સામે આવ્યું, | **(૨)** | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| **(૩)** | ઉક્તસ્થિતિએ કેટલા આરોપીઓને પકડવામાં આવ્યા અને કેટલા આરોપીઓને પકડવાના બાકી છે, અને | **(૩)** | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| **(૪)** | ઉક્ત બાકી આરોપીઓને પકડવા શાં પગલાં લીધાં? | **(૪)** | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**રાજયમાં કૃષિ સંશોધન કેન્દ્રો અને કૃષિ યુનિવર્સિટીઓમાં સંશોધન વૈજ્ઞાનિક/ કૃષિ વૈજ્ઞાનિકોનું મંજૂર મહેકમ બાબત**

**15/3/470 : શ્રી જીજ્ઞેશ મેવાણી (વડગામ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| **(૧)** | તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ રાજયમાં કૃષિ સંશોધન કેન્દ્રો અને કૃષિ યુનિવર્સિટીઓમાં સંશોધન વૈજ્ઞાનિક કે કૃષિ વૈજ્ઞાનિકોની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે, | **(૧)** | ૧૮૬૮ જગ્યાઓ |
| **(૨)** | ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | **(૨)** | ૧૧૦૫ જગ્યાઓ ભરાયેલ છે અને ૭૬૩ જગ્યાઓ ખાલી છે. |
| **(૩)** | ઉક્ત ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે? | **(૩)** | નિમણૂંક માટે લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી. |

**સાબરકાંઠા જિલ્લામાં ક્ષેત્રિય નિદર્શન ગોઠવવા બાબત**

**15/3/99:શ્રી વિનેન્દ્રસિંહ ઝાલા (હિંમતનગર):માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| **(૧)** | તા.૩૧/૦૩/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં કુલ કેટલા ક્ષેત્રિય નિદર્શન ગોઠવવામાં આવ્યા, અને | **(૧)** | ૧૩૫૮ |
| **(૨)** | તે માટે કેટલી સહાય ચુકવવામાં આવી છે ? | **(૨)** | ૩.૪૯,૪૧,૬૪૦/- |

**જૂનાગઢ જિલ્લાના ઔદ્યોગિક એકમો સામે મળેલ ફરિયાદો**

**15/3/174 : શ્રી ભગવાનજીભાઇ કરગટીયા (માંગરોળ) : માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-**

**પ્રશ્ન** **જવાબ**

અતારાંકિત પ્રશ્નો

| | |
|---|---|
| **(૧)** તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન જૂનાગઢ જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમો સામે કર્મચારી/ વર્કરોના શોષણ અને અન્યાય બાબતે કેટલી ફરિયાદો મળી, અને | **(૧)** ૦૪ |
| **(૨)** તે ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી? | **(૨)** • ૦૩ ફરિયાદોમાં ૦૩ શ્રમ યોગીઓને રૂ!૮૮,૮૭૫/-નું ચૂકવણું કરાવેલ છે.<br>• ૦૧ ફરિયાદમાં ઔદ્યોગિક વિવાદ અધિનિયમ હેઠળ કેસ કરવા જણાવેલ છે. |

**મેસર્સ રિલાયેબલ આર્ટ પ્રિન્ટરી પાસેથી થતી લેવાની રકમ**

**15/3/504 શ્રી અનંતકુમાર પટેલ (વાસંદા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| **(૧)** ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરીષદ દ્વારા મેસર્સ રીલાયેબલ આર્ટ પ્રિન્ટરી (અમદાવાદ) પ્રાઈવેટ લિમિટેડને રૂ.૬૬૮.૮૪ લાખ રકમની ખોટી રીતે ચૂકવણી થયેલ રકમ CAGના આખરી રીપોર્ટના આધારે વર્ષઃ ૨૦૧૪થી પરત લેવાની થાય છે તે અન્વયે તા.૩૧-૦૭-૨૦૨૩ની સ્થિતિએ કેટલી રકમ પરત મેળવવામાં આવી, | **(૧)** સામાવાળા દ્વારા નામ. ગુજરાત હાઈકોર્ટમાં કેસ દાખલ કરવામાં આવેલ હોવાથી કોઈ રકમ પરત મેળવી શકાય નથી. |
| **(૨)** ઉક્ત રકમ પર કેટલા ટકા લેખે વ્યાજ વસુલવાનું છે, | **(૨)** ૧૨% લેખે વ્યાજ વસુલવાનું બાકી છે. |
| **(૩)** ઉક્ત સ્થિતિએ ખોટી રીતે ચુકવાયેલ તે અને વ્યાજ સહિત કૂલ કેટલી રકમ ઉક્ત એજન્સી પાસેથી વસુલવાની બાકી છે, અને | **(૩)** રૂ.૬૬૮.૮૪ લાખ તથા ૧૨% વ્યાજ વસુલવાનું બાકી છે. |

**(૪)** ઉક્ત બાકી રકમ વસુલવા ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં શા પગલાં લેવામાં આવ્યા?

**(૪)**
- જીસીઈઆરટીની કચેરી દ્વારા તા.૨૪/૦૩/૨૦૨૦ના રોજ પોલીસ સ્ટેશન, સેક્ટર-૦૭, ગાંધીનગર ખાતે FIR દાખલ કરેલ છે. જેમાં પોલીસ તપાસની કાર્યવાહી ચાલુ છે.
- ઉક્ત બાકી રકમ વસુલવા જીસીઈઆરટીના તા.૨૦/૦૫/૨૦૨૧ના પત્રથી મેસર્સ રીલાયેબલ આર્ટ પ્રિન્ટરી, પ્રાઈવેટ લિમિટેડ (અમદાવાદ) અને તેના ડિરેક્ટરશ્રીઓને શોકોઝ નોટીસ આપી જીસીઈઆરટીની કચેરી ખાતે પ્રતિબંધ(બાન) મુકવામાં આવેલ છે.
- મેસર્સ રીલાયેબલ આર્ટ પ્રિન્ટરી(અમદાવાદ) પ્રાઈવેટ લિમિટેડ અને તેના ડિરેક્ટરશ્રીઓ સામે શિક્ષણ વિભાગ હસ્તકની આ કચેરી સિવાયની તમામ ખાતાના વડાની કચેરીઓ તથા સરકારશ્રીના તમામ વિભાગોમાં પ્રીન્ટીંગની કામગીરી મેળવવા સામે પ્રતિબંધ અંગેની બાબત વિચારણા હેઠળ છે.

**બોટાદ તાલુકાના સરવા અને નાના પાળિયાદ ગામની પ્રાથમિક શાળાઓનું મકાન**

**15/3/300:શ્રી ઉમેશ મકવાણા (બોટાદ):માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-**

પ્રશ્ન — જવાબ

**(૧)** તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ બોટાદ તાલુકાના સરવા ગામ અને નાના પાળિયાદ ગામ ખાતે આવેલ પ્રાથમિક શાળાઓના જર્જરીત મકાનો તોડી પાડવામાં આવ્યા છે, તે હકીકત સાચી છે,

**(૧)** હા.

**(૨)** જો હા, તો આ બે ગામમાં શાળાના નવા મકાનો બનાવવાની કામગીરી કયા તબક્કે છે,

**(૨)**

| સરવા | નાના પાળિયાદ |
|---|---|
| પ્લીંન્થ લેવલ | ખોદાણ લેવલ |

**(૩)** તેના માટે કેટલી રકમ ફાળવવામાં આવી છે, અને

**(૩)**

| સરવા | નાના પાળિયાદ |
|---|---|
| ૮૦.૦૪ લાખ રૂપિયા | ૪૦.૦૨ લાખ રૂપિયા |

**(૪)** શાળાના મકાનો ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ?

**(૪)** એપ્રિલ-૨૦૨૪ સુધીમાં

---

**નર્મદા અને ભરૂચ જિલ્લામાં પ્રાથમિક શિક્ષકોની ઘટ**

**15/3/508 શ્રી ચૈતરભાઇ વસાવા (દેડીયાપાડા): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-**

**પ્રશ્ન** — **જવાબ**

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૧૯/૦૮/૨૦૨૩ની સ્થિતિએ નર્મદા અને ભરૂચ જિલ્લામાં કેટલા પ્રાથમિક શિક્ષકોની ઘટ છે,

(૧)

| જિલ્લાનું નામ | પ્રાથમિક શિક્ષકોની ઘટ |
|---|---|
| નર્મદા | ૭૪૮ |
| ભરૂચ | ૮૫૧ |

(૨) ઉક્ત સ્થિતિએ એક શિક્ષકથી ચાલતી પ્રાથમિક શાળાઓ કેટલી છે, અને

(૨)

| જિલ્લાનું નામ | એક શિક્ષકથી ચાલતી પ્રાથમિક શાળાઓ |
|---|---|
| નર્મદા | ૯૪ |
| ભરૂચ | ૭૬ |

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત જગ્યાઓ ન ભરવાના કારણો શાં છે?

(૩) વયનિવૃતિ, સ્વૈચ્છિક નિવૃતિ, અવસાન તથા બદલીના કારણોસર.

**રાજય સરકારે શ્રમયોગી કલ્યાણ બોર્ડમાંથી લીધેલ ભંડોળ**

**15/3/482 : ડૉ. તુષાર ચૌધરી (ખેડબ્રહ્મા) : માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| **(૧)** | સને ૨૦૨૦માં રાજય સરકારે બાંધકામ મજૂરોના શ્રમયોગી કલ્યાણ બોર્ડમાંથી રૂ. ૨૫૦ કરોડનું ભંડોળ લીધેલ તે હકીકત સાચી છે, | **(૧)** | હા જી<br>બાંધકામ શ્રમયોગીઓના સેસ પેટે મળેલ ભંડોળ માંથી રૂ.૨૫૦ કરોડની રકમ સરકારશ્રીના એકત્રિત નિધિમાં ગૌણસદરઃ૮૦૦-પેટાસદર-૦૩-અન્ય પ્રાપ્તી હેઠળ જમા કરાવવામાં આવેલ.<br>-સદરહુ રકમનો ઉપયોગ અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગ દ્વારા બાંધકામ શ્રમિકોને રૂ.૧૦૦૦/- ની સહાય ડી.બી.ટી મારફતે તથા મફત ફૂડ બાસ્કેટ આપવાના હેતુસર કરવામાં આવેલ. |
| **(૨)** | જો હા, તો તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ તે પૈકી કેટલી રકમ પરત કરી અને કેટલી રકમ પરત કરવાની બાકી છે, | **(૨)** | રૂ. ૭૧.૧૫ કરોડની રકમ સરકાર દ્વારા બોર્ડને પરત કરવામાં આવી અને અન્ય કોઇ રકમ પરત કરવાની બાકી નથી. |
| **(૩)** | ઉકત બાકી રકમ પરત ન કરવાના કારણો શાં છે, અને | **(૩)** | લાગુ પડતું નથી. |
| (૪) | ઉકત બાકી રકમ ક્યાં સુધીમાં પરત કરવામાં આવશે? | (૪) | લાગુ પડતું નથી. |

**અરવલ્લી જિલ્લામાં અનુસુચિત જનજાતિના મહિલા લાભાર્થીઓને બકરાં એકમ યોજના હેઠળ લાભ**

**15/3/53 શ્રી પી.સી.બરંડા (ભિલોડા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| **(૧)** | તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અનુસુચિત જનજાતિના મહિલા લાભાર્થીઓને બકરાં એકમ (૧૦+૧) યોજના હેઠળ અરવલ્લી જિલ્લામાં કેટલા મહિલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો, અને | **(૧)** | ૧૪૪ |

**(૨)** તે અંતર્ગત કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ? **(૨)** રૂ.૬૪,૮૦,૦૦૦/-

**રાજ્યના માછીમારોને ડીઝલ ક્વોટા અને ડીઝલ સબસીડી સહાય**

**15/3/447શ્રી વિમલભાઇ ચુડાસમા (સોમનાથ): માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-**

**પ્રશ્ન** / **જવાબ**

**(૧)** તા. ૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં માછીમારોને ડીઝલ ક્વોટા અને અન્ય સરકારી સહાયમાં ડ્રો પધ્ધતિના કારણે પુરતો લાભ ન મળતો હોવાની કેટલી ફરીયાદો સરકારને મળી,

**(૧)**

| વિગત | મળેલ ફરિયાદ |
|---|---|
| ડીઝલ ક્વોટા | શૂન્ય |
| અન્ય સરકારી સહાય | ૯ |

**(૨)** ઉક્ત મળેલ ફરીયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી, અને

**(૨)** અન્ય સરકારી સહાયમાં ડ્રો પધ્ધતિની સમીક્ષાની બાબત વિચારણા હેઠળ છે.

**(૩)** ડ્રો પધ્ધતિના બદલે તમામ માછીમારોને ડીઝલ સબસીડી અને અન્ય સરકારી સહાય ક્યાં સુધીમાં પુરી પાડવામાં આવશે ?

**(૩)** ડીઝલ સબસીડીની સહાયને લાગુ પડતું નથી જ્યારે અન્ય સરકારી સહાયમાં ડ્રો પધ્ધતિમાં બાકી રહેલ લાભાર્થી પુન: અરજી કરી શકે છે અને લાભાર્થી યોગ્ય ઠરતા સહાયની ચૂકવણી કરવામાં આવે છે.

**વલસાડ જિલ્લાના ઔદ્યોગિક એકમો સામે મળેલ ફરિયાદો**

**15/3/168 : શ્રી અરવિંદ પટેલ (ધરમપુર) : માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-**

**પ્રશ્ન** / **જવાબ**

**(૧)** તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન વલસાડ જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમો સામે કર્મચારી/વર્કરોના શોષણ અને અન્યાય બાબતે કેટલી ફરિયાદો મળી, અને

**(૧)** ૧૬૬

**(૨)** તે ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી?

**(૨)**
- ૪૨ ફરિયાદો પૈકી ૪૨ ઔદ્યોગિક એકમોમાં ૯૨ શ્રમયોગીઓને કુલ રૂ.૧૨,૧૩,૦૩૬/-નું ચૂકવણું કરાવવામાં આવેલ છે.
- ૪૨ ફરિયાદો પૈકી ૪૨ ઔદ્યોગિક એકમો વિરૂધ્ધ ૭૬ કેસો દાખલ કરવામાં આવેલ છે.
- ૧૫ ફરિયાદોમાં ઔદ્યોગિક એકમો બંધ હોવાથી અરજદારશ્રીને રિકવરી અરજી દાખલ કરવા સલાહ આપવામાં આવેલ છે.
- ૨૯ ફરિયાદોમાં અરજદારશ્રીને મદદનીશ શ્રમ આયુક્તશ્રી, વલસાડ સમક્ષ નિયત નમુનામાં રજૂઆત કરવા જણાવેલ છે.
- ૨૮ ફરિયાદો શ્રમ કાયદા સિવાયની હોઇ, અરજદારશ્રીને સક્ષમ સત્તાધિકારીશ્રીનો સંપર્ક સાધવા સલાહ આપવામાં આવેલ છે.
- નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની

કચેરીને મળેલ ૧૦ ફરિયાદો અન્વયે કુલ-૦૨ કારખાના વિરૂધ્ધ કુલ-૦૬ ફોજદારી કેસ કરવામાં આવેલ છે.

**મહેસાણા જિલ્લામાં નેશનલ ફૂડ સિક્યોરીટી મિશન– ઓઈલસીડ યોજના**

**15/3/48 શ્રી મુકેશકુમાર પટેલ (મહેસાણા) : માનનીચ કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| **(૧)** | તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં મહેસાણા જીલ્લામાં નેશનલ ફૂડ સિક્યોરીટી મિશન–ઓઈલસીડ યોજના અંતર્ગત કેટલી ખેડૂત તાલીમ શિબિરો યોજવામાં આવી? | **(૧)** | ૧૭ |
| **(૨)** | સદર તાલીમોમાં કેટલા ખેડૂતોએ હાજરી આપી, અને તે પેટે કુલ કેટલો ખર્ચ થયો? | **(૨)** | સદર તાલીમોમાં ૯૦૨ ખેડૂતોએ હાજરી આપી અને તે પેટે કુલ રૂ.૨,૪૧,૧૫૨/- નો ખર્ચ થયો. |

**દાહોદ જિલ્લાના ઔદ્યોગિક એકમો સામે મળેલ ફરિયાદો**

**15/3/169 : શ્રી કનૈયાલાલ કિશોરી (દાહોદ) : માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| **(૧)** | તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન દાહોદ જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમો સામે કર્મચારી/ વર્કરોના શોષણ અને અન્યાય બાબતે કેટલી ફરિયાદો મળી, અને | **(૧)** | ૦૩ |
| **(૨)** | તે ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી? | **(૨)** | ઉકત કુલ ૦૩ ફરિયાદોમાં ૦૩ ઔદ્યોગિક એકમો સામે ૦૭ ફોજદારી કેસ કરવામાં આવેલ છે. |

**મહેસાણા જિલ્લામાં ખેડૂતોને હાઇબ્રીડ શાકભાજી પાકોના વાવેતર માટે સહાય**

**15/3/42:શ્રીજયંતીભાઈ પટેલ (માણસા): માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-**

| | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| **(૧)** | તા.૩૧/૦૩/૨૦૨૩નીસ્થિતિએ રાજ્યમાં ખેડૂતોને હાઇબ્રીડ શાકભાજી પાકોના વાવેતર માટે રાજ્ય સરકાર દ્બારા સહાય આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા,જી |
| **(૨)** | જોહા, તોઉક્ત સ્થિતિએ છેલ્લાં બે નાણાકીય વર્ષમાં મહેસાણા જિલ્લામાંકેટલી સહાય ચૂકવવામાં આવી? | (૨)રૂ. ૧,૦૦,૭૨,૨૨૮/- |

**રાજ્યમાં કમોસમી વરસાદને કારણે થયેલ ખેતીના પાકોને નુકસાન**

**15/3/498: શ્રી અમીત ચાવડા (આંકલાવ) : માનનીચ કૃષિમંત્રીશ્રી જણાવવા**

## તા. ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૨૩
## અતારાંકિત પ્રશ્નો

**કૃપા કરશે કે:-**

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| **(૧)** | તા.૩૦/૦૭/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં થયેલા કમોસમી વરસાદના કારણે કુલ કેટલી રકમના ખેતી પાકોનું નુકસાન થયુ, | **(૧)** | કમોસમી વરસાદના કારણે ખેતી પાકોના નુકસાનનું આકલન રકમ આધારિત નહી પરંતુ વિસ્તાર આધારિત કરવામાં આવે છે. |
| **(૨)** | ખેતી પાકોના ઉક્ત થયેલ નુકસાનના વળતર પેટે ખેડૂતોને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી, | **(૨)** | રૂ.૮૫.૪૯/-કરોડ. |
| **(૩)** | ઉક્ત સ્થિતિએ કેટલી રકમની સહાય ચૂકવવાની બાકી છે, અને | **(૩)** | શૂન્ય. |
| **(૪)** | ઉક્ત બાકી સહાય ક્યાં સુધીમાં ચુકવવામાં આવશે? | **(૪)** | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### અરવલ્લી, અમદાવાદ અને છોટાઉદેપુર જિલ્લામાં ઈન્ફરમરી (પશુ આશ્રયસ્થાન)

**15/3/420 શ્રી કાન્તીભાઇ ખરાડી (દાંતા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-**

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| **(૧)** | અરવલ્લી, છોટા ઉદેપુર અને અમદાવાદ જિલ્લામાં જિલ્લા કલેક્ટર દ્વારા ઈન્ફરમરી (પશુ આશ્રયસ્થાન) જાહેર કરવામાં આવેલ ન હતા તે સત્વરે જાહેર કરવામાં આવનાર હતા તો તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ ક્યારે જાહેર કરવામાં આવેલ છે, | **(૧)** | અરવલ્લી જિલ્લામાં તા. ૦૩/૧૧/૨૦૨૦ના રોજ, છોટાઉદેપુર જિલ્લામાં તા.૧૧/૧૧/૨૦૨૦ના રોજ અને અમદાવાદ જિલ્લામાં તા.૩૧/૦૭/૨૦૨૦ના રોજ ઈન્ફરમરી (પશુ આશ્રયસ્થાન) જાહેર કરવામાં આવેલ છે. |
| **(૨)** | ઉક્ત જિલ્લાઓમાં પશુ આશ્રયસ્થાનો ઉક્ત સ્થિતિએ જાહેર ન થયેલ હોય તો તેના કારણો શાં છે, અને | **(૨)** | લાગુ પડતુ નથી. |
| **(૩)** | ઉક્ત સ્થિતિએ તે અન્વયે કયા જવાબદારો સામે શાં પગલાં લીધાં ? | **(૩)** | લાગુ પડતુ નથી. |

### જિલ્લામાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના

**15/3/325શ્રીઈમરાન ખેડાવાલા (જમાલપુર-ખાડીયા) :માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,**

**પ્રશ્ન**

**(૧)** તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ અને ગાંધીનગર શહેર અને જિલ્લામાં વર્ષવાર ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અન્વયે કેટલી અરજીઓ મળી,

**જવાબ**

**(૧)**

| વર્ષ | મળેલ અરજીઓ | |
|---|---|---|
| | અમદાવાદ | ગાંધીનગર |
| તા. ૦૧/૦૮/૨૦૨૧ થી ૩૧/૦૭/૨૦૨૨ | ૩૦૬૯૭ | ૧૧૪૯૪ |
| તા. ૦૧/૦૮/૨૦૨૨ થી | ૨૦૬૯૨ | ૫૩૬૮ |

| | | |
|---|---|---|
| ૩૧/૦૭/૨૦૨૩ | | |
| કુલ | ૫૧૩૮૯ | ૧૬૮૬૨ |

**(૨)** તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર અને જિલ્લાવાર કેટલી અરજીઓ મંજૂર કરી અને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી,

**(૨)**

| વર્ષ | મંજૂર અરજીઓ | |
|---|---|---|
| | અમદાવાદ | ગાંધીનગર |
| તા. ૦૧/૦૮/૨૦૨૧ થી ૩૧/૦૭/૨૦૨૨ | ૩૦૬૦૬ | ૧૧૪૯૪ |
| તા. ૦૧/૦૮/૨૦૨૨ થી ૩૧/૦૭/૨૦૨૩ | ૨૦૬૪૯ | ૫૩૬૮ |
| કુલ | ૫૧૨૫૫ | ૧૬૮૬૨ |

લાભાર્થી દીઠ માસિક રૂ. ૧૨૫૦/- સહાય ચૂકવવામાં

**રાજ્યના ખેડૂતોની ઉપજને ટેકાના ભાવે ખરીદવા બાબત**

**15/3/464 :ગેનીબેન ઠાકોર (વાવ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-**

**પ્રશ્ન** **જવાબ**

**(૧)** તા. ૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યના ખેડૂતોને પાક/ઉપજના પોષણક્ષમ ભાવો મળે તે માટે ટેકાના ભાવે ખરીદી થાય તે માટે રાજ્ય સરકારે કેન્દ્ર સરકારને કયા પાકો કેટલા ભાવે ખરીદી કરવા માટે રજૂઆત કે દરખાસ્ત કરી,

**(૧)**

| પાક | વર્ષ૨૦૨૧-૨૨ ટેકાનો ભાવ (રૂ./ક્વિ.) | વર્ષ૨૦૨૨-૨૩ ટેકાનો ભાવ (રૂ./ક્વિ.) |
|---|---|---|
| મગફળી | ૫૫૫૦ | ૫૮૫૦ |
| મગ | ૭૨૭૫ | ૭૭૫૫ |
| અડદ | ૬૩૦૦ | ૬૬૦૦ |
| સોયાબીન | ૩૯૫૦ | ૪૩૦૦ |
| તુવેર | ૬૩૦૦ | ૬૬૦૦ |
| ચણા | ૫૨૩૦ | ૫૩૩૫ |
| રાયડો | ૫૦૫૦ | ૫૪૫૦ |

**(૨)** ઉક્ત સ્થિતિએ તે અન્વયે ભારત સરકારે કયા પાકો વર્ષવાર કેટલા ટેકાના ભાવે ખરીદી કરાવેલ, અને

**(૨)**

| પાક | વર્ષ૨૦૨૧-૨૨ ટેકાનો ભાવ (રૂ./ક્વિ.) | વર્ષ૨૦૨૨-૨૩ ટેકાનો ભાવ (રૂ./ક્વિ.) |
|---|---|---|
| મગફળી | ૫૫૫૦ | ૫૮૫૦ |
| મગ | ૭૨૭૫ | ૭૭૫૫ |
| અડદ | ૬૩૦૦ | ૬૬૦૦ |
| સોયાબીન | ૩૯૫૦ | ૪૩૦૦ |
| તુવેર | ૬૩૦૦ | ૬૬૦૦ |
| ચણા | ૫૨૩૦ | ૫૩૩૫ |
| રાયડો | ૫૦૫૦ | ૫૪૫૦ |

**(૩)** ઉક્ત સ્થિતિએ કેન્દ્ર સરકારે જે પાકો ટેકાના ભાવે ખરીદી કરાવેલ તે પાકોમાં રાજ્ય સરકારે કેટલો ભાવ વધારો જાહેર કરેલ છે?

**(૩)** શૂન્ય.

**વાઘોડીયા અને વડોદરા તાલુકામાં સરકારી પ્રાથમિક શાળાનાં જર્જરિત ઓરડાઓ**

**15/3/285 : શ્રીધર્મેન્દ્રસિંહ વાઘેલા (વાઘોડીયા):માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-**

**પ્રશ્ન** | **જવાબ**

**(૧)** તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વાઘોડીયા અને વડોદરા તાલુકામાં કેટલી સરકારી પ્રાથમિક શાળામાં જર્જરીત ઓરડાઓનેતોડવા માટે મંજૂરી આપવામાં આવી છે,

**(૧)**

| તાલુકો | શાળાની સંખ્યા |
|---|---|
| વાઘોડીયા | ૧૧ |
| વડોદરા | ૧૯ |

**(૨)** ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા ઓરડાને તોડવામાં આવ્યા છે, અને

**(૨)**

| તાલુકો | ઓરડાની સંખ્યા |
|---|---|
| વાઘોડીયા | ૨૨ |
| વડોદરા | ૩૦ |

**(૩)** ઉક્ત સ્થિતિએ તોડવામાં આવેલ ઓરડાઓમાંથી કેટલા નવા ઓરડાઓ બનાવવા માટેની મંજૂરી આપવામાં આવી છે ?

**(૩)**

| તાલુકો | ઓરડાની સંખ્યા |
|---|---|
| વાઘોડીયા | ૨૧ |
| વડોદરા | ૧૪ |

---

**રાજ્યમાં પ્રધાનમંત્રી ફસલ બિમા યોજના**

**15/3/488: શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા (પોરબંદર): માનનીય કૃષિમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-**

**પ્રશ્ન** | **જવાબ**

**(૧)** તા.૩૦/૦૬/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં ૨૦૨૦થી પ્રધાનમંત્રી ફસલ બિમા યોજના બંધ કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

**(૧)** હા.

**(૨)** જો હા, તો તેના કારણો શાં છે,

**(૨)** વર્ષ ૨૦૨૦-૨૧માં પ્રધાનમંત્રી ફસલ બિમા યોજનાનું રાજ્ય સરકારે ટેન્ડર બહાર પાડેલ હતું પરંતુ તેમાં વીમા કંપનીઓ દ્વારા ખૂબ જ ઊંચું પ્રીમિયમ દર આવેલ હોવાના કારણે.

| | | | |
|---|---|---|---|
| **(૩)** | ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષ કે તેના પહેલાંના વર્ષના કેટલા ખેડૂતોને કેટલી રકમનો પાક વિમો ચુકવવાનો બાકી છે, અને | **(૩)** | સામેલ પત્રક-૧ મુજબ. |
| **(૪)** | ઉક્ત બાકી પાક વિમાની રકમનું ચૂકવણું થાય માટે સરકારે શા પગલાં લીધાં ? | **(૪)** | વીમા કંપનીઓને ચુકવવાપાત્ર દાવાઓ ચુકવવા વખતો વખત સૂચના આપેલ છે. |

**રાજુલા અને જાફરાબાદતાલુકામાં ઔદ્યોગિક એકમોમાં સ્થાનિક લોકોને રોજગારી**

**15/3/314શ્રી હિરાભાઇસોલંકી (રાજુલા) :માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-**

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| **(૧)** | તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ અમરેલી જિલ્લાના રાજુલા અને જાફરાબાદતાલુકામાં વિવિધ ઔદ્યોગિક એકમોમાં સરકાર દ્વારા નિયત થયેલ ટકાવારી મુજબ સ્થાનિક લોકોને રોજગારી આપવામાં આવે છે કે કેમ, અને | **(૧)** | “હા, જી” |
| **(૨)** | જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા સ્થાનિક લોકોને રોજગારી આપવામાં આવેલ છે? | **(૨)** | ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષની સ્થાનિક રોજગારી નીચે મુજબ છે. |

| વર્ષ | રોજગારી | |
|---|---|---|
| | રાજુલા તાલુકો | જાફરાબાદ તાલુકો |
| ૨૦૨૨ (જૂનઅંતિત) | ૧૧૨૯ | ૪૪૩૫ |
| ૨૦૨૩ (જૂનઅંતિત) | ૧૨૦૭ | ૪૬૫૪ |

**દસમીવાયબ્રન્ટસમિટ પૂર્વે થયેલ એમ.ઓ.યુ.**

**15/3/485શ્રી શૈલેષપરમાર (દાણીલીમડા): માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,**

તા. ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | | | જવાબ |
|---|---|---|---|
| **(૧)** | તા.૩૧/૦૭/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવારદસમીવાયબ્રન્ટસમિટપુર્વે સેક્ટર વાઈઝ કેટલી રકમના કેટલા એમ.ઓ.યુ. કરવામાં આવ્યા, | **(૧)** | તા. ૧-૮-૨૦૨૧ થી તા.૩૧-૭-૨૦૨૨ના સમયગાળા માટે પત્રક-અ મુજબ |
| **(૨)** | ઉક્ત સ્થિતિએ તે પૈકી સેક્ટરવાઈઝ કેટલી રકમના કેટલા પ્રોજેક્ટનો અમલ થયો, અને | **(૨) અને** | તા.૧-૮-૨૦૨૨ થી તા. ૩૧-૭-૨૦૨૩ના સમયગાળા માટે પત્રક-બ મુજબ |
| **(૩)** | ઉક્ત સ્થિતિએ સેક્ટરવાઈઝ કેટલી રકમના કેટલા પ્રોજેક્ટની કામગીરી ચાલુ થવાની બાકી છે? | **(૩)** | |

**રાજ્યમાં ટેક્ષટાઈલ્સ અપગ્રેડેશન ફંડ**

**15/3/480:ડૉ. સી. જે. ચાવડા (વિજાપુર) : માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-**

| પ્રશ્ન | | | જવાબ |
|---|---|---|---|
| **(૧)** | તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં ટેક્ષટાઈલ્સ અપગ્રેડેશન ફંડ કેટલું છે, અને | **(૧)** | રાજ્યમાં ટેક્ષટાઈલ્સ અપગ્રેડેશન ફંડ અંતર્ગત હાલમાં રાજ્ય સરકાર દ્વારા કોઈ યોજના અમલીકૃત નથી. |
| **(૨)** | ઉક્ત ફંડમાંથી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમની સબસીડી મંજૂર કરવામાં આવી? | **(૨)** | ઉપર મુજબ |

**રાજ્યમાં જ્ઞાન સેતુ યોજના અન્વયે મળેલ અરજીઓ**

**15/3/477 શ્રી કિરીટકુમાર પટેલ (પાટણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-**

| પ્રશ્ન | | | જવાબ |
|---|---|---|---|
| **(૧)** | તા.૩૧-૭-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા છ માસમાં જ્ઞાન સેતુ યોજના હેઠળ રાજ્યમાં જિલ્લાવાર કેટલી શાળાઓની અરજીઓ આવી, | **(૧)** | ૧૬૮૮ |
| **(૨)** | ઉક્ત સ્થિતિએ તે પૈકી જિલ્લાવાર કેટલી શાળાઓને તપાસ/ખરાઈ જીલ્લા કક્ષાએથી અને કેટલી શાળાઓની તપાસ/ખરાઈ રાજ્ય કક્ષાએથી પૂર્ણ કરવામાં આવેલ, | **(૨)** | તમામ શાળાઓની ખરાઈ કરવામાં આવેલ છે. |
| **(૩)** | ઉક્ત સ્થિતિએ તે અન્વયે જિલ્લાવાર કેટલી શાળાઓમાં કેટલા બાળકોને સમાવવાનું આયોજન હતું, અને | **(૩)** | અત્રેના તા.૩૧/૦૧/૨૦૨૩ના ઠરાવમાં સમગ્ર રાજ્યમાં ૪૦૦ શાળાઓમાં દરેક શાળામાં અંદાજિત ૫૦૦ બાળકોને સમાવવાનું આયોજન હતું. |

| | | | |
|---|---|---|---|
| **(૪)** | ઉક્ત યોજના અન્વયે શાળામાં બાળકોને પ્રવેશ માટે પરીક્ષા યોજવાની ક્યારે જાહેરાત કરવામાં આવેલ, અને | **(૪)** | રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા તા.૨૩/૦૩/૨૦૨૩ થી ૦૫/૦૪/૨૦૨૩ સુધી ઓનલાઈન ફોર્મ ભરાવા તા. ૨૧/૦૩/૨૦૨૩ના રોજ વર્તમાનપત્રોમાં જાહેરાત આપવામાં આવેલ છે. |
| **(૫)** | તે અન્વયે પરીક્ષા ક્યારે યોજાનાર છે? | **(૫)** | તા.૨૭/૦૪/૨૦૨૩ના રોજ પ્રવેશ પરીક્ષા યોજાયેલ છે. |

**નર્મદા અને ભરૂચ જિલ્લામાં પ્રાથમિક શાળાના જર્જરીત ઓરડાઓ**

**15/3/512:શ્રી ચૈતરભાઇ વસાવા (દેડીયાપાડા):માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-**

**પ્રશ્ન** | **જવાબ**

**(૧)** તા.૧૯/૦૮/૨૦૨૩ની સ્થિતિએ નર્મદા અને ભરૂચ જિલ્લાની જર્જરીત અને ઓરડા વગરની પ્રા.શાળાઓ કેટલી છે,

**(૧)**

| જિલ્લો | જર્જરિત શાળાની સંખ્યા | ઓરડા વગરની શાળાની સંખ્યા |
|---|---|---|
| નર્મદા | ૧૨૭ | ૫૭ |
| ભરૂચ | ૮૨ | ૧૮ |

**(૨)** ઉક્ત સ્થિતિએ વૈકલ્પીક વ્યવસ્થાઓ શું કરવામાં આવેલ છે, અને

**(૨)** નજીકની પ્રાથમિક શાળા, હાઇસ્કૂલ, ગામના કોમ્યુનીટી હોલમાં કે પંચાયતના બિલ્ડિંગમાં વૈકલ્પીકવ્યવસ્થા કરવામાં આવેલ છે.

**(૩)** ઉક્ત સ્થિતિએ ઉક્ત શાળાઓમાં ઓરડાઓ ન બનવાના કારણો શા છે?

**(૩)** બજેટની ઉપલબ્ધી મુજબ તબક્કાવાર ક્રમાનુસાર ફાળવણી કરવામાં આવતી હોવાથી.

---

**ગુજરાત પાઠ્ય પુસ્તક મંડળેએ જન્સીઓ પાસેથી ખરીદેલ કાગળોનો જથ્થો**

**15/3/467 :શ્રીકાન્તીભાઈખરાડી (દાંતા): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| **(૧)** | તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગુજરાત પાઠ્યપુસ્તક મંડળ દ્વારા કઈ એજન્સીઓ પાસેથી કયા પ્રકારના કાગળોનો કેટલો જથ્થો ખરીદવામાં આવ્યો, | **(૧)** | પત્રક-અ મુજબ |
| **(૨)** | ઉકત ખરીદીમાં ગેરરીતિ થઈ હોવા અંગેની કેટલી ફરીયાદો રાજ્ય સરકારને મળી, અને | **(૨)** | ૫(પાંચ) |
| **(૩)** | ઉકત મળેલ ફરીયાદો અન્વયે શા પગલાં લીધાં? | **(૩)** | ઉકતફરીયાદોરજુઆતહેઠળછે. |

**પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન**

**ટેબ્લેટથી રેકોર્ડીંગ કરવા અંગે**

શ્રી શૈલેષ મ. પરમાર **(**સુરત -પશ્ચિમ**)** : માનનીય અધ્યક્ષશ્રી, પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન આધારે આપનું માર્ગદર્શન જોઇએ છે. આપશ્રી દ્વારા ગુજરાત વિધાનસભાને ઇ-પેપરલેસ કરીને તમામ ધારાસભ્યશ્રીઓને આપશ્રીએ ટેબ્લેટ આપેલા છે. આપશ્રીએ જયારે ટેબ્લેટ આપ્યા છે, ત્યારે ટેકનોલોજીને આધીન આ ટેબ્લેટની અંદર ફોટોગ્રાફી, રેકોર્ડીંગ તેમજ અન્ય સુવિધાઓ ઉપલબ્ધ છે. ગઇકાલે આ ટેબ્લેટના માધ્યમથી માનનીય અર્જુનભાઇ જયારે બોલી રહ્યા હતા, ત્યારે ટેબલ ઉપર મૂકેલા ટેબ્લેટમાં ટેસ્ટિંગના આધારે હું પોતે રેકોર્ડીંગ કરી રહ્યો હતો ત્યારે ભારતીય જનતા પાર્ટીના એક સભ્યશ્રી દ્વારા એનો વાંધો ઉઠાવ્યો અને માનનીય સ્પીકર તરીકે માનનીય ઉપાધ્યક્ષશ્રી જેઠાભાઇ ભરવાડ સાહેબ બેઠા હતા એમણે રેકોર્ડીંગ ન કરવાનો મને આદેશ આપ્યો અને મેં રેકોર્ડીંગ બંધ કરી દીધું. એમના આદેશનું મેં પાલન કરેલ છે. જયારે ઓલરેડી આ ટેબ્લેટની અંદર ફોટોગ્રાફી અને રેકોર્ડીંગની સુવિધા છે તો આપનું માર્ગદર્શન મને એ જોઇએ છે અને હું પોતે માનું છું કે ગુજરાત વિધાનસભાના નિયમોની કમિટી છે એટલે ટેબ્લેટ જયારે આવ્યું છે ત્યારે એ નિયમોની એક મિટિંગ મળે અને ટેબ્લેટ માટેના

નિયમો પણ બને, જેથી કરીને ભવિષ્યની અંદર કોઇપણ સભ્યશ્રી આ ટેબ્લેટનો કઇ રીતે ઉપયોગ કરી શકે અને એનો દુરૂપયોગ પણ ના કરી શકે એનું માર્ગદર્શન આપના માધ્યમથી થાય એવી હું આપની પાસે અપેક્ષા રાખું છું, જેથી કરીને ભવિષ્યમાં આ પ્રોબ્લેમ ના થાય અને બીજું લોકસભા અને રાજયસભાની અંદર જે પણ સ્પીચ હોય, જે પણ સભ્યશ્રી સ્પીચ આપતા હોય છે, એનો ડેટા એ લોકોને આપવામાં આવતો હોય છે એવી સુવિધા પણ જો ભવિષ્યમાં આપ આપો એમાં આપનું માર્ગદર્શન જોઇએ છે એવું હું સૂચન કરું છું.

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ, ગઇ કાલે મારા ધ્યાનમાં પણ આવ્યું કે કાલે ચેર ઉપર માનનીય ઉપાધ્યક્ષશ્રી હતા અને એમણે જજમેન્ટ પણ આપ્યું એ યોગ્ય હતું અને સાચું હતું અને માનનીય સભ્યશ્રી અમીતભાઇ ઠાકર જેમણે આ વિધાનસભાનું ધ્યાન દોર્યું એ પણ એમણે નિયમ અંતર્ગત ધ્યાન દોર્યું છે એટલે આપ સિનિયર સભ્ય છો, આપના ધ્યાનમાં હશે જ કે આ વિધાનસભા ગૃહની અંદર અધ્યક્ષશ્રીની પરવાનગી સિવાય કોઇપણ પ્રકારનો ફોટો પાડી શકાતો નથી અને રેકોર્ડીંગની તો વાત બાજુમાં રહી, એનો ઉપયોગ નથી કરી શકાતો. અહીંયાથી પરમિશન આપે તો જ આપણે એનો ઉપયોગ કરી શકીએ છીએ. આ અગાઉ મોબાઇલ પણ આપવામાં આવ્યો હતો અને મોબાઇલ આપવામાં આવ્યો ત્યારે પણ આ જ વાત હતી કે મોબાઇલની અંદર પણ કેમેરા હતા અને કેમેરાની અંદર ફોટો પાડવાની સુવિધા પણ છે. રેકોર્ડીંગ કરવાની પણ સુવિધા છે પરંતુ એ અહીંયા કરી શકાય નહીં. ટેબ્લેટ આપ્યું છે તો પણ આપણે એનો ઉપયોગ અહીંયા રેકોર્ડીંગ માટે નહીં કરી શકીએ. માત્ર ધારાસભ્યશ્રીઓ જ નહીં, પરંતુ અહીંયા આવેલા પ્રેક્ષક દીર્ઘામાં જે લોકો બેઠા હોય એ લોકો, પત્રકાર મિત્રો હોય કે બાકી અધિકારીશ્રીઓ હોય, વિધાનસભા ગૃહમાં બધાને માટે આ સૂચના છે. આ અગાઉનું એક જજમેન્ટ પણ મારે ટાંકવું છે. ગુજરાત વિધાનસભાની ચર્ચાઓનું પુસ્તક નં. ૨૩(અ) શ્રેણી-૧, ૧૯૬૯ ત્યારે વિધાનસભાના માનનીય અધ્યક્ષશ્રી તરીકે શ્રી રાઘવજીભાઇ લેઉવા હતા અને એ વખતે મુખ્યમંત્રી તરીકે શ્રી હિતેન્દ્રભાઇ દેસાઇ હતા અને પંચવર્ષીય યોજનાની શરૂઆત જયારે કરવાની થઇ અને એ વખતે કોઇએ એમનો ફોટો લીધો, બહુ મોટી ઘટના હતી. મુખ્યમંત્રીશ્રીનો જયારે ફોટો લેવામાં આવ્યો. એનું જજમેન્ટ છે એનો આપ સૌની વચ્ચે ઉલ્લેખ કરું છું એટલે આપ સૌના ધ્યાન ઉપર આવશે. તા. ૧૮મી ઓગસ્ટ, ૧૯૬૯ના રોજ ચોથી પંચવર્ષીય યોજનાના ખરડા ઉપરની ચર્ચા દરમિયાન પ્રવચન કરી રહેલ મુખ્યમંત્રીશ્રી હિતેન્દ્રભાઇ દેસાઇની તસવીર ખેંચવામાં આવી ત્યારે સભ્યશ્રી મનોહરસિંહજી જાડેજાએ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો કે માનનીય મુખ્યમંત્રીશ્રીની તસવીર ખેંચવા માટે પરવાનગી લેવામાં આવી હતી કે કેમ? ત્યારે માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે તેઓ ગૃહમાં આવ્યા ત્યાં સુધી તે અંગેની કોઇ ફાઇલ તેમની પાસે આવી નહોતી. પરંતુ તેઓ તે બાબતમાં તપાસ કરશે.થોડા સમય પછી માનનીય અધ્યક્ષશ્રી રાઘવજીભાઇ લેઉઆએ નીચે પ્રમાણેનો નિર્ણય આપ્યો. થોડા વખત પહેલા માનનીય સભ્યશ્રી મનોહરસિંહજીએ આ સભાગૃહમાં જે મુદ્દો ઊભો કર્યો હતો એ સંબંધમાં માહિતી ખાતા તરફથી પાછળથી મને પત્ર મળ્યો છે. જે મુદ્દો ઊભો કર્યા પછી મારી પાસે આવ્યો છે. એટલે પરવાનગી આપવાનો સવાલ રહેતો નથી. મેં સૂચના આપી છે કે કોઇ ફોટો લેવામાં આવ્યો હોય તો એની નેગેટીવને ડેવલપ કરવી નહીં અને નાશ કરવો. માહિતી ખાતાના પ્રેસ પ્રતિનિધિઓ કે બીજા પ્રેસ પ્રતિનિધિઓ, પ્રેસ ગેલેરીમાં કે બીજી ગેલેરીમાં ખાસ પરવાનગી સિવાય જવા દેવા નહીં. કોઇપણ વ્યક્તિને ગેલેરીમાં કેમેરા કે એવાં સાધનો લઇને આવવા દેવા નહીં એવો આદેશ સાર્જન્ટ એટ આર્મ્સને આપ્યો છે. જેથી ભવિષ્યમાં આવી મુશ્કેલી થશે નહીં. આ એ વખતનું જજમેન્ટ હતું. ત્યારે કેમેરાઓ હતા, મોબાઇલની સુવધાઓ એ વખતે ન હતી. પરંતુ અત્યારે મોબાઇલ અને આઇપેડ સાથેની વ્યવસ્થા અહીંયા કરી છે. પરંતુ અધ્યક્ષશ્રીની પરવાનગી સિવાય આ પ્રમાણે કોઇએ પણ ફોટો પાડવો કે રેકોર્ડીંગ કરવું નહીં એવો હું મારો આ નિર્ણય આપું છું. આપ સિનિયર છો, કદાચ નવું આઇપેડ આપ્યું અને એના કારણે તમારા મનમાં એવો પ્રશ્ન ઊભો થયો હશે કદાચ પરમિશન મળશે. કદાચ આપના ધ્યાનમાં નહીં હોય પરંતુ આપણે આ જે પરંપરા છે એ પરંપરાને જાળવી રાખીશું. ફરી આવું આપનાથી પણ ન થાય અને બીજા સભ્યશ્રીઓ પણ આ બાબતે ધ્યાન રાખે.

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

**સભાગૃહમાં વાંચન કરીને પ્રવચન કરવા બાબત**

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ સત્રનો આજે ત્રીજો દિવસ છે અને અહીંયા મેં સતત એવું અવલોકન કર્યું છે કે સભ્યશ્રીઓએ મૌલિક પ્રવચન કરવું જોઇએ, વાંચી શકાય નહીં. જ્યારે માનનીય મંત્રીશ્રીઓ સામાન્ય ચર્ચામાં ભાગ લેતા હોય ત્યારે એમણે મૌલિક પ્રવચન કરવાનું હોય છે. જ્યારે જવાબ આપતા હોય કે પોતાના વિભાગની કામગીરી બાબતનો અહેવાલ આપતા હોય તો એમાં કશું કહેવાનું નથી. કોઇ વાંચીને પ્રવચન કરે તો મને વ્યક્તિગત રીતે કોઇ વાંધો નથી. પરંતુ આપણા નિયમો અને પરંપરાઓ અંગે વારંવારના જે માનનીય અધ્યક્ષશ્રીઓના નિર્ણયો છે એ પ્રોહિબિટેડ કરે છે. તમે મુદ્દાઓ જોઇ શકો પણ પ્રવચન મૌલિક જ કરવું જોઇએ. પ્રવચન મૌલિક ન કરવાથી એની જે મૌલિકતા અહીંયા સભ્ય તરીકેની ડેવલપ થવી જોઇએ. કદાચ મને પણ પહેલેથી વાંચવાનું કહેવામાં આવ્યું હોત તો હું આજે બોલી શકતો ન હોત. પહેલી વખત બોલવા વાળા સભ્ય હોય એ કદાચ થોડો વખત વાંચે તો વાંધો નહીં. પરંતુ સિનિયર સભ્યશ્રીઓ પણ અહીંયાથી કોઇએ આપેલું વાંચે અને એ વારંવાર વાંચે તો એનાથી આ સભાગૃહના અગાઉના માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણયો છે એની અવમાનના થાય છે અને આપણી જે પરંપરાઓ છે, મૌલિક પરંપરાઓ ઊભી કરવાની એમાં પણ બાધ્ય આવે છે. મારી ટ્રેઝરી બેન્ચના જે સિનિયર સભ્યો છે એમને વિનંતી છે કે આપના સભ્યશ્રીઓને મૌલિક પ્રવચન કરવાનું કહો. ભલે આપ મુદ્દાઓ

આપો એનો કોઈ વાંધો ન હોઈ શકે. આપ પણ અગાઉના નિર્ણયો જે પાન નં.૪૦૦ ઉપર છે એની અંદર બહુ સ્પષ્ટ છે કે વાંચી શકાય નહીં. આપ કહેતા હોય તો વાંચી જાઉં.

અધ્યક્ષશ્રી : હું વાત સાથે સંમત છું એટલે એમાં લાંબી ચર્ચાને અવકાશ નથી.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપ સૂચના આપો. નવા સભ્ય હશે તો ચલાવીશું અને અમે એપ્રિસીએટ કરીશું, પણ જૂના સભ્યો દરેક વખતે પ્રશ્નોત્તરી હોય કે પ્રવચન હોય વાંચી જાય અને વાંચવામાં એવું બને છે કે વિષયની બહાર જતા રહે. ગઇ કાલે આખો દિવસ એવું થયું કે વિષય કંઇક હતો અને બોલતા હતા કંઇક. એમાં પણ થોડુંક વિષયની મર્યાદામાં રહે એવી આપના મારફત તમામ સભ્યશ્રીઓને વિનંતી છે.

અધ્યક્ષશ્રી : માનનીય અર્જુનભાઇએ ધ્યાન દોર્યું છે. એ બાબતે વિધાનસભાના નિયમો છે એને આપણે વળગી રહીએ છીએ. માનનીય સભ્યશ્રીઓ અને માનનીય મંત્રીશ્રીઓને ખાસ વિનંતી કે આઇપેડની અંદર એના મુદ્દાનો ઉલ્લેખ કરવો હોય તો જોઈ શકો છો. તમે કેટલાક મુદ્દાને વાંચીને કરી શકો છો. પણ આખે આખું ભાષણ કોઇપણ વાંચવા જશો તો તમારી મૌલિકતા જળવાશે નહીં. ખાસ કરીને જ્યારે બિલ ઉપરની ચર્ચા ચાલતી હોય, જ્યારે પ્રશ્નો ચાલતા હોય કે બાકીની ચર્ચા ચાલતી હોય એ દરમિયાન મૌલિક રીતે મુદ્દાને આપણે ધ્યાન ઉપર લઇએ. મુદ્દો તમે વાંચી શકશો. મુદ્દાનું વાંચન પણ કરી શકશો, પરંતુ આખેઆખું ભાષણ એ આપણે વાંચી લઇએ અને એ જોઇને પ્રશ્ન પૂછીએ અથવા તો જવાબ આપીએ એ પ્રમાણે ન રાખીએ. મુદ્દા પૂરતી વાંચવા માટેની વ્યવસ્થા આપણે રાખીએ.

**સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

સન ૨૦૨૧-૨૨નો ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડનો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, સમીક્ષા તથા નિવેદન

**શ્રી કનુભાઇ મો. દેસાઇ (ઊર્જા મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

**સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ**

શ્રી મહેશ કસવાલા(સમિતિના પ્રમુખશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિનો પહેલો અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

**સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ**

શ્રી મહેશ કસવાલા:માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના પહેલા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**સરકારી સંકલ્પ (નિયમ - ૧૨૦)**

**ચંદ્રયાન - ૩ તથા આદિત્ય એલ - ૧ મિશનની સફળતા અંગે**

શ્રી પ્રફુલભાઇ પાનશેરીયા(સંસદીય બાબતોના રાજ્યકક્ષાના મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું આ મારો નીચે મુજબનો સંકલ્પ રજૂ કરું છું.

''દેશના યશસ્વી વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીની દીર્ઘદષ્ટિ, સતત પ્રેરણા અને નેતૃત્વના પરિણામ સ્વરૂપ અને ભારતીય અવકાશ સંશોધન કેન્દ્ર ISRO ના વૈજ્ઞાનિકોના અથાગ પ્રયાસોથી દુનિયાના ઇતિહાસમાં સૌ પ્રથમવાર ચંદ્રયાન મિશન અંતર્ગત ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર ''ચંદ્રયાન - ૩'' નું સફળ ઉતરાણ થયું છે. જે ઘટના સમગ્ર દેશ માટે રાષ્ટ્રીય ગૌરવ છે. તેમજ સૂર્ય મિશન અંતર્ગત સૂર્યની વિવિધ ગતિવિધીઓના સંશોધન અર્થે ''આદિત્ય એલ - ૧'' ને સફળતાપૂર્વક અવકાશમાં મોકલવા બદલ આ સભાગૃહ આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી તેમજ આવા સાહસપૂર્ણ ભગીરથ કાર્ય સાથે સંકળાયેલા ઇસરોના વૈજ્ઞાનિકો અને અન્ય તમામ ટેકનિકલ તજજ્ઞોને અભિનંદન પાઠવે છે.''

**સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપ ઓપનિંગ કરી શકશો. અત્યારે આપની વાત કરીને અંતમાં છેલ્લે જવાબ આપવો હોય તો પણ તમે આપી શકશો.

શ્રી પ્રફુલભાઇ પાનશેરીયા : માનનીય અધ્યક્ષ મહોદય, ભારતે આજે દુનિયાની અંદર ટેકનોલોજીની અંદર ખૂબજ હરણફાળ પ્રગતિ કરી છે ત્યારે દેશના વૈજ્ઞાનિકોએ અથાગ પ્રયત્ન કર્યો છે. એક સમય એવો પણ હતો કે અ ચંદ્રયાન બીજું

જ્યારે લોચિંગ કરવાનું હતું અને જ્યારે એ ચંદ્રયાન ચંદ્રની ધરતી પર ગયું અને એનો સંપર્ક તૂટી ગયો એ અસફળતા પ્રાપ્ત થઇ હતી ત્યારે દુનિયાની અંદર એ ઘટના અસફળ થઇ હતી. પરંતુ દેશના વડાપ્રધાન વૈજ્ઞાનિકોની પાસે જઇ એના ખભે હાથ મૂકી એને સાંત્વના આપે છે. આ અસફળતા આવનારા સમયની અંદર સફળ પુરવાર થશે અને આજે ગર્વ છે કે ભારત એવો પ્રથમ દેશ છે કે જેણે ૨૩મી તારીખે સાંજના ૬-૦૦ કલાકે ચંદ્રયાને દક્ષિણ ધ્રુવની ઉપર સેફ લેન્ડિંગ કર્યું હતું. આજે ભારતના કાશ્મીરથી કન્યાકુમારી સુધી સવાસો કરોડ ભારતવાસીઓ એનું ગર્વ લે છે, એને અભિનંદન પાઠવું છું. ગુજરાતના આ વિધાનસભાગૃહની અંદર આજે આ સંકલ્પની અંદર સભ્યશ્રીઓ એમનો પોતાનો સૂર પુરાવશે એવી હું વિનંતી કરું છું.

શ્રી પુર્ણેશ મોદી(સુરત -પશ્ચિમ): માનનીય અધ્યક્ષશ્રી, આજે ગૃહમાં માનનીય વૈધાનિક અને સંસદીય બાબતોના રાજયકક્ષાના મંત્રીશ્રી પ્રફુલભાઇ પાનશેરીયાનો જે સંકલ્પ છે એ સંકલ્પમાં હું મારો સૂર પુરાવું છું અને હું પણ આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબ અને તમામ વૈજ્ઞાનિકોને કોટીકોટી વંદન અને અભિનંદન પાઠવું છું. આજે યોગાનુયોગ નેશનલ એન્જિનિયરિંગ ડે છે. એ પણ આપણા માટે એક સુપ્રસંગ છે. આપણે ત્યાં પ્રાચીન કાળથી સંસ્કૃતની અંદર જે શ્લોક છે એ છે:-

**श्री श्वेत वाराह कल्पे, वैवस्वत् मन्वन्तरेअष्टाविंशतितमे,**
**कलियुगे कलि प्रथम चरणे जम्बुद्वीपे।**
**भारतवर्षे भारत खण्डे आर्यावन्तार्गत,**
**ब्रह्मावर्तेक देशे पुण्यप्रदेशे।।**

માનનીય અધ્યક્ષશ્રી, આ જે સમયની કાળગણના એક પ્રાચીન ભારતની અંદર સર્વશ્રેષ્ઠ આપણે આપી છે. એ ભારતે આપી છે. પૃથ્વી અને આખા બ્રહ્માંડના તમામ ગ્રહની ગતિ એ નિશ્ચિત છે. ચોક્કસ પ્રમાણમાં ભારતની જે ગતિ છે એની જો વાત કરીએ તો આ પૃથ્વી ઉપર સેકંડના ૩૬મા હજારમા ભાગથી લઇને મહાકલ્પ સુધીની આપણી જે ગણતરી છે એમાં બહુ લાંબી વાત નહીં કરું, પણ ટૂંકી વાત કરું તો સેકન્ડ, મિનિટ, કલાક, દિવસ, પખવાડીયું, મહિનો, વર્ષ અને ત્યારપછી યુગો શરૂ થાય. સતયુગ ૧૭,૨૮,૦૦૦ વર્ષ, ત્રેતાયુગ ૧૨,૯૬,૦૦૦ વર્ષ, દ્વાપરયુગ ૮,૬૪,૦૦૦ વર્ષ અને કળીયુગ ૪,૩૨૦૦૦ વર્ષ આ ચારયુગ મળીને એક મહાયુગ બને છે. આ મહાયુગનું આયુષ્ય ૪૩,૨૦૦૦૦ વર્ષનું છે. આવા ૭૬ મહાયુગ મળીને એક મન્વંતર બને છે અને આવા ૧૪ મન્વંતર મળીને એક મહાકલ્પ બને છે. આ ચોકકસ સમયનું ગણિત છે. આ ગણિતના આધારે આપણા લોકો ચંદ્રગ્રહણ, સૂર્યગ્રહણ હજારો વર્ષથી આ ગણતરી એડવાન્સમાં કહીને ભારત વર્ષની અંદર એક અનેરું સ્થાન પ્રાપ્ત કર્યું છે. જે પ્રમાણે સૂર્ય, ચંદ્ર દરેકની કાળગણના અલગ અલગ છે. જુદીજુદી કાળગણના છે. ચંદ્ર આપણી પૃથ્વીની પ્રદક્ષિણા કરે છે અને ત્યારે ૧૫ દિવસે આપણા પૃથ્વીના ચંદ્રનો એક દિવસ, પૃથ્વીના ૧૫ દિવસ એટલે દિવસના ૧૨ કલાક અને રાત ૧૨ કલાકની. આમ, એક મહિનો પૃથ્વીનો એ ચંદ્રનો એક દિવસ જેને આધારે ચંદ્ર પૃથ્વી ઉપર રોજ અલગ અલગ કળા અને આ કળાના આધારે પડવો, બીજ, ત્રીજ અને ચંદ્રની કળાના આધારે પૃથ્વી ઉપર દરિયાઇ ભરતી અને દરિયાઇ ઓટ આવતી હોય છે અને એના આધારે આખા વિશ્વમાં એક અજાયબી છે. નાળીયેરી પૂનમ આપણો પવિત્ર તહેવાર રક્ષાબંધન. આ રક્ષાબંધને સમગ્ર સંસારમાં પૃથ્વી ઉપર જે મહાસાગર છે એ મહાસાગર નદીનું એક પણ ટીપું પાણી લેતું નથી એ પ્રમાણે આપણી આ એક ચોક્કસ ખગોળ પદ્ધતિનો વિકાસ થયો છે. આ પ્રભાવ, આ ગ્રહોની ગતિની જબરજસ્ત એક ગણતરી ચંદ્ર અને પૃથ્વી વચ્ચેનું ૩,૮૪,૦૦૦ કિલોમીટરનું અંતર અંતરીક્ષના અનેક સ્તરો ચંદ્ર ઉપરની આબોહવા, ચંદ્ર ઉપરનું વાતાવરણ, ચંદ્ર ઉપરનું પાણી, ચંદ્ર ઉપરની હવા. પૃથ્વીના તાપમાનની જેમ ચંદ્ર ઉપર પણ તાપમાન છે કે કેમ? ચંદ્ર ઉપરનું તાપમાન એ સંકડો, માઇનસ તાપમાન અને પૃથ્વીના અને ચંદ્રના આ બંનેના અલગ અલગ જે પ્રમાણે સ્તર છે એ જોતા સૂર્યના કિરણો જેમ પૃથ્વી ઉપર પડે છે તે જ પ્રમાણે ચંદ્ર પર પડે છે કે કેમ? સૂર્યના કિરણો અને ચંદ્રના કિરણો પૃથ્વી ઉપર પડવો એ એક પ્રકારનો ત્રિવેણી સંગમ છે. પૂરા વિશ્વમાં હિન્દુસ્તાનના પ્રધાનમંત્રી આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે વૈજ્ઞાનિકોની પડખે ઊભા રહી તેને પ્રોત્સાહિત કરવા, પ્રેરણા આપવા અને તેમના નેતૃત્વમાં આજે આપણી ઇસરો સંસ્થા હોય, ડિફેન્સ રિસર્સ એન્ડ ઓર્ગેનાઇઝેશન સેન્ટર, સ્પેશ એપ્લીકેશન સેન્ટર, ભાભા ઓટોમેટિક રિસર્સ સેન્ટરના અનેક વૈજ્ઞાનિકોના ધૈર્ય, મહેનત, પરિશ્રમ, લગન, ધીરજ, અથાગ પ્રયાસ, ચિવટાઇ, સામર્થ્ય અને અગાઉનાં જે પરિણામ મળ્યાં હતાં તેના અનુભવના આધારે આપણું જે ચંદ્રયાન-૩ લેન્ડ થયું છે, સફળતાપૂર્વક ઉતર્યું છે અને આખી દુનિયાની નજર ભારત ઉપર હતી ત્યારે દુનિયાના ઇતિહાસમાં પહેલી વખત ચંદ્રયાન મિશન અંતર્ગત ચંદ્રના દક્ષિણ ધૃવ ઉપર ચંદ્રયાન-૩નું સોફ્ટ લેન્ડિંગ એટલે કે ઉતરાણ થયું તે બદલ આદરણીય પ્રધાનમંત્રી અને આપણા દેશની તમામ સંસ્થાઓ, વૈજ્ઞાનિકોને કોટિકોટિ વંદન અને અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રાચીન કાળથી આપણા બધા વૈજ્ઞાનિકો જેમાં આર્યભટ્ટ હોય, ચરક ઋષિ હોય, વરાહ મુનિ હોય, સુષુપ્ત ઋષિ હોય, ભાસ્કરાચાર્ય હોય, પતંજલિ હોય તેમણે દેશ અને દુનિયામાં અવકાશ ક્ષેત્રે મોટું પ્રદાન આપ્યું છે અને

ભારતનું તે રીતે પ્રદાન રહ્યું છે. ચંદ્રયાન - 3ની સફળતાના પગલે ભારતના વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક બનવાની ભાવના પ્રબળ બની છે. તેના કારણે વૈજ્ઞાનિકોના જુસ્સામાં વધારો થયો છે. આજે સમગ્ર ભારતની અંદર ભારતનો શંખનાદ અને જયઘોષ એટલે ચંદ્રયાન - 3નું સફળ લેન્ડિંગ. ચંદ્રયાન - 3નું મૂન લેન્ડર ઉતર્યું ત્યારે પવિત્ર શ્રાવણ માસ ચાલતો હતો ત્યારે આદરણીય પ્રધાનમંત્રી સાહેબે તે પોઇન્ટને શિવશક્તિ નામ આપ્યું. તે પદ ચિન્હને તિરંગા નામ આપીને આદરણીય મોદી સાહેબે પૂરા સંસારમાં અને બ્રહ્માંડમાં ભારતનું ગૌરવ વધાર્યું છે. આપણે ૨૩ ઓગસ્ટને નેશનલ સ્પેસ ડે તરીકે જાહેર કરીને ભારતને ગર્વ થાય તે પ્રકારનું કામ કરવામાં આવ્યું છે. પહેલાં ભારતની ગણતરી અવિકસિત દેશોમાં થતી હતી. આજે ભારતની ગણતરી વિશ્વના પ્રથમ પાંચ દેશોમાં થાય છે. આપણા માટે આનાથી વધારે ગર્વનો બીજો કોઇ વિષય હોઇ શકે નહીં. આવનારા દિવસોમાં જાપાન અને જર્મનીને પાછળ રાખીને આપણે આ વિશ્વની ત્રીજી ઇકોનોમી બનવા તરફ આગળ વધી રહ્યા છીએ અને તે સ્થાન પ્રાપ્ત કરીશું તેવો મને ચોક્કસ વિશ્વાસ છે. ભારત તે વસુધૈવ કુટુમ્બકમ્. આખી દુનિયા એક પરિવાર અને દુનિયાના માનવનું કલ્યાણ એ આપણું ધ્યેય છે ત્યારે આ ભારતની છબી વધુ ઉજળી બને તેવા પ્રયાસો છે. અમેરિકા અને રશિયા સામે પહેલાં ભારતનું વજન ન હતું, ભારતની સાથે સંબંધ હતા પણ અત્યારે ભારત જે કહે છે તે વાત અમેરિકા અને રશિયા માન્ય રાખે છે તે આપણા માટે આનંદની વાત છે. ભૂતકાળમાં ભારતની ઓળખ મદારી અને સપેરાના દેશ તરીકે થતી હતી. આજે વિશ્વના વિકસિત દેશોમાં આપણી ગણતરી થાય છે. ચંદ્ર પર ભારતનો ડંકો, હિન્દુસ્તાને ઇતિહાસ સર્જ્યો. પાકિસ્તાનનું મીડિયા એમ કહે છે કે, આજે પણ અમારું પાકિસ્તાન પાછળ પડી ગયું છે અને ભારત આગળ વધી રહ્યું છે ત્યારે એક એક ભારતીયની છાતી ગજગજ ફૂલે તે પ્રકારનું યોગદાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ પૂરું પાડયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, બે મિનિટ. મારે ગુજરાતની વાત કરવી છે. અમદાવાદનું ગૌરવ જોઇએ તો ચંદ્રયાનનું દિલ અમદાવાદમાં બન્યું છે. ભારત માટે આ ગૌરવની વાત છે. અમદાવાદ માટે વિશેષ ગૌરવની વાત એ છે કે, ચંદ્રયાન - 3નું દિલ અમદાવાદે બનાવ્યું હતું. એટલે કે ચંદ્રની સપાટી નજીક જવા માટે અને સ્પીડ વધી ન જાય તેના માટે પ્રોસેસર કામ કરતા હોય, ફોર્થ - એલઆઇ લેન્ડર પણ લાગેલા. આરઆઇ - રોવર કેમેરા પણ લાગેલા. અમદાવાદ ઇસરોએ આ બનાવીને ગુજરાતનું નામ રોશન કર્યું છે. સૂર્ય વિશે ઘણી ચર્ચા થઇ છે. અહીંથી ૧૫ કરોડ કિલોમિટર સૂર્યનું અંતર છે. આપણે માત્ર એક ટકો એટલે કે ૧૫ લાખ કિલોમિટર પર જઇને સૂર્યનું અવલોકન અત્યારે આપણું આદિત્ય એલ - ૧ કરી રહ્યું છે. સૂર્યની અને આપણી વચ્ચે વાતાવરણ કેવી રીતે અસર કરે છે, સૌર ઊર્જા અને વાવાઝોડાં, કોરોનલ માસ્ક ઇન્જેક્શન ઉત્પન્ન કરે છે. આપણી સંચાર અને નેવિગેશન સિસ્ટમ વિક્ષેપિત કરી શકે છે. આવા અનેક પ્રશ્નનો જવાબ ઇસરો શોધવા માટે આપણે શ્રીહરિ કોટા સ્પેસ આદિત્ય એલ - ૧ નામનું અવકાશ યાન તા.૨જી સપ્ટેમ્બરે લોંચ કર્યું. આદિત્ય એલ - ૧ એ અવકાશ યાન છે એ એલ - ૧ નામના બિંદુની આસપાસ ભ્રમણ કરશે. ૧૫ લાખ કિલોમીટરે જઇને પૃથ્વીનું અને સૂર્યનું એ અવલોકન કરશે અને સૂર્યની નજીક જઇને એ ભારતવર્ષને અનેક ઉપયોગી થવાનું છે ત્યારે મારે એક જ વાત કરીને મારી વાત પૂરી કરવી છે કે, ઇસરો અને આ સંસ્થા આપણા પ્રધાનમંત્રીશ્રી મોદી સહેબે જે પ્રમાણે ચંદ્રયાન - ૩ અને એલ - ૧ આદિત્ય યાન ભારતનું ગૌરવ વધારે છે એના માટે હું ખૂબ ખૂબ શુભ કામના પાઠવું છું અને ફરીથી માનનીય પ્રધાનમંત્રીશ્રી અને ઇસરોની ટીમને અભિનંદન પાઠવું છું.

શ્રી રમેશભાઇ વિ. ટીલાળા(રાજકોટ - દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના માનનીય મંત્રીશ્રી પ્રફૂલભાઇ પાનશેરીયા ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ - ૧૨૦ હેઠળ જે સંકલ્પ લઇને આવ્યા છે તેને હું બિરદાવું છું અને અભિનંદન આપું છું અને તેમાં હું મારો સૂર પૂરાવી મારી વાત વિધાનસભાના ગૃહ સમક્ષ રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત દેશ એ એક એવો દેશ છે કે, સમગ્ર વિશ્વને વસુધૈવ કુટુમ્બકમની ભાવનાને સમર્પિત છે. ગુજરાતે આજે દેશમાં નવી સીમાઓ સર કરી અને ઐતિહાસિક સિદ્ધિ પ્રાપ્ત કરી છે. પેપરલેસ વિધાનસભાનું નિર્માણ મહામહિમ્ રાષ્ટ્રપતિજીના કર - કમલ દ્વારા કરવામાં આવ્યું ત્યારે આ સભાગૃહના માનનીય નેતા આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ તથા સભાગૃહના અધ્યક્ષશ્રીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સમયે ગુજરાતના પનોતા પુત્ર અને દીર્ઘદ્રષ્ટા વિક્રમ સારાભાઇની સ્મૃતિને યાદ કરીએ, તેઓએ ભારતના અવકાશ ક્ષેત્રે સંશોધન માટે ઇસરોની સ્થાપના કરી હતી એ ગુજરાત માટે અત્યંત ગૌરવની વાત છે. આજે ઇસરો એ વિશ્વની ૬ સૌથી મોટી સ્પેસ એજન્સીઓમાંની એક બની ગઇ છે જેને કારણે વિશ્વમાં અવકાશ ક્ષેત્રે ગુજરાતની ગણના થાય છે. અવકાશ ક્ષેત્રમાં ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના લોકપ્રિય વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ મોદી દ્વારા સને ૨૦૦૩ અને ૨૦૦૪ના વર્ષમાં ભાસ્કરાચાર્ય ઇન્સ્ટિટ્યૂટ ફોર સ્પેસ ફોર એપ્લીકેશન એન્ડ જીયો ઇન્ફોર્મેટિક બાયસેગની સ્થાપના કરવામાં આવી હતી. આ સંસ્થા દ્વારા રાજયના અનેક વિદ્યાર્થીઓ ઘર બેઠા અવકાશ અંગેનું શિક્ષણ મેળવે છે. માનનીય અધ્યક્ષશ્રી, આમ રાજય સરકાર દ્વારા સ્થાપવામાં આવેલી આ સંસ્થાનો લાભ સમગ્ર દેશના વિદ્યાર્થીઓને મળી રહ્યો છે. એક મહત્ત્વની ભૂમિકાની વાત કરું તો ભારતે તેના ચંદ્રયાન મિશન દ્વારા ચંદ્ર સંશોધનથી માત્ર ફાયદા જ નથી મેળવ્યા પરંતુ ભારતની એક નવી ઓળખ ઊભી કરી છે. હું મારી સામે બેઠેલા મિત્રોને જણાવવા માગું છું કે, દેશની પ્રગતિ થતી હોય ત્યારે સૌએ એક સાથે તેનું સન્માન કરવું જોઇએ, નહીં કે નાની નાની બાબતમાં તેની ખામીઓ શોધીને માત્ર તેની ટીકા જ કરતા રહેવું.

માનનીય અધ્યક્ષશ્રી, એડવાન્સ ટેકનોલોજી વિશે વાત કરીએ તો ભારતની સ્પેસ ટેકનોલોજી પરિક્ષણને આગળ વધારવા માટે પ્લેટફોર્મ પૂરું પાડે છે જે ભવિષ્યના મિશન સેટેલાઇટ લોંચ અને અન્ય અવકાશ સંશોધનો માટે લાગુ કરી શકાય

છે. આંતરરાષ્ટ્રીય સહયોગની દષ્ટિએ એકાદ બે દેશને બાદ કરતા વિશ્વના દેશોએ ભારતની આ સિદ્ધિને બિરદાવી છે. સફળ ચંદ્ર મિશન રાષ્ટ્રીય ગૌરવને વેગ આપે છે અને વૈજ્ઞાનિકો, એન્જિનિયરો અને ભાવી પેઢીને અવકાશ ક્ષેત્રે બિરદાવું છું. મને આપના માધ્યમથી આ સભાગૃહને જણાવતા આનંદ થાય છે કે, ચંદ્રયાન મિશનમાં રાજકોટનો એક યુવાન વિરાટ સુરેશભાઇ ટીલાળા મુખ્ય ટીમમાં સામેલ હતો અને વાતાવરણ બગડે ત્યારે એને ઉતારવાની જવાબદારી તેના ઉપર હતી, ૨૪ કલાક સ્પેસ સેન્ટરની અંદર એ બેસતો હતો. રાજકોટની કંપની દ્વારા બનાવેલા પાર્ટ્સનો આ મશિનોની અંદર ઉપયોગ કરવામાં આવેલ હતો અને આમ આ કંપનીએ પણ ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. " જય જય ગરવી ગુજરાત, ભારત માતા કી જય"

શ્રી અનિરુદ્ધ ભા.દવે(માંડવી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પ્રફુલભાઇ પાનશેરીયા આદરણીય પ્રધાનમંત્રીશ્રીને અને વૈજ્ઞાનિકોને જે અભિનંદન આપતો પ્રસ્તાવ લઇને આવ્યા છે તેના સમર્થનમાં સૂર પુરાવવા માટે હું ઉપસ્થિત થયો છું.

**"चन्द्रमा मनसो जाताश्चक्षो सूर्यो अजायत। श्रोत्रांवायुश्च प्राणश्च मुखादग्निरजायत।"** મારા પૂર્વ વકતા શ્રી પૂર્ણેશભાઇએ અહીંયા **ब्रह्म वहीवस्थ पुरायण**ની જે કાલગણનાની વાત કરી. તે કાલગણના જે બ્રહ્મ વહીવર્થ પુરાયણની અંદર ખગોળશાસ્ત્ર પૂર્ણ બતાવેલું છે તેમાં વિરાટ પુરુષની કલ્પનાની અંદર **चन्द्रमा मनसो जाताश्चक्षो** ને અને મનને ખૂબ સીધો સરળ સંબંધ છે અને તે આપણા આદિ અનાદિકાળથી સનાતન પરંપરામાં ચાલ્યું આવે છે અને હવે આપણા વૈજ્ઞાનિકો જયારે તેને સમર્થન આપે છે ત્યારે કળયુગમાં પણ તે લોકો માનતા થયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા આદરણીય પ્રધાનમંત્રીશ્રીને પણ ખૂબ ખૂબ કોટીકોટી અભિનંદન સાથે વંદન આપવા ઘટે કારણ કે હું આપ સૌને આપના મારફત આખી વિધાનસભાના ગૃહને તા.૨૨મી જુલાઇ, ૨૦૧૯માં લઇ જવા માગું છું કે, વર્ષ ૨૦૧૯માં ૨૨મી જુલાઇએ મારા અને તમારા, આપ સહુની આંખો ટી.વી. ઉપર લાગેલી હતી અને ચંદ્રયાન કયાં પહોંચ્યું, ચંદ્રયાનનું શું થયું? કેવી રીતે અચાનક ટી.વી.નાં દશ્યમાંથી ગાયબ થયું તેના ઉપર મારા અને તમારા સૌના શ્વાસ સ્તબ્ધ થઇ ગયા હતા, રોકાઇ ગયા હતા. ક્ષણભરના વિલંબ પછી તરત જ આપણા દેશના વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ મોદીએ નેતૃત્વને જે વાત બતાવી અને ઊભા થઇને કે.સિવાન નામના તે વખતના ઇસરોના ચીફ અને વૈજ્ઞાનિકને ગળે લગાવી અને તેનો હોંસલો વધાર્યો છે અને તેની જે હિંમત વધારી તે આપણા નેતૃત્વએ વધારી તેને કારણે આવનારા દિવસોની અંદર એ વૈજ્ઞાનિકોનો હોંસલો વધ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ વખતે કંઇ પણ કહી શકયા હોત પરંતુ **लहरों से डर कर नौका पार नहीं होती, कोशिश करनेवालों कि हार नहीं होती।** એ સંકલ્પ સાથે આપણા દેશના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે વૈજ્ઞાનિકોની પીઠ થાબડી અને એ જ વૈજ્ઞાનિકોએ આ ચંદ્રયાનનું સફળ લેન્ડિંગ દક્ષિણ ધ્રુવની અંદર કરીને બતાવ્યું એની અંદર ગુજરાતનો પણ સિંહફાળો છે. આ ઓગસ્ટ મહિનો તે ક્રાંતિનો મહિનો છે. ઓગસ્ટ મહિનાની અંદર જે તે વખતે આપણો દેશ પણ આઝાદ બન્યો હતો અને હવે આત્મનિર્ભર ભારતના પ્રણેતા આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે પણ જે આત્મનિર્ભરતાની વાત કરી તે આ ઓગસ્ટ મહિનાની અંદર પણ ચંદ્રયાનનું સફળ લેન્ડિંગ કરી બતાવી અને દુનિયાભરને વાત કરી બતાવી છે કે આ વૈજ્ઞાનિક અવકાશયાન ક્ષેત્રે ભારતે દરવાજા ખોલ્યા છે. જે સનાતન કાળની અંદર જે કાલગણનાની ચર્ચા અહીંયા હતી. ભવિષ્યમાં પણ આવી અનેકવિધ બાબતો ઉપરથી જયારે પડદા ખુલશે અને લોકો સમજશે કારણ કે વચ્ચેનો જે કાળખંડ આવ્યો. આપણા ઉપર આક્રમણખોરોએ જે આક્રમણ કર્યું અને આપણું જે કંઇ જ્ઞાન હતું તે જ્ઞાનને ભૂલાવી દીધું હતું તે ફરીથી જયારે માનનીય મોદી સાહેબના નેતૃત્વમાં સનાતની પરંપરાનો ઉદય થઇ રહ્યો છે ત્યારે સાહેબ એ આવનારા દિવસોમાં ઉપયોગી થશે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે અહીંયા એ વાત પણ કરવી છે કે **नरानाम इंद्रो वैशः इति नरेन्द्र।** નરોની અંદર જે ઇન્દ્ર હોય તે યોગાનુયોગ કહો કે જે કેશ યુવાન એટલે તેનું નામ હતું કૈલાસવાસી સિવાન અને અત્યારનું નામ છે સોમનાથ. જે અત્યારે સોમનાથ નામના ઇસરોના ચીફ વૈજ્ઞાનિક હતા આ બધાનો એક સંયોગ છે. સોમનાથ એટલે ચંદ્ર, કૈલાસ પણ ચંદ્ર અને **नरेन्द्र नरानाम ईन्द्रो वैशःइति नरेन्द्र।** આ બધાનું ભેગું નામ થાય છે ત્યારે શિવ શકિત નામનો પોઇન્ટ તે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ એ શિવ શકિત નામનો પોઇન્ટ આપ્યો છે. કારણ કે મને અને તમને આખા ભારત વર્ષને ઊર્જા જે પ્રાપ્ત થશે તે ઊર્જા અહીંથી મળશે. ઘણી વખત માણસોને એમ લાગે કે આ ચંદ્રયાન મોકલ્યું, ચંદ્રયાન ગયું સામાન્ય માણસને શું ફાયદો થશે? શું આ ચંદ્રયાન ખનિજની શોધ કરવા ગયુ છે? ત્યાંથી કોઇ ખનિજ લાવવાની વાત છે. એવું નથી, પરંતુ ચંદ્રયાને સામાન્ય માનવીને વરદાનરૂપ થાય એવા અવકાશના દરવાજા ખોલ્યા છે. અવકાશયાન પર પી.એચ.ડી. કરનારાઓમાં ભારત દેશ ત્રીજા ક્રમ પર આવે છે. અનેક લોકોને રોજગારી મળશે. સામાન્યમાં સામાન્ય ખેડૂતને પર્યાવરણની જાણકારી ઉપલબ્ધ થશે અને એના આધારે ખેડૂત કામગીરી કરી શકશે. નવી અર્થવ્યવસ્થાના સંદર્ભમાં માનનીય નરેન્દ્રભાઇ સાહેબની ઉદ્યોગ નીતિ અને સફળ ઉદ્યોગકારોને પ્રેરણા આપવાની નીતિને કારણે સ્પેસ ટેકનૉલૉજીમાં ૧૪૦થી વધારે સ્ટાર્ટઅપ રજિસ્ટર્ડ થયેલ છે. જેમાં સ્કાયરૂટ, ધ્રુવ સ્પેસ વગેરે નામની કંપનીઓ કામ કરી રહી છે અને અનેક નવા-નવા

યુવાનોને તક આપી રહી છે. હમણાં જ ટીલાળા સાહેબે કહ્યું કે રાજકોટનો એક યુવાન એમાં હતો. આમ અનેક યુવાનોને રોજગારી માટે ચંદ્રયાન ઉપલબ્ધ થશે. જે વિશ્વના બજારો ખોલશે. ભારતની કંપનીઓ જેવી કે HEL, HAL, L&T, PARAS DEFENCE માટે વૈશ્વિક બજાર ખુલ્લુ થશે. આદરણીય વડાપ્રધાન શ્રી મોદી સાહેબ જ્યારે ચંદ્રયાન લેન્ડ થયું, ત્યારે જહોનિસ બર્ગથી આપણી સાથે જોડાયા હતા અને સંબોધન કરતા જણાવ્યું હતું કે આ ઐતિહાસિક ઘટના રાષ્ટ્ર માટે ચેતના બની રહેશે અને રાષ્ટ્રની ચેતનાનો શિવશક્તિના નામથી પ્રારંભ થશે. એ જ પ્રકારે આદિત્ય એલ-૧ છે. સમગ્ર બ્રહ્માંડમાં ઘણા બધા ગ્રહો આવેલા છે. સૂર્યની ગતિવિધિઓ જોવા માટે આપણે આદિત્ય એલ-૧ નામનો ગ્રહ પી.એસ.એલ.વી.- સી.૫૭ની મદદથી ૨જી સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ શ્રીહરિકોટાથી છોડવામાં આવ્યું છે. એ ૧૬ દિવસની મજલ કાપી એલ-૧ (લેગ્રેંજ-૧) નામના એક પોઇન્ટ પર પ્રસ્થાપિત થશે. આ લેગ્રેંજ-૧ નામના પોઇન્ટ પર ગુરુત્વાકર્ષણ શૂન્ય બને છે અને જ્યાં શૂન્યતા આવે છે ત્યાં સિદ્ધિ પ્રાપ્ત થતી હોય છે. '**शून्यात सिद्धि प्राप्यते।**'. જ્યાં શૂન્ય મનસ્ક થવાય છે ત્યાંથી પ્રાદુર્ભાવ થતો હોય છે. આ એલ-૧ પોઇન્ટ પરથી એ સતત સૂર્ય પર નજર રાખશે. આ સૂર્યમંડળમાં અનેક પ્રકારનાં તોફાનો હોવાના કારણે ત્યાં ઊર્જા પ્રપાત થતી હશે જેના કારણે આપણી સ્પેસ ટૅકનૉલૉજી, એવિએશન ટૅકનૉલૉજી, આપણો સંચાર વિભાગ આપણી વીજળીની ગ્રીડને ક્યાકને ક્યાંક નુકસાન થવાની સંભાવના હોય છે એ ન થાય એના માટે પણ આદિત્ય એલ-૧ ત્યાં નજર રાખશે અને આપણા વૈજ્ઞાનિકોને જાણ કરશે. ઘણા લોકો સનાતન ધર્મની ટીકા કરતા હોય છે ત્યારે મારે કહેવું પડે કે તુલસીદાસજીએ જયારે હનુમાન ચાલીસાની રચના કરી હતી ત્યારે એમાં એમણે લખ્યું છે કે ''યુગ સહસ્ત્ર જોજન પર ભાનુ''. એ વખતે શ્રીહરિકોટા નહોતું. કોઇ અવકાશયાન નહોતું પરંતુ એ ઋષિમુનિઓ વૈજ્ઞાનિક હતા. આપણી સનાતની પરંપરામાં અનેક ઋષિમુનિઓ થઇ ગયા. એમણે પોતાનું જીવન રાષ્ટ્રના નિર્માણ માટે, સમાજના નિર્માણ માટે અને પૃથ્વીની માનવતાના ભલા માટે સમર્પિત કર્યું હતું. એમણે જે શોધો કરી હતી એ આપણા સૌના ભલા માટે કરી હતી. બે દિવસ પછી આદિત્ય એલ-૧ ત્યાં પહોંચવાનું છે અને આપણને માહિતી પૂરી પાડશે. હું આ ફ્લોર પરથી માનનીય મંત્રીશ્રી જે અભિનંદન પ્રસ્તાવ લાવ્યા છે એને સમર્થન આપું છું. આપણો ભારત દેશ માનનીય મોદી સાહેબના નેતૃત્વમાં હજી પણ અનેક પ્રકારના શિખરો સર કરે એવી શુભકામના સાથે અભિનંદન. ધન્યવાદ. ભારત માતા કી જય.

શ્રી અમિત ચાવડા(આંકલાવ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નિયમ-૧૨૦ મુજબ જે સંકલ્પ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ચંદ્રયાન-૩નું ચંદ્ર પર સફળતાપૂર્વક લેન્ડિંગ, દેશનો તિરંગો ચંદ્ર પર લહેરાવવામાં આવ્યો તેનું ગૌરવ અને આનંદ આપણા સૌના સહિત ૧૪૦ કરોડ ભારતવાસીઓને છે. આ ગૃહ તરફથી આ અભિયાનને સફળતાપૂર્વક પાર પાડવા માટે જેમણે વર્ષોથી મહેનત કરીને સંશોધન કર્યું છે તેવા તમામ વૈજ્ઞાનિકો અને ટેકનિકલ સ્ટાફ સહિત ઇસરોની તમામ ટીમને આપણા સૌ વતી ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આ તબક્કે દેશના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુથી શરૂ કરી આપણા હાલના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદી સુધીની તમામ સરકારોના પ્રયત્નોને પણ બિરદાવવા જોઇએ. આર્યભટ્ટથી શરૂઆત કરી અને ચંદ્રયાન-૩ સુધીની આ સફરમાં અનેક લોકોનું યોગદાન રહ્યું છે. આ ઐતિહાસિક અવકાશની સિદ્ધિઓમાં અનેક લોકોએ પોતાનું સમગ્ર જીવન સમર્પિત કર્યું છે. જ્યારે દેશ આઝાદ થયો ત્યારે દેશમાં અનાજની તકલીફ હતી, કોઇપણ જાતનું ઈન્ફ્રાસ્ટ્રકચર ન હતું, ભૂખમરો હતો, શિક્ષણ અને જાગૃતિ ન હતી તેવા સમયે પણ દેશના પહેલા વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુની દૂરંદેશી વિચારધારા હતી કે આ દેશને વિકાસ તરફ આગળ વધારવો હોય તો વિજ્ઞાનને લોકોના રોજિંદા જીવન સાથે જોડવું પડશે અને વિજ્ઞાન જ લોકોના રોજિંદા જીવનમાં સુધાર માટેનું મુખ્ય સાધન બનશે. આ કારણસર જ દેશમાં ડિપાર્ટમેન્ટ ઓફ એટોમિક એનર્જીના માધ્યમથી વર્ષ ૧૯૬૨માં આઝાદ ભારતમાં પહેલી વખત 'ધ ઈન્ડિયન નેશનલ કમિટી ફોર સ્પેસ રીસર્ચની સ્થાપના કરવામાં આવી. આગળ જતાં વર્ષ ૧૯૬૯માં આ કમિટીના માધ્યમથી ઈન્ડિયન સ્પેસ રીસર્ચ ઓર્ગેનાઇઝેશન-ઇસરોની સ્થાપના કરવામાં આવી. આપણે બધા ગૌરવ લઇ શકીએ કે એ વખતે ઇસરોના પ્રથમ ચેરમેન આપણા ગુજરાતી ડૉ. વિક્રમ સારાભાઇ હતા કે જેમને ફાધર ઓફ ઈન્ડિયન સ્પેસ પ્રોગ્રામ કહેવામાં આવે છે. અમેરિકા જેવા વિકસિત દેશો ઓલરેડી અવકાશમાં પોતાના અવકાશયાત્રીઓ મોકલીને સિદ્ધિ પ્રાપ્ત કરી ચૂક્યા હતા તેવા સમયે આપણી સરકારે ઇસરોની સ્થાપના કરી. રીસર્ચની શરૂઆત થઇ ત્યારે તેમને જે બજેટ આપી પ્રોત્સાહન અને સ્વતંત્રતા આપવામાં આવી તે જ કારણે અલગ અલગ વખતે આપણે સ્પેસને લગતાં કાર્યક્રમો સફળતાપૂર્વક પાર પાડી શક્યા. અત્યાર સુધી ઇસરોના માધ્યમથી ૧૨૫ જેટલા સ્પેસ ક્રાફ્ટના મિશનોને અને ૯૨ જેટલા લૉંચિંગ મિશનોને સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યા. આ તમામ બાબતોનો જો સૌથી મોટો શ્રેય કોઇને જતો હોય તો તે વખતોવખતના તમામ વૈજ્ઞાનિકો, ઇસરોના વડાઓ અને તેમની સાથે કામ કરતાં ટેકનિકલ સ્ટાફને જાય છે. આજે આપણે રોજિંદા જીવનમાં જે પણ સુખ સગવડો અને આધુનિકતાનો લાભ લઇએ છીએ તેની પાછળ આ બધાનું મોટું યોગદાન છે. ખેતી, નેવિગેશન, ઈન્ફ્રાસ્ટ્રકચર, કોમ્યુનિકેશન કે ટેલીકોમ્યુનિકેશન સુધી તમામ રોજિંદી સુવિધાઓ ઇસરોના યોગદાન થકી સ્પેસ રીસર્ચના સફળતાપૂર્વક જે પ્રોજેક્ટ પાર પડ્યા તેને લઇને છે. વર્ષ ૧૯૭૫માં પહેલી વખત શ્રી આર્યભટ્ટ દ્વારા આપણા ઇન્ડિયાનો પહેલો સેટેલાઇટ સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યો હતો, ત્યારે દેશમાં જે આનંદનો માહોલ હતો એવો જ આનંદ આજે ચંદ્રયાન-૩ની સફળતા સમયે આપણને થયો હતો. અત્યાર સુધીમાં ઇસરો દ્વારા જે અલગ-અલગ પ્રોજેકટો થયા અને આપણે જે સેટેલાઇટ લોન્ચ કરતા હતા એના માટે આપણે બીજા

દેશો પર આધારિત હતા. એના બદલે ઇસરો દ્વારા જ સેટેલાઇટ લોન્ચિંગ વ્હિકલ પ્રોગ્રામની શરૂઆત કરવામાં આવી. વર્ષ ૧૯૮૩માં ઇન્ડિયન નેશનલ સેટેલાઇટ સિસ્ટમની ઇન્સેટ સિરીઝ શરૂ કરવામાં આવી અને અલગ-અલગ પ્રોજેક્ટો સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યા. ઇન્ડિયન રીમોટ સેન્સિંગ સિરીઝ શરૂ કરવામાં આવી. આઇ.આર.એસ. પ્રોગ્રામ દ્વારા આપણા એગ્રિકલ્ચર અને ડિઝાસ્ટર મેનેજમેન્ટને લઇને દેશમાં ઐતિહાસિક પરિવર્તન આવ્યું અને અનેક ડિઝાસ્ટરોને આપણે રોકી શક્યા. આના માટે આઇ.આર.એસ. સિરીઝની ઇસરોએ સફળતાપૂર્વક કામગીરી કરી. એ જ રીતે પોલર સેટેલાઇટ લોન્ચ વ્હિકલની પણ આખી સિરીઝ લોન્ચ કરવામાં આવી અને સફળતા મેળવી. જી.એસ.એલ.વી. એ પણ સફળતાપૂર્વક પ્રોજેક્ટ લોન્ચ કર્યો. વર્ષ ૨૦૦૮માં ચંદ્રયાન-૧ પ્રોજેક્ટની શરૂઆત કરવામાં આવી. ચંદ્રયાન-૧ સફળતાપૂર્વક લોન્ચ કર્યું ત્યારે ઇસરોના ચેરમેન શ્રી માધવન નાયર હતા. એમને જે-તે તત્કાલીન સરકારશ્રીએ પદ્મવિભૂષણની પદવી આપીને સન્માનિત પણ કર્યા હતા. એ જ રીતે વર્ષ ૨૦૧૩માં માર્સ મિશન મંગળયાન શરૂ કરવામાં આવ્યું. નેવિગેશન વીથ ઇન્ડિયન કોન્સન્ટેશન, એસ્ટ્રોસેટ, ચંદ્રયાન-૨ અને ૩ અને આદિત્ય-૧ સુધીની સફરમાં અનેક સરકારોનું ખૂબ મોટું યોગદાન રહેલું છે. ડૉ. હોમી ભાભા, ડૉ. વિક્રમ સારાભાઇ, ડૉ. સતિષ ધવન, પ્રો. જી.આર.રાવ, પ્રો. કસ્તુરી રંજન, પ્રો. માધવન નાયર, ડૉ. મેઘનાથ, ડૉ. શાંતિસ્વરૂપ પટનાકર અને ડૉ. અબ્દુલ કલામજી સુધીના અનેક વૈજ્ઞાનિકોએ આ સફરમાં પોતાનું ખૂબ મોટું યોગદાન આપેલ છે. આજે ચંદ્રયાન-૩ની સિદ્ધિ માટે આપણે સૌ આનંદિત છીએ અને ગૌરવ પણ લઇએ છીએ. આવનારા દિવસોમાં આદિત્ય-૧ની સફળતા માટે શુભેચ્છાઓ પાઠવીએ છીએ. પણ હજુ આ સફરને આગળ લઇ જવા માટે આપણે સૌએ એક ભારતવાસી તરીકે આ ટીમને હંમેશા પ્રોત્સાહિત કરવી પડશે અને સરકારશ્રી દ્વારા મદદ પહોંચાડવી પડશે. હું સરકારશ્રીને માનનીય મંત્રીશ્રી દ્વારા વિનંતી કરું છું કે, ભૂતકાળમાં જ્યારે શ્રી આર્યભટ્ટે સફળતા મેળવી હતી ત્યારે જે-તે વખતે રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાએ પોતાની બે રૂપિયાની નોટ પર આર્યભટ્ટનો સિમ્બોલ પ્રિન્ટ કર્યો હતો. શ્રી રાકેશ શર્માએ ભારતના પંજાબમાંથી પહેલી વખત અંતરિક્ષ પર ઉતરાણ કર્યું ત્યારે મારા જેવા અનેક લોકો કે જેઓ પ્રાથમિક શાળામાં ભણતા હતા અને ટેલિવિઝન પર જોતાં હતા ત્યારે આપણને પણ એવું થાય કે આવનારા દિવસોમાં આપણા ગુજરાતનો કોઇ બાળક કે વ્યક્તિ પણ ત્યાં પહોંચે. સાયન્સ અને ટૅકનોલોજી વિભાગ દ્વારા આવી પ્રવૃત્તિઓ માટે વધારેમાં વધારે બજેટની ફાળવણી કરવામાં આવે. આપણા બાળકોમાં રહેલી જિજ્ઞાસા, શક્તિ અને કૌશલ્યને ઓળખીને આપણા ગુજરાતમાંથી પણ સારા વૈજ્ઞાનિકો બને એવી લાગણી છે. ઇસરો થકી આ રાષ્ટ્રને યોગદાન આપવામાં આપણે પણ સહભાગી થઇએ એવી અપેક્ષા છે. માનનીય મંત્રીશ્રી જે સંકલ્પ લઇને આવ્યા છે એમાં અમે સમર્થન આપીએ છીએ અને ચંદ્રયાન-૩ની સિદ્ધિ અને આદિત્ય એલ-૧ની સફળતા માટે અમારા સૌ તરફથી શુભેચ્છાઓ પાઠવીએ છીએ.

શ્રી મહેશ કસવાલા(સાવરકુંડલા) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના સાયન્સ અને ટેકનોલોજી રાજ્ય મંત્રીશ્રી પ્રફુલભાઇ પાનશેરીયા ચંદ્રયાન-૩ની સફળતા માટેનો જે સંકલ્પ લઇને આવ્યા છે એમાં હું મારો સૂર પુરાવું છું અને એ અંગેના મારા કેટલાક વિચારો સભાગૃહ સમક્ષ રજૂ કરું છું. ભારત એટલે જ્ઞાનથી સમૃદ્ધ દેશ છે. હમણાં જ બધાએ ઉલ્લેખ કર્યો કે, વર્ષો પહેલા શ્રી આર્ય ભટ્ટ અને વરાહ મિહિર જેવા ખગોળ શાસ્ત્રીઓ થઇ ગયા. આ દેશના ગ્રંથો એ આજની મૂળભૂત શોધોનો આધારસ્તંભ છે. ગ્રેવિટીની શોધ તો વૈજ્ઞાનિકોએ થોડા સમય પહેલા કરી, થોડી મોડી કરી એવું કહીએ તો ચાલે. કારણ કે, આપણા વેદોમાં પણ ગુરુત્વાકર્ષણનું જ્ઞાન હજારો વર્ષો પૂર્વે આપવામાં આવ્યું છે.

**માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષ સ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, સૂર્ય ઉપર આધારિત ગ્રંથ 'સૂર્ય સિદ્ધાંત' માં પણ આનું એક વર્ણન છે અને જેમાં કહેવાયું છે કે, પૃથ્વી દ્વારા આકર્ષણના બળના કારણે વસ્તુઓ પૃથ્વી ઉપર પડે છે અને આ આકર્ષણના કારણે જ પૃથ્વી, ગ્રહો, નક્ષત્રો, ચંદ્ર અને સૂર્ય ભ્રમણ કક્ષામાં છે. આવો જ જ્ઞાનનો પ્રેરણાદાયી સ્ત્રોત્ર આજે ભારતને વિશ્વના નવા ફલક ઉપર લઇ ગયો છે. ભારતીય માટે ચંદ્ર અને સૂર્ય આ બંને માત્ર ગ્રહ નથી, પણ આપણી લાગણી અને સન્માનથી જોડાયેલા છે. આપણા માટે શક્તિના સ્ત્રોત છે. આપણા માટે આધારસ્તંભ છે. આપણા માટે આરાધ્ય છે. એટલે જ આપણી જે પરંપરાઓ છે એમાં ચંદ્રને મામા તરીકે તો સૂર્યને દાદા તરીકે આપણે સંબોધીએ છીએ. એમાં આપણે વિશ્વાસ રાખીએ છીએ. એનાથી આગળ વધીએ તો સમુદ્રને પણ આપણે દેવતા કહીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, થોડા દિવસ પહેલા જ ભારતે માત્ર ભારત નહીં, પણ વિશ્વના લોકોનું ધ્યાન ખેચ્યું. ચંદ્રયાન-૩ની સફળતા એ એનું કેન્દ્ર હતું. એક-એક ભારતવાસીઓની છાતી છપ્પનની થઇ ગઇ. આ વખતે આખા વિશ્વને ભારતના સામર્થ્યના દર્શન થયા. ભારતના વિરાટ સ્વરૂપના દર્શન થયા છે. ચંદ્રના દક્ષિણ ધ્રુવ ઉપર ચંદ્રયાનનું સફળ લેન્ડિંગ એટલે ભારતના ૧૪૦ કરોડ દેશવાસીઓ માટે કદી ન વિસરાય એવી અમૂલ્ય અને ગર્વની ક્ષણ હતી. કયાંક સુખ અને સફળતાના આંસુથી લોકોની આંખો ભીની થઇ ગઇ હતી તો કયાંક ઘરમાં કેકથી ઉજવણી થઇ હતી. કયાંક એક-બીજાના મોઢાઓ મીઠાં કરતાં દશ્યો આપણે જોતાં હતાં. વિશ્વભરમાં રહેલો ભારતીય આનંદથી ઝૂમી ઉઠ્યો હતો અને સોશિયલ મીડિયાના માધ્યમથી આ ખુશી વહેંચવા માટે આપણી સૌની સમક્ષ આપણી સાથે થયો હતો. જાણે દશ્ય એવું હતું કે ભારતનો જન-જન ભારત ભકિતમાં લીન થઇ ગયો.

ભાદ્રપદ ૨૪, ૧૯૪૫ શાકે

સરકારી સંકલ્પ (નિયમ - ૧૨૦)

માનનીય અધ્યક્ષશ્રી, ઇસરોના વૈજ્ઞાનિકની ટીમે ખરો કમાલ કર્યો. ટી.વી.ની સ્ક્રીન હોય, કમ્પ્યુટર હોય, લેપટોપ હોય કે મોબાઇલ હોય દરેક ડિજિટલ સ્ક્રીનની સામે મટકું માર્યા વગર ભારતના ૧૩૦ કરોડ લોકોની જનભાવના એમની સામે હતી. અનેક લોકોએ પ્રાર્થના કરી અને અનેક લોકો જેમાં શ્રદ્ધા રાખતા હતા એમાં માનતા પણ કરી. ભારતની ભકિતનું આવું સર્જન કરવામાં સૌથી મોટો ફાળો હોય તો મારે ઇસરોના કેટલાયે વૈજ્ઞાનિકો કે જેઓએ વર્ષો સુધી મહેનત કરી અને આજે ભારતમાં આવા પ્રકારનો ગર્વ લઇ શકે એવી ક્ષણ લાવ્યા હોય એવા વૈજ્ઞાનિકોને વંદન કરવા છે, એવા વૈજ્ઞાનિકોને સલામ કરવી છે. મને બે દ્રશ્યો યાદ આવે છે અને માનનીય અનિરુદ્ધભાઇએ પણ એનો ઉલ્લેખ કર્યો છે. મેં દેશના માનનીય પ્રધાનમંત્રીશ્રીને કમિટમેન્ટ સાથે જોયા છે. આ વૈજ્ઞાનિકોની વચ્ચે જયારે સંકટની ઘડી હોય ત્યારે વૈજ્ઞાનિકોના આંસુ લૂછતાં મેં જોયા છે, એમની પીઠ થબડાવતાં પણ જોયા છે અને આજે સફળતાની ક્ષણોમાં તેઓશ્રી કદાચ વિદેશની ધરતી ઉપર હોય, એક બ્રિક્સના મંચ ઉપર હોય તો ત્યાં ટેકનોલોજીના માધ્યમથી વૈજ્ઞાનિકોની પીઠ થબડાવતાં મેં આ દેશના પ્રધાનમંત્રીશ્રીને જોયા છે. માનનીય પ્રધાનમંત્રીશ્રીને આ સંકલ્પમાં એટલા માટે અભિનંદન આપી શકાય કે, આ દેશના પ્રધાનમંત્રીશ્રીએ જરૂર પડી છે ત્યારે વૈજ્ઞાનિકોની પીઠ થાબડી છે અને જરૂરી પડી છે ત્યારે આપણી આવી સંસ્થાઓને સંશાધનયુક્ત કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને એ કોરોનાનો કાળ યાદ છે. મને એ દ્રશ્યો પણ યાદ છે. દેશના ઈતિહાસમાં એક વખત મેં જોયું છે કે, જયારે રોગ આવી પડતો હતો ત્યારે ૧૫-૧૫ વર્ષ સુધી રસી આવતી ન હતી. દુનિયાના દેશો પાસે 'ભિક્ષામ દેહી' કરીને આપણે રસી માગવી પડતી હતી. મારે દેશના પ્રધાનમંત્રીશ્રીને અભિનંદન આપવા પડે કે, એમણે દેશના વૈજ્ઞાનિકોની પીઠ થાબડી આપણી જે ફેકટરીઓ રસી બનાવતી હતી એના સંશોધન કેન્દ્રની અંદર ફેકટરી, ફેકટરીએ જઇ દેશના વૈજ્ઞાનિકોને શાબાશી આપી, સંશાધનો ખૂટે તો ભારતની સરકાર બેઠી છે એવું આહ્વાન કર્યું અને પરિણામ એવું આવ્યું કે, દેશમાં આપણી ઘરેલું બે રસી બની અને રૂ. ૨૦૦ કરોડ કરતાં વધારે ડોઝ બન્યા. કયારેક આપણે વિચાર કરીએ કે દેશમાં આવું સશક્ત નેતૃત્વ ન હોત તો? તો કોરોનાની અંદર આ વિધાનસભા કદાચ આપણે ઉપર મળી હોત. આપણે ત્યાં ચર્ચા કરતા હોત કે આપણું કોણ બચ્યું છે અને કોણ નથી બચ્યું? દેશના પ્રધાનમંત્રી માટે એટલા માટે મારે કહેવું પડે કે ચાહે એ લોકોની વચ્ચે સંકટ આવ્યું હોય કે ચાહે આ દેશની સેવા કરતા વૈજ્ઞાનિકોને સંસાધનોની કોઇ કમી હોય. ચાહે દેશનો વૈજ્ઞાનિક સંકટની ઘડીમાં હોય. એની પીઠ થાબડવાનું કામ દેશના પ્રધાનમંત્રીએ કર્યું છે. એટલા માટે દેશના વૈજ્ઞાનિકોને અભિનંદન આપીએ અને સાથે દેશના પ્રધાનમંત્રીને એટલા અભિનંદન આપવા પડે.

માનનીય અધ્યક્ષશ્રી, ચંદ્રયાનની સફળતા. બહુ સાચી વાત છે કે આપણને ગર્વ થાય. એનાથી આગળ જઇને અગાઉના વક્તાઓએ વાત કરી. માનનીય અમીતભાઇએ પણ વાત કરી કે સૂર્યની અંદર સૂર્ય યાન પણ આપણે મોકલ્યું છે. આદિત્ય વનની હમણાં જ બે દિવસ પછી સફળતા માટેનો ગર્વ આપણે લઇ શકીશું તેવી ક્ષણો છે ત્યારે મારે એમ કહેવું જોઇએ કે ચંદ્રયાન-૩ની સફળતા અને આદિત્ય એલ-૧ની સફળતા બાદ આપણે ચોક્કસ એટલું કહી શકીએ કે 'ચંદા હૈ તું, મેરા સુરજ હૈ તું. ભારત કી આંખો કા તારા હૈ તું.' સાહેબ, આ ભારતની આંખો, ભારતની જનભાવનાઓના એક તારા બની ગયા છે. ચાહે સૂર્ય હોય. ચાહે ચંદ્ર હોય. માનનીય અધ્યક્ષશ્રી, સૂર્ય અને ચંદ્ર યાનથી ભારતનો વૈજ્ઞાનિક, આજે એક નવા યુગનું ભારત, એક બદલાતું ભારત દેશના પ્રધાનમંત્રીના નેતૃત્વમાં આજે આગેકૂચ કરી રહ્યું છે, ત્યારે સૂર્ય અને ચંદ્રથી આપણે અટકતા નથી. ભારતે ગગનયાનની તૈયારીઓ કરી લીધી છે. દેશના વૈજ્ઞાનિકોને જેટલી શાબાશી આપીએ એટલી ઓછી છે. માત્ર સૂર્ય અને ચંદ્ર નહીં. ગગનની અંદર ૩ પ્રકારના યાન મોકલવાની ઇસરોએ તૈયારી કરી છે. બે ગગનયાન એ માનવરહિત મોકલવાના છે અને એક ગગનયાન એ માનવયુકત મોકલવાનું છે. ગગનયાનની અંદર ૩ મિશન. એની પૂર્વ તૈયારી જરૂરી ક્રુને અવકાશની અંદર સુરક્ષિત કઇ રીતે લઇ જવા એવું માનવ રેટેડ પ્રક્ષેપણ વાહન તૈયાર કરવાની શરૂઆત થઇ ગઇ છે. અવકાશની અંદર ક્રુ મેમ્બરને પૃથ્વી જેવું વાતાવરણ પૂરું પાડવા માટે લાઇફ સપોર્ટ સિસ્ટમ, ક્રુ મેમ્બર માટે ઇમરજન્સી એસ્કેપની જોગવાઇ સહિતની અનેક નિર્ણાયક ટેકનિકોના વિકાસનો સમાવેશ તેમાં થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગગનયાન મિશન. પ્રાદેશિક જરૂરિયાતો જેમ કે ખોરાક, પાણી અને ઊર્જા સુરક્ષા પર ધ્યાન કેન્દ્રિત કરવાનું છે. ગગનયાનથી પણ આગળ વધી દેશના વૈજ્ઞાનિકો, ઇસરોએ અંતરિક્ષની ઊંચાઇની સાથે સમુદ્રનું ઉંડાણ માપવાનું પણ શરૂ કર્યું છે. ચેન્નાઇ ખાતે નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઓશન ટેકનોલોજી તેમજ ઇસરોના સંયુકત ઉપક્રમે ડીપ ઓશન મિશન, મત્સ્ય ૬૦૦૦ એ ભારતના ઉંડા સમુદ્રમાં સંશોધન માટેનું સૌ પ્રથમ મિશન છે. બાર કલાક સુધી કામ કરવાની ક્ષમતા ધરાવે છે. આ મિશન એ સમાનવ છે. જે અંતર્ગત ૩ લોકોને, ૩ વૈજ્ઞાનિકોને સબમરીન વાહનની અંદર પૃથ્વીના પેટાળની અંદર ૬ કિલોમીટર ઉંડા સમુદ્રમાં મોકલવાની યોજના છે. ડીપ ઓશન મિશન એટલે ડી.ઓ.એમ. એ માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીની બ્લ્યુ ઇકોનોમીની દૂરંદેશીતાને પ્રોત્સાહિત કરશે. એમની ખાસિયત છે કે પ્રોજેકટ સમુદ્રના ઇકો સિસ્ટમને ખલેલ પહોંચાડ્યા વિના સમુદ્રી સંસાધનો અને સંપદાઓના સ્થાયી ઉપયોગ માટે ટેકો આપશે. આ મિશન મત્સ્ય ઉછેર, જળચર ઉછેર, ઉંડી દરિયાઇ વનસ્પતિ અને પ્રાણી સૃષ્ટિના સર્વેક્ષણ અને ઉંડા સમુદ્રના જૈવ સંસાધનોના ટકાઉ ઉપયોગ તથા મહાસાગરમાંથી ઊર્જા અને તાજું પાણી મેળવવાના અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કરશે.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે આવી ગર્વિત ક્ષણોની વાત આવે ત્યારે મંગળયાનની સફળતાને પણ આપણે ન ભૂલી શકીએ. મંગળ ગ્રહ પર પંહોચનાર ભારત પહેલો એશિયાઇ દેશ છે. આવી અનેક સફળતાઓ આ દેશની અંદર થઇ રહી છે.

દેશના પ્રધાનમંત્રી, આ એક નવો દસકો છે. બદલાતું ભારત છે. વર્ષ ૨૦૦૪ પછીના ૨૦ વર્ષની અંદર બે દસકાઓની ચર્ચાઓ થશે. એમાં પૃથ્વીનું પેટાળ હોય કે પૃથ્વી હોય કે આભ હોય. આ ત્રણે - ત્રણની અંદર હું એમ માનું છું કે શ્રી નરેન્દ્રભાઇ મોદીનો દસકો હતો. એમાં એની ચર્ચા થશે કે શ્રી નરેન્દ્ર મોદીના શાસનના દસકાની અંદર પૃથ્વીના પેટાળની અંદર પણ યાન મોકલી એનું સંશોધન કરવામાં આવે છે. પૃથ્વી ઉપર ચાહે નવી ટ્રેનો હોય. બુલેટ ટ્રેનો હોય. અનેક વિકાસના આયામો કરવામાં આવે છે અને ચંદ્રયાન - ૩ જેવી સફળતાઓ આ દસકાની અંદર કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, પાછળના દસકાની અંદર આ ત્રણે - ત્રણ ક્ષેત્રોની ચર્ચા થતી હતી. પરંતુ નભની અંદર ભ્રષ્ટાચાર. ટુ - જી અને થ્રી - જી. પૃથ્વીની અંદર સી.એન.જી. અને પેટાળની અંદર કોલસાના કાળા હાથની સામે આ ત્રણેત્રણ આયામો શ્રી નરેન્દ્રભાઇ મોદીના દસકામાં એક સુવર્ણમયી ભારતના દર્શન કરાવશે. એટલા માટે આ સંકલ્પની સાથે હું છું. સંકલ્પને મારું સમર્થન પણ આપું છું અને સાથે સાથે એ પણ વાત કરવા માગું છું કે આ મહામાનવ કે જેણે વૈજ્ઞાનિકોના ખભા થાબડ્યા છે. જેણે દેશને એક નવી ઊંચાઇ ઉપર પહોંચાડ્યો છે. એવા યશસ્વી પ્રધાનમંત્રીનો જન્મદિવસ પરમદિવસે છે. ન ભૂલવું જોઇએ આ ગૃહે, કારણ કે આ ગુજરાતનું ગૃહ છે. આ ગુજરાતની વિધાનસભા છે. એવા યશસ્વી પ્રધાનમંત્રીને તેમના જન્મદિવસની ખૂબ ખૂબ શુભકામનાઓ પણ પાઠવું છું. અસ્તુ.

શ્રી ચૈતન્યભાઇ મ. દેસાઇ(અકોટા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે સંકલ્પ લઇને આવ્યા છે તેને હું મારો ટેકો આપું છું અને ચંદ્રયાન - ૩ પ્રત્યે મારા વિચારો આપની સમક્ષ રજૂ કરું છું. આજનો મારા વક્તવ્યનો વિષય ચંદ્રયાન - ૩. ચંદ્રયાન - ૩ જે એક નોંધપાત્ર ઉપક્રમ છે. જેના વિષે વાત કરવાનો આજે ગૃહમાં વિશેષ સમય મળ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, વૈજ્ઞાનિક જિજ્ઞાસા, તકનીકી કૌશલ્ય અને આંતરરાષ્ટ્રીય સહયોગની ભાવનાને મૂર્ત બનાવે છે. હું જે મિશન વિશે વાત કરું છું તે ચંદ્રયાન - ૩, જેને ચંદ્ર પરનું ભારતનું નવિનતમ મિશન પણ ગણી શકાય છે. આ મિશન માત્ર ભારતની વૈજ્ઞાનિક સિદ્ધિઓનું પ્રમાણપત્ર નથી પરંતુ ચંદ્રની સપાટીના રહસ્યોને ખોલવાનું વચન પણ ધરાવે છે. ચંદ્રની ઉત્પત્તિ વિષે આપણી સમજણમાં ફાળો આપે છે અને ભવિષ્યમાં ચંદ્રના સંશોધન માટે માર્ગ મોકળો કરે છે. હું ચંદ્રયાન કાર્યક્રમની ટૂંકી ઝાંખી આપું છું. આ જટિલ સંશોધન વર્ષ ૨૦૦૮માં ચંદ્રયાન - ૧થી શરૂ થયું હતું. ભારતનું પ્રથમ ચંદ્ર મિશન જેણે ચંદ્રની સપાટી પર પાણીના અણુઓની હાજરી સહિત નોંધપાત્ર શોધ કરી. ત્યાર બાદ ચંદ્રયાન - ૨. ચંદ્ર પર રોવર લેન્ડ કરવાની મહત્વાકાંક્ષી યોજના સાથે વર્ષ ૨૦૧૯માં અનુસર્યું. જ્યારે લેન્ડર વિક્રમને તેના ચંદ્ર પરના ઉતરાણ દરમ્યાન અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો ત્યારે ઓર્બીટરે ચંદ્રની ભ્રમણકક્ષામાંથી મૂલ્યવાન ડેટા મોકલવાનું ચાલુ રાખ્યું હતું. ચંદ્રયાન - ૨નું વિક્રમ રોવર અસફળ રહ્યું, પરંતુ માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીજીના આપવામાં આવેલ સકારાત્મક ઉદ્દેશ્યથી ફરી વૈજ્ઞાનિકો ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર વિક્રમ ઉપકરણને ઉતારવા માટે લાગી પડ્યા અને ૨૩ ઓગસ્ટ - ૨૦૨૩ના રોજ ચંદ્રયાન - ૩ના વિક્રમ રોવરને દક્ષિણ ધ્રુવ પર ઉતારીને બતાવ્યું.

માનનીય અધ્યક્ષશ્રી, ચંદ્રયાન - ૩ તેના પુરોગામી પાસેથી શીખેલા પાઠ પર આધારિત છે. જેના ઉદ્દેશ્ય પૃથ્વીના અવકાશ વિષેની આપણી સમજણને આગળ વધારવાનો અને અવકાશ સંશોધન માટે ભારતની અતૂટ પ્રતિબદ્ધતા દર્શાવવાનો છે. ચંદ્રયાનના લક્ષ્યાંક, ઉદ્દેશ્યો અને ધ્યેયો વિષે વિશે જાણીએ તો ચંદ્રયાન - ૩ અદ્યતન સાધનોથી સુસજ્જ છે. જે ચંદ્રની સપાટીના ચોક્કસ અભ્યાસ અને મેપિંગ માટે જરૂરિયાત પૂરી પાડશે. ચંદ્રયાનને ઉચ્ચ અને જટિલ સાધનોથી સુસજ્જ કરવામાં આવ્યું છે. જેમાં ઉચ્ચ રિઝોલ્યુશન કેમેરા, સ્પેક્ટ્રોમીટર અને સિસ્મોમીટરનો સમાવેશ થાય છે. આ ઉપકરણોથી વૈજ્ઞાનિકોને ચંદ્રની ભૂસ્તરશાસ્ત્ર, ખનીજ રચના અને ટોપોગ્રાફી પર અભૂતપૂર્વ વિગતમાં ડેટા એકત્રિત કરવામાં સક્ષમ બનાવે છે. ચંદ્રના ભૂસ્તરશાસ્ત્રને વધુ સારી રીતે સમજવાનો પ્રાથમિક ધ્યેયોમાંનો એક છે. ચંદ્રના ખડકો અને રેગોલીથ અર્થાત તેની સતહ નીચે પરીક્ષણ કરીને વૈજ્ઞાનિકો ચંદ્રના ઇતિહાસમાં તેની જ્વાળામુખીની પ્રવૃત્તિ પરની અસર સાથે સંભવિત ભૂસ્તરશાસ્ત્રીય પ્રક્રિયાઓ કે જે હજુ પણ ચાલુ હોઇ શકે છે તે સહિતની આંતરદૃષ્ટિ મેળવવાની આશા રાખે છે. ચંદ્રયાન - ૩ ચંદ્રના એક્ઝોસ્ફિયર અને ચુંબકીય ક્ષેત્ર સહિત ચંદ્રના પર્યાવરણની પણ તપાસ કરશે. આ પાસાઓના અભ્યાસ ભાવિ મિશનના આયોજન માટે અને ચંદ્રના પર્યાવરણની અસરને સમજવા માટે મૂલ્યવાન માહિતી પ્રદાન કરશે. ચંદ્રયાન - ૩ માત્ર ભારતીય પ્રયાસો જ નહીં, પરંતુ આંતરરાષ્ટ્રીય સહયોગ માટેનું પણ એક પ્લેટફોર્મ રજૂ કરે છે. તે વિશ્વભરના વૈજ્ઞાનિકો અને સંશોધકોને ચંદ્રના સંશોધનમાં ભાગ લેવા માટે આમંત્રિત કરે છે. અવકાશ વિશેની અમારી સમજણને આગળ વધારવા માટે સમર્પિત વૈશ્વિક સમૂદાયને પણ પ્રોત્સાહન આપે છે. ચંદ્રયાન - ૩ની તકનિકી પ્રગતિ વિશે વાત કરીએ તો આ મિશન ઉચ્ચ રિઝોલ્યુશન કેમેરાથી સજ્જ છે જે ચંદ્રની સપાટીની વિગતવાર છબીઓ કેપ્ચર કરી શકે છે. આ છબીઓ વૈજ્ઞાનિકોને ઉતરાણની જગ્યાઓ ઓળખવામાં, ચંદ્રની વિશેષતાઓનો અભ્યાસ કરવામાં અને ભવિષ્યના મિશન માટે યોજનાઓ બનાવવા માટે મદદ કરશે. ચંદ્રયાન - ૩ ઉપર સિસ્મોમીટર વહન કરે છે જે ચંદ્રકંપ અથવા ચંદ્ર ઉપર આવતા ભૂકંપ શોધવા માટે રચાયેલા સાધન છે. ચંદ્રની ધરતીકંપની પ્રવૃત્તિને સમજવાની અને એની આંતરિક રચનામાં આંતરદૃષ્ટિ મળી રહે છે. ચંદ્રયાન - ૩ના મિશનના ઉદ્દેશ્ય ચંદ્ર ઉપર સંભવિત સંશાધનોને ઓળખવાનો છે. જેમ કે કાયમી રૂપે છાયાવાળા ચંદ્રના સતહ ઉપર અને તેની નીચે પાણીનો બરફની શકયતા જે ભવિષ્યના ચંદ્ર મિશન માટે આ ખૂબ જ રસપ્રદ બની રહેશે કારણ કે આ સંશોધન સંભવિતપણે માનવ સંશોધનને ટેકો આપશે. ચંદ્રયાન - ૩ નોંધપાત્ર આંતરરાષ્ટ્રીય સ્તર ઉપર અસર કરવાની ક્ષમતા ધરાવે છે. આ મિશન

ભારતીય વૈજ્ઞાનિકો અને વિશ્વભરના તેમના સમકક્ષો વચ્ચેના સહયોગને પ્રોત્સાહિત કરે છે. આ સહયોગ જ્ઞાન અને કુશળતાના આદાન પ્રદાનને પ્રોત્સાહન આપે છે. આનાથી વૈશ્વિક વૈજ્ઞાનિક સમૂદાયને ફાયદો થાય છે. ચંદ્રયાન - ૩માં માત્ર ભારતના લોકો માટે જ નહીં પરંતુ વિશ્વભરના મહત્ત્વાકાંક્ષી વૈજ્ઞાનિકો અને અવકાશ ઉત્સાહીઓ માટે પ્રેરણારૂપ છે તે અવકાશ સંશોધનની સમય મર્યાદિત શકયતાઓ અને મહત્વાકાંક્ષી વૈજ્ઞાનિક લક્ષ્યોને અનુસરવાનું મહત્ત્વ દર્શાવે છે. ચંદ્રયાન - ૩ ચંદ્રનું અવશેષણ કરવા અને સમજવાના વ્યાપક વૈશ્વિક પ્રયત્નોમાં ફાળો આપી રહ્યું છે. જેમ જેમ આપણે આપણા આકાશી પડોશીના રહસ્યો ખોલીએ છીએ તેમ તેમ આપણે ચંદ્ર અને તેનાથી આગળના માનવ મિશન સ્વપ્નને સાકાર કરવા દરેક તબક્કે નજીક જઇ રહ્યા છીએ. નિષ્કર્ષમાં ચંદ્રયાન - ૩ એ ભારતની અવકાશ સંશોધન યાત્રામાં એક નોંધપાત્ર પ્રકરણ રજૂ કરે છે. તે જીજ્ઞાસા, નવીનતા અને આંતરરાષ્ટ્રીય સ્તરે સહકારની ભાવનાને મૂર્ત બનાવે છે. આપણે સૌ મિશનના પરિણામોની આતુરતાથી રાહ જોઇ રહ્યા છીએ, ચાલો આપણે એવા વૈજ્ઞાનિકો અને એન્જિનિયરોના સમર્પણની ઉજવણી કરીએ જેમણે આ પ્રયાસોને શકય બનાવ્યા છે. ચંદ્રયાન - ૩ માત્ર ચંદ્ર સુધી પહોંચવાનું નથી, તે તારાઓ સુધી પહોંચવા આપણી ક્ષિતીજને વિસ્તૃત કરવા અને માનવ વિજ્ઞાનની સીમાઓને આગળ વધારવાનો વિષય છે. જયારે આપણે એક સામાન્ય ધ્યેય, સમજણ અને સંશોધનને એક સાથે લાવીએ છીએ ત્યારે આપણે શું પ્રાપ્ત કરી શકીએ છીએ તેનું આ પ્રમાણપત્ર છે. આપ સૌના ધ્યાન બદલ આભાર અને ચંદ્રયાન - ૩નું મિશન એક જબરજસ્ત સફળ બની રહે જે આવનારી પેઢીઓમાં બ્રહ્માંડ અન્વેષણ કરવા માટે પ્રેરિત કરશે. ભારત દેશને ગૌરવ આપનારી આ ઘટનાઓ વૈશ્વિક ક્ષેત્રે આપણા ઇસરોના વૈજ્ઞાનિકોની મહેનત અને કાર્યકુશળતા તેમજ મિશન પાર પાડવા માટે જે વૈજ્ઞાનિકોના પડખે રહ્યા છે અને હૂંફ આપી છે એવા આપણા દીર્ઘદ્રષ્ટા સન્માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીજીને અપ્રતિમ સફળતા માટે અભિનંદન પાઠવવા માટે આ સંકલ્પ યોગ્ય સમયે આ વિધાનગૃહમાં લાવવામાં આવ્યો છે તે માટે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને માનનીય મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન સાથે આ સંકલ્પને હું મારું સમર્થન આપી મારી વાણીને વિરામ આપું છું.

ડો. હસમુખ પટેલ(અમરાઇવાડી) : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય મંત્રીશ્રી પ્રફુલભાઇ પાનશેરીયાસાહેબ જે પ્રસ્તાવ લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું અને એના વિશે બોલવા માટે મને જે તક મળી એ બદલ આપનો, સન્માનનીય મંત્રીગણનો અને સૌ સન્માનનીય સભ્યગણનો આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે નિષ્ફળતા મળતી હોય અને ચારેબાજુથી નેગેટીવ એટમોસ્ફિયર હોય અને ત્યારે જો સફળતા પ્રાપ્ત કરવાનું કોઇ સીધું સાદું અને સરળ ઉદાહરણ જોઇતું હોય તો એ ચંદ્રયાન - ૩ છે. એનું કાણ એ છે કે જ્યારે ચંદ્રયાન -૨માં છેલ્લી ત્રણ મિનિટ દરમિયાન લેન્ડ કરતી વખતે ડિસ્ટ્રોય થયું અને એના કારણે ઇસરોના વૈજ્ઞાનિકો હતોત્સાહ થયા હતા અને એ પછી કોરોના કાળની દહેશત ચાલુ હતી એ દરમિયાન માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની પ્રેરણાથી અને ઇસરોના વૈજ્ઞાનિકો અને ટેકનિશિયન ટીમ છે એમણે સાથે મળીને જે પ્રયત્ન કર્યો અને ચંદ્રયાન - ૩ને સફળતાપૂર્વક ચંદ્રની સપાટી પર લેન્ડ કરાવ્યું એ કાબિલે તારીફ અને સફળ પ્રયત્ન છે. ચંદ્રયાદ - ૩ના ૩ મોડ્યુલ હતાઃ એક પ્રોપુલ્સન મોડ્યુલ હતું, એક લેન્ડર મોડ્યુલ હતું અને એક રોવર મોડ્યુલ હતું. પ્રોપુલ્સન મોડ્યુલમાં એવું હતું કે એ મોડ્યુલ લેન્ડર અને રોવરને ચંદ્રની સપાટીથી ૧૦૦ કિલોમિટર દૂર લઇ જાય ત્યાં સુધી સ્થિર કરે. ત્યાંથી લેન્ડર મોડ્યુલ એના ચાર પાયા હતા અને ૮૦૦ ન્યુટોન બળના પાંચ એન્જિનથી સફળતાપૂર્વક અને સ્મૂધલી ચંદ્રની સપાટી પર લેન્ડ કરાવડાવે. અને રોવર જે આજે પરિભ્રમણ કરે છે. જેમ માનનીય સભ્યશ્રીએ કહ્યું એ પ્રમાણે આના શું શું લાભો છે એનું વર્ણન કર્યું. આ થઇ નિષ્ફળતામાંથી સફળતાની વાત. દરેક વખતે આવું નથી હોતું. જ્યારે સફળતા મળતી હોય, ચારેય બાજુથી પોઝિટિવ એટમોસ્ફિયર હોય ત્યારે પણ માઇન્ડને કોન્સન્ટ્રેટ કરીને વધુ સફળતા પ્રાપ્ત કરવાનું કોઇ ઉદાહરણ જોઇતું હોય તો એ આદિત્ય સૂર્યયાન છે. એનું કારણ છે કે ચંદ્રયાન - ૩ના ૯ દિવસ પછી તરત જ આપણે આદિત્ય સૂર્યયાનનું સફળ એલ.૧ કક્ષા ઉપર સ્થાન મૂકાવડાવ્યું. આગળ સભ્યએ કહ્યું એ પ્રમાણે જે લેન્ગરેજ પોઇન્ટ કહ્યો એની ડ્યૂટી એ છે કે સૂર્ય અને પૃથ્વી એની વચ્ચે એ લેન્ગરેજ પોઇન્ટ ઉપર આદિત્ય સૂર્યયાન એવી રીતના રહેશે કે સૂર્યની સાથે જ્યારે પરિભ્રમણ કરશે ત્યારે હંમેશા સૂર્ય અને પૃથ્વીની વચ્ચે જ રહેશે. જેથી એ સૂર્યના કોસ્મિક કિરણોનું સારી રીતે સ્ટડી કરી શકે અને એની માહિતી આપણને મોકલી શકે. આવું સૂર્યયાન સૌથી પહેલાં આપણે ત્યાં મોકલેલ છે. એના માટે પણ આપણે ગૌરવ લેવું જોઇએ. સૂર્યયાનથી સૌર વાતાવરણની ગતિશીલતા, કોસ્મોફિયર અને કોરોનાનો અભ્યાસ. કોરોનામાંથી જે એનર્જી છૂટી પડે છે એ પોઇન્ટ ઉપર આપણને સારી રીતે મોકલી શકશે. આ થઇ હરિકોટાથી મોકલેલા ચંદ્રયાન અને સૂર્યયાનની વાત. સાથે સાથે આપણું ગુજરાત પણ એમાં ઘણું આગળ છે. એનું કારણ છે કે અગાઉના સભ્યશ્રીએ જેમ બતાવ્યું કે ખનિજના રાસાયણિક ફાયદા, શું શું પરિક્ષણ થશે, એમાંથી શું શું લાભ થશે. પણ મારી દ્રષ્ટિએ સૌથી વધારે લાભ થયો હોય તો એ વિદ્યાર્થીઓને અને યુવાનોને થયો છે. ચંદ્રયાન - ૩ અને સૂર્યયાનના જે સફળ પરિક્ષણ થયા એનાથી એ લોકો એટલા બધા ઉત્સાહમાં આવ્યા છે કે એક નવી દિશા, નવું પ્રમાણ મળ્યું છે કે આગળ ભવિષ્યને કઇ દિશામાં લઇ જવું. અત્યારે દરેક વિદ્યાર્થી કે યુવાનના મગજમાં ઉત્સાહ હશે કે આગળ જઇને કંઇક કરું. સ્પેસ એન્જિનિયરિંગમાં કે વિજ્ઞાનમાં. આ બાબતમાં આપણું ગુજરાત રાજ્ય પાછળ નથી. ગુજરાતમાં પણ પ્રચાર-પ્રસાર દ્વારા યુવાનો અને નાગરિકોમાં વિજ્ઞાન પ્રત્યે રૂચી વધે એના માટે પાટણ, ભૂજ, રાજકોટ અને ભાવનગર ખાતે વિવિધ વૈજ્ઞાનિક થીમ આધારિત રિજિયોનલ સાયન્સ સેન્ટર સ્થાપવામાં આવેલ છે. આ સેન્ટરોની રોજના ૫ હજારથી વધારે વિદ્યાર્થીઓ અને

નાગરિકો મુલાકાત લઈ રહ્યા છે. આગામી સમયમાં જામનગર, સુરત, વડોદરા અને જૂનાગઢ એમ ચાર નવા રિજિયોનલ સાયન્સ સેન્ટરો આકાર લઈ રહ્યા છે. એની સાથે સાથે ૨૩ જિલ્લાઓમાં ડિસ્ટ્રિક્ટ સાયન્સ સેન્ટરો શરૂ થયેલા છે. એની સાથે સાથે કર્કવૃત પસાર થાય છે એમાં પણ જે સાબરકાંઠાના સલાલા ગામ પાસે ટ્રોપિક ઓફ કેન્સર સાયન્સ પાર્ક સ્થાપેલ છે. ત્યાંથી કર્કવૃતની અસરોની માહિતી મળી શકે છે. એની સાથે સાથે સ્ટેમ, સ્ટેમ એટલે સાયન્સ, ટેકનોલોજી, એન્જિનિયરિંગ એન્ડ મેથ્સ. શિક્ષણનો વ્યાપ વધે એના માટે ૨ કરોડ જેટલી સ્ટેમ સ્ટેમ ક્વિઝનો એક પ્રયત્ન કરવામાં આવેલો છે. જેના કારણે વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન પ્રત્યે રૂચી વધે. એ જ રીતે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ રોબોટીક્સ ક્ષેત્રે પણ ગુજરાતમાં રોબોટીક્સ-૩ નું આયોજન કરવામાં આવેલ છે. જેની અંદર પણ ૩ કરોડના ઇનામની રકમ રાખવામાં આવેલી છે એની સાથેસાથે આ ઇનમાની રકમ જે જીતે છે તે લોકોને ગુજરાત સાયન્સ સિટી, ઇસરો આ બધા સ્થળે ફ્રી ઓફ ફરવાની અને એનું પ્રરીક્ષણ જોવાની માહિતી પણ મળે છે. આની સાથેસાથે ઇન્ટરેસ્ટિંગ સ્ટોલ બિલ્ડિંગનું પણ આયોજન કરવામાં આવેલું છે. ગુજરાત સરકારે ૧૦ વર્ષમાં ચાર વખત ચિલ્ડ્રન સાયન્સ કોલેજનું યજમાન કરેલું છે કે જેના દ્વારા યુવાનોમાં અને વિદ્યાર્થીઓમાં સાયન્સ પ્રત્યે રૂચી વધે. સાયન્સ સેન્ટરમાં બધે નથી જતો પણ બે-ત્રણ તમને કહું, રાજકોટમાં ઇશ્વરિયાપાર્ક માધાપર ખાતે છે એનું લાકાર્પણ આપણા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના વરદ હસ્તે થયેલું છે અને ૧૦૦ કરોડની લાગત આવેલી છે. એમાં થીમ આધારીત ૬ ગેલેરી છે. રોબોટિક ગેલેરી, મશીન ગેલેરી, સીરામિક ગેલેરી, ફિઝિક્સ નોવલ ટાઇપ ગેલેરી, લાઇફ સાયન્સ ગેલેરી આ બધી ગેલેરી ઉપરથી તમે સાયન્સ વિષયનો અભ્યાસ કરી શકો અને આના હિસાબે આની સાથે ગુજરાત સરકારની વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ જેને ગુજકોસી કહે છે એ પણ સામેલ છે. એની સાથે સાથે કચ્છમાં માધાપર રોડ ભૂજિયા ડુંગર ખાતે એમાં પણ સ્પેસ સાયન્સનું છે. મરિન, નેવીગેશન ગેલેરી છે. એનર્જી સાયન્સ, નેનો ટેકનોલોજી અને બોનસાઇ ટેકનોલોજી છે. આવી જુદી જુદી જગ્યાએ દરેક રિજિયનના સેન્ટર ઉપર સ્પેસિફિક જુદા જદા આયામો સાથેની ગેલેરી રાખવામાં આવેલી છે કે જેના અનુસંધાનમાં ગુજરાતના યુવાનો અને વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન પ્રત્ય રૂચી વધે અને વૈજ્ઞાનિક બનાવા આગળ ઉપર જોમ પ્રેરાય. આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે જે વસુધૈવ-કુટુમ્બકમ્ અંતર્ગત ''વન અર્થ, વન ફેમિલી, વન ફ્યુચર''નું સૂત્ર આપ્યું છે પણ હું જે છેલ્લાં ચાર વર્ષથી ગતિ વિધી જોઇ રહ્યો છું, એમાં કોરોના કાળની અંદર જ્યારે આખી દુનિયા ફાંફાં મારતી હતી ત્યારે જે માસ્ટર માઇન્ડ મેનેજમેન્ટ કરીને ભારતને એમાંથી બહાર કાઢ્યું અને આગળ ધપાવ્યું. એની સાથેસાથે નેકસ્ટ ચંદ્રયાન-૩ની સફળતા એના પછી સૂર્યયાન અત્યારે આદિત્ય એલ-૧ છે એની સફળતા મળી. એના પછી હમણાંજ જી-૨૦ની ઝળહળતી સફળતા મળી આ જોતા મને કદાચ નવું સૂત્ર સાર્થક થતું લાગે છે કે ''વન યુનિવર્સ, વન ફેમિલી, વન ફ્યુચર'' આ સાથે હું માનનીય પ્રુફુલભાઇ પાનશેરીયા સાહેબ જે પ્રસ્તાવ લઇને આવ્યાં એને મારું અનુમોદન આપીને મારી વાતને વિરામ આપું છું.

**સંકલ્પ ઉપરની ચર્ચાનો સમય લંબાવવા અંગે**

શ્રી બાળકૃષ્ણ ખં. શુકલ (મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું દરખાસ્ત કરું છું કે, સંકલ્પ ઉપરની ચર્ચા અને મતદાન પૂરું થાય ત્યાં સુધી વિરામનો સમય લંબાવવામાં આવે તેવો પ્રસ્તાવ રજૂ કરું છું.

ડો. સી.જે. ચાવડા (કોંગ્રેસ પક્ષના દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, એ પ્રસ્તાવને અમે અનુમોદન આપીએ છીએ. અમે સંમત છીએ.

ઉપાધ્યક્ષશ્રી: સૌ સંમત છે? (થોડીવાર બાદ) સંકલ્પ ઉપરની ચર્ચાનો સમય ૧૦ મિનિટ લંબાવવામાં આવે છે.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા (બોટાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પ્રકુલભાઇ પાનશેરીયા સંકલ્પ નિયમ ૧૨૦ નીચે લઇને આવ્યાં છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું. આપણા દેશના વડાપ્રધાન અને આપણા દેશના વૈજ્ઞાનિકોને અભિનંદન આપતો પ્રસ્તાવ લઇને આવ્યાં છે તે માટે માનનીય મંત્રીશ્રીનો પણ હું આભાર વ્યક્ત કરું છું કે આવો સરસ એમને વિચાર આવ્યો. ભારત દેશમાં અનાદી કાળથી અંતરિક્ષ વિજ્ઞાનનું જ્ઞાન આપણા હિન્દુ ધર્મના શાસ્ત્રમાં જોવા મળે છે. હનુમાન ચાલીસાની વાત કરીએ તો પૃથ્વી અને સૂર્ય વચ્ચેનું કેટલું અંતર છે? એ હનુમાન ચાલીસામાં એનો ઉલ્લેખ આપણા કવિશ્રી તુલસીદાસ દ્વારા કરવામાં આવેલો છે. આપણા ઋષિમૂનિઓએ જે શાસ્ત્રો લખ્યા એમાં પણ અંતરિક્ષયાનનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સાથોસાથ જયારે વિશ્વમાં ટેલિસ્કોપની શોધ નહોતી થઇ ત્યારે આપણા ભારત દેશમાં સૂર્યગ્રહણ કયારે થશે, ચંદ્રગ્રહણ કયારે થશે આ બધું જ્ઞાન આપણા ઋષિમૂનિઓ પાસે હતું. આપણા હિન્દુ ધર્મના શાસ્ત્રોમાં અંતરીક્ષના જ્ઞાનનો ખૂબ જ ભંડાર ભરેલો છે. ભારત દેશમાં જયારે વિદેશીઓનું આક્રમણ થયું ત્યારે આ બધા જ આપણા ધર્મશાસ્ત્રોનો નાશ કરવામાં આવ્યો. હજુ પણ ઘણા બધા ધર્મશાસ્ત્રોમાં આપણા અંતરીક્ષના જ્ઞાનનો ઉલ્લેખ જોવા મળે છે. જો નવી પેઢીને આ જ્ઞાનનો ભંડાર આપવામાં આવે તો આવનારા સમયમાં ભારત ચોક્કસપણે મહાસત્તા બની શકે તેમ છે. ઇસરોની સ્થાપના થઇ ત્યારથી આજસુધીમાં આપણા વૈજ્ઞાનિકોએ દેશ માટે પોતાનું ખૂબ જ યોગદાન આપેલું છે. જેમાં ગુજરાતનું ગૌરવ કહી શકાય એવા આપણા અમદાવાદના વૈજ્ઞાનિક ઇસરોના ચેરમેન અને ઇસરોના સ્થાપક ડો. વિક્રમભાઇ સારાભાઇ કે જેઓએ આ

અંતરીક્ષ વિજ્ઞાનની શરૂઆત કરી. સાઇકલ ઉપર અંતરીક્ષના રોકેટના પાર્ટ લઇને આજે આપણા વૈજ્ઞાનિકો ચંદ્રયાન - ૩ અને આદિત્ય - ૧ સુધી આપણે પહોંચ્યા છીએ. માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મુખ્યમંત્રીશ્રીને પણ વિનંતી કરવા માગું છું કે ઇસરોના ચેરમેનશ્રીને ગુજરાત સરકાર દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવે. એમને ગુજરાત સરકાર તરફથી એક કરોડની સન્માન રાશિ આપવામાં આવે અને સાથોસાથ વૈજ્ઞાનિકોની જે ટીમ છે જેમણે આ ચંદ્રયાન - ૩ની સફળતા અને આદિત્ય એલ - ૧ની સફળતા મેળવી છે એવા વૈજ્ઞાનિકોને પણ ગુજરાત સરકાર દ્વારા પ્રોત્સાહન મળે અને સાથોસાથ આપણી રાજય સરકાર તરફથી એમને અભિનંદન પણ મળે અને દરેક વૈજ્ઞાનિકોને ૫૦ લાખ રૂપિયા આપવામાં આવે એવી વિનંતી કરું છું.

શ્રી પ્રફુલ પાનશેરીયા **(સંસદીય બાબતોના રાજ્યકક્ષાના મંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, સભાગૃહની અંદર મારા વિદ્વાન સાથી મિત્રોએ આ સંકલ્પને પ્રોત્સાહિત કરવા માટે પોતાના વિચારો રજૂ કર્યા છે. એમાં આદરણીય પૂર્ણેશભાઇ મોદીએ કાળગણના અને વૈદિક પરંપરાઓના એ વાકયો સાથે દરેક વિદ્વાન સભ્યોએ જે આજે તંદુરસ્ત ચર્ચા કરી અને જે ભારતીય સંસ્કૃતિની અંદર ઋષિમૂનિઓએ પોતાનું યોગદાન આપ્યું એ સમય અનંત બ્રહ્માંડ નરસિંહ મહેતાના કાવ્યોની અંદર આવતું હતું. આવી અનંત ગેલેક્ષીઓ છે. પૃથ્વી કરતા અનેકગણા મોટા સ્ટારો છે. આનો અંત નથી એ ટાઇપના આ બ્રહ્માંડની રચનાની એક સૂક્ષ્મ જાણકારી આપણે પ્રાપ્ત કરી ગણી શકાશે. આદરણીય રમેશભાઇ ટીલાળાએ ગુજરાતના પોતાના વિસ્તારના યુવાને આમાં ભાગ લીધો એ વાત કરી. શ્રી અનિરુદ્ધભાઇએ ખૂબ સરસ વાત કરી અને એમણે આ ચંદ્રની મગજ ઉપર અસર થતી હોય છે અને એ ૧૫ દિવસ રાત્રિની અંદર અંધારું અજવાળું એની સાથેસાથે સમુદ્રની અંદર ભરતી અને ઓટ આવતી હોય છે અને આની ચોકકસ પ્રક્રિયા એ માણસના વિચારો ઉપર પડતી હોય છે. આ એક આધ્યાત્મિક સાયન્સ સાથે રીયલ સાયન્સ પણ છે માટે ઘણા મિત્રો ચંદ્રનો નંગ પહેરે છે અને એની અસર પણ થતી હોય છે. યુગ સહસ્ત્ર યોજન જે હનુમાન ચાલીસાની અંદર કેટલું અંતર છે એ વાત કરી. ભાઇશ્રી અમીતભાઇ ચાવડાએ પણ ચંદ્રયાન અને વૈજ્ઞાનિકોને પ્રોત્સાહિત કર્યા. અમારા વિદ્વાન મિત્ર એવા શ્રી મહેશભાઇ કસવાલાએ સૂર્ય અને ચંદ્રની પૌરાણિક વાતો કરી અને કોરોનાકાળ દરમ્યાન ભારતે સંશોધન કરેલી રસી, ભારતને તો કોરોનાની રસી આપી પરંતુ દુનિયાને આ રસી આપી, એક પૈસો કમાવ્યા વગર વસુધૈવ કુટુમ્બકમની શ્રી નરેન્દ્રભાઇ મોદીની કલ્પના ત્યારે પણ સાકાર થઇ હતી. શ્રી ચૈતન્યભાઇ દેસાઇએ ચંદ્રની ઉત્પત્તિ વિશેની વાત કરી. ડૉ.હસમુખભાઇ પટેલે ચંદ્રયાન - ૨ની નિષ્ફળતામાંથી ચંદ્રયાન - ૩ની સફળતા વિશેની વાત કરી. આદરણીય શ્રી ઉમેશભાઇએ પણ ધાર્મિક શાસ્ત્ર સાથેની ખૂબ સરસ વાત કરી. આજે સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ સાથે સંકળાયેલી આપણી સંસ્કૃતિના સૌ મિત્રોએ જે વાત કરી છે તેમને હું અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે અમેરિકાની સ્થાપના થઇ ન હતી, ત્યાં વેરાન જંગલો અને પહાડી પ્રદેશ હતો ત્યારે આ ભારત દેશની અંદર શ્રી આર્યભટ્ટ અને શ્રી વરાહ મિહીરે પૃથ્વી કેમ ફરે છે, પૃથ્વીથી ચંદ્રનું અંતર અને ચંદ્રથી સૂર્યનું અંતર, સૂર્યના કિરણો ચંદ્રને પ્રકાશિત કરે છે અને તે શિતળ કિરણો આ ધરતી પર પડે છે. આ વસ્તુનો વેદોની અંદર ઓલરેડી દસ હજાર વર્ષ પૂર્વે ઉલ્લેખ થઇ ચૂક્યો હતો. ભારત દેશની અંદર તે સમયે તક્ષશિલા, નાલંદા જેવી વિદ્યાપીઠો હતી, ત્યાં આના પાઠ ભણાવતા હતા, વૈદિક મંત્રો બોલાતા હતા. સ્પિરિચ્યુઅલ સાયન્સ, એક આધ્યત્મિક વિજ્ઞાન સાથે વિકાસ થઇ રહ્યો હતો ત્યારે તે પછી ૨૫૦૦ વર્ષ પછી ગેલેલિયો અને કોપર નિક્સ નામના વૈજ્ઞાનિકે પૃથ્વી ગોળ છે તેવો સિદ્ધાંત આપ્યો અને યુરોપની અંદર તેમને ખૂબ મોટી યાતનાઓ આપવામાં આવી હતી. ત્યારે ભારતીય સંસ્કૃતિ વિજ્ઞાનને પહેલેથી સ્વીકારે છે. તેમણે કહ્યું હતું કે, પૃથ્વી ગોળ છે અને તે પછી આપણા ઋષિમુનીઓ તે અંગે સંશોધન કર્યું અને એ સ્વીકાર્યુ કે પૃથ્વી ગોળ છે. તે ગેલેલિયો અને કોપર નિક્સને ખબર પડી કે વિશ્વની માનસિકતા શું હતી અને ભારતીય સંસ્કૃતિ શું હતી તેનું આ એક તાદ્દશ ઉદાહરણ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય સંશોધન સંસ્થા ઇસરો નિર્મિત ચંદ્રયાન - ૩ને ૧૪ જુલાઇના રોજ હરિકોટાથી જયારે લોન્ચ કરવામાં આવ્યું અને ૨૩મી ઓગસ્ટના રોજ સાંજના ૬ કલાક અને ૪ મિનિટે હજુ તો સંધ્યા ખીલી હતી અને નગારાઓ અને જાલરના નાદ સંભળાઇ રહ્યા હતા ત્યારે આ એક ઐતિહાસિક ઘટના ચંદ્ર ઉપર બની હતી. ત્યારે ભારતનો એકે - એક નાગરિક, સવાસો કરોડ ભારતવાસીઓના દિલ રાષ્ટ્રપ્રેમથી તરબોળ થતા હતા. ત્યારે સૌએ વૈજ્ઞાનિકોની આ સિદ્ધિને, ભારતની આ સિદ્ધિને બિરદાવી હતી. કારણ કે અમેરિકા, રશિયા અને ચીન જેવા દેશોએ ચંદ્ર પર જવામાં સફળતા પ્રાપ્ત કરી હતી અને તે પછી ચોથા દેશ તરીકે ભારત દુનિયા સમકક્ષ આવ્યો હોય ત્યારે દરેક ભારતીયોને તેનો ગર્વ હોય. આદરણીય પ્રધાનમંત્રી તે સમયે ભારતમાં ન હતા. તેઓએ ત્યાંથી આ વૈજ્ઞાનિકો અને ભારતવાસીઓને બધાઇ આપી હતી. જે પોઇન્ટ પર ચંદ્રયાન - ૩ લેન્ડ થયું તે પોઇન્ટને શિવશક્તિ નામ આપવામાં આવ્યું. અમુક જગ્યાઓ ફિકસ હોય છે. સોમનાથ દાદાની જગ્યા ફિકસ છે. ત્યાં જે એરો કર્યો છે તે બીજે કયાંય નથી. આવી જગ્યાઓ, આવા પોઇન્ટ આવનારા સમયની અંદર અનેક સંશોધનની ભગીરથી ગંગા વહે. ચંદ્રયાન - ૩ને દક્ષિણ ધ્રુવ પર મોકલનાર દેશ આજે દુનિયા સમકક્ષ આવ્યો છે ત્યારે આ મિશનની સફળતા ખૂબ ઓછા ખર્ચે મળી છે. માત્રને માત્ર નાના ગ્રહો છોડવામાં અમેરિકા વગેરે દેશોને જે ખર્ચ થાય છે ત્યારે આ ચંદ્રયાન - ૩નો સામાન્ય ખર્ચ વૈજ્ઞાનિકોનો સમર્પણ ભાવ દર્શાવે છે. વૈજ્ઞાનિકો **योगक्षेमं वहाम्यहम्** મંત્રથી કામ કરી રહ્યા છે. મારું નહીં "**राष्ट्राय स्वाहा, इदं राष्ट्राय इदं न मम**" મંત્રથી આ દેશને સમર્પિત કરી રહ્યા છે.આ ભાવનાથી જ્યારે આ વૈજ્ઞાનિકો કામ કરે છે ત્યારે એનો ખર્ચ સૌથી ઓછામાં ઓછો થયો છે. માનનીય અધ્યક્ષશ્રી, એ પહેલા પણ આપણું આ

પ્રકારનું યાન અસફળ રહ્યું ત્યારે પણ દેશના વડાપ્રધાને એ વૈજ્ઞાનિકના ખભે હાથ મૂકીને સાંત્વના આપી કે આપણે ભલે અસફળ થયા છીએ પણ સફળતાની આ પહેલી સીડી છે અને જ્યારે એને ગળે લગાવી અને સાંત્વના આપી છે એ દુનિયાની એવી ઘટના છે કે કોઇ દેશના વડાપ્રધાન વૈજ્ઞાનિકોને સાંત્વના આપવા એમની પાસે જાય છે. આ સંશોધન વિશ્લેષણ, ખનિજ સંશોધન, રચના, સપાટીનું રસાયણ શાસ્ત્ર, વાતાવરણીય લક્ષણો, ચંદ્ર પરની સિસ્મિક એક્ટિવિટી, પ્લાઝ્મા ડેન્સિટી અને ચંદ્રની સપાટી પરના તાપમાન વિશેની માહિતીઓ જ્યારે પ્રદાન કરી રહ્યું છે ત્યારે ભારતના દરેક નાગરિકને તેનું ગર્વ છે.

માનનીય અધ્યક્ષશ્રી, જી-૨૦ સમિટની અંદર વસુધૈવ કુટુમ્બકમનો જ્યારે નારો આપ્યો હતો ત્યારે આપણા દેશના આદરણીય વડાપ્રધાન સાહેબે એક વાત મૂકી હતી કે, ચંદ્રયાન-૩ મિશન દ્વારા એકત્ર થયેલા આંકડા અને માહિતી વિશ્વભરના માનવ હિતના ઉત્થાન માટે જાહેર કરવાની અમારી તૈયારી છે. આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે આ વાત જી-૨૦ની સમિટમાં કરી છે ત્યારે એમ કહી શકાય કે, સર્વ જન હિતાય સર્વ જન સુખાય અને એ માર્ગે સંવેદના સાથે ટેકનોલોજીના યુગની અંદર સંશોધન સાથે માનવીય અભિગમ ન ભૂલીએ. બીજા દેશ પાસે આ ટેકનોલોજી ન હોય તો એમના સંશોધન ક્ષેત્રે પણ ભારત એને મદદરૂપ થશે. વસુધૈવ કુટુમ્બકમનો માત્ર નારો નથી આ એના અમલીકરણનો પાયો નાંખ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે આદિત્ય, આદિત્ય એટલે આપણા શાસ્ત્રોમાં સૂર્યનું નામ ભાસ્કર, આદિત્ય વગેરે છે. એલ-૧ જ્યારે એની ભ્રમણ કક્ષામાં પહોંચશે ત્યારે સૂર્યની રચના, એનું તાપમાન, એની અંદર ચાલતી રાસાયણિક પ્રક્રિયા અને કરોડો વર્ષથી એ જ તાપમાન, એ જ ગતિ, એ જ નિયમિતતા શું છે એ માટેના સંશોધન માટે આ આદિત્ય એલ-૧ એ ખૂબ સરસ અભિયાન છે અને આ સંશોધનની સફળતાના આરે છીએ ત્યારે દુનિયામાં ભારતનું એક નવું સોપાન ઉમેરાશે અને ભારત અંતરીક્ષ ક્ષેત્રે ખૂબ જ મહત્ત્વની કામગીરી કરી રહ્યું છે. આ અદભૂત મિશનની અંદર વૈજ્ઞાનિકોને જ્યારે આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે આત્મનિર્ભર ભારતનું વિઝન આપ્યું છે ત્યારે રાષ્ટ્રના વિકાસ માટે સર્વોચ્ચ પરિણામ સિદ્ધ કરનાર અભિગમના સહયોગથી ભારતીય અવકાશ સંશોધન સંસ્થાએ છેલ્લા દાયકામાં ગૌરવવંતા સોપાન સર કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, તા.૧૫-૦૨-૨૦૧૭ના રોજ એક ઐતિહાસિક ઘટના આકાશની અંદર બનવા જઇ રહી હતી, ઇસરોના એ વૈજ્ઞાનિકોએ ધ્રુવીય ઉપગ્રહ છોડવા માટેનો શ્રેય સતિષ ધવન હરિકોટા સ્પેસ સેન્ટરમાં એક સાથે ૧૦૪ ઉપગ્રહો આકાશમાં લોન્ચ કરવામાં આવ્યા હતા અને એ ઐતિહાસિક ઘટના પૂરી દુનિયાએ જોઇ હતી. ૧૬ મિનિટ અને ૪૮ સેકન્ડના ઉડ્ડયાન પછી ઉપગ્રહો વિષુવવૃત્ત તરફ ૫૦૬ કિલોમીટરની એની ભ્રમણ કક્ષામાં જ્યારે મૂકવામાં આવ્યા ત્યારે આ ઉપગ્રહ કોના હતા? આ ઉપગ્રહ હતા અમેરિકાના ૯૬, નેધરલેન્ડનો ૧, સ્વિટ્ઝર્લેન્ડનો ૧, ઇઝરાયલનો ૧, કઝાકિસ્તાનનો ૧ અને યુ.એન.ઇ.ના ૧ આંતરરાષ્ટ્રીય ઉપગ્રહને આની અંદર સ્થાન આપવામાં આવ્યું હતું અને જ્યારે આવનારા સમયની અંદર આપણા સ્પેસ સેન્ટરો દ્વારા જે વિકસિત દેશો નથી એમના પણ ઉપગ્રહોનું અહીંયાથી આપણે લોન્ચિંગ કરી રહ્યા છીએ. સૌથી વધુ જ્યારે નરેન્દ્રભાઇ મોદી સાહેબ ટેકનોલોજી પ્રત્યે ધ્યાન આપી રહ્યા છે ત્યારે આપણી એક પ્રાર્થના છે, ઓમ શાંતિ, અંતરીક્ષિય શાંતિ, પૃથ્વીય શાંતિ, જલ શાંતિ. અંતરિક્ષમાં શાંતિ હોવી જોઇએ એ ભારતના વૈજ્ઞાનિકો આજે કહી રહ્યા છે પણ આપણી વૈદિક મંત્રોની પ્રાર્થનાઓ છે, અજુર્વેદની પ્રાર્થના છે અંતરીક્ષઃ શાંતિ માટે મિશન શક્તિ સેટેલાઇટ ક્રેશ ટેકનોલોજી અપનાવી ભારતનું ભૂમિદળ, નેવિ, આર્મી અને એરફોર્સ ત્રણેય કામગીરી કરી રહ્યા છે અને આપણા ઝાંબાઝ જવાનો રક્ષણ કરી રહ્યા છે ત્યારે ભારતની ઉપગ્રહ દ્વારા પણ કોઇ જાસૂસી ન કરે એ માટે મિશન શક્તિ સેટેલાઇટ ક્રેશ ટેકનોલોજી વિક્સાવવામાં આવી છે અને જો આવો કોઇ ઉપગ્રહ ભારતની ધરતી પર જો આવું કંઇક કરતું હશે તો વિધ ઇન સેકંડોની અંદર આકાશની અંદર જ તેને નષ્ટ કરી દેવામાં આવશે આ ટેકનોલોજી છે.

માનનીય અધ્યક્ષશ્રી, શાંતિ સ્થાપવા માટે તાકાત જરૂરી છે ત્યારે આપણાં વૈજ્ઞાનિકો તાકાતવાળા બની રહ્યા છે. મને એ ખ્યાલ છે તે સમયમાં મેં પેપરની અંદર વાંચ્યું હતું ત્યારે શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ આ ગૃહની અંદર લોકલાડીલા મુખ્યમંત્રી તરીકે હતા અને આજે વડાપ્રધાન છે. એ સમયે કાંકરાપાર અણુમથકનું નવું સોપાન જયારે કરવા ગયા હતા ત્યારે એક લીટીમાં શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે સરસ વાક્ય લખ્યું હતું. એ અણુમથક દ્વારા વિદ્યુતનું ઉત્પાદન થઇ રહ્યું છે ત્યારે મહર્ષિ કણાદના વિચારોને આપણે સાકાર કર્યા છે આ શબ્દો બોલ્યા. આની પાછળની બહુ મોટી બૌધિક ક્ષમતા તે આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના એ વિચારો આજે કેટલા વિશ્વ ફલક પર બ્રોડ છે તે ફલિત થાય છે. ભારતે સંપૂર્ણ સ્વદેશી ટેકનોલોજી દ્વારા ડીઆરડીઓ દ્વારા તેનું લોન્ચિંગ કર્યું, ત્યારે જે ટાપુ પરથી આ કામગીરી કરવામાં આવી હતી તે ટાપુનું નામ અંગ્રેજના નામ ઉપરથી હતું તે ટાપુનું નામ શ્રી એ.પી.જે.અબ્દુલ કલામ સાહેબ નામ આપવામાં આવ્યું હતું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા શ્રી ભારદ્વાજ ઋષિએ આ અંતરિક્ષના સંશોધનની અંદર વિમાન શાસ્ત્રને આઠ વિભાગમાં વહેંચ્યા હતા અને તેમાં એ આઠ વિભાગનાં નામો તેમણે કઇ કઇ રીતે આપેલા? તે જોઇએ. પ્લેનો અંતરિક્ષમાં ચાલતા હોય છે તે વાત કરી હતી. તેમાં શકય ધ્રુમાં એટલે વીજળીથી ચાલતું વિમાન, ભૂતવાહા અગ્નિ, જળ, વાયુથી ચાલતું વિમાન, ધુમયાના ગેસથી ચાલતું વિમાન, સિકોત્રમ: તેલથી ચાલતું વિમાન, અંશવાહ: સૂર્યના કિરણાથી ચાલતું વિમાન, તારામોગલ ચૂંબકીય બળથી ચાલતું વિમાન, મણીવાહક ચંદ્રકાંત, સૂર્યકાંત મણીઓથી ચાલતું વિમાન અને મરુચખા: એટલે માત્ર વાયુથી ચાલતું આ વિમાન. આપ જોઇ રહ્યા છો કે શ્રી ભારદ્વાજ ઋષિએ તેમના ગ્રંથની અંદર ૮ વિભાગમાં આ સ્પેસ સેન્ટરને ડિવાઇડ કર્યું હતું. ત્યારે આજે આપણે લગભગ તેલથી, વીજળીથી, સૂર્ય કિરણોથી ચાલતા વિમાનો આકાશની અંદર

જોઇ રહ્યા છીએ. એક સમય એવો હતો કે આ દેશની અંદર સ્વદેશી ટેકનોલોજી નહોતી ત્યારે આપણાં ઉપગ્રહો પણ બહારથી ઉડાડવા જવું પડતું હતું. ૧૫ વર્ષ પહેલાં ભારતની ધરતી ઉપર ફાઇટર પ્લેનના ટાયર આયાત કરતા હતા ત્યારે આજે આકાશની અંદર ફાઇટર પ્લેનો ઉડી રહ્યા છે એ માત્ર સો એ સો ટકા ભારતની ધરતી પર નિર્માણ થયેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજના સ્પેસ મેન્યુફેકચરિંગ ક્લસ્ટરમાં ગુજરાતે વર્ષ ૨૦૨૦માં સ્પેસ સેકટરને ખાનગી ક્ષેત્રની કંપનીઓ માટે ખુલ્લું મૂકેલ છે જે આવનારા સમયની અંદર ગુજરાત એ બાબતમાં શ્રેષ્ઠ હરણફાળ ભરી શકશે. જે ગુજરાતને વૈશ્વિક અવકાશના ઉદ્યોગ માટે સ્પેશ ટેક હબ તરીકે સ્થાપિત કરવામાં મદદરૂપ થશે. ગુજરાતના વિજ્ઞાનની પ્રચાર અને પ્રસાર માટે આજે હમણાં જે ચાર રીજિયોનલ સાયન્સ સેન્ટરો બનાવ્યાં છે અને દરેક મિત્રો જે જે વિભાગમાં છે તેઓએ આ સાયન્સ સેન્ટરોની મુલાકાત લેવી જોઇએ. આવનારા સમયની અંદર ગુજરાતના સાયન્સ અને ટેકનોલોજીના વિદ્યાર્થીઓને ચોક્કસ ફાયદો થશે કારણ કે હવે પછી વિજ્ઞાન પ્રવાહ તરફ વિદ્યાર્થીઓની દોટ રહેશે. માત્ર વાણિજ્ય વિદ્યા સાથે પણ વિજ્ઞાન અને ટેકનોલોજીના વિદ્યાર્થીઓને વધુ પ્રોત્સાહન મળે તે હેતુથી આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી આજે દુનિયાના વૈશ્વિક લીડર બન્યા છે, ત્યારે હું હ્દયપૂર્વક આ ગૃહની અંદરથી આદરણીય દેશના લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને ઇસરો સાથે સંકળાયેલા જેમણે જેમણે યોગદાન આપ્યું હતું તે તમામ વૈજ્ઞાનિકોને અભિનંદન પાઠવી હ્દયપૂર્વક વંદન કરું છું, અસ્તુ.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી **:** સંકલ્પનો સ્વીકાર કરવામાં આવે છે.

**( વિરામ બપોરના ૨-૪૦થી ૩-૧૫ )**

**માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**વિધેયકો (સરકારી)**

**સને ૨૦૨૩નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૨૩**

ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) વિધેયક**,** ૨૦૨૩

**ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કૉર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ અને ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ વધુ સુધારવા બાબત વિધેયક**

**શ્રી ઋષિકેશ ગ. પટેલ(શહેરી વિકાસ પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક-૨૩-સન ૨૦૨૩ના ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : **વિધેયક દાખલ કરવામાં આવે છે.**

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક-૨૩-સન ૨૦૨૩ના ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વની સૌથી મોટી લોકશાહી એવા ભારત દેશ અને વૈશ્વિક નેતા આદરણીય પ્રધાનમંત્રી મોદી સાહેબ, આપણા યશસ્વી પ્રધાનમંત્રી અને તાજેતરમાં ખૂબ મોટી ઘટનાનું સાક્ષી ભારત પણ બન્યું છે અને દુનિયા પણ બની છે. વર્ષ ૨૦૧૪માં એ પ્રધાનમંત્રી બનીને સંસદ ભવનમાં પહોંચ્યા એટલે બંધારણની સર્વોપરિતા, સંસદની સર્વોપરિતા અને લોકશાહીના મૂલ્યો જાળવવા માટે લોકશાહીના મંદિર સમાન સંસદ ભવનને પ્રણામ કરીને, શિશ ઝૂકાવીને પ્રવેશ મેળવ્યો હતો અને એમની પહેલી જ સ્પીચમાં એ બોલ્યા હતા કે મારી સરકાર વંચિતોની સરકાર, મારી સરકાર દલિતોની સરકાર, મારી સરકાર અતિ પછાત વર્ગના લોકોની સરકાર અને મારી સરકાર એટલે ખેડૂતોની સરકાર. આદરણીય પ્રધાનમંત્રી શ્રી મોદી સાહેબને બે ટર્મ એટલે કે ૧૦ વર્ષ થવા આવ્યા છે. આ ૧૦ વર્ષ દરમિયાન ભૂતકાળમાં ન જોયું હોય એવું ૩૬૦ ડિગ્રી જેટલું પરિવર્તન ભારતમાં જોવા મળ્યું છે. વિશ્વ ગુરુ બનવાની કલ્પના, આર્થિક મહાસત્તા બનવાની કલ્પના, ઉદ્યોગો વધે એની સાથે અંતિમ પાયદાન પર જે વર્ગ ઊભો છે એ વર્ગ માટે પણ અનેક ક્રાંતિકારી નિર્ણયો એમના સમયમાં લેવાયા છે. જ્યાં શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ મુખ્યમંત્રી તરીકે બિરાજમાન હતા એવા ગૃહમાં મને આ બિલ મૂકવાની તક મળે છે એને હું મારું અહોભાગ્ય માનું છું. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ, મારું મંત્રીમંડળ અને આપ સૌના વિશ્વાસથી આ ઐતિહાસિક બિલ મૂકવાની મને તક મળી છે. આ દિવસ કેવો શુભગ સમન્વયનો દિવસ છે. વર્ષ ૧૯૪૮માં આજના દિવસે યુનાઇટેડ નેશન્સ દ્વારા યુનિવર્સલ ડેકલેરેશન ઓફ હ્યુમન રાઇટ્સ એડોપ્ટ કરવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૦૭થી આજના દિવસને એટલે કે ૧૫મી સપ્ટેમ્બરને આંતરરાષ્ટ્રીય લોકશાહી દિવસ તરીકે ઊજવવામાં આવે છે. જ્યારે આંતર રાષ્ટ્રીય લોકશાહી દિવસની ઉજવણી થતી હોય ત્યારે લોકશાહીના મંદિરમાં તમામ લોકોને સાથે લઇને ચાલવાનો સંકલ્પ આપણા બંધારણમાં તો છે જ પરંતુ વખતોવખત કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોએ એમાં અભિવૃદ્ધિ પણ દાખવી છે. આંતરરાષ્ટ્રીય લોકશાહી દિવસ

* વિધેયક તા. ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૨૩ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

માટે તમામ સભ્યોને હું ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવું છું અને આજના દિવસે સમાનતા અને લોકશાહીના સાચા હાર્દ સમા અધિકારો વંચિતોને આપવાનું બિલ રજૂ કરું છું.આપણા સૌના દીર્ઘદ્રષ્ટા વડાપ્રધાનશ્રી શોષિત, પીડિત, વંચિત તથા ખેડૂતો અને લોકો માટેની અનેક કલ્યાણકારી યોજનાઓ થકી 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો પ્રયાસ અને સૌનો વિશ્વાસ'ના મંત્ર સાથે સર્વગ્રાહી વિકાસ થાય તે દિશામાં દિવસ-રાત મહેનત કરી રહ્યા છે. ભારત વિકસિત રાષ્ટ્ર બને અને દુનિયામાં મહાસત્તા બને તેવી વડાપ્રધાનશ્રી સહિત મારા-તમારા સૌના મનની કલ્પના હોય કે દુનિયામાં ભારતનું નામ અને ભારતમાં ગુજરાતનું નામ ઉજ્જવળ થાય, તેની પરંપરાઓ આગળ વધે તે આપણા મનમાં સ્વાભાવિક હોય. એમના માર્ગદર્શન અને પ્રેરણા મુજબ ડબલ એન્જિનની સરકાર એટલે આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર વિકાસપથ ઉપર ખૂબ ઝડપથી આગળ વધી રહી છે. વર્ષ ૧૯૫૧માં જ્યારે આદરણીય શ્યામાપ્રસાદ મુખરજી, પ્રોફેસર બલરાજ મધોક, પંડિત દિનદયાળ ઉપાધ્યાયજીએ જનસંઘની સ્થાપના કરી ત્યારે ''પુત્રના લક્ષણ પારણામાં'' કહેવત મુજબ એમને ખબર પડી ગઇ કે કૉંગ્રેસની નીતિ અને રીતિ કઇ દિશામાં જઇ રહી છે! આથી એકાત્મ માનવવાદ અને છેવાડા ઉપર રહેલા માણસનો વિકાસ કેવી રીતે થાય તે આદર્શ સિદ્ધાંત સાથે ભારતીય જનતા પાર્ટીની સ્થાપના થઇ અને વખતોવખત અંતિમ સમાજના વ્યક્તિની જે ચિંતા કૉંગ્રેસે કરવાની હતી તે ભારતીય જનતા પાર્ટીએ કરી. સત્તામાં ભલે ન હતા પણ વિચારધારા પહોંચાડવા માટેનો સતત પ્રયાસ જનસંઘના જે તે વખતના અમારા આગેવાનોએ કર્યો અને એટલે જ આજે અમૃત મહોત્સવ બનીને ભારતીય જનતા પાર્ટીની સરકાર આખા દેશમાં સૌથી વધારે છે. દેશમાં સૌથી વધારે સીટો સાથે આદરણીય પ્રધાનમંત્રી મોદી સાહેબ બિરાજી રહ્યા છે એટલે આપણને સૌને પ્રતીત થાય કે જે વિચાર મૂક્યો હતો તે આજે વટવૃક્ષ બન્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તેમજ પછાત વર્ગોનો ઇતિહાસ ખૂબ જૂનો છે. ભારતમાં પહેલાં કામ આધારિત વર્ણ વ્યવસ્થા હતી, પરંતુ લગભગ હજાર બારસો વર્ષના ગુલામીકાળ દરમિયાન આ કામ આધારિત વર્ણ વ્યવસ્થા એ જાતિ આધારિત વર્ણ વ્યવસ્થામાં પરિવર્તિત થઇ છે. એ વખતે એસ.સી., એસ.ટી., પછાત લોકોની કોઇ પણ પ્રકારની ઓળખ ન હતી અને આ કારણે વખતોવખત જે પછાત હતા તે અતિ પછાત થતા રહ્યા, પરંતુ ૧૮મી સદી સુધી આ વાત કોઇના ધ્યાનમાં ન આવી અને ૧૯મી સદીના અંત ભાગમાં જે લોકો સમાજમાં પાછળ રહી ગયા છે, સમાજમાં જેમને સ્થાન મળ્યું નથી અને ખૂબ દયનીય હાલતમાં જીવતા લોકો માટે અનામતનો વિચાર સૌ પ્રથમ વખત જ્યોતિબા ફૂલેએ કર્યો હતો. એટલું જ નહિ, એમની સાથે બ્રિટિશ વિલિયમ હંટર પણ જોડાયા અને એમણે બ્રિટિશ સરકાર સમક્ષ સરકારી નોકરીઓમાં અનામતની માંગણી કરી. ત્યારબાદ વર્ષ ૧૮૯૧માં ત્રાવણકોર રજવાડામાં જાહેર સેવા માટે મૂળ નિવાસીઓની અવગણના કરી અને વિદેશીઓની ભરતી કરવા માટે પણ આંદોલન થયું હતું. ત્રાવણકોર રજવાડામાં વિદેશીઓની ભરતી કરતા હતા એટલે સ્થાનિક લોકોની ભરતી માટેનું આંદોલન પણ વર્ષ ૧૮૯૧માં થયું હતું. વર્ષ ૧૯૦૧માં મહારાષ્ટ્રના કોલ્હાપુરમાં છત્રપતિ શાહુજી મહારાજ દ્વારા ગરીબી દૂર કરવાના ઉદ્દેશથી રાજ્ય પ્રશાસનમાં નોકરી આપવા માટેની અનામત શરૂ કરીને સરકારી ભરતીનો પહેલો આદેશ કર્યો હતો. વર્ષ ૧૯૦૮માં પણ અંગ્રેજોએ કેટલાય સમુદાયો/જાતિઓ માટે અનામત આપવાની મહદઅંશે તેની શરૂઆત કરવાની તૈયારીઓ કરી હતી. વર્ષ ૧૯૧૯માં મોંતાગુ અને ચેમ્સફોર્ડ સુધારા પણ રજૂ થયા. વર્ષ ૧૯૦૯ અને ૧૯૧૯માં અંગ્રેજો દ્વારા વહીવટમાં જે જ્ઞાતિઓનો હિસ્સો ઓછો હતો એમના માટે અનામત આપવામાં આવી. વર્ષ ૧૯૨૧માં પણ મદ્રાસ રેસિડેન્ટ માટે તેની વ્યવસ્થા પણ થઇ હતી. વર્ષ ૧૯૩૩માં બ્રિટિશ પ્રધાનમંત્રીશ્રી રામસે મેકડોનાલ્ડ સાંપ્રદાયિક પુરસ્કાર પ્રસ્તુત કરી અનામતની તરફેણ કરેલી. જેમાં મુસ્લિમ, શીખ, યુરોપિયન, ખ્રિસ્તી, એન્ગ્લો ઇન્ડિયન અને દલિત માટે અલગ-અલગ ચૂંટણી વ્યવસ્થા અંગેની જોગવાઇ કરી હતી. વર્ષ ૧૯૩૫માં ભારત સરકારના અધિનિયમમાં એટલે કે, એ વખતની બ્રિટિશ ભારતીય સરકાર દ્વારા અધિનિયમમાં અનામતનું પ્રાવધાન કરવામાં આવ્યું હતું. વર્ષ ૧૯૪૨માં ડૉ. બાબાસાહેબ આંબેડકરને બંધારણ ઘડતર સમિતિના વડા બનાવવામાં આવ્યા હતા. ૨૬મી જાન્યુઆરી ૧૯૫૦માં બંધારણ લાગુ કરવામાં આવ્યું. જેમાં રાજનૈતિક પ્રતિનિધિત્વ માટે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ માટે અલગ-અલગ ચૂંટણી ક્ષેત્રો પરિભાષિત કરવામાં આવ્યા. જ્યાં સુધી ઓ.બી.સી. અનામતના ઇતિહાસને સંબંધ છે ત્યાં સુધી ભારતીય જનતા પાર્ટીની ભૂમિકા હંમેશા હીરોની રહી છે અને *(xxx) સ્વરૂપે રહી છે.

<u>અધ્યક્ષશ્રી</u> : માનનીય મંત્રીશ્રી બેસો. માનનીય શ્રી અમીતભાઇ, આપને એવું લાગે કે, આ અસંસદીય શબ્દ છે અને વિરોધ કરવા જેવો લાગે તો તમે ઊભા થઇને વાત કરી શકશો. નિયમ મુજબ નહીં હોય તો એને રદ કરીશ. બેઠાં બેઠાં બોલો છો એના બદલે ઊભા થઇને વાત કરો. શબ્દ વાંધાજનક લાગે તો સ્થાન પર ઊભા થઇને વાત કરી શકીશું. માનનીય મંત્રીશ્રી, મારી આપને વિનંતી છે કે, હેલ્ધી ડિબેટ થાય અને આજનું જે બિલ છે એમાં સંવાદિતા જળવાઇ રહે એ માટે સૌમ્યતાપૂર્વક શબ્દનો ઉપયોગ કરીએ.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, *(xxx) એ શબ્દ અસંસદીય છે અને રેકર્ડ ઉપર ના આવે.

<u>અધ્યક્ષશ્રી</u> : આ શબ્દ દૂર કરવામાં આવે. આવા શબ્દો અસંસદીય શબ્દોમાં ન હોય તો પણ આપણે એને રદ કરીએ છીએ.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો કહેવાનો અર્થ એ છે કે, ભૂમિકા નકારાત્મક રહી હતી. બંધારણસભામાં ત્રણ વર્ષના પરિશ્રમ બાદ વર્ષ ૧૯૫૦ પછી ભારતના બંધારણનો અમલ શરૂ થયો. બંધારણના આર્ટિકલ ૩૪૧ હેઠળ અનુસૂચિત જાતિઓની અને આર્ટિકલ ૩૪૨ હેઠળ અનુસૂચિત જનજાતિઓની યાદીઓ વર્ષ ૧૯૫૦માં જ ભારત સરકારે બનાવી દીધી હતી. આર્ટિકલ ૩૪૦ હેઠળ એવી જોગવાઇ કરવામાં આવી હતી કે, ભારતે એક રાષ્ટ્રીય આયોગનું ગઠન કરવું અને તે આયોગ ભારતદેશમાં પ્રવેશ કરી ઓ.બી.સી.ની યાદી તૈયાર કરશે. આ કાર્ય નહેરુ સરકારે વર્ષ ૧૯૫૨ સુધી ન કરતાં તે વખતે કાયદા મંત્રી રહેલા ડૉ. આંબેડકર સાહેબે કૉંગ્રેસની નહેરુ સરકારની ઓ.બી.સી. માટેની ઉદાસીનતાને ધ્યાને લઇ એની વિરુદ્ધમાં રાજીનામું આપી દીધું હતું. ડૉ.આંબેડકરજીના સતત પ્રયાસોના કારણે સન ૧૯૫૩માં ભારે દબાણના કારણે કૉંગ્રેસની નહેરુ સરકારે તા.૨૯-૦૧-૧૯૫૩ના રોજ ઓ.બી.સી. ની જાતિઓ નક્કી કરવા માટે કાકા કાલેલકરની અધ્યક્ષતામાં ઓ.બી.સી. કમિશનની રચના કરી હતી. કાકા કાલેલકર કમિશને તા.૩૦-૦૩-૧૯૫૫ના રોજ નહેરુ સરકારને રિપોર્ટ રજૂ કરી ઓ.બી.સી. સમાજની ૨૩૯૯ જાતિઓને જાતિ આધારિત અનામત આપવા માટેની ભલામણ કરી હતી. નહેરુ સરકાર ઓ.બી.સી. જાતિને અનામત આપવા માંગતા ન હતા. તેથી, જાતિ આધારિત અનામત ન મળી શકે તેવું બહાનું કર્યું. કાકા કાલેલકરનો રિપોર્ટ અભરાઇએ ચઢી ગયો. ડસ્ટબિનમાં ગયો એમ કહું તો પણ ખોટું નથી. કાકા કાલેલકરના રિપોર્ટ પર ક્યારેય સંજ્ઞાન લેવામાં ન આવ્યું. વર્ષ ૧૯૭૭માં શ્રીમતી ઇન્દિરા ગાંધી સહિત કૉંગ્રેસની હાર થતાં, શ્રી મોરારજીભાઇ દેસાઇની સરકાર બનેલી. જેમાં શ્રી બાજપાઇજી, શ્રી એલ.કે. અડવાણીજી અને બીજા અનેક ભાજપના મહાપુરૂષો જનતા પાર્ટીની શ્રી મોરારજીભાઇ દેસાઇની સરકારમાં મંત્રીઓ હતા અને ટેકો પણ આપ્યો હતો. ભાજપની ભાગીદારીવાળી શ્રી મોરારજીભાઇ દેસાઇની સરકારે તા.૨૦-૧૨-૧૯૭૮ના રોજ ભારતમાં નવેસરથી ઓ.બી.સી. જાતિઓની યાદી બનાવવા માટે મંડલ કમિશનની રચના કરીને શ્રી બી.પી. મંડલને એના અધ્યક્ષ બનાવ્યા.આમ, ભારતમાં ઓ.બી.સી.નું બીજું કમિશન રચવાનો યશ પણ ભા.જ.પ.ની ભાગીદારીવાળી સરકારને જાય છે. આ રચના થઇ ત્યારે કેન્દ્ર સરકારમાં, શ્રી મોરારજી દેસાઇની કેબિનેટમાં હયાત શ્રી અટલબિહારી બાજપાઇજી, શ્રી એલ.કે.અડવાણીજી, શ્રી નાનાભાઇ દેશમુખજી વગેરે મંત્રીશ્રીઓએ ખૂબ જોરદાર રજૂઆત કરી અને આયોગનું ગઠન કર્યું હતું. મંડલ કમિશને અહેવાલ તૈયાર કર્યો અને તારીખ ૩૧-૧૨-૧૯૮૦ના રોજ તે વખતની શ્રીમતી ઇન્દિરા ગાંધીજીની કોંગ્રેસની સરકારમાં રહેલા રાષ્ટ્રપતિ શ્રી નિલમ સંજીવ રેડ્ડીને રજૂ કર્યો હતો. આ કમિશને ગુજરાત રાજ્યની ૧૦૫ સહિત ભારતની ૩,૭૪૩ જાતિઓની યાદી બનાવી, તેની પર ટકા વસતિ નક્કી કરી ૨૭ ટકા ઓ.બી.સી. આપવાની ભલામણ કરી. શ્રીમતી ઇન્દિરાજી ગાંધીની સરકાર વર્ષ ૧૯૮૦થી વર્ષ ૧૯૮૪ સુધી રહી ત્યાં સુધી મંડલ કમિશનનો અહેવાલ ધૂળ ખાતો રહ્યો, અભરાઇએ ચડાવી દીધો. આમ, ફરી એકવાર ઓ.બી.સી. સમાજને ન્યાય અપાવવાની બાબતે શ્રીમતી ઇન્દિરાજી ગાંધીની સરકારે નકારાત્મક ભૂમિકા ભજવી. વર્ષ ૧૯૮૪માં સ્વ. ઇન્દિરાજી ગાંધીની હત્યા થઇ અને સ્વ. રાજીવ ગાંધીજી વડાપ્રધાન બન્યા અને વર્ષ ૧૯૮૪થી વર્ષ ૧૯૮૯ સુધીના સળંગ કાળ દરમિયાન મંડલ કમિશનના રિપોર્ટના આધારે અનામત આપવાનું ટાળ્યું. કોઇપણ પ્રકારની કાર્યવાહી ન થઇ. ત્યારબાદ, વર્ષ ૧૯૯૦માં ભારતીય જનતા પાર્ટીના ટેકાવાળી શ્રી વી.પી.સિંહની સરકાર અસ્તિત્વમાં આવી. શ્રી વી.પી.સિંહની સરકારે, કોંગ્રેસે ૧૦ વર્ષ સુધી મંડલ કમિશનના જે અહેવાલને અભરાઇએ ચડાવી દીધો હતો એની ધૂળ ખંખેરવાનું કામ કર્યું. તારીખ ૧૩-૦૮-૧૯૯૦ના ભારત સરકારશ્રીના સરકારી ઠરાવથી ઓ.બી.સી.ને ૨૭ ટકા અનામત આપવાનો હુકમ કર્યો હતો. ભા.જ.પ.ની ટેકાવાળી શ્રી વી.પી.સિંહની સરકારે જયારે આ હુકમ કર્યો ત્યારે કોંગ્રેસ પાર્ટી વિપક્ષમાં હતી. એ યાદ રાખવું જોઇએ કે, શ્રી વી.પી.સિંહની સરકાર વખતે કોંગ્રેસ પાર્ટી વિપક્ષમાં હતી અને શ્રી વી.પી.સિંહના આ હુકમનો એ વખતે એમણે સખત વિરોધ કર્યો. આ હુકમની સામે જે વખતે સમગ્ર ભારત દેશમાં વિદ્યાર્થીઓનું અનામત વિરોધનું આંદોલન થયું ત્યારે સાહેબ, એ વખતે આપને પણ ખબર છે કે આગેવાની કોની હતી? એન.એસ.યુ.આઇ.ની આગેવાની હતી. આ તો આપણે ભારત સરકારના અનામતની વાત કરીએ છીએ. પરંતુ હવે હું ગુજરાતના આંગણે બક્ષીપંચ જાતિઓને ગુજરાત સરકારે સન ૧૯૭૮થી જે અનામત આપી છે તેની વાત કરું તો, આ સભાગૃહને ખબર પડશે કે ગુજરાત રાજ્યમાં પણ એસ.ઇ.બી.સી. અને ઓ.બી.સી. આરક્ષણના ઇતિહાસમાં હીરોની ભૂમિકા ભારતીય જનતા પાર્ટીએ ભજવી છે અને નકારાત્મક ભૂમિકા કોંગ્રેસે ભજવી છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, કોંગ્રેસ પક્ષ આ બાજુ બેસે છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તેઓ તો અમે હતા એવું નહીં બોલે. એ લોકો ઇતિહાસ જાણે છે. શ્રી અમીતભાઇ એ ઇતિહાસ જાણે છે એટલે તો એમને પૂછું છું. કાં તો ઇતિહાસની ખરાઇ કરાવો. ગુજરાત રાજ્યમાં સૌ પ્રથમ ગુજરાતની ઓ.બી.સી. જાતિઓને અનામત આપવા માટે તારીખ ૨૦-૧૨-૧૯૭૨ના રોજ બક્ષી કમિશનની રચના થઇ. બક્ષી કમિશને તારીખ ૨૭-૦૨-૧૯૭૬ના રોજ અહેવાલ રજૂ કરી ગુજરાતની ૮૨ જાતિઓને અનામત આપવા માટેની ભલામણ કરી. અહેવાલ રજૂ થયા પછી તારીખ ૨૪-૧૨-૧૯૭૬થી તારીખ ૦૮-૦૪-૧૯૭૭ સુધી શ્રી માધવસિંહ સોલંકી સાહેબની સરકાર રહી હતી. નિર્ણય ટાળ્યો. એમાં કંઇ થયું નહી. અહેવાલ અહેવાલની જગ્યાએ રહ્યો. ત્યારબાદ, તારીખ ૧૧-૦૪-૧૯૭૭ થી તારીખ ૧૭-૦૨-૧૯૮૦ સુધી જનતા મોરચાની શ્રી બાબુભાઇ જશભાઇની સરકાર હતી અને શ્રી કેશુભાઇ, શ્રી મકરંદભાઇ વિગેરે ભા.જ.પ.ના મંત્રીશ્રીઓ પણ એમાં સામેલ હતા. તે વખતે ભા.જ.પ.ના આગ્રહથી ગુજરાત રાજ્યની ઓ.બી.સી.ની ૮૨ જાતિઓને તારીખ ૦૧-૦૪-૧૯૭૮ના ઠરાવથી અનામત આપવામાં આવ્યું. આમ, ગુજરાત રાજ્યમાં સૌપ્રથમ ઓ.બી.સી.ને

અનામત આપવાનો યશ પણ ભારતીય જનતા પાર્ટીની સરકારને જાય છે. ત્યારબાદ તા.૭-૬-૧૯૮૦થી તા.૩૦-૩-૧૯૮૫ સુધી શ્રી માધવસિંહભાઇની સરકાર રહેલી. આ ગાળા દરમ્યાન પણ ઓ.બી.સી. જાતિઓ માટે કોઇ પગલાં લીધાં નહોતાં. શ્રી માધવસિંહભાઇ ફરીથી ૧૪૯ સીટો સાથે મુખ્યપ્રધાન બન્યા. અગાઉ ૧૦ ટકાની વાત હતી. એમના મનમાં સારો ભાવ હતો. ૧૮ ટકા કરવાનું મન કર્યું. સાહેબ, ઉપર બેઠેલી કોંગ્રેસની સરકારે રાજીનામું લઇ લીધું. અમલ થવા ન દીધો. વધારો તો ઠીક, પરંતુ એમને જો કોઇએ અન્યાય કર્યો હોય તો ઉપરની બેઠેલી કોંગ્રેસ સરકારે કર્યો હતો.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સર્વોચ્ચ ન્યાયાલયે વર્ષ ૧૯૯૨માં ઇન્દ્રા સહાની વિરુદ્ધ ભારત સરકારનો ચુકાદો આપતા ભારત સરકાર હેઠળના ઓ.બી.સી. અનામત માટેનો રસ્તો સાફ થયો. સન ૧૯૯૦માં ભાજપના ટેકાવાળી શ્રી વી.પી. સિંહની સરકાર હતી. ૨૭ ટકા અનામત સામેનો મનાઇ હુકમ ઉઠી ગયો હતો. વર્ષ ૧૯૯૩માં ભારત સરકાર હેઠળનું ૨૭ ટકા અનામત અમલમાં આવેલું. વર્ષ ૧૯૯૩માં જયારે આ જ વિધાનસભા ગૃહમાં જયારે ગુજરાત પંચાયત વિધેયક લાવવામાં આવ્યું હતું ત્યારે તે વખતના અમારા ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્યશ્રીઓએ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં અન્ય પછાત વર્ગો માટે અનામતની માગણી કરી હતી. શ્રી ચીમનભાઇ પટેલની સરકાર. કોંગ્રેસનો ટેકો અને સાથે અમારી ભારતીય જનતા પાર્ટીનો પણ સંપૂર્ણ ટેકો હતો. માનનીય અધ્યક્ષશ્રી, એ વખતના વિધાનસભાના ક્વોટ જોઇએ તો અમારા શ્રી અરવિંદભાઇ પટેલ અને સાથે સાથે શ્રી પુષ્પદાન ગઢવીજીએ જે કહ્યું હતું. એમની જ ભાષામાં કહું. ધારાસભ્ય શ્રી પુષ્પદાન ગઢવીજીના શબ્દો આ ગૃહ સમક્ષ મૂકું છું. ''અત્યારે અધર બેકવર્ડ કલાસની રાજયમાં ૪૨ ટકા વસતિ છે. જયારે ૪૮ ટકા કે એનાથી વધુ વસતિ હોય તો એને પૂરેપૂરું પ્રતિનિધત્વ મળે એ વાત સાથે ભાજપના મિત્રોએ કયારેય વિરોધ નહોતો કર્યો.'' એ વાત એમના ક્વોટમાં પણ કહી છે. પાટણના ધારાસભ્ય શ્રી અરવિંદભાઇએ પણ ૨૭ ટકા અનામતની માગણી કરતા ગૃહમાં એ વખતે કહેલું કે, ''૧૦ ટકા જગ્યાઓ અમે અનામત રાખીશું. આ તમારું કયું ડહાપણ છે? ૧૦ ટકાથી વધુ તો ખરેખર ચૂંટાય જ છે. તમે ૧૦ ટકાની વાત કરો છો. અનામત આપવી હોય તો ૨૭ ટકા આપવી જોઇએ. તો એમને કંઇક આપ્યું એવું કહેવાશે.

માનનીય અધ્યક્ષશ્રી, એ વખતે વર્ષ ૧૯૯૩માં અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર, તમામ ધારાસભ્યો અને અમારા સિનિયર આગેવાનો પણ અનામતની તરફેણ કરવામાં એમણે ટેકો આપ્યો હતો, પરંતુ એ વખતે પણ અનામત વધી નહીં, કારણ કે કોંગ્રેસને અંદરખાને અંદરનો ડખો હતો. એટલે શ્રી ચીમનભાઇ ૧૦ ટકાથી આગળ એ વખતે વધી શક્યા નહીં. આમ, ઓ.બી.સી. અનામતનો સંબંધ છે ત્યાં સુધી તે પ્રમાણે કોંગ્રેસનો ઇતિહાસ બહુ કંઇ સારો, જે આમ હિસ્ટ્રી કહેવાય ને, એ ઓ.બી.સી. માટે કાયમ નકારાત્મક રહ્યો છે. જયારે ભાજપનો ઇતિહાસ અધર બેકવર્ડ કલાસ માટે ખૂબ સારો અને સકારાત્મક રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૨ ઓગસ્ટ, ૨૦૦૫માં ઉચ્ચ ન્યાયાલયે પી.એ. ઇનામદાર વિરુદ્ધ મહારાષ્ટ્ર સરકારના કેસમાં સાત ન્યાયાધીશોની બેન્ચે સર્વસંમતિથી જાહેર કર્યું કે વ્યાવસાયિક કોલેજ, ગ્રાન્ટેડ કોલેજ પોતાની અનામત નીતિ નહીં ચલાવી શકે. વર્ષ ૨૦૦૫માં ૯૩માં બંધારણીય સુધારા દ્વારા ખાનગી શૈક્ષણિક સંસ્થાઓને પણ અનુસૂચિત જાતિ, જનજાતિ અને અન્ય પછાત વર્ગો માટે અનામત આપવામાં આવી. વર્ષ ૨૦૦૬માં સર્વોચ્ચ ન્યાયાલયની સંવૈધાનિક બેન્ચ દ્વારા એમ. નાગરાજ વિરુદ્ધ યુનિયન બેન્કના ચુકાદામાં ૧૬(૪)(બી) અનુચ્છેદ ૩૩૫ને અનુમતિ આપી. તેથી વર્ષ ૨૦૦૬થી ભારત સરકારની શૈક્ષણિક સંસ્થાઓમાં ઓ.બી.સી.ની શરૂઆત થઇ. વર્ષ ૨૦૦૭માં કેન્દ્ર સરકારની શૈક્ષણિક સંસ્થાઓની નોકરીમાં સુપ્રીમકોર્ટે સ્ટે આપ્યો. આ વાત હું એટલા માટે કરું છું કે અનામત ઇતિહાસમાં કેટલાયે આરોહ અવરોહ આવ્યા. અવરોહ પણ આવ્યા. હાઇકોર્ટનો ફેંસલો કંઇક જુદો હોય, સુપ્રીમ કોર્ટે કંઇક જુદુ કહ્યું હોય. આમ, જુદા જુદા તબક્કામાંથી આખરી ફેંસલા અને એના અમલીકરણ તરફ આપણે જઇ રહ્યા છીએ ત્યારે ૧૦ એપ્રિલ, ૨૦૦૮માં સર્વોચ્ચ ન્યાયાલયે સરકારી રૂપિયાથી ચાલતી સંસ્થાઓમાં અન્ય પછાત જાતિઓ માટે ૨૦ ટકા અનામતના નિર્ણયને યોગ્ય ગણ્યો. બંધારણની જોગવાઇ મુજબ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં દરેક વર્ગની મહિલાઓને પ્રતિનિધિત્વ મળી રહે તે માટે ૩૩ ટકા મહિલાઓ માટે અનામત રાખવાની જોગવાઇ કરેલી હતી. જેમાં એસ.સી, એસ.ટી., જનરલ અને ઓ.બી.સી. તમામ મહિલાઓ આવી જાય. પરંતુ ગુજરાતની ભાજપ સરકારે વર્ષ ૨૦૧૪માં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં એસ.સી, એસ.ટી., ઓ.બી.સી. અને જનરલ મહિલાઓ માટે ૫૦ ટકા જગ્યા કરી આપી. સમાજની અંદર બે હિસ્સા જ્યારે સરખા હોય, પુરુષ અને સ્ત્રી, તો સ્ત્રીનો પણ સમાન અધિકાર છે અને સમાન અધિકારિતાના ન્યાયે બહેનોને ૫૦ ટકા અનામત આપી. વર્ષ ૨૦૧૪માં આદરણીય પ્રધાનમંત્રી મોદી સાહેબ દેશના સર્વોચ્ચ પદે બિરાજ્યા અને પહેલી વખત વર્ષ ૨૦૧૫માં નેશનલ કમિશન ફોર બેકવર્ડ ક્લાસ. એન.સી.બી.સી. ઓ.બી.સી. માટે પછાત અને મધ્યમ પછાત, અતિ પછાત વર્ગીકરણનો અહેવાલ આ પંચને ઓ.બી.સી.માં આવતી જુદી જુદી જ્ઞાતિઓમાં પણ સરવે કરી સામાજિક સ્થિતિ અને પ્રગતિના અહેવાલો રજૂ કરવાનું કામ સોંપ્યું છે. અહેવાલો રજૂ પણ થઇ રહ્યા છે. ભારતના ૭૦-૭૫ વર્ષના ઇતિહાસમાં પહેલી વખત કોઇ આયોગને જો બંધારણીય દરજ્જો મળ્યો હોય તો એ માનનીય પ્રધાનમંત્રી શ્રી મોદી સાહેબના રાજમાં મળ્યો છે. એન.સી.બી.સી.ને બંધારણીય દરજ્જો આપવામાં આવ્યો. અત્યાર સુધીના જેટલા આયોગો રચાયા, કોઇને બંધારણીય દરજ્જો નથી મળ્યો. પહેલી વખત આદરણીય પ્રધાનમંત્રી શ્રી મોદી સાહેબે આને બંધારણીય દરજ્જો આપ્યો છે. સુવર્ણમય ઇતિહાસ કહેવાય કે ઓ.બી.સી., પછાત જ્ઞાતિઓ માટે જે આયોગ રચાય, જેની ભલામણો આવે એ સ્વીકારવી જ પડે. એ પ્રકારનો ઐતિહાસિક ફેંસલો લેવાયો. ભારતના બંધારણમાં ૧૦૨મો બંધારણીય

સુધારો કરીને તા.૧૫-૮-૨૦૦૦ની અસરથી બંધારણમાં નવો આર્ટિકલ ૩૩૮-બી દાખલ કરી નેશનલ કમિશન ફોર બેકવર્ડ ક્લાસની રચના કરી હતી. આવી કોઇનામાં જો હિંમત હોય તો આ શ્રી નરેન્દ્રભાઇનામાં જ હોય. આ શ્રી નરેન્દ્રભાઇ જ કરી શકે. ભારતીય જનતા પાર્ટી જ કરી શકે. ભૂતકાળમાં આવી હિંમત કે તાકાત બતાવવાનું, જે લોકો પછાત છે એમને આગળ લાવવાની હિંમત કોઇએ કરી ન હતી. એટલું જ નહીં, વર્ષ ૨૦૧૯માં સામાન્ય વર્ગ છે તેમાં પણ આર્થિક રીતે પછાત લોકો હોય તો તેમનાં બાળકો માટે પણ ૧૦ ટકાની જોગવાઇ શ્રી નરેન્દ્રભાઇએ બંધારણની રીતે કરી, તેને અનામત આપી. વર્ષ ૨૦૨૧માં રાષ્ટ્રીય પછાગવર્ગ નિગમ. એન.સી.બી.સી. ઓ.બી.સી. જ્ઞાતિઓને જુદી જુદી શ્રેણીમાં વિભાજિત કરી હિસ્સો આપવાનો પ્રયત્ન કરી રહી છે. ભારતીય જનતા પાર્ટી દ્વારા વંચિતો, પીડિતો, શોષિતો રાજ્યના વિકાસ પ્રવાહમાં ભાગીદાર થાય અને રાજ્યનો સર્વાંગી વિકાસ થાય તે ઉમદા ઉદ્દેશ અને વિવિધ કલ્યાણકારી સામુદાયિક અને વ્યક્તિગત યોજનાઓ કેન્દ્ર અને રાજ્ય સરકારે મૂકી છે અને અમલવારી પણ ચાલુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યમાં ૨૭ ટકા નોકરીઓમાં, ૨૭ ટકા શિક્ષણમાં અને જે એક ક્ષેત્ર બાકી રહી જતું હતું રાજકીય ક્ષેત્ર, તેમાં પણ આ બિલથી ૨૭ ટકા ઓ.બી.સી.ને અનામત આપવા માટેની જોગવાઇઓ થઇ છે. આ નિર્ણયના કારણે ૩૩ જિલ્લા પંચાયતોમાં અંદાજે ૧૦૫ બેઠકો હતી એ હવે ૨૦૬ થશે. અત્યારે હું જે આંકડા બોલું છું એ અંદાજિત આંકડાઓ છે. આમાં થોડો ઘણો ફેરફાર થઇ શકે. અંદાજે ૨૪૮ તાલુકા પંચાયતોમાં ૫૦૫ બેઠકો હતી. ૧૦ ટકા મળતી હતી. એ હવે ૯૯૪ બેઠકો થઇ રહી છે. આ બધું અંદાજિત છે. અંદાજે ૧૪,૫૬૨ ગ્રામપંચાયતોમાં અંદાજે ૧૨,૭૫૦ બેઠકો હતી. તે હવે વધીને ૨૨,૬૧૭ થશે. ૮ મહાનગરપાલિકાઓમાં જે ૬૭ બેઠકો હતી એ ૧૮૧ થઇ રહી છે. ૧૫૬ નગરપાલિકાઓમાં અંદાજે ૪૮૧ બેઠકો હતી, હવે ૧૨૭૦ થઇ રહી છે. મેં આપેલા આંકડા મારા અંદાજ પ્રમાણેના છે. ટૂંકમાં કહેવાનો આશય એટલો છે કે 'ખુદા જબ દેતા હૈ તો છપ્પર ફાડ કે દેતા હૈ' અને આ તો ભારતીય જનતા પાર્ટી, શ્રી ભૂપેન્દ્રભાઇની સરકાર. બધા લોકોને સરખા ગણી સમાન હક્ક, હિસ્સો અને વહેંચણી માટેનો પ્રયત્ન કરી રહેલ છે,એટલે રાજકીય, શૈક્ષણિક અને નોકરી એમાં સમાન રીતે ૨૭ ટકાનો એને હિસ્સો મળે એ પ્રકારનું પ્રોવિઝન્સ આમાં થયેલું છે. વખતોવખત નામદાર સુપ્રીમકોર્ટ જે તે નામદાર હાઇકોર્ટમાં કોઇ વ્યકિત વિશેષ કે સંસ્થાઓ દ્વારા પિટિશન કરીને મુદ્દા ઉઠાવેલ છે, આ વિષયમાં નામદાર સુપ્રીમકોર્ટ તથા અલગ અલગ હાઇકોર્ટનું માર્ગદર્શન પણ પ્રાપ્ત થયું છે. નામદાર સુપ્રીમકોર્ટની રિટ પિટિશન નં. ૩૫૬, ૧૯૯૪ કે. કૃષ્ણમૂર્તિ વિરુદ્ધ ભારત સરકારના કેસમાં તા.૧૧-૫-૨૦૧૦ના રોજ આપવામાં આવેલ ચુકાદાથી રાજ્યની અંદર અન્ય પછાત વર્ગોના પછાતપણાના સ્વરૂપ અસરો અંગે સંપૂર્ણ અને કાળજીપૂર્વકની તપાસના આધારે અનુભવજન્ય આંકડાઓ, ઇમ્પેરીકલ ડેટાથી સ્થાનિક સ્વરાજ્યની પ્રત્યેક સંસ્થાને અન્ય પછાત વર્ગો માટે જરૂરી અનામતની ચકાસણી કરવા નિર્દેશ કરેલ છે. આ નિર્દેશને અનુસરીને રાજ્ય સરકાર દ્વારા આકડા માટે જરૂરી જોગવાઇ કરવાની રહેતી હોય અને એક ઉલ્લેખ કરવો અત્રે મને યોગ્ય લાગે છે, અનુસૂચિત વિસ્તારોને સ્વશાસન આપવા માટે કેન્દ્ર સરકાર દ્વારા પંચાયતની જોગવાઇ ધારો ૧૯૯૬ અમલમાં લાવવામાં આવ્યો હતો એટલે પેસા એક્ટ કે જેમાં દરેક રાજ્યએ પોતાના અનુસૂચિત વિસ્તારોમાં પંચાયતો અંગે એક કાયદો કરવો તેવું ઠરાવ્યું હતું. જેના અનુસંધાને ઉપરોકત ઉદ્દેશ સિદ્ધ કરવા માટે ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩, ઉપર્યુકત બીજા અધિનિયમો સુધારવા માટે ગુજરાત પંચાયત વટહુકમ ૧૯૯૭, તા.૨૦ ડિસેમ્બર, ૧૯૯૭ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. ઉપર્યુકત ઉદ્દેશ સિદ્ધ કરવા માટે બીજો વટહુકમ તા.૨૪-૪-૧૯૯૮ના રોજ કરવામાં આવેલ જેને વિધાનસભાએ તા.૧-૭-૧૯૯૮ના રોજ મંજૂરી આપી. ગુજરાતના પાંચમા અધિનિયમથી નવી કલમો ૨૭૮-ક, ૨૭૮-ક (ક), અનુસૂચિત ૪ અને ૫ દાખલ કરેલ છે તે આ તા.૨૦-૧૨-૧૯૯૭થી અમલમાં મૂકેલ છે. આમ ગુજરાત પંચાયત સુધારો ધારો સન ૧૯૯૮માં ઘડાયો જે મુજબ અનુસૂચિત વિસ્તારોમાં આદિજાતિ વર્ગોના પેસા નિયમ ૧૯૯૬ની જોગવાઇ અનુસારનું યોગ્ય પ્રતિનિધિત્વ અને હિત જળવાય તેમજ તે સચવાઇ રહે તેની પૂરતી તકેદારી રાજ્ય સરકાર દ્વારા રાખવામાં આવેલ છે. આમ, રાજ્ય સરકાર દ્વારા અન્ય પછાત વર્ગોને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થામાં પૂરતું પ્રતિનિધિત્વ મળી રહે તે માટે અનામતની જોગવાઇ રાખવામાં આવેલ છે. જે અન્વયે હાલની સ્થિતિએ રાજ્યમાં કુલ ૩૩ જિલ્લા પૈકી ૪ જિલ્લાઓ સંપૂર્ણ, ૯ જિલ્લાઓ અંશતઃ અનુસૂચિત વિસ્તાર હેઠળ સમાવેશ થયેલ છે જેના ૫૧ તાલુકા અને ૪૫૦૩ ગામો અનુસૂચિત વિસ્તાર હેઠળ સમાવેશ થયેલ છે, પરંતુ ૧૦ તાલુકાઓ એવા છે કે જ્યાં આદિવાસી વસ્તી વધારે છે અને ૨ નગરપાલિકા આના પ્રત્યે પણ આપણે દુર્લક્ષ સેવ્યું નથી. નામદાર સુપ્રીમકોર્ટ રિટ પિટિશન સિવિલ નં. ૯૮૦-૨૦૧૯-વિકાસ ગવલી વિરુદ્ધ ગુજરાત રાજ્ય અને અન્યના કેસમાં આપેલ તા.૪-૩-૨૦૨૧ના ચુકાદા અન્વયે ટ્રિપલ ટેસ્ટ મુજબની શરતો પૂર્ણ કરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં અન્ય પછાત વર્ગો માટેની બેઠકો નિયત કરવી, રાજ્ય સરકારને સમયમર્યાદામાં ભલામણ કરવાના હેતુથી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા નામદાર હાઇકોર્ટના નિવૃત્ત મુખ્ય ન્યાયાધીશ કે.એસ. ઝવેરીની અધ્યક્ષતા હેઠળ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં અન્ય પછાત વર્ગો માટે બેઠકો નક્કી કરવા માટે સમર્પિત આયોગની રચના કરવામાં આવેલી હતી. વર્ષ ૨૦૨૧માં સર્વોચ્ચ અદાલતે વિકાસ કિશન રાવ ગવલી વિરુદ્ધ મહારાષ્ટ્ર રાજ્યના ચુકાદામાં સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીમાં ઓ.બી.સી. અનામત નક્કી કરવા માટે ટ્રિપલ ટેસ્ટની ફોર્મ્યુલા આપી, રાજ્યમાં આવેલી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં અન્ય પછાત વર્ગનું પછાતપણું, સ્વરૂપ, અસરો અંગે અનુભવજન્ય ઉંડાણપૂર્વક, કાળજીપૂર્વકની તપાસ કરી આયોગની રચના કરવી, આયોગની ભલામણોના આધારે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાવાર અનામતના પ્રમાણને

સ્પષ્ટ કરવી જેથી કરીને બંધારણીય જોગવાઇઓનું ઉલ્લંઘન ન થાય, કોઇપણ સંજોગોમાં આવી અનામત બેઠકોનું એસ.સી., એસ.ટી., ઓ.બી.સી.ની તરફેણમાં કુલ બેઠકોના ૫૦ ટકાથી વધે નહીં, થોડી થોડી બ્રીફ આપી દઉં.મહારાષ્ટ્રમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર રચાઇ કે તરત જ ૨૭ ટકા આપી દીધું. આ જે સુપ્રીમકોર્ટનો હુકમ થયો એમાં કોઇએ અમલ કર્યો હોય તો ઉત્તરપ્રદેશે કર્યો છે, મહારાષ્ટ્રે કર્યો છે અને જેવી ભારતીય જનતા પાર્ટીની ગઠબંધનની સરકાર બેઠી ત્યાં તરત જ અમલવારી કરી અને ૨૭ ટકા આરક્ષણ આપી દીધું છે. રાજસ્થાનમાં ૨૧ ટકા, બિહારમાં ૨૦ ટકા અને પશ્ચિમ બંગાળમાં શહેરી વિસ્તારો માટે આની કોઇ જોગવાઇ નથી. ચાર રાજ્યોએ આજ સુધીમાં આ ચુકાદાનો અમલ કર્યો છે. ઓ.બી.સી.ની વસતિ ગણતરી કરવા માટે ઝવેરી કમિશનને ડેટા લેવાનો વિષય આવ્યો તો ક્યાંથી લેવો? કલેક્ટર કચેરીની ચૂંટણી શાખામાંથી, આરોગ્ય વિભાગના આંકડા, વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન ધોરણ-૧માં પ્રવેશ કરેલ બાળકો, મતદાર યાદીમાં ઓ.બી.સી. મતદારો, બ્રિટિશ સમયના સેન્સસના આંકડાઓ, કમિશન દ્વારા વિભાગીય કક્ષાએ વિવિધ સમાજો દ્વારા થયેલ રજૂઆતોના આંકડાઓ આ બધું મળીને એમણે જે અભ્યાસ અને તારણ કાઢ્યું તો ગ્રામીણ વિસ્તારમાં ૫૨ ટકા અને શહેરી વિસ્તારમાં ૪૬.૪૩ ટકા મળી ઓ.બી.સી.ની કુલ વસતિ ૫૦ ટકા ઉપર છે એવો અંદાજ કર્યો. એમણે જે પરામર્શ કર્યો એટલે ૩૩ જિલ્લાને ૪ ભાગમાં વહેંચ્યા અને અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ એમ ચાર ઝોનમાં વહેંચીને અભ્યાસ કર્યો છે. એમણે તમામ રાજકીય પક્ષોના અભિપ્રાય પણ લીધા છે. ૧૩ જેટલા રાજકીય પક્ષો રાજ્યમાં નોંધાયેલા છે. ૧૩ પક્ષોને મળીને એમના અભિપ્રાયો લીધા છે અને ઝોન પ્રમાણે જિલ્લા પંચાયતના પ્રમુખો, તાલુકા પંચાયતના પ્રમુખો, કારોબારી કમિટીના ચેરમેન, અન્ય કમિટીઓના ચેરમેનો, દરેક જિલ્લાના પ્રતિષ્ઠિત ઓ.બી.સી. આગેવાનો એમ તમામ રાજકીય પક્ષો, તમામ આગેવાનો ટૂંકમાં આખા રાજ્યનો પ્રવાસ કર્યો છે એમાં ખૂબ સમય લાગ્યો છે. કારણ કે વિષયને ખૂબ ઉંડાણપૂર્વક, સમજપૂર્વક એની અસરો અને ઉંડાણમાં તપાસ કરવા માટે એમને જે સમય જોઇતો હતો એ આદરણીય મુખ્યમંત્રીશ્રીએ વખતો વખત આપ્યો છે અને ખૂબ તારણો એમણે આપ્યાં છે. આ ચર્ચાઓમાં એક તારણ એ હતું કે તમામ રાજકીય પક્ષોમાં ૨૭ ટકાનું રિઝર્વેશન કેટેગરીનું તમામે માગ્યું છે. સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં પણ પછાતપણાના સ્વરૂપ અને અસર અંગે પણ સંપૂર્ણ અને કાળજીપૂર્વકની તપાસ કરવા માટે સમર્પિત આયોગ દ્વારા રજૂ થયેલ અહેવાલના વધુ અભ્યાસ માટે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા રચવામાં આવેલ કેબિનેટ સબ કમિટીની ભલામણો થઇ. એ ભલામણો હતી. ગ્રામીણ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ, ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત તેમજ શહેરી સ્વરાજની સંસ્થાઓ નગરપાલિકા, મહાનગરપાલિકાઓ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિઓના સમુદાયના લોકોને મળનાર હાલના પ્રતિનિધિત્વમાં સમર્પિત આયોગ દ્વારા કોઇ ફેરફાર કરવામાં આવેલ નથી તે બાબતની કેબિનેટ સબ કમિટી દ્વારા નોંધ લેવામાં આવી અને એ બાબતની સંમતિ દર્શાવી. રાજ્યમાં એસ.ટી., એસ.સી.ના જે પણ લોકો અથવા જે પણ સંવિધાનિક અધિકારો એમને મળ્યા છે એમાં એક પણ સીટ આખા રાજ્યમાં ક્યાંય ઓછી થતી નથી. ગ્રામીણ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ એટલે કે ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતમાં શિડ્યુલ વિસ્તાર અને પેસા એક્ટની જોગવાઇઓ લાગુ પડે છે એ સિવાયના વિસ્તારોમાં વોર્ડ બેઠક માટે હોદ્દાઓ પ્રમુખશ્રીઓ અને સરપંચશ્રીઓ અન્ય પછાત વર્ગ ઓ.બી.સી. માટે પણ ૨૭ ટકા અનામત અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગની બેઠકોના હોદ્દાઓ ૫૦ ટકાની મર્યાદામાં રાખવાની સમિતિની ભલામણ હતી. શહેરી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ એટલે કે નગરપાલિકાઓ અને મહાનગરપાલિકા વિસ્તારોમાં પણ વોર્ડ બેઠક અને હોદ્દાઓ માટે પ્રમુખશ્રીઓ, મેયરશ્રીઓ અન્ય પછાતવર્ગ ઓ.બી.સી. માટે ૨૭ ટકા અનામત અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અન્ય પછાતવર્ગ માટે બેઠકો હોદ્દાઓ ૫૦ ટકાની મર્યાદા માટે કમિટીની ભલામણ કરવામાં આવી. બિન અનુસૂચિત વિસ્તારોની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં અનુસૂચિત જનજાતિ અનુસૂચિત વિસ્તાર પેસા એક્ટની જોગવાઇઓ મુજબ અનામત બેઠકો ફાળવવામાં આવેલ છે, જેમાં હાલની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા અનુસૂચિત જનજાતિઓ માટે જે પ્રતિનિધિત્વ સંસ્થાવાર અમલમાં છે તેનો અમલ યથાવત રાખ્યો છે. એસ.ટી.ની સીટ આખા રાજ્યમાં બંધારણીય જોગવાઇ મુજબ આપવામાં આવી છે એને યથાગત રાખવામાં આવી છે. આખા રાજ્યમાં એક પણ સીટનો ઘટાડો થતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, સમર્પિત આયોગ દ્વારા રજૂ કરવામાં આવેલ સ્થાનિક સ્વરાજની સંસ્થાવાર આંકડાકીય માહિતીનું અવલોકન કરતા સમગ્ર રાજ્યની ગ્રામીણ, શહેરી વિસ્તારની તમામ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં સંસ્થાવાર હાલની ૧૦ ટકા નીતિને અનુરૂપ અન્ય પછાત વર્ગોના ફાળે બેઠકો ફળવાયેલ છે. પરંતુ સમર્પિત આયોગ દ્વારા અન્ય પછાત વર્ગોને બેઠકોની ફાળવણીની ભલામણ કરતા પેસા વિસ્તાર અને નોન-પેસા વિસ્તારમાં કેટલીક સંસ્થાઓમાં, નોન-પેસા વિસ્તાર એટલે મેં જે કહ્યું એ ૧૦ તાલુકાઓ કે જેની અંદર આદિવાસીઓની વસ્તી વધી જાય છે એવા વિસ્તારોમાં પણ અન્ય કેટલીક સંસ્થાઓમાં અન્ય પછાત વર્ગોની બેઠકો રદ થઇ જાય છે તેવી સંસ્થાઓમાં ગુજરાત પંચાયત એક્ટ અધિનિમય ૧૯૯૩ની કલમ ૯, ૧૦, ૧૧ તથા ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ-૬ તેમજ આ અધિનિયમમાં વખતો વખતના સુધારા-વધારા અનુસાર અન્ય પછાત વર્ગોને એટલે કે ઓ.બી.સી.ને અગાઉની ૧૦ ટકાની નીતિ મુજબ ફાળવેલ આરક્ષિત બેઠકો યથાવત રાખવા કમિટીએ ભલામણ કરેલ છે. સાહેબ, એક વાત ઉપર અહીંયા ધ્યાન દોરી દઉં કે, મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓમાં આ પ્રકારની પરિસ્થિતિ ઉદભવતી નથી. આ જે ભલામણો કર્યા પછી આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના નેતૃત્ત્વમાં તેની કેબિનેટ મળી તે વખતે કેબિનેટ કમિટીએ પોતાની ભલામણો મૂકી છે અને એ

કેબિનેટમાં શું થયું? ગ્રામીણ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ તેમજ શહેરી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં અનુસૂચિત જાતિ તેમજ અનુસૂચિત જનજાતિના સમુદાયના લોકોને મળનાર હાલના પ્રતિનિધિત્ત્વમાં સમર્પિત આયોગ દ્વારા કોઇ જ ફેરફાર કરવામાં આવેલ નથી. તે બાબતની કેબિનેટની સબ-કમિટી દ્વારા નોંધ લેવામાં આવી. તે બાબતની સંમતિ કેબિનેટ દ્વારા આપવામાં આવી. ગ્રામીણ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ એટલે કે જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, ગ્રામ પંચાયત, શિડ્યુલ વિસ્તારો અને પેસા એકટની જોગવાઇઓ લાગુ પડે છે તે સિવાયના વિસ્તારોમાં (અંતરાય)...

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, એક મિનિટ બેસો, પાણી પીવું હોય તો પી લો. ૪૦ મિનિટનો સમય આપનો પૂરો થયો છે. એટલે મારું એટલું કહેવું છે કે અત્યારે ૪-૦૦ વાગ્યા છે અને આ બિલ છે એના પછી પણ એક બિલ છે. આમાં બોલવા માટે આ તરફથી મને ૧૪ જેટલાં નામો મળ્યાં છે. અહીંથી ૫ એટલે લગભગ ૧૯ જેટલાં નામો છે અને આપના સહિત લગભગ ૧૯-૨૦ લોકો થાય છે અને બીજા એક-બે લોકો હશે. તો મને લાગે છે કે થોડુંક હવે, બાકી બીજા ૨ મંત્રીશ્રીઓ પણ બોલવાના છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારું પ્રવચન પૂરું થાય એટલે..

અધ્યક્ષશ્રી : હું આપને રોકી શકતો નથી. બિલ ઉપર કેટલું બોલવું એ આપનો અધિકાર છે. હું માત્ર ધ્યાન દોરી શકું છું. સમય મર્યાદા આપણે આ પ્રમાણેની બનાવી લઇએ.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : આપશ્રી જે વાત કરી રહ્યા છો એની સંજ્ઞાન અમે બરાબર લઇ રહ્યા છીએ. ૫ સભ્યો ત્યાંથી બોલવાના હોય, આમ તો એના કરતા સંખ્યાના પ્રમાણમાં સંખ્યા અહીંયા વધે પણ..

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, એ વિષય નથી. બિલ ઉપર એવું નહીં કરી શકાય. બિલ ઉપર ૧૯ લોકો છે એ બોલશે અને જેને જેટલું બોલવું હોય એટલું બોલી શકશે. ખાલી આપના ધ્યાન ઉપર મૂકું છું.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : જી. માનનીય અધ્યક્ષશ્રી, આપે કહ્યું એટલે ગ્રામીણ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં એટલે કે જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતોમાં શિડ્યુલ વિસ્તારો અને પેસા એક્ટની જોગવાઇઓ લાગુ પડે છે તે સિવાયના વિસ્તારોમાં વોર્ડ બેઠક માટે અને હોદ્દાઓ માટે પછાત વર્ગ માટે ૨૭ ટકા અનામત રાખવા માટેની કમિટીની ભલામણ એ બાબતની પણ સંમતિ દર્શાવી. શહેરી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ એટલે મહાનગરપાલિકા, નગરપાલિકા વિસ્તારમાં પણ વોર્ડ બેઠક હોદ્દાઓ માટે પણ ૨૭ ટકા બેઠકનું કમિટીએ નિર્ણય કર્યો. બિન અનુસૂચિત વિસ્તારોમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં અનુસૂચિત જનજાતિ એસ.ટી., અનુસૂચિત વિસ્તાર પેસા એકટની જોગવાઇઓ મુજબ બેઠકો ફાળવવામાં આવેલ છે. જેમાં હાલની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા અનેસૂચિત જનજાતિ માટે જે પ્રતિનિધિત્વ સંસ્થાવાર અમલમાં છે, તેનો અમલ યથાવત રાખવા માટે કેબીનેટે નિર્ણય કર્યો છે. એક પણ એસ.ટી.ની સીટ નહીં ઘટે એ પ્રમાણેનો નિર્ણય કર્યો છે. સમર્પિત આયોગ દ્વારા અન્ય પછાત વર્ગોની ઓ.બી.સી. બેઠકોની ફાળવણીની ભલામણ કરતા પેસા વિસ્તાર અને નોન પેસા વિસ્તારમાં જે સંસ્થાઓમાં અન્ય પછાત વર્ગોની બેઠકો ઘટી જાય કે રદ થઇ જાય એવી સંસ્થાઓમાં ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ-૯, ૧૦, ૧૧, ૫૧, ૬૩, ૭૭ અને ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ ૧૯૪૯ ની કલમ-૫ તેમજ ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ-૬ તેમજ આ અધિનિયમોમાં વખતોવખત થયેલા સુધારા-વધારાઓ અનુસાર અન્ય પછાત વર્ગોને ઓ.બી.સી.ની અગાઉની ૧૦ ટકા નીતિ મુજબ ફાળવેલ આરક્ષિત બેઠકો અને હોદ્દાઓ યથાવત રાખવાનો કેબીનેટે નિર્ણય કર્યો છે. આમાં ૫૦ ટકાની એક જે સીલિંગ બાકી હતી. હવે આ પેસા વિસ્તારમાં નોન શિડ્યુલ્ડ વિસ્તારમાં અને જ્યાં આદિવાસીઓની સંખ્યા વધારે છે એવા ૧૦ તાલુકાઓની અંદર ઓ.બી.સી.ને અનામત ન મળે એવી પરિસ્થિતિ હતી એટલે રાજય સરકારે નકકી કર્યું કે ત્યાં પણ નાનીમોટી સંખ્યામાં ઓ.બી.સી. છે જ એને કયાંય ગેરલાભ ન થાય અને કયાંય એમના મનમાં અન્યાયની લાગણી ઊભી ન થાય એટલે ૧૦ ટકાની વખતોવખતની અનામત રાખવાની ઓ.બી.સી.ની સીટો પણ આપણે યથાવત રાખી. કેબીનેટ દ્વારા લેવાયેલા ઉપર મુજબના નિર્ણય અન્વયે સ્થાનિક સ્વરાજની સંસ્થામાં અન્ય પછાત વર્ગોની બેઠકો, હોદ્દાઓ ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ ૧૯૪૯, ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ અને ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની સંબંધિત કલમોમાં સુધારા કરવાના થાય. આ વિધેયક લાવવાનો ઉદ્દેશ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં અન્ય પછાત વર્ગની બેઠકો અને હોદ્દાઓની જરૂરી જોગવાઇઓ કરવા માટે સંબંધિત અધિનિયમોમાં તેને સંલગ્ન જોગવાઇઓમાં સુધારા વધારા કરવા જરૂરી છે. ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ ૧૯૪૯ ની કલમ-૫, ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ-૬, ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ-૯, ૧૦, ૧૧, ૫૧, ૬૩ અને ૭૭માં પ્રવર્તમાન જોગવાઇઓને બદલે ઝવેરી કમિશનની ભલામણો મુજબ અન્ય પછાત વર્ગો માટેની અનામતની જોગવાઇ કરાવવા સુધારા કરવા ખૂબ જરૂરી છે. સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં અન્ય પછાત વર્ગોની બેઠકો અને હોદ્દાઓ માટે ૨૭ ટકા અનામત આપવા અમારી સરકાર પ્રતિબદ્ધ છે. ઝવેરી કમિશન એ ગુજરાતના તમામ રાજકીય પક્ષ, પંચાયતના પદાધિકારીઓ, પ્રતિષ્ઠિત આગેવાનો વગેરે સાથે અન્ય પછાત વર્ગોને અનામત આપવા પરામર્શ કર્યો હતો એ તમામે એક સૂરે કયાંય ડિફરન્સ ઓફ ઓપિનિયન નહીં, તમામે એક સૂરે ૨૭ ટકા અનામત આપવી જોઇએ તેવી રજૂઆત કરવામાં આવી હતી અને રાજય સરકારે પુખ્ત વિચારણાના અંતે આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં ૨૭ ટકા અનામત આપવાની સરકારે કટિબદ્ધતા દર્શાવી છે. સામે બેઠેલા કોંગ્રેસના પણ મિત્રો જ

છે. એમની પણ લાગણી હોય. પછાત વર્ગના, ઓ.બી.સી. વર્ગના લોકોને અનામત મળે એમાં કોઇ વિરોધ ન હોઇ શકે પણ *(xxx) કદાચ ખોટું પડતું હોય તો કાઢી લેજો.

અધ્યક્ષશ્રી : એ શબ્દને હું દૂર કરું છું.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : મારી વિનંતી છે કે તમામ મિત્રો આ ૨૭ ટકા ઓ.બી.સી. અનામત માટે એક સૂરે અમે સૌ અહીંયા બેઠેલા લોકો પછાત વર્ગના લોકો માટે એક છીએ. પછાત વર્ગના લોકોના કલ્યાણ માટે વિવિધ યોજનાઓ માટે અને એના ઉત્કર્ષ માટે સૌ એક છીએ એવો મેસેજ આ ગૃહમાંથી જવો જોઇએ એવી મારી આપ સૌને વિનંતી છે. જય જય ગરવી ગુજરાત. ભારત માતા કી જય.

શ્રી અમિત ચાવડા(આંકલાવ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ ખૂબ લંબાણપૂર્વક વિષયોકત બાબતો રજૂ કરી છે. કદાચ તમારા માટે ઓ.બી.સી. સમાજ કોઇ વોટબેંક હશે, રાજનીતિનું માધ્યમ હશે. અનામત આંદોલનની વાત કરવામાં આવી. અનામત આંદોલનમાં પત્થર મારવાવાળા કોણ હતા, બસો સળગાવવાવાળા કોણ હતા, ઝાડો કાપવાવાળા કોણ હતા અને ધરપકડો કોની થઇ હતી તેના આજે પણ પોલીસ સ્ટેશનોનાં રેકર્ડમાં નામ છે. *(xxx)

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) વિધેયક-૨૩-૨૦૨૩ લઇને આવ્યા છે અને માનનીય મંત્રીશ્રીએ તેમાં સુપ્રીમકોર્ટની પિટિશનની વાત કરી. વર્ષ ૨૦૧૦, ૨૦૨૧, ૨૦૨૨ની અલગ અલગ પિટિશનોની વાત કરી. તે પિટિશનો થવા પાછળનું કારણ શું હતું? અલગ અલગ રાજ્યોમાં અલગ અલગ સરકારો દ્વારા સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ માટે જે અનામતની ટકાવારી હતી તે જુદી જુદી હતી અને તેમાં કેટલીક જગ્યાએ આ ટકાવારી ૫૦ ટકાને ક્રોસ કરી જતી હતી અને તેના કારણે જે વિવાદ ઊભા થયા તે ત્યાંની અદાલતોથી લઇને સુપ્રીમકોર્ટ સુધી આવ્યા. સુપ્રીમકોર્ટે વર્ષ ૨૦૧૦માં પણ એક ચુકાદો આપ્યો અને તેમાં ઓબ્ઝર્વેશન હતા કે, કોઇપણ રાજ્યની સરકારો છે તેને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં અનામત આપતા પહેલાં પોતાના રાજ્યમાં જે તે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ છે, તેની બોડી છે, યુનિટ છે, ગ્રામ પંચાયત હોય, તાલુકા પંચાયત હોય, જિલ્લા પંચાયત હોય, નગરપાલિકા હોય, મહાનગરપાલિકા હોય તેને એક યુનિટ ગણવામાં આવે છે. આ યુનિટમાં ઓ.બી.સી. સમાજની કેટલી વસતિ છે તેની વસતિ ગણતરી કરવી જોઇએ. જે યુનિટમાં ઓ.બી.સી. સમાજની જેટલી વસતિ છે તેને ૫૦ ટકાની અપર સીલિંગને ધ્યાનમાં રાખી અનામત આપવી જોઇએ. તેના અનુસંધાનમાં સુપ્રીમકોર્ટે બધાં રાજ્યોને તેના માટે વસતિ ગણતરી કરવાનું પણ કહ્યું હતું. વર્ષ ૨૦૧૦ના સુપ્રીમકોર્ટના ચુકાદાની કોપી મારી પાસે છે. ડૉ.કૃષ્ણામૂર્તિ વિરુદ્ધ ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા, સ્પે.સી.એ.નં. ૨૪૫ ઓફ ૧૯૯૫. આમાં કોર્ટે એક ઓબ્ઝર્વેશન કર્યું છે કે, the nature and purpose in reservation in the contxt of local self government is different from that in higher education and public employment.

માનનીય અધ્યક્ષશ્રી, અહીં ઘણીવાર ચર્ચા કરવામાં આવે અને ગુજરાતની જ વાત કરીએ તો એજ્યુકેશન અને એમ્પ્લોઇમેન્ટમાં આપણી રાજ્ય સરકારોએ ૭ ટકા અનામત એસ.સી. સમાજ માટે, ૧૪ ટકા અનામત એસ.ટી. સમાજ માટે અને ૨૭ ટકા અનામત ઓ.બી.સી. સમાજ માટે આપવાનું નક્કી કર્યું હતું અને તે મુજબની વ્યવસ્થા છે. જયારે લોકલ બોડીઝમાં અનામત આપવાની વાત આવે તો આ સુપ્રીમકોર્ટના ઓબ્ઝર્વેશન સ્પષ્ટ છે કે, લોકલ બોડીઝ માટે અનામત આપવાની થાય ત્યારે શિક્ષણ અને રોજગાર માટે, નોકરીઓમાં જે અનામતની વ્યવસ્થા છે તેના કરતાં ડિફરન્ટ છે. દરેક યુનિટમાં જેની જેટલી વસતિ છે તે મુજબ તેમને અનામત મળવી જોઇએ. એસ.સી. સમાજની ૭ ટકા અનામત આપવાની વ્યવસ્થા શિક્ષણ અને નોકરીમાં છે પણ સ્થાનિક સ્વરાજની સંસ્થામાં તે યુનિટમાં ૭ ટકા વસતિ એસ.સી.ની ન હોય તો તેને ત્યાં ૭ ટકા બેઠકો નથી મળતી. એસ.ટી. સમાજ માટે શિક્ષણ અને નોકરીઓમાં ૧૪ ટકા અનામતની વ્યવસ્થા છે. પણ સ્થાનિક સ્વરાજની સંસ્થામાં તે યુનિટમાં એસ.ટી.ની ૧૪ ટકા વસતિ ન હોય તો તેને ૧૪ ટકા અનામત નથી મળતી. આ સ્પષ્ટ છે. સુપ્રીમકોર્ટની ગાઇડલાઇન પણ સ્પષ્ટ છે. વર્ષ ૨૦૧૦માં ચુકાદો આવ્યો. આપણી સરકારે તેના માટે કોઇ કાર્યવાહી ન કરી. ત્યાર પછી વર્ષ ૨૦૨૧નો ચુકાદો આવ્યો અને તેમાં સુપ્રીમકોર્ટે સ્પષ્ટ કહ્યું કે, હવે દરેક રાજ્યો જો આના માટે કોઇ ગણતરી કરીને નિર્ણય નહીં લીધો હોય તો સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાંથી ઓ.બી.સી. અનામત એકવાર નાબૂદ કરવાની. આપણી સરકારે તો કોઇ કાર્યવાહી કરી જ નથી. ભલે આપણા તત્કાલીન મુખ્યમંત્રી અને આજના આપણા દેશના વડાપ્રધાનશ્રી આખા દેશમાં *(xxx)ઓ.બી.સી. પરિવારમાંથી આવે છે, ગરીબ પરિવારમાંથી આવે છે એમ આપણે આખા દેશમાં ઢંઢેરો પીટીએ પણ આપણા ત્રણ દાયકાના શાસનમાં ગુજરાતમાં ઓ.બી.સી. સમાજની ચિંતા ક્યારેય કરી નથી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય અમીતભાઇ, બેસો આપ. *(xxx) એવું લગભગ કોઇ જગ્યાએ જો આપની પાસે આધાર પૂરાવા હોય તો આપ મૂકી શકો. આ આપના શબ્દો *(xxx) એ શબ્દો રેકોર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, એમની હું આપને સ્પીચ આપીશ, ગરીબ સમાજ, પિછડા સમાજમાંથી હું આવું છું. શું પરિસ્થિતિ હતી, શું કરતા હતા એનું મારે વર્ણન કરવું નથી. કયાં ચા વેચતા હતા અને શું કરતા હતા એ ચર્ચાનો વિષય નથી. (અંતરાય)

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

અધ્યક્ષશ્રી : માનનીય અમીતભાઇ, બેસો તમે, મારે ફરી એક વખત આપને સૂચના આપવી પડશે. જે વિધાનસભા ગૃહમાં હાજર નથી એમના વિશે આપણે એ રીતનો ઉલ્લેખ ન કરીએ. નેગેટીવ ઉલ્લેખ ન કરીએ, વળી સામે આવશે, મારી બંને પક્ષોને વિનંતી છે કે, આ બાજુ દેશના પ્રધાનમંત્રીશ્રી હોય કે ત્યાં સોનિયા ગાંધી હોય એ અહીંયા હાજર નથી તો એમના સામે આક્ષેપ પ્રતિ આક્ષેપમાં આપણે ન પડીએ તો વધારે સારું. (અંતરાય) ફરી આપને કહું છું કે, તમે એનો ઉલ્લેખ ન કરી શકો.

શ્રી શૈલેષભાઇ પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપ શ્રી અમીતભાઇને જે રીતે રોકી રહ્યા છો ત્યારે આપના આદેશનું સો ટકા પાલન થશે, પણ માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી જ્યારે પોતાની વાત રજૂ કરતા હતા ત્યારે પોતે સંસદીય બાબતોના મંત્રી છે ત્યારે તેઓ પોતે જાણે છે કે, જે વ્યક્તિ આ ગૃહમાં ન હોય એ વ્યક્તિનું નામ બોલી શકાતું નથી. સાહેબ, આપ રેકર્ડ ચેક કરજો. એમને ટોકવાના હતા, અસંખ્ય મહાનુભાવોનાં નામ તેઓ પોતાની સ્પીચમાં બોલ્યા છે ત્યારે આપને અમે વિનંતી કરીએ છીએ કે, એ પણ રેકર્ડ ઉપરથી દૂર થવા જોઇએ.

અધ્યક્ષશ્રી : હા, જે વ્યક્તિ અહીંયા હાજર ન હોય, હાજર ન હોવાને કારણે તેનો જવાબ એ આપી શકતા નથી એટલા માટે એમની ટીકા કરી શકાતી નથી. એનો ઉલ્લેખ કરીને એમના વિશેની વાત કરવામાં કોઇ પ્રતિબંધ નથી. પરંતુ જે વ્યક્તિ વિધાનસભા ગૃહમાં હાજર નથી અને એ વ્યક્તિ એનો જવાબ આપી શકતા નથી તો એમના માટેની ટીકા કરી શકાતી નથી. એટલા માટે આ બાબતને આપ સૌએ જરા ધ્યાન ઉપર લેવી જોઇએ.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મોદી સાહેબ ઓ.બી.સી. સમાજમાંથી આવે છે, એમણે આખી દુનિયાને કહ્યું છે. ચા વેચવાથી લઇને રેલવે પ્લેટફોર્મની આખી ચોપડીઓ છપાઇ છે અને એનું આપણે ગૌરવ લઇએ છીએ એમાં કોઇ ખોટી વાત જ નથી પણ મારી વાત એટલી જ છે કે, આ સુપ્રીમકોર્ટના જજમેન્ટને કારણે જે સ્થિતિનું નિર્માણ થયું અને આપણી આટલાં વર્ષોથી સરકાર છે, ત્યારે આજ કાલમાં સુપ્રીમકોર્ટમાં કેસ નહોતો થયો, વર્ષ ૧૯૯૫ની સાલથી કેસ ચાલતો હતો અને હું માનું છું કે, આજની સરકાર સતત ત્રણ દાયકાથી ગુજરાતમાં સત્તામાં છે પણ આપણે ક્યારેય ચિંતા ન કરી. વર્ષ ૧૯૯૩માં ૧૦ ટકા સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં ઓ.બી.સી. માટે અનામત લાવવામાં આવી તો આ ૩૦ વર્ષ સુધી તમને કેમ ક્યારેય વિચાર ન આવ્યો કે આપણે આ ૧૦ ટકા ઓછી છે, રાજયમાં ૫૨ ટકા વસતિ છે? કોંગ્રેસના શાસનમાં ૨૭ ટકા અનામત અપાયેલી હતી તો આપણે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં ૨૭ ટકા આપીએ. અત્યાર સુધી કોઇ કાર્યવાહી ન કરી પણ જ્યારે સુપ્રીમકોર્ટે વર્ષ ૨૦૨૨માં ચુકાદો આપ્યો અને અમલ કરવો પડ્યો અને જુલાઇ ૨૦૨૨માં અચાનક સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાંથી ઓ.બી.સી. માટેની પંચાયતોમાં જે અનામત હતી એ નાબૂદ કરી અને ચૂંટણી માટેનું જાહેરનામું બહાર પડ્યું એના કારણે વિરોધ થયો અને આખા ગુજરાતમાં સરકાર સામે સવાલો ઊભા થાય અને એના કારણે ૮મી જુલાઇ, ૨૦૨૨ના ઠરાવથી આપણે સમર્પિત આયોગની જાહેરાત કરી. નિવૃત્ત જસ્ટિસ ઝવેરી સાહેબના અધ્યક્ષ સ્થાને આયોગ બન્યું. જ્યારે આયોગ બનાવવામાં આવ્યું ત્યારે સ્પષ્ટ હતું કે ૯૦ દિવસની અંદર આયોગે અભ્યાસ કરીને બધી માહિતી મેળવીને બધાને સાંભળીને એનો રિપોર્ટ આપવાનો છે અને એ રિપોર્ટનો સરકાર તાત્કાલિક અમલ કરશે. અહીંયા માનનીય મંત્રીશ્રીએ મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, યુ.પી.ની વાત કરી. ત્યાંની સરકારોએ રિપોર્ટ આવ્યો કે તરત તેનો અમલ પણ કર્યો. આપણે ૯૦ દિવસમાં રિપોર્ટ ના આવ્યો. એક વખત મુદત વધારી, બીજી વખત મુદત વધારી મને આજે પણ યાદ છે કે, સમર્પિત આયોગની જયારે જાહેરાત થઇ અને પહેલી વખત ઓબીસી સમાજના આગેવાનો કોંગ્રેસનું ડેલીગેશન લઇને મળવા ગયા તો એક બંગલાની અંદર તેમને ઓફિસ ફાળવવામાં આવી હતી કે *(xxx) અને એ આયોગને ૫૨ ટકા ગુજરાતની વસતિના ભવિષ્યની ચિંતા કરવાની જવાબદારી સોંપવામાં આવી હતી. ત્યારે અમે રજૂઆત કરી હતી કે, તમે એક જગ્યાએ આખા ગુજરાતના લોકોની, ફરિયાદો, રજૂઆતો સાંભળવાની વાત કરો છો પણ ગરીબ સમાજ છે, ઓછો શિક્ષિત સમાજ છે, જાગૃત સમાજ નથી. આટલી બધી ૧૪૬ કરતા વધારે જ્ઞાતિઓનો બનેલો ઓબીસી સમાજ છે તો એ લોકો ગાંધીનગર નહીં પહોંચી શકે. તમારે ઝોનવાઇઝ સાંભળવા જોઇએ અને તેમણે વાતનો સ્વીકાર કરી ઝોનવાઇઝ સુનાવણી રાખી. લગભગ હજારોની સંખ્યામાં લોકોએ અલગ અલગ રીતે ત્યાં રજૂઆતો કરી. સર્વ પ્રથમ જયારે આ ડેટા મેળવવાની વાત આવી કે વસતિ કયાં કેટલી છે? તો સરકારના અલગ અલગ વિભાગો કયાંક કલેકટર ઓફિસ હશે, કયાંક મામલતદાર ઓફિસ હશે, કયાંક ગ્રામ પંચાયતની કચેરીઓ હશે એ અલગ અલગ વ્યવસ્થામાંથી ડેટા મંગાવવામાં આવ્યા પણ એ ડેટા ચોક્કસ આધાર અને તથ્ય વગરના ડેટા આવતા હતા અને એટલા જ માટે અમદાવાદ જેવું શહેર હોય તો પહેલો પ્રાથમિક ડેટા આવ્યો કે ફકત ૧૯ ટકા વસતિ ઓબીસી સમાજની છે અને આ વાત આયોગ પણ ના સ્વીકારી શકયું અને એટલા જ માટે આયોગે અલગ અલગ જે વ્યવસ્થાઓ છે તે મતદાર યાદી નોંધણીની વાત હોય, જન્મની નોંધણીની વાત હોય કે સ્કૂલમાં એડમિશનની વાત હોય તો એવી અલગ અલગ જે પણ ડિપાર્ટમેન્ટની વ્યવસ્થા છે તેમાંથી ડેટા એકત્રિત કર્યો અને તેના આધારે આગળ કાર્યવાહી કરી. અમને આશા હતી કે ૯૦ દિવસમાં રિપોર્ટ આવશે એટલે જુલાઇમાં આયોગ બન્યું. ઓકટોબર સુધી તેનો રિપોર્ટ આવે અને આખા ગુજરાતમાં જે સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ ડ્યુ હતી તે ચૂંટણીઓ સમયસર થશે. પણ ત્રણ મહિનામાં રિપોર્ટ ના આવ્યો તેના કારણે મુદતો વધારી, મુદત વધારવાને કારણે આખા

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દ અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તા. ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૨૩

ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) વિધેયક, ૨૦૨૩

ગુજરાતમાં પરિસ્થિતિ શું નિર્માણ થઇ કે લગભગ ૭ હજાર જેટલી ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ ડ્યુ હતી. ખેડા અને બનાસકાંઠા બે જિલ્લા પંચાયતોની ચૂંટણીઓ ડ્યુ હતી. લગભગ ૧૭ જેટલી તાલુકા પંચાયતની ચૂંટણીઓ ડ્યુ હતી. લગભગ ૭૦ કરતા વધારે નગરપાલિકાઓની ચૂંટણીઓ ડ્યુ હતી. આમ તો લોકલ બોડીના આપણા કાયદાઓ મુજબ વહીવટદારો છ મહિનાથી વધારે ના મૂકી શકાય પણ એ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વહીવટદારો મૂકવામાં આવ્યા. એક તરફ ફેબ્રુઆરીમાં મુદત પૂરી થઇ તેમ છતાં રિપોર્ટ ના આવ્યો. આ જ વિધાનસભાના ગૃહમાં મેં માર્ચ મહિનામાં મુદ્દો ઉઠાવ્યો કે આની મુદત પૂર્ણ થઇ ગઇ છે. આખા ગુજરાતમાં વહીવટદારોનું શાસન ચાલે છે તો શું કામ રિપોર્ટ રજૂ કરવામાં આવતો નથી? સરકાર ક્યારે તેના ઉપર કાર્યવાહી કરશે? તો આ જ ગૃહમાં માનનીય મંત્રી શ્રીમતી ભાનુબહેને ઉભા થઇને ખાતરી આપી હતી કે થોડા દિવસોમાં અમે એ રિપોર્ટ લઇ અને તેની ઉપર કાર્યવાહી કરીશું આ રેકોર્ડ ઉપર છે.

માનનીય અધ્યક્ષશ્રી, માર્ચ મહિનામાં વિધાનસભામાં કહ્યું હતું પણ કોઇ કાર્યવાહી ના થઇ. એપ્રિલ મહિનામાં અમે જસ્ટિસ ઝવેરીજી પાસે ફરી ગયા અને પૂછ્યું કે સાહેબ કયારે રિપોર્ટ આવશે? *(xxx) તેમ છતાં પણ રિપોર્ટ માટેની કોઇ કાર્યવાહી ના થઇ. મને યાદ છે. અમે ૧૧મી એપ્રિલ, ૨૦૨૩ના રોજ કોંગ્રેસના બધા આગેવાનોનું ડેલિગેશન લઇને નામદાર રાજયપાલશ્રી પાસે ગયા. નામદાર મહામહિમ આખા ગુજરાતમાં ચૂંટણીઓ ડ્યુ છે, વહીવટદારોનું શાસન છે, પર ટકા વસતિ ધરાવતા સમાજના ભવિષ્ય સાથે રાજકીય અસ્તિત્વ સાથે જોડાયેલો વિષય છે અને સરકાર બિલકુલ બેધ્યાન છે કાં તો સરકારની નીતિ અને નિયત સારી નથી એના કારણે આ રિપોર્ટ લેવામાં આવી રહ્યો નથી તો રાજયપાલશ્રી હસ્તક્ષેપ કરે અને આ રિપોર્ટ ઝડપથી લેવડાવે. મારે માનનીય રાજયપાલશ્રીનો આભાર માનવો પડે કે અમે મળ્યા પછી તેમણે જે પણ સરકારને સૂચના આપી હશે પણ તરત ૧૩મી એપ્રિલ, ૨૦૨૩ના રોજ સરકારે રિપોર્ટ સ્વીકાર્યો. અમને પણ આનંદ થયો કે મોડા-મોડા પણ સરકારે રિપોર્ટ સ્વીકાર્યો એટલે હવે તરત કાર્યવાહી થશે, હવે તરત ચૂંટણીઓની પ્રક્રિયા થશે, પણ ૧૩ એપ્રિલના રોજ સ્વીકારેલા રિપોર્ટ પર ઓગસ્ટ મહિના સુધી કોઇ કાર્યવાહી ના થઇ. માનનીય મંત્રીશ્રી ઓ.બી.સી. સમાજની ચિંતા કરતા હતા પણ ચાર મહિને રિપોર્ટ આવ્યો પણ એને બાજુ પર મૂકી રાખવામાં આવ્યો. એના પર અભ્યાસ કરવા માટે કમિટી ન બની. એની ઉપર કોઇ કાર્યવાહી કરવામાં ન આવી. ફરી આખા ગુજરાતના ઓ.બી.સી. સમાજના આગેવાનો, કાર્યકરો, સામાજિક સંગઠનો સૌ ભેગા થયા કે ''સરકારને તો આપણી ચિંતા નથી. સરકાર તો આપણને અન્યાય કરી જ રહી છે પણ આપણે આપણા સ્વાભિમાન માટે લડવું પડશે.'' મને યાદ છે કે ગાંધીનગર સર્કિટ હાઉસ ખાતે એક બેઠક મળી અને બધાએ ભેગા થઇને નક્કી કર્યું કે આની સામે આંદોલન કરીએ અને એના ભાગરૂપે ત્રણ વખત મંજૂરી ન આપી અને ચોથી વખત મંજૂરી આપી. તા. ૨૨ ઓગસ્ટ, ૨૦૨૨ના રોજ ગાંધીનગરના સત્યાગ્રહ છાવણીના મેદાનમાં આખા ગુજરાતના ઓ.બી.સી. સમાજના લોકો હજારોની સંખ્યામાં ભેગા થયા. એની સાથે એસ.સી., એસ.ટી. અને માઇનૉરિટી સમાજે પણ ટેકો કર્યો. બિન અનામત વર્ગના આગેવાનોએ આવીને પણ ટેકો કર્યો કે તમારી વાત વ્યાજબી છે અને આ પ્રશ્ન માત્ર ઓ.બી.સી. સમાજનો નથી પણ આખા ગુજરાતની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણીઓ અટકી રહી છે અને સરકારના માનીતા લોકોને વહીવટદાર તરીકે મૂકીને સરકાર મનમાન્યો વહીવટ કરે છે. આને કારણે આ આંદોલન થયા અને એના કારણે સરકારને બીક લાગી હોય કે સરકાર જાગી હોય કે દિલ્હીથી ફોન આવ્યો હોય પણ તા.૨૨મી ઓગસ્ટે સ્વાભિમાન આંદોલન થયું. હજારો લોકો ગાંધીનગરમાં આવ્યા અને તરત જ બીજા દિવસે સરકારે પાંચ મંત્રીઓની કમિટી બનાવી. ૧૩ એપ્રિલે રિપોર્ટ આવ્યો એ પછી ૧૦ દિવસ કે મહિનામાં કમિટી બનાવી હોત તો હું માનત કે સરકારને ત્વરિત પગલાં લેવાં હતાં, પણ ચાર મહિના સુધી કમિટી ના બનાવી અને સ્વાભિમાન આંદોલનમાં હજારો લોકો ઉમટ્યા અને એટલા માટે કમિટીની જાહેરાત કરી. કમિટીએ અભ્યાસ કરવા માટે વધારે સમય ન લીધો. એક જ અઠવાડિયામાં કમિટીએ અભ્યાસ કરી લીધો અને તા.૨૯ ઓગસ્ટના રોજ રાજ્ય સરકારવતી જાહેરાત કરવામાં આવી કે અમે ૨૭ ટકા અનામત ગુજરાતના નોન પેસા એક્ટવાળા વિસ્તારો માટે અને પેસા એક્ટવાળા એટલે કે આદિવાસી વિસ્તારો માટે ૧૦ ટકા અનામતની જાહેરાત કરીએ છીએ. આ પૂર્વ ભૂમિકા છે.

માનનીય અધ્યક્ષશ્રી, હવે સુપ્રીમકોર્ટે જે જજમેન્ટ આપ્યું હતું એમાં ડાયરેક્શન શું હતા? રાજ્ય સરકારે ઓ.બી.સી. સમાજની વસતીની ગણતરી કરવાની છે અને એ પણ યુનિટવાઇઝ કરવાની છે અને યુનિટવાઇઝ રિઝર્વેશન આપવાનું છે. અમદાવાદમાં એસ.સી., એસ.ટી., ઓ.બી.સી.નું રિઝર્વેશન જુદું હોઇ શકે. વડોદરામાં જુદું હોઇ શકે છે. રાજકોટ કે સુરતમાં જુદું હોઇ શકે છે. આણંદ, અમરેલી, બનાસકાંઠામાં જુદું હોઇ શકે છે પણ સરકારે એ બાબતની કોઇ ચિંતા કરી નહિ. જ્યારે ઝવેરી કમિશનનો રિપોર્ટ સબમિટ કરવામાં આવ્યો, એની પર કમિટી બેઠી ત્યારે નિર્ણય કરતાં પહેલાં, આ બિલ લાવતા પહેલાં સરકારે ઝવેરી કમિશનનો રિપોર્ટ પબ્લિક ડોમેઇનમાં ઉપલબ્ધ કરાવ્યો હોત, આ ગૃહના સભ્યોને ઉપલબ્ધ કરાવ્યો હોત તો શ્રી કુંવરજીભાઇ કે શ્રી અલ્પેશભાઇ અને બાકીના સમાજના આગેવાનો છે, અહીં બેઠેલા ઓ.બી.સી. સમાજના મતથી ચૂંટાઇને આવેલા પ્રતિનિધિઓ છે એને અને ગુજરાતની જનતાને ખબર પડત કે ઝવેરી પંચ દ્વારા શું ભલામણો કરવામાં આવી હતી અને સરકારે શું નિર્ણય લીધો. તો હું માનત કે ઝવેરી પંચ દ્વારા જે ભલામણો થઇ એનો સરકારે સ્વીકાર કર્યો કે પોતાના મન ફાવે એવા રાજકીય એજન્ડા મુજબ જાહેરાત કરી. આજે સવારે પણ અમે પ્રેસ કૉન્ફરન્સ કરીને સરકારને વિનંતી કરી કે આ બિલ આવે છે તો આ ગૃહના સભ્યો સમક્ષ સરકાર રિપોર્ટ લાવે. આ ગૃહના સભ્ય તેનાથી માહિતગાર થાય તો આ ગૃહમાં ચર્ચા કરતી વખતે ખ્યાલ આવે કે ઝવેરી કમિશન દ્વારા શું ભલામણો કરવામાં આવી છે! સાચા અર્થમાં તમે ઓ.બી.સી. સમાજને ન્યાય કર્યો

છે કે ઓ.બી.સી. સમાજ સાથે છેલ્લાં ૩૦ વર્ષથી જે અન્યાય અને ભેદભાવ કરો છો તે જ રીતે આ નિર્ણયમાં પણ અન્યાય અને ભેદભાવ કરવામાં આવ્યો છે. મારી માહિતી મુજબ, ચોક્કસ આંકડા મારી પાસે નથી, પણ અલગ અલગ સમયે અમે રજૂઆત કરી અને એમના તરફથી જે પણ ફીડબેક મળ્યો તેનાથી ચોક્કસ વિશ્વાસ સાથે કહું કે ઝવેરી કમિશન દ્વારા જે રિપોર્ટ સરકારને આપવામાં આવ્યો તે મુજબ ગુજરાતના અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત, ભાવનગર, જૂનાગઢ, જામનગર અને ગાંધીનગર એવા આઠ મહાનગરોમાં ઓ.બી.સી. સમાજની એવરેજ વસ્તી ૪૦ ટકા છે. ગુજરાતના ૧૫૦ કરતાં વધારે નગરપાલિકા વિસ્તારોમાં ઓ.બી.સી. સમાજની એવરેજ વસ્તી ૫૩ ટકા છે. ગુજરાતના પેસા એક્ટ સિવાયના જિલ્લાઓમાં ઓ.બી.સી. સમાજની એવરેજ વસ્તી ૫૪ ટકા છે. મહાનગરોમાં ૪૦ ટકા, નગરપાલિકા વિસ્તારોમાં ૫૩ ટકા અને ગ્રામ્ય વિસ્તારોમાં ૫૪ ટકા વસ્તી હોય તો સુપ્રીમકોર્ટની ગાઇડલાઇન મુજબ એટલું સ્પષ્ટ છે કે જે મહાનગરમાં જેટલી વસ્તી હોય તેના મુજબ અનામત મળવી જોઇએ. આ સરકારે કેવી રીતે અન્યાય કર્યો છે તેનો મારે આઠ મહાનગરોનો દાખલો આપવો છે. એકબાજુ અહીં જાહેરાત કરવાની હોય, પાંચ વાગે કમલમમાંથી સરક્યુલર નીકળે કે બધા જિલ્લામાં ફટાકડા ફોડજો. ફટાકડા ફોડવાવાળાને સાચી હકીકત ખબર નથી કે આ ફટાકડા ફોડાવવાવાળા આપણા ભવિષ્ય સાથે ખિલવાડ કરી રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદની જ વાત કરીએ તો અમદાવાદ મહાનગરપાલિકામાં કુલ ૧૯૨ બેઠકો છે. અત્યારની અનામતની વ્યવસ્થા મુજબ ઓ.બી.સી. સમાજ માટે ૧૯ બેઠકો અનામત છે. ૨૭ ટકા પ્રમાણે ૫૨ બેઠકો થાય. સુપ્રીમકોર્ટની ગાઇડલાઇન મુજબ ૫૦ ટકાની અપર સીલિંગ મુજબ અમદાવાદ શહેરમાં જો એસ.સી. સમાજની વસ્તી ૮ ટકા, એસ.ટી. સમાજની વસ્તી અમદાવાદમાં એટલી બધી નથી તેમ છતાં ૧ ટકા ગણીએ તો એસ.સી./એસ.ટી. સમાજની ૯ ટકા વસ્તી થાય અને બાકીના ૪૯ ટકામાંથી ૯ ટકા બાદ કરીએ તો ૪૦ ટકા અનામત ઓ.બી.સી. સમાજ માટે બાકી રહે. ઝવેરી પંચનો રિપોર્ટ સ્પષ્ટ છે કે અમદાવાદમાં ઓછામાં ઓછી એવરેજ ૪૦ ટકા વસ્તી છે. અમદાવાદ શહેરના ઓ.બી.સી. સમાજના લોકોને ૨૭ ટકા અનામત ન મળે. સુપ્રીમકોર્ટની ગાઇડલાઇન અને ઝવેરી પંચના રિપોર્ટ મુજબ અમદાવાદ શહેરના ઓ.બી.સી. સમાજને ૪૦ ટકા બેઠકો અનામત મળે. હાલ ૧૦ ટકા પ્રમાણે ૧૯૨માંથી ૧૯ બેઠકો મળે છે. તમારી ૨૭ ટકાની જાહેરાત મુજબ ૫૨ બેઠકો મળે છે અને ઝવેરી પંચના રિપોર્ટ અને સુપ્રીમકોર્ટની ગાઇડલાઇનનો જો સાચી રીતે અમલ કર્યો હોત તો ૪૦ ટકા મુજબ ૭૭ બેઠકો મળી હોત અને તમે ૨૭ ટકા આપો છો તે મુજબ ૫૨ બેઠકો મળે છે એટલે તમે અમદાવાદના ઓ.બી.સી. સમાજને ૨૫ બેઠકો ઓછી આપો છો તે રેકર્ડ આધારિત છે. એ જ રીતે સુરતની વાત કરીએ તો ૨૭ ટકા મુજબ જોઇએ તો ૩૨ બેઠકો મળે અને ૪૦ ટકા મુજબ જોઇએ તો ૪૮ બેઠકો મળે. એટલે સુરતમાં ૧૬, વડોદરામાં ૧૦, રાજકોટમાં ૧૦, ભાવનગરમાં ૭, જામનગરમાં ૯, ગાંધીનગરમાં ૬ અને જૂનાગઢમાં ૮ બેઠકો ઓછી આપો છો. એવરેજ જોઇએ તો, જે મળવાપાત્ર સીટો હતી એમાંથી ૯૧ બેઠકો ઓછી આપો છો. આ મહાનગરોનો દાખલો આપ્યો. એસ.સી. અને એસ.ટી. સમાજના જે મિત્રો છે એમણે પણ સમજવાની જરૂર છે. અહીંયા વારંવાર એમ કહેવામાં આવે છે કે, અમે આ સમાજની બેઠકોને ટચ પણ નથી કર્યું. આ સાચી વાત છે અને કોઇ ટચ પણ કરી ન શકે. આ કોઇ શિક્ષણ અને નોકરી માટેની અનામત નથી. આ લોકલ બોડીઝની અનામત છે. તાલુકા, શહેરો અને જિલ્લાઓમાં એસ.સી. અને એસ.ટી. સમાજની વસ્તી છે એ મુજબ સીટોમાં અનામત મળે છે. ૭ ટકા અને ૧૪ ટકા પ્રમાણે સીટો મળતી નથી. આ વાત બધાએ ચોખવટથી સમજવાની જરૂર છે. ગ્રામ્ય વિસ્તારની વાત કરીએ તો, માનનીય કુંવરજીભાઇના વિસ્તારથી શરૂ કરીએ તો, રાજકોટમાં વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે દરેક જિલ્લાના એસ.સી. સમાજના આંકડા છે. રાજકોટમાં ૭.૭૧ ટકા વસ્તી એસ.સી. સમાજની છે. મારા નોલેજ પ્રમાણે, રાજકોટ જિલ્લામાં ૧ ટકાથી વધારે આદિવાસીની વસ્તી નહીં હોય. ૧ ટકો વસ્તી છે એમ ગણી લઇએ તો, ૭.૭૧ ટકા એટલે કે, ૮ ટકા ગણીએ તો એ મુજબ રાજકોટમાં ૮ ટકા વસ્તી એસ.સી. સમાજની છે અને ૧ ટકા વસ્તી એસ.ટી. સમાજની છે. આપણે ૯ ટકા ગણી લઇએ. માનનીય ઋષિકેશભાઇ, ૪૯ ટકાની અપરસીલિંગ ગણીએ છીએ એ મુજબ ૪૯ ટકામાંથી ૯ ટકા બાદ કરીએ તો ૪૦ ટકા રહે. રાજકોટ જિલ્લામાં ઓ.બી.સી. સમાજની ૪૦ ટકા વસ્તી છે તો રાજકોટ જિલ્લા પંચાયતની જે બેઠકો થાય એમાંથી ૪૦ ટકા બેઠકો ઓ.બી.સી. સમાજને ફરજિયાત આપવી પડે એ સુપ્રીમકોર્ટની ગાઇડલાઇન છે અને ઝવેરીપંચે પણ એ મુજબ જ રિપોર્ટ કર્યો છે. ખેડા જિલ્લાની વાત કરું તો, ખેડા જિલ્લામાં એસ.સી. સમાજની વસ્તી ૫.૨૪ ટકા છે. ૫ ટકા ગણીએ તો, એસ.ટી.સમાજની ૧ ટકા વસ્તી નથી તેમ છતાં આપણે ગણીએ છીએ. એટલે, ૪૯ ટકામાંથી ૫ ટકા એસ.સી. સમાજની અને ૧ ટકા એસ.ટી. સમાજની બાદ કરીએ તો ૬ ટકા થઇ. ૪૯ ટકામાંથી ૬ ટકા બાદ કરીએ તો, ૪૩ ટકા થાય. ઓન રેકર્ડ ખેડા જિલ્લામાં ૫૪ ટકા કરતાં વધારે વસ્તી ઓ.બી.સી. સમાજની છે. ૪૯ ટકાની તમે અપર સીલિંગ ગણો છો. ૪૯ ટકામાંથી ૬ ટકા બાદ કરીએ તો, ખેડા જિલ્લામાં ૨૭ ટકા નહીં, ૪૩ ટકા બેઠકો તમારે ઓ.બી.સી. સમાજને આપવી પડે એવી પ્રકારની સુપ્રીમકોર્ટની ગાઇડલાઇન છે અને ઝવેરી પંચના રિપોર્ટમાં પણ આ મુજબની ભલામણ કરવામાં આવી છે. યુનિટ વાર વસ્તી ગણતરી કરો અને યુનિટવાર રિઝર્વેશન આપો. ક્યાંક ૪૦ ટકા મળે છે અને ક્યાંક ૩૦ ટકા મળે છે. આદિવાસી વિસ્તારમાં ૧૦ ટકા મળે છે. હું માનું છું કે, તમે ત્યાં ૧૦ ટકા ફિક્સ કરી ન હોત તો, આદિવાસી વિસ્તારમાં ઓ.બી.સી. સમાજને ક્યાંક ૫ ટકા અને ક્યાંક ૨ ટકા મળત. તમે એમ કહો છો કે અમે આદિવાસી સમાજની સીટો છીનવી નથી. હું સ્પષ્ટ કહું છું કે, રેકર્ડ ચેક કરજો. પેસા એક્ટ હેઠળના જે વિસ્તારો છે ત્યાં ઓ.બી.સી. સમાજને ૧૦ ટકા બેઠકો આપી છે. એનાથી આદિવાસી સમાજની બેઠકો ઓછી થઇ છે. એ જ રીતે, આણંદ જિલ્લાની વાત કરીએ તો, આણંદમાં એસ.સી. ની વસ્તી ૫.૩

ટકા છે. ૪૯ ટકામાંથી ૫ ટકા બાદ કરીએ અને ૧ ટકા આદિવાસીની ગણીએ તો, આણંદમાં એવરેજ વસ્તી ૫૪ ટકા કરતાં વધારે છે પણ ૪૯ ટકાની સીલિંગના કારણે ૨૭ ટકા નહીં એ સુપ્રીમકોર્ટની ગાઇડલાઇન છે અને ઝવેરીપંચનો રિપોર્ટ પણ છે. આ રિપોર્ટ અહીંયા મૂક્યો હોત, અમને આપ્યો હોત તો કદાચ એને અમે ક્વોટ કરીને કે તમને બતાવીને કહી શક્યા હોત અને તમે પણ અત્યારે જે ઉબલક વાત કરી, એવી ઉબલક વાતને બદલે આપણે રિપોર્ટના આંકડા આધારિત ચર્ચા કરી શક્યા હોત. આ તમામ વાતનો વિષય કોઇ રાજનીતિ કરવા માટેનો નથી. એક વખત તમે આ બિલ લાવશો, એક વખત આપણે અહીંયાથી પાસ કરીશું. કદાચ પાર્ટીની ૧૫૬ સિટો છે. બહુમતિ છે. બહુમતિનો આપણને ગુમાન પણ હોય, બહુમતિનો આપણને પાવર પણ હોય અને એના મુજબ તમે બિલ પાસ કરશો, પણ સુપ્રીમકોર્ટના ચુકાદાઓ અને એની ગાઇડલાઇન તેમજ ઝવેરી કમિશનનો રિપોર્ટ આજે અહીં નહીં આપો તો કાલે કોર્ટમાં પણ રજૂ કરવો પડશે. તમે અહીંયા ખોટું કરશો અને કાયદો બનશે તો કોર્ટમાં પણ ચેલેન્જ થશે અને જયારે સુપ્રીમકોર્ટના આદેશો મુજબ આખી પ્રક્રિયા થઇ છે ત્યારે એનું વાયેલેસન થશે તો ફરી પાછા કોર્ટના ચુકાદાના આધારે આ જ ગૃહમાં ફરી તમારે આવવું ના પડે એની પણ ચિંતા કરજો એવી અમારી ખાસ વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સરકાર દ્વારા અહીંયા વંચિતોના વિકાસની વાતો કરીને અને સારા-સારા રૂપકડાં નામો આપીને ભાષણો બહું થાય, ચર્ચા બહું થાય પણ હકીકતો શું છે? કે જયારે-જયારે સરકારે આપવાનું આવે, જયારે-જયારે સરકાર બજેટ ફાળવે છે ત્યારે પણ કેટલો અન્યાય કરે છે, તેના આપણે સ્પષ્ટ આંકડાઓ વર્ષોથી જોઇ શકીએ છીએ. અહીંયા માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે, અમે ઓ.બી.સી. કમિશન બનાવ્યું. અમે આ કર્યું, તે કર્યું. અમે બોર્ડ નિગમ બનાવ્યા. અમે શ્રી અલ્પેશભાઇના નેતૃત્વમાં આંદોલન કરતા હતા ત્યારે એમ કહેવાતું કે ઠાકોર કોળી વિકાસ નિગમ છે એની ગુજરાત રાજ્યમાં ૨૮ ટકા વસતિ છે, એના માટે ખૂબ મોટી રકમ માગતા હતા. કારણ કે, આ સમાજ શિક્ષણથી વંચિત છે, ઇન્ફ્રાસ્ટ્રકચરથી વંચિત છે, સામાજિક જાગૃતિ નથી, અનેક જાતની બદીઓ છે એમાંથી સમાજને બહાર નીકળવાનું છે અને ખરેખર, ગરીબ સમાજ છે. એમના દીકરા-દીકરીઓ ભણી-ગણીને આગળ વધે... (વચ્ચે અટકાવતાં)

અધ્યક્ષશ્રી : શ્રી અમીતભાઇ, એક મિનિટ ઊભા રહો.

પોઇન્ટ ઓફ ઓર્ડર

વિધેયકના સ્કોપની બહાર પ્રવચન કરવા અંગે

શ્રી રમણલાલ ઇ. વોરા(ઇડર) : માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભાના નિયમો પ્રમાણે પાના નંબર-૧૪ ઉપર કલમ-૩૨ (એ) પ્રમાણે હું આપની પાસે પોઇન્ટ ઓફ ઓર્ડરની વિનંતી કરું છું. માનનીય અમીતભાઇએ ઘણી બધી લાંબી વાત કરી છે. માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે, એમાં એકપણ વાત સુસંગત આવતી નથી. અત્યારે જે વાત કરી રહ્યા છે એ માત્ર ઢાંક-પીછાડો કરી રહ્યા છે. કોંગ્રેસના જમાનામાં એસ.સી., એસ.ટી. અને ઓ.બી.સી.ને જે નુકસાન કર્યું હતું એ વાતને યાદ કરવાને બદલે માત્ર કમિશનની વાત કરીને એમની વાત છૂપાવવાનો પ્રયાસ કરે છે. મારો નાનો સરખો વિષય છે. દેશના આઝાદીના બંધારણ પ્રમાણે કલમ-૩૪૨ (જી) પ્રમાણે ભારતના બંધારણમાં શિડ્યુલ કાસ્ટ, શિડ્યુલ ટ્રાયબ સિવાય કોઇને પણ અનામતનો લાભ આપવામાં આવેલો નથી. માત્ર ભારતના બંધારણની કલમ-૩૪૨(એ) પ્રમાણે જે પણ રાજ્યો સોશિયલી અને (વચ્ચે અટકાવતાં)...

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપ ફરી એક વખત પેજ નંબર અને કલમનો ઉલ્લેખ કરો. અમારા સચિવશ્રીને ઓછું સંભળાયું છે.

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, હું પહેલો એવો ધારાસભ્ય છું કે, મારે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવો હોય તો મારે પુસ્તકનું નામ આપવું પડે, પાના નંબર આપવો પડે અને કલમ બોલવી પડે. આ સભાગૃહમાં કયારેય કોઇના માટે મેં આવું સાંભળ્યું નથી. એટલા માટે મેં કહ્યું કે ગુજરાત વિધાનસભાના નિયમોના પાના નંબર ૧૪ની કલમ ૩૨ પ્રમાણે. એ શોધાઇ જાય એટલે પછી પાછળના જે અધ્યક્ષશ્રીઓએ આપેલા નિર્ણયો છે એની પણ હું વાત કરું. હું વિનંતી પણ કરું કે બધાને આ નિયમો લગાડો.

અધ્યક્ષશ્રી : આપ બોલો.

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, હું બરાબર બોલું છું? હજી બીજી કલમ હોય તો કલમ ૩૦ પ્રમાણે પણ હું બોલી શકું.

અધ્યક્ષશ્રી : આપને જેના ઉપર પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવો હોય તે આપ ઉઠાવી શકો છો. આપ કહો.

શ્રી રમણલાલ ઇ. વોરા : એમ નહીં સાહેબ.

અધ્યક્ષશ્રી : નિયમ પ્રમાણે કોઇપણ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવી શકે છે. કોઇપણ સભ્યશ્રીનો અધિકાર છે. ઉઠાવી શકે છે.

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવા માટે નિયમો આપણે ટાંકવા જ પડે એવું ગઇકાલે આપે મને સૂચન કર્યું. મને ખૂબ આનંદ થયો. એટલા માટે મેં આજે કહ્યું અને વિધાનસભાની ચોપડીના નિયમો પણ કહ્યાં. પાના નંબર પણ કહ્યા અને કલમો પણ કહી.

અધ્યક્ષશ્રી : જી.

ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) વિધેયક, ૨૦૨૩

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, સચિવશ્રીને દ્વિધા લાગી તો મેં બીજી કલમ પણ કહી. મારા કહેવાનો મતલબ એટલો છે કે આ નિયમો બધાને લાગુ પડશે તો મને જરા વધારે આનંદ થશે. કારણ કે હવે પછી હું તો અહીંયા બેસવાનો જ છું. માનનીય અધ્યક્ષશ્રી, હું જે વાત કરતો હતો તે. માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા અને માનનીય અમીતભાઇએ જે અત્યાર સુધી વાત કરી એ વાત સાથે બિલકુલ સુસંગત નથી. જેને કોઇએ ટોકવાનો પ્રયાસ કર્યો નથી. બિલ એક છે અને વાત બીજા પ્રકારની થાય છે. એટલા માટે કે એમની જે કાંઇ નબળાઇઓ હતી કે જે માનનીય મંત્રીશ્રીએ એમના ઉદ્‌બોધનમાં જણાવી છે. એ ઉદ્‌બોધનમાં કરેલી વાતોનો એકપણ અંશ માનનીય અમીતભાઇના વકતવ્યમાં આવ્યો નથી. એમણે ઝવેરી પંચની વાત કરી. કેમ મોડું થયું છે એની પણ વાત થઇ છે. ફલાણાની વસતિ આ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું એક નાની સરખી વાત આપને કહેવા માગું છું. દેશમાં અને રાજયમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની રર ટકા વસતિ છે. દા.ત. શ્રી અમીતભાઇના કહેવા પ્રમાણે ગુજરાતના ૩૩ જિલ્લાઓમાં ૧૨ જિલ્લા એ આદિવાસી જિલ્લા છે. એ આદિવાસી જિલ્લા હોય એટલે સ્વાભાવિક રીતે એની ૪૦ ટકા કરતા વધારે વસતિ હોય. આ પહેલા રાજયમાં એ વ્યવસ્થા હતી.

અધ્યક્ષશ્રી (સચિવશ્રીને ઉદ્દેશીને) : કયો વિષય છે? મને એમને સાંભળી લેવા દો ને?

શ્રી રમણલાલ ઈ. વોરા : હજુ એ ચોપડી મારી પાસે છે. તમે કહો તો આગળ બોલું.

અધ્યક્ષશ્રી : આપને મારી વિનંતી છે કે જે નિયમ છે એ આપ એકવાર વાંચો. પેઇજ નંબર ૩૨ ઉપર મેં વાંચ્યું. એટલા માટે. આપ ફરી એક વખત વાંચો.

શ્રી રમણલાલ ઈ. વોરા : જી સાહેબ. આપનો આભાર. ''દરેક વકતવ્યની બાબત જે પ્રસ્તાવ પર ચર્ચા હોય તેને લગતી હોવી જોઇએ.''

અધ્યક્ષશ્રી : પેઇજ નંબર?

શ્રી રમણલાલ ઈ. વોરા : પેઇઝ નંબર ૧૩, કલમ નંબર ૩૪ એ. ''જે વકતવ્યની બાબત ચાલતી હોય એ બાબત ઉપર જ બોલવું જોઇએ.'' બરાબર બોલું છું સાહેબ? ઠીક છે? બરાબર છે?

અધ્યક્ષશ્રી : બરાબર છે.

શ્રી રમણલાલ ઈ. વોરા : જી સાહેબ. આગળ સાહેબ. પાના નંબર ૧૨. કલમ નંબર ૩૦. સોરી, કલમ નંબર ૩૧-એ. ''એક સભ્ય બોલતા હોય ત્યારે બીજા કોઇ સભ્ય પોઇન્ટ ઓફ ઓર્ડર માટે ઊભા થાય ત્યારે બોલનાર સભ્યએ તેમની જગ્યાએ બેસી જવું જોઇએ. એટલે હું પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવા માટે ઊભો છું અને એટલા માટે શ્રી અમીતભાઇ બેઠા. એટલા માટે મેં આપને વિનંતી કરી કે આ કલમ પ્રમાણે હું પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવાની અનુમતિ માગું છું. જો તમે અનુમતિ હજુયે આપતા હોય તો જ હું બોલીશ. ન હોય તો આ બોલેલું આપ રદ કરી શકો છો.

અધ્યક્ષશ્રી : આપ જે બીજા નંબરની વાત કરો છો એ તો થઇ ગયું છે, એટલે એમાં પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી. બીજા નંબરનો જે મુદ્દો છે એમાં. એ બેસી જ ગયા છે. આપ જયારે ઊભા થયા ત્યારે એ બેસી ગયા છે. એનો ઉલ્લેખ વિધાનસભા ગૃહમાં કરવો મને લાગે છે કે યોગ્ય નથી. (અંતરાય) પ્લીઝ, આપ બેસો. આપ સ્થાન ઉપર બેસો.

શ્રી રમણલાલ ઈ. વોરા : જી.

અધ્યક્ષશ્રી : કોઇપણ માનનીય સભ્યશ્રીને પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવા માટેનો અધિકાર છે. પરંતુ એ નિયમના અંતર્ગત ઉઠાવી શકાશે અને નિયમના અંતર્ગત જ કોઇ પણ ચર્ચા અહીં થઇ શકશે. બીજું, આ વિધાનસભા ગૃહ અને આ ચેરની ગરિમા જાળવવી એ બધાની જવાબદારી છે. એ દરેકે દરેક સભ્ય એ રૂલિંગ પાર્ટીના હોય કે ઓપોઝ પાર્ટીના હોય. બધા માનનીય સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે વિધાનસભા ગૃહની કાર્યવાહી તેના નિયમો અંતર્ગત ચાલશે. નિયમો અંતર્ગત અહીં આગળ બેસીને ચેર ઉપર, હું જે જગ્યા ઉપર બેઠો છું એ ચેરની જવાબદારી છે કે દરેક સભ્યશ્રીઓને રક્ષણ આપવું, પરંતુ તેના માટે કરીને કોઇ સભ્યને વિશેષ અધિકાર મળશે તેવું બની શકે નહીં. તમારે ચર્ચા કરવી હોય તો નિયમ પ્રમાણે બિલકુલ ચર્ચા કરી શકાશે. ચર્ચા સંપૂર્ણ સાંભળવા માટે તૈયાર છું, પરંતુ વિધાનસભાના નિયમો પ્રમાણે કે અગાઉના અધ્યક્ષશ્રીઓએ આપેલા રૂલિંગના આધાર ઉપર કોઇ પણ ચર્ચા કરશો તો હું સાંભળવા માટે તૈયાર છું. માનનીય રમણભાઇ વોરાને હું વિનંતી કરું છું કે આપ આપના પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર આગળની ચર્ચા ચલાવો.

શ્રી રમણલાલ ઈ. વોરા : સાહેબ, આપનો ખૂબ ખૂબ આભાર કે હું જે બોલ્યો એ નિયમ પ્રમાણે છે એવું આપને લાગ્યું એટલા માટે ફરીથી આભાર. માનનીય અધ્યક્ષશ્રી, હું જે વાત કરતો હતો તે ફરીથી તેનું રિપીટિશન થશે..

અધ્યક્ષશ્રી : આપ જે અગાઉ બોલ્યા છો એ મેં સાંભળ્યું છે. તેના સિવાય વધારે કંઇ વાત કરવી હોય તો આપ કરી શકો છો.

શ્રી રમણલાલ ઈ. વોરા : જી, સર. હું જે વાત કરતો હતો તે ૭ ટકા શિડ્યુલ કાસ્ટ, ૧૫ ટકા શિડ્યુલ ટ્રાઇબ એટલે ૨૨ ટકા અને ૨૭ ટકા ઓ.બી.સી. ઇન્દ્રા સાહનીના કેસમાં વર્ષ ૧૯૯૩ના સુપ્રીમકોર્ટના ચુકાદા પ્રમાણે...

અધ્યક્ષશ્રી : આપ વાત કરો છો કે એ નિયમ પ્રમાણે બોલ્યા નથી. એ મુદ્દા ઉપર જ બોલો. આપ જે વાત કરો છો, એમણે જે ચર્ચા કરી છે તેમાં કયા વિષય એવા છે કે જે બિલ ઉપર નહોતા.

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, એમણે એવી વાત કરી કે જે જગ્યાએ જેની જેટલી વસતિ હોય એ પ્રમાણેનું રિઝર્વેશન હોવું જોઇએ એ એમનો મુદ્દો હતો. શ્રી અમીતભાઇ, બરાબર બોલું છું?

અધ્યક્ષશ્રી : નહીં, શ્રી અમીતભાઇએ નથી કહેવાનું, હું કહું છું. મને સંબોધીને વાત કરો.

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ શહેરમાં આટલી વસતિ છે તો આટલી બેઠકો હોવી જોઇએ. એમના આણંદ જિલ્લામાં આટલી વસતિ છે તો આટલી બેઠકો હોવી જોઇએ. એટલે જે તે સ્થાન ઉપર જેની જેટલી વસતિ હોય એટલી અનામતની બેઠકો હોવી જોઇએ એવું માનનીય અમીતભાઇનું સૂચન હતું.

અધ્યક્ષશ્રી : બરાબર. તેમાં આગળ શું? તેમાં નિયમ પ્રમાણે, બિલ પ્રમાણે નથી એવું શું છે?

શ્રી રમણલાલ ઈ. વોરા : હું સાહેબ એ જ તો વાત કરી રહ્યો છું.

અધ્યક્ષશ્રી : હા, તો આપ બોલો.

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જ વાત કરી રહ્યો છું, જે સુપ્રીમકોર્ટનું જજમેન્ટ છે, આ સુપ્રીમકોર્ટના જજમેન્ટની અંદર ૧૫ ટકા, ૭ ટકા અને ૨૨ ટકા અને વધુમાં વધુ કેટલું આપી શકાય તો ૨૭ ટકા. એટલે ૪૯ ટકાથી વધારે રિઝર્વેશન આપી શકાય નહીં, આ સુપ્રીમકોર્ટનું જજમેન્ટ છે. આ સુપ્રીમકોર્ટના જજમેન્ટના વિરુદ્ધમાં આપણે ન જઇ શકીએ અને એટલા માટે શ્રી અમીતભાઇ જે વાત કરે છે કે આ જગ્યાએ આ વસતિ, એ જ પ્રમાણે હું જે આપને કહેવા માગતો હતો તે કે ધારો કે આપણા ૩૩માંથી ૧૨ જિલ્લાઓ ટ્રાઇબલ વિસ્તારના છે. એસ.સી.ની વસતિ ઓછી હશે. ઓ.બી.સી.ની વસતિ વધારે હશે. તો સામાન્ય ધોરણોમાં શિડ્યુલ ટ્રાઇબના લોકો વધારે આવે. બાકીના ૨૧ જિલ્લાઓમાં શિડ્યુલ કાસ્ટની વસતિ વધારે છે. આદિવાસીની વસતિ વધારે નથી. દા.ત. એક પંચાયતમાં શિડ્યુલ ટ્રાઇબની વસતિ હશે પણ એ કોઇ છે જ નહીં, તો તેને સમરસ કરવી હશે તો રાજ્ય સરકાર તેને મદદ કરતી નથી, કારણ કે તમારા બધા જ વોર્ડની ચૂંટણી થઇ નહોતી. હવે જો આ વસતિ જ નથી અને તો પણ તમે ત્યાં અનામત આપી તો એ સમરસ કહેવાશે નહીં. આના પહેલાં રાજ્ય સરકારમાં જે હતું તે, જ્યાં એસ.સી.ની વસતિ છે ત્યાં એસ.ટી. ન હોય તો એસ.સી.ને વધારે સીટો આપવી જોઇએ અને એસ.ટી. ધારો કે ૧૨ જિલ્લા કહ્યા, એસ.સી.ની વસતિ નથી તો ત્યાં એસ.ટી.ને વધારે સીટ આવે. આ વર્ષ ૧૯૭૩નો સુપ્રીમકોર્ટનો ચુકાદો છે. મેં બન્ને ચુકાદા એટલા માટે કહ્યા કે આપણે એ પ્રમાણે કરવું જોઇએ અથવા ૪૯થી વધારે ન થાય એ પ્રમાણે કરવા માટે માનનીય અમીતભાઇએ જે કહ્યું એ પ્રમાણે જે તે ગામમાં, જે તે તાલુકામાં, જે તે જિલ્લામાં જે પ્રકારની વસતિ હોય એ પ્રમાણે આપણે કરી શકતા નથી. આટલું મારું સૂચન છે. આભાર સર.

**સભાગૃહનો સમય લંબાવવા અંગે**

શ્રી બાળકૃષ્ણ ખં. શુકલ ( મુખ્ય દંડકશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આજના દિવસના કામકાજની યાદીમાં દર્શાવેલ કામકાજ પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે તેવી દરખાસ્ત કરું છું.

ડો. સી.જે. ચાવડા (કોંગ્રેસ પક્ષના દંડકશ્રી): હું દરખાસ્તને ટેકો આપું છું.

અધ્યક્ષશ્રી : સભાગૃહનું કામકાજ પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે. એમના પોઇન્ટ ઓફ ઓર્ડરના અનુસંધાને કોઇને ટૂંકમાં કંઇ કહેવું છે?

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એમણે અમારા માનનીય નેતા શ્રી અમીતભાઇનું નામ લીધું છે, માનનીય અમીતભાઇ જે પણ ચર્ચા કરી રહ્યા છે એ સુપ્રીમકોર્ટના જજમેન્ટના આધારે કરે છે, સુપ્રીમકોર્ટે જે ગાઇડન્સ આપ્યું છે એ ગાઇડન્સના આધારે રાજકોટની વાત હોય, ખેડાની વાત હોય કે આણંદની વાત હોય એના આધારે જે વસ્તી છે, સન ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ જે આંકડા છે એ શિડ્યુઅલ કાસ્ટના હોય, શિડ્યુઅલ ટ્રાઇબના હોય એ આંકડાને પ્લસ કરીને પેલા આંકડામાંથી આટલું થાય તો ૪૯ ટકા આ રીતે થાય એ રીતની પોઝિટિવ વાત ઓફિશિયલી એ એમના પ્રવચનમાં કહી રહ્યા છે. માનનીય રમણભાઇ જે રીતે કહી રહ્યા છે તો કોઇ એવો ઉલ્લેખ એમણે પોતે કર્યો નથી. આમ તો અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો છે એ અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો વર્ષ ૧૯૮૫થી ૨૦૦૨ના એમાં પાના નં.૧૭માં સ્પષ્ટ લખ્યું છે કે રાણાપંચનો એક અહેવાલ હતો કે જે રાણાપંચનો અહેવાલ વિધાનસભા ગૃહની અંદર રજૂ ન થયો અથવા...

અધ્યક્ષશ્રી : હું એમના પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર બોલવાનું કહું છું અને તમે બીજા નવા પોઇન્ટ ઓફ ઓર્ડરની વાત કરો છો. પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર પોઇન્ટ ઓફ ઓર્ડર નહીં કરી શકાય. એનું મેં જજમેન્ટ આપ્યું નથી અને તમે કઇ રીતે બીજો નવો પોઇન્ટ ઓફ ઓર્ડર કરી શકો?

શ્રી શૈલેષ મ. પરમાર : એ જે પંચની વાત કરી રહ્યા છે...

અધ્યક્ષશ્રી : પ્લીઝ..માનનીય શૈલેષભાઇ, આપ બેસો. તમે જે વિષય કહેવા જાવ છો એ વિષય બીજો છે, એના માટે તમે ફરી પોઇન્ટ ઓફ ઓર્ડર કરજો. હું ચર્ચા આપીશ.

શ્રી શૈલેષ મ. પરમાર : મારે ફરી પોઇન્ટ ઓફ ઓર્ડર એટલા માટે કરવો નથી કારણ કે સાહેબ ડિસ્કસ ખૂબ લાંબું થયું છે. મંત્રીશ્રી બોલી ગયા છે, અમારા નેતા બોલી ગયા છે એટલે પોઇન્ટ ઓફ ઓર્ડર એ વિષય ઉપર કરવો નથી, પણ જે પોઇન્ટ ઓફ ઓર્ડર માનનીય રમણભાઇએ ઉઠાવ્યો છે, એમાં સુપ્રીમકોર્ટના ચુકાદાને આધીન જ એ ટાંકી રહ્યા છે. એના જ આંકડા આપી રહ્યા છે માટે માનનીય રમણભાઇ વોરાનો પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી.

અધ્યક્ષશ્રી :માનનીય સભ્યશ્રી રમણભાઇએ વાત કરી, એમનો પોઇન્ટ ઓફ ઓર્ડર, જે નિયમનો એમણે ઉલ્લેખ કર્યો છે કે જે બિલ ચાલતું હોય એ બિલની બહારની ચર્ચા કરી શકાય નહીં, મૂળ હાર્દ એ હતું. મને લાગે છે કે અત્યારે માનનીય અમીતભાઇ ચાવડા જે ચર્ચા કરી રહ્યા છે એ બિલ અંતર્ગત કરી રહ્યા છે અને એના માટે માનનીય રમણભાઇનો પોઇન્ટ ઓફ ઓર્ડર અત્યારે રહેતો નથી. નાણામંત્રીશ્રીનો ઉલ્લેખ એ રીતે કરી શકાય નહીં. પાઇલોટિંગ કરવાવાળા મંત્રીશ્રી અલગ છે.

ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) વિધેયક,૨૦૨૩ (ક્રમશઃ)

શ્રી અમિત ચાવડા **(**ક્રમશઃ) : માનનીય અધ્યક્ષશ્રી, પાટણ જિલ્લામાં એસ.ટી., એસ.સી.ની ૧૦ વત્તા ૧ ટકાની વસતિ બાદ કરીએ તો ૩૮ ટકા ઓ.બી.સી. અનામત મળવી જોઇએ. જે પાટણ જિલ્લામાંથી મિત્રો આવે છે એ કોઇને પણ પૂછશો તો પાટણ જિલ્લામાં ઓ.બી.સી.ની વસ્તી એવરેજ ૭૦ ટકા છે. પણ ૭૦ ટકા અનામત આપો એમ કહેતો નથી. કારણ કે સુપ્રીમકોર્ટે ૫૦ ટકાની અપર લિમિટ કરી છે. ૭૦ ટકા વસતી હોવા છતાં સુપ્રીમકોર્ટની અપર લિમિટના કારણે પાટણ જિલ્લામાં ૩૮ ટકા અનામત આપી શકાય અને એવી જ ભલામણ ઝવેરી કમિશને કરેલ છે. એ જ રીતે અમદાવાદ જિલ્લાના મિત્રો છે. અમદાવાદ જિલ્લામાં એસ.સી.ની વસ્તી ૧૦.૬૭ ટકા છે એટલે ૧૧ ટકા છે અને ૧ ટકા એસ.ટી. ગણીએ તો ૧૨ ટકા. ૪૯ ટકામાંથી ૧૨ ટકા કાઢીએ તો ૩૭ ટકા થાય. અમદાવાદ જિલ્લાના જે મિત્રો છે એ વસ્તી જોશે તો એવરેજ ૬૦ ટકા કરતાં વધારે ઓ.બી.સી.ની વસ્તી છે. પણ ૬૦ ટકા આપવાની વાત નથી પણ એને ૩૭ ટકા ઓ.બી.સી.ની બેઠકો આપી શકાય છે. એ કાયદાની જોગવાઇ છે. પંચની ભલામણ છે. સુપ્રીમકોર્ટની ગાઇડલાઇન છે અને ગ્રાઉન્ડ પરની રિઆલિટી છે. આમ, જેને ૩૯ ટકા, ૩૮ ટકા કે ૩૭ ટકા આપવી જોઇએ એને તમે ૨૭ ટકા આપીને એ સમાજને એમ કહો કે ફટાકડા ફોડો, અમારું સન્માન કરો તો હું માનું છું કે એ સમાજને ગેરમાર્ગે દોરવા બરાબર છે. ઝવેરી પંચના રિપોર્ટની અનદેખી કરવા બરાબર છે. સુપ્રીમકોર્ટના ચુકાદા અને ગાઇડલાઇનને ઓવરરુલ્ડ કરવા બરાબર છે અને ભવિષ્યમાં તમારું આ બિલ કાયદો બનશે તો ચેલેન્જ થવાને પાત્ર બનશે. એની આગળ ચર્ચા કરતાં પહેલાં મુદ્દાઓને ધ્યાનમાં રાખીએ એવી મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે. આપણે અનામતમાં અન્યાય કરીએ છીએ. બીજી રીતે પણ અન્યાય કરીએ છીએ. થોડા દિવસ પહેલાં તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, નગરપાલિકા અને મહાનગરપાલિકાઓમાં અઢી વર્ષ પૂર્ણ થયા. એના પ્રમુખ, ઉપપ્રમુખ અને બાકીના હોદ્દા માટે ચૂંટણીઓ જાહેર થઇ. *(xxx) ઓપન કેટેગરીની જેટલી બેઠકો છે, જેટલા હોદ્દાઓ ઓપન કેટેગરીના છે એ સીટો ઉપર ઓપન કેટેગરીની વ્યક્તિઓને જ મૂકવામાં આવશે. અનામત કેટેગરીની વ્યક્તિને ઓપન કેટેગરીની જગ્યા ઉપર મૂકવામાં નહીં આવે. એ વિડિયો પણ મારી પાસે છે. આપણી જૂની વ્યવસ્થા છે એ મુજબ રાજ્યમાં ૫૨ ટકા વસ્તી ઓ.બી.સી.ની છે એ સરકારી રેકર્ડ ઉપર સ્વીકારાયેલ છે. શિક્ષણ અને નોકરીઓમાં ૨૭ ટકા સરકારે સ્વીકારેલ વ્યવસ્થા છે અને અત્યારની વ્યવસ્થા મુજબ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં ૧૦ ટકા જગ્યાઓ ઉપર ઓ.બી.સી.નું રિઝર્વેશન છે. એટલે જે હોદ્દાઓ છે એમાં ૧૦ ટકા હોદ્દાઓ ઉપરજ ઓ.બી.સી.નું રિઝર્વેશન છે. ૫૨ ટકા વસતિ હોવા છતાં તમારી પાર્ટીની માનસિકતા એવી. છે કે ઓ.બી.સી., એસ.સી., એસ.ટી. કે બીજા સમાજના લોકોને બીજા સમાજને નહીં મૂકવાના. શું ઓપન કેટેગરીની સીટ પર ઓ.બી.સી. સમાજનો કોઇ પ્રમુખ ના બની શકે? ઉપ પ્રમુખ નહીં બની શકે? આ તમારી માનસિકતા છે એના દર્શન તમારી જ પાર્ટીના પ્રમુખે મીડિયા સમક્ષ કહ્યું છે. એના નિર્ણયો પણ થયા છે અને તમારે નિર્ણયોની વિગતો જોવી હોય તો હું મહેસાણાથી માંડીને અનેક જગ્યાએ આપી શકું એમ છું.

અધ્યક્ષશ્રી : તમે બિલ ઉપર આવો.

શ્રી અમિત ચાવડા : ૧૦ ટકાના કારણે અન્યાય કેટલો થાય છે.

અધ્યક્ષશ્રી : પણ આ બિલનો ભાગ નથી. તમે જે વાત કરી રહ્યા છો એ બિલનો ભાગ નથી.

શ્રી અમિત ચાવડા : એ જ રીતે હોદ્દાઓ આપવામાં અન્યાય કરીએ, રિઝર્વેશન આપવામાં અન્યાય કરીએ.

શ્રી જયદ્રથસિંહજી ચં.પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ઓપન કેટેગરીની સીટ ઉપર ઓપનને મૂકવા. પણ પાર્ટીએ ઓપન કેટેગરીની સીટ છે, જ્યાં ઓ.બી.સી.ની વસ્તી વધુ છે ત્યાં ઓ.બી.સી.ના પ્રમુખ મૂક્યા જ છે. મારો મત-વિસ્તાર જાંબુઘોડા તાલુકો છે ત્યાં આગળ પ્રમુખની સીટ ઓપન છે ત્યાં ઓ.બી.સી.ને મૂક્યાં છે. એટલે આવી આખા ગુજરાતની અંદર અનેક એવી સીટો હશે કે જ્યાં ઓપન કેટેગરી છે પણ ઓ.બી.સી.ની વસ્તી વધારે હોય ત્યાં મૂક્યા છે. એટલે કમસેકમ એ રેકોર્ડ ચેક કરીને બોલે તો વાંધો નહીં, નહીતર આ હાઉસના રેકોર્ડ ઉપર ખોટી માહિતી જશે.

અધ્યક્ષશ્રી : ના, ના મેં વાત કરી છે. મેં કીધું છે. તમે બિલ ઉપર બોલો. બાકીની વાતોમાં પોલિટીકલ ઓબ્ઝર્વેશન કરશો નહીં.

શ્રી અમિત ચાવડા : કોઇ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં ખાલી ચૂંટણીઓ લડવા માટે એટલું હોતું નથી. ચૂંટણી લડીને પદ પર આવે તો એ ગરીબ સમાજનો વ્યક્તિ હોય છે, એસ.સી. એસ.ટી. કે ઓ.બી.સી. સમાજમાંથી આવતો હોય તો એને સમાજની તકલીફો અને પ્રશ્નોની ખબર છે એને જ્યારે તક મળે ત્યારે એ સમાજનું પ્રતિનિધિત્વ કરતો હોય તો એ સમાજના

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દ અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

વિસ્તારમાં કે એ સમાજના લોકો વચ્ચે વિકાસના ફળ અને લાભ છે એ પહોંચાડી શકે, બજેટ પહોંચાડી શકે એવા ઉમદા હેતુ સાથે આ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં અનામત આપવાની વાત કરવામાં આવી છે. આપણે અનામતમાં ભેદભાવ કરીએ છીએ સાથેસાથે ગ્રાન્ટની ફાળવણીમાં ભેદભાવ અને અન્યાય થાય છે.

અધ્યક્ષશ્રી : અત્યારે ગ્રાન્ટનો વિષય છે નહીં.

શ્રી અમિત ચાવડા : સાહેબ, આમાં રિઝર્વેશન છે

અધ્યક્ષશ્રી : અત્યારે હાલ જે વિષય છે એમાં ચૂંટણીઓમાં ઓ.બી.સી. અનામત પૂરતી વાત છે. આ નોકરી માટેનો કે ગ્રાન્ટ માટેનો વિષય નથી, એટલે તમે જે વિષય છે એના આનુષંગિક જ વાત કરો.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આ જે અનામત થવાની છે એનાથી વહીવટ થવાનો, એનાથી ગ્રાન્ટો થવાની..

અધ્યક્ષશ્રી : પછી તો આખો દેશ ચાલવાનો અને આખું રાજ્ય ચાલવાનું અને એમાં દરેક ડિપાર્ટમેન્ટ ચાલવાના. એટલા સુધી આપણે નહીં કરી શકીએ.

શ્રી અમિત ચાવડા : અમણે આખા દેશની જે બધી અનામતની વાત કરી, મારે તો ખાલી(અંતરાય )

અધ્યક્ષશ્રી : તમે ખાલી...

શ્રી અમિત ચાવડા : મારે કોઇ બીજા રાજ્યની વાત નથી કરવી. મારે તો ખાલી એટલું કહેવું છે કે માનનીય મંત્રીશ્રીએ બોર્ડ-નિગમનો ઉલ્લેખ કર્યો. બોર્ડ-નિગમો સારા હેતુથી બનાવ્યા. અલગ-અલગ સરકારે અલગ-અલગ વખતમાં બનાવ્યા છે અને એનો હેતુ એટલો જ હતો કે જે સમાજો વંચિત રહી ગયા, જે સમાજને કાંઇ જરૂરિયાત હતી, જે સમાજની લાગણી હતી. આંદોલનો થયા એ સમાજની લાગણી અને માગણી મુજબ એને ન્યાય મળે એટલા માટે સ્પેસિફિક બોર્ડ-નિગમો બનાવ્યા છે. આપણે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ અંતર્ગત જે અત્યારે રાજ્યમાં બોર્ડ-નિગમો ચાલે છે. અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ડો.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ, ઠાકોર-કોળી વિકાસ નિગમ, પછાત વર્ગ વિકાસ નિગમ, ગૌપાલક વિકાસ નિગમ, અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ, ગુજરાત વિચરતિ અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ અને છેલ્લે આપણે બનાવ્યું ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ છે. આ કોર્પોરેશન અને નિગમ એટલા માટે જ બન્યા છે કે જે તે સમાજના પ્રશ્નો હતા, ગોપાલક સમાજના પ્રશ્નો હતા એના ઉત્કર્ષ માટે સ્પેસિફિક આપણે ગોપાલક વિકાસ નિગમ બનાવ્યું. અલ્પસંખ્યક સમાજના પ્રશ્નો હતા એના માટે અલગથી બનાવ્યું. અનુસૂચિત જાતિ માટે અલગથી બનાવ્યું અને એના કરતા પણ વાલ્મિકી સમાજ અને સફાઇ કામદારના પ્રશ્નો હતા એના માટે પણ અલગથી બનાવ્યું અને છેલ્લે બિનઅનામત વર્ગના પણ જરૂરિયાતના લોકો હતા તો એમણે આંદોલન કર્યું તો એના માટે પણ આપણે બનાવ્યું. એ જ રીતે આ નિગમો બન્યા પણ તકલીફ ક્યાં છે જે બજેટની ફાળવણી કરવામાં આવે એમાં પણ સરકારની માનસિકતા દેખાય છે. આ ૧થી ૮ નિગમો છે એને વર્ષમાં વસ્તીની ગણતરી કરીએ તો ગુજરાતમાં પર ટકા વસ્તી ઓ.બી.સી. સમાજની હોય, ૭ ટકા વસ્તી એસ.સી. સમાજની હોય, ૧૪ ટકા એસ.ટી. સમાજની વસ્તી હોય, ૯ ટકા વસ્તી માયનોરિટી સમાજની હોય તો સરવાળો કરીએ તો ૧૦૦ માંથી ૮૨ ટકા વસ્તી આ સમાજની થઇ એના માટેના ૧થી ૮ નિગમો છે એને વર્ષ ૨૦૨૦-૨૧માં ફક્ત ૧૧૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યાં છે અને આપણે બિનઅનામત વર્ગ માટે, મારો કોઇ વિરોધ નથી, હજુ આપો છો એના કરતા ૧૦ ગણું આપો એમાં સંમત છીએ. અમે અનામત માટે આ જ ગૃહમાં હું કે શ્રી શૈલેષભાઇ કે બીજા સભ્યો પ્રાઇવેટ બિલ લઇને પણ આવ્યા હતા ત્યારે એ આયોગને તમે ૪૧૮ કરોડ રૂપિયા આપો. ફક્ત ૨૦ ટકા વસ્તી માટેનું આયોગ બન્યું હોય એને તમે ૪૧૮ કરોડ રૂપિયા એક વર્ષમાં આપો અને ૮૦ ટકા વસ્તી માટે બનેલા નિગમોને તમે ૧૧૦ કરોડ રૂપિયા આપો છો આ સ્પષ્ટ ભેદભાવ એ તમારી સરકારની માનસિકતા કાં તો વહીવટ બતાવે છે અને એ જ ભેદભાવ અનામતમાં પણ તમારો જોવા મળે છે. સુપ્રીમકોર્ટે કહ્યું છે. આયોગની ભલામણ છે કે તમે વધારે અનામત આપી શકો છો. તમે કયાંક ૩૦ ટકા આપો, ૩૫ ટકા આપો, ૩૮ ટકા આપી શકો છો. ૪૪ ટકા સુધી આપી શકો પણ તમારે આપવી નથી. ફકતને ફકત ૨૭ ટકા આપીને રાજકીય લાભ લેવા માટે કે ચૂંટણીમાં મત લેવા માટેના પ્રયત્નો થાય છે પણ મારી આપના મારફત સરકારને, મંત્રીશ્રીને બધાને વિનંતી છે કે સાચા અર્થમાં જો આપણે અહીંયા ચર્ચા કરવી હોય, સાચા અર્થમાં જો સમાજને ન્યાય કરવા માગતી હોય, સાચા અર્થમાં જો એને એની વસ્તીના પ્રમાણમાં અનામત આપવા માગતા હોય તો ઝવેરી કમિશને જે રિપોર્ટ આપ્યો છે એ રિપોર્ટ અહિંયા મૂકી, માનનીય મંત્રીશ્રી એની ભલામણની ચર્ચા કરે, એની ભલામણનો ઉલ્લેખ કરે અને એ કોપી વિધાનસભાના સભ્યશ્રીઓને આપે જેથી કરીને સરકાર સાચા અર્થમાં કરી રહી છે કે પોતાના રાજકીય એજન્ડા મુજબ કરી રહી છે? દૂધનું દૂધ અને પાણીનું પાણી આ ગૃહ સમક્ષ અને પ્રજા સમક્ષ થઇ શકે. અમારી માગણી છે કે આ બિલ પસાર કરતા પહેલા ઝવેરી કમિશનના રિપોર્ટની પણ અહીંયા આગળ માહિતી મળે અને સાથેસાથે જે બાકીની સુપ્રીમકોર્ટની ગાઇડલાઇન ચુકાદાનું ઓવરરૂલ કરવામાં આવ્યું છે એ મુજબના નિર્ણયો થઇ રહ્યા છે તો ભવિષ્યમાં એને ચેલેન્જ થવાનું છે એની ચિંતા પણ આપણે કરીએ. અમે ચોક્કસ તમને આ બિલમાં સમર્થન કરત જો તમે સુપ્રીમકોર્ટની ગાઇડલાઇન મુજબ, એના ચુકાદા મુજબ અહિંયા અનામતને ઝવેરી કમિશનની ભલામણ મુજબના રિઝર્વેશનની ટકાવારી લઇને આવ્યા હોત તો. ફિકસ ૨૭ ટકા કરવાનું કોઇ જગ્યાએ કહેવામાં આવ્યું નથી. માનનીય રમણભાઇ સુપ્રીમકોર્ટનું કહેતા હતા તો મારી જોડે બંને

જજમેન્ટો છે. કહો તો વાંચીને સંભળાવું કે એમાં ચોકકસ લખ્યું છે કે લોકલ બોડી પ્રમાણે પ્રપોશનેટ રિઝર્વેશન આપવાનું છે. પ્રપોશનેટ શબ્દ વાપર્યો છે. એનો મતલબ કે તમારે બધી જગ્યાએ યુનિફોર્મ ૨૭ ટકા આપવાની જરૂર નથી. તમારે જયાં જેટલી વસ્તી છે એ મુજબ આપવાની જરૂર હતી. અમે એમ પણ કહેતા નથી કે જયાં ઓ.બી.સી.ની વસ્તી ન હોય ત્યાં ઓ.બી.સી. ને વધારે આપો પણ જયાં છે એને તમે આપતા નથી અને અન્યાય કરો છો, ભેદભાવ કરો છો એની સામે વાંધો છે અને એટલા માટે જયાં સુધી આ ગૃહમાં ઝવેરી કમિશનનો રિપોર્ટ ન મૂકાય, એની માહિતી યોગ્ય રીતે ન અપાય અને સુપ્રીમકોર્ટની ગાઇડલાઇન અને એના ચુકાદા મુજબનું બિલ ન લવાય ત્યાં સુધી હું માનું છું કે આ સમાજને ન્યાય મળ્યો ન કહેવાય એને ભવિષ્યમાં ચેલેન્જ થશે એટલે માનનીય મંત્રીશ્રી એ બાબતની સ્પષ્ટતા કરે ત્યારપછી અમારે સમર્થન કે આગળની વાત કરી શકાય. આભાર.

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે કે માનનીય અમીતભાઇ સૌથી મોટી પાર્ટીના નેતા તરીકે અહીંયા બિરાજમાન છે. શ્રી શૈલેષભાઇ હોય, આદરણીય અર્જુનભાઇ હોય, ડો. સી.જે. હોય કે ગેનીબેન હોય. વ્યક્તિગત રીતે મળતા હોઇએ રાજકીય વાત કરતા હોઇએ કે રાજયના હિતની ત્યારે એમની વાત હું માનતો હોઉં છું પણ એ બોલતા હતા ત્યારે એમને ડિસ્ટર્બ કરવા માગતો નહોતો. વિધાનસભાના નિયમોના નિયમથી આ વિધાનસભા ચાલી રહી છે અને આપ એનું સુપેરે સંચાલન કરી રહ્યા છો ત્યારે એમની વાતમાં ૨-૩ બાબતો ધ્યાને મૂકવી છે. એમણે આર.એસ.એસ.નો ઉલ્લેખ કર્યો. રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ સામાજિક સમરસતામાં માને છે. છેવાડામાં માને છે. એ કોઇ રાજકીય સંગઠન નથી. એમની પાસે પુરાવા હોય તો એમણે પુરાવા આપવા જોઇએ. જે તે વખતે *(xxx) એવી વાતો કરી છે. બીજું, શ્રી કે.એસ.ઝવેરી, નામદાર હાઇકોર્ટ ઓરિસ્સાના ચીફ જસ્ટિસ રહ્યા છે. એમની અધ્યક્ષતામાં કમિશન છે. ન્યાયમૂર્તિની સામે પણ મને એવું લાગે છે એમની વાતમાં આક્ષેપ થયા છે. એમણે સરકાર સામે પણ આક્ષેપ કર્યા છે. મુદત વધારી આપી છે. અનેક પંચો મુદત વધારો માગતા હોય છે. સંપૂર્ણપણે સર્વગ્રાહી આનો તલસ્પર્શી અભ્યાસ ન થાય ત્યાં સુધી એ મુદત માગે એ મુદત આપીએ તો મને એવું લાગે છે કે કમિશન અને સરકાર બંને ઉપરના એમના આક્ષેપો છે. એ પણ નિયમોની બહાર છે. માનનીય અધ્યક્ષશ્રી, ઓફ ધી રેકર્ડ રેકર્ડ ઉપર લેવાની વાત છે. માનનીય પૂર્વ ન્યાયમૂર્તિ એમને મળવા ગયા એટલે કે ઝવેરી સાહેબને. નામજોગ ઉલ્લેખ કર્યો છે. *(xxx) ઓફ ધી રેકર્ડની રેકર્ડ ઉપરની વાતના તેમની પાસે પુરાવા હોય તો આપવા જોઇએ. અન્યથા આક્ષેપો એ કમિશન, ન્યાયમૂર્તિ અને સરકાર ઉપર પણ છે. એટલે આપના મારફત મારી વિનંતી છે કે, તેમણે શબ્દો પાછા ખેંચવા જોઇએ. અન્યથા રેકર્ડ ઉપરથી દૂર કરવા જોઇએ અન્યથા આપશ્રી મારા પોઇન્ટ ઓફ ઓર્ડરનો નિર્ણય કરો એવી આપની પાસે અપેક્ષા છે.

શ્રી અમીત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે વાત કરી, મેં તો અનામત આંદોલન વખતની વાત કરી હતી અને મેં એટલું જ કહ્યું હતું કે, પોલીસ રેકર્ડ પર જે ફરિયાદો નોંધાયેલી છે અને જે નામો છે તેનું બેકગ્રાઉન્ડ જોશો તો કયાંકને કયાંક આમની સાથે સંકળાયેલા છે. મેં એવું નથી કહ્યું કે, આમણે જ કરાવ્યા છે. એવો કોઇ પુરાવો જોઇતો હોય તો હું આપવા માટે તૈયાર છું કે, કેટલા લોકો પર પોલીસ ફરિયાદ થઇ હતી અને તેનું શું બેકગ્રાઉન્ડ છે. આ ગૃહમાં ઘણાબધા મિત્રો ચૂંટાઇને આવ્યા હતા. એમની પર પણ અનામત આંદોલન વખતે હુલ્લડો કરવાની અને બાકીની ફરિયાદો થયેલી છે. તમારે જોઇએ તો હું નામજોગ આપવા તૈયાર છું. બીજા નંબરે વાત કરું તો મેં આયોગની મુદત વધારવા સામે વાત કરી નથી. જુલાઇ ૨૦૨૨માં આયોગ ૯૦ દિવસ માટે બનાવવામાં આવ્યું હતું. તેની એક વખત મુદત વધી, બીજી વખત મુદત વધી તો અમે કયારેય વિરોધ કર્યો નથી. અમે તો જ્યારે ફેબ્રુઆરી મહિનામાં તેની મુદત પૂરી થઇ ગઇ ત્યારપછી વિધાનસભાગૃહમાં કહ્યું છે કે, આ આયોગની મુદત પૂરી થઇ ગઇ છે અને તમે મુદત વધારી નથી, જો વધારી હોત તો અમારે પૂછવાનો કોઇ પ્રશ્ન ન હતો પણ મુદત વધારી નથી, રિપોર્ટ આવ્યો ન હતો તો તેના માટે સરકારની જવાબદારી છે. આ જે આયોગ બન્યું તેનો જે ખર્ચ થાય છે તે ગુજરાતની પ્રજાના ટેક્સના પૈસાથી થાય છે. કોઇ તમારા કે મારા ખિસ્સાના પૈસાથી થતો ન હતો. તો તેના જવાબ માગવાનો અધિકાર જન પ્રતિનિધિ તરીકે અમારો છે. એટલા માટે અમે અહીં રજૂઆત કરી હતી. બાકી ઓફ ધી રેકર્ડ શું કહ્યું છે, કોઇની એવી તૈયારી હોય તો હું માનનીય અધ્યક્ષશ્રીને વ્યક્તિગત કહું છું કે, તે કોણે કહ્યું હતું અને અમે કેટલા લોકો હાજર હતા તેવા દસ લોકો અમે એફિડેવીટ કરીને આપવા તૈયાર છીએ કે, અમને આ મુલાકાત આ દિવસે આટલા વાગે આ વ્યક્તિએ કહ્યું છે. તેની ચર્ચા જાહેરમાં કરવી નથી પણ માનનીય અધ્યક્ષશ્રી કહેશે તો અમે તેનો પુરાવો આપવા તૈયાર છીએ.

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, મારા નામનો ઉલ્લેખ કર્યો હતો એટલા માટે થોડીક સ્પષ્ટતા કરવા માટે ઊભો થયો છું. એમનું કહેવાનું એવું હતું કે પાટણ જિલ્લો તો તેમાં ૯.૮૮ ટકા રિઝર્વેશન શિડયુલ કાસ્ટની વસતિના પ્રમાણે છે. તે પહેલાં પાટણ લોકસભાની સીટ તે અનામત સીટ હતી. બીજી એકાદ ટકો શિડયુલ ટ્રાઇબ ગણીએ તો ૨૨ ટકા રિઝર્વેશનમાંથી એસ.સી., એસ.ટી.ને નુકસાન કરીને તમે ૧૧ ટકા આપો. હું જે કહેવા માગું છું એનો સ્પષ્ટ મતલબ આવો થાય

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દ અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

છે. મેં કહ્યું કે, ધારો કે ૧૨ આદિવાસી જિલ્લા છે. ત્યાં એસ.સી.ની વસતિ ઓછી છે. ઓ.બી.સી.ની પણ વસતિ ઓછી છે. આપણે બધા જાણીએ છીએ તો આપણે તેમને ૯૦ ટકા રિઝર્વેશન આપી દઇએ ને સાહેબ. આખા રાજ્યમાં અમદાવાદ શહેરમાં બે લોકસભાની અનામત બેઠકો છે. અમદાવાદ શહેરમાં ૩૬ ટકા વસતિ શિડ્યુલ કાસ્ટની છે. તો બે લોકસભાની સીટ, બે વિધાનસભાની સીટ અનામત છે તો એમાં પણ ૩૬ ટકા પ્રમાણે આપો ને. શિડ્યુલ કાસ્ટ અને શિડ્યુલ ટ્રાઇબને આપવાની હોય ત્યારે તમે ચૂપ અને જયારે ઓ.બી.સી.ને આપવાની હોય તો આપો. મારો મતલબ એસ.સી., એસ.ટી., ઓ.બી.સી. કોને આપો અને વધારે આપો એવો છે જ નહીં. આ ગુજરાતના તમામ લોકોને પોતાની વસતિ પ્રમાણે સુપ્રીમકોર્ટના ચુકાદા હોય, રાજ્ય સરકાર કે કેન્દ્ર સરકારે જે નક્કી કર્યું છે તે પ્રમાણે સમાનતાથી બધા લોકોને લાભ થાય, કોઇ કોઇના ઉપર ક્રિટીસાઇઝ નહીં કરતા આપણે બધાને લાભ થાય તે દિશામાં તેમનું વક્તવ્ય હોવું જોઇએ તેવી મારી વિનંતી છે. શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, એમણે વાત કરી એટલે આપની પાસે અમે નિર્ણયની અપેક્ષા રાખીએ છીએ અને એમણે મારો ઉલ્લેખ કર્યો ત્યારે આપને વિનંતી છે અને મેં એમને વચ્ચે અટકાવ્યા ન હતા પણ રેકર્ડ ઉપર અને નિયમોના નિયમની બહાર વાત જાય, આપ રેકર્ડ ચકાસી જોજો એમની પાસે પાછળથી પૂરાવા આપવાની જોગવાઇ નથી. ઝવેરી પંચમાં પણ બોલ્યા છે આપ રેકર્ડ તપાસી લેશો એવી મારી વિનંતી છે. નિયમોથી આપ સરસ રીતે ગૃહ ચલાવો છો એ ચાલે એટલું જ મારે શ્રી અમીતભાઇને કહેવાનું છે. મારા સાથી મિત્ર છે, સાચી વાત હોય ત્યારે એમનું ઘણું બધું માનું છું પણ ખોટી વાત હોય તો કહેવી પડે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ હોય, ઝવેરી કમિશનની વાત હોય, તેઓ પૂર્વ ન્યાયમૂર્તિ છે અને બંધારણીય જોગવાઇના આધારે એ કમિશન રચાયું છે ત્યારે મારી આપને વિનંતી છે અને મેં એમ પણ કહ્યું રેકર્ડ ઉપરથી દૂર થાય કે પાછા ખેંચે અથવા આપ નિર્ણય કરો અમે બધું જ કહ્યું છે.

અધ્યક્ષશ્રી : માનનીય અમીતભાઇએ જે ઉલ્લેખ કર્યો ખાસ કરીને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ગોત્રના લોકો એ શબ્દનો જે ઉલ્લેખ કર્યો છે એને હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું. ખાસ ઝવેરી પંચની બાબતમાં રેકર્ડ એક વખત સચિવશ્રી ચેક કરાવી લે અને એમાં આયોગને અથવા તો જસ્ટિસને એને આનુષંગિક અથવા તો એમની ઇમેજને નુકસાનકારક કોઇ શબ્દનો ઉલ્લેખ કર્યો હોય તો એ પણ રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા(પાણી પુરવઠા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) વિધેયક-૨૩ માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ લઇને આવ્યા છે તેમણે ખૂબ જ વિગતે સુધારા વિધેયક ઉપર ચર્ચા કરી છે ત્યારે આ સુધારા વિધેયકને હું સમર્થન કરું છું અને એમાં હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારો અનુભવ એવો રહ્યો છે કે દેશના આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ જે રીતે છેવાડાના લોકોની ચિંતા કરી નિર્ણયો લઇ રહ્યા છે અને એવા અનેક નિર્ણયો છે કે જેની નોંધ સૌ કોઇએ લેવાની રહે અને એજ રીતે દેશના આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇએ ઓ.બી.સી. સમાજની પણ ચિંતા કરીને આ સમાજને કોઇ ક્ષેત્રમાં અન્યાય ન થાય એવા નિર્ણયો લીધા છે ત્યારે એ માટે આજનું સુધારા વિધેયક બિલ અમારા સાથી મંત્રીશ્રી લઇને આવ્યા છે અને એ અંગે એમણે ખૂબ વિગેતે બધી વાત મૂકી છે ત્યારે ફરી હું બધી વાત નહીં કરું પણ એમને હું સમર્થન કરું છું. સાથે દેશના પ્રધાનમંત્રીએ જે વાત મૂકી છે એ વાતને લઇને રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને અમારી સરકાર જે રીતે નિર્ણય કરવા જઇ રહી છે અને જે કરે છે એ પણ હું એટલે કહીશ કે અનેક અનુભવોને અંતે જે વાત મૂકી છે એમાં દરેક વખતે સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌને સાથે રાખીને થતાં નિર્ણયો માટેનો એમનો પ્રયાસ એ હંમેશા સફળતાપૂર્વક આ મિશન આગળ વધતું રહ્યું છે. દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇના માર્ગદર્શન હેઠળ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ અને અમારી સરકાર એ જ ચીલે આગળ ચાલીને જે રીતે અહીંથી આજે વાત મૂકી છે કે, એસ.ટી., એસ.સી.ના અનામતના જે અબાધિત હકકો છે એને સહેજ પણ ટચ કર્યા વગર બક્ષીપંચ સમાજ એટલે કે ઓ.બી.સી. સમાજની વસતિને જે રીતે શિક્ષણ ક્ષેત્રે અને નોકરીઓ અને વ્યવસાયિક ક્ષેત્રે ૨૭ ટકા અનામત હતી એ રીતે રાજકીય ક્ષેત્રે જાહેર જીવનમાં પણ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં પણ એને હિસ્સેદાર બનાવવા.

જે રીતે આજે વિધેયક લઇને આવ્યા છે અને હું ફરી કહીશ તેમાં મારું પણ સમર્થન છે. જસ્ટિસ ઝવેરી કમિશન દ્વારા સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં અન્ય પછાત વર્ગો એટલે ઓબીસીની જે બેઠકો અને ચેર પર્સન માટે અનામત ફાળવણીના અહેવાલના આધારે કેબિનેટ સબ કમિટીએ કરેલી ભલામણોને રાજય સરકાર દ્વારા છેલ્લે ગઇ કેબિનેટની બેઠક વખતે પણ નિર્ણય થયો છે અને એ રીતે તેમાં જે થોડી ક્ષતિઓ હતી તે પણ સુધારીને છેલ્લે ફકત બેઠક નહીં પણ હોદ્દાઓમાં પણ તેને ૨૭ ટકા અનામતનો લાભ આપવો એ રીતનો જે નિર્ણય થયો છે અને એ વાત જયારે અહીંયા લઇને આવ્યા છે ત્યારે આપણે જે કઇ વાત અહીંયા થઇ છે તેમાં હું ફરી એમ કહીશ કે બક્ષીપંચના એટલે ઓબીસી જ્ઞાતિને પણ અત્યાર સુધી જે ૧૦ ટકામાં હતા તે હવે પછી તેને ૨૭ ટકા બેઠકોમાં અને હોદ્દાની રૂએ પણ તેને લાભ મળતો થશે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાત વિધાનસભાના સન્માનનીય ગૃહમાં ગુજરાત સ્થાનિક સત્તા મંડળ કાયદા એટલે સુધારા વિધેયક-૨૦૨૩ આ વિધેયક વિધાનસભામાં જે લાવવામાં આવ્યું છે તેમાં જે કલમો ટાંકીને જયાં જયાં સુધારાઓ થાય છે તેની આંકડાકીય માહિતી અહીંયાથી શ્રી ઋષિકેશભાઇએ આપી છે એટલે હું નહીં આપું, કારણ કે સમયની થોડી મર્યાદાને ધ્યાનમાં રાખીને વારંવાર રિપીટ કરવું મને યોગ્ય લાગતું નથી એટલે એ રીતે એ વિધેયકને સમર્થન કરીએ છીએ. ઓબીસી

વર્ગોની બેઠકો તેના હોદ્દા માટે પ્રમુખ, મેયર, સરપંચ તેમાં પણ હવે પછીથી તેને ૨૭ ટકા લેખે અનામત મળતી થશે. નામદાર સુપ્રીમકોર્ટના વિવિધ નિર્દેશોથી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીઓ કરતા પહેલાં ટ્રિપલ ટેસ્ટની કાર્યવાહી કરવા માટેનો પણ તેમાં નિર્દેશ કરવામાં આવ્યો છે અને ટેસ્ટની પણ હમણાં વાત થઇ છે. એ અનુસાર આગળ આપણે જોઇએ તો આયોગની જયારે રચના કરવાની થાય છે તે વખતે સ્વરાજયની સંસ્થાઓ માટે પછાતપણાના સ્વરૂપ અને અસરો અંગે સંપૂર્ણ અને કાળજીપૂર્વક તપાસ કરવા માટે સમર્પિત આયોગની રચના આના માટે કરવી જોઇએ અને કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અનામતનું પ્રમાણ અને આયોગની ભલામણોને આધારે સ્થાનિક સ્વરાજયની સંસ્થાવાર અનામત પ્રમાણે સ્પષ્ટ કરવું જોઇએ, જેથી કરીને બંધારણીય જોગવાઇઓનું ઉલ્લંઘન પણ ન થાય. એટલે મેં કહ્યું તેમ ૫૦ ટકાની મર્યાદાઓ છે તેને પણ જાળવીને તેને પણ ધ્યાનમાં રાખીને એસ.ટી./એસ.સી. એ વર્ગને પણ જે રીતે અનામત છે તેને ધ્યાનમાં રાખીને એ જોગવાઇનું ઉલ્લંઘન ન થાય તે પણ આની અંદર સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેની મહત્તમ મર્યાદા કોઇ પણ સંજોગોમાં એસ.સી./એસ.ટી./ઓ.બી.સી. માટે સંસ્થાવાર અનામત રાખવામાં આવનાર બેઠકો કુલ બેઠકના ૫૦ ટકાથી વધવી પણ ન જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇના નેતૃત્વ હેઠળની આ રાજય સરકાર ઓ.બી.સી./એસ.ટી./એસ.સી. વર્ગોના હિતો માટે પણ હંમેશા તે સંવેદનશીલ રહી છે. તેમના દરેકના હક્કો જળવાઇ રહે અને દરેકની જોગવાઇઓ મુજબ તેમનો પણ વિકાસ થાય તે રીતે આ વિધેયકની અંદર ઉલ્લેખ થયો છે. રાજયમાં શહેરી ઉપરાંત ગ્રામ્ય સ્તરે સર્વ સમાવેશક વિકાસ થાય તે દિશામાં રાજય સરકારે હંમેશા પ્રયાસો હાથ ધર્યા છે. સમાજના દરેક વર્ગને વિકાસની મુખ્યધારામાં જોડીને રાજયનો વિકાસ હાથ ધરવા આ સરકારે નિર્ણય અને નિશ્ચય કર્યો છે. રાજયમાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં અન્ય પછાત વર્ગોની બેઠકો તેમજ ચેરપર્સનની બેઠકોમાં અનામત ફાળવણી માટે સુપ્રીમકોર્ટના દિશા નિર્દેશ અનુસાર જસ્ટિસ ઝવેરી કમિશનની રચના કરવામાં આવી હતી. આ કમિશને પોતાનો અહેવાલ રાજય સરકારને જે રજૂ કર્યો અને તેના અનુસંધાને જે સબ કમિટી મળી અને સબ કમિટીનો જે નિર્ણય હતો તે છેલ્લે કેબિનેટમાં મૂકાયો અને કેબિનેટમાં મૂકાયા પછી હજુ પણ થોડા સુધારા ધ્યાન ઉપર આવ્યા છે કે બેઠકોની સાથે સાથે હોદ્દાઓનો પણ સમાવેશ કર્યો છે અને એ રીતે આ નિર્ણય થયો છે. હું રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી અને દેશના પ્રધાનમંત્રી આદરણીય શ્રી નરેન્દ્રભાઇને ધન્યવાદ અને અભિનંદન આપું છું કે જેમણે બક્ષીપંચના લોકોને યાદ કરીને ૧૦ ટકામાંથી લાવીને રાજકીય ક્ષેત્રે પણ ૨૭ ટકા સુધી લઇ જઇને આવતા દિવસોમાં બધી આ સ્વરાજયની સંસ્થાઓમાં કયાંકઆવતા દિવસોમાં સ્વરાજની સંસ્થાઓમાં પણ ભાગીદાર બનવાના માટેનો જે વિચાર કર્યો છે એના માટે ફરીથી ધન્યવાદ અને અભિનંદન આપું છું. આ અહેવાલના અભ્યાસ માટે રાજ્ય સરકારે એક કેબિનેટ સબ કમિટીની રચના કરી હતી અને આ કેબિનેટ સબ કમિટીના અહેવાલની ભલામણોનો રાજ્ય સરકારે જનહિતમાં સ્વીકાર કર્યો છે અને હવે બક્ષીપંચના લોકોને એનો લાભ મળતો થશે. આજે તા.૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ ગુજરાત વિધાનસભાના સન્માનનીય ગૃહમાં ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા સુધારા વિધેયક, ૨૦૨૩ વિધાનસભામાં લઇને આવ્યા છીએ એની કલમો સાથે વિગતે વાત થઇ છે. ત્યારે આ નિર્ણય ખૂબ મહત્ત્વનો છે પણ એમ કહી શકાય કે આ ઐતિહાસિક નિર્ણય આ સરકારમાં લેવાયો છે. જેની જોગવાઇઓ અનુસાર રાજ્યમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં અન્ય પછાત વર્ગો એટલે કે ઓ.બી.સી.ની બેઠકો તેમજ હોદ્દા એટલે કે પ્રમુખ, મેયર, સરપંચ વગેરેમાં ૨૭ ટકા જેવી અનામત રાખવા માટેનો નિર્ણય આ બિલના અનુસંધાને થવાનો છે. વધુમાં નામ. સુપ્રીમકોર્ટના વિવિધ નિર્દેશોથી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણી કરતા પહેલાં ટ્રિપલ ટેસ્ટની કાર્યવાહી કરવા માટે ખાસ જોગવાઇઓ અને નિર્દેશ પણ કરવામાં આવ્યા છે. આ ટ્રિપલ ટેસ્ટના નિર્ણય પ્રમાણે રાજ્ય સરકારે સમર્પિત આયોગની રચના કરીને વોર્ડ પ્રમાણે અનામતનું પ્રમાણ જાળવી રાખીને મહત્તમ મર્યાદાઓ નક્કી કરવામાં આવી છે. આ વોર્ડ અને યુનિટને ધ્યાનમાં રાખીને જોગવાઇઓ કરી છે. જેના આધારે સ્વરાજની સંસ્થાઓ માટે પછાતપણાના સ્વરૂપ અને અસરો અંગે સંપૂર્ણ અને કાળજીપૂર્વક તપાસ કરવા માટે સમર્પિત આયોગની રચના આ માધ્યમથી અસરકારક સાબિત થવાની છે. આયોગની ભલામણોને આધારે સ્થાનિક સ્વરાજની સંસ્થાવાર અનામતના પ્રમાણને બિલમાં સ્પષ્ટ કરવામાં આવી છે. કોઇ પણ સંજોગોમાં એસ.સી., એસ.ટી., ઓ.બી.સી. માટે સંસ્થાવાર અનામત રાખવામાં આવનાર બેઠકો કુલ બેઠકોના ૫૦ ટકાથી વધે નહિ તે પ્રમાણેની સમગ્રતયા વ્યવસ્થા પણ આ બિલની જોગવાઇઓમાં કરવામાં આવી છે. એ જોગવાઇઓના અનુસંધાને મેં આપને કહ્યું તેમ જે રીતે બાકીના પછાતવર્ગોના હક્ક અને અધિકારોને સહેજ પણ અસર ન થાય એ રીતે ઓ.બી.સી. સમાજને લાભ મળતો થશે. ગ્રામીણ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ એટલે કે ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત તેમજ શહેરી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ ઉપરાંત નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓમાં પણ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના સમુદાયના લોકોને મળનાર હાલના પ્રતિનિધિત્વમાં સમર્પિત આયોગ દ્વારા કોઇ ફેરફાર કરવામાં આવ્યો નથી અને આવશે નહિ. તે બાબતની કેબિનેટ સબ કમિટી દ્વારા પણ નોંધ લેવામાં આવી હતી. આ બાબતે સર્વસંમતિથી સબ કમિટીમાં નિર્ણય થયા પછી કેબિનેટની મિટિંગમાં પણ આ મૂકવામાં આવ્યું હતું. ગ્રામીણ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ એટલે કે જિલ્લા પંચાયતો, તાલુકા પંચાયતો તેમજ ગ્રામ પંચાયતોમાં શિડ્યુલ વિસ્તારો એટલે કે અનુસૂચિત વિસ્તારો અને પેસા એક્ટની જોગવાઇઓ લાગુ પડે તે સિવાયના વિસ્તારોમાં વોર્ડ એટલે કે બેઠકો માટે અને હોદ્દાઓ એટલે પ્રમુખશ્રીઓ, સરપંચશ્રીઓ, અન્ય પછાત વર્ગ એટલે કે ઓ.બી.સી.

માટે ૨૭ ટકા અનામત અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગો માટેની બેઠકો, હોદ્દાઓ ૫૦ ટકાની મર્યાદામાં રાખવા માટે આ કમિટીની ભલામણ છે. માનનીય અધ્યક્ષશ્રી, બિન અનુસૂચિત વિસ્તારોની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં અનુસૂચિત જનજાતિ એટલે કે એસ.ટી. અનુસૂચિત વિસ્તાર પેસા એક્ટની જોગવાઇઓ મુજબ અનામત બેઠકો ફાળવવામાં આવેલ છે. જેમાં હાલની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા અનુસૂચિત જનજાતિ માટે સંસ્થાવાર પ્રતિનિધિ અમલમાં છે તેનો અમલ યથાવત રાખવામાં આવશે. સમર્પિત આયોગ દ્વારા રજૂ કરવામાં આવેલ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાવાર આંકડાકીય માહિતીનું અવલોકન કરતાં સમગ્ર રાજ્યની ગ્રામીણ અને શહેરી વિસ્તારની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં સંસ્થાવાર હાલની ૧૦ ટકાની નીતિ અનુસાર અન્ય પછાત વર્ગોને ફાળે બેઠકો ફાળવેલ છે. જે પેસા એક્ટની જોગવાઇ પ્રમાણે ખાસ કરીને ૧૦ જિલ્લામાં જે ૧૦ ટકાની જોગવાઇઓ હતી તે પ્રમાણે યથાવત રાખવાની આ વિધેયકમાં જોગવાઇ થઇ છે, પરંતુ સમર્પિત આયોગ દ્વારા અન્ય પછાત વર્ગોની બેઠકોની ફાળવણીની ભલામણ કરવામાં આવી છે. પેસા વિસ્તાર અને નોન પેસા વિસ્તારમાં કેટલીક સંસ્થાઓમાં અન્ય પછાત વર્ગોની બેઠકો રદ થઇ ગઇ છે તેવી સંસ્થાઓમાં એટલે કે ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ-૯, ૧૦ અને ૧૧ ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ની કલમ-૬ તેમજ આ અધિનિયમોમાં થયેલ વખતોવખતના સુધારા-વધારા અનુસાર અન્ય પછાત વર્ગોને અગાઉની ૧૦ ટકા નીતિ મુજબ ફાળવેલ આરક્ષિત બેઠકો યથાવત રાખવા માટે કમિટીએ ભલામણ કરી છે અને તે રીતે મહાનગરપાલિકાઓમાં પણ આ પ્રમાણેની પરિસ્થિતિ ઉદભવેલ નથી. ઝવેરી કમિશનની ભલામણોનો સ્વીકાર કરીને અમલવારી માટે સમર્પિત આયોગ દ્વારા ઓ.બી.સી. વસ્તીના જે આંકડા ગણતરીમાં લીધા છે તેમાં કલેક્ટર કચેરીની ચૂંટણી શાખાના આંકડાઓ, આરોગ્ય વિભાગના આંકડાઓ, વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન ધોરણ-૧માં પ્રવેશ મેળવેલા બાળકોના આંકડાઓ, મતદાર યાદીમાં ઓ.બી.સી. મતદારોના આંકડાઓ, બ્રિટિશ સમયના સેશન્સના આંકડા, કમિશન દ્વારા વિભાગીય કક્ષાએ વિવિધ સમાજો દ્વારા થયેલ રજૂઆતના આંકડા, ગ્રામીણ વિસ્તારોમાં ૫૨ ટકા અને શહેરી વિસ્તારોમાં ૪૩.૪૬ ટકા મળી ઓ.બી.સી.ની વસ્તી રાજ્યમાં માં ૪૯.૨૦ ટકા અંદાજવામાં આવેલ. તેના અનુસંધાને બક્ષીપંચની અનામત બેઠક માટે હોદ્દાની રૂએ આ બિલ લઇને માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ આવ્યા છે તેને હું સમર્થન કરું છું અને આગામી દિવસોમાં બક્ષીપંચ સમાજના લોકોને જાહેર ક્ષેત્રમાં જે ૧૦ ટકાના બદલે ૨૭ ટકા મળશે તે બદલ હું રાજ્ય સરકારનો અને માનનીય મંત્રીશ્રીનો આભાર માનું છું.

શ્રી જગદીશ વિશ્વકર્મા(સહકાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સ્થાનિક સત્તા મંડળના કાયદા (સુધારા) વિધેયક, ૨૦૨૩ માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા અને તેના સમર્થન માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, જનસંઘના સ્થાપક અને મહામંત્રી શ્રદ્ધેય પંડિત દીનદયાળજીના એકાત્મ માનવવાદના દર્શનના મંત્ર સાથે ભાજપ હંમેશા વંચિતો, પીડિતો અને શોષિતોની સાથે રહ્યું છે. તેને મુખ્ય પ્રવાહમાં લાવવા માટેના અથાગ પ્રયત્નો સતત થતા રહ્યા છે. સમાજનો વિકાસ કરવાનું ભગીરથ કાર્ય માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વમાં કરી રહ્યા છીએ.

**માનનીય સભાપતિ શ્રીમતી સંગીતાબેન પાટીલ અધ્યક્ષસ્થાને**

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ કે વર્ષો પહેલાં કામ આધારિત વર્ણ વ્યવસ્થા હતી, પરંતુ વિદેશીઓના આક્રમણ બાદ તેના વડાઓની સમિતિ રચવાનું કામ થયું. આમ, ૧૮મી સદી સુધી વાત ક્યાંય ધ્યાન પર લેવામાં આવી ન હતી અને એસ.સી./એસ.ટી. તેમજ પછાત વર્ગોના લોકોને યોગ્ય તકો મળી નહીં તથા ઉત્તરોત્તર તેઓ વધારે પછાત થતા ગયા. માનનીય ઋષિકેશભાઇ અને શ્રી કુંવરજીભાઇએ વિગતે વાત કરી છે. હું વર્ષ ૧૮૮૨ની અંગ્રેજોના વખતની વાત કરવા માગતો નથી. વર્ષ ૧૯૦૧માં મહારાષ્ટ્રમાં છત્રપતિ શિવાજી મહારાજે ગરીબી દૂર કરવા માટે અનામત શરૂ કરાવી. વર્ષ ૧૯૦૮ની વાત હોય, વર્ષ ૧૯૨૧ની વાત હોય કે વર્ષ ૧૯૫૦ની વાત હોય કે જ્યારે બંધારણ લાગુ કરવામાં આવ્યું તેમાં રાજનૈતિક પ્રતિનિધિત્વ માટે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિઓ માટે અલગ ચૂંટણી ક્ષેત્રો આપવામાં આવ્યા હતા. મને કહેતાં આનંદ થાય છે કે, માનનીય અટલજી અને માનનીય અડવાણીજી કેન્દ્રીય મંત્રી હતા ત્યારે વર્ષ ૧૯૭૮માં જનસંઘના સમર્થનવાળી શ્રી મોરારજીભાઇ દેસાઇની સરકાર દ્વારા ઓ.બી.સી. સમાજ માટે મંડલ કમિશનની રચના કરવામાં આવી હતી. આ કમિશનની ભલામણોને લાંબા સમય સુધી પેન્ડિંગ રાખી કૉંગ્રેસે એનો અમલ કર્યો નથી. મારે આ ગૃહના મિત્રોને જણાવવું છે કે, છત્તીસગઢમાં ઓ.બી.સી. સમાજ માટે ૧૪ ટકા, હિમાચલ પ્રદેશમાં ૨૦ ટકા, ઝારખંડમાં ૧૦ ટકા, કર્ણાટકમાં ૧૦ ટકા, ઓરિસ્સામાં ૧૧ ટકા, પંજાબમાં ૧૨ ટકા, રાજસ્થાનમાં ૨૧ ટકા અનામત છે. ભાજપ શાસિત જેટલાં રાજ્યો છે એ રાજ્યોએ પહેલ કરી છે અને ૨૭ ટકા અનામત આપવાનો નિર્ણય કર્યો છે. આ અભૂતપૂર્વ નિર્ણય દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજીના વડપણ હેઠળ છે. ૧૦ ટકાની જગ્યાએ જ્યારે ૨૭ ટકા અનામતનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે તે સંજોગોમાં ૧૪૬ જ્ઞાતિ ધરાવતી બક્ષીપંચ સમાજની સંખ્યા ગુજરાત રાજ્યના જિલ્લા, તાલુકા, નગરપાલિકા તથા મહાનગરોમાં વસે છે અને આમાં ઓ.બી.સી. સમાજના લોકોનું પ્રતિનિધિત્વ વધશે અને આના કારણે સામાજિક રીત-રિવાજો, અંધશ્રદ્ધાઓ અને કુરિવાજો દૂર થાય તે માટે ગુણવત્તાપૂર્વક શિક્ષણ મેળવવાની તક તથા ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા

સીધા બક્ષીપંચ સમાજના લોકોને લાભ મળવાનો છે. ખાસ કરીને, મહિલાઓની આર્થિક, સામાજિક, શૈક્ષણિક જાગૃતિ, ઐતિહાસિક ફેરફારો અને સૌથી અગત્યની બાબત છે કે કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકાર જે ઓ.બી.સી. સમાજ માટે સરકારી યોજનાઓ લાવે એને છેવાડાના માનવી સુધી પહોંચાડવાનું ભગીરથ કાર્ય થવાનું છે. આ કામ આ ૨૭ ટકા અનામતના કારણે આવનારા દિવસોમાં થવાનું છે. શ્રી અર્જુનભાઇથી માંડીને જે જૂના મિત્રો છે એ ચેક કરી લે કે પ૨ ટકા બક્ષીપંચની વસ્તી ધરાવતા સમાજ માટે કૉંગ્રેસની સરકાર એમના સમયમાં ઓ.બી.સી. સમાજને બજેટમાં શું આપતી હતી? અને આજે ભા.જ.પ.ની સરકાર બજેટમાં શું આપે છે એના આંકડાઓ સરખાવીએ તો જણાઇ આવે કે, ભારતીય જનતા પાર્ટી છેવાડાના માનવી અને વંચિતોની ચિંતા કરવાવાળી સરકાર છે. મને આનંદ થાય છે કે, બક્ષીપંચ સમાજનો વિકાસ જો થયો હોય તો એ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં થયો છે. વિકાસ માટે સતત પ્રયત્નશીલ સરકાર સતત છેવાડાના માનવીને લાભ આપવા માટે આયોજન કરે છે. આ ભારતીય જનતા પાર્ટીની કટિબદ્ધતા છે. વિશેષ સમય ન લેતા, માનનીય શ્રી ઋષિકેશભાઇ જે બિલ લઇને આવ્યા છે એને મારું સમર્થન છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા(પોરબંદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સંસદીય બાબતોના મંત્રી શ્રી ઋષિકેશભાઇ જે બિલ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શ્રી ઋષિકેશભાઇએ ખૂબ લાંબું પ્રવચન કર્યું અને એ પ્રવચનમાં આ દેશના સામાજિક ન્યાયનો અધૂરો, અપૂરતો ઇતિહાસ પણ ખૂબ લંબાણથી એમણે રજૂ કર્યો અને એમના દરેક જવાબો હું આપું તો બહુ લાંબુ થઇ જાય. ભારતીય જનતા પાર્ટી અસ્તિત્વમાં આવી એ પહેલાં જનસંઘ, હિંદુ મહાસભા, આર.એસ.એસ. નામની સંસ્થા હતી. આ બધાએ શું ભૂમિકા ભજવી એની મારે વાત કરવી છે. ભારતનું સંવિધાન ૨૬મી નવેમ્બર ૧૯૪૯ના દિવસે અમલમાં આવ્યું. માનનીય શ્રી રમણભાઇ અને શ્રી શૈલેષભાઇ નથી પણ અમારા બહુ જ અભ્યાસુ એવા શ્રી જિજ્ઞેશભાઇ અહીંયા બેઠા છે. બધા જ ઉચ્ચ વર્ણના લોકો હતા. છતાં પણ એ વખતે સંવિધાન બનાવવાનું કામ કોંગ્રેસના આગેવાનો, મહાત્મા ગાંધીજી તો બધાથી પર હતા, પણ એ સહિત પંડિત જવાહરલાલ નહેરુ, સરદાર પટેલ બધાએ ડૉ. બાબાસાહેબ આંબેડકરને ડ્રાફ્ટિંગ કમિટીના ચેરમેન બનાવ્યા. કારણ કે, જે શોષિત વર્ગ હતો એની પીડા જો એ વખતે કોઇ સારી રીતે જાણતું હોય તો એ ડૉ. બાબાસાહેબ આંબેડકર જાણતા હતા. *(xxx) અને એ જવાબદારીના ભાગરૂપે એ વખતે આ આખી બંધારણીય વ્યવસ્થા અમલમાં આવી. જેમાં રાજકીય, શૈક્ષણિક અને નોકરીઓમાં અનામત વ્યવસ્થા આવી. ૨૬મી નવેમ્બર ૧૯૪૯ના દિવસે બંધારણ રજૂ થયું એના ચાર દિવસ પછી, મારે કોઇ ટીકા-ટિપ્પણ કરવી નથી, પરંતુ રેકર્ડ આધારિત વાત કરવી છે. *(xxx) એનાથી આગળ જઇને કહું છું.

સભાપતિશ્રી : માનનીય સભ્યશ્રી, આપ અત્યારે બેસો. શ્રી પૂર્ણેશભાઇનો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

**બિલના પરિપ્રેક્ષ્યમાં પ્રવચન કરવા અંગે**

શ્રી પુર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, આઝાદી પછી સમગ્ર દેશના દરેક નાગરિકોને પોતાના વિચારો વ્યકત કરવાનો અધિકાર નથી. જે કોઇ પણ સંસ્થા હોય એ સંસ્થાને ખાસ કરીને, અત્યારે સનાતન ધર્મના વિરોધની જે વાતો ચાલે છે એના અનુસંધાનમાં કહીએ તો, સનાતન ધર્મના જે કંઇ નીતિ-નિયમ હોય તે મુજબની વાત કરું તો ગુનો શું છે? અને બીજી મહત્ત્વની વાત એ થઇ કે, *(xxx) આ પ્રકારની વાતો એમની વાતમાંથી ફલિત થાય છે તો એ શબ્દો પાછા ખેંચવા વિનંતી છે.

સભાપતિશ્રી : આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું ફરી પાછું રિપીટ કરું છું કે, મેં એમ કહ્યું કે, અનેક વિદ્વાનો હતા. ડૉ. બાબાસાહેબ ખૂબ વિદ્વાન હતા એમાં કોઇ શંકા નથી. બીજા વિદ્વાનો પણ હતા પણ સામાજિક ન્યાય આપી શકે એવા તે વખતે કોઇ આગેવાન હોય તો એ ડૉ. બાબા સાહેબ આંબેડકર હતા. આપણે બધા ગૌરવથી કહી શકીએ કે, સામાજિક ન્યાય અપાવવાનું કામ એમણે કર્યું છે... (વચ્ચે અટકાવતાં)

સભાપતિશ્રી : માનનીય સભ્યશ્રી, આપ બેસો. માનનીય શ્રી જીતુભાઇનો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, અમને બોલવા જ દેવા નથી? શ્રી ઋષિકેશભાઇ જયારે બોલ્યા ત્યારે અમે કયાંય વચ્ચે બોલ્યા નથી. એમણે પંડિત જવાહરલાલ નહેરુ અને એવાં બીજાં કેટલાયે નામો બોલ્યા છે.

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

**બિલના પરિપ્રેક્ષ્યમાં પ્રવચન કરવા અંગે**

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અર્જુનભાઇ, આપ બોલતાં હોય ત્યારે હું કયારેય એવું કરતો નથી, પણ મારી એટલી વિનંતી છે કે, માનનીય અધ્યક્ષશ્રીએ બિલ ઉપર બોલવાની વાત કરી છે. જો આર.એસ.એસ.ના ઓર્ગેનાઇઝેશનની કોઇ વાત થતી હોય, કોઇ મુખપત્રની વાત થતી હોય તો મને તારીખ અને વાર ખબર નથી પણ ગાંધીજીએ

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

એવું પણ કહ્યું હતું કે, ''કોંગ્રેસ વિખેરી નાખો.'' તો હું પણ આ વાત કરું એ ઠીક નથી. એ પણ રેકર્ડ ઉપર હતું. એટલે માનનીય અધ્યક્ષશ્રી, જો બિલની બાબત હોય તો એ જ એમાં રહેવી જોઇએ, નહીંતર રેકર્ડ ઉપરથી દૂર કરવી જોઇએ.

સભાપતિશ્રી : માનનીય સભ્યશ્રી, આપણે બિલ ઉપર જ બોલીએ. બિલની બહારનું જે આવશે એના ઉપર ન જઇએ તો સારું.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મેં મુખપત્રની તારીખ જણાવેલી છે.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : બિલ પર બોલવાની વાત છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : બિલમાં તો શ્રી રાજીવ ગાંધી આવ્યા, શ્રીમતી ઇન્દિરા ગાંધી આવ્યા, શ્રી જવાહરલાલ નહેરુ આવ્યા, શ્રી નરસિંહરાવ આવ્યા. બધા આવ્યા. શ્રી માધવસિંહ સોલંકીથી માંડીને બધા આવ્યા છે. આટલું બધું આવી ગયું. મેં તો આ બિલ જે અત્યારે આવે છે, એની સામેના વિચારો શું હતા એની વાત કરી છે.

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

સભાપતિશ્રીઃ એક મિનિટ. માનનીય અર્જુનભાઇ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : કેટલાક આવશે. હજુ તો હું બોલ્યો નથી.

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, આ ૧૫મી વિધાનસભાનું ત્રીજું સત્ર છે. મારો પહેલો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. મારા જેવા ૭૧ નવા સદસ્યો આ વખતે પહેલીવાર ચૂંટાઇને આવ્યા છે. હું દેખી રહ્યો છું કે જેટલીવાર સરકારી વિધેયકો મૂકાય છે, એમાં વિપક્ષ દ્વારા પોઇન્ટ ટુ પોઇન્ટ ચર્ચા કરવાના બદલે બિલ ઉપર માત્ર ૧૦ ટકા સમય જ આપવામાં આવે છે. બાકી બધી પોલિટિકલ ચર્ચાઓ થાય છે. તો અમારી વિનંતી એ છે કે પોઇન્ટ ટુ પોઇન્ટ ચર્ચા કરવા માટે મારો પોઇન્ટ ઓફ ઓર્ડર હતો.

સભાપતિશ્રીઃ માનનીય સભ્યશ્રી, આપ બિલ ઉપર જ ચર્ચા કરજો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, બિલ ઉપરની જ ચર્ચા છે. સામાજિક ન્યાયની ચર્ચા છે અને સામાજિક ન્યાયની શરૂઆત ક્યાંથી થઇ. શ્રી પ્રવિણભાઇ, મહાત્મા ફૂલેથી શરુ કરીને છેક શ્રી નરેન્દ્રભાઇ મોદી સુધીનો આટલો ઇતિહાસ એમણે આપ્યો છે. એટલે ત્યાં કહેવાની જરૂર હતી. એમણે કહ્યું છે એનો કોઇક જવાબ તો આપવો જોઇશે ને મારે? આપ એવું ઇચ્છો છો કે હું જવાબ ના આપું? એટલે વાત એ થતી હતી. બીજી વાત એ છે કે આ બધા જ અત્યાર સુધી માનનીય સંસદીય મંત્રીશ્રી ઘણુંબધું બોલ્યા છે એટલે મારે બોલવું છે. નહીંતર મને તો એમ હતું કે ખાધું પીધું ને રાજ કર્યું. અમે કહેત કે આ બિલની અંદર તમે અપૂરતી કરી છે છતાં અમે ટેકો આપીએ. વાત તો અમારે એ કરવાની હતી, પણ આપે ખૂબ લાંબો ઇતિહાસ આપ્યો છે અને જાણે એક શબ્દ તો રદ કરી નાંખ્યો કે જાણે *(xxx)

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૧૯૪૭ની અંદર અને ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦ના જે બંધારણ રજૂ થયું એ બંધારણ સભાથી શરુ કરીને આખી વ્યવસ્થાની અંદર કોંગ્રેસના જ બહુમતિ સભ્યો હતા. એમાં ૮૦થી ૯૦ ટકા સભ્યો એમના હતા. છતાં આપને એમ લાગ્યું કે આ વ્યવસ્થા બરાબર નથી? એના પછીના જેટલી જેટલી વખત આવ્યા. કાકા કાલેલકર કમિશન પણ અમે નીમ્યું હતું. મંડલ કમિશન છે એની અમલવારી શ્રી નરસિંહરાવે કરી. શ્રી વિશ્વનાથ પ્રતાપસિંહે જેવી મંડલ કમિશનની જાહેરાત કરી, એની સામે કમંડલ આવી ગયું. ટેકો પાછો કોણે ખેંચ્યો? અને એની સામે કમંડલ આવ્યું. મંડલ સામે કમંડલ તો, એના બાબતે ઘણી વાત થયેલી છે.

સભાપતિશ્રીઃ માનનીય સભ્યશ્રી, આપણે બિલ પર ચર્ચા કરીએ. બિલ ઉપર જ ચર્ચા કરો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ બધી ખબર ના હોય એટલે મારે કહેવું પડે. બોલ્યા છે અને હું જવાબ આપું છું. હું બિલ ઉપરની જ ચર્ચા કરું છું. બિલની બહાર કશું નથી અને બિલમાંયે પાછું કોઇ બહારનું બોલ્યું છે એના માટે નહીં. હાઉસની અંદર અમારી સામે જે બોલાયું, એની જ હું વાત કરું છું અને હું બિલની બહાર કંઇ નહીં બોલું. આ બધી લોકલ બોડીઝ માટેની અત્યારે જે આવે છે. લોકલ બોડીઝ એટલે ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, નગરપાલિકા અને મહાનગરપાલિકા એની અંદર વ્યવસ્થા કરવાની છે. એમાંય આપણું ગુજરાત તો પાયોનીયર રહ્યું છે. આખા દેશની અંદર પંચાયતી રાજ વ્યવસ્થાનો વિચાર જ ગુજરાતે આપ્યો છે. મુંબઇ રાજ્યમાંથી આપણે વર્ષ ૧૯૬૦માં છૂટા પડયા. એ પછી પહેલીવાર બલવંતરાય મહેતા કમિટી નિમાઇ અને આખા દેશ માટે પંચાયતી રાજ વ્યવસ્થા કેવી હોવી જોઇએ એનો રિપોર્ટ આપ્યો. વર્ષ ૧૯૬૩માં આપણે પંચાયતી રાજ એક્ટ લઇ આવ્યા. એ એક્ટમાં તો વર્તમાનમાં જે પાવર્સ છે એના કરતા પણ વધારે પાવર્સ હતા. આપમાંથી કોઇને કહીશું કે ૧૦ વર્ષ પહેલાં કે ૫ વર્ષ પહેલાં જિલ્લા પંચાયતના પ્રમુખ કોણ હતા એ કદાચ આપને અત્યારે યાદ નહીં હોય પણ જ્યારે આપ નહોતા અને એ વખતે જિલ્લા પંચાયતના પ્રમુખ હતા. આ હાઉસમાં હું થોડાં નામ આપું છું તેનાથી એક પણ વ્યક્તિ અજાણ નહીં હોય. રીખવદાસ શાહ-મહેસાણા, ઇશ્વરભાઇ ચાવડા-ખેડા, રતનસિંહ મહિડા-ભરૂચ, દ્વારકાદાસ પટેલ-અમરેલી, વલ્લભભાઇ પટેલ-રાજકોટ, મહંત વિજયદાસજી અને યુવરાજ ઉદયભાણસિંહજી-જૂનાગઢ, એક એક જિલ્લાની અંદર. આજે શ્રી જીતુભાઇ, તમારા જિલ્લાના વર્ષ ૧૯૬૦થી શરૂ કરીને વર્ષ

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

૧૯૮૦ સુધીના તમામ નામો તમે કદાચ બોલી શકશો, પણ વર્ષ ૧૯૯૦ પછી કોણ છે એ આપણે શોધવા પડે. આ પંચાયતી રાજ વ્યવસ્થાના જે મહાન પાત્રો હતા એ કોંગ્રેસની દેન છે. એ પ્રતિનિધિત્વ એ વખતે હતું. વાત એ હતી. (અંતરાય) આમાં નો રિપીટ નહીં, રિપીટ આવી જાય છે એ શું છે? આવતા વર્ષે શું થાય કંઇ ખબર નથી. હું વાત એ કરતો હતો. મારે વધુ બોલવું નથી, કારણ કે શ્રી અમીતભાઇએ ખૂબ વિગતથી વાત કરી છે. પહેલી હરોળમાં શ્રી કુંવરજીભાઇ બેઠાં છે. શ્રી મુળુભાઇ નીકળી ગયા, શ્રી રમણભાઇ અને શ્રી જગદીશભાઇ નીકળી ગયા. એમણે મૌલિક રીતે પોતાની વાત રજૂ કરી હોત તો મને આનંદ થાત કારણ કે વધારે જાણે છે. સામાજિક ન્યાય શું છે તેની તેમને સમજણ ખૂબ સારી છે. આ જે એસ.સી., એસ.ટી. અને ઓ.બી.સી.ની અનામત વ્યવસ્થા છે તેનો ઇતિહાસ શ્રી અમીતભાઇએ આપ્યો. દરેક વખતે તેની સામે પડકાર આવ્યા છે. વર્ષ ૧૯૪૭માં બંધારણ સભાની રચના થઇ અને વર્ષ ૧૯૫૦માં બંધારણ બહાર આવ્યું ત્યારે જિલ્લે જિલ્લે આ બંધારણની હોળી કરવાવાળા લોકો પણ હતા. એ વખતે પણ વિરોધ થયો હતો. તિરંગા ઝંડાનો પણ વિરોધ કર્યો હતો. આપણું રાષ્ટ્રગીત છે એ ન હોવું જોઇએ તેનો પણ વિરોધ થયો હતો. કોણ કરનારા છે, મારી પાસે આખો રેકર્ડ છે પણ મારે તેના ઉપર જવું નથી. આ બક્ષીપંચની રચના કરીને તેનો અમલ થયો અને તેની સામે જે લડાઇ થઇ તેના પણ આપણે સાક્ષી છીએ. કોણ કરવાવાળા હતા એ પણ ખબર છે. વર્ષ ૨૦૧૦માં એનો ચુકાદો આવી ગયો. આજે વર્ષ ૨૦૨૩. ઝવેરી કમિશનનો રિપોર્ટ તો મારી પાસે નથી, પણ વર્ષ ૨૦૧૦નું સુપ્રીમકોર્ટનું જજમેન્ટ મારી પાસે છે. એ જજમેન્ટમાં પેરા નં. ૨૯માં બોલ્ડ અને કેપિટલ લેટરમાં સુપ્રીમકોર્ટ ઓફ ઇન્ડિયાએ લખ્યું છે કે- THE NATURE AND PURPOSE OF RESERVATIONS IN THE CONTEXT OF LOCAL-SELF GOVERNMENT IS DIFFERENT FROM THAT IN HIGHER EDUCATION AND PUBLIC EMPLOYMENT. એટલે આનો હેતુ છે એ જે એમ્પ્લોયમેન્ટમાં રિઝર્વેશન છે અને હાયર એજ્યુકેશનમાં રિઝર્વેશન છે તેના કરતાં જુદું છે. એટલા માટે તેણે ટ્રિપલ ટેસ્ટની વાત કરી છે. મારે ટ્રિપલ ટેસ્ટની વિગતમાં જવું નથી પણ પેરા-૩૭માં સુપીમકોર્ટ નોંધે છે કે ‘In the absence of explicit constitutional guidance as to the quantum of reservation in favour of backward classes in local self-government, the rule of thumb is that of proportionate reservation. થમ્બરૂલ એ છે કે પ્રપોશનેટ વસ્તીના પ્રમાણમાં રિઝર્વેશન આપવાનું. “However, we must lay stress on the fact that the upper ceiling of 50% (quantitative limitation) with respect to vertical reservations in favour of SC / ST / OBCs should not be breached.” એટલે આ જે ૫૦ ટકા છે એ ૫૦ ટકા રિઝર્વેશનની અંદર એસ.સી., એસ.ટી. અને ઓ.બી.સી. એ વસ્તીના પ્રમાણમાં એમને હક્ક આપવો જોઇએ. એમાં ફરી પાછું આપણે એ લઇ આવ્યા કે પેસા એક્ટ હેઠળ જે ટ્રાયબલ રિઝર્વેશન છે એમાં ઓ.બી.સી.નું રિઝર્વેશન ૧૦ ટકા કરતા વધારે ન હોવું જોઇએ એ વાત સ્વીકારીને ચાલીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે માનનીય અમીતભાઇએ વાત કરી એ પ્રમાણે કોઇ જગ્યાએ એવું બને કે જયાં શિડ્યુઅલ ટ્રાઇબની વસ્તી નથી અથવા તો નહીંવત વસ્તી છે, જેટલી વસ્તી છે એના પ્રમાણમાં એમને આપવું જોઇએ. દા.ત. મારા જિલ્લાની અંદર પોઇન્ટ ૦૫ વસ્તી છે તો એટલું એને દેવું જોઇએ. ૭ ટકા, ૮ ટકા જેટલી વસ્તી છે એના પ્રમાણમાં શિડયુઅલ કાસ્ટને પણ આપવું જોઇએ પણ માની લઇએ કે ત્યાં ૫૨ ટકા, ૫૫ ટકા વસ્તી કે ૮૦ ટકા વસ્તી ઓ.બી.સી.ની છે તો ૫૨ ટકા, ૮૦ ટકા કે ૭૦ ટકા ના આપી શકાય, પણ ૫૦ ટકાની લિમિટમાં જે બાકીનું રિઝર્વેશન છે એ એના માટે થવું જોઇએ. આ ચુકાદો છે સંપૂર્ણપણે આ સિદ્ધાંતને સ્વીકારે છે. આ જજમેન્ટ છે સન ૨૦૧૦નું કે જયારે આપણે અપર કાસ્ટ જે બીન અનામત વર્ગ છે એનામાં જયારે અનામત નહોતા લઇ આવ્યા ત્યારની વાત છે. હવે જયારે ૧૦ ટકા એમનામાં પણ આવેલી છે ત્યારે આ ૫૦ ટકાની લિમિટ પણ રહેતી નથી. ઇન્દિરા સાહનીનો કેસ છે એ આ જે સિદ્ધાંત પ્રસ્થાપિત કર્યો અને આપણે બંધારણમાં સુધારો કર્યો કે જે આર્થિક રીતે પછાત વર્ગ છે જે અનામતમાં નથી આવતો એના માટે ૧૦ ટકા જે જોગવાઇ થઇ હોય ત્યારે હવે ઇન્દિરા સાહનીના કેસને બદલે વસ્તીના પ્રમાણમાં તમામ વર્ગોને એ રિઝર્વેશન આપવું જોઇએ. આપે ઘણા બધા દાખલા આપ્યા કે તમે આટલું મોડું કર્યું આટલું મોડું કર્યું પણ સન ૨૦૧૦માં આ જજમેન્ટ આવેલું છે અને એના માટે એણે લખ્યું છે, હું આખું જજમેન્ટ વાંચતો નથી કે તમારે એના માટે વસ્તીની ગણતરી કરવી જોઇએ કે કોની કેટલી વસ્તી છે એના આધારે હોય, કાલ્પનિક ધોરણે નહીં પણ એ આપણે કર્યું નહીં એટલે સન ૨૦૨૧માં ફરી પાછો ચુકાદો આવ્યો કે આ કરો. સન ૨૦૨૨ જાન્યુઆરીમાં આપણે આ સૂચનાઓ આવી અને એના પછી જુલાઇ ૨૦૨૨માં આપણે સમર્પિત આયોગની રચના કરી. માનનીય રૂષિકેશભાઇ, ૧૨ વર્ષ થઇ ગયા. ૧૨ વર્ષ સુધી કર્યું નહીં અને જો આપની ઇચ્છા હોત કે ના, ના અમારે ન્યાય અપાવવો જ છે તો આપે તરત જ આયોગ બનાવીને રચના કરી દીધી હોત એના બદલે કોઇ રિઝર્વેશન વગર સીધી ચૂંટણીની જાહેરાત કરી દીધી. પછી આખા રાજયમાંથી જયારે રજૂઆત થઇ ત્યારે આપે એ ચૂંટણી રદ કરી અને આ આયોગની રચના કરી, આયોગે જે અહેવાલ આપી દીધા એના પછી કેટલાયે મહિનાઓ પછી આ આયોગનો રિપોર્ટ અંશતઃ સ્વીકારી અને આપે કર્યું છે.

હું ફરી પાછું શ્રી ઋષિકેશભાઇ, આપને કહેવા માગું છું કે આની અંદર જે સુપ્રીમકોર્ટનું જજમેન્ટ છે કે ૫૦ ટકા સુધી તમે માની લો કે આપ સ્વીકારો છો કે ઇન્દિરા સાહનીનો જે વર્ડિંગ છે, આજે ઇકોનોમિક બેકવર્ડ કલાસના રિઝર્વેશન પછી પણ રીલેવન્ટ છે એમ માની લઇએ તો પણ જે ૨૭ ટકાની સીલિંગ કરી છે એ આ જજમેન્ટની સાથે સુસંગત નથી. એ માત્ર જે શિડ્યુલ્ડ એરિયા આપણો છે ત્યાં જે ટ્રાયબલ પોપ્યુલેશન છે એના હક્ક ઉપર તરાપ ન લાગે ત્યાં પણ કરી શકાય અને બાકીના

વિસ્તારમાં એસ.સી.ની વસ્તી છે એના હક્ક ઉપર કોઇ તરાપ ન લાગે ત્યાં સુધી ૫૦ ટકાની અનામતની વ્યવસ્થા કરવી જોઇએ. એસ.સી. અને એસ.ટી અને ઓ.બી.સી.ને પણ એની વસ્તી વધારે હોવા છતાં આપતા નથી. આ જે સ્પિરિટ અને લેટર જજમેન્ટ છે એની સાથે સુસંગત નથી. એટલે આપ સુધારો આજે જ લઇ આવીને આ બાબતે ૫૦ ટકાની મર્યાદામાં વસ્તીના પ્રમાણમાં હું જે શબ્દો બોલી ગયો છું. પેરા નં. ૩૭ એ અનુસાર આપે કરવું જોઇએ એવું હું માનું છું. અહીંયા ઘણા પોલિટિકલ ઓબ્ઝર્વેશનો થયા. મેં એકપણ પોલિટિકલ ઓબ્ઝર્વેશન નથી કર્યું. મેં રેકર્ડ ઉપરની વાત કરી છે તો પણ ઘણા મિત્રોએ વાંધો લીધો. અમે તો ટેવાયેલા છીએ, ખોટા અને સાચા આક્ષેપોથી અમે ડરતા નથી. આની અંદર લીડરશિપ લીધી હતી. મને આશ્ચર્ય થાય છે કે એ.બી.વી.પી., બી.જે.પી. કે બીજા કોઇપણ હું રેકર્ડ ઉપર બતાવી શકું એમ છું. પણ મારે એમાં પડવું નથી. બિલની મર્યાદામાં મેં વાત કરી છે. બિલથી વિશેષ મારે કાંઇ કહેવું ન હતું. હજી પણ સરકાર છે એ જોખી જોખીને આ જજમેન્ટમાં છે એટલો સુધારો કરીને લઇ આવે તો અમે સરકારને અને આપ કહેશો એ બધાને અભિનંદન આપીશું. એટલી વાત કરીને મારું વકતવ્ય પૂરું કરું છું.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી(વડગામ):માનનીય અધ્યક્ષશ્રી, આજે માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બે જ વાત કરવી છે. અનામત એ ગરીબી નાબૂદીનો કાર્યક્રમ નથી, અનામત એ ગરીબોને આર્થિક અનામતનો પણ કાર્યક્રમ નથી અને અનામત એ અસ્પૃશ્ય નિવારણનો પણ કાર્યક્રમ નથી. અનામતની મૂળ ફિલોસોફી, એનો મૂળ ઉદ્દેશ એ પ્રતિનિધિત્વનો છે. આ પ્રતિનિધિત્વનો પ્રશ્ન ભારત ભૂમિમાં એટલા માટે ઊભો થયો કે આપણા દેશમાં ૩ હજાર વર્ષથી જુદા પ્રકારની અનામત ચાલતી હતી. એ અનામત જાતિ વ્યવસ્થાની અને વર્ણ વ્યવસ્થાની. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર, આ ચતુર્વર્ણ વ્યવસ્થાની બહારના અતિ શુદ્રો. આ વ્યવસ્થાના કારણે જ્ઞાન ઉપર કન્ટ્રોલ તો એક જ સમાજનો, જમીન ઉપર અનામત એક જ સમાજની, વેપાર તો ખાલી વૈશ્યોએ કરવાનો અને શુદ્રો, *(xxx) આની વિરુદ્ધમાં સ્વતંત્રતાના આંદોલનની જે ભાવના પેદા થઇ, વિવિધતામાં એકતા, સર્વ જ્ઞાતિ અને ધર્મના લોકોને એક નવા ભારતનું, એક નવા સમાજનું, એક પ્રગતિશીલ સમાજનું નિર્માણ કરવું જોઇએ એમાંથી ધીરે ધીરે આપણું બંધારણ નિર્માણ પામ્યું. બંધારણની અંદર આ પ્રતિનિધિત્વનો ખ્યાલ આવ્યો. પ્રતિનિધિત્વ હંમેશા વસ્તીના આધારે હોય. એસ.સી. ની ગણતરી થયેલી છે. એસ.ટી.ની વસ્તીની ગણતરી થયેલ છે. ઓ.બી.સી.ની જાતિ આધારિત જનગણના થાય તો દૂધનું દૂધ અને પાણીનું પાણી થઇ જાય. એટલે ઓ.બી.સી. સમાજ માટેની લાગણી અને ચિંતા સત્તાધારી પક્ષના મિત્રોએ બતાવી એ જો સાચી હોય તો આ સન્માનનીય સભાગૃહમાં અમે ડંકાની ચોટ ઉપર સમર્થન આપવા તૈયાર છીએ. તમે ઓ.બી.સી. સમાજની જનગણના કરાવડાવો. ઓછા ઓછું ઝવેરી પંચનો રિપોર્ટ પણ કહે છે કે ૫૦ ટકાથી વધારે છે અને જો કોઇ કારણોસર આ ૫૦ ટકાની વસ્તી પ્રમાણે અનામત આપવામાં તકલીફ ઊભી થતી હોય, સુપ્રીમકોર્ટના ચુકાદા પ્રમાણે સુપ્રીમકોર્ટે મૂકેલી કેપ અને સીલિંગ પ્રમાણે તો તમારી પાસે ગુજરાતમાં પણ સરકાર છે અને કેન્દ્રમાં પણ સરકાર છે, ડબલ એન્જિનની સરકાર તો જ સાચી જો બંધારણની નવમી સૂચીમાં તમે પ્રસ્તાવ મૂકો એટલે સુપ્રીમકોર્ટનું જ્યુરિડિકશન પણ વચમાં આવે નહીં. સાચી તમારી ઓ.બી.સી. સમાજની લાગણી હોય દૂધનું દૂધ અને પાણીનું પાણી કરવા માટે ઓ.બી.સી. સમાજની જનગણના થવી જોઇએ. એટલા માટે આજે બહુ ગૌરવ સાથે કહેવા માગું છું કે, ગુજરાતની ધરતીએ જોયેલી સૌથી મજબૂત ૫૬ ઇંચની છાતી કોઇની હોય તો સ્વ.શ્રી માધવસિંહભાઇ સોલંકીની કે જેમણે ઓ.બી.સી. સમાજને ૨૭ ટકા અનામત આપ્યું. મારી પૂર્વેના મિત્રોએ એક સામાજિક સંગઠનના ઉલ્લેખ બાબતે કેટલીક નક્કર માહિતી હોય તો જ ઉલ્લખ કરજો એવું કહ્યું. માનનીય અર્જુનભાઇએ તારીખ સાથે જણાવ્યું *(xxx) અને આપણા બંધારણની અંદર પહેલી વખત દેશ આઝાદ થયા પછી અનામતનો ખ્યાલ આપણા બંધારણમાં પહેલી વખત આવ્યો. દેશ આઝાદ થયા પૂર્વે શાહુ મહારાજાએ અનામત આપી હતી પણ આ શિક્ષણ અને રોજગારમાં અનામતની શરૂઆત બંધારણમાંથી થઇ. જેને બંધારણ માટે જ નફરત હતી એવા માણસોને આપણે એપ્રિસિએટ કરવા માગીએ છીએ. આનાથી મોટી બીજી *(xxx) કોઇ હોઇ ના શકે.

સભાપતિશ્રી : *(xxx) શબ્દ દૂર કરવામાં આવે છે.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : છેલ્લે એક જ વસ્તુ દૂર કરવા માગું છું કે, જે માનનીય અમીતભાઇએ વાત કરી એ પ્રમાણે જ્યારે સુપ્રીમકોર્ટનો ચુકાદો આટલો સ્પષ્ટ છે કે યુનિફોર્મ અનામત હોઇ ના શકે એને તમારે જિલ્લાવાઇઝ, તાલુકાવાઇઝ યુનિટ પ્રમાણે કન્સીડર કરવી પડે. આ સુપ્રીમકોર્ટના ચુકાદાની ઉપર કોઇ નથી અને સુપ્રીમકોર્ટના ચુકાદાનું પાલન નહીં કરીને આટલાં વર્ષથી જે ઓ.બી.સી. સમાજની ઉપેક્ષા થઇ એમાં એક પ્રમાણે આપણે ઉમેરો કરવા માગીએ છીએ. કેમ કે, સત્તાધારી પક્ષના સાથીઓએ ધાર્યું હોત તો એ ગયા બજેટમાં પણ લાવી શક્યા હોત અને સુપ્રીમકોર્ટનો ચુકાદો આવ્યો. એ વખતે જો વટહુકમ લાવ્યા હોત તો વટહુકમ લાવ્યા બાદ સુપ્રીમકોર્ટના ચુકાદાથી અત્યારે આ ક્ષણની વચ્ચેના સમયગાળામાં જે નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓ, તાલુકા-જિલ્લા પંચાયતની ચૂંટણીઓ આવી એમાં અનેક ઓ.બી.સી. સમાજનું પ્રતિનિધિત્વ ઊભું થયું હોત પણ એના માટેની લાગણી હતી નહીં એટલે મારી વાણીને વિરામ આપતા પહેલા સત્તાધારી પક્ષના મિત્રોને ખાલી એટલું જ

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

કહેવા માગું છું કે અત્યાર સુધી ઓ.બી.સી. સમાજને જે નુકસાન થયું એનું કોમ્પન્શેસન-વળતર એક જ હોય એમની જાતિ આધારિત જનગણના કરવામાં આવે. એમની જાતિ આધારિત જનગણમાં પ્રમાણે ૪૮ ટકા, ૫૦ ટકા, ૫૨ ટકા જે પણ વસ્તી થાય એ પ્રમાણેની તમે અનામત આપો અને એમાં સુપ્રીમકોર્ટનું જજમેન્ટ નડતું હોય તો બંધારણની ૯મી અનુસૂચિમાં મૂકો. આ જ મારો વિચાર છે અને સાચા અર્થમાં તમે ડબલ એન્જિનની સરકાર તમે તો જ કહેવાય. ખૂબ ખૂબ આભાર.

સભાપતિશ્રી : પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય જીજ્ઞેશભાઇ મેવાણીએ વાત કરી. કેમ કે મેં અને માનનીય પૂર્ણેશભાઇ બંનેએ વાત મૂકી હતી. ખૂબ જ્ઞાતા માણસ છે, વિદ્વાન માણસ છે. વકીલ છે, સુપ્રીમકોર્ટનું અને બંધારણની બધી બાબતો એમણે ટાંકી છે. સમગ્ર દેશની અંદર જઇને બંધારણની વિરુદ્ધ કામ થયા હોય, એમાં ધરપકડ થઇ હોય, ફરિયાદો થઇ હોય, ભલે સાબિત ના થયું હોય. સમગ્ર ભારતની અંદર જાતિનું વૈમનસ્ય ઊભું કરવાના ભાષણો પણ રેકર્ડ ઉપર છે અને મારું કહેવાનું માનનીય અર્જુનભાઇને ખૂબ વિનંતીપૂર્વક એટલું જ હતું કે કારણ કે હમણાં શ્રી શંકરભાઇ ચેર ઉપર હતા ત્યારે એમણે એક રૂલિંગ આપ્યું કે કોઇ પણ વ્યક્તિએ આ બિલની બહાર વાત કરવી નહીં. કારણ કે દલીલો થઇ, ચર્ચા થઇ એના અંતે એમણે રૂલિંગ આપ્યું છે તો મેં પણ એટલી વાત કરી હતી. નહીં તો હું પણ ઘણી બધી વાત કરી શકું. માનનીય રાહુલ ગાંધી ફોરેનમાં જઇને ભારતને ભાંડે છે. આ બિલનો કોઇ વિષય છે? કોઇએ ટીકા-ટિપ્પણી કરવા રાજીવ ગાંધીએ કહ્યું હોય કે એક રૂપિયાના બદલે ૧૫ પૈસા નીચે જાય છે, અમારી સરકારમાં ભ્રષ્ટાચાર થાય છે. આ વાજબી નથી. એટલે મૂળ વિષય એટલો જ છે કે, આ વાત પોતાની જાતને વધારે સારી સાબિત કરવા માટે, રાજ્ય અને દેશની જનતા જાણે છે. જાતિ-જ્ઞાતિના ઝેર રેડીને રાજનીતિ કરે છે. એ વ્યક્તિ અમને સલાહ આપશે કે અમારે શું કરવું, શું બોલવું? હું આપને ઉદ્દેશીને વાત કરું છું કે એમણે અમને સલાહ આપવાની જરૂર નથી એટલે રેકર્ડ ઉપરથી આ શબ્દો દૂર થાય અન્યથા એમણે પાછા ખેંચવા જોઇએ એવી આપની પાસે મારી અપેક્ષા છે.

સભાપતિશ્રી : પોઇન્ટ ઓફ ઓર્ડરનો ચુકાદો પછી આપવામાં આવશે.

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા ગૃહમાં ઘણાબધા વિદ્વાન ધારાસભ્યશ્રીઓ છે અને એમની વાત સાંભળવી અને એમાંથી કાંઇક મેળવવું જરૂરી હોય છે એટલે થોડાં કારણોસર હું બહાર ગયો હતો એટલે શ્રી અર્જુનભાઇનું પૂરું ભાષણ હું સાંભળી શકયો નથી. આ કોઇ વ્યવહારિક વાત નથી પણ ઘણાબધાની પાસે કંઇકને કંઇક શીખવાનું થતું હોય છે. એમણે મારા નામનો ઉલ્લેખ કર્યો એ બદલ પણ એમનો આભાર. મારે બે મિનિટ આપની સાથે વાત કરવી હતી. આપે ડો. બાબાસાહેબ આંબેડકરનો ખૂબ સારી રીતે ઉલ્લેખ કર્યો. આપને ખૂબ ખૂબ અભિનંદન.

સભાપતિશ્રી : આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર શું છે એ પહેલા કહો?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, એમણે મારું નામ દીધું છે અને એમણે જે વાત કરી છે એનો હું જવાબ આપી રહ્યો છું. મારા નામનો ઉલ્લેખ કરીને ડો. બાબાસાહેબ આંબેડકરની વાત એમણે કરેલી છે. શ્રી અર્જુનભાઇ, હું બરાબર બોલ્યો છુંને?

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : મેં શ્રી મુળુભાઇનું, શ્રી જગદીશભાઇનું અને તમારું બધાનું નામ આપ્યું. મેં એમ કીધું કે બહુ મૌલિક રીતે સારી રીતે બોલી શકે તેમ છે.

સભાપતિશ્રી : માનનીય સભ્યશ્રી, આપ બેસી જાવ. આમાં પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી. માનનીય સભ્યશ્રી પૂર્ણેશભાઇ મોદી.

શ્રી પુર્ણેશ મોદી(સુરત -પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૨૩, સન ૨૦૨૩નું ગુજરાત સ્થાનિક સત્તા મંડળ સુધારા બિલને મારું સંપૂર્ણપણે અનુમોદન છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ માત્ર બિલ નથી. સમગ્ર ગુજરાતના ઓ.બી.સી. સમાજના કરોડો નાગરિકોનું દિલ છે. સમગ્ર ગુજરાતના અન્ય પછાત વર્ગના ૧૪૬ જ્ઞાતિસમૂહ વ્યવસાયિકોના સમૂહના કરોડો નાગરિકોના આનંદ અને ઉલ્લાસનું સર્જન થયું છે ત્યારે સાચા અર્થમાં આજે તો નેશનલ એન્જિનિયરિંગ દિવસ છે અને સાથેસાથે આંતરરાષ્ટ્રીય લોકશાહી દિવસ પણ છે. આંતરરાષ્ટ્રીય લોકતંત્ર દિવસના શુભ દિને ગુજરાતમાં ૨૭ ટકા ઓ.બી.સી. સમાજને અનામત આપવી એનાથી રૂડું કોઇ હોઇ શકે નહીં. આ બિલ લાવવા બદલ હું રાજયના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇને લાખલાખ અભિનંદન પાઠવું છું. ગુજરાત સ્થાનિક સત્તા મંડળ સુધારા બિલને મારું સંપૂર્ણ સમર્થન છે. માનનીય ઋષિકેશભાઇનું જે પ્રવચન હતું એ એક ઐતિહાસિક વર્ણન હતું. સન ૧૯૪૭થી લઇને અત્યાર સુધીમાં એમણે જે જે ઘટના ઓ.બી.સી. સમાજ જોડે ઘટી. જે જે સરકારમાં જેણે જેણે નિર્ણય કર્યા. જેણે જેણે વાત મૂકી. જેણે જેણે એ વખતે જે કંઇ ઓ.બી.સી. સમાજ માટે કર્યું એની વાત મુકવામાં આવી છે એટલે ૭૫ વર્ષ અમૃત કાળની અંદર અનેક મહાનુભાવોનાં નામ આવે એ સ્વાભાવિક છે. ૧૫ ઓગસ્ટ ૧૯૪૭માં હિન્દુસ્તાનને આઝાદી મળી અને આજે અમૃત કાળ ચાલી રહ્યો છે. ૧૯૪૭માં દેશમાં ત્રણ વસ્તુ પ્રવર્તમાન હતી. આર્થિક વ્યવસ્થા હતી. પહેલી વ્યવસ્થા હતી. મૂડીવાદ, પુંજીવાદ. કેપીટલાઇઝેશન. મૂડીવાદમાં મજૂર, શ્રમિક, કારીગરો, નાના વર્ગનો વ્યવસાય કરનારાઓનો વિશાળ સમૂહ જે છે. જેને આજે આપણે ઓ.બી.સી.

સમાજ કહીએ છીએ. એ ઉત્પાદનના સાધનોની માલિકીના કારણે દૂર રહ્યો. સામ્યવાદમાં પણ મજૂર, શ્રમિક, કારીગર, નાના વ્યવસાયકારો જે આ નાના વ્યવસાયકારો એક પ્રકારે પોતાના હુન્નરને કારણે એની સામાજિક, આર્થિક પરિસ્થિતિ ગરીબ હોવાને કારણે એનો સમાવેશ ઓ.બી.સી. વર્ગમાં કરવામાં આવ્યો. એ વિશાળ સમૂહમાં ઉત્પાદનના સાધનોની માલિકીમાં અમીરી અને ગરીબીની વાત આ સામ્યવાદમાં પણ ઉપસ્થિત થઇ.

માનનીય અધ્યક્ષશ્રી, સમાજવાદ એટલે કે સોશિયાલિસ્ટ. સમાજવાદમાં પણ મજદૂર, શ્રમિક, કારીગરો, નાના વ્યવસાયો આ બધાના સમૂહ ઉત્પાદન કરનાર સાધનોની માલિકી સમાજ પાસે રહી, વ્યક્તિ પાસે ન રહી. આ પ્રકારની વિચારધારા ૧૯૪૭ થી સતત ચાલતી આવી. ભારતીય જનસંઘના સ્થાપક પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીએ ઉત્તરપ્રદેશની અંદર સૌથી પહેલાં પ્રાદેશિક પાર્ટી ભારતીય જનસંઘની સ્થાપના કરી હતી. એમણે અંત્યોદય અને એકાત્મ માનવવાદનો વિચાર વ્યક્ત કર્યો. આ અંત્યોદય એટલે અંતિમ પંક્તિમાં રહે છે, ગામડામાં રહે છે, જંગલમાં, ટ્રાયબલ વિસ્તારમાં અને અંતરિયાળ વિસ્તારમાં જે લોકો રહે છે તેનું ઉત્થાન એ આપણી પહેલી પ્રાથમિકતા છે. સાથે સાથે એકાત્મ માનવવાદ, આપણે પહેલાં જે મૂડીવાદની વાત કરી, સમાજવાદની વાત કરી, સામ્યવાદની વાત કરી તેના કરતાં એકાત્મ માનવવાદ અને તેના કારણે ભારત જેવા વિશાળ જનસંખ્યા ધરાવતા દેશમાં તેના વિચારોમાં, વ્યવહારોમાં, તેની વ્યવસ્થામાં, પદ્ધતિમાં કેન્દ્ર સ્થાને ભારતીયકરણનું પ્રગટીકરણ હોવું જોઇએ. તેના કેન્દ્ર સ્થાને સ્વદેશીની ભાવના હોવી જોઇએ. તેના કેન્દ્ર સ્થાને સ્વાવલંબી નીતિની વાત હોવી જોઇએ. તેના કેન્દ્રમાં આત્મનિર્ભર એટલે કે નાના વ્યવસાયકારો પગભર બને, ઓ.બી.સી. સમાજમાંથી આવે છે તે પગભર બને અને તેના કારણે નાના વ્યવસાય કરનાર વર્ગ સંપૂર્ણ પગભર બને, સંપૂર્ણ વિકાસ પામે, સર્વાંગી વિકાસ પામે. આ નાનો વ્યવસાય કરનાર પછાત વર્ગ, ઓ.બી.સી. સમાજ તેનું જીવન ગરિમામય બને. આ નાનો સમાજ, ઓ.બી.સી. સમાજ આત્મનિર્ભર બને અને નાના વ્યવસાય કરનાર વર્ગ જે ઉત્પાદન કરે છે તેના લીધે રાષ્ટ્રનો વિકાસ થાય અને જી.ડી.પી. વધે. આ પ્રકારની વાત તે પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીએ કરી હતી. દલિત, શોષિત, વંચિત, પીડિત, મજદૂર, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, ઓ.બી.સી. સમાજમાં પ્રવર્તતી અનેક અસમાનતા છે તે દૂર કરીને સમાનતા આવે તે માટે અવસર એટલે કે તેને શૈક્ષણિક ન્યાય મળે. આવક એટલે કે તેને આર્થિક ન્યાય મળે. સુવિધા એટલે કે તેને સામાજિક ન્યાય મળે અને તેનું અસ્તિત્વ ટકે એટલા માટે આ રાજકીય ન્યાય મળે તેના માટે ગરીબ માણસ, નાના માણસ, સામાન્ય માણસ, અશિક્ષિત માણસ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગમાં ગુજરાતમાં ૧૪૬ જેટલી જ્ઞાતિ કે નાના વ્યવસાયકારોનો સમૂહ છે તેનો સમાવેશ કરવામાં આવ્યો. જેના કારણે સુથારીકામ કરનાર વ્યક્તિ, જેના કારણે લુહારીકામ કામ કરનાર વ્યક્તિ, જેને કારણે મિસ્ત્રીકામ કરનાર વ્યક્તિ, જેને કારણે કડિયાકામ કરનાર વ્યક્તિ, જેના કારણે શિલ્પકાર, મૂર્તિકાર, જેના કારણે કુંભારીકામ એટલે કે માટીના વાસણો બનાવનાર વ્યક્તિ, જેના કારણે ધોબીકામ કરનાર વ્યક્તિ, દરજીકામ કરનાર વ્યક્તિ, વાળંદ-નાયીનું કામ કરનાર વ્યક્તિ, મોચીકામ કરનાર વ્યક્તિ, તેલની ઘાણીમાં તેલ કાઢવાનું કામ કરનાર વ્યક્તિ, હોડી-નાવડી બનાવનાર વ્યક્તિ, અસ્ત્ર-ઓજાર બનાવનાર વ્યક્તિ, તાળાં બનાવનાર વ્યક્તિ, ટુલકીટ બનાવનાર વ્યક્તિ, સોનીકામ કરનાર વ્યક્તિ, વાંસમાંથી સાધનો બનાવનાર વ્યક્તિ, ફેરિયાનું કામ કરનાર વ્યક્તિ, રમકડાં બનાવનાર વ્યક્તિ, માછલી પકડવા જાળ બનાવનાર વ્યક્તિ વિગેરે વિગેરે અનેક વ્યવસાયો જોડે આ નાનો ઓ.બી.સી. સમાજ, પછાત વર્ગ સીધેસીધો સંકળાયેલો છે. આ ૧૪૬ જ્ઞાતિના કરોડો નાગરિકોને અગાઉ તો શૈક્ષણિક ક્ષેત્રે અને રોજગારી ક્ષેત્રે આપણે ૨૭ ટકા અનામત તો આપી જ અને હવે આજે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ૧૪૬ જ્ઞાતિઓના સમૂહને, વ્યવસાયોના સમૂહને, કરોડો નાગરિકોને સન્માન આપવાનું અને રાજકીય અસ્તિત્વ મજબૂત કરવાનું કામ સ્થાનિક સ્વરાજયની સંસ્થામાં તે ગ્રામ પંચાયત હોય, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, નગરપાલિકા, મહાનગરપાલિકામાં તેને પ્રતિનિધિત્વ આપવા માટે, તેને પદ આપવા માટે, તેને પ્રતિષ્ઠા આપવા માટે, તેને રાજકીય સ્થાન આપવા માટે આજે ઓ.બી.સી. સમાજના ૧૪૬ જ્ઞાતિના સમૂહમાં ૧૦ ટકા થી વધારીને ૨૭ ટકા અનામત આપવાની વાત છે તે ઐતિહાસિક છે, અતુલ્ય છે અને તે અસરકારક નિર્ણય કરવા બદલ આદરણીય શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને કેબિનેટના તમામ મિત્રોને લાખ લાખ વંદન સાથે અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ તત્કાલિન ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે પછાત વર્ગના ઉત્થાન માટે તેમણે અનેક યોજનાઓ બનાવી. જેનાથી સમાજની અંદર સામાજિક સૌહાર્દ વધે, સામાજિક સમાનતા વધે, સામાજિક સમરસતા વધે, સામાજિક સદભાવના વધે અને એટલા માટે એમણે નક્કી કર્યું, ભૂતકાળમાં કોંગ્રેસ પાર્ટી તરફથી આખા દેશની અંદર મુસ્લીમ સમાજને પણ અનામત આપવાની વાત જે તે વખતે મૂકી હતી. કોંગ્રેસ દ્વારા તૃષ્ટીકરણની રાજનીતિ થતી હતી, કોંગ્રેસ દ્વારા વોટ બેન્કની રાજનીતિ થતી હતી, કોંગ્રેસ દ્વારા ગરીબ માણસ ગરીબ રહે તો વોટ બેન્ક મજબૂત રહે એવી નીતિ-રીતિ અમલમાં હતી અને એ પ્રજામાં ચર્ચાનો વિષય હતો ત્યારે આજે મારે કહેવું જોઇએ કે સમાજના કોઇ વર્ગનું તૃષ્ટીકરણ નહીં, પરંતુ સમાજના તમામ વર્ગનું સંતૃષ્ટીકરણનું કામ એ ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વમાં આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે કર્યું છે. એક તરફ કોંગ્રેસ દ્વારા ઓ.બી.સી. સમાજનું અપમાન થતું હોય તો બીજી તરફ ભારતીય જનતા પાર્ટીના શાસનમાં ઓ.બી.સી. સમાજને સન્માન આપવાનું કામ થાય છે. ગુજરાતમાં જે પ્રમાણે સમાજના તમામ વર્ગોનો સર્વાંગી વિકાસ થાય એને માટે જે સૂત્ર હતું સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ એ કામ

સતત સન ૧૯૯૫થી ભારતીય જનતા પાર્ટીની સરકાર કહી રહી છે. દેશની અનેક નામદાર કોર્ટોમાં આ બાબતે કેસ પેન્ડિંગ હતા, સુપ્રીમકોર્ટમાં આ બાબતમાં કેસ પેન્ડિંગ હતા અને જ્યારે સ્થાનિક સ્વરાજની ચૂંટણી કરતા જે ત્રણ સ્ટેપની વાત કરવામાં આવે છે એમાં પહેલું સ્ટેપ સમર્પિત આયોગની રચના કરવી. સાહેબ, મારું સદભાગ્ય છે કે ગયા વર્ષે જુલાઇ મહિનામાં કેબિનેટમાં ચર્ચા કર્યા પછી તાત્કાલીક એ સમર્પિત આયોગની રચનામાં ઓરિસ્સાની હાઇકોર્ટના નિવૃત્ત જજ આદરણીય ન્યાયધીશ શ્રી કે. એમ. ઝવેરીની આપણે નિમણૂક કરી અને ત્યારે એ નિર્ણયમાં હું પણ હતો. બીજી જે વાત છે કે, સમર્પિત આયોગની ભલામણના આધારે અનામતનું પ્રમાણ સ્પષ્ટ કરવું. માનનીય ઝવેરી આયોગના અહેવાલને કારણે આજે ગૃહમાં ન તો એસ.ટી., ન તો એસ.સી. કોઇની પણ અનામતમાં ફેરફાર કર્યા વગર, કોઇને પણ અન્યાય કર્યા વગર ૨૭ ટકાનો વધારો એ અનામતનું પ્રમાણ આપણે સ્પષ્ટ કર્યું છે. ત્રીજો વિષય હતો કોઇ પણ સંજોગોમાં એસ.ટી., એસ. સી., ઓ.બી.સી. માટે અનામત રાખવામાં આવનાર કુલ બેઠકો, જે બેઠકો છે એની કુલ બેઠકો ૫૦ ટકાથી વધતી હોવી જોઇએ નહીં. અહીં એસ.ટી. અને એસ.સી. સમાજની અનામતના આંકનો કોઇ પણ ફેરફાર કર્યા વગર આપણે આજે ૨૭ ટકાની જાહેરાત કરી છે. ૧૦ ટકાથી વધીને જ્યારે ૧૭ ટકાનો પહેલો વધારો હોય એ સમગ્ર ૧૪૬ સમાજનો સમૂહ, નાના વ્યવસાયકારોનો સમૂહ એના માટે આજે આનંદ અને ગૌરવનો દિવસ છે. આ જે છે એ રોટેશન છે, ચૂંટણીની અંદર નગરપાલિકા, મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, ગ્રામ પંચાયત એની અંદર જે તે વખતે જાહેરનામું બહાર પડે છે અને આ જાહેરનામું બહાર પાડ્યા પછી એની અંદર બીજી ટર્મમાં રોટેશન પ્રક્રિયા આવે છે. એ વાત પણ ન ભૂલવી જોઇએ કે ભૂતકાળમાં રોટેશનની પ્રક્રીયા દરમ્યાન જ્યાં આપણે અનામત મૂકી હતી ત્યાં એની વસતિ જ ન હતી અને એને કારણે એ સીટ પણ આપણે ખાલી રાખવી પડતી હતી એ પણ આ તબક્કે યાદ રાખવું જોઇએ, જ્યારે આપણે વાત કરીએ છીએ ત્યારે એ વાત પણ યાદ રાખવી જોઇએ. બીજી તરફ પેસા એક્ટમાં આવતા ૬૧ તાલુકામાં આપણે કોઇ કોમ્પ્રોમાઇસ નથી કરતા અને એના આધારે આજે જે આપણી નીતિ-રીતિ છે એમાં ગરીબ માણસની જે મુશ્કેલીઓ છે, ટ્રાયબલની જે મુશ્કેલીઓ છે એ પણ દૂર કરવાનો આપણે પ્રમાણિકપણે પ્રયત્ન કર્યો છે. આજે સમગ્ર દેશમાં અખિલ ભારતીય મેડિકલ પરીક્ષામાં ઓ.બી.સી. માટે ૨૭ ટકા છે. રાષ્ટ્રીય પછાત વર્ગના આયોગનું પુનઃગઠન કરીને એને સંવિધાનનો દરજ્જો આપવામાં આવ્યો છે. સૈનિક સ્કૂલમાં ઓ.બી.સી. અનામતનો લાભ મળે છે, ભારત સરકારની કુલ ૪ કેન્દ્ર પુરષ્કૃત યોજના સી.એસ.એસ. રાજય સરકારની સમાન પ્રકારની ૧૨ યોજનાને મર્જ કરીને પી.એમ. યશસ્વી અમ્રેલા યોજના પૈકી પ્રિ-મેટ્રિક એન્ડ પોસ્ટ મેટ્રિક સ્કોલરશિપ ફોર ઓ.બી.સી., ઇ.બી.સી. અને ડી.એન.ટી. સ્ટુડન્ટની શિષ્યવૃત્તિ યોજના આ પણ આપણા દેશ માટે ખૂબ જ ઉપયોગી છે. એક તરફ ૫૦ ટકાથી વધતી ન હોવા છતાં પણ આપણે જે ચિંતા કરી છે ભારતીય જનતા પાર્ટીના શાસનમાં ઇ.બી.સી. જે ઊજળિયાત વર્ગ છે, જેને શિક્ષણની સહાયની જરૂર છેજે ગરીબ વ્યકિત છે તેને પણ આજે કરોડો કરોડો રૂપિયાની સહાય આપણી સરકાર કરી રહી છે એ વાત પણ આપણે આ તબક્કે યાદ રાખવી જોઇએ. આ સાથે પીએમ યશસ્વી યોજના અંતર્ગત ૪,૮૧,૧૩૦ વિદ્યાર્થીઓને રૂપિયા ૧૯૨ કરોડ અને ૩,૩૨,૩૬૫ વિદ્યાર્થીઓને રૂપિયા ૨૧૬.૮૦ કરોડ તેમ કુલ ૮,૧૩,૪૯૫ વિદ્યાર્થીઓને રૂપિયા ૪૦૯ કરોડની શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. આ આપણી અને કેન્દ્ર અને રાજય સરકારની જે આ પીએમ યશસ્વી યોજનાનો આ એક ચિતાર અત્યારે સમગ્ર દેશમાં ચાલી રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને તેમના ૧૭ તારીખના જન્મ દિવસે ખૂબ ખૂબ લાખ અભિનંદન આપવા ઘટે કે એમણે ૧૭ તારીખે વિશ્વકર્મા યોજના જે આ બધા ગણાવ્યા તે ૧૮ પ્રકારના નાના વ્યવસાયકારો ઓબીસી સમાજમાંથી આવે છે એના માટે રૂપિયા ૧૩ હજાર કરોડની જાહેરાત કરીને પ્રત્યેક આ પ્રકારના વ્યવસાય કરનારને ૧ લાખ રૂપિયાની લોન ૫ ટકાના નજીવા દરે આપવાની જાહેરાતનો લોન્ચિંગ કાર્યક્રમ પણ ૧૭ તારીખે થનાર છે ત્યારે પ્રધાનમંત્રીશ્રી મોદી સાહેબને લાખ લાખ અભિનંદન છે. ગુજરાતની અંદર અમે સુરતથી આવીએ છીએ અમારા શહેરી વિકાસની અંદર પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા જયારે કોવિડની મહામારીમાં આર્થિક રીતે જે સૌથી વધુ અસરગ્રસ્ત હતા તે ફેરિયાઓના માટે વ્યવસાય શરૂ કરી શકે એવા ઉમદા હેતુથી પીએમ સ્વનિધિ તે યોજના શરૂ કરવામાં આવી.

માનનીય અધ્યક્ષશ્રી, ફેરીયાઓને પહેલાં દસ હજાર, બીજી વખત વીસ હજાર અને ત્રીજી વખત પચાસ હજાર આ પ્રકારની લોન ૧૦ ટકા વ્યાજ તેમાં ૭ ટકા વ્યાજ તે સરકાર ભોગવે અને માત્ર અરજદારને ૩ ટકા વ્યાજ આ પ્રકારની લોન આપવાનું કામ પણ પીએમ સ્વનિધિમાં કરે છે અને તેમાં કુલ ૩,૪૦,૦૦૦ ફેરિયાઓને ગુજરાતમાં લાભ મળ્યો છે. ૫૮૯ કરોડ રૂપિયાનો લાભ મળ્યો છે તેની અંદર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત ઓબીસીના ૧,૪૦,૫૦૪ ફેરીયાઓ છે, અનુસૂચિત જાતિ સમાજના ૫૪,૧૧૦ ફેરીયા છે, અનુસૂચિત જનજાતિના ૧૬૦૬૩ ફેરીયા છે, લઘુમતિ સમાજના ૨૬,૨૫૩ ફેરીયા છે અને સામાન્ય વર્ગના પણ ૧,૦૨,૭૮૬ ફેરીયાઓને લોન આપવાનું કામ તે આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇએ પીએમ સ્વનિધિ યોજના હેઠળ કરી રહ્યાં છે. આના કારણે આપણે ગુજરાતને જે લક્ષ્યાંક ૩ લાખનો આપવામાં આવેલો તે આપણે જૂન-૨૦૨૩માં પૂરો કર્યો છે અને ડિસેમ્બર-૨૦૨૩ સુધીમાં ૪ લાખ ફેરિયાઓ કે જે મોટાભાગે એસ.ટી./એસ.સી./ઓ.બી.સી.માંથી આવે છે તેને આપવાનો લક્ષ્યાંક છે અને આને કારણે વિશ્વ નેતા અને હિન્દુસ્તાનના સર્વાધિક લોકપ્રિય વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ સાહેબના નેતૃત્વમાં, ડબલ એન્જિનવાળી સરકારમાં, મોદી સરકારમાં, સુશાસનના ઓ.બી.સી. સમાજનો સ્વર્ણિમ કાળ ચાલી રહ્યો છે. ચારે તરફ ઓ.બી.સી. સમાજને લાભ મળતા હોય, સરકારમાં

પ્રતિનિધિત્વ મળતું હોય, ઓ.બી.સી.સમાજને લોન મળતી હોય, નાના ફેરિયાઓને લોન મળતી હોય, વ્યવસાયકારોને લોન મળતી હોય. આજે ૨૭ ટકા જે નેતૃત્વ મળવાનું છે તે રાજકીય મજબૂતીકરણ માટે મળવાનું છે આનાથી રૂડો કોઇ અવસર હોઇ શકે નહીં. અહીંયા કોંગ્રેસ પાર્ટી દ્વારા જે આંકડાની વાત કરવામાં આવી તે એક જૂઠ ફેલાવવાના આંકડાની વાત આવી. ૧૮ ટકા વસતિને બોર્ડ-નિગમ દ્વારા ૫૦૦ કરોડ રૂપિયા ફાળવ્યા અને ૮૨ ટકા વસતિને બોર્ડ નિગમે રૂપિયા ૧૬૬ કરોડ ફાળવ્યા. આ એલીગેશન વારંવાર થાય છે ત્યારે મારે એ કહેવુ છે કે, ગુજરાતમાં સાચી હકીકત એ છે કે, ઓ.બી.સી.સમાજ માટે કામ કરતાં નિગમ (૧) ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ (૨) ગુજરાત ગોપાલક વિકાસ નિગમ (૩) ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ (૪) ગુજરાત વિચરતી, વિમુકિત જાતિ વિકાસ નિગમ (૫) ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ (૬) ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ (૭) ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ (૮) ડો.બાબાસાહેબ આંબેડકર અંત્યોદય વિકાસ નિગમના માધ્યમથી અનુસૂચિત જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે પછાત લઘુમતિ સમાજ, વિચરતી વિમુકત જાતિઓ, શૈક્ષણિક અને આર્થિક ઉત્કર્ષ, આરોગ્ય અને વસવાટ માટે છેલ્લાં ૧૦ વર્ષમાં રૂપિયા ૧૨,૮૦૦ કરોડની સહાયનો ખર્ચ કરવામાં આવ્યો છે અને આ વર્ષે આ બધા નિગમની જે વાત છે તે રૂપિયા ૧૧૦ કરોડની વાત નથી. એ વાત રૂ.૨૬૦૦ કરોડના બજેટની છે. જે આપણે વર્ષ ૨૦૨૨-૨૩માં ફાળવ્યું છે. આ સાચી હકીકત છે. આ આંકડા છે જે રેકર્ડ ઉપર છે. બજેટમાં ચર્ચા થઇ છે. ઓ.બી.સી. સમાજ માટે ભારતીય જનતા પાર્ટીની સરકારે ઘણું કર્યું છે. મહારાષ્ટ્રની વાત થઇ, મધ્યપ્રદેશની વાત થઇ. મારે કોંગ્રેસના મિત્રોને એ જણાવવું છે કે ગુજરાતમાં તો ૨૭ ટકા કરીએ છીએ. મહારાષ્ટ્રમાં પણ ભારતીય જનતા પાર્ટીના શાસનમાં કરીએ છીએ. મધ્યપ્રદેશમાં પણ ૨૭ ટકા થઇ. પરંતુ જ્યાં તમારું રાજ છે ત્યાં શું પરિસ્થિતિ છે એ તો કહો? પશ્ચિમ બંગાળની શું સ્થિતિ છે? ૩૭૦ની કલમ રદ કરી ત્યારે માંડ આજે જમ્મુ-કાશ્મીરમાં પહેલી વખત ઓ.બી.સી., એસ.સી. અને એસ.ટી. સમાજનું રિઝર્વેશન પ્રસ્થાપિત થયું. રાજસ્થાન ૨૧ ટકા આપે છે. ત્યાં કોઇ બોલનારું નથી. ભારતીય જનતા પાર્ટી સિવાયના શાસનમાં કોંગ્રેસ અને અત્યારે જે નવું ગઠબંધન ચાલી રહ્યું છે એ ગઠબંધનના લોકો ઓ.બી.સી. સમાજને શું આપે છે. એની તો વાત કરો. મારે ગર્વભેર કહેવું છે કે માત્રને માત્ર ભારતીય જનતા પાર્ટીએ ૨૭ ટકા અનામત આપી છે. આ તૃષ્ટીકરણની રાજનીતિ નથી. આ સૌ સમાજને સાથે રાખવાની વાત છે. બધા સમાજને પ્રતિનિધિત્વ આપવાની વાત છે. સુરતની વાત કરીએ તો અત્યારે ૧૨૦માંથી ૧૨ સીટ છે. આ ૨૭ ટકાના કારણે આવનારા દિવસોમાં ૩૩ ટકા સીટ બક્ષીપંચ સમાજને મળવાની છે. અમદાવાદની વાત કરીએ તો ૧૯૨માંથી ૫૨ સીટ બક્ષીપંચ સમાજને મળવાની છે. આપણે એવો પ્રયત્ન ન કરીએ કે જેથી વર્ગવિગ્રહ થાય. જ્ઞાતિ-જ્ઞાતિ વચ્ચે વેર વધે. અંતે મારે એટલું જ કહેવું છે કે, ''**सभी समाज में जाकर हमें सबको समरस करना है, सबको समरस करना है, सभी दिशा में जाकर हमको सबको समरस करना है, सबको समरस करना है।**''ધન્યવાદ.

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) વિધેયક શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની આ સરકારમાં શ્રી ઋષિકેશભાઇ પટેલ લઇને આવ્યા છે એને સમર્થન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વિદ્વાનોએ ઘણી બધી વાતો કરી છે, પણ એક-બે વડીલોએ આર.એસ.એસ.ની વાત કરી. આર.એસ.એસ. એક વિચારધારા છે અને એ વિચારધારાના અમે વાહક છીએ એનું અમને ગૌરવ છે. આ દેશમાં એક વ્યક્તિ છે જે આર.એસ.એસ. શબ્દ બે-ચાર વખત ના બોલે તો એને ઊંઘ નથી આવતી. જી-૨૦માં વન અર્થ, વન ફેમિલી, વસુધૈવ કુટુમ્બકમનો કેટલો મોટો વિચાર છે. આ વિચારને સાથે લઇને ભારતીય જનતા પાર્ટીની સરકાર ચાલતી હોય ત્યારે એ કોઇને અન્યાય કરે? ક્યારેય ન કરે. બિલ માટે હજી પણ જે સ્પષ્ટતા કરવાની હોય એ માનનીય મંત્રીશ્રી કરશે. ઓ.બી.સી. સમાજ માટે આજે સોનાનો દિવસ છે. આ જ ગૃહમાં આ પંક્તિઓ પહેલા પણ સાંભળી છે એ પંક્તિને ફરી વાર કહું તો ''**पथ का अंतिम लक्ष्य नहीं है सिंहासन चडते जाना, सब समाज को लिए साथ में आगे है बढते जाना।**'' ફરી એક વાર માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે એને સમર્થન કરું છું અને આવનારા સમયમાં ઓ.બી.સી. સમાજ માટે નવા દ્વાર ખુલશે. ફરીથી એકવાર સમર્થન.

ગેનીબેન ન. ઠાકોર(વાવ) : માનનીય અધ્યક્ષશ્રી, સન-૨૦૨૩નું વિધેયક ક્રમાંકઃ ૨૩ માનનીય ઋષિકેશભાઇ પટેલ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ માટે બંને પક્ષના સિનિયર ધારાસભ્યશ્રીઓએ વિગતથી વાત કરી છે અને તેમાં અમારા પક્ષના નેતા શ્રી અમીતભાઇ ચાવડાએ કાયદાની ભાષામાં અને ભૂતકાળ, ભવિષ્ય તથા વર્તમાન સ્થિતિને ધ્યાનમાં રાખીને અનેક સૂચનો સાથે આ ગૃહમાં જે વાત મૂકી તેને હું સમર્થન આપું છું. આ બિલમાં અમારી એક જ માંગણી છે કે ઘણાં વર્ષો એટલે કે વર્ષ ૧૯૭૮ પછી આજે વર્ષ ૨૦૨૩માં સુધારા બિલ આવી રહ્યું છે. જે તે વખતે વસ્તીનું ધોરણ, અત્યારનું વસ્તીનું ધોરણ, સુપ્રીમકોર્ટની ગાઇડલાઇન, ઝવેરી પંચનો રિપોર્ટ આ બધી બાબતોને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર દ્વારા તે પ્રમાણે અનામત આપવામાં આવે તો વર્ષો પછી પણ આ ગૃહમાં જ્યારે સુધારા આવશે તો આ વર્ષ ૨૦૨૩માં ન્યાયના ધોરણે બક્ષીપંચ સમાજને અનામત આપી હતી તેવો ઉલ્લેખ ભવિષ્યમાં પણ કરવામાં આવશે. જે તે સમાજનો પ્રતિનિધિ જે તે સંસ્થામાં

ચૂંટાઇને આવે તો તેના સમાજની વાત મૂકી શકે, તેની શું જરૂરિયાત છે, બજેટમાં તેની નાણાકીય જોગવાઇ, સમાજમાં આર્થિક, સમાજિક કે શૈક્ષણિક વિકાસ કઇ રીતે થાય તેવા ઉદ્દેશોને ધ્યાનમાં રાખીને એસ.સી./એસ.ટી./ઓ.બી.સી. સમાજના રાજકીય અને શૈક્ષણિક વિકાસ માટે અનામતની જોગવાઇઓ બંધારણમાં કરવામાં આવેલી છે. હમણાં માનનીય ઋષિકેશભાઇએ ખૂબ સારી વાત કરી હતી કે મહિલાઓને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ૫૦ ટકા અનામત આપી પણ વર્ષ ૧૯૯૫માં બંધારણની જોગવાઇના કારણે જ્યારે રાજીવ ગાંધીએ મહિલાઓને ૩૩ ટકા અનામત સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં આપીને મારા જેવા એક ગરીબ સમાજમાંથી, ગરીબ આંતરિયાળ વિસ્તારમાંથી તાલુકા પંચાયતના પ્રમુખ બનવાનું જે તે વખતના બંધારણીય હક્કના કારણે અને ૨૦-૨૫ વર્ષ પછી તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત એમ લોકોની સેવા કરીને આજે ધારાસભ્ય સુધી પહોંચવાનું અહોભાગ્ય મળ્યું હોય તો તે જે તે વખતે કૉંગ્રેસની સરકાર અને આદરણીય શ્રી રાજીવ ગાંધીને આભારી છે કે જેમણે પ્રથમ મહિલાઓને સત્તામાં ભાગીદારી આપી. આ બિલમાં યુનિટ પ્રમાણે અનામત આપવામાં આવે. હું મારા ભાભોર તાલુકાનો દાખલો આપું. ભાભોર તાલુકામાં છેલ્લાં ૧૦ વર્ષથી મારા પોતાના ગામની તાલુકા પંચાયતની સીટ ફક્ત એટલા માટે કાયમી ખાલી પડી રહે છે કે ત્યાં એસ.ટી. સમાજની સીટ આવે છે અને ભાભોર તાલુકામાં એક પણ મતદાર એસ.ટી. સમાજનો નથી. આ ઉદાહરણ એટલા માટે આપું છું કે આ પ્રમાણે રાજ્યમાં બીજી તાલુકા પંચાયતો અને ગ્રામ પંચાયતના વૉર્ડમાં પણ હશે. અનામતની જોગવાઇ કરેલી હોય તો જે વસ્તી હોય તેને પણ અનામતનો પૂરો ન્યાય મળવો જોઇએ તે મળતો નથી. આ એક સુપ્રીમકોર્ટનું માર્ગદર્શન પણ છે, પંચનો અહેવાલ અને વસ્તીના ધોરણે બીજાં રાજ્યોમાં પણ તે રીતે જ અનામત આપવામાં આવે છે તો ગુજરાત સરકાર પણ આ બાબતમાં વિચારે તે ખૂબ જરૂરી છે.હમણાં શ્રી મોદીસાહેબ કહેતા હતાં કે, ફેરિયાઓને લાભ આપ્યો, નિગમો કર્યા, બજેટમાં જોગવાઇઓ કરી. હું બધું જ ધ્યાનથી સાંભળતી હતી. બક્ષીપંચના પચાસ જેટલા ધારાસભ્યો સામેના પક્ષમાં કે રુલિંગ પાર્ટીમાં ચૂંટાયેલા હશે. ગુજરાત સરકારનું રૂપિયા ત્રણ લાખ હજાર કરોડનું બજેટ હોય છે એ બજેટનો એક ટકો પણ બક્ષીપંચ સમાજને ફાળવવામાં આવતો નથી. આજે એસ.સી. સમાજ હોય, તાલુકા પંચાયતનું ૧૫ ટકાનું આયોજન હોય કે એ.ટી.વી.ટી. હોય એમાં આપણે એસ.સી. અને એસ.ટી. સમાજનું સૂચન અલગ કરીએ છીએ. કોઇપણ બજેટમાં આજ સુધી વહીવટમાં આ બક્ષીપંચ સમાજના વિસ્તારને આટલી ગ્રાન્ટ ફાળવવી એવો કોઇ બંધારણીય હક્ક મળ્યો નથી. ત્યારે સામેના સભ્યોને પણ હું વિનંતી કરું છું કે, આ રૂપિયા એક-એક હજાર કરોડ માંગતા હતા અને એના માટે શ્રી અલ્પેશભાઇ ખૂબ લડાઇ આપતા હતા. હમણાં એમણે વાત પણ કરી. અમને તો એમ હતું કે, સિનિયર કેબિનેટ કક્ષાએ બેઠેલા મંત્રીશ્રી ઓ.બી.સી. સમાજ માટે કંઇક કરશે. સ્વાભાવિક રીતે આશા અને અપેક્ષા સૌને હોય. આ શબ્દ સંસદીય છે કે અસંસદીય એ મને ખબર નથી. વસ્તીના ધોરણે બજેટ ફાળવવામાં આવતું ન હોય કે વસ્તીના ધોરણે તમને રાજકીય રીતે અનામત આપવામાં આવતી ન હોય તો આપણે ગામડાની અંદર કહેવત છે કે, '' *(xxx) મારે આગળ કહેવું ન પડે.

<u>સભાપતિશ્રી</u> : આ શબ્દ રેકર્ડ પરથી દૂર કરીએ છીએ.

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, *(xxx) શબ્દથી આગળ હું કાંઇ બોલી નથી પણ બધા સમજી ગયા હશે. એટલે આ બાબતમાં વસ્તીના ધોરણે તમે ટૅક્સ ભરવામાં કેમ એમ નથી કહેતા કે, આ વિભાગને આપણે ઓછું બજેટ આપીએ છીએ તો ટૅક્સ પણ ઓછો લઇએ. ટૅક્સ તો તમે નિયમો પ્રમાણે લો છો. એ પ્રમાણે આ બંધારણીય હક્ક પણ આપવો પડે. એ ભરવા માટે બક્ષીપંચ સમાજો તૈયાર છે.

<u>સભાપતિશ્રી</u> : માનનીય શ્રી ગેનીબેન, આ બાજુ જોઇને વાત કરજો.

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું તો એટલા સુધી કહું છું કે, રાજકીય અનામતના હિસાબે જે-તે વખતે કદાચ ૨૭ જણા ચૂંટાશે પણ બજેટમાં જોગવાઇ કરવામાં આવશે અને વસ્તીના ધોરણે બજેટ ફાળવવામાં આવશે તો ૧૪૬ પૈકીના લાખો લોકોનું ભલું થશે. આ બાબતમાં વિશેષ ન કહેતાં, યુનિટવાર જે વસ્તી ગણતરી હોય એ પ્રમાણે રાજકીય અનામત મળવી જોઇએ. બક્ષીપંચ સમાજને જે બજેટ મળવું જોઇએ એ કુલ વસ્તીમાં આમ તો શ્રી ઋષિકેશભાઇના જ શબ્દો કહું છું કે, ૫૨ ટકા ગ્રામ્ય વિસ્તારનો રિપોર્ટ છે અને શહેરોનો ૪૦ ટકા એવરેજ ઓ.બી.સી. સમાજની વસ્તી ગણતરીનો રિપોર્ટ એમણે જાહેર કર્યો. અમે ૫૪ ટકા કે ૪૦ ટકા નથી માંગતા પણ ૨૭ ટકા તો બંધારણે સ્વીકારેલ બાબત છે અને આ ઓ.બી.સી. સમાજના વિકાસ માટે મળવું જોઇએ. આ અનામત બાબતની વાત છે ત્યારે શ્રી અમીતભાઇએ મોટાભાગે દરેક જિલ્લાના દાખલા આપ્યા અને મેં ભાભોર તાલુકાનો દાખલો આપ્યો. હજુ પણ મોડું થયું નથી.તમે આ એક વખત કરશો તો પછી આનો સુધારો ભવિષ્યમાં કયારે આવશે? ૧૦ વર્ષે વસતિનું ધોરણ હોય એ પ્રમાણે એની સીટોનો પ્રકાર પણ બદલાતો રહેશે. આ સુધારો હવે કયારે આવશે એનું કંઇ નક્કી નહીં. આપણે બધા જ ૧૮૨ ધારાસભ્યશ્રીઓ છીએ. આ ૧૫મી વિધાનસભા છે. વર્ષ ૨૦૨૩માં આ એક ઐતિહાસિક સુધારો ન્યાયના ધોરણે થવો જોઇએ. એવું નથી કે તમે કોઇ દયા કરો છો. આમાં કોઇ બંધારણીય, કાયદાકીય, સુપ્રીમકોર્ટ, સમર્પિત આયોગ કે ઝવેરી પંચ વચ્ચેના કોઇ વહીવટી પ્રશ્નો પણ ઊભા થતા નથી. માત્ર અને માત્ર ઇચ્છાશકિત, વિચારધારા તથા અનામત આપવા માટેની તમારી મનમાં એક લાગણી હોવી જોઇએ. એ લાગણી સાબિત થાય

* માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર આ શબ્દ અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યો.

એ માટે સો ટકા આ બાબતમાં વિચારી, ફરીથી આ બાબતમાં યુનિટ પ્રમાણે વસતિના ધોરણે અનામત આપવામાં આવે. વસતિના ધોરણે બજેટ આપવામાં આવે. આજે આ ગૃહમાં બિલ લઇને આવ્યા છો તો તમે મંત્રીમંડળમાં પણ બક્ષીપંચ સમાજની ૨૭ ટકા ભરતી કરો અને આ બિલમાં જ્યારે અમારી જે માગણી છે એ માગણી મુજબ જ્યારે મૂકવામાં આવશે ત્યારે એમને અમે સો ટકા સમર્થન આપીશું. બાકી ફરી આ બિલ માટે વિચારણા કરે એવી હું અપેક્ષા રાખું છું.

શ્રી અલ્પેશ ખો. ઠાકોર(ગાંધીનગર-દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૨૩ માનનીય સંસદીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ લઇને આવ્યા છે એના સમર્થનમાં મારા વિચારો વ્યકત કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય શ્રી નરેન્દ્રભાઇ સર્વ જન સુખાય, સર્વ જન હિતાયનો મંત્ર લઇને આ દેશમાં કામ કરી રહ્યાં છે. આદરણીય શ્રી અમીતભાઇ આ દેશની અખંડિતતા માટે કામ કરી રહ્યા છે. આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઇ ખૂબ પ્રેમાળ અને ખૂબ મૃદુ મુખ્યમંત્રીશ્રી આ ગુજરાત રાજ્યમાં કામ કરી રહ્યા છે. એમના માર્ગદર્શન હેઠળ શ્રી ઋષિકેશભાઇ ઓ.બી.સી.ના હિતો માટેનું જે બિલ લઇને આવ્યા છે એનું હું સંપૂર્ણપણે સમર્થન કરું છું. આ એક એવું બિલ છે કે જે નાના-નાના સમૂહો, નાના સમુદાયો, નાના સમાજો વર્ષોથી નેતૃત્વ પ્રતિનિધિત્વથી વંચિત રહ્યા છે એવા સમુદાયોને નેતૃત્વનો અધિકાર આપવાનું આ બિલ એ સાચા અર્થમાં ઓ.બી.સી.ના નાના સમુદાયોના ઉત્થાન માટે કામ કરશે. આ એક એવું બિલ છે કે જે નાના સમાજો એ વણઝારા સમાજ હોય, એ છારા સમાજ હોય, એ વાદી નટ બજાણિયા સમાજ હોય, એ મદારી સમાજ હોય આવા સમાજોને ક્યારે નેતૃત્વનો અધિકાર મળશે? આવા સમાજોને પણ પોતાના વર્ગમાંથી નેતાઓને નેતૃત્વ કરવાનું એક સપનું છે. એ અધિકાર છે. એ અધિકાર આપવાનું કામ આજની આ વિધાનસભાએ કર્યું છે તે બદલ હું શ્રી ઋષિકેશભાઇને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. આવનારા સમયમાં આ નાના સમૂહોમાંથી, આ નાના સમાજોમાંથી કયાંક સરપંચ બેઠા હશે, કયાંક તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, નગરપાલિકા અને મહાનગરપાલિકાના સભ્યો બેઠા હશે, કયાંક પ્રમુખો બેઠા હશે. અનેક વર્ગનું નેતૃત્વ કરીને એ વર્ગના પ્રશ્નોને વાચા આપતા હશે ત્યારે આ વિધાનસભાએ કરેલો આ નિર્ણય એ સાચા અર્થમાં સાર્થક થયો ગણાશે અને એ સમય હવે દૂર નથી. એ સમય યાદ કરવો પડે કે, જ્યારે દેશમાં એક જ પાર્ટીની સત્તા હતી, તમારી તમામ ક્ષેત્રે સત્તા હતી તો એ વખતે નિર્ણય કરવામાં તમને કોણે રોક્યા હતા? આજે તમે આટલી બધી બૂમો પાડો છો તો એ વખતે તમને કોણે રોક્યા હતા? એ વખતે તમે નિર્ણય કરી શકતા હતા? એ વખતે પણ તમે નાણાંકીય જોગવાઇ કરી શકતા હતા? અને માફ કરશો કે શ્રી અમીતભાઇ અને ગેનીબેને જ્યારે મારા નામનો ઉલ્લેખ કર્યો છે ત્યારે કહેવું છે કે, ૧૦-૧૦ વર્ષ ઓ.બી.સી.નું આંદોલન ચલાવ્યું ત્યારે કોંગ્રેસના આમાંથી એકપણ નેતા એકપણ વખત એવું બોલ્યા નથી કે, અમે ઓ.બી.સી.ના સમર્થનમાં છીએ. તમારા અધિકારો માટે અમે તમારી સાથે છીએ. માત્ર ખોખલી વાતો કરવા માટે આ ટેવાયેલા છે. આ વિધાનસભા ઇમાનદારીથી આ વંચિતો માટે ન્યાય કરવા જઇ રહી છે ત્યારે એને સમર્થન કરવાના બદલે તમારે એમાંથી પોરા કાઢવાના? એમાંથી નાની-નાની ખામીઓ શોધવાનો પ્રયત્ન કરો છો? એ સમય પણ દૂર નથી. જ્યારે સમાજમાંથી જે એમને સંવૈધાનિક અધિકારો મળ્યા છે અને નાણાંકીય જોગવાઇ વિશે હમણાં જ અમારા સભ્યશ્રી પૂર્ણેશભાઇએ કહ્યું કે, રૂ.૨૬૦૦ કરોડની જોગવાઇ કરી છે, પણ જ્યારે જ્યારે આ સરકારને જરૂર લાગશે ત્યારે હજારો કરોડ રૂપિયાની જોગવાઇ કરતા પણ આ સરકાર અચકાશે નહીં. આ વાત કોઇ એક નેતાની વાત નથી. આ વાત છે વિકાસથી વંચિત વર્ગની, આ વાત છે વર્ષોથી દબાયેલા વર્ગની. એ વર્ગ માટે માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલની આ સરકારે અને કેબિનેટે જ્યારે આટલો સરસ નિર્ણય કર્યો છે ત્યારે એને આવકારવું પડે. હું આશા રાખું છું કે આ ગૃહ આ બિલને સર્વસંમતિથી આવકારે અને સમર્થન કરે.

માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય શ્રી નરેન્દ્રભાઇ આ દેશના વડાપ્રધાન બન્યા પછી શ્રી નરેન્દ્રભાઇએ જે કામ ૯ વર્ષમાં કરી બતાવ્યું છે એ વીતેલા ૫૦ વર્ષોમાં પણ તમારી સરકારોએ કર્યું નથી. એટલું કામ એમણે ૯ વર્ષમાં કરી બતાવ્યું છે. આ સરકાર આ સમાજના ઉત્થાન માટે અનેકવિધ યોજનાઓથી કામો કરી રહી છે. આ યોજનાઓ પંડિત દીનદયાળ આવાસ યોજના હોય, કુંવરબાઇનું મામેરું યોજના કે સાત ફેરા સમૂહલગ્ન યોજના હોય, માનવ ગરિમા અંતર્ગત સામાજિક શૈક્ષણિક પછાત વર્ગોના નાના નાના ધંધા રોજગારની યોજના હોય કે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના ઉત્થાન માટે જે કાંઇ એમની ભણવાની વ્યવસ્થાની વાત હોય, એમની આશ્રમશાળાઓની વાત હોય કે એમના સરકારી છાત્રાલયોની વાત હોય. રાજ્ય સરકાર અનેક ક્ષેત્રે આ વર્ગો માટે હજારો કરોડ રૂપિયા ખર્ચી રહી છે. એના લીધે ડ્રોપ આઉટ રેશિયો ખૂબ ઘટયો છે. યાદ કરો કે તમારા વખતે ડ્રોપ આઉટ રેશિયો ગુજરાતમાં કેટલો હતો? આજે આ સરકારની શિક્ષણ નીતિ અને સરકારની વ્યવસ્થાઓ અને સરકારે શિક્ષણ થકી વંચિત લોકોના વિકાસની વ્યવસ્થા માટે આગળ વધી રહી છે. એના માટે વર્ષોથી જે કામ થયું છે. એના કારણે એ ડ્રોપ આઉટ રેશિયો નહીંવત રહી ગયો છે. પોઇન્ટ કે બે ટકાની અંદર આવી ગયો છે. એનું કારણ આ રાજ્ય સરકારની કાર્ય પદ્ધતિ છે અને આ રાજ્ય સરકારે જે કામ કર્યું છે એના કારણે આજે સ્પર્ધાત્મક પરીક્ષાઓની અંદર પણ આ વિકાસથી વંચિત વર્ગનાં બાળકો પણ નોકરીઓ માટે સક્ષમ બની રહ્યાં છે. પહેલા જમાનો એ હતો કે ૨૭ ટકા અનામત મળેલી હતી, એની પૂરી સીટો ભરાતી નહોતી. એવી વ્યવસ્થા ઊભી કરીને ગયેલા. માફ કરજો, પણ એમની સરકારમાં દૂરંદેશીપણું જે દેખાવું જોઇતું હતું એ નહોતું. આજે જે યોજનાઓ બને છે એનો લાભ પાંચ કે દસ કે પંદર વર્ષ પછી મળવાનો હોય છે, એવા પાયા નાંખવામાં એ લોકો નિષ્ફળ ગયા છે. એમણે એવી કોઇ યોજનાઓ ન બનાવી. શિક્ષણની વ્યવસ્થા ન બનાવી. એવી કોઇ

નાણાની જોગવાઇ ઊભી ન કરી કે વિકાસથી વંચિત લોકો આગળ આવી શકે. ૫૦ વર્ષ આ લોકો વિકાસથી વંચિત રહ્યા એના દોષિત તમે છો એનો સ્વીકાર તમારે કરવો પડે અને એની શરમ કરવી પડે.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લાં ૩૦ વર્ષથી ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યા પછી એમના શિક્ષણની સારી વ્યવસ્થાઓ કરી. એમણે ગરીબોના આવાસની વ્યવસ્થાઓ સારી કરી. એમણે તમામ ગામડાઓને આધુનિક કરવાના પ્રયત્નો કર્યા. ખેડૂતોના ખેતર સુધી પાણી લઇ જવાના પ્રયત્નો કર્યા. એ કોણ છે? આપણે બૂમો પાડીને કહીએ છીએ કે બાવન ટકા ઓબીસી છે. તો આ બધી વ્યવસ્થાઓ કોને મળી છે? એ કોણ છે? આ વ્યવસ્થા કોને મળે છે? આ લાખો કરોડ રૂપિયા જેના માટે વપરાય છે એ જ ઓ.બી.સી. છે. આ એ જ એસ.સી. છે, આ એ જ એસ.ટી. છે અને આ એ જ એક એક ગુજરાતી છે. તમે જે વાત કરો છો, એમાં તો નરી, ફકત રાજનીતિક આક્ષેપો કે પ્રતિ આક્ષેપો ના કરો. વાત એવી કરો કે ગુજરાતની અંદર જે લોકો માટે કામ થયાં છે એનો સ્વીકાર કરો. આદરણીય શ્રી નરેન્દ્રભાઇ આવ્યા પછી (અંતરાય) અરે નહીં આપે. ૨૭ ટકા આપ્યા છે, બહુ બધું આપી દીધું છે. એમાં તમે ચિંતા ના કરો. તમે ૧૭ બચ્યા છો. આવું ને આવું રહ્યું તો આ બેંચ પણ અમારે લઇ લેવી પડશે. ૧૭ આવેલા છો એમાંથી એકપણ નહીં બચો.

સભાપતિશ્રીઃ માનનીય સભ્યશ્રી, બેઠા બેઠા કોમેન્ટ ન કરો.

શ્રી અલ્પેશ ખો. ઠાકોર : (અંતરાય) અમારી ચિંતા ના કરો. આ સરકાર વંચિતોની ચિંતા કરી રહી છે. તેનું સમર્થન કરશો તો ગમશે. મને ખબર હતી કે હું બોલીશ ત્યારે બધા એકીસાથે બોલશે. કારણ કે એમને દુઃખે છે. એમને દુઃખે છે કે આ વંચિતનો દીકરો...

સભાપતિશ્રીઃ માનનીય ઇમરાનભાઇ, બેઠા બેઠા કોમેન્ટ ના કરો.

શ્રી અલ્પેશ ખો. ઠાકોર : આ પછાતનો દીકરો, આ વિધાનસભાની અંદર બોલશે તો અમારી પરંપરાગત વોટબેંકની રાજનીતિ ઉઘાડી કરી દેશે. એને રોકવા માટે તૈયાર છે. સાહેબ, આપને કહું. (અંતરાય) ચિંતા ન કરો. કેન્દ્રમાં શ્રી નરેન્દ્રભાઇની સરકાર છે. કેન્દ્રમાં સત્યાવીસ, સત્યાવીસ ઓબીસી મંત્રીઓ આ નરેન્દ્રભાઇએ બનાવ્યા છે.તમે જ્યારે વાત કરતા હતા, અગાઉ કેન્દ્રીય વિદ્યાલય, નવોદય વિદ્યાલય અને નીટ પરીક્ષામાં ઓ.બી.સી. અનામત નહોતી, પરંતુ હવે આપણા વડાપ્રધાન તેમાં પણ આગળ નિર્ણય કરવા જઇ રહ્યા છે તેની વાત કરવા તમારી વચ્ચે ઊભા થયા છીએ. જ્યારે કોરોના આવ્યો ત્યારે ૮૦ કરોડ ગરીબોને ત્યાં અનાજ પૂરું પાડ્યું, એકેએકને ત્યાં અનાજ મોકલવાનું કામ કર્યું. તેમના આરોગ્યની ચિંતા કરી. રેમડેસીવીર ઇન્જેક્શન લાવ્યા, બધાને વેક્સિન લગાવી. આ કોણ હતા? આ બધા જ આપણા હતા અને એકેએક ભારતીય હતા અને તેમાં પણ ઓ.બી.સી. હતા, એસ.સી. હતા, એસ.ટી. હતા. એકેએક ગુજરાતી અને ભારતીય હતા. આની ચિંતા કોણે કરી? તો આદરણીય શ્રી નરેન્દ્રભાઇએ કરી છે. શ્રી નરેન્દ્રભાઇના કારણે આજે તમે ગુજરાતમાં ૧૭ બચ્યા છો પણ જો આ જ રીતે ઓ.બી.સી.ના અધિકારોને રોકવાનો પ્રયત્ન કરશો, ૨૭ ટકા અનામત જે મળી છે તેનો વિરોધ કરવાનો પ્રયત્ન કરશો તો માફ કરશો, ૭ પણ નહીં બચો. આ ગુજરાત તમને માફ નહીં કરે. (અંતરાય) નાભિથી બોલું છું.

સભાપતિશ્રી : શ્રી અલ્પેશભાઇ, તમારું પ્રવચન ચાલુ રાખો. શ્રી ઇમરાનભાઇ, ગેનીબેન, બેઠાં બેઠાં કોમેન્ટ કરીએ નહીં.

શ્રી અલ્પેશ ખો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં જે ૨૭ ટકા અનામત રાજ્ય સરકારે આપી છે પણ તેની સાથે રાજ્ય સરકારે પંચાયતોને ભરપૂર નાણાની જોગવાઇ પણ કરી છે. કારણ કે કોંગ્રેસના રાજમાં એક થાંભલો નાખવો હોય તો ધારાસભ્યની રાહ જૂએ કે સાહેબ, અમારો આ થાંભલો લગાવી આપો. એક થાંભલો લગાવવાની સત્તા પણ સરપંચ પાસે નહોતી. આજે ગામડાં વિકાસથી વંચિત રહ્યાં છે તે કોંગ્રેસના કારણે છે. ભારતીય જનતા પાર્ટીની સરકારે પંચાયતી રાજ વ્યવસ્થામાં ગ્રામ પંચાયતને ૭૦ ટકા ગ્રાન્ટ, તાલુકા પંચાયતને ૨૦ ટકા ગ્રાન્ટ અને જિલ્લા પંચાયતને ૧૦ ટકા ગ્રાન્ટ એવી ૩,૦૦૦ કરોડ રૂપિયાની ગ્રાન્ટ ગુજરાતના વંચિતો અને ગુજરાતના ગામડાના વિકાસ માટે આપી છે. એટલે તમે સત્તાનો અધિકાર તો આપ્યો છે પણ તેની સાથે નાણાંની જોગવાઇ પણ આપી છે. માનનીય શ્રી ઋષિકેશભાઇ, તમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું અને આભાર માનું છું. ફરીથી આ દેશના માનવતાવાદી, કલ્યાણકારી, ખૂબ જ પ્રેમાળ અને લોખંડી પુરુષ જેવા આદરણીય શ્રી નરેન્દ્રભાઇના નેતૃત્વમાં, આદરણી શ્રી અમીતભાઇ શાહ સાહેબના નેતૃત્વમાં, તેમના માર્ગદર્શન હેઠળ શ્રી ભૂપેન્દ્રભાઇની સરકારે ઓ.બી.સી. ને ૨૭ ટકા અનામત આપવાનો જે નિર્ણય કર્યો છે તેને હું આવકારું છું અને દિલથી તમામ ઓ.બી.સી. વતી આપનો આભાર માનું છું, અસ્તુ.

શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિયોદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ સાહેબ રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો એટલે કે ઓ.બી.સી. સમાજ માટે અનામત બેઠકો વધારી ૨૭ ટકા બેઠકો આપવા બાબતના સુધારા વિધેયક લઇને ગૃહ સમક્ષ આવ્યા છે તેને હું દિલથી આવકારું છું, તેનું સમર્થન કરું છું અને તેમાં મારા વિચારો વ્યક્ત કરું છું. આ બિલની વાત નથી. આ ઓ.બી.સી. સમાજના દિલની વાત લઇને આવ્યા છે એટલે હું તેમને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માં ભારતીનું સંતાન, ગુજરાતના પનોતા પુત્ર, આપણા શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વવાળી કેન્દ્રની સરકાર અને મૃદુ પણ મક્કમ મુખ્યમંત્રી આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની સરકાર સામાજિક

ન્યાયના સંકલ્પને સાકાર કરવા માટે સક્રિય અને કટિબદ્ધ છે. આ સરકાર પછાત, દલિતો, આદિવાસીઓ, શોષિતો, ગરીબો, ખેડૂતો, પીડિત સમાજના નબળા વર્ગોને સમર્પિત સરકાર છે. ગરીબો એ અમારા માટે વોટબેંક નથી. ગરીબો એ અમારા માટે દરિદ્રનારાયણ ભગવાન છે અને જે ભાવનાથી અમે દરિદ્રનારાયણ ભગવાનની ભકિત કરીએ છીએ એ જ ભાવનાથી અમે આ ગરીબોની સેવા કરીએ છીએ. સત્તા એ અમારું અંતિમ લક્ષ નથી. સિંહાસન હમારા અંતિમ લક્ષ નહીં હૈ, પણ સત્તાને સેવાનું માધ્યમ બનાવી છેવાડાના માનવી સુધી વિકાસ પહોંચે, આઝાદીના ફળ એ છેવાડાના માનવી સુધી પહોંચે એ અમારું લક્ષ્ય છે. માં ભારતી એ પરમ દૈવતના શિખરે બીરાજમાન થાય, ભારત વિશ્વગુરુ બને, ભારતનો વિશ્વમાં જયજયકાર થાય એ અમારું લક્ષ્ય છે. '' ન ધરા સુધી, ન ગગન સુધી, મારે જાવું છે છેવાડાના માનવી સુધી'' અને આવો જલાયે દીપ વહાં જહાં અભી ભી અંધેરા હૈ, અરે સુનો સાથીઓ, માના કે અંધેરા ઘના થા, મગર દીયા જલાના કહાં મના થા.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયનો ઓ.બી.સી. સમાજ, સામાજિક શૈક્ષણિક અને આર્થિક રીતે પછાતપણામાંથી બહાર આવે એ માટે આ સરકારે અનેક યોજનાઓ અમલમાં મૂકી છે. આ એકવીસમી સદી શિક્ષણની સદી છે અને આ એકવીસમી સદીમાં કોઇપણ સમાજે પછાતપણું દૂર કરવું હોય, ગરીબી નાબૂદ કરવી હોય તો શિક્ષણ એક માત્ર રામબાણ ઈલાજ છે. શિક્ષણનો આ સંદેશો સમાજના દરેક વર્ગો સુધી પહોંચે તે માટે તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના આપણા દેશના વડાપ્રધાનશ્રી આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ગુજરાતની અંદર શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ દ્વારા અમારા વાવ, સુઇગામ, સાંતલપુર, રાધનપુર, સમી, હારિજ જેવા પછાત વિસ્તારના ઓ.બી.સી. સમાજના દીકરા દીકરીઓને આંગળી પકડી અને એમને શાળામાં પ્રવેશ અપાવ્યો અને એના કારણે આજે આ સમાજ શૈક્ષણિક રીતે આગળ વધી રહ્યો છે. આપ જાણો છો એ પ્રમાણે જયારે વરસાદ ઓછો થાય અને દુષ્કાળ જેવી પરિસ્થિતિ હોય ત્યારે અમારા ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, પાટણ અને કચ્છ જિલ્લાના લોકોએ હિજરત કરવી પડતી હતી. આ હિજરત કરવામાં મોટો વર્ગ એ ઓ.બી.સી. સમાજનો હતો. તત્કાલીન રાજયના મુખ્યમંત્રીશ્રી અને વડાપ્રધાનશ્રી આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબના ભગીરથ પ્રયત્નોના કારણે આપણા ધર્મશાસ્ત્રમાં એમ કહ્યું છે કે ગંગાજીમાં ન્હાવાથી જિંદગીના બધા પાપ ધોવાઇ જાય, પણ નર્મદાજીના દર્શન કરવાથી જિંદગીના બધા પાપ ધોવાઇ જાય, આવી પવિત્ર નર્મદા નદી એ અમારી ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છની સૂકીભઠ્ઠ ધરતી સુધી પહોંચ્યા છે એ વિસ્તારો હરિયાળા બન્યા છે, એ વિસ્તારો સમૃદ્ધ બન્યા છે. ગુજરાત અને દેશના અન્ય ભાગોના લોકો ધંધા માટે ત્યાં આવવા મંડયા છે એટલે કે નેવાના પાણી મોભે ચડાવવાનું કામ અમારી સરકારે કર્યું છે. મોદી હૈ તો મૂમકીન હૈ , આ નારો સાકાર થયો છે. મારા ૧૪, દિયોદર વિધાનસભા મતવિસ્તારમાં ત્રણ તાલુકા આવે છે, દિયોદર, લાખણી અને ડીસા. આ ત્રણે ત્રણ તાલુકા ઓ.બી.સી.ની ઘનિષ્ઠ વસ્તી ધરાવતા તાલુકાઓ છે. આ ત્રણે ત્રણ તાલુકામાં નર્મદાના નીર પહોંચાડવા માટે, નર્મદાની મુખ્ય કેનાલ આધારિત નવા એસ.ઓ.આર. સાથે નવી પાઇપલાઇનને રાજય સરકારે રૂપિયા ૧૨૦૦ કરોડના ખર્ચે નવી યોજના બનાવવાની તાજેતરમાં સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. એ વિસ્તારની જનતાવતી હું રાજયના મુખ્યમંત્રીશ્રી અને સમગ્ર વહીવટી તંત્રને અભિનંદન આપું છું અને એમનો આભાર માનું છું. વાતો તો ઘણી થાય પણ અંતમાં એટલું જ કહેવું છે, માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના નેતૃત્વવાળી આ રાજય સરકારના માનનીય મંત્રીશ્રી ઋષિકેશ પટેલસાહેબ, ઓ.બી.સી. સમાજને રાજયની સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં અત્યારે મળતી ૧૦ ટકા અનામત બેઠકોમાં વધારો કરી ૨૭ ટકા બેઠકો આપવાનું આ ઐતિહાસિક બિલ લઇને આવ્યા છે એને હું દિલથી આવકારું છું અને સમર્થન કરું છું. રાજય સરકારના ઓ.બી.સી. સમાજ વતી એમનો આભાર માનું છું અને એમને અભિનંદન આપું છું. સમગ્ર રાજ્યના ઓ.બી.સી. સમાજ વતી માનનીય મુખ્યમંત્રીશ્રી અને ભારતીય જનતા પાર્ટીને ખાતરી આપું છું કે તમે લીધેલ આ નિર્ણયનું આગામી સમયમાં ઓ.બી.સી. સમાજ તમને વ્યાજ સાથે વળતર આપશે. હું સમાજ વતી ખાતરી આપું છું. આ બિલને આ ગૃહ સર્વાનુમતે પાસ કરે એવી દરેકને વિનંતી કરું છું. ભારત માતા કી જય, વંદે માતરમ્, જય જય ગરવી ગુજરાત.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી(ભાવનગર-પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ માનનીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ ૨૭ ટકા ઓ.બી.સી. અનામત અને અન્ય વિવિધ જોગવાઇઓ પેસા એક્ટ સંદર્ભે લઇને આવ્યા છે ત્યારે હું એમને સમર્થન કરું છું અને અભિનંદન આપું છું. અહીંયા ખૂબ બધા મિત્રોએ ચર્ચા કરી છે. મારા વિચારો પણ હું ટૂંકમાં રાખવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બાબા સાહેબની પણ ચર્ચા થઇ છે. કારણ કે બંધારણના ઘડવૈયા જેમણે બંધારણ બનાવ્યું, જેમને સમગ્ર દેશ સન્માનની દ્રષ્ટિએ જુએ છે. માનનીય નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં પંચતીર્થ હોય, બાબા સાહેબનું દિલ્હીમાં સ્મારક બનાવવાનું હોય, એમનું વિદેશમાં મકાન લેવાનું હોય આ બધું જો કોઇએ કર્યું હોય તો ભારતીય જનતા પાર્ટીના વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કર્યું છે. બાબા સાહેબને ભારતરત્ન કેમ આઝાદીનાં આટલા વર્ષ પછી પણ ન અપાયો? ત્યારે કોનું શાસન હતું? કેમ બાબા સાહેબ યાદ ન આવ્યા? આજે ફ્લોર ઉપર ઓ.બી.સી.ના બિલની વાત થાય છે ત્યારે બાબા સાહેબના બંધારણની વાત કરનાર વિપક્ષના મિત્રોને કહેવા માગું છું કે, ભારતરત્ન પણ આપ આપી શક્યા નથી. એટલું જ નહીં, એમની સામે ઉમેદવાર ઊભો રાખવો, એક એવા મહાપુરુષ ગાંધીજી, એ શ્યામાપ્રસાદ મુખરજી અને બાબા સાહેબને જે તે વખતે કોઇની ઇચ્છા ન હોય તો પણ આ દેશના હિત માટે મંત્રી બનાવવાની વાત કરી. ચૂંટણીમાં કોંગ્રેસે ઉમેદવાર ઊભા રાખ્યા એ આજે બાબા સાહેબની દુહાઇ આપી રહ્યા છે. એમની વાત કરી રહ્યા છે. બાબા સાહેબનું જેટલું પણ

અપમાન થાય એટલું કરવાનો પ્રયાસ એ ચોક્કસ કેટલાક વિચારવિરોધી લોકોએ કર્યો છે. માત્ર જાતિવાદી રાજનીતિ કરીને, વોટબેન્કની રાજનીતિ, અહીંયા શ્રી અલ્પેશભાઇ બોલ્યા છે. ઓ.બી.સી. સમાજ ઉપર જ હું બોલવા માગું છું. હું વર્ષ ૨૦૧૭ની ચૂંટણીની યાદ કરાવવા માગું છું. શ્રી અલ્પેશભાઇએ હમણાં વાત કરી કે આંદોલન કરતા હતા ત્યારે અમને ટેકો આપવા આવ્યા ન હતા. એવી જ પરિસ્થિતિ હું પ્રદેશ અધ્યક્ષ હતો અને હું પણ પાટીદાર સમાજમાંથી આવું છું, સૌને સમાજનું ગૌરવ હોય. એને ભડકાવવાનું કામ કોણ કરતું હતું? એ અનામત માગે, એને કહે તમે માગો, અહીંયા એમ કહે કે ન આપો. તો કહે અમે તમારી સાથે. મેં ખુદે જાહેરમાં કહ્યું છે કે એસ.ટી., એસ.સી. અને ઓ.બી.સી.ની અનામત બંધારણની રીતે જ છે એટલે અન્ય કેટલાક સમાજને અનામત આપી ન શકાય. મારી સામે આંદોલન કરવામાં પાછળ કોણ હતા ઓન રેકર્ડ છે. આ રાજ્યની અંદર માત્ર રાજનીતિની સત્તા લેવા માટે થઇને જાતિ-જ્ઞાતિને ભડકાવવાનું કામ કોણે કર્યું છે? આ તો ભલું થાય ગુજરાતની જનતાનું કે એમની વાતમાં ન આવીને વર્ષ ૨૦૧૭માં એ ભારતીય જનતા પાર્ટીને જીતાડી. વર્ષ ૨૦૧૯માં ૨૬ માંથી ૨૬ બેઠકો લાવ્યા અને વર્ષ ૨૦૨૨માં ચૂંટણી ગઇ એમાં ૧૫૬ સીટો લઇ આવ્યા. ઓ.બી.સી. માટેની, સવર્ણો માટેની, બધા માટેની સામાજિક સમરસતાનો સંવાદ બની રહે એ માટે શ્રી નરેન્દ્રભાઇને અભિનંદન આપું છું. ૧૦ ટકા ઇ.બી.સી. જોગવાઇ, આજે ચર્ચા કરીએ છીએ કે બક્ષીપંચ સમાજ માટે તમે આમ નથી કર્યું એ પણ જળવાઇ રહે અને નુકસાન પણ ના થાય એ રીતે કેન્દ્રમાં નિર્ણય કર્યો. આને સામાજિક સમરસતા કહેવાય. આ તો ભલું થાય શ્રી અલ્પેશભાઇ અને શ્રી હાર્દિકભાઇ કે ભારતીય જનતા પાર્ટીમાં છે. કારણ કે જાણી ગયા છે. વળી પાછું કહેશે કે આ જોગવાઇઓ નથી. અસંસદીય છે. બરાબર રીતે ગુજરાતે જોયું છે. એકબાજુ અનામત માંગવાનું આંદોલન થતું હોય, એક બાજુ અનામત બચે એનું આંદોલન થતું હોય. ક્યાં હતી કોંગ્રેસ? ક્યાં હતા આપ સૌ મિત્રો? એક પણ સ્ટેટમેન્ટ મને બતાવી દો કે બંધારણની જોગવાઇઓની વિરુદ્ધ કોઇપણ સમાજને અનામત ન મળી શકે! શ્રી અર્જુનભાઇ, મને એક સ્ટેટમેન્ટ બતાવો? માત્ર ભડકાવવાની રાજનીતિ, માત્ર બોલવાની રાજનીતિ, કેમ ના બોલી શક્યા, ના મળે? આજે ઓ.બી.સી.ના હામી થવા નિકળ્યા છો? માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને માનનીયશ્રી ઋષિકેશભાઇ બિલ લઇને આવ્યા છે ત્યારે એમના હિતમાં બિલ લઇને આવ્યા છે? જ્યારે જરૂર હતી ત્યારે એમાં ફાંટા અને ભાગલા પાડવાનું કામ એ રાજનીતિ... (અંતરાય)

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય હાર્દિકભાઇનું આંદોલન ચાલતું હતું એ પછી અમે નીતિ વિષયક નિર્ણય લઇને જે આર્થિક રીતે બેકવર્ડ છે એના માટે અનામત આપવી જોઇએ એવી નીતિ વિષયક જાહેરાત થઇ એમાં હું પણ હતો અને અમે કરેલી હતી, નંબર એક. નંબર બે, હું તમારો પણ આભાર માનું છું કે આખરે શ્રી હાર્દિકભાઇને દેશદ્રોહીમાંથી દેશપ્રેમી બનાવી દીધા.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારો હેતુ શ્રી અર્જુનભાઇને વ્યક્તિગત રીતે કે કોઇ સભ્યને વ્યક્તિગત રીતે કહેવાનો નહોતો. આ તો વિચારધારાની વાત છે. કદાચ એવું હોય તો હું મારા શબ્દો પાછા ખેંચું. એ ક્યારે કહેવું પડ્યું? શાના માટે કહ્યું? તમે કયારેય એવું બોલ્યાં નથી કોંગ્રેસ પાર્ટી કે અન્ય લોકો? અમે બોલેલા છીએ. મારું સ્ટેટમેન્ટ છે. આંદોલનમાં તમારા ગોત્રની વાત કરો છો એ ગોત્રવાળા ભાવનગરમાં આવીને મહિનો મહિનો દુકાનોને હડતાલો પડાવી હતી. (એ વખતે તમે કેમ ન બોલ્યાં કે એસ.સી., એસ.ટી., ઓ.બી.સી.ની અનામત એ બંધારણીય રીતે જે બંધારણ છે એમાં અન્ય સમાજ કે પાટીદાર સમાજને ન મળી શકે?) કારણ કે તમારે તો પાટીદાર સમાજના મત જોઇતા હતા અને આ સમાજના પણ જોઇતા હતા. આવી રાજનીતિ ઓ.બી.સી. અને અન્ય સમાજ માટે થઇ છે. માનનીય અધ્યક્ષશ્રી, મારી વિનંતી છે, મેં કોઇનું નામ લીધું નથી... (અંતરાય)

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, રેકર્ડ પર ખોટી વાત ના જાય એટલા માટે ક્લેરિફિકેશન કરું છું. શ્રી જીતુભાઇ એમ કહે છે કે જે તે સમયે કોંગ્રેસે એમ વાત ના કહી કે એસ.સી., એસ.ટી., ઓ.બી.સી.ની અનામતને ડિસ્ટર્બ કર્યા સિવાય પાટીદાર સમાજને અનામત આપો. આ રેકોર્ડ ઉપર છે. આ જ ફ્લોર પર પ્રાઇવેટ મેમ્બર બિલ લાવ્યા હતા એને મૂવ કરવામાં હું, શ્રી શૈલેષભાઇ પરમાર અને શ્રીમતી તેજસ્વીબેન પટેલ હતા. એ બિલમાં સ્પષ્ટ રેકર્ડ પર છે કે કોંગ્રેસની સ્પષ્ટ નીતિ છે કે એસ.સી., એસ.ટી., ઓ.બી.સી.ની ૪૯ ટકા અનામતમાં એક ટકો ફેરફાર કર્યા સિવાય બિનઅનામત વર્ગના જે પણ સમાજો છે એને ૨૦ ટકા અનામત આપવામાં આવે અને કેન્દ્રમાં અને રાજ્યમાં પણ ભાજપની સરકાર છે ત્યારે અનુસૂચિ-૯માં ફેરફાર કરીને જે કરવું પડે એ કરો. કોંગ્રેસ પક્ષ સંપૂર્ણ રીતે તમારી સાથે છે એવું અહીંયા પ્રાઇવેટ મેમ્બરના બિલમાં કહેવામાં આવ્યું હતું એટલે ખોટી માહિતી ના જાય એટલા માટે કહું છું.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, રેકર્ડ ઉપરથી દૂર કરજો હું સામેથી કહું છું. માનનીય અધ્યક્ષશ્રી, મારો કહેવાનો હેતુ એવો છે કે કેટલું આંદોલન ક્યાં સુધી ચલાવ્યું? કેટલા ભડકાઉ ભાષણો થયા? એ લોકો આંદોલનમાં ભાષણ કરવા ગયા. જ્યારે આંદોલન ચાલતા હતા ત્યારે એવું મંચ ઉપરથી કહ્યું તમે નવું ઇ.બી.સી. માટે લાવો એ વાત કરી પણ જે તે વખતે આંદોલનો થયા અને પરિસ્થિતિ કાબુ બહાર ગઇ ત્યારે કદાચ નાનું-મોટું બોલવાની ફરજ પડી. આજે અહીંયા શ્રી અલ્પેશભાઇ બોલ્યા છે એટલે એમના નામથી બોલું છું નહિતર ના બોલત. તેમણે કહ્યું છે કે તમે એસ.સી., એસ.ટી., ઓ.બી.સી.નું આંદોલન ૧૦ વર્ષ ચલાવ્યું ત્યારે એક પણ નેતા જાહેરમાં એવું કહેવા અમને નહોતા આવ્યા કે બરોબર છે. કારણ કે, સામે અન્ય સમાજ હતો. માનનીય અધ્યક્ષશ્રી, મારી વિનંતી માત્ર એટલી જ છે કે જાતિ-જ્ઞાતિની રાજનીતિથી

પર જઇને આ હાઉસમાં આ જે બિલ લાવ્યા છે, તમારી કોઇ માગણી હોઇ શકે, માનનીય ઋષિભાઇ કહે છે કે વધારાની માગણી ચાલુ રાખો, પણ અત્યારે જે લાવ્યા છે એ શ્રેષ્ઠ છે. હું એમ પણ કહેવા માગું છું કે શું ઓ.બી.સી.ની ટકાવારી હમણા વધી છે? તમારી પાસે શાસન ઘણાં વર્ષ સુધી રહ્યું ત્યારે ઓ.બી.સી. જાતિ ઓછી હતી? ત્યારે તમને ટકાવારી આપવાનું ન સૂઝ્યું? આજે માનનીય ભૂપેન્દ્રભાઇ, મને તો આનંદ છે કે દાદા કયારેય કોઇને અન્યાય ન કરી શકે એવી શ્રી ભૂપેન્દ્રભાઇની પોતાની એક ઇમેજ છે અને એ લાવે છે ત્યારે કદાચ કોઇ બાબત હોય તો તમે કહી શકો પણ એના માટે વિરોધ કરવો? આપણે સૌ સાથે મળીને આ રાજયના હિતમાં આજે સંકલ્પ કરીએ. કોંગ્રેસ હોય, ભા.જ.પ. હોય, આપ હોય, સમાજવાદી હોય કે કોઇપણ સભ્યશ્રી હોય કે અમારી પર્સનલ રાજનીતિ માટે થઇને કયારેય કોઇ જ્ઞાતિ, જાતિને ભડકાવવાનું કામ અમે નહીં કરીએ તો મને એમ છે કે બાબાસાહેબ આંબેડકરને સાચી શ્રદ્ધાંજલિ ગણાય. હું અનુમોદન આપું છું, અભિનંદન આપું છું. શ્રી ભૂપેન્દ્રભાઇને અને શ્રી ઋષિકેશભાઇને કે આ બિલ આપ જે લાવ્યા છો એ બક્ષીપંચ દરિદ્ર નારાયણના ઘરમાં દીપક પ્રગટે, ગરીબ કલ્યાણકારી નીતિઓ દ્વારા હજારો, ખરબો, કરોડો રૂપિયાઓ ગરીબ કલ્યાણ મેળા દ્વારા ગરીબોને ગોતીગોતીને કોણે આપ્યા? કેમ નહોતા અપાતા? વચેટીયાઓ કયાં કોણ લઇ જતા હતા? આ બધી બાબતોની ભારતીય જનતા પાર્ટીની સરકારે ચિંતા કરી છે. કયા સમાજને મળ્યું છે? ઓ.બી.સી. સમાજને શોધીશોધીને મેળાઓ કર્યા. એને પણ તાયફા કહેતા હતા. મારી વિનંતી છે આ સૌહાર્દપૂર્વકનું બિલ અને વાતાવરણ જળવાઇ રહે એવો સંકલ્પ કરીએ. હું અનુમોદન આપું છું. અભિનંદન આપું છું. રાજયના તમામ વર્ગોવતી અભિનંદન આપું છું કે આ વાતાવરણ, આ વ્યવસ્થાઓ એ સુંદર રીતે આપ આ બિલમાં લાવ્યા છો.

શ્રી ઉદયભાઇ પ્ર. કાનગડ(રાજકોટ -પૂર્વ):માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સદન સમક્ષ ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા સુધારા વિધેયક ઓ.બી.સી. રિઝર્વેશનની ચર્ચામાં ભાગ લેવા અને મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું ત્યારે ખાસ કરીને લગભગ ઘણાબધા કલાકો થયા, આ ઓ.બી.સી. જે સુધારા બિલ છે એની ઉપર ચર્ચા ચાલી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વાભાવિક છે અમે પ્રથમવાર ચૂંટાયેલા સભ્યો છીએ. અલગ અલગ મહાનુભાવો દ્વારા જે કાંઇ ઓબી.સી. સમાજ માટે, આ બિલ માટે જે કાંઇ ચર્ચા કરવામાં આવી પરંતુ એક વાત કરું છું કે છેવાડાના માનવી જે બક્ષીપંચ સમાજમાં નાના નાના સમાજ હોય છે. મને ખબર છે હું વર્ષ ૧૯૯૫ ની સાલથી કોર્પોરેટર હતો. ૨૦-૨૫ વર્ષ કોર્પોરેટર રહ્યો છું. એક નાના સમાજનો એક કોર્પોરેટર હોય, તાલુકા પંચાયતનો સભ્ય હોય તો એના સમાજનો એ આગેવાન હોય એટલે સમાજમાં કોઇના પણ ઘરે પ્રસંગ હોય તો ત્યારે એને એમ થાય કે મારા સમાજના કોર્પોરેશનમાં રહ્યો છું. આ મારા સમાજના જિલ્લા પંચાયતના સદસ્ય છે. આ કારોબારીનો ચેરમેન મારા સમાજનો છે. એને એની કિંમત હોય છે અને એની જ કિંમત હોય કે જેના સમાજમાંથી એને પ્રતિનિધિત્વ ન મળતું હોય. નાના નાના સમાજને વસ્તીના આધારે જયારે આ ૨૭ ટકા અનામતનું જે આ સુધારા બિલ લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપવા માટે ઊભો થયો છું. ઘણા વિપક્ષના મિત્રોએ પણ વાત કરી કે વસ્તી આધારે આનો નિર્ણય થવો જોઇએ પણ મને એમ થાય છે કે "**अजब तेरी दुनिया, गजब तेरा खेल, छछुंदर के सर पे चमेली का तेल**" આજે હું કહેવા માગું છું કે ઝવેરી કમિશન જે સમર્પિત આયોગની જયારે રચના થઇ ત્યારે મને યાદ છે તમામ પક્ષના લોકો કમિશનને રજૂઆત કરવા માટે જતા હતા ત્યારે ભારતીય જનતા પાર્ટીના બક્ષીપંચ મોરચાના પ્રમુખ તરીકે હું પણ હતો. અમારા શ્રી અલ્પેશભાઇ હતા.

સભાપતિશ્રી : સભ્યશ્રીઓ માટે લોન્જમાં કઢી અને ખીચડીની વ્યવસ્થા કરવામાં આવી છે. તમામ સભ્યશ્રીઓ ગૃહની વ્યવસ્થા જળવાઇ રહે તે રીતે તેનો લાભ લઇ શકો છો.

શ્રી ઉદયભાઇ પ્ર. કાનગડ : માનનીય અધ્યક્ષશ્રી, આ જે સમર્પિત આયોગ છે તેને અમે રજૂઆત કરવા માટે ગયા હતા. શ્રી જગદીશભાઇ પંચાલ અને બીજા બધા આગેવાનો હતા. તેવી રીતે જ કોંગ્રેસના મિત્રો પણ ઝવેરી આયોગ સમક્ષ રજૂઆત કરવા આવેલા. અત્યારે જે આ સન્માનનીય ગૃહના સભ્ય આદરણીય શ્રી અમીતભાઇ ચાવડા સાહેબે એમ કહ્યું કે, અલગ અલગ વસતિના આધારે, અહીં આટલી ટકાવારી થવી જોઇએ, અહીં ૪૦ ટકા, એસ.ટી. સમાજને કહ્યું કે તમારું ઓછું થાય તો ઓ.બી.સી. સમાજને મળે, તમને અહીં નહીં મળે, ત્યાં નહીં મળે. પરંતુ મારી પાસે આ તેમનો પત્ર છે. ઝવેરી કમિશનને આપેલો આ એમનો જ પત્ર છે. એ પત્રમાં શું કહ્યું છે કે, ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ૧૦ ટકા રિઝર્વેશન લાગુ પાડવામાં આવેલ હતું. જેના કારણે અન્ય પછાત વર્ગના લોકોને ન ભરી શકાય તેવું નુકસાન થયેલ છે. આ રિઝર્વેશન પણ ગુજરાત સરકારે રદ કરેલ છે. હકીકતમાં ગુજરાત સરકારે રદ કર્યું ન હતું. તેને ટ્રિપલ ટેસ્ટ અને આયોગ નિમવાનું બાકી હતું એટલા માટે પ્રક્રિયામાં હતું. તે પછી તેઓ કહે છે કે, જેમાં પુનઃવિચારણા કરી અન્ય પછાત વર્ગના લોકોને સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં ૨૭ ટકા અનામતનો લાભ આપવા માટેની ભલામણ કરવા વિનંતી છે. તો ૨૭ ટકા કયા આધારે કહી હતી? માત્ર રાજનીતિની વાત છે. કારણ કે કોંગ્રેસ પાર્ટી અને હું વર્ષ ૧૯૯૫થી તેમને જોઇ રહ્યો છું. નથી સંગઠન, નથી નેતા અને નથી નિયત. વર્ષ ૧૯૯૫માં જ્યારે ભારતીય જનતા પાર્ટીની સરકાર બની, કેન્દ્રમાં કોંગ્રેસનું શાસન હતું ત્યારે અહીં ખજૂરાહોકાંડ કરાવીને ભારતીય જનતા પાર્ટીની સરકારને તોડવાનું કોઇએ કામ કર્યું હોય તો તે આ કોંગ્રેસ પાર્ટીએ કર્યું છે. તે પછી ઉત્કર્ષ સમિતિના આંદોલનો કરાવ્યા. અલગ અલગ ચૂંટણી પહેલાં જાતિ-જાતિમાં વૈમનસ્ય ફેલાવી માત્ર કોઇપણ ભોગે સત્તા પ્રાપ્ત કરવી. પરંતુ આ ગુજરાતની જનતા સારી અને સમજું છે. ખાસ કરીને જ્યારે અમારા આદરણીય મંત્રીશ્રી

ઋષિકેશભાઇ પટેલ વાત કરતા હતા કે શ્રી કાકા કાલેલકર કમિશન હોય, મંડલ કમિશનની વાત હતી, વર્ષ ૧૯૯૩માં શ્રી બાબુભાઇ જશભાઇ પટેલની સરકાર હતી ત્યારે પણ કોંગ્રેસની બક્ષીપંચ સમાજની કે ઓ.બી.સી. સમાજની ચિંતા કરવાની વાત હતી જ નહીં. વર્ષો સુધી, ૫૦ વર્ષ સુધી આ સમાજને, નાના નાના સમાજોને, ઓ.બી.સી. સમાજનો ઉપયોગ માત્ર વોટબેંકની રાજનીતિ, મતબેંકની રાજનીતિ તરીકે શોષણ કોઇએ કર્યું હોય તો તે કોંગ્રેસ પાર્ટીએ કર્યું છે. જયારે ભારતીય જનતા પાર્ટીની સરકાર અને ભારતીય જનતા પાર્ટીએ ઓ.બી.સી. અનામત ૧૦ ટકા હોવા છતાં અને આજે તો ઐતિહાસિક દિવસ છે કે આપણે તેને ૨૭ ટકા કરવા જઇ રહ્યા છીએ. આ બક્ષીપંચ અને ઓ.બી.સી.ના સમાજોને રાજકીય નેતૃત્વ મળે, તેની ભાગીદારી વધે તેના માટે કોઇએ જો ચિંતા કરી હોય તો આ ભારતીય જનતા પાર્ટીએ કરી છે. આજે પણ ભારતીય જનતા પાર્ટીના ગુજરાતના જન પ્રતિનિધિઓમાં જે બક્ષીપંચ સમાજમાંથી આવે છે, ઓ.બી.સી. સમાજમાંથી આવે છે, નાના-નાના અલગ સમાજમાંથી આવે છે. રાજયસભાના ૧ સભ્ય છે, બક્ષીપંચ સમાજના લોકસભામાં ભારતીય જનતા પાર્ટીના ૯ સભ્યો છે, આપણી આ વિધાનસભાની અંદર ભારતીય જનતા પાર્ટીના ૫૦ ધારાસભ્યો બક્ષીપંચ સમાજના છે. આ બક્ષીપંચ સમાજને નેતૃત્વ કરવાની ભારતીય જનતા પાર્ટીએ તક આપી છે અને દરેક સમાજને આવી તક આપી છે. હું પણ બક્ષીપંચ સમાજમાંથી આવું છું અને મને ખ્યાલ છે કે, મારા વિધાનસભા ક્ષેત્રમાં ૨.૯૨ લાખ મત છે પરંતુ તેમાં માત્ર ૫ હજાર મત મારા સમાજના છે છતાં પણ ભારતીય જનતા પાર્ટીએ મને તક આપી. આવો નિર્ણય કરવાની કોઇની તાકાત હોય તો આ ભારતીય જનતા પાર્ટીમાં છે અને આ તાકાત દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ આપી છે અને આખા દેશમાં આ તાકાત આપી છે અને એને હિસાબે આખા દેશનો ઓ.બી.સી. સમાજ હોય કે અન્ય સમાજ હોય, ખેડૂત હોય, વેપારી હોય, એસ.ટી. હોય, એસ.સી. હોય એ બધા સમાજનું આજે એમને એમ સમર્થન નથી મળતું, આખા દેશનું સમર્થન એમને એમ નથી મળતું, આજે શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ આખા દેશને સાથે લઇને સબ કા સાથ, સબ કા પ્રયાસ, સબ કા વિશ્વાસ અને ખાસ કરીને જ્યારે આ બિલ આવ્યું છે ત્યારે આ બિલ માટે હું બધા જ મિત્રોને વિનંતી કરું છું, વિપક્ષના મિત્રોને પણ વિનંતી કરું છું. મને બહુ દુઃખ થયું વિપક્ષના આદરણીય સભ્યશ્રીએ કહ્યું કે, કોર્ટમાં જવું પડશે. આ બક્ષીપંચ સમાજને ૨૭ ટકા મળે છે એની સામે ધમકી છે અને આનાથી ગુજરાતનો બક્ષીપંચ સમાજ કે ભારતીય જનતા પાર્ટીની સરકાર ડરવાની નથી અને અમે ૨૭ ટકા આપીને જ રહીશું, કારણ કે બંધારણની મર્યાદામાં છે. તમે પોતે લખીને કહ્યું છે કે, ૨૭ ટકા આપો. ઝવેરી આયોગમાં તમારી પોતાની સહીવાળો કાગળ છે કે ૨૭ ટકા આપો અને આજે બીજી વાત કરો છો? અહીંયા ૪૦ ટકા મળવા જોઇએ, અહીંયા ૩૩ ટકા મળવા જોઇએ અને ત્યાં ૩૫ ટકા મળવા જોઇએ એવી વાત કરીને પ્રજાને ગુમરાહ કરી રહ્યા છો. માત્ર કારણ એટલું જ, મેં એક જગ્યાએ વાંચ્યું હતું કે ટાયરમાં પંકચર પડી ગયું. ખબર હતી કે ઓ.બી.સી. આયોગનો ઝવેરી કમિશનનો રિપોર્ટ છે એ સરકારમાં આવી ગયો છે અને કેબિનેટમાં ડિક્લેર થવાનો છે. શોલે પિક્ચરમાં હતું ને કે दिवारों के भी कान होते हैं। એમ ક્યાંક લિકેજ થઇ જાય, લિકેજ થયું, લિકેજ કરવામાં તો કોંગ્રેસ માસ્ટર છે. બાર ગામે બોલી બદલાય તરવર બદલે શાખા, બૂઢાપામાં વાળ બદલે પણ લખણ ન બદલે લાખા. એટલે આ તો કોંગ્રેસ છે ભાઇ. હું વિશેષ કહેવા નથી માગતો પણ રાજકીય ઇચ્છા શક્તિ હોય તો માત્ર ભારતીય જનતા પાર્ટીની કેન્દ્રની શ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકારની અને રાજયની અમારા શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની સરકાર સબ સમાજ કો લિયે સાથ મેં, હમણાં કહેતા હતા ને કેશાજી. હું મારી એક છેલ્લી પંક્તિ આપની મંજૂરીથી કહું છું.

वैभव तब ही सच्चा समझें, सब सुख पाएं लोक सभी।
बाधाओं भरी कुंठाओं से मुक्त धरागत शोक सभी।।
गुण की पूजा, न्याय व्यवस्था, निखिल विश्व में सरसाना।
इस महान उद्देश प्राप्त हित, लगे भले जीवन सारा।
एक जन्म क्या बार बार ही, इसी हेतु जीवन धारा।
जिसे इसी हित को मृत्यु को, इसी हेतु अपनाना।।
पथ का अंतिम लक्ष्य नहीं, सिंहासन चड़ते जाना।
सब समाज को लिए साथ में, आगे है बढ़ते जाना।

માનનીય અધ્યક્ષશ્રી,આ ભારતીય જનતા પાર્ટીના સંસ્કાર છે. આને ચરિતાર્થ કરતું જ્યારે આ બિલ આવ્યું છે ત્યારે આગામી વર્ષો સુધી આજનો દિવસે ૧૫મી વિધાનસભાની ૧૫મી તારીખ મને જીવનભર યાદ રહેશે કે આ બિલથી જ્યારે નાના સમાજના ઉત્કર્ષની વાત આવી અને રાજકીય નેતૃત્વ આપવાની વાત આવી એમાં આપણે પણ બધા સહભાગી હતા. તો આજના દિવસે બધા જ મિત્રોને ખૂબ ખૂબ શુભકામના પાઠવું છું અને બધા જ સભ્યશ્રીઓ આ બિલને સાથે મળીને સમર્થન આપે એ જ પ્રાર્થના. "ધન્યવાદ-ભારત માતા કી જય-વંદે માતરમ્"

શ્રી હેમંતભાઇ હ. આહિર(જામજોધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે સુધારા વિધેયક ૨૦૨૩ લઇને આવ્યા છે એના ઉપર હું મારા વિચારો રજૂ કરું છું.

તા. ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૨૩

ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) વિધેયક, ૨૦૨૩

માનનીય અધ્યક્ષશ્રી, સરકારશ્રી જો સાચા અર્થમાં ઓ.બી.સી.ને મુખ્ય પ્રવાહમાં ભેળવવા માટે આ બિલ લઇને આવી હોય તો આ બિલમાં એક પરંતુક ઉમેરી અને સાચા અર્થમાં પછાત વર્ગને યોગ્ય ન્યાય આપી શકયા હોત. આદિજાતિ વિસ્તાર સિવાયના રાજયના વિસ્તાર કે જયાં અનુસૂચિત જાતિ માટે ૭ ટકા જગ્યાઓ અનામત રાખવામાં આવે છે પરંતુ અનુસૂચિત જાતિની જયાં વસિત નથી ત્યાં બેઠકોની કુલ સંખ્યાની ૨૭ ટકા બેઠકો એ શબ્દોની જગ્યાએ એક નવો પરંતુક ઉમેરીને અનુસૂચિત જાતિ માટે, અનુસૂચિત આદિજાતિ વર્ગની વસતિ કુલ વસતિના અનુક્રમે ૭ અને ૧૫ ટકાથી ઓછી હોય ત્યારે બેઠકોની કુલ સંખ્યાની બેઠકો પૈકી અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિના વર્ગ માટે અનામત બેઠકો બાદ કરીને કુલ બેઠકો પૈકી ૫૦ ટકા સુધીની બેઠકો પછાત વર્ગની વ્યકિતઓ માટે અનામત રાખવી જોઇશે. જો આવો સુધારો આ બિલમાં દાખલ કરવામાં આવ્યો હોત તો સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગને તેની વસતિના પ્રમાણમાં થોડી વધુ જગ્યા ઉપર પ્રતિનિધિત્વ કરવાની તક મળત.

માનનીય અધ્યક્ષશ્રી, આગામી સમયમાં વસતિ ગણતરી થવા જઇ રહી છે ત્યારે જો જાતિ આધારિત વસતિ ગણતરી કરવામાં આવે તો સામાજિક, આર્થિક અને રાજકીય રીતે પછાત વર્ગોને ન્યાય મળી રહે. ગત વર્ષે બજેટમાં પણ બિન અનામત વર્ગ માટે ૫૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ હતી. જયારે ઓ.બી.સી. માટે ફકત રૂપિયા ૧૬૬ કરોડની જ જોગવાઇઓ હતી. સરકારશ્રીનું ઓ.બી.સી.પ્રત્યેનું ઉદાસીનતાભર્યું વર્તન આ આંકડાઓ દર્શાવે છે. માટે બિલમાં સુધારો કરી સાચા અર્થમાં ઓ.બી.સી., એસ.ટી.,એસ.સી.ને અનામત આપવામાં આવે એવી લાગણી વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીના પ્રવચનમાં જયારે બિહારની વાત કરવામાં આવી તો માનનીય મંત્રીશ્રીને આ તકે એ પણ જણાવું છું કે બિહારમાં જાતિ આધારિત વસતિ ગણતરી સ્વીકારવામાં આવી છે તો એવી જ રીતે ગુજરાતમાં પણ જાતિ આધારિત વસતિ ગણતરી કરવામાં આવે જેને લઇ અને ગુજરાતમાં ૫૦ ટકાથી વધારે જે ઓ.બી.સી. સમાજ છે તેમને યોગ્ય ન્યાય મળી શકે. ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ૪૯ ટકા સુધીની જે અનામત આપવાની સુપ્રીમકોર્ટની વાત છે તેમાં એસ.સી. અને એસ.ટી.નું અનામત બાદ કરતા યુનિટવાઇઝ ગણતરી કરી અને બાકી વધતું અનામત ઓ.બી.સી. સમાજને આપવામાં આવે એવી આ તકે હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વારંવાર બિલ આવતા નથી. આજે ઘણા લાંબા સમય બાદ જયારે આ બિલ આવ્યું છે ત્યારે આ તકે વધારાનું એક પરંતુક ઉમેરી અને ઓ.બી.સી., એસ.સી., એસ.ટી. સમાજને યોગ્ય ન્યાય આપવામાં આવે એવી આ ગૃહ સમક્ષ હું માગણી કરું છું, અસ્તુ.

શ્રી સરદારભાઇ શા. ચૌધરી(ખેરાલુ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયની સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં ઓ.બી.સી. વર્ગને મળતી અનામતમાં વધારો કરી ૨૭ ટકા બેઠકો આપવા બાબતના સુધારા વિધેયક ગુજરાત સરકારના સિનિયર કેબિનેટ મંત્રી માનનીય ઋષિકેશભાઇ લઇને આવ્યા છે એને હું આવકારું છું અને સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના પનોતા પુત્ર અને વૈશ્વિક નેતા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના સૌનો સાથ, સૌનો વિકાસના મંત્ર સાથે ગુજરાતના સર્વ સમાજોને સંપૂર્ણ ન્યાય આપતા આપણા રાજયના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળ રાજય સરકાર દ્વારા બંધારણમાં નિર્દિષ્ટ સામાજિક ન્યાયની કલ્પનાને સાકાર કરવા જે સક્રિયતા અને પ્રતિબદ્ધતાથી રાજય સરકાર આગળ વધી રહી છે તે બદલ રાજય સરકારનો અને માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલનો આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી સન્માનીય ગૃહના સૌ સભ્યોને મને જણાવતા આનંદ થાય છે કે, રાજય સરકારે આ ઐતિહાસિક નિર્ણય લીધો છે. સમાજમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોને સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં વર્તમાનમાં મળતી ૧૦ ટકા બેઠકોને વધારી ૨૭ ટકા અનામત આપવાનો નિર્ણય કર્યો છે તે આવકારવાદાયક છે અને જેને હું મારું સમર્થન આપું છું. આ સુધારા વિધેયક પરથી સ્પષ્ટ છે કે આપણા લોકપ્રિય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજી ‘સૌનો સાથ, સૌનો વિકાસ’ ના સંકલ્પ સાથે સમાજના તમામ વર્ગોના વિકાસને પ્રાધાન્ય આપી વર્તમાન સરકાર અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ સહિતના તમામ વર્ગોના સામાજિક અને રાજકીય વિકાસ માટે કટિબદ્ધ છે. આ બાબતે સન્માનનીય ગૃહના તમામ સભ્યશ્રીઓના ધ્યાને લાવું કે પ્રસ્તુત વિધેયકથી વર્તમાનમાં એસ.સી., એસ.ટી. અને ઓ.બી.સી.ને સંસ્થાઓમાં મળતી અનામતની ટકાવારી તેમજ જગ્યાઓને એસ.સી., એસ.ટી.ને મળતી અનામતની ટકાવારી યથાવત રાખવામાં આવી છે અને આ વિધેયકથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત એટલે કે ઓ.બી.સી.ને હાલની ૧૦ ટકા અનામતમાં વધારો કરીને ૨૭ ટકા કરવામાં આવી છે. આ નિર્ણયથી ઓ.બી.સી. વર્ગને શિક્ષણ અને રાજ્ય સરકાર કક્ષાએ ૨૭ ટકા અનામત મળી છે. તે જ રીતે હવે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં રાજકીય અનામત સ્વરૂપે પણ ૨૭ ટકા અનામત આપવામાં આવી રહી છે. આ અનામતની યોજનાને એવી રીતે ઘડવામાં આવી છે કે જેથી એસ.સી. અને એસ.ટી. સમાજને જે અનામત મળતી હતી એ યથાવત રાખી ઓ.બી.સી.ના વર્ગની અનામત વધારી તેનું રાજકીય પ્રતિનિધિત્વ વધારવામાં આવેલ છે અને છેવાડાના વ્યક્તિને પણ રાજકીય પ્રતિનિધિત્વ મળી રહે તેની તકેદારી રાખેલ છે. મારા વિસ્તારમાં ઘણા લોકો ઓ.બી.સી. વર્ગમાં છે. મારા વિસ્તારમાં ધરોઇ ડેમ આવેલો છે. જેનું બાંધકામ ૪૦ વર્ષ પહેલાં થયું હતું. તેમ છતાં આજે મારા વિસ્તારમાં ઘણા ગામોમાં સિંચાઇનું પાણી ઉપલબ્ધ નથી અને ભૂતકાળમાં પાણી માટે આંદોલન પણ થયું હતું. આ

વખતે આપણા આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇની સરકારે આ બજેટમાં રૂપિયા ૩૧૭ કરોડની જોગવાઇ કરી આયોજન કર્યું અને તે માટેનું ટેન્ડર પણ પ્રસિદ્ધ થયું છે. આ પ્રસંગે આ સરકારનો અને માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, નાણાં મંત્રી અને જળસંપત્તિ મંત્રી સૌનો હૃદયપૂર્વક આભાર માનું છું. ઓ.બી.સી.ને જે ૨૭ ટકા અનામત આપી એ નિર્ણયથી રાજ્ય સરકારની સકારાત્મકતા, સામાજિક સમજ અને સમાજના છેવાડાના વર્ગના રાજકીય ઉત્થાન માટેની નેમ વધુ મક્કમ થઇ છે. આ ઐતિહાસિક પ્રસંગે સમગ્ર રાજ્યના નાગરિકો અને તમામ વર્ગો વતી આપણા મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબનો, કેબિનેટ મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ સાહેબનો તેમજ રાજ્ય સરકારશ્રીનો આભાર વ્યક્ત કરું છું, અભિનંદન પાઠવું છું અને આ વિધેયકને મારું અનુમોદન આપું છું. જય જય ગરવી ગુજરાત.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા(બોટાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ સન ૨૦૨૩નું ગુજરાત વિધેયક ક્રમાંક-૨૩ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી,આજે આંતર રાષ્ટ્રીય લોકશાહી દિવસ છે. આપના માધ્યમથી આપણે સૌ સભાગૃહના સભ્યોને આંતરરાષ્ટ્રીય લોકશાહી દિવસની ખૂબ-ખૂબ શુભકામનાઓ પાઠવું છું અને સાથો-સાથે જે દેશમાં લોકશાહી છે એ તમામ દેશોની જનતાને આપના માધ્યમથી આંતર રાષ્ટ્રીય લોકશાહી દિવસની શુભકામના પાઠવું છું. સાચી લોકશાહી ત્યારે જ કહેવાય છે કે જ્યારે પછાતવર્ગનો, છેવાડાના માનવીનો વિકાસ થાય એને સાચી લોકશાહી કહેવામાં આવે છે. છેવાડાનો સર્વાંગી વિકાસ થાય એ દેશને લોકશાહીની સાચી ઓળખ આપવામાં આવે છે. વિશ્વમાં સૌથી મોટી લોકશાહી ધરાવતો દેશ આપણો ભારત દેશ છે. જે દેશમાં જે જ્ઞાતિની વસ્તી વધુ હોય તે જ્ઞાતિને વસ્તીના ધોરણે અનામત આપવામાં આવે તો તે સાચી લોકશાહીની પરિભાષામાં આવે છે. બંધારણના ઘડવૈયા ડૉ. આંબેડકર સાહેબે બંધારણમાં પછાત વર્ગનું જીવન ધોરણ ઊંચું આવે તે માટે અનામતી જોગવાઇ કરી હતી. ગુજરાતમાં વર્તમાન પરિસ્થિતિમાં ઓ.બી.સી. સમાજની વસ્તી ગણતરી કરવામાં આવે તો કદાચ ૫૪ ટકા કરતાં પણ વધુ ઓ.બી.સી. સમાજ જોવા મળે. ગુજરાતમાં વસતો આવડો મોટો પછાત સમાજ, ગરીબ સમાજ, ઓ.બી.સી. સમાજ સામાજિક, શૈક્ષણિક, રાજકીય અને આર્થિક રીતે ખૂબ જ પાછળ છે. આપણે સૌ સભ્યોએ સાથે મળીને ઓ.બી.સી. સમાજના નાના નાના સમાજો જે પછાત રહી ગયા છે તે કેમ આગળ આવે તેની ચિંતા કરવાની જરૂર છે. ખાસ કરીને ઓ.બી.સી. સમાજમાં સૌથી વધુ વસ્તી ધરાવતો કોળી અને ઠાકોર સમાજ ઓ.બી.સી. સમાજની કુલ વસ્તીના અંદાજે ૭૦ ટકા કરતાં પણ વધારે વસ્તી ધરાવે છે. ખૂબ દુઃખ સાથે કહેવું પડે છે કે આજે ઘણાં વર્ષો પછી પણ આ કોળી અને ઠાકોર સમાજ આજે પણ આર્થિક, સામજિક કે શૈક્ષણિક રીતે સમૃદ્ધ થયો નથી. આજ દિન સુધી કોઇ પણ સરકારે કોળી અને ઠાકોર સમાજ માટે અલગ મંત્રાલય બનાવવાની વિચારણા પણ કરી નથી.

**માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, આપણા ગુજરાતનું વર્ષ ૨૦૨૨-૨૩નું રૂપિયા ત્રણ લાખ કરતાં પણ વધારે બજેટ માનનીય નાણામંત્રીશ્રીએ રજૂ કર્યું. અગાઉના સભ્યોએ કહ્યું તે પ્રમાણે આ બજેટમાં ઓ.બી.સી. સમાજની આવડી મોટી વસ્તી હોવા છતાં કોઇપણ પ્રકારની યોજના કે કોઇપણ પ્રકારની સારી બજેટની ફાળવણી ઓ.બી.સી. સમાજ માટે કરી નથી. કુલ વસ્તીના ૨૪ ટકા કરતાં વધારે જો કોળી અને ઠાકોર સમાજ ગુજરાતમાં વસતો હોય તો બજેટમાં ઓછામાં ઓછા રૂપિયા ૫૦થી ૬૦ હજાર કરોડની જોગવાઇ કરવામાં આવે તો જ છેવાડાના માનવીનો વિકાસ થઇ શકે. ઓ.બી.સી. સમાજમાં વસતો નાનો નાનો સમાજ એ દલવાડી સમાજ હોય તો પણ ભલે અને વિશ્વકર્મા સમાજ હોય તો પણ ભલે. આ નાના સમાજના સમૂહને જો આપણે મુખ્ય ધારામાં લાવવા હોય તો ખાસ કરીને વસ્તીના ધોરણ મુજબ બજેટમાં જોગવાઇ કરવી જોઇએ. સાથોસાથ જો સાચા અર્થમાં નાના સમાજને મુખ્ય ધારામાં લાવવા હોય તો તેના માટે શૈક્ષણિક સંકુલ, છાત્રાલયો કે સરકારી શાળાઓને વધારવી જોઇએ. ખૂબ દુઃખ સાથે કહેવું પડે છે કે ઓ.બી.સી. સમાજના જિલ્લાઓ અને તાલુકાઓમાં સરકારી શાળાઓ નહિવત જોવા મળે છ,એટલે કે ૬ હજાર કરતાં વધારે સરકારી શાળાઓ અત્યારે બંધ થવાના આરે છે. આ ખૂબ જ દુઃખદ ઘટના છે કે ઓ.બી.સી. સમાજના જે જિલ્લાઓ અને તાલુકાઓ છે ત્યાં શૈક્ષણિક સંકુલ ઊભું નહીં થાય ત્યાં સુધી આ સમાજનો સર્વાંગી વિકાસ થવાનો નથી.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી,માનનીય સભ્યશ્રીને કહો કે બિલ ઉપર બોલે. બિલ ઉપર ચર્ચા થાય એ વ્યાજબી છે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, તમે વાત કરી રહ્યા છો કે ૬ હજાર જેટલી શાળાઓ બંધ થવાના આરે છે એ આપની પાસે રેકર્ડ પર આધાર હોય તો જ બોલવું જોઇએ. કારણ કે, આપણે વિધાનસભા ગૃહમાં બોલી રહ્યા છીએ. તમે તમારી પાસે માહિતી હોય તો એ તમે રેકર્ડ પર મૂકજો અને તમે બિલ પર આવો.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું ઓ.બી.સી. સમાજની વસ્તી ધરાવતા જિલ્લાની વાત કરું છું. ત્યાં સારી સરકારી હૉસ્પિટલો બનાવવી જોઇએ અને એના માટે અલગથી બજેટ બનાવવું જોઇએ. મેં અગાઉ વાત કરી એમ ઓ.બી.સી. સમાજમાં ખાસ કરીને કોળી અને ઠાકોર સમાજને નિગમ તો આપ્યું છે પણ એમની ગ્રાન્ટ ચકાસવામાં આવે તો ખૂબ જ નહીંવત છે. કોળી અને ઠાકોર સમાજનું અલગથી મંત્રાલય બનાવીએ તો જ આ છેવાડાના પછાત વર્ગના સમાજોને આપણે મુખ્ય ધારામાં લાવી શકીશું. ઓ.બી.સી. સમાજ ૧૪૬ જ્ઞાતિનો ખૂબ મોટો સમાજ છે. એટલે કે, કુલ વસ્તીની ૮૦ ટકા

વસ્તી ઓ.બી.સી. સમાજમાં આવી જાય છે. જ્યારે બજેટની ફાળવણી કરવામાં આવે ત્યારે આ સમાજની વસ્તી ધ્યાનમાં લેવી જોઇએ. ટૂંક જ સમયમાં જ્યારે આપણે વસ્તી ગણતરી કરવા જઇ રહ્યા છીએ ત્યારે ગુજરાત સરકાર જ્ઞાતિ આધારિત વસ્તી ગણતરી કરે તેવી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું. આ સમાજને મુખ્ય ધારામાં લાવવો હોય તો એના શૈક્ષણિક સંકુલોનો અને સારી હૉસ્પિટલોનો વિચાર આ બિલમાં કરવો જોઇએ. માનનીય સંસદીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે એનો વિરોધ કરતો નથી, પણ એને સમર્થન પણ આપતો નથી. વસ્તીના ધોરણે તમે દરેક જ્ઞાતિને અનામત આપો એવી વિનંતી કરું છું. જે નાનો સમાજ છે ખાસ કરીને વિચરતી જાતિ છે કે જે અલગ-અલગ જગ્યાઓએ ભટકે છે એનો પણ આ બિલમાં સમાવેશ કરવામાં આવે એવી માનનીય મંત્રીશ્રીને આપના માધ્યમથી વિનંતી કરું છું.

શ્રી ધવલસિંહ ન. ઝાલા(બાયડ) : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ૨૭ ટકા અનામત આપતા બિલની ચર્ચામાં ભાગ લેવાનો મોકો આપવા બદલ હું આપનો આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ, શ્રી અમીતભાઇ શાહ સાહેબ, શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને શ્રી ઋષિકેશભાઇ પટેલ જ્યારે ૨૭ ટકા અનામત માટેનું બિલ લાવ્યા છે ત્યારે તેને મારું સમર્થન આપું છું અને એમાં મારા વિચારો રજૂ કરું છું. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની હાલની વર્તમાન પરિસ્થિતિમાં ૧૦ ટકા અનામત બેઠકો છે અને એમાં ૨૭ ટકા આપવાનો જે ઐતિહાસિક નિર્ણય કરવામાં આવ્યો છે તે નિર્ણયને તમામ ઓ.બી.સી. સમાજ વતી હું મારું સમર્થન આપું છું અને અભિનંદન આપું છું કે આ નિર્ણયથી આખો ઓ.બી.સી. સમાજ આનંદિત છે. હમણાં જ ઘણી બધી વાતો થતી હતી. ચર્ચાઓ પણ થઇ. ઘણા બધાના મનમાં પ્રશ્નો પણ આવતા હતા. હું આ ગૃહની બહારની વાત કરું છું. મને એક-બે ફોન પણ આવ્યા. કયાંક એવા પણ પ્રશ્નો હતા કે એસ.સી. એસ.ટી. સમાજમાં આ ૨૭ ટકા અનામત આપવાથી કોઇ નુકસાન થતું હશે? તો એસ.સી. એસ.ટી. સમાજની જે પણ અનામત છે તે અનામતને સહેજ પણ ટચ થતું નથી. ઓ.બી.સી. સમાજને ૨૭ ટકા અનામત આપવામાં આવેલ છે તે બદલ હું આભાર માનું છું. આમાં એવું નથી કે ૫૦ ટકાથી સિમિત થઇ જઇએ છીએ પણ જે સામાન્ય વિભાગ છે એમાં પણ ઓ.બી.સી., એસ.ટી. કે એસ.સી. સમાજના ઉમેદવારો વિના સંકોચે ઉમેદવારી કરી શકશે. એમાં જ્યાં પણ કોઇ નેતૃત્વ અને પ્રભૃત્વ લાગતું હોય કે કોઇ સારો આગેવાન હોય તો એ કરી શકશે. હમણાં સભાગૃહમાં ઘણી બધી ચર્ચા થતી હતી. ઓ.બી.સી.ની ૨૭ ટકા અનામતની વાતો થતી હતી, પણ આ ગૃહમાં અહીંયા બેઠેલા ધારાસભ્યશ્રીઓમાં ૬૦ ટકાથી પણ વધુ આ સભાગૃહના સભ્યશ્રીઓ છે. માત્ર આ ૨૭ ટકા જ નથી, પરંતુ આ સરકારમાં ૬૦ ટકા સુધીના સભ્યો ચૂંટાયા છે. બીજું, તાલુકા અને જિલ્લા પંચાયતની વાત કરું તો પંચાયતોમાં અત્યાર સુધી અન્યાય થતો આવ્યો છે. કયાંક ને કયાંક નેતૃત્વનો અભાવ રહ્યો છે. પરંતુ તાલુકા, જિલ્લા પંચાયતોમાં પણ ૬૦ ટકા નેતૃત્વ આ જ ઓ.બી.સી. સમાજ ધરાવે છે અને ઓ.બી.સી. સમાજ નેતૃત્વ કરી રહ્યો છે. વસતિના આધાર ઉપર જોઇએ તો ગામોમાં પણ જ્યાં-જ્યાં વસતિ છે ત્યાં સ્પષ્ટ ૨૭ ટકા જ્યારે આ નિર્ણય લેવામાં આવ્યો, બિલ પસાર કરવામાં આવ્યું અને બિલને સમર્થન આપીએ છીએ ત્યારે સો ટકા વિશ્વાસથી આ સમાજને જે અન્યાય થતો આવ્યો છે એ અન્યાયના કારણે જે નુકસાન થયું છે તે હવેથી કદાપિ નહીં થાય અને એનો જસ જો કોઇને મળતો હોય તો એ માનનીય ઋષિકેશભાઇ પટેલ સાહેબને મળે છે અને માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની સરકારને મળે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૫માં નાણાપંચ થકી પંચાયતોના સર્વાંગી વિકાસની યાત્રામાં જોડીને સંસ્થાઓને વધુ મજબૂત કરવા માટે વર્ષ ૨૦૨૩-૨૪ના બજેટમાં રૂ. ૨૪૦૦ કરોડની આસપાસની જોગવાઇ કરવામાં આવી છે અને એની રચના થયા બાદ એનું સુંદર આયોજન કરવામાં આવ્યું કે ગ્રામ પંચાયતમાં ૭૦ ટકા, તાલુકા પંચાયતમાં ૨૦ ટકા અને ૧૦ ટકા જિલ્લા પંચાયતમાં એની ફાળવણી કરવામાં આવે. મને યાદ છે કે ભૂતકાળમાં જયારે આ નિર્ણય લેવાયો ન હતો ત્યારે એવી પરિસ્થિતિનું નિર્માણ થતું હતું કે જયારે જિલ્લા પંચાયત પાસે ગ્રાન્ટ ન હોય, તાલુકા પંચાયતો પાસે ગ્રાન્ટ ઓછી હતી અને એના કારણે કયાંય કોઇ પંચાયત નાની હોય, કોઇ પંચાયત વિસ્તારની દ્દષ્ટિથી મોટી હોય પરંતુ વસતિની દ્દષ્ટિથી નાની હોય તો ત્યાં ગ્રાન્ટનો અભાવ થતો હતો અને આ તાલુકા અને જિલ્લા પંચાયતમાં ગ્રાન્ટની વહેંચણી થવાના કારણે તમામ પંચાયતોને આજે તાલુકામાં જયાં વિકાસની અછત રહેતી હોય તે વિકાસનાં કામોમાં સરળતા અને સફળતા મળી છે. બક્ષીપંચ સમાજ માટે ઘણી બધી યોજનાઓ છે. એસ.સી. એસ.ટી. સમાજ માટે ઘણી બધી યોજનાઓ છે. ધોરણ-૧થી ૮ માં શિષ્યવૃત્તિની યોજના છે. મારી આગળ ઘણા બધા મારા સાથી મિત્રોએ આ યોજનાઓની વાત કરી છે એટલે હું ફરીથી એ વાત ઉપર ચર્ચા નહીં કરું. NEET અને JEE ગ્રેજ્યુએટ પરીક્ષાની પૂર્વ તૈયારી માટે કોચિંગ સહાય આપવામાં આવે છે. આ પ્રમાણેની ઘણી બધી યોજનાઓ છે. ઘણા બધા નિગમો પણ છે. ગુજરાત પછાત વર્ગ નિગમ હોય, ઠાકોર સેવા વિકાસ નિગમ હોય, વિચરતી વિમુક્ત જાતિ નિગમ, ગોપાલક વિકાસ નિગમ હોય અને અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ, આવા અનેક નિગમોમાં અનેક પ્રકારની ગ્રાન્ટોથી આ અતિ પછાત લોકોનો વિકાસ થાય અને શૈક્ષિણક રીતે આ લોકો આગળ વધે તેના માટેનું સુંદર આયોજન જો થયું હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં થયું છે અને આ સરકારના કારણે આજે શૈક્ષણિક રીતે જોવા જોઇએ તો આ તમામ એસ.સી., એસ.ટી. અને ઓ.બી.સી. સમાજને આજે શિક્ષણમાં કેવી રીતે આગળ લઇ જવા જોઇએ? એની પણ આમાં ચિંતા થઇ છે. નેતૃત્વ મળવાના કારણે ઘણો બધો શૈક્ષણિક વિકાસ થવાનો છે અને શિક્ષિત ઓ.બી.સી.

સમાજને પણ એમાં લાભ મળવાનો છે. વિદેશ અભ્યાસ માટે ઘણીબધી ચર્ચાઓ થતી હોય છે અને આગેવાનોને પૂછવામાં આવતું હોય છે કે વિદેશમાં અભ્યાસ માટે ૧૫ લાખ રૂપિયાની સહાય આપવામાં આવે છે. પરંતુ કયાંક એવી વાતો થતી હોય છે કે ઓ.બી.સી. માટેની આવક મર્યાદા ૫ લાખ, ૬ લાખ કે ૩ લાખ છે, એટલા માટે મળતી નથી. હું આ ગૃહના માધ્યમથી એક મેસેજ આપવા માગું છું કે ઓ.બી.સી. માટે ૧૫ લાખની સહાય જોઇતી હોય તો તેની આવક મર્યાદા ૧૦ લાખ સુધીની છે. આવા ફાયદાકારક નિર્ણય કોઈ લઈ શકતું હોય તો એ ભારતીય જનતા પાર્ટીની સરકાર લઇ શકે છે.

માનનીય અધ્યક્ષશ્રી,આ ૨૭ ટકા અનામત માટેનું જે બિલ છે એ ઓ.બી.સી. સમાજ માટે આજે દિવાળીનો દિવસ છે. તહેવારનો દિવસ છે એવું મને સ્પષ્ટપણે દેખાય છે. આ બિલથી રાજકીય આર્થિક અને સામાજિક તમામ રીતે ઓ.બી.સી. સમાજને ફાયદો થવાનો છે. આ બિલને હું મારું સમર્થન આપું છું. અસ્તુ. ભારત માતાકી જય. જય જય ગરવી ગુજરાત.

ડો. પ્રદ્યુમન ગ. વાજા(કોડિનાર): આદરણીય અધ્યક્ષશ્રી, રાજયની સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિને મળતી અનામતમાં સહેજ પણ, લેશમાત્ર ઘટાડો કર્યા વગર તેને જૈસે થેની સ્થિતિમાં યથાવત રાખી અને અન્ય પછાત વર્ગોની અનામતમાં ૨૭ ટકા વધારો કરવા માટેનું ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા સુધારા વિધેયક, ૨૦૨૩ આદરણીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં સિનિયર મંત્રી શ્રી ઋષિકેશભાઇ પટેલ લાવ્યા છે, તેના સમર્થનમાં સન્માનનીય ગૃહ સમક્ષ મારા વિચારો સદનમાં રજૂ કરવાની જે તક મળી છે તે તક બદલ માનનીય અધ્યક્ષશ્રી, આપનો અને ગૃહના નેતાનો હું ખૂબ ખૂબ આભાર માનું છું. કારણ કે આ ડિજિટલ ગૃહમાં પહેલી વખત હું ચર્ચામાં ભાગ લઇ રહ્યો છું.

આદરણીય અધ્યક્ષશ્રી, આપણા ઉપનિષદોમાં એક શ્લોક છે. જેને અત્યારે આપની સમક્ષ હું બોલું છું.

''सर्वे भवन्तु सुखिनः सर्वे सन्तु निरामया, सर्वे भद्राणी पश्यन्तु, मा कश्चि दुःख भाग्यवेत। ''

એટલે કે આ શ્લોકમાં પણ બધા જ લોકો સુખી થાય. બધા જ લોકો નિરોગી રહે. બધા જ લોકોની સુખાકારીની કલ્પના કરવામાં આવી છે, ત્યારે એ જ કલ્પનાને આધાર બનાવીને અનુસૂચિત જાતિને બંધારણ દ્વારા જે અનામત પ્રાપ્ત થઇ છે, એને સહેજ પણ સ્પર્શ કર્યા વગર, કોઇપણ છેડછાડ કર્યા વગર, તેમાં કોઇપણ જાતનો ઘટાડો કર્યા વગર આ બિલ દ્વારા જે ઐતિહાસિક નિર્ણય માનનીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં સરકાર લઇ રહી છે. જે બંધારણમાં નિર્દિષ્ટ સામાજિક ન્યાયની સંકલ્પનાને સાકાર કરવા જે સક્રિયતાથી અને પ્રતિબદ્ધતાથી આ સરકાર આગળ વધી રહી છે, ત્યારે તેનું અભિવાદન કરી માનનીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વનો હું ગૃહવતી ખૂબ ખૂબ આભાર વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ક્રાંતિકારી પરિવર્તન દ્વારા એક સામાજિક પરિવર્તનની દિશામાં આપણે હરણફાળ ભરવા જઇ રહ્યા છીએ. બંધારણની જે હમણા વાત થઇ અને બંધારણનો જે અહીં ઉલ્લેખ થાય છે. એ બંધારણની જે જોગવાઇ છે એ જોગવાઇનો જે ઉદ્દેશ છે, તેનું હું આપને વર્ણન કરું છું. બંધારણના જે ભાગ ૩ છે, એમાં ભારતીય નાગરિકોને જે મૂળભૂત અધિકાર આપ્યા છે. એના અનુચ્છેદ ૧૫ ના કલોઝ નંબર ૪ માં લખ્યું છે.

Nothing in this Article or in Clause 2 of Article 29 shall prevent the State from making any special provisions for the advancement of the socially and economically, educationally backward classes or Scheduled Caste, Scheduled Tribes. એટલે કે આ અંતર્ગત રાજયને અન્ય પછાત વર્ગો અને અનસૂચિત જાતિ, જનજાતિઓના ઉત્કર્ષ માટે કાયદો ઘડવાનો અધિકાર છે.બંધારણનો જે ભાગ-૪ છે. રાજ્ય નીતિના માર્ગદર્શક સિદ્ધાંતો. તેનો અનુચ્છેદ-૩૮ છે તેમાં વેલ્ફેર સ્ટેટ, એટલે કે કલ્યાણકારી રાજ્યની કલ્પના કરવામાં આવી છે. પહેલાં પોલીસ સ્ટેટ હતું, પરંતુ બંધારણ લાગુ કર્યા પછી કલ્યાણકારી રાજ્યની કલ્પના છે તેમાં પણ સ્પષ્ટ લખ્યું છે, The State shall strive to promote the welfare of the people by securing and protecting as effectively as it may a social order in which justice, social, economic and political, shall inform all the institutions of the national life. એટલે કે તેમાં પણ રાજ્ય સરકારોને માર્ગદર્શન આપવામાં આવ્યું છે કે લોકોના કલ્યાણ માટેની યોજનાઓ ઘડી કાઢે અને એટલે મને આજે ગોંડલના મહારાજા યાદ આવે છે. જે લોકો સૌરાષ્ટ્રમાંથી છે તેમને ખ્યાલ છે કે ગોંડલના મહારાજા એક વખત નગરચર્યામાં નીકળેલા ત્યારે એક વૃદ્ધ માતા પોતાના માથા ઉપર લાકડાનો ભારો લઇને જતી હતી ત્યારે તેમણે કહ્યું, ભાઇ, આ લાકડાનો ભારો જરા નીચે ઉતરાવ ને, મારે પાણી પીવું છે, ત્યારે ગોંડલના મહારાજાને થયું કે મારી જનતા પાણી વગર ટળવળે છે, તેને આટલો પરિશ્રમ કરવો પડે છે ત્યારે એ રાજાએ ગલીએ ગલીએ પાણિયારા બાંધેલા છે, જેથી કરીને તેની પ્રજાને મુશ્કેલી ન પડે. એટલે પરિવાર કલ્યાણની વાત અત્યાર સુધીની સરકારો, પૂર્વ સરકારો કરતી હતી, જ્યારે શ્રી નરેન્દ્રભાઇ મોદીજીના નેતૃત્વમાં આજે લોકકલ્યાણની વાત કરવાવાળી સરકાર આવી છે. અનુચ્છેદ-૧૯માં distributive અને equal justice ની વાત થઇ છે. સમાન અને વિતરીત ન્યાયની વાત થઇ છે અને આ જ વસ્તુ બંધારણનું જે આમુખ છે તે spirit અને soul of the Constitution કહેવાય છે, એટલે કે તેનો આત્મા કહેવાય છે એ બંધારણના આમુખમાં પણ આની સ્પષ્ટતા કરેલી છે. To secure the justice – social, economical and political justice. ત્યાર પછી વર્ષ૧૯૯૨માં જે ૭૪મો અને ૭૫મો બંધારણીય સુધારો આવ્યો તેમાં પણ અનુચ્છેદ-૨૪૩-ટીમાં અનામતની વાત સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં કરવામાં આવેલી છે. એટલે સવારથી સાથી પક્ષના મિત્રો બંધારણ

અને ડો. બાબાસાહેબ વિશે વાત કરે છે ત્યારે આપણાં માનનીય પૂર્વ મંત્રીશ્રી જીતુભાઇએ સ્પષ્ટ અને સરસ કહ્યું કે ડો. બાબા સાહેબનું અપમાન જો કોઇએ કર્યું હોય તો એ કોંગ્રેસની સરકારે કર્યું છે અને બાબા સાહેબ આંબેડકરને ખરેખર જો કોઇએ માન અને સન્માન આપ્યું હોય તો એ ભારતીય જનતા પાર્ટીની શ્રી નરેન્દ્રભાઇના નેતૃત્વવાળી સરકારે આપ્યું છે. હું તો બંધારણની વાત કરું છું. બાબા સાહેબની વાત તેમણે કહી. સવારથી બધા બંધારણના ઉદાહરણ આપે છે પરંતુ આ બંધારણમાં બાબાસાહેબે જે કહ્યું એ કોઇ યાદ કરતું નથી. ડો. બાબા સાહેબે કહેલું છે કે વિશ્વમાં ગમે તેટલું શ્રેષ્ઠ બંધારણ કેમ ન હોય પરંતુ એ બંધારણનો અમલ કરવાવાળી રાજસત્તાની નિયત અને નીતિ જો સાફ નહીં હોય તો એ બંધારણ ક્યારેય સારું થઇ શકતું નથી અને એવું પણ કહ્યું છે કે દુનિયાનું બંધારણ, કોઇ પણ દેશનું બંધારણ ગમે તેટલું ખરાબ કેમ ન હોય, પરંતુ તેનો અમલ કરનારી રાજસત્તાની જો નિયત સારી હશે, જો નીતિ સાચી હશે તો એ બંધારણ શ્રેષ્ઠ બનશે અને એટલે આપણે બધા આજે ભાગ્યશાળી છીએ કે આપણાં દેશમાં એવો નેતા છે, એવું નેતૃત્વ છે.

અધ્યક્ષશ્રી : ડો. વાજા, આપ એક મિનિટ બેસો. અહીં અધિકારીશ્રીઓ અને પત્રકાર મિત્રો ઘણા સમયથી બેઠા છે. મોડું થશે એટલે બહાર નાસ્તાની વ્યવસ્થા કરેલ છે, તો વન બાય વન નાસ્તો કરીને તમારા કામમાં આવી જશો. અહીં કર્મચારીઓ અને પત્રકાર મિત્રો જે બાકી હોય એમના માટે પણ વ્યસ્થા કરી છે. બહાર સિક્યોરિટી માટે પણ વ્યવસ્થા કરી છે. મોડું થઇ ગયું છે. ડો. વાજા, તમે પ્રવચન ચાલુ રાખો અને બિલ ઉપર આવી જાવ.

ડો. પ્રદ્યુમન ગ. વાજા : સર, આ એટલા માટે બોલવું પડ્યું કે સવારથી બંધારણ અને બાબા સાહેબને બિલ સાથે સાંકળીને બોલવામાં આવે છે. એટલા માટે તેની સ્પષ્ટતા કરવી પડી છે કે બંધારણનું ચીરહરણ જો કોઇએ કર્યું હોય તો એ કોંગ્રેસની સરકારે કર્યું છે. રાષ્ટ્રપતિ શાસન સૌથી વધુ વખત એમણે લગાવ્યું છે. રાજ્યોમાં રાષ્ટ્રપતિ શાસન લાગ્યું. બંધારણીય સુધારા સૌથી વધારે કોંગ્રેસની સરકારે કર્યા છેઅને સૌથી અગત્યનું કટોકટી લાદી અને બંધારણમાં જે મૂળભૂત અધિકારોનું હરણ કરીને લોકશાહીના ચીર ઉતાર્યા હોય તો એ કોંગ્રેસની સરકારે કર્યા છે એટલે મને રાજકુમારનું એક પિકચર છે એનો ડાયલોગ મને યાદ આવે છે, ''**जिन के घर शिशे के होत हैं, वे कभी दुसरों पे पथ्थर नहीं फैंका करते**'' એટલે કરોડો ભારતવાસીના હ્દયમાં બિરાજમાન શ્રી મોદીસાહેબે એક વખત કહેલું છે કે હું એક નાનો વ્યકિત છું પરંતુ નાના લોકો માટે મોટું કરવાની મારી ઇચ્છા છે અને એટલા માટે કયારેય પોતાને પ્રધાનમંત્રી નહીં પરંતુ પ્રધાન સેવક તરીકે ગણે છે અને આ શબ્દોને સાકાર કરવા માટે, બંધારણમાં જે સૂચિત જોગવાઇઓ છે, જે અધિકારો છે એ દેશની જનતાને મળે તે માટે આપણે કેન્દ્રમાં શ્રી મોદીસાહેબની સરકાર અને ગુજરાતમાં શ્રી ભૂપેન્દ્રભાઇની ડબલ એન્જિનની સરકારે કમર કસી છે અને આ તકે હું પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીનો જે એકાત્મ માનવ દર્શનનો અંત્યોદય ઉપર આખો સિદ્ધાંત હતો કે સમાજમાં છેલ્લી પંકિતમાં, છેલ્લી ઉભેલી વ્યકિતનો જયાં સુધી વિકાસ નહીં થાય ત્યાં સુધી કોઇપણ રાષ્ટ્રનો વિકાસ નહીં થાય અને લોર્ડ રીપન જે સ્થાનિક સ્વરાજયના પિતા કહેવાતા હતા અને ગાંધીજીએ આપણા દેશમાં એની પ્રેરણા આપી ત્યારે જે ગાંધીજીએ સ્વરાજયની કલ્પના કરવાનું સ્વપ્ન સેવેલું હતું. સ્વરાજય એટલે શું કે સત્તાનું સુકાન એ સામાન્ય વ્યકિતના હાથમાં નીચે સુધી જાય, એટલે આ જે મહાપુરૂષોનું મેં વર્ણન કર્યું, જે ઋષિમુનીઓનું વર્ણન કર્યું એનું જે સ્વપ્નું છે એ સાકાર કરવાનું બીડું જો કોઇએ ઝડપ્યું હોય તો શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ઝડપ્યું છે અને ગુજરાતમાં માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં આ ભગીરથ કાર્ય પાર પાડવાની દીશામાં આપણે બધા અગ્રેસર છીએ અને એના આપણે બધા સાક્ષી છીએ એનો મને ગર્વ છે. ''**सर्वजन हिताय** અને **सर्वजन सुखाय**'' દરેક વ્યકિતનું હિત જળવાય..

અધ્યક્ષશ્રી : ડોકટર, તમે ભૂમિકા સરસ મૂકી છે, હવે થોડું બિલ ઉપર આવી જાવ.

ડો. પ્રદ્યુમન ગ. વાજા : જી, સાહેબ. ઘણા લોકોને એવી અદેખાઇ આવે છે કે કદાચ એવો અપ્રચાર આ બિલ માટે કરવામાં આવે છે કે આ બિલના કારણે અનુસૂચિત જાતિને મળતી જે અનામત છે એમાં ઘટાડો થઇ જશે અથવા તો અનુસૂચિત જાતિની જે બેઠકો છે એ ઓછી થઇ જશે પરંતુ સાહેબ, હું ખૂબ આનંદથી કહું છું ડ્રાફ્ટિંગ જે માનનીય ઋષિકેશભાઇ પટેલના નેતૃત્વમાં થયું છે કે આ ડ્રાફ્ટિંગની એટલી વિશેષતા છે, ખૂબ સુંદર અને એટલું નજાકતભર્યું આ બિલ છે કે આમાં કોઇપણ સમાજને અસર કર્યા વગર અન્ય પછાત વર્ગોની બેઠકોમાં અને પ્રતિનિધિત્વમાં વધારો કરવામાં આવ્યો છે અને એટલે મને એક દિવાસળીની રમત આજે યાદ આવે છે એટલે કહું છું. આપણે નાના હતા ત્યારે અને હજી ન્યૂઝપેપરમાં પણ હતું કે દિવાસળી એવી રીતના ગોઠવો કે જેની મૂળ ડિઝાઇન છે એમાં ફરક આવી જાય અને આપણે જે જોઇએ એ થઇ જાય તો આપણે જે અનુસૂચિત જાતિ, જનજાતિને જે અધિકારો મળ્યા છે એમાં સહેજપણ ફેરફાર કર્યા વગર જે સુંદરતાથી આ બિલ રજૂ કર્યું છે તે બદલ માનનીય ઋષિકેશભાઇ પટેલ સાહેબને હું અભિનંદન આપું છું. બંધારણના મૂલ્યોને આધીન તમામ નાગરિકોના સર્વાંગી વિકાસ એજ સરકારની પ્રાથમિકતા રહી છે અને રહેશે. ભારત એ વિશ્વની સૌથી મોટી લોકશાહી અને શ્રેષ્ઠ લોકશાહી છે ત્યારે આ લોકશાહીમાં રાષ્ટ્રના હિતમાં, રાષ્ટ્રના નિર્માણમાં દરેક વ્યકિતનો છેવાડાના માનવીની સરખી ભાગીદારીવાળી લોકશાહીની વ્યવસ્થાનું નિર્માણ કરવું એ સરકારનો ઉદ્દેશ છે અને એટલે સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌના પ્રયાસના સૂત્ર સાથે અનુસૂચિત જાતિને અને જનજાતિને હાલમાં જે અનામતની ટકાવારી છે તેમાં કોઇપણ જાતનો ઘટાડો કર્યા વગર અન્ય પછાત વર્ગોને મળતી રાજકીય અનામતમાં ૧૦ટકાથી વધારી ૨૭ ટકા કરવાની આ બિલમાં જે જોગવાઇ છે તે જોગવાઇને

માટે સરકારને ગૃહ વતી અને સમગ્ર ગુજરાતની જનતા વતી હું આભાર પ્રગટ કરું છું અને અભિનંદન પાઠવું છું અને આ બિલને મારો ટેકો રજૂ કરું છું.

ડો. સી.જે. ચાવડા(વિજાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત સ્થાનિક સત્તા મંડળ કાયદા સુધારા વિધેયક-૨૦૨૩ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બહુ પંક્તિઓ, બહુ દોહાઓ અને છંદ ગવાયા. પણ સચ્ચાઇ છૂપ નહીં સકતી બનાવટ કે ઉસૂલો સે, ખૂશ્બુ આ નહી શકતી કાગઝ કે ફૂલો સે. ગીતામાં બહુ સ્પષ્ટ કહ્યું છે કે જૂઠ બોલવું એ તો પાપ છે પણ બહુ લાંબા સમય સુધી જૂઠ સાંભળ્યા કરવું એ મોટું પાપ છે. એટલે મારે એ પાપમાં પડવું નથી. મારે ટૂંકાણમાં આ કાયદાનો સુધારો થયો છે એના વિશે વાત કરવી છે. એમના ઉદ્દેશમાં સુપ્રીમકોર્ટના ચુકાદાની વાત કરી છે. સુપ્રીમકોર્ટે મહારાષ્ટ્ર સરકાર અને મધ્યપ્રદેશની સરકાર હતી એના વિરુદ્ધમાં ચુકાદો આપ્યો છે. એમાં સુપ્રીમકોર્ટે આખા દેશમાં ઓ.બી.સી. માટેના જે કાયદાઓ બને એ સરળતાથી એનો અમલ થાય એના માટેનું જજમેન્ટ આપ્યું છે અને એમાં ૧, ૨, ૩, ૪, ૫ જજમેન્ટ આપ્યા હશે. એના અનુસંધાને સરકારે વધુ વિચારણા કરવા માટે સમય માગ્યો હશે અથવા કોર્ટે સમય નહીં આપ્યો હોય એટલે ચૂંટણીઓ સમયસર ન થઇ શકી, સમયસર એફિડેવિટ ન થઇ શકી, સુપ્રીમકોર્ટે કહ્યું એમ ન કરી શક્યા એના કારણે આપણે થોડો વિલંબ થયો. ગુજરાત સરકારમાં વિલંબ થયો છે એ સ્વીકારવું પડે. પછી આયોગની રચના થઇ. આયોગમાં વિદ્વાન હાઇકોર્ટના ચીફ જસ્ટિસ શ્રી ઝવેરી સાહેબનું પંચ નીમાયું પછી એ પંચે જે કાંઇ અનુમાનો કર્યા હશે અથવા જે કાંઇ તારણો પર આવ્યાં હશે. એ પોતે જજ છે એટલે સુપ્રીમકોર્ટનાં જે તારણો હશે એના વિરુદ્ધ તમને કોઇ ભલામણ નહીં કરી હોય એ તો ચોક્કસ કહી શકાય. એમના વિરુદ્ધ સુપ્રીમકોર્ટે જે ગાઇડીલાઇન આપી છે એ ગાઇડલાઇન પ્રમાણે પંચને આપણે કામગીરી પણ સોંપી છે. એટલે પંચના અધ્યક્ષ કે પંચની સમિતિ સુપ્રીમકોર્ટના જજમેન્ટ વિરુદ્ધ જઇને એક પણ તારણ કાઢીને આપને નહીં આપ્યું હોય એવું અમે ચોક્કસપણે માનીએ છીએ. પંચે કરેલી કામગીરી, એણે લંબાવેલી મુદ્દત એના વિશે અમારી કોઇ ટીકા-ટિપ્પણી નથી. એમાં અમારો પૂરો સહકાર છે અને બંધારીય રીતે બનેલ જે આયોગની રચના થઇ અને એમાં જે કાંઇ સજેશન કર્યા હોય એના વિશે અમારી કોઇ ટીકા-ટિપ્પણી નથી. અમારી શંકા ત્યાં ઊભી થાય છે સામાન્ય રીતે આવી બંધારણીય સુપ્રીમકોર્ટના જજમેન્ટના અનુસંધાને જે આયોગ રચ્યું હોય અને એ આયોગે જે તારણો આખા રાજ્યમાં ફરીને, તમામ લોકોને સાંભળીને જે મૂલ્યાંકન કર્યું હોય એના ઉપર પાછી એક કમિટી બેઠી છે. કેબિનેટમાં નિર્ણય લઇને ત્રણ સિનિયર મંત્રીઓની કમિટી બની છે. એના અનુસંધાને વિધાનસભાના ૧૮૨ ધારાસભ્યો ઉપર વિશ્વાસ રાખીને એ પંચનો અહેવાલ જાહેર કરવામાં વાંધો ન હોઇ શકે એમ વ્યકતિગત રીતે હું માનું છું અને પાર્ટી પણ એમ માને છે કે અહેવાલ જાહેર કરવો જોઇએ. એ વખતે પણ કાંઇક વાત કરવી હોય, કોઇ રજૂઆત હોય અથવા તમારા ધ્યાનમાં રહી ગયું હોય એ અમે કરી શકીએ. પણ એ અહેવાલ તમે જાહેર ન કર્યો. જાહેર ન કર્યો એનો અમને વાંધો નથી. સરકારને અધિકાર છે કે જાહેર કરવો કે ન કરવો, અમલ કરવો, ન કરવો એ સરકારને પૂરેપૂરો અધિકાર છે.

માનનીય અધ્યક્ષશ્રી, પરંતુ અહીંયા સુપ્રીમકોર્ટનું જ્યારે વર્ડિક્ટ આવી ગયું છે ત્યારે સુપ્રીમકોર્ટના વર્ડિક્ટ પ્રમાણે તમારે વિલંબ કરો તો તમારે પંચાયતની ચૂંટણીઓ યોજી જ ન શક્યા. લોકશાહીનું હાર્દ છે, ત્રિ-સ્તરીય પંચાયતી રાજની જે સ્થાપના થઇ છે, એક એક વ્યક્તિને પોતાનાં કામો માટે પોતાનો પ્રતિનિધિ હોય એની આખી બંધારણીય રચના થઇ છે એના લીધે આપણા ગુજરાતમાં પૂરેપૂરી હતાશા અનુભવાય એવું સરકારે કર્યું એમ કહીએ તો ખોટું નથી. ૨૭ ટકા અનામત ૧૦ ટકાથી ૨૭ ટકા અનામત, તમને ૧૦ ટકાથી ૨૭ ટકા અનામત નહીં કરવી એવું કયા કાયદામાં અથવા કઇ જોગવાઇથી બાધ હતો કે નહોતા કરતા? તમારું ૨૭ વર્ષથી શાસન છે. આજે તમે કર્યું એ ૨૭ વર્ષ પહેલાં પણ કરી શકતા હતા. આજે તમે જે સુધારો લઇને આવ્યા છો એ ૨૭ વર્ષ પહેલાં પણ તમે કરી શકતા હતા. પણ ના, બીજી શંકા અમારી ત્યાં થાય છે તમારે કરવું જ ન હતું પરંતુ સુપ્રીમકોર્ટે કહ્યું છે અને સુપ્રીમકોર્ટ કહે છે એ કાયદો છે. કાયદો બદલવો હોય તો સંસદે જેમ ભાઇશ્રી જિગ્નેશભાઇએ કહ્યું એમ ઘણામાં આપણે બદલીએ છીએ એમ બદલવું પડે. સુપ્રીમકોર્ટનું વર્ડિક્ટ બદલવું પડે. પણ એ બદલી શકાય એમ હતું નહીં. સંસદમાં એની કોઇ ચહલ-પહલ થઇ નહીં. એનો અર્થ એ થયો કે ઓ.બી.સી.ની જે અનામત વધારવાની વાત છે અને જાતિ પ્રમાણે ગણતરી કરવાની વાત છે. એમાં ગુજરાત પણ સંમત થયું છે. વિરોધ કર્યો નથી પણ જ્યાં સુધી ચાલે ત્યાં સુધી ચલાવવું એ નીતિ તમે સો ટકા અપનાવી છે એ અમારો આક્ષેપ છે. તમારે આને આ જ વસ્તુ કરવી હતી તો ૨૭ વર્ષ પહેલા કરી દેવી જોઇતી હતી. હવે જ્યારે વિલંબ જ કર્યો છે. આ ૨૭ ટકા લઇને આવ્યો છો એનો કોઇ અમારો વિરોધ નથી. ૧૦ ની ૨૭ ટકા કરી એનો કોઇ વિરોધ નથી. ૧૦ ની ૨૭ ટકા કરી એને અમે આવકારીએ છીએ. તમારે મોડા મોડા કરવું પડ્યું એ સારું છે. ૧૫મી વિધાનસભા આપણે સૌ ભાગીદાર બન્યાં એ ગુજરાતના સર્વાંગી વિકાસ માટે એસ.સી., એસ.ટી., ઓ.બી.સી., વિચરતી જાતિઓ બધા માટે આપણને વિચાર કરવાની તક મળી. આપણને બધાને સૌભાગ્ય પ્રાપ્ત થયું. સૌભાગ્ય મળ્યું છે કેમ કે એ સારું કામ થયું છે. આ સારું કામ ૨૪ વર્ષ પહેલા પણ થઇ શક્યું હોત અને ત્યાં સુધીના સમયગાળામાં જે ઇલેકશન દોઢ વર્ષ સુધી પ્રતિનિધિત્વ વગરનું લંબાયું અને આખું રાજ્ય નોધારું રહ્યું. એના માટે વિલંબ કર્યો એટલા માટે આપે જવાબદારી તો સ્વીકારવી જ પડે. તેમાં તમારી જવાબદારી છે જ એ અમે કહેવા માગીએ છીએ અને વિલંબ કર્યો હતો, આટલો સમય લીધો હતો તો ઓ.બી.સી. સમાજની જે માગણી છે, આખા દેશના ઓ.બી.સી. સમાજની માગણી છે. જ્યારે કોઇ પણ દેશમાં

લોકશાહી સ્થપાય ચાહે અમેરિયા, ઇગ્લેન્ડ, બ્રિટન હોય કે જાપાન હોય દરેક જગ્યાએ રિઝર્વેશન તો છે જ. કારણ કે લોકશાહીનો અર્થ જ એ છે કે જે દબાયેલા, કચડાયેલા, વંચિતો જે પછાત રહી ગયા છે તેવા લોકોનો સામૂહિક અને સર્વાંગી વિકાસ થાય અને સમાનતા ઊભી થાય. આ તો દરેક દેશના લોકશાહી દેશના આમુખમાં હોય છે. આપણા આમુખમાં છે એ જ અમેરિકાના આમુખમાં છે. અમેરિકા આટલો વિકસિત દેશ હોવા છતાં આજે ત્યાં પણ રિઝર્વેશન છે. વિશ્વમાં આજે બ્રિટન સૌ પહેલા લોકશાહી સ્થાપનાર દેશ છે ત્યાં પણ રિઝર્વેશન છે. રિઝર્વેશન અલગ પ્રકારના હોય મૂળ નિવાસી, બહારના આવેલા, ગોરા, કાળા એ સૌ સૌના દેશની નીતિ-રીતિ અને સંસ્કૃતિ મુજબ રિઝર્વેશન હોય અહીંયા પણ લોકશાહી આવી એટલે રિઝર્વેશન હોય જ કારણ કે, જે લોકો અતિપછાત રહી ગયા છે અથવા તો સદી સાથે ચાલ્યાં નથી. વર્ષોથી ખૂબ પાછળ છે એને આગળ લાવવા માટે લોકશાહીના બધા જ પ્રતિનિધિઓનો સૌથી પહેલો એ તો આપણો પાયાનો સિદ્ધાંત છે અને સિદ્ધાંતના અનુસંધાને જ્યારે કરવાનું થતું હોય ત્યારે આપણે ઉપકાર કરી નાખતાં નથી. તમે કોઇ ઓ.બી.સી. સમાજ કે પ્રજા ઉપર એસ.સી., એસ.ટી. પ્રજા ઉપર એક પણ ટકો ઘટાડ્યા વગર, લ્યો તમે ઘટાડી નાંખો. તમે ઘટાડી શકવાના છો? જે બંધારણે ૭૦-૭૫ વર્ષ પહેલા નક્કી કરી નાંખ્યું છે એમાં આપણે શું સારું કરી નાંખ્યું? બંધારણે તો નક્કી કરી દીધું કે એસ.ટી., એસ.સી.ને અનામત આપવી. ઓ.બી.સી.ને વખતો વખત જે તે સમયના અને જે તે રાજ્યની પરિસ્થિતિ અને વસ્તીની સંખ્યાના મુજબ બંધારણીય હક્ક મળ્યો જ છે. એમાં આપણે દૂર કરી શકવાના નથી. એ દૂર કરવું હોય તો કેવી રીતે કરાય એ પણ તમે સમજજો? એ નથી કરી શકવાના. બહાર ગમે તે બોલીએ. આપની પાર્ટીની વિચારધારા ગમે તે હોય, ભાજપની વિચારધારા જુદી હોઇ શકે, કોંગ્રેસની વિચારધારા જુદી હોઇ શકે. બહાર ગમે તે પ્રવચનો કરીએ પણ જ્યારે સમગ્ર રાજ્યના પ્રતિનિધિ બનીને આવીએ છીએ. તમામ ધર્મના અને તમામ જાતિના પ્રતિનિધિ બનીને આવીએ છીએ ત્યારે આના માટે મેં આમ કર્યું, તેમ કર્યું, મેં આ ના કર્યું, પેલાએ કરી નાંખ્યું આ જે વાત છે એ ખોટી છે. આપણે તો જે લોકોએ આ બંધારણને અનુરૂપ કામ કર્યું છે એ લોકોને યાદ કરવા જોઇએ. આજે ડો.બાબા સાહેબ આંબેડકરને બધાએ યાદ કરવા જોઇએ. ડો.બાબા સાહેબ આંબેડકરે જે તે વખતે ભારતની જે પરિસ્થિતિ હતી એને અનુલક્ષીને વખતો વખત આઝાદી આવ્યા પછી પણ ફરીથી ગુલામી ના આવી જાય એની ચિંતા કરી છે અને એના માટે આ બંધારણ ઘડ્યું છે. એના માટે બંધારણની કલમો છે એ પ્રમાણે આપણે કામગીરી કરી રહ્યાં છીએ. જે પ્રધાનમંત્રી જે આ સરકાર તેને અનુરૂપ કામ કરતી હોય એ અભિનંદનને પાત્ર છે. વધારે તો માનનીય મોદી સાહેબને અભિનંદન મળવાના છે અને જે તે વખતે માનનીયશ્રી જવાહરલાલ નહેરું હતા અને આ બંધારણનો અમલ થયો. માનનીયશ્રી જવાહરલાલ નહેરુની સરકારને પણ એટલા જ અભિનંદન મળવાના છે. પછી આમ હોત તો તેમ થઇ જાત, અમે આવ્યા હોત તો આમ થઇ ગયું હોત, તમે કે અમે બધા આપણે લોકશાહીના સેવકો જ છીએ અને બંધારણ પ્રમાણે જ કામ કરવાનું છે. તમે આવો તો બંધારણ પ્રમાણે જ કામ કરવાનું છે અને અમે આવીએ તો પણ બંધારણ પ્રમાણે જ કામ કરવાનું છે પણ તમે જે અર્થઘટન કરો છો. એ અર્થઘટનમાં અમને કદાચ જુદું લાગતું હોય તો અમે આવીને ફેરફાર કરી શકીએ.

માનનીય અધ્યક્ષશ્રી, અમને અર્થઘટનમાં એવું લાગે છે. મારે મંત્રશ્રીને તો ન કહેવાય. ખરેખર ૨૭ ટકા જ અમલ કરવો જ હતો તો તમે વર્ષ ૧૯૯૪થી કરી શક્યા હોત કોઇ અટકાવતું ન હતું પણ એ કેટલો ૨૭ ટકા કરવો, ૪૯ ટકાની મર્યાદામાં યુનિટ ગણીને ગામડું, તાલુકો, જિલ્લો, રાજ્ય યુનિટ ગણીને કરવું. તમે રાજ્યને યુનિટ ગણી લીધું છે. એટલે રાજયમાં ૨૭ ટકા મળી ગઇ. તમે જિલ્લા પંચાયતને યુનિટ ગણી લીધું એટલે જિલ્લા પંચાયતમાં ૨૭ ટકા મળી ગઇ પણ તમે જ્ઞાતિનું દરેક જિલ્લામાં, તાલુકામાં, ગામમાં અને રાજયનું જે યુનિટ નકકી થાય એ યુનિટમાં કેટલી વસ્તી છે એ પ્રમાણે ગણતરી કરવાનું સુપ્રીમકોર્ટે કહ્યું છે એવું અમારું માનવું છે. તમારું માનવું એટલું જ હોય કે ૨૭ ટકા આપ્યા એટલે ઘણું થઇ ગયું. ઉપકાર કરી દીધો તો તમે બહુમતિના જોરે, બહુમતિનું જોર નહીં કહેવાય પણ બહુમતિથી પસાર કરી દેશો પણ અમારું જે માનવું છે એ માનવું એવું છે કે ૨૭ ટકા નહીં, કોઇ જિલ્લામાં ૪૦ ટકા પણ આપી શકીએ છીએ. કોઇ જિલ્લામાં ૩૩ ટકા પણ આપી શકીએ છીએ. કોઇ જિલ્લામાં ૨૭ કે ૨૬ ટકા પણ આપી શકીએ છીએ. ૨૭ ટકાથી ઓછું એવું નહીં કરી શકાય એટલા માટે તમે ૨૭ ટકા આપી દીધી. બાકી તમે આજે આમ કરી નાખ્યું અને તેમ કરી નાખ્યું. નર્મદામાં પાણી આવ્યું, ૨૭ ટકા અનામત થઇ છે એનાથી પાણીને શું ફેર પડશે? પાણી તો જે જવાનું છે એ નર્મદાની યોજના પૂરી થઇ છે એટલે જવાનું જ છે અને ખેતરે ખેતરે પહોંચવાનું જ છે. પણ આખો દિવસ જે ચર્ચાઓ ચાલી એ નર્મદાનું પાણી આવ્યું, આ આવ્યું, તે આવ્યું. મારે આજે સમય પૂરો થાય છે. રાત્રિના ૮ કલાક અને ૨૧ મિનિટ થઇ છે એટલે વિશેષ વાત નથી કરવી પણ અમારા બે મુદ્દાઓ છે એ બે મુદ્દાઓ ધ્યાનમાં લેજો અને અમારા મુદ્દા ધ્યાનમાં લેવાની મંત્રીશ્રી ખાતરી આપશે તો ૧૦૦ ટકા સપોર્ટ જ છે. ૨૭ ટકા તો સપોર્ટ છે પણ હજી આમ દિલથી નથી થતું. પેલો અમે દિલથી સપોર્ટ કરીશું અને ગુજરાતની પ્રજાના સર્વાંગી વિકાસમાં અમે તમામ.

અધ્યક્ષશ્રી : જે કરો એ દિલથી કરોને.

ડો. સી.જે. ચાવડા : અત્યારે બિલથી કરીશું. પણ થોડી ખામી રહી જાય છે. ચાર ખાનાઓ હોય છે. હૃદયના ત્રણ ખાનામાં તો થશે, ચોથા ખાનામાં નહીં થાય એટલે આ બે વસ્તુ જે મૂકી છે અને અમારી પાર્ટી તરફથી આ વસ્તુ મૂકી છે એ ધ્યાનમાં લેવામાં આવશે એની ખાતરી મને આપ આપશો એવી વિનંતી સાથે મારી વાત પૂરી કરું છું.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જવાબ આપે ત્યારે મારી વિનંતી છે કે અમારા બધાની જે લાગણી હતી કે ઝવેરી કમિશનનો રિપોર્ટ ગૃહના સદસ્યને મળવો જોઇતો હતો તો નથી મળ્યો એના વગર ચર્ચા થઇ છે. તમે

જવાબ આપો ત્યારે એ રિપોર્ટમાં શું ભલામણ હતી એની જરા વિગતથી વાત કરજો. સુપ્રીમકોર્ટની જે ગાઇડલાઇન છે એ યુનિટવાઇઝ વસ્તી ગણતરી કરવાની કહી હતી કે કેમ અને એ મુજબ આપણે આ નિર્ણય યુનિટવાઇઝ કેમ નથી કર્યો એટલી સ્પષ્ટતા કરશો તો અમને પણ આનંદ થશે.

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રી, એક સભ્યશ્રીને મારે સ્પેશ્યલ તક આપવી છે. મારે વિશેષ ધ્યાન દોરવું છે કે માનનીય લવિંગજીભાઇ, દંડકશ્રી તરફથી આપવામાં આવેલ નામની યાદીમાં તમારું નામ આવ્યું નથી. એટલે તમે એ પરિપ્રેક્ષ્યમાં બહુ લાંબુ કરતા નહીં.

શ્રી લવિંગજી મુ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, ખાલી મારો સવાલ જ છે કે આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ઓ.બી.સી. ની વસ્તી ગણતરી માટે ઝવેરી કમિશન દ્વારા કયાંથી ડેટા લેવામાં આવ્યો છે? એ મારે આપના મારફત જાણવું છે અને ખૂબ ખૂબ અભિનંદન આપું છું કે આ બિલ લાવ્યા. આખું ગુજરાત ખુશ છે. દિવાળી જેવો માહોલ છે એટલે ખૂબખૂબ અભિનંદન છે કારણ કે શ્રી મોદીસાહેબ વિશ્વનેતા અને યુગપુરૂષ છે અને એના આપણે બધા સેવક છીએ એટલે ગુજરાત ખૂબ જ ખુશ છે એ જ વિનંતી સાથે ખૂબ ખૂબ આભાર.

શ્રી ઋષિકેશ ગ. પટેલ(શહેરી વિકાસ પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો સમગ્ર ગૃહના બધા જ સભ્યોએ ગુજરાત રાજયના ઓ.બી.સી. સમાજની ચિંતા કરી છે. પોતાના વિચારો વ્યક્ત કર્યા છે અને પોતાના ઓબ્ઝર્વેશન પણ આપ્યા છે. આજે શ્રી કુંવરજીભાઇ, શ્રી જગદીશભાઇ, શ્રી પૂર્ણેશભાઇ, શ્રી અર્જુનસિંહભાઇ, શ્રી અલ્પેશભાઇ, શ્રી કેશાજીભાઇ, શ્રી ઉદયભાઇ, શ્રી સરદારભાઇ, શ્રી પ્રદ્યુમનભાઇ,શ્રી જીતુભાઇ, શ્રી ધવલસિંહજી અને સામેથી માનનીય શ્રી અમીતભાઇ, શ્રી અર્જુનભાઇ, શ્રી જીજ્ઞેશભાઇ મેવાણી, ગેનીબેન, શ્રી હેમંત આહિર, ડો.સી.જે. ચાવડા સાહેબ સહિત બહુ બધા આપણા ધારાસભ્યશ્રીઓએ ૨૭ ટકા અનામત આપવાની બાબતમાં પોતાના તર્ક, પોતાના વિષયો રજૂ કર્યા. માનનીય અમીતભાઇએ પણ ખૂબ વાતો કરી. મારી શ્રી અમીતભાઇને એક જ વિનંતી છે કે, આપે ઝવેરી કમિશનને મળીને જે લાગણી વ્યક્ત કરી હતી, ઇચ્છા વ્યક્ત કરી, ઓ.બી.સી. સમાજની જે ચિંતા કરી તેમાં આપે લખ્યું છે કે, ગુજરાતમાં અન્ય પછાત વર્ગ માટે લાંબા સમય સુધી ૧૦ ટકા રિઝર્વેશન રાખવામાં આવે, જે મંડલ કમિશને ૨૭ ટકા કરેલ છે. આમ, છતાં ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ૧૦ ટકા રિઝર્વેશન લાગુ પાડવામાં આવેલ હતું જેના કારણે અન્ય પછાત વર્ગના લોકોને ન ભરી શકાય તેવું નુકસાન થયેલ છે. આ રિઝર્વેશન પણ ગુજરાત સરકારે રદ કરેલ છે. જેમાં પુનઃવિચારણા કરી અન્ય પછાત વર્ગના લોકોને સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં ૨૭ ટકા અનામતનો લાભ આપવા માટેની ભલામણ છે. તેમણે ૨૭માંથી કયાંય ૨૮ ટકા માગ્યું નથી. ૨૭ ટકા જ માગ્યા છે.

સાહેબ, એ જ વાત અમે કરી રહ્યા છીએ અને હવે એમાં જુદા જુદા વિષયો મૂકીને આ કરવું જોઇએ અને પેલું કરવું જોઇએ. એટલે તમારી જે લાગણી છે, તમારી જે માગણી છે તે જ પ્રમાણે અને અહીં બેઠેલા સભ્યોની પણ એ જ લાગણી છે તે સ્વાભાવિક છે. ૨૭ ટકાની માગણી આપણે સ્વીકારી છે.

અધ્યક્ષશ્રી : માનનીય અમીતભાઇનું માઇક ચાલુ કરો. તેમનો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. શું પોઇન્ટ ઓફ ઓર્ડર છે? કયા નિયમ પ્રમાણે રેઇઝ કરો છો?

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન કરવા માગું છું. કલેરિફિકેશન કરવા માગું છું.

અધ્યક્ષશ્રી : ઠીક છે કલેરિફિકેશન કરવાની તમને મંજૂરી મળે છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, ઝવેરી કમિશનની જયારે જાહેરાત થઇ ત્યારે આખા ગુજરાતમાંથી લોકોએ અલગ અલગ રીતે વાંધા સૂચનો રજૂ કર્યાં હતાં. ત્યારપછી અલગ અલગ રીતે સુપ્રીમકોર્ટના જે જજમેન્ટ હતા, ઝવેરી કમિશને જે ભલામણ કરી તેના આધારે આપણે બિલ લાવી રહ્યા છીએ. જયારે ઇનિશિયલ ઝવેરી કમિશન બનાવવામાં આવ્યું ત્યારની એક વાત હોય અને ત્યારપછી ઝવેરી કમિશને રિપોર્ટ આપ્યો છે અને આજે આપણે આ બિલ પર જે ચર્ચા કરીએ છીએ તે ઝવેરી કમિશને ભલામણો કરી છે, તેનો રિપોર્ટ છે તેના પછી સરકારે નિર્ણય લીધો છે. તમે મારો કાગળ કોટ કરીને કરો પણ ખરેખર હકીકત આજે જે બિલની ચર્ચા કરીએ છીએ, મારું વર્ઝન અહીં જે હતું તે ઝવેરી કમિશનનો રિપોર્ટ સબમિટ થયા પછીનું છે. તમે કાગળ કોટ કરીને અત્યારના વર્ઝનને કમ્પેર કરો તે યોગ્ય ન કહેવાય.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તેમણે તેમની રજૂઆતો આપી હશે. આ કાગળ મારી પાસે છે અને તેમાં ૨૭ ટકા છે.

અધ્યક્ષશ્રી : નહીં એ ના નથી પાડતા. એ એમ કહે છે કે, પહેલાં અમારો મત એ હતો અને હવે અમારો મત આ છે. એટલું જ છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સમર્પિત આયોગે આપણને જે ભલામણો કરી અને સાથે સૂચનો પણ કર્યાં છે. બે પાર્ટમાં ઝવેરી પંચનો દળદાર અહેવાલ છે. હાલ જે રીતે આપણી રાજકીય પરિસ્થિતિ છે અને લોકશાહીમાં ઝડપથી ચૂંટણીઓ થાય એટલે એનું જે ક્રક્સ હતું અને હાલની જે જરૂરિયાતો હતી તે તાત્કાલિક કેવી રીતે લોકશાહીમાં પોતાનો અધિકાર મળે તે ક્રક્સ આજે બિલ સ્વરૂપે રજૂ થયું છે. તેમણી ભલામણો આપણે જે સ્વીકારી તે બિલમાં આવે છે અને જે સૂચનો છે તેના પર અભ્યાસ વખતોવખત સરકાર કરવાની છે. ઘણી વખત ભૂતકાળમાં કેટલાય આયોગ બન્યા. ખાલી ઇન્ટરફેઇસ થયા. તે

બધા કયાં ગયા અને કયાં અહેવાલ આ બધુ અને શ્રી ચાવડા સાહેબ એ વિષયમાં આપણે નથી પડતા. સાહેબ, આજે પણ કર્ણાટક, છત્તીસગઢ બંને રાજ્યોમાં આ લાગુ ન પડે. સુપ્રીમકોર્ટનું વર્ડિકટ ત્યાં લાગુ ન પડે. ત્યાંની સરકાર છે પણ પાર્ટીની વિચારધારાની વાત કરતા હોય તો ત્યાં જે વિચારધારા છે તે અહીંયાં હોય.

અધ્યક્ષશ્રી : એક સેકન્ડ, માનનીય મંત્રીશ્રી, આપ બેસો. જયારે તમે બોલતા હતા ત્યારે માનનીય મંત્રીશ્રીએ બેઠાં બેઠાં કોમેન્ટ કરી નથી. તમારે જો એમની સાથે કોઇ વાંધો હોય તો આપ ઊભા થઇને પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવી શકશો. પરંતુ તમે બેઠાં બેઠાં તેમને ડિસ્ટર્બ કરવાનું કામ કરી શકો નહીં. પ્લીઝ.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મિત્રો છે એટલે કદાચ બોલી જાય મને કંઇ ખોટું લાગવાનું નથી.

અધ્યક્ષશ્રી : ના ના, મિત્રો હોય તો બહાર રહેજો. અહીં તો ગૃહ નિયમો પ્રમાણે જ ચાલશે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સારું નિયમો પ્રમાણે જ ચાલશે. ઘણા બધા પ્રશ્નો રેઇઝ થયા છે. ઘણા બધા ઓબ્ઝર્વેશન પણ કર્યા છે પરંતુ જેટલા મને યાદ રહ્યા અને લખાયા છે તેના હું જવાબ આપીશ. પેસા વિસ્તારોમાં એસ.ટી. સમુદાયની બેઠક ઘટતી નથી. કયાંક શંકા વ્યક્ત કરવામાં આવી કે આનાથી બેઠક ઘટી જશે. પરંતુ એકપણ બેઠક ઘટતી નથી તેની હું ખાતરી આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, ક્યાંય એસ.ટી., એસ.સી. સમાજના લોકો મોટા હોદ્દા ઉપર પહોંચ્યા નથી એવું એક ઓબ્ઝર્વેશન આવ્યું. સાહેબ, શ્રી રામનાથ કોવિંદજી એ એસ.સી. સમાજમાંથી રાષ્ટ્રપતિ બન્યા, ભાજપની સરકારમાં બન્યા, એસ.ટી. સમાજમાંથી આદરણીય રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મૂજી બન્યા. મારે પોલિટિકલ ઓબ્ઝર્વેશન કરવા ન હતા પણ આ એક વચ્ચે એમના તરફથી થઇ ગયું છે.

અધ્યક્ષશ્રી : જેમણે ઓબ્ઝર્વેશન કર્યા છે એમના જવાબ આપવાનો આપને અધિકાર છે. જેની ચર્ચા થઇ હોય, તેઓ જે કાંઇ બોલ્યા હોય એના આનુષંગિક બોલવા માટેનો આપને અધિકાર છે, એનો જવાબ આપ આપી શકો છો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એક જ અઠવાડિયામાં કમિટીએ અભ્યાસ કરી અને રિપોર્ટ આપી દીધો. અમારી મુખ્ય પ્રાયોરિટી એ હતી કે ચૂંટણી ઝડપથી કેવી રીતે થાય અને ઝડપથી લોકોને પ્રતિનિધિઓ કેવી રીતે મળે એટલે જે મહત્ત્વનું ક્રક્સ હતું એ કાઢીને અમે રિપોર્ટ કર્યો છે. સુપ્રીમકોર્ટના ૫૦ ટકા કુલ અનામતની મર્યાદાના નિર્દેશને લીધે ઘણા બધા પેસા અને નોન પેસા વિસ્તારોમાં ઓ.બી.સી. સમાજને મળતી બેઠકો રદ થઇ જાય તેમ હતી. ઓ.બી.સી.નો આખો હક જતો રહે એમ હતો. ત્યાં પણ આપણે એ વ્યવસ્થાઓ જૂની ચાલુ રાખી છે એટલે ઓ.બી.સી. સમાજને ૨૭ ટકાનો જે લાભ મળે છે, ભલે ત્યાં ઓછો મળે પણ આપણે ઓછો કરતા નથી. સમગ્ર રાજયની અંદર એવી પરિસ્થિતિ હતી કે ૬૧ તાલુકાઓમાં ઓ.બી.સી.ને એક પણ સીટ ન મળે એની જગ્યાએ ૧૦ ટકાનું પ્રોવિઝન આપણે ચાલુ રાખ્યું છે અને ઓ.બી.સી.ને કોઇ નુકસાન ન થાય એની પણ ચિંતા કરી છે. બજેટની ફાળવણી, બજેટની ફાળવણી આવો બધો વિષય ચાલ્યો.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું જ કહેવાનું છે કે, પીવાનું પાણી ઘર ઘર સુધી પહોંચે, ઓ.બી.સી.નું ઘર ટાળ્યું નથી, એસ. સી.નું ઘર ટાળ્યું નથી, એસ.ટી.નું ટાળ્યું નથી કે કોઇ સવર્ણ જ્ઞાતિઓના પણ આપણે કોઇ ઘર ટાળ્યા નથી. એટલે એ બજેટમાં જે નાણાં ખર્ચાયા હોય તો એ સામૂહિક બધાના ન કહેવાય? ખેતર સુધી પાણી જાય તો પાણી તો એ જોતું નથી કે, આ એસ.સી.નું ખેતર છે કે આ એસ.ટી.નું ખેતર છે કે આ પટેલનું ખેતર છે એવું તો જોતું નથી. તો એ નાણાં નર્મદાના હોય કે પછી ઈરીગેશન યોજનાના હોય એ બધા નાણાં અંતે તો લોકોની ભલાઇ માટે હોય છે. આરોગ્ય - દવાખાનું બધા માટે, શિક્ષણની સ્કૂલો બધા માટે, ઘર જે બનાવ્યા, આ ઘર જે બનતા હોય છે એ મોટા ભાગના એસ.સી., એસ.ટી., ઓ.બી.સી. સમાજના બનતા હોય છે. પ્રધાનમંત્રી બનાવે કે મુખ્યમંત્રી બનાવે અંતે તો આ દબાયેલા, કચડાયેલા વર્ગોના ઘર બનતા હોય છે. આ બધું જો ગણવા બેસીએ, મેં આંકડો નથી માર્યો પણ જો અલગ અલગ દરેકને વર્ટીકલ્સમાં બજેટને ચીરી અને કેટલા લોકોને લાભ મળ્યો એ જોશો તો ૬૦થી ૭૦ ટકા બજેટ ઓ.બી.સી., એસ. સી. અને એસ.ટી. માટે વપરાય છે એ હું સાબિત કરી શકું તેમ છું. એમાં બધા જ વિભાગોની ગણતરી આપણે કરી શકીએ, આયુષ્યમાન ભારત તો એ યોજના કોના માટે? ગરીબો માટે જ છે અને ગરીબો વધુ ક્યા વર્ગમાંથી છે? જેની ચિંતા આપણે કરીએ છીએ ત્યાંથી છે. તો આયુષ્યમાન ભારતની વાત કરીએ. નિઃશુલ્ક અન્ન યોજના કોના માટે છે? તો એ ગરીબો માટે, શ્રમ કાર્ડ, રૂપિયા ૧૦ હજારની લોન, ૨૦ હજારની લોન અને એ ભરાય તો પાછી રૂપિયા ૫૦ હજારની લોન એ વર્ગ કયો? તો એ પણ ગરીબ વર્ગ.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૭મી તારીખથી કઇ યોજના? વિશ્વકર્મા યોજના, સાહેબ, રૂપિયા ૩ લાખ સુધીની લોન આ જે વિશ્વકર્માઓ છે, જે કારીગર વર્ગ છે એના માટે લોન આપવાની વ્યવસ્થા આદરણીય પ્રધાનમંત્રીશ્રી મોદી સાહેબ કરી રહ્યા છે એ બજેટનો હિસ્સો ગણાય જ. ઝવેરી પંચનો અહેવાલ તમે મેચ કરવા માગો છો કે નહીં? વારંવાર બધાની લાગણી છે અને પૂછી રહ્યા છે પરંતુ મેં પહેલા કહ્યું તેમ બે ભાગમાં ભલામણ છે અને સૂચનો પણ છે. એટલે હાલ પૂરતી ચૂંટણીઓની વ્યવસ્થા લોકશાહીમાં ઉમેદવારો મળી રહે એની આપણે ચિંતા કરીને ક્રક્સ મૂકી અને ચૂંટણીઓ ઝડપથી થઇ જાય એની ચિંતા કરી રહયા છીએ. દળદાર અહેવાલ છે એટલે વખતો વખત સરકાર એનો પણ વિષદ અભ્યાસ કરી આગામી સમયમાં પગલાં લેશે.

માનનીય અધ્યક્ષશ્રી, સમય કેમ લાગ્યો? સાહેબ, આટલી મોટી ભલામણો, આટલું મોટું રાજય, દરેક વર્ગના લોકોને મળવાનું હોય, મળીને એનો અહેવાલ તૈયાર કરવાનો હોય, અહેવાલ સરકાર સુધી આવે પછી એના વિભાગો પાસે એનો અભ્યાસ પણ કરવો પડેકમિટી પાસે આવે અને ખૂબ ઝડપથી ભૂતકાળમાં જેટલાં વર્ષો લાગ્યા એવાં કોઇ પણ અહેવાલમાં નથી

લાગ્યા, એટલે સ્વભાવિક અમે એટલા માટે ટેબલ નથી કર્યો કે હાલ પૂરતો આ અહેવાલનો કેટલોક પાર્ટ ઝડપથી લોકશાહીમાં પ્રતિનિધિઓ મળી રહે એ માટે બિલ અમે આજે લાવ્યા છીએ. હકીકતમાં ડિલે તો કાકા કાલેલકર અને મંડિલકર અને બધી આપણે વાત નથી કરવી પણ મૂળ વિષય ડિલે કરવાનો હતો એ કારણ છે. *(xxx) એક જગ્યાએ નહીં ઘણી જગ્યાએ સામાન્યમાં ઓ.બી.સી.પણ આપ્યા છે. એવું નથી કે કેવળ સામાન્યમાં તો ઓ.બી.સી. પણ આવી શકે, એસ.સી.પણ આવી શકે અને એસ.ટી.પણ આવી શકે એવો કોઇ ભેદભાવ નથી. આ તો અનામત સંબંધિત વાત હોય અને નવા રાજકીય વિષયો ઊભા કરવાનો જ આ એક વિષય હતો. ૨૭ ટકાની રજૂઆત કર્યા પછી આદરણીય શ્રી અમીતભાઇ મારી પાસે જે માહિતી છે આપ મળ્યા નથી, આપે કહ્યું કે અમને સભ્યોને આવું કહ્યું કે અમે શું કરીએ. અહેવાલ તો અમારી પાસે પડ્યો જ છે, સરકાર મંગાવતી નથી, ક્યારે આપવો. તમે મળ્યા એ છેલ્લી મિટિંગ મળી. મેં થોડી ખાતરી કરી છે તેના પછી સમર્પિત આયોગને..

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, *(xxx) જે વાત કરી છે એ અત્યારે વિધાનસભા ગૃહમાં હાજર નથી. આ અગાઉ પણ તેમના માટે જે ઉલ્લેખ કર્યો હોય તે અને આપે જે ઉલ્લેખ કર્યો છે તે બન્નેને હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, *(xxx) જે ઉલ્લેખ કર્યો એમણે મીડિયા સમક્ષ તેમની બાઇટમાં આપ્યું છે, રેકર્ડ ઉપર છે અને મેં એમ જ કહ્યું છે કે એમણે આ મીડિયા બાઇટમાં કહ્યું છે, રેકર્ડમાં છે અને મેં કોઇ આક્ષેપ કર્યો નથી આ રેકોર્ડ આધારિત વાત છે તેને કોટ કરી છે.

અધ્યક્ષશ્રી : આપણે તેમના સદગુણ માટે અથવા તો પોઝિટિવ બાબત હોય એ ટાઇપનું હોત તો આપ વાત કરી શકત, પરંતુ હું બંને રેકર્ડને, બંને બાબતોને અહીંયાથી રેકર્ડ ઉપરથી દૂર કરું છું. તેઓ આ ગૃહમાં હાજર નથી નહીંતર એ તમને જવાબ આપી શકત એટલા માટે એ જૂનો રેકર્ડ અને અત્યારનો બન્નેને હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી અમીતભાઇએ એવું પણ કહ્યું ઝવેરી કમિશનને ઘર જ ના આપ્યું, ઓફિસ જ ના આપી, ક્યાં બેસે, ખોલીમાં આ વાત સત્યથી વેગળી છે. ઓ.બી.સી. કમિશનની ઓફિસ સરકારે નવા સચિવાલયમાં બેઠક વ્યવસ્થા બ્લોક નંબર: ૨ અને ૫માં માળે બેસાડી અને બધી જ વ્યવસ્થા સ્ટાફ સહિતની કરેલી છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપ મારી સામે જોઇને જ બોલો એટલે માથાકૂટ ત્યાં નહીં રહે અને તમે બેઠાં બેઠાં કોમેન્ટ કરશો નહીં.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપની સામે જોઇને જ વાત કરું છું અને વાયા આપના ત્યાં મેસેજ પહોંચાડું છું.

અધ્યક્ષશ્રી : હા, એ બધું તમે કરો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એટલે શરૂઆતમાં થોડા સમય માટે હતી પછી તો અદ્યતન વ્યવસ્થાઓ તેમના માટે કરી આપી હતી. ગાડી, સ્ટાફ, સેવકો એમને કોઇ પણ પ્રકારની તકલીફ ન પડે એવી તમામ વ્યવસ્થાઓ આપણે કરેલી હતી. પ્રપોશનેટ રિઝર્વેશનની વાત હતી. ત્યાં એસ.ટી. અને એસ.સી.ની વસતિ વધુ છે ત્યાં ઓ.બી.સી.ના ૧૦ ટકાની મેં વાત કરી અને બિલ આપણે તે રીતે ઘડ્યું છે. એક બીક જે બતાવી. શ્રી અમીતભાઇ બોલ્યા કે આ કોર્ટમાં જશે, આ જશે ત્યારે મને ચિંતા એવી છે કે અત્યારે તો ૨૭ ટકા આપણે ભેટ ધરવા જઇ રહ્યા છીએ, આપવા જઇ રહ્યા છીએ અને તે પહેલાં જ ક્યાંક નાના મોટા, ડાયરેક્ટ, ઇન-ડાયરેક્ટ આને રોકવાનો પ્રયાસ તો નહીં થાય ને! એવી શંકા મારા મનમાં છે જ. આજે જે બિલ પસાર થયું છે ક્યાંક કોઇ અને કોઇ તેને કોર્ટમાં ધકેલી અને રોકવાનો પ્રયાસ થાય એવી મારા મનમાં શંકા અત્યારે ઉદભવી છે. હું માનું છું કે આવુ કશું જ ના થાય અને ખોટી ખોટી કોર્ટ મેટરો કરે નહીં કે કોઇ પાસે કરાવે નહીં, એવી પણ આશા વ્યકત કરું છું. સાથે આદરણીય શ્રી અર્જુનભાઇ તો ખૂબ વડીલ અને એમની પાસેથી ઘણું એમને જોઇ જોઇને હું શીખ્યો છું. વિધાનસભાની અંદર તેમના પ્રવચનો, એમનો અભ્યાસ ઉંડાણપૂર્વકના તેમનાં તારણો આ બધુ જોઇને શીખ્યો છું,

પણ માનનીય અધ્યક્ષશ્રી, એમણે કહ્યું કે પંચજન્ય ઓર્ગેનાઇઝર છે એમાં આવું છપાયું છે. મેં ખાતરી કરી છે. તમે આ સોશિયલ મિડિયા ઉપરથી કાઢ્યું હોય તો એ ખોટું છે. સાહેબને રજૂ કરજો. સાચું હોય તો બરાબર છે પણ એવું છપાયું નથી. તા.૨૫ નવેમ્બર, ૧૯૪૯માં બંધારણ સ્વીકારતાં પહેલાં છેલ્લું ભાષણ ડો. આંબેડકરજીનું હતું. એ વખતે વિરોધ કોણે કર્યો હતો? સામ્યવાદીઓ અને સમાજવાદીઓએ કર્યો હતો અને કૉંગ્રેસને એ ગમ્યું નહોતું. હું શ્રી અર્જુનભાઇને વિનંતી કરું છું કે એ આપની સમક્ષ મૂકે. એમાં અત્યારે કાંઇ વિવાદ કરતો નથી. શ્રી જીજ્ઞેશભાઇએ કહ્યું કે નામદાર સુપ્રીમકોર્ટના ચુકાદા અન્વયે વટહુકમ લાવવાની બાબતે જણાવવાનું કે ચુકાદામાં સમર્પિત આયોગની રચના કરી તેનો અહેવાલ મેળવવા અને ત્યારબાદ જ અનામત નક્કી કરવાનો નિર્દેશ છે. આથી તાત્કાલિક વટહુકમનો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. શ્રી જીજ્ઞેશભાઇ, સંઘની સ્થાપના જ સમરસતાથી થઇ છે. આપણે સમાજને જોડવાની જ વાતો કરીએ. સંઘે હંમેશા દલિત, શોષિત અને વંચિતોના હિત માટે કામ કર્યું છે. તા.૨૫/૧૧/૧૯૪૯ના રોજ બંધારણ ભારતીય સંસદને સોંપાયું તેના પહેલાંની છેલ્લી સ્પીચમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરજીએ કહ્યું હતું કે,'' ભારતીય સંવિધાનને માનતા નથી તે બે પ્રકારના લોકો છે. સમાજવાદી અને બીજા માર્ક્સવાદી

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

બંનેએ સંવિધાનનો વિરોધ કર્યો છે. કૉંગ્રેસે જ આંબેડકરજીનો વિરોધ કર્યો હતો. વર્ષ ૧૯૫૧માં લોકસભા ઉપર હરાવવાનું કામ કોણે કર્યું હતું? કૉંગ્રેસે કર્યું હતું. ભંડારા મહારાષ્ટ્રની પેટાચૂંટણીમાં લોકસભામાં કોણે હરાવ્યા? કૉંગ્રેસે હરાવ્યા. કોઇ પણ માણસને હરાવવા માટે કોઇ પ્રયત્ન કરે એ એને નથી ગમતો. એવું પ્રાથમિક દ્રષ્ટિએ આપણે ગણી શકીએ. એ કામ કૉંગ્રેસે કર્યું હતું. પદ્મશ્રી રમેશભાઇ પતંગે લખેલ પુસ્તક 'હું, મનુ અને સંઘ' માં સંઘના પછાતવર્ગના ઉત્થાન અને સામાજિક સમરસતા માટે કરેલ કામોનો ઉલ્લેખ છે. સંઘનું સાહિત્ય પ્રચાર છપાયું છે એમાં સતત સમરસતાની વાત છે. જરૂર હશે તો સંઘનું સાહિત્ય હું શ્રી જીગ્નેશભાઇને આપીશ. તમે આયોગ પાસે જે ૨૭ ટકાની માગણી કરી છે એ મારી દ્રષ્ટિએ તો ગુજરાતના ઓ.બી.સી. સમાજના હિત માટે સ્વીકારવી જોઇએ નહિ તો મેં કહ્યું એમ કે જો આજે ન સ્વીકારો તો ક્યાંકને ક્યાંક એને અટકાવવાનો પ્રયત્ન થશે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, અમે અમારા પ્રવચન દરમિયાન પણ માગણી કરી હતી. એમની સ્પીચ પહેલાં પણ કહ્યું હતું અને હજી એમના જવાબમાં પણ એમણે બધી રાજકીય અવલોકનની ઘણી બધી વાતો કરી પણ અમારી જે લાગણી હતી એ ઝવેરી કમિશનનો રિપોર્ટ તો મેજ ના કર્યો પણ શું ભલામણ છે એ પણ તમે શબ્દશઃ કહેવા તૈયાર નથી. સુપ્રીમકોર્ટના આદેશો મુજબ યુનિટ આધારિત વસતી ગણતરી કરીને રિઝર્વેશન આપવાનું છે કે કેમ એની પણ સ્પષ્ટતા કરવા તમે તૈયાર નથી. તમારો એજન્ડા ફક્ત બહુમતીના જોરે બિલ પાસ કરવાનો છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું ભલામણ અને સૂચનો (શ્રી અમીતભાઇ ચાવડા વચ્ચે બોલતાં) મને સાંભળી લો. એનો વિશદ અભ્યાસ ચાલી રહ્યો છે. એની ભલામણો અને ક્યાંક સૂચન પણ બાકી રહી ગયું હોય. (શ્રી અમીતભાઇ ચાવડા વચ્ચે બોલતાં) મને સાંભળો તો ખરા. ૨૭ ટકા અનામત એટલે રાજ્યની તમામ ગ્રામ પંચાયતોની જેટલી સીટો છે એમાં ૨૭ ટકાનો અમલ થશે. પેસામાં રહી જતું હતું તો ૬૧ તાલુકાઓનો અમલ, નગરપાલિકા, મહાનગરપાલિકા, જિલ્લા પંચાયતમાં ૨૭ ટકાનો અમલ થાય છે. કુલ સીટમાંથી ૨૭ ટકા આપી દઇએ તો તેને શું કહેવાય? વસ્તીના રાજ્યના પરિપ્રેક્ષ્યમાં ભલે યુનિટની વાત કરતા હોય, ભલામણ પણ હશે, I do will પણ અત્યારે જેની જરૂર છે તેના માટેનો આ કાયદો લાવ્યા છીએ. મારી વિનંતી છે કે સાથે મળશો તો રૂડા દેખાશો, રૂપાળા દેખાશો અને વિરોધ કરશો તો આ ઓ.બી.સી. સમાજ છોડશે નહિ. આ ચૂંટણીઓ તેના પછી આવવાની જ છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રીએ જવાબ આપી દીધો છે. (સતત અંતરાય) આપ, પોતાનું સ્થાન ગ્રહણ કરો. એક મિનિટ, માનનીય અર્જુનભાઇ, આપ બેસો. માનનીય સભ્યશ્રીઓ એક મિનિટ માટે બેસો, હું વાત કરું છું.

આપે જે વાત કરી કે અમારી આટલી અપેક્ષા છે તે પછી પણ માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે એટલે હવે મંત્રીશ્રીના જવાબ ઉપર વધારાનું કશું કહેવાનું ન થાય. હવે મારે વિધેયક મતદાન ઉપર મૂકવાનું થશે. મને લાગે છે કે આપણે બધા શાંતિથી આ બિલને પાસ કરીએ.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મારી વાત એટલી જ છે કે ૨૭ ટકા આપીને માનનીય મંત્રીશ્રી ખૂબ મોટો ઉપકાર કરતા હોય, દયા કરતા હોય તેવી વાત કરે છે પણ ઝવેરી કમિશનની સ્પષ્ટ ભલામણ છે કે તેને વસ્તીના ધોરણે આપવી...

અધ્યક્ષશ્રી : હવે હું મત ઉપર મૂકીશ.

**(આ તબક્કે સભાગૃહમાં હાજર કૉંગ્રેસ પક્ષના તમામ સભ્યો સૂત્રોચ્ચાર સાથે સભાત્યાગ કરી ગયા.)**

**(ત્યારબાદ સભાગૃહમાં હાજર રહેલા આપ પાર્ટીના તમામ સભ્યો સભાત્યાગ કરી ગયા.)**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક-૨૩-સન ૨૦૨૩ના ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨થી ૯, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક-૨૩-સન ૨૦૨૩ના ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક-૨૩-સન ૨૦૨૩ના ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**વિધેયકો (સરકારી)**

**સને ૨૦૨૩નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૨૧**

બાળ વિશ્વવિદ્યાલય (સુધારા) વિધેયક, ૨૦૨૩

**બાળ વિશ્વવિદ્યાલય અધિનિયમ, ૨૦૦૯ વધુ સુધારવા બાબત વિધેયક**

ભાદ્રપદ ૨૪, ૧૯૪૫ શાકે

બાળ વિશ્વવિદ્યાલય (સુધારા) વિધેયક, ૨૦૨૩

શ્રી પ્રફુલભાઇ પાનશેરીયા(રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક-૨૧-સન ૨૦૨૩ના બાળ વિશ્વ વિદ્યાલય અધિનિયમ, ૨૦૦૯ વધુ સુધારવા બાબત વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : **વિધેયક દાખલ કરવામાં આવે છે.**

શ્રી પ્રફુલભાઇ પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક-૨૧-સન ૨૦૨૩ના બાળ વિશ્વ વિદ્યાલય અધિનિયમ, ૨૦૦૯ વધુ સુધારવા બાબત વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી પ્રફુલભાઇ પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, ચિલ્ડ્રન યુનિવર્સિટીનો ઉદ્દેશ આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબ જ્યારે મુખ્યમંત્રી હતા ત્યારે બાળમાનસ વયથી બાળકનું શ્રેષ્ઠ ઘડતર થાય અને તે ભારતનો આદર્શ નાગરિક બને એ હેતુથી ચિલ્ડ્રન યુનિવર્સિટીની સ્થાપના થઇ અને બાળ સંશોધનથી લઇને તેના ઉછેરમાં સંસ્કારભર્યા વાતાવરણથી ભારતના નાગરિક ઘડતર માટેનો એક શ્રેષ્ઠ વિચાર મૂકીને આ યુનિવર્સિટીની સ્થાપના કરી. આ યુનિવર્સિટી અભ્યાસ માટે કે કોર્સીસ ચલાવવા માટે નહીં, પણ આ એક રીસર્ચ સેન્ટર યુનિવર્સિટી હોવું જોઇએ ત્યારે આ ચિલ્ડ્રન્સ રીસર્ચ યુનિવર્સિટી રહે તેવા કારણ સાથે આ સંશોધન અત્યંત જરૂરી છે. મૂળ અધિનિયમમાં સેક્શન-૧માં સબ સેક્શન (૧), સેકશન-૨ના ક્લોઝ ઓન, સેક્શન-૩ના સબ સેક્શન (૧) અને સબ સેક્શન (૨), સેક્શન (૬)ના સબ સેક્શન (૧૭)માં ચિલ્ડ્રન યુનિવર્સિટીની જગ્યાએ ચિલ્ડ્રન્સ રીસર્ચ યુનિવર્સિટી શબ્દ ઉમેરવામાં આવે છે. આ ઉપરાંત મૂળ અધિનિયમમાં સેકશન-૬માં યુનિવર્સિટીની સત્તાઓ અને ફરજો અંગેની જોગવાઇ કરવામાં આવેલ છે. તેના સબ સેકશન-૫ દ્વારા હાલની શાળાઓ અને સંશોધન સંસ્થાઓ સાથે ભાગીદારી કરવા અંગેની સ્પષ્ટતા પણ એમેન્ડમેન્ટ દ્વારા ઉમેરવામાં આવેલ છે. યુનિવર્સિટીના મૂળભૂત તમામ સંશોધનોના ધ્યેય હાંસલ કરવા અને સંશોધન પ્રવૃત્તિને વેગ આપવા માટે યુનિવર્સિટીનું એક્ટમાં આપેલ તમામ જોગવાઇ અનુસાર તદ્દન જરૂરી અને યોગ્ય છે. આ એમેન્ડમેન્ટ દ્વારા યુનિવર્સિટી, ભારતને વૈશ્વિક નામની વિદ્યાપીઠ બનાવે તેમાં બહુવિધ કૌશલ્યો, વિજ્ઞાન અને ટેકનોલોજીથી બાળકને સજ્જ કરવા માટે રાષ્ટ્રનું નવ-નિમાર્ણ કરવામાં એક આદર્શ ઉદાહરણ તરીકે ઉભરી આવશે. જેથી આ એમેન્ડમેન્ટ સમર્થન આપવા માટે હું સભ્યશ્રીઓને અપીલ કરું છું.

ડો. દર્શિતાબેન પા. શાહ(રાજકોટ -પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી,આજની આ ઐતિહાસિક ઇ-વિધાનસભામાં બાળ વિશ્વવિદ્યાલય સુધારા વિધેયક એટલે કે બાળ સંશોધન વિશ્વ વિદ્યાલય વિશે મારા વિચારો વ્યકત કરવાનો મને અવસર આપ્યો એ બદલ આપનો આભાર માનું છું અને આ ઐતિહાસિક ઇ-વિધાનસભામાં ડિજિટલાઇઝેશનનો અમને સૌને મોકો આપ્યો અને અમને શિક્ષિત કર્યા એ બદલ પણ હું આપનો ખૂબ- ખૂબ આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સત્યમ, ઋતમ, ઋહમ એવરી ચાઇલ્ડ મેટર્સ. આપણે અત્યાર સુધીમાં સાંભળ્યું હશે કે બાળકો માટે ઘોડિયાઘર હોય, બાળકો માટે બાલમંદિર હોય, બાળકો માટે પ્લે હાઉસ હોય, નર્સરી હોય, પરંતુ બાળકો માટે આટલું મોટું વિશ્વવિદ્યાલય હોય એવું આપણે કયારેય સાંભળ્યું નથી. પરંતુ આ હકીકત છે. આ વાસ્તવિકતા છે. એના માટે થઇને આનો સંપૂર્ણ યશ જો કોઇને જતો હોય તો એ આપણા યશસ્વી વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને જાય છે. તારીખ ૩૧મી જુલાઇ ૨૦૦૯ના રોજ સમગ્ર વિશ્વમાં એકમાત્ર આવી ચિલ્ડ્રન યુનિવર્સિટીની સ્થાપના આપણા ગરવી ગુજરાતમાં કરવામાં આવી. આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનો મુખ્યમંત્ર હતો કે, પ્રત્યેક બાળક મહત્ત્વનું છે. તેજસ્વી બાળક તેજસ્વી ભારત. શ્રેષ્ઠ બાળક શ્રેષ્ઠ ભારત અને એટલા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ હંમેશા કહેતા હતા કે, બાળકનો ઉછેર હંમેશા હૂંફ અને એની સંભાળ એવી રીતે થવી જોઇએ કે, જેથી એનો શારીરિક, માનસિક, આધ્યાત્મિક અને ભાવનાત્મક વિકાસ થઇ શકે. તો જ એ બાળક એક સક્ષમ નાગરિક અને આવતીકાલના ભારતનું શ્રેષ્ઠ ભવિષ્ય બની શકે. એના માટે થઇને આ ચિલ્ડ્રન યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી. આપણી શિક્ષણ વ્યવસ્થામાં કયારેક આપણને એવું લાગતું હોય કે આપણે માત્ર ડાળીઓને જ પાણી પાઇએ છીએ પણ મૂળને પાણી અને પોષણ આપતા નથી. આ યુનિવર્સિટીનો મુખ્ય ઉદ્દેશ એ છે કે મૂળને પાણી પાવવું અને એને પોષણ આપવું. એના માટે થઇને આ યુનિવર્સિટીની રચના કરવામાં આવી છે. આ યુનિવર્સિટી માતાના ગર્ભમાં રહેલા બાળકથી ચાલુ કરીને એ બાળક ૧૮ વર્ષનો થાય ત્યાં સુધી એનો સર્વાંગી વિકાસ થાય એ માટે શિક્ષણ, પ્ર-શિક્ષણ અને સંશોધન લેવલે અલગ-અલગ કામ કરે છે અને એટલા માટે થઇને આ વિધેયકમાં બાળ સંશોધન વિશ્વવિદ્યાલય નામ આપવું ખૂબ જ જરુરી છે. આ યુનિવર્સટી ૫ તબક્કામાં કામ કરે છેઃ સંશોધન, શિક્ષણ, પ્ર-શિક્ષણ, વિસ્તરણ અને ટોય ઇનોવેશન અને એટલા માટે જ આ વિધેયક અત્યંત જરૂરી છે. આપણે જાણીએ છીએ કે બાળક એ ઇશ્વરે આપેલી દરેક મા-બાપ માટે સર્વોત્તમ ભેટ છે. આ યુનિવર્સિટી ૫ અલગ-અલગ કાર્યક્ષેત્રમાં કામ કરે છે. તપોવન કેન્દ્રના માધ્યમથી જયારે માતાના ગર્ભમાં બાળક હોય છે ત્યારથી ગર્ભ સંસ્કાર આપીને એ બાળકને વધુને વધુ સારા સંસ્કારો આપી શકાય. સારું શિક્ષણ આપી શકાય. સગર્ભા માતાને સારા વાંચન, વ્યાયામ અને એનું શિક્ષણ, પ્ર-શિક્ષણ અને માર્ગદર્શન આપે છે. બીજું કે શિશુ પરામર્શ કેન્દ્રના માધ્યમથી બાળક જન્મે ત્યાં સુધી અને બાળક ત્રણ વર્ષનું થાય ત્યાં સુધી

* વિધેયક તા. ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૨૩ના ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

બાળ ઉછેર, બાળ મનોવિજ્ઞાન અને બાળ વિકાસને લગતા શિક્ષણ અને સંશોધન થાય છે. એટલા માટે આ વિધેયકમાં બાળ સંશોધન વિશ્વવિદ્યાલય નામ લાવવું ખૂબ જરૂરી છે. ત્રીજું, આ યુનિવર્સિટીમાં અલગ અલગ જાતના પ્રકાશન આ યુનિવર્સિટીના માધ્યમથી પબ્લિશ થાય છે. જેમાં બાળ સાહિત્ય, બાળ વાર્તાઓ, બાળ સામયિક. એટલું જ નહીં પણ સગર્ભા માતાઓ અને માતાપિતા માટે શિક્ષકો માટે, કેળવણીકાર અને સંસ્થા અને સમાજ માટે પણ આ યુનિવર્સિટીમાં તમામ જાતનું સાહિત્ય ઉપલબ્ધ છે. એટલું જ નહીં. ગત દિવસોમાં આ યુનિવર્સિટીમાં ૨૫ જેટલા સંશોધન પ્રકલ્પ તૈયાર કરવામાં આવી રહ્યા છે અને ૭૫ જેટલા ઉપકરણો તૈયાર કરવામાં આવી રહ્યાં છે કે જેના માધ્યમથી આવનારા દિવસોમાં આ બાળક ભવિષ્યના પડકારો સામે સક્ષમ રીતે અને સમર્થ રીતે આગળ વધી શકે. એટલા માટે જ આ વિધેયક અત્યંત જરૂરી છે. આ યુનિવર્સિટીમાં વિદ્યાનિકેતન જેવી પણ સુવિધા ઉપલબ્ધ છે. જેમાં બાળક ૩ વર્ષથી ૧૮ વર્ષનું થાય ત્યાં સુધી શિક્ષણ, પ્રશિક્ષણ અને સંશોધન વિશે બાળ વિકાસને લગતું તમામ સાહિત્ય, તમામ માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે. તેમાં ડિગ્રી, ડિપ્લોમા કોર્સ, પી.એચ.ડી. કોર્સ વગેરે અલગ અલગ કોર્સ કરવામાં આવે છે. એટલા માટે જ આપણે આ વિધેયક લાવ્યા છીએ કે જેમાં વધુને વધુ સંશોધન આ યુનિવર્સિટીમાં થઇ શકે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણી નવી રાષ્ટ્રીય નીતિ અનુસાર આ વ્યવસ્થામાં આ યુનિવર્સિટીમાં એક શિક્ષણ કીટ અલગથી તૈયાર કરવામાં આવી છે. જેમાં ગર્ભ સંસ્કાર, શિશુ ઉછેર, શિશુ વાટિકા. આ ત્રણેયનો સમન્વય કરીને બાળકોના શિક્ષણ માટે કીટ આખી તૈયાર કરવામાં આવી છે. એટલા માટે જ હું આપના માધ્યમથી કહેવા માગું છું કે આ જે વિધેયક લાવ્યા છે એ વિધેયક ખૂબ જ જરૂરી છે અને ખૂબ જ અગત્યનું છે. આપણે સૌ જાણીએ છીએ કે બાળક એ ઇશ્વરની ભેટ છે. તેને સૌથી વધુ લગાવ તેના રમકડાં માટે હોય છે. આ યુનિવર્સિટીમાં ટોય ઇનોવેશન સેન્ટર પણ રાખેલું છે કે જેમાં રમકડાના ઉત્પાદન બાબતે ભારત વધુને વધુ કેમ સ્વનિર્ભર બને, વધુને વધુ સારા રમકડાઓના માધ્યમથી બાળકની બુદ્ધિમત્તાનો અને કૌશલ્યનો કેવી રીતે  વિકાસ થાય એના માટે અલગ અલગ સંશોધનો થઇ રહ્યા છે. ટોય લાઇબ્રેરી, ટોય બસ અને ટોય ટેસ્ટિંગ લેબ જેવી સુવિધા પણ આ યુનિવર્સિટીમાં ઉપલબ્ધ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજનો વિદ્યાર્થી ગોખણપટ્ટીમાંથી બહાર આવે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને ચેટ જી.પી.ટી. ના જમાનામાં આ વિદ્યાર્થીમાં રહેલી એની સર્જનાત્મક શક્તિ બહાર આવે. એનો વિકાસ વધારે થાય એ માટે થઇને માત્ર બાળક માટે જ નહીં, પરંતુ સંતાનવાંચ્છુક દંપત્તિઓ માટે, ગર્ભ ધારિત માતાઓ માટે, ધાત્રી માતાઓ માટે આંગણવાડીના કાર્યકર બહેનો માટે, દરેક શિક્ષકો માટે, દરેક સંસ્થાઓ માટે. આમ તમામ માટે આ યુનિવર્સિટી એ શિક્ષણ, પ્રશિક્ષણ અને વિવિધ સંશોધનો કરી રહી છે. આલ્બર્ટ આઇન્સ્ટાઇને જે રીતે કીધું છે એ રીતે Education is not the learning things, but it is the training of mind too. અને એટલા માટે આજનું બાળક આ દુનિયાના પડકારો ઝીલવા માટે સક્ષમ થાય, ગ્લોબલાઇઝેશન અને ડિજિટલાઇઝેશનના જમાનામાં એ કદમથી કદમ મીલાવીને ચાલે. સંશોધન વૃત્તિનો વિકાસ થાય. સંશોધનને વધુને વધુ વેગ મળે, એટલા માટે થઇને આ વિદ્યાલયનું નામ બાળ સંશોધન વિદ્યાલય થાય તે અત્યંત જરૂરી છે અને યોગ્ય છે.

અંતમાં માનનીય અધ્યક્ષશ્રી, એટલું જ કહીશ કે હે કુદરત, તેમનું બાળપણ નિશાળના ઓરડામાં પૂરું ન થઇ જાય. હે કુદરત, એક ખૂણામાં બેસીને તેમને ક-ખ-ગ ગોખવું ન પડે. એ માટે હે મહાન પ્રકૃતિ, તમારા અદ્વૈત સ્વરૂપો અને તમારા રહસ્યો, આવા બાળકની સામે ખોલી દયો.

માનનીય અધ્યક્ષશ્રી, આવતીકાલે ગૃહનો છેલ્લો દિવસ છે ત્યારે આપના માધ્યમથી આપને, તમામ મંત્રીશ્રીઓને, અહીં ઉપસ્થિત સર્વે માનનીય સભ્યશ્રીઓને, અધિકારીઓને, પ્રેસ મીડિયાના મિત્રોને અને તમામ વિધાનસભાના સભ્યોને હું અમારા જૈન પર્યુષણ ચાલી રહ્યા છે એ નિમિત્તે ખમાવું છું. તમામને મિચ્છામી દુક્કડમ કહું છું અને સરકાર દ્વારા ગૃહમાં મૂકાયેલા આ સુધારા વિધેયકને સંપૂર્ણ ઉચિત સમજીને મારું સમર્થન જાહેર કરું છું. સન્માનનીય ગૃહને પણ આ વિધેયકને સમર્થન આપવા માટે વિનંતી કરું છું. આભાર. વંદે માતરમ્.

<u>અધ્યક્ષશ્રી</u> : આ વિધાનસભા ગૃહ વતી જૈન સંપ્રદાયમાં માનતા તમામને પર્યુષણ પર્વ નિમિત્તે ' મિચ્છામિ દુક્કડમ્'

શ્રી પ્રફુલભાઇ પાનશેરીયા(રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રીશ્રી):માનનીય અધ્યક્ષશ્રી, આમ તો ગૃહનો સમય ખૂબ થયો છે તેથી સુધારા વિધેયકમાં બહુ લાંબું ન બોલતા થોડી વાત મારે કહેવાની રહી. એક તો આજે સરસ મજાની ટેક્નોલોજીથી સ્ટેન્ડ દ્વારા આઇપેડ ઉભું રહે છે અને સભ્યશ્રી જગદીશભાઇ પંચાલના આઇડીયાથી બન્યું છે એટલે પહેલાં તેમને અભિનંદન પાઠવું છું. ચિલ્ડ્રન યુનિવર્સિટીના ઉદ્દેશમાંથી નિહિત થતા કેટલાક કાર્યો. યુનિવર્સિટી કાર્યરત તપોવન કેન્દ્ર, આજ સુધી હજારો મહિલાઓએ શ્રેષ્ઠ સંતાન પ્રાપ્ત કરવા માટેનું માર્ગદર્શન મેળવ્યું છે. પી.એચડી. કક્ષાના તથા બાળ વિકાસને લગતા પોસ્ટ ગ્રેજ્યુએટ અને ડિપ્લોમા કક્ષાના અભ્યાસક્રમ કાર્યરત છે. આ યુનિવર્સિટી દ્વારા બાળકના સર્વાંગી વિકાસ માટે નીચે મુજબના પાંચ કોર્સ ગૃહ સમક્ષ મૂકી રહ્યો છું કે વિકાસ માટે માનવતાના અભિગમ સાથે બાળકનો ઉછેર થાય અને બાળક જ્યારે યુવાન બને ત્યારે તેનું શ્રેષ્ઠ ઘડતર થાય તેમાં પાંચ કોશ આધારિત બાળ વિકાસ યુનિવર્સિટી કાર્યરત છે. જેનું મૂળ હાર્દ કહેવાય. અન્નમય કોશ. શરીર વૃદ્ધિ, વિકાસ, બળ વૃદ્ધિ, લચીલાપણું, નિરામયતા અને તિતિક્ષા, સહિષ્ણુતા જેને આપણે કહીએ છીએ. દુઃખ, સુખ સહન કરી શકે અને આવનારા સમયમાં પડકાર ઝીલી શકે. પ્રાણમય કોશ. જીવન શક્તિ, પ્રાણશક્તિ, શરીર-મન

સંતુલન, આવેગ, સમય નિયંત્રણ અને ચેતાતંત્રની સક્રિયતાનું જ્ઞાન આપવામાં આવે છે. મનોમય કોશ. એકાગ્રતા, શાંતિ, અનાસક્તવૃત્તિ જે ભગવાને ગીતામાં કહ્યું છે, આસક્તિ અને અનાસક્તિવૃત્તિ. નિશ્ચયાત્મક સદ્‌ગુણ, સદાચાર. જે શિક્ષકોએ ત્યાં યુનિવર્સિટીના કોર્સીસમાંથી આ સ્ટડી કર્યો તેમાં અવલોકન કરીને આગળ વધી રહ્યા છે. વિજ્ઞાનમય કોશ. ગ્રહણશક્તિ, ધારણ શક્તિ, સ્મૃતિ શક્તિ, કલ્પના શક્તિ, નિરીક્ષણ શક્તિ, વિશ્લેષણ શક્તિ અને તર્ક શક્તિ. પાંચમો કોશ છે આનંદમય કોશ. ચિત્ત શુદ્ધિ, આત્મસાક્ષરતા, પ્રેમ, સૌંદર્ય, આનંદની અનુભૂતિ, સર્જનશીલતા, ત્યાગ, સેવાભાવના આ બધું પાંચ કોશોની અંદર આવી જાય છે માટે આ યુનિવર્સિટી કોઇ કોર્સીસ શરૂ કરીને બી.એ., બી.કોમ. વગેરે સ્ટડી કરાવે એ માટે નહીં પરંતુ તેનું નામ સુધારવા માટે એટલે જરૂર પડી કે રીસર્ચ સેન્ટર બને અને આખા ભારતમાં આ યુનિવર્સિટી પ્રેરણારૂપ બને. ભવિષ્યમાં રાજ્યની આંગણવાડીના શિક્ષણની ગુણવત્તા માટે અહીંથી મદદ મળવાની છે.

માનનીય અધ્યક્ષશ્રી, યુનિવર્સિટી બાળવિકાસ માટે ગર્ભ સંસ્કારથી માંડીને પંચકોષીય સંશોધનાત્મક પ્રવૃત્તિને ધ્યાનમાં લઇને મારા સાથી મિત્રોના વક્તવ્યમાં તેઓશ્રીએ રજૂ કરેલા મંતવ્યો અનુસાર યુનિવર્સિટીની તેના બાળ વિકાસ માટેના સંશોધનની મૂળભૂત પ્રવૃત્તિને વેગ મળી રહે તે માટે યુનિવર્સિટીનું નવું નામ ચિલ્ડ્રન રીસર્ચ યુનિવર્સિટી રાખી તેને આનુષંગિક સુધારાઓ કરવા જરૂરી છે. એટલું જ કહીશ.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી પ્રફુલભાઇ પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક ૨૧-સન ૨૦૨૩નું બાળવિશ્વવિદ્યાલય (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨થી ૬, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી પ્રફુલભાઇ પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક ૨૧-સન ૨૦૨૩નું બાળવિશ્વવિદ્યાલય (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક-૨૧- સન ૨૦૨૩નું બાળ વિશ્વવિદ્યાલય (સુધારા) વિધેયકનું સર્વાનુમતે ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

અધ્યક્ષશ્રીનો નિર્ણય

અધ્યક્ષશ્રી : મારે એક જજમેન્ટ આપવાનું હતું. જયારે વિધાનસભાના અધ્યક્ષની ચેર ઉપર સભાપતિ શ્રીમતી સંગીતાબેન પાટીલ હતા અને એ વખતે માનનીય સભ્યશ્રી જીતુભાઇ વાઘાણીએ એક પોઇન્ટ ઓફ ઓર્ડર રજૂ કર્યો હતો એના અનુસંધાને મારે એક જજમેન્ટ આપવાનું હતું. પોઇન્ટ ઓફ ઓર્ડરનું જજમેન્ટ આ પ્રમાણે આપું છું. ગુજરાતના સ્થાનિક સત્તા મંડળ કાયદા સુધારા વિધેયક ઉપરની ચર્ચામાં ભાગ લેતા માનનીય સભ્યશ્રી જીજ્ઞેશભાઇ મેવાણીએ તેમના પક્ષના પૂર્વ વકતાશ્રી અર્જુનભાઇ મોઢવાડિયાના વકતવ્યમાં * (xxx) હવાલો ટાંકીને ઉલ્લેખ કર્યો હતો તે ઉલ્લેખને સમર્થન આપીને કેટલાક વધુ ઉલ્લેખો ***(xxx)** હવાલો આપીને કર્યો છે. આ બાબતમાં માનનીય સભ્યશ્રી જીતેન્દ્રભાઇ વાઘાણીએ સભ્યશ્રી અર્જુનભાઇના પ્રવચનના ઉલ્લેખો સામે પણ તત્સમયે વાંધો લીધો હતો અને તત્સમયે તે શબ્દો અધ્યક્ષચેર ઉપરથી રેકોર્ડ ઉપરથી દૂર કર્યા હતા, તેમ છતાં પણ સભ્યશ્રી મેવાણીએ તેમના પ્રવચનમાં ચર્ચાના વિષયને સુસંગત ના હોય એવા ***(xxx)** હવાલો ટાંકી અને કરેલા ઉલ્લેખોની હું ટીકા કરી અને ઉલ્લેખોને રેકોર્ડ ઉપરથી દૂર કરું છું.

**સભાગૃહનું કામકાજ રાત્રીના ૯-૧૪ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર**
**શનિવાર, તા. ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ સવારના ૧૦-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તા. ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૨૩

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

**ગુજરાત વિધાનસભા**

**શનિવાર, તા. ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૨૩**

**ભાદ્રપદ ૨૫, ૧૯૪૫ શાકે**

**સભાગૃહ સવારના ૧૦-૦૦ વાગ્યે મળ્યું.**

**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**

**સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

**ગુજરાતના વન્યજીવ અભ્યારણ્યોનો ઓડિટ અહેવાલ**

શ્રી ઋષિકેશ ગ. પટેલ (પ્રભારી મંત્રીશ્રી):માનનીય અધ્યક્ષશ્રી, હું ભારતના નિયંત્રક અને મહાલેખા પરીક્ષકનો ગુજરાતના વન્યજીવ અભ્યારણ્યોના રક્ષણ, સંરક્ષણ અને વ્યવસ્થાપનની કામગીરીનો ઓડિટ અહેવાલ (ગુજરાતી અને અંગ્રેજી) સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**સન ૨૦૨૦-૨૧નો ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

શ્રી મુળુભાઇ હ.બેરા (આયર)(પ્રવાસન મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડનો સન ૨૦૨૦-૨૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**સન ૨૦૨૧-૨૨નો ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ (રાજ્ય કક્ષાના વન મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**સન ૨૦૧૮-૧૯થી ૨૦૨૦-૨૧ સુધીના દિવ્યાંગ ફંડના વાર્ષિક હિસાબો**

શ્રીમતી ભાનુબેન બાબરિયા (સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય દિવ્યાંગ ફંડના સન ૨૦૧૮-૧૯થી ૨૦૨૦-૨૧ સુધીના વાર્ષિક હિસાબો તેમજ આ હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક હિસાબો તથા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**પોઇન્ટ ઓફ ક્લેરિફિકેશન**

**દિલગીરી વ્યક્ત કરવા અંગે**

શ્રી રમણલાલ ઇ. વોરા: માનનીય અધ્યક્ષશ્રી, ગઇ કાલે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવાની બાબતમાં મેં જે કંઇ પણ શબ્દો કહ્યા છે, આ ગૃહના એક સિનિયર સભ્ય તરીકે મારે પણ સંયમ જાળવવો જોઇએ અને નિયમોનું પાલન પણ કરવું જોઇએ અને આપની ચેર ઉપર આપ અથવા પેનલનો અન્ય કોઇ વ્યક્તિ હોય એ બધા જ સન્માનનીય છે અને એ દિવસ પૂરતા મારાથી કોઇ પણ એવા શબ્દો બોલાયા હોય તો એ શબ્દો પણ રદ કરવા જોઇએ અને એના કારણે ચેર ઉપર બેઠેલા આપશ્રીને મારા તરફથી કોઇ પણ મન દુ:ખ થયું હોય અથવા આપની ચેરને ઉદ્દેશીને જે બોલાયેલા શબ્દોમાં ક્યાંય પણ ભૂલ હોય તો એ માટે હું દિલગીરી વ્યક્ત કરું છું અને હવે પછી આવું ન થાય એની કાળજી લેવાની સાહેબ આપશ્રીને વિનંતી કરું છું.

અધ્યક્ષશ્રી : માનનીય રમણભાઇ, ગઇ કાલની જે ઘટના હતી એમાં આપે જે વાત કરી અને આપ વ્યક્તિગત રીતે સદાય મારા વડીલ રહ્યા છો અને રાજનીતિમાં આપની પાસેથી હું ઘણું બધું શીખ્યો છું. આ ચેર ઉપર બેસીને પણ આપે ઘણા બધા અગત્યના ચુકાદા પણ આપ્યા છે, એટલે આપે દિલગીરી વ્યક્ત કરવાની રહેતી નથી. જ્યાં સુધી આ ચેર ઉપરનો સવાલ છે તો એની ગરિમા જાળવી રાખવી એ આપની, મારી અને બધાની પરસ્પર આ વિધાનસભા ગૃહની જવાબદારી છે, એટલે વ્યક્તિગત રીતે મને આપના પ્રત્યે માન છે અને સદૈવ રહેશે. હવે વાત રહી આ ચેર ઉપર બેસીને ચેરની ગરિમાની. મારા પુરોગામી અધ્યક્ષશ્રીઓએ પણ આ ચેરની ગરિમાને ગૌરવપૂર્ણ કરવા માટેના સતત પ્રયત્નો કર્યા છે. મારે પણ આ ગરિમાને હજુ આગળ વધારવા માટે સતત મહેનત કરવી પડે એના ભાગરૂપે કદાચ આપના માટે કોઇ માનનીય સભ્યશ્રીઓ માટે મારું વલણ થોડું સખત કે કડક લાગતું હોય તો મને લાગે છે કે એ પણ આપણી વિધાનસભા ગૃહની ગરિમા જળવાઇ રહે એના ભાગરૂપે જ હોય છે એટલા માટે જ નિયમનો આગ્રહ છે અને નિયમ અંતર્ગત જો આપણે બધાં કામ કરીશું તો વિધાનસભાની આપણી

કાર્યવાહી વધારે પ્રોડક્ટિવ બનશે અને આપણું ગૌરવ વધારે વધશે, એટલે આપે એમાં દિલગીરી વ્યક્ત કરવાનું કોઇ કારણ મને લાગતું નથી, પરંતુ શબ્દોનો જયાં સુધી સવાલ છે તો એમાં કોઇ અજુગતા શબ્દો હશે તો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું. નેકસ્ટ.

**સરકારી વિધેયકો**

સન ૨૦૨૩નું ગુજરાત વિધેયક ક્રમાંક -૨૫

**ગુજરાત પબ્લિક યુનિવર્સિટી વિધેયક, ૨૦૨૩**

ગુજરાત રાજ્યમાં મહારાજા સયાજીરાવ વડોદરા યુનિવર્સિટી, ગુજરાત યુનિવર્સિટી, સરદાર પટેલ યુનિવર્સિટી,Veer(વીર) નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી, ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી અને શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીને લગતા કાયદા એકીકૃત કરવા બાબત વિધેયક.

**શ્રી ઋષિકેશ ગ. પટેલ(શિક્ષણ મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક-૨૫ના સન ૨૦૨૩ના ગુજરાત પબ્લિક યુનિવર્સિટી વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક-૨૫, સન ૨૦૨૩ના ગુજરાત પબ્લિક યુનિવર્સિટી વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપે માનનીય રમણભાઇના ગઇકાલના ગૃહની ગરિમા જાળવવાનો પ્રસંગ અત્યારે ગૃહમાં બન્યો. આપે હંમેશા ગૃહની ગરિમા અને નિયમો સાચવ્યા છે. અહીંયા બેઠેલા હોય કે સામે બેઠેલા હોય, સત્તાધારી કે વિપક્ષ કોઇપણ સભ્યને આપે નિયમ અંતર્ગત રક્ષણ આપ્યું છે અને આ લોકશાહી મંદિરની ગરિમા આપે ખૂબ બખૂબી રીતે સાચવી છે એનો મને આનંદ છે અને ગૌરવ પણ છે. આજે દુનિયા ૨૦મી સદીમાંથી ૨૧મી સદીમાં હવે પરિવર્તિત થઇ રહી છે. ૨૧મી સદી એટલે ટેકનોલોજીનો યુગ, વિજ્ઞાનનો યુગ અને વિજ્ઞાનના યુગની અંદર જૂની જે ઘરેડ, જે પરિસ્થિતિઓ હતી, જે ટેકનોલોજી ક્ષેત્રની અંદર પણ જે જે બાબતો જૂની હતી એ નવા અપડેટ સાથે વર્ઝન થઇ. ૨૧મી સદીમાં આવી રહી છે. શિક્ષણ એ કોઇપણ સમાજનું, દુનિયાના કોઇપણ દેશનું ખૂબ મહત્ત્વનું એને આગળ લઇ જવા માટે એ દેશની ગરિમા જાળવવા માટેનો ખૂબ મહત્ત્વનો પાયો હોય છે. ટેકનોલોજીમાં સંશોધન થતા હોય, વૈજ્ઞાનિક ક્ષેત્રે સંશોધન થતા હોય કે હાયર એજ્યુકેશનમાં પણ કોઇપણ પ્રકારના વિષયો સાથે દુનિયા જયારે આગળ વધી રહી છે, ત્યારે આ સન્માનનીય ગૃહ માટે એક ખૂબ સન્માનનો દિવસ છે કે શિક્ષણની અંદર ટ્રાન્સફોર્મેશન સાથેનો ખૂબ એન.ઇ.પી. વર્ષ ૨૦૨૦ પછી કારણ કે ૨૧મી સદીમાં છીએ અને ૨૧મી સદીમાં હોઇએ એટલે સ્વાભાવિક ૨૦મી સદી પછી ૨૧મી સદીનું આપણે વિચારવું જ પડે અને એજ્યુકેશન પોલિસી આદરણીય પ્રધાનમંત્રી શ્રી મોદી સાહેબે ખૂબ અભ્યાસના અંતે વર્તમાન યુગની અંદર આપણી પરંપરાઓ જાળવી, આપણી ભૌગોલિક પરિસ્થિતિ, આપણી સામાજિક પરિસ્થિતિ, આપણો ઇતિહાસ આ બધાને સાચવી અને વર્ષ ૨૦૨૦માં, ૨૦૨૧માં વિશ્વગુરુ બનવાનું સ્વપ્નું જે ભારતે જોયું છે એને સાકાર કરવા માટે આજે આગળ વધી રહ્યા છીએ. આજે એ ખૂબ માઇલસ્ટોન સાબિત થયું છે, કારણ કે ભૂતકાળમાં માનનીય નરેન્દ્રભાઇ અહિંયા હતા, ગૃહમાં બિરાજમાન હતા એ વખતથી જ આ વિચારધારાને અનુસરીને યુનિવર્સિટીઓ પણ એમણે બનાવી. આઇ.આઇ.ટી., આઇ.આઇ.એમ. અને બીજી વિશ્વ પ્રસિદ્ધ જે સંસ્થાઓ છે એ સંસ્થાઓને અનુરૂપ, કારણ કે મોટાભાગના દેશોની અંદર જે કોઇ પણ યુનિવર્સિટીઓ ચાલી રહી છે, મહાવિદ્યાલયો ચાલી રહ્યા છે એનો અભ્યાસ કર્યા પછી પાછળથી જે આપણે યુનિવર્સિટીઓ બનાવી એની અંદર બોર્ડ ઓફ મેનેજમેન્ટ દ્વારા એમને ખૂબ સારો અનુભવ એમણે જે યુનિવર્સિટીઓ બનાવી એનો રહ્યો છે. પરંતુ પરંપરાગત રીતે જે આપણી ૧૧ યુનિવર્સિટીઓ જૂની હતી.વખતો વખત વર્ષ ૧૯૪૯થી લઇને જૂની યુનિવર્સિટીઓમાં તે વખતના ઢાંચાને અને તે વખતની જરૂરિયાતને અનુસરીને યુનિવર્સિટીઓના બંધારણ અને સ્ટેચ્યૂટ અમલમાં આવ્યા. પરંતુ સમય જતાં પ્રાસંગિક યુ.જી.સી. છે, કોર્ટના હુકમો છે આ બધાને અનુરૂપ ફેરફાર કરવાનું ખૂબ જરૂરી હતું. એન.ઇ.પી.ની મુખ્ય શરત કોમન સ્ટેચ્યૂટ એટલે કે તમામ યુનિવર્સિટીઓમાં એક જ પ્રકારનું બંધારણ લાગુ પડે. આપણી આ ૧૧ યુનિવર્સિટીઓમાં જુદા જુદા બંધારણો, જુદા જુદા નિયમો અને ઘણી વખત તો આ નિયમો જૂના સમયમાં બન્યા હોય તે નિયમો અને યુ.જી.સી.ના વખતો વખતના નિયમો આ બધુ ભેગું થતા કયાંક ને કયાંક મોટા કન્ફ્યુઝનો પેદા થતા હતા. આ જ બિલથી એક સમાન પ્રકારનો સ્ટેચ્યૂટ, બંધારણ આ અગિયારે અગિયાર યુનિવર્સિટીઓમાં લાગુ પડશે અને સાથે સાથે એકવીસમી સદીની જે જરૂરિયાતો હાયર એજ્યુકેશનમાં પડશે તેને પૂરી કરવા માટેનું આ બિલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગત સ્વતંત્રતાના દિવસથી અમૃતકાળની શરૂઆત થઇ છે. ત્યારે માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે લાલ કિલ્લાની પ્રાચી પરથી આવતા હજાર વર્ષનું સ્વર્ણિમ ભાગ્ય લખવાની જવાબદારી અત્યારના

* વિધેયક તા. ૧૧ મી સપ્ટેમ્બર, ૨૦૨૩ના ગુજરાત ગવર્મેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

યુવાનોના માથે મૂકી છે. માનનીય પ્રધાનમંત્રીજીએ તે વખતે કહ્યું હતું કે, આજે આપણી પાસે જનશાંતિ, લોકતંત્ર અને વિવિધતા છે. આ ત્રણેય મળી દેશના સપનાં સાકાર કરવાની ક્ષમતા ધરાવે છે. આ કાળખંડના નિર્ણયો હજારો વર્ષનો સ્વર્ણિમ ઇતિહાસ લખવાના છે. આ જ પાયો છે. ૧૨૦૦-૧૩૦૦ વર્ષ સુધી ગુલામીનો અંધકાળ રહ્યો. પરંતુ નવીન એક હજાર વર્ષનો સ્વર્ણિમ કાળ લખવાનું ભાગ્ય આપણા ફાળે આવ્યું છે અને આપણે લખવાનું છે. આ એકવીસમી સદીમાં આવતા એક હજાર વર્ષ સુધીનો સ્વર્ણિમ ઇતિહાસ લખવાનું આપણા નસીબમાં આવ્યું છે. તેમણે દેશના દીકરા-દીકરીઓને કહ્યું છે કે, જે સૌભાગ્ય આજે આપણને મળ્યું છે તે ભાગ્યે જ કોઇના નસીબમાં હશે. જેને આ મળ્યું છે તેમણે ખોવાનું નથી. માનનીય પ્રધાનમંત્રીશ્રી હંમેશાં યુવાન દીકરા-દીકરીઓ ઉપર અતૂટ વિશ્વાસ ધરાવે છે. એકવીસમી સદીમાં નવીન વિશ્વગુરુ ભારત કેવી રીતે બને તેના માટેનો વિશ્વાસ મૂકયો હોય તો તે ભારતના યુવાનો પર મૂક્યો છે. ભારતે જે કમાલ કરી

અધ્યક્ષશ્રી : આપે આપના પ્રવચનમાં માનનીય મંત્રીશ્રી એવો ઉલ્લેખ કર્યો એટલે કોણ? માનનીય પ્રધાનમંત્રીશ્રી એમ.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રધાનમંત્રીશ્રી એમ. ભારતે જે કમાલ કરી છે તે દિલ્હી, મુંબઇ કે ચેન્નઇ સુધી સીમિત નથી. ટીઅર-૨ અને ટીઅર-૩ સિટીના યુવાનો પણ ભાગ્ય બનાવી રહ્યા છે. દેશનું સામર્થ્ય આજે દેખાઇ રહ્યું છે. તે નાનાં શહેરોમાંથી પણ બહાર આવી રહ્યું છે. નાનાં ગામડાઓમાંથી યુવાનો આજે નવાં સપનાં પોતાની કેરિયર, દેશ અને પ્રજા માટે જોઇ શકે તે પ્રકારનું વાતાવરણ બની રહ્યું છે. યુવાનોને દિશા આપવા માટે શિક્ષણ ખૂબ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આપણા દેશની રાજ્યની શૈક્ષણિક સંસ્થાઓ તે માટે ખૂબ જ મહત્ત્વની ભૂમિકા ભજવી રહ્યા છે અને આજે આપણા રાજ્યમાં અંદાજે ૧૩.૮૦ લાખ વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં અભ્યાસ કરી રહ્યા છે. તે પૈકીની આઠ યુનિવર્સિટી જેમાં હાલની વ્યવસ્થા પ્રમાણે કોર્ટ કાઉન્સિલ છે. તેમાં દસ લખા જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. જેમાં બોર્ડ ઓફ ગવર્નન્સની વ્યવસ્થા છે તેમાં અંદાજે ૩.૮૦ લાખ વિદ્યાર્થીઓ પોતાનું અને દેશનું ભવિષ્ય ઉજ્જવળ બનાવી રહ્યા છે. આ ક્ષેત્રની શરૂઆત થતાં જ આપણને ભારતના મહામહિમ્ રાષ્ટ્રપતિજીનું માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું. તેમણે ગૃહને સંબોધતાં જણાવ્યું હતું કે, તેઓ દેશની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓની મુલાકાત કરે છે. ઘણા વિદ્યાર્થીઓને મળે છે. ખાસ કરીને વિદ્યાર્થિનીઓમાં આગળ આવવાની જે ધગશ દેખાય છે, જો આ વિદ્યાર્થિનીઓને યોગ્ય તક મળે તો એ પણ પુરુષના ખભેખભો મિલાવી રાષ્ટ્રના નિર્માણમાં તેમનું યોગદાન આપી શકે છે. આ પ્રકારની તક માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના નેતૃત્વવાળી ગુજરાત સરકાર આપી રહી છે. આજે મને કહેતાં ગર્વ થાય છે કે કુલ ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાંથી ૪૭ ટકા ઉચ્ચ અભ્યાસ કરતી મારા ગુજરાત રાજ્યની દીકરીઓ છે. કુલ ઉચ્ચ શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓમાંથી ૮૭ ટકા વિદ્યાર્થીઓ ગુજરાત રાજ્યની પબ્લિક યુનિવર્સિટીમાંથી ખૂબ નગણ્ય ફી સાથે અભ્યાસ કરી રહ્યા છે. આદરણીય પ્રધાનમંત્રીશ્રી મોદી સાહેબનું દૂરંદેશીતાનું પરિણામ છે. મારો આદિવાસી ભાઇ-બહેન હોય કે ગીરના જંગલમાં વસતા મારા માલધારી ભાઇ-બહેન હોય, દરિયા કિનારે વસતા મારા ભાઇ-બહેન હોય તેમને ઉચ્ચ શિક્ષણ પહોંચાડવા માટે રાજય સરકાર કટિબદ્ધ છે. તે માટે સરકાર દ્વારા ઉચ્ચ શિક્ષણ સંસ્થાનો અને યુનિવર્સિટીઓની સમયાન્તરે જરૂરિયાત મુજબ સ્થાપના કરી છે. સમગ્ર ભારતમાં આજે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ વર્ષ ૨૦૨૦નો અસરકારક અમલ થવા જઇ રહ્યો છે, ત્યારે ગુજરાત પણ આ દિશામાં આગેકૂચ કરી રહ્યું છે. આજે આપણે ૨૧મી સદીની જરૂરિયાતોને પૂરી કરતી ભારતીય જ્ઞાન પરંપરાને જાળવી રાખી રાષ્ટ્રીય શિક્ષાનીતિ વર્ષ ૨૦૨૦નો અમલ કરવા જઇ રહ્યા છીએ ત્યારે અમલીકરણના ખૂબ જ જરૂરી પાસા એકેડેમિક બેન્ક ઓફ ક્રેડિટ, કોમન ક્રેડિટ ફ્રેમવર્ક, મલ્ટીપલ એન્ટ્રી, મલ્ટીપલ એક્ઝીટ જેવા વિષયોનું અમલીકરણ ખૂબ જ જરૂરી બન્યું છે. મને ગૃહને જણાવતા આનંદ થાય છે કે, ગુજરાત સરકારે ચાલુ વર્ષથી જ રાજયની તમામ યુનિવર્સિટીમાં કોમન ક્રેડિટ ફ્રેમવર્ક દાખલ કર્યું છે અને આ કોમન ક્રેડિટ ફ્રેમવર્કની અસરો ખૂબ દૂરોગામી છે. એકેડેમિક બેન્ક ઓફ ક્રેડિટ યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન દ્વારા સ્થાપિત ડિજિટલ વર્ચ્યુઅલ ઓનલાઇન એન્ટિટી એકેડેમિક સર્વિસ મિકેનિઝમ છે જેનાથી ક્રેડિટ માન્યતા, ક્રેડિટ એકઠી કરવી, ક્રેડિટ ટ્રાન્સફર કરવી, ક્રેડિટ રિડમન્સનની ઔપચારિક પ્રણાલીઓ દ્વારા ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ વચ્ચે અથવા તેને અંદરો અંદર મળતી સરળતાથી વિદ્યાર્થીઓનો એન્ટ્રી-એક્ઝીટનો માર્ગ મોકળો થયો છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ વર્ષ ૨૦૨૦ શિક્ષણને વધુ સર્વગ્રાહી અને અસરકારક બનાવવાની અને સામાન્ય શિક્ષણ, વ્યવસાયિક શિક્ષણ, પ્રાયોગિક શિક્ષણના મિશન ઉપર ભાર મૂકવાની કલ્પના કરે છે. આ ઉદ્દેશોને પરિપૂર્ણ કરવા માટે ક્રેડિટ એકત્રીકરણ, ક્રેડિટ તબદિલ કરવાની વ્યવસ્થા સમગ્ર રાજયમાં તમામ યુનિવર્સિટીમાં એકસમાન ક્રેડિટ માળખું ઘડ્યું છે. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળની ગુજરાત સરકાર દ્વારા રાજ્યની તમામ પ્રવાહની હાયર એજ્યુકેશન ઈન્સ્ટિટ્યુશન એટલે કે ખાનગી અને રાજયની યુનિવર્સિટીઓ, સ્વાયત સંસ્થાઓમાં તમામ પ્રવાહો વચ્ચે ક્રેડિટ ડિસ્ટિબ્યુશનની એકરૂપતા જાળવી શકાય તે માટે સામાન્ય ક્રેડિટ માળખું નિયત ક્રેડિટ સાથે વ્યાખ્યાયિત કરવામાં આવ્યું છે જેના દ્વારા કલ્પનાશીલ, પરિવર્તનશીલ અભ્યાસક્રમોનું સર્જનાત્મક વિદ્યાશાખાના સંશોધનોને શક્ય બનાવશે અને મલ્ટીપલ એન્ટ્રી અને એક્ઝીટ શક્ય બનશે. જેથી પ્રવર્તમાન અસ્તિત્વ ધરાવતી જડ સીમાઓ દૂર થશે. આજીવન અધ્યયન માટેની નવી તકોનું સર્જન થશે. વિશાળ બહુવિદ્યા શાખાકીય વિશ્વવિદ્યાલયોમાં સ્નાતક, અનુસ્નાતક અને ડોક્ટરલ સ્તરે સંશોધન આધારિત વિશિષ્ટિકરણ દ્વારા બહુ વિદ્યાર્થીય શાખા કાર્ય કરવાની તથા શિક્ષણવિદો, સરકાર અને ઉદ્યોગો સાથે મળીને રોજગારીની અનેક તકો પૂરી પાડશે.

ભાદ્રપદ ૨૫, ૧૯૪૫ શાકે

ગુજરાત પબ્લિક યુનિવર્સિટી વિધેયક, ૨૦૨૩

માનનીય અધ્યક્ષશ્રી, મારા ગુજરાતમાં ગામડામાં વસતી કોઈ દીકરી જ્યારે ઉચ્ચ અભ્યાસ માટે યુનિવર્સિટી કે કોઈ કોલેજમાં જાય પરંતુ માનો કે કોઈ કારણસર એના લગ્ન થયા અથવા તો કોઈ એવાં કારણો પેદા થાય કે એ અભ્યાસ ન કરી શકે અને અભ્યાસ છોડવો પડે પરંતુ લગ્ન થયા પછી પણ બે વર્ષના અભ્યાસ બાદ તેનો ઉચ્ચ અભ્યાસ છૂટી જાય તો તે દીકરીને ૧૨ પાસ થયેલી જ આપણે ગણતા હતા. પરંતુ મલ્ટીપલ એન્ટ્રી, મલ્ટીપલ એક્ઝીટ સિસ્ટમના કારણે આવા કેસમાં કોઈનો અભ્યાસ અધૂરો ગણાતો નથી. પરંતુ તે દીકરીને ધોરણ ૧૨ પછી બે વર્ષના અભ્યાસ બાદ ત્રીજું વર્ષ પૂરું કર્યું ન હોય તો પણ એને ડિપ્લોમાની ડિગ્રી મળી શકે અને કોઈનો અભ્યાસ એક વર્ષ બાદ છૂટી ગયો હોય તો તેને સર્ટિફિકેટ પણ મળી શકે છે. એટલું જ નહીં થોડાં વર્ષોની ગેપ પછી પણ કોઈ બીજી યુનિવર્સિટીમાં આ દીકરી આગળનો અભ્યાસ ચાલુ કરવા માગતી હોય તો તે એકેડેમિક બેન્ક ઓફ ક્રેડિટનો ઉપયોગ કરી કોમન ક્રેડિટ ફ્રેમવર્ક હોવાના કારણે પોતાના અગાઉ થયેલા અભ્યાસની પોતાની ક્રેડિટને આગળ વધારવા માટે નજીકની કોઈ પણ કોલેજમાં એ અભ્યાસ શરૂ કરી શકે છે તથા તે પોતાનો સ્નાતકનો અભ્યાસ પણ પૂરો કરી શકે છે. આ પ્રકારની સિસ્ટમ આ વર્ષથી ગુજરાત સરકારે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબના નેતૃત્વમાં શરૂ કરી છે. જેનાથી ભવિષ્યમાં લાખો દીકરા-દીકરીઓ પૂર્ણ સ્વરૂપમાં ઉચ્ચ શિક્ષણનો લાભ લઈ શકશે. એટલે જ માનનીય પ્રધાનમંત્રીશ્રીએ કહ્યું હતું કે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-વર્ષ ૨૦૨૦ એ નવા ભારતના નિર્માણની આધારશીલા છે અને ગુજરાત સરકાર આમાં અગ્રેસર રહી માનનીય મુખ્યમંત્રી દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિને અમલમાં મૂકવા માટે દસ વર્ષનો રોડ મેપ તૈયાર કર્યો છે. આ શૈક્ષણિક વર્ષથી જ ગુજરાતની તમામ યુનિવર્સિટીઓમાં કોમન ક્રેડિટ ફ્રેમ વર્ક, મલ્ટીપલ એન્ટ્રી-એક્ઝિટ, મલ્ટીપલ ડિસિપ્લિનરી એજ્યુકેશન શરૂ થઈ ગયેલ છે આના કારણે અગાઉ ઉદાહરણ આપ્યું તેમ ગુજરાતના વિદ્યાર્થીને અનેક વિકલ્પો પ્રાપ્ત થવાના છે અને તેનો સર્વાંગી વિકાસ થશે. આ નીતિના સમયથી આવનાર સમયમાં ગુજરાત એજ્યુકેશન હબ તરીકે ભારત અને વિશ્વમાં નવી ઊંચાઈઓ સ્થાપિત કરવાનુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આગામી સમયમાં સ્કીલ બેઈઝ એજ્યુકેશન, રિસર્ચ, સ્ટાર્ટ અપ ઉદ્યોગ સાહસિકતાને આવરી લઈ ૨૧મી સદીની જરૂરિયાત મુજબના અભ્યાસક્રમો તૈયાર કરવામાં આવશે જેનાથી ઉદ્યોગ સાહસિકતામાં વધારો થશે અને સ્કીલ્ડ મેઈન પાવર પણ વધશે અને આપણે આત્મનિર્ભર ગુજરાત થકી આત્મનિર્ભર ભારત બનવાની દિશામાં આપણે આગળ વધીશું. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-વર્ષ ૨૦૨૦ દેશની સામેના વર્તમાન પડકારો અને સમસ્યાઓને રિસર્ચ અને ઈનોવેશનના માધ્યમથી સમસ્યાનું સમાધાન કરવા શૈક્ષણિક સંસ્થાઓને પ્રોત્સાહિત કરવામાં આવશે. ગુજરાતની શૈક્ષણિક સંસ્થાઓ આંતરરાષ્ટ્રીય રેન્કિંગમાં આગળ આવે તે માટે વર્લ્ડ કલાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્વોલિટી એજ્યુકેશન માટે ગરિમાનો પ્રકલ્પ આપણે ખુલ્લો મૂકયો છે અને ગુજરાત સરકાર આમાં આગળ વધશે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકાર આ નીતિના અમલ માટે એક એક પછી એક તબક્કાવાર પગલાં લેશે જેનાથી ખૂબ સરળતાથી, મક્કમતાપૂર્વક આપણે આ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિની મૂળ ભાવનાને શૈક્ષણિક સંસ્થાઓમાં લાગુ કરી શકીશું અને આપણી ભારતીય જ્ઞાન પરંપરાને સાચા અર્થમાં પુનઃ પ્રસ્થાપિત કરવાના સ્વપ્નને આપણે સાકાર કરી શકીશુ. આપણાં વિશ્વ વિદ્યાલયો ૨૧મી સદીની આવશ્યકતાને અનુરૂપ સંશોધન આધારિત, સામાજિક ચેતનાના કેન્દ્ર બને અને તક્ષશીલા, નાલંદ અને વલ્લભીના સમયની જેમ ભારત પુનઃ જ્ઞાન શકિતમાં વિશ્વ ગુરુ બને તે માટે ભારતના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-વર્ષ ૨૦૨૦ થકી આપણને નવું વિઝન આપ્યું છે. રાષ્ટ્રીય શિક્ષા નીતિનું સરળતાથી અમલીકરણ થઈ શકે, ગુજરાતના વિદ્યાર્થીઓને આપણે વધુ સશકત બનાવી શકીએ, આપણી યુનિવર્સિટીની એકેડેમિક ઓટોનોમી જળવાઈ રહે અને આપણી યુનિવર્સિટીને દેશ-વિદેશના નિષ્ણાત લોકોની સેવાઓ મળી રહે, આપણી યુનિવર્સિટી ગુણવત્તાની દ્રષ્ટિએ વર્લ્ડ ક્લાસ બને અને તે માટે આજે સરકાર માનનીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં આ ઐતિહાસિક વિધેયક ગુજરાત પબ્લિક યુનિવર્સિટી એક્ટ-૨૦૨૩ લાવી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં અલગ અલગ સમયે સરકારી યુનિવર્સિટીઓની સ્થાપના થઈ છે અને અલગ અલગ યુનિવર્સિટીઓ જે ૨૦મી સદીમાં ૪૯થી થઈ ચાલુ થઈ તે હવે આજે ૨૧મી સદીમાં જ્ઞાન અને ટેકનોલોજીની સદી છે, તો હાલના સમયની માગ મુજબ અને ટવેન્ટી ટવેન્ટીની જોગવાઈઓ મુજબ યુનિવર્સિટીને રી-ડીફાઈન કરવી, રી-સ્ટ્રકચર કરવી જરૂરી બને છે. જેના માટે ગુજરાત સરકાર દ્વારા ગુજરાત પબ્લિક યુનિવર્સિટી એક્ટ લાવવામાં આવી રહ્યો છે. જેમાં યુનિવર્સિટીમાં સેનેટ, સિન્ડિકેટના સ્થાને બોર્ડ ઓફ મેનેજમેન્ટ નવા અભ્યાસક્રમો માટે સંશાધન અને સંશોધન માટે પૂરતી મોકળાશ હશે. તમામ યુનિવર્સિટીનો એક્ટ સમાન થવાથી સંશાધનોનો સહિયારો અને મહત્તમ ઉપયોગ થઈ શકશે અને તેનો સીધો ફાયદો ગુજરાતના વિદ્યાર્થીઓને થશે. નિર્ણય પ્રક્રિયામાં ઝડપ આવશે અને નૂતન આયામો થકી યુનિવર્સિટીનો કાયા કલ્પ થઈ શકશે અને યુનિવર્સિટીઓ સાચા અર્થની અંદર જ્ઞાન સાધનાનું કેન્દ્ર બનશે. ગુણવત્તાપૂર્ણ શિક્ષા માટે સંવાદ જરૂરી હોય છે અને આજે ગુજરાત પબ્લિક યુનિવર્સિટી બિલ ગૃહ સમક્ષ લાવી રહ્યો છું તે પહેલાં પણ ખૂબ જ મહત્ત્વના એક્ટ માટે સમાજના શિક્ષણ ક્ષેત્રના વિવિધ તજજ્ઞો, શિક્ષણ સાથે કામ કરતી વિવિધ સંસ્થાઓ અને ગુજરાતના નાગરિકોનાં સૂચન લેવાં ખૂબ મહત્ત્વનાં હતાં અને આદરણીય મુખ્યમંત્રી સાહેબે ખૂબ ઉદારતાથી કહ્યું કે જયારે રાજ્યના હિતમાં, શિક્ષણના હિતમાં આટલો બધો સુધારો આપણે કરી રહ્યા છીએ તો શિક્ષણવિદોનો, સામાન્ય નાગરિકોનો, સંસ્થા સાથે જોડાયેલા લોકોના અભિપ્રાયો પણ બહુ જરૂરી છે. એને પબ્લિક ડોમેઈનમાં મૂક્યું અને પબ્લિક ડોમેઈનમાં મૂક્યું એટલે પ્રાથમિક સૂચનો માટે આપણે ૧૫ દિવસ આપ્યા

હતા. કુલ ૧૪૦ સ્ટેક હોલ્ડરોમાંથી ૨૩૮ સૂચનો આપણને પ્રાપ્ત થયાં. જેમાંથી ૩૦ સૂચનોના આધારે આપણે એક્ટમાં સુધારા પણ કર્યા છે. એમાં ૪૦ સૂચનોનો સ્ટેચ્યૂટ કે ઓર્ડિનન્સમાં સમાવેશ કરવામાં આવ્યો છે. એક સૂચન તો એવું હતું કે આ એક્ટનું નામ બદલો. એ સૂચનના આધારે આપણે એક્ટનું નામ બદલ્યું. ગુજરાત પબ્લિક યુનિવર્સિટી નામ એ સૂચનના આધારે કર્યું છે. કેટલું વિશાળપણું રાખીને લોકોને પણ સહયોગી બનાવ્યા છે. આ એક્ટ વધુમાં વધુ લોકો જાણી શકે એના માટે પ્રાથમિક ડ્રાફ્ટ મૂક્યો હતો અને પ્રાથમિક ડ્રાફ્ટમાં પણ તમામ બાબતો જેવી કે એક્ટ અથવા કોઇ બીજી બાબતમાં એનો સમાવેશ કરી લીધો છે. ગુજરાતમાં હાલ ૧૦૮ વિશ્વ વિદ્યાલયો કાર્યરત છે. જેમાંથી ૧૦ નેશનલ યુનિવર્સિટી, ૬૫ પ્રાઇવેટ યુનિવર્સિટી, ૨ ડિમ્ડ યુનિવર્સિટી, ૧૩ સેક્ટોરિયલ યુનિવર્સિટી, ૨ સેન્ટ્રલ યુનિવર્સિટી અને ૧ ટૅકનિકલ યુનિવર્સિટી છે તથા ૧૬ સ્ટેટ પબ્લિક યુનિવર્સિટી છે. આજે ખાસ કરીને ગુજરાતની ૧૧ યુનિવર્સિટીઓની વાત કરવી છે. જેની કોઇને કોઇ ખાસ વિશેષતા છે. જે યુનિવર્સિટીઓ આપણા મહાપુરુષોના નામ સાથે જોડાયેલી છે. મહારાજા સયાજીરાવે શિક્ષણમાં ક્રાંતિકારી ફેરફારો કર્યા. ફરજિયાત શિક્ષણ કર્યું એટલું જ નહિ પણ એમના શાસન દરમિયાન શિક્ષણમાં એમના તાબા નીચેના જે પણ વિસ્તારો હતા એમાં આટલા સમય પછી પણ એમણે જે શિક્ષણ વાવ્યું છે એનું પરિણામ આજે આપણે જોઇ રહ્યા છીએ. એમના નામ પરથી ધ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડાની સ્થાપના વર્ષ ૧૯૪૯માં થઇ હતી. ગુજરાત યુનિવર્સિટી વર્ષ ૧૯૪૯માં સ્થપાઇ હતી. એકતા અને અખંડિતતાના શિલ્પી એવા સરદાર પટેલનું નામ રોશન કરતી આ યુનિવર્સિટી વર્ષ ૧૯૫૫માં સ્થપાઇ હતી. આ હું એટલા માટે કહી રહ્યો છું કે આ યુનિવર્સિટીની સ્થાપના ક્યા વર્ષમાં થઇ હતી એનો ખ્યાલ આવે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી વર્ષ ૧૯૬૫માં, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી વર્ષ ૧૯૬૭માં, મહારાજા કૃષ્ણસિંહજી ભાવનગર યુનિવર્સિટી વર્ષ ૧૯૭૮માં, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી વર્ષ ૧૯૮૬માં, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી વર્ષ ૧૯૯૪માં, ક્રાંતિ ગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી વર્ષ ૨૦૦૪માં, ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી વર્ષ ૨૦૧૫માં અને શ્રી ગોવિંદગુરુ યુનિવર્સિટી વર્ષ ૨૦૧૫માં સ્થપાઇ હતી. આમ વખતોવખત આપણે યુનિવર્સિટીઓ બનાવતા રહ્યા છીએ. આમ, કુલ ૧૧ યુનિવર્સિટીને આ એક્ટ હેઠળ સમાવી લેવામાં આવનાર છે. આ બિલ આપણી યુનિવર્સિટીઓના ભવિષ્ય માટે ખૂબ જ મહત્ત્વનું છે. આ બિલની બધી જ જોગવાઇઓ આપણી આવનારી પેઢીના વિદ્યાર્થીઓને ધ્યાને રાખીને કરવામાં આવી છે. આ જોગવાઇને હું સન્માનનીય ગૃહ સમક્ષ મૂકતા આનંદની લાગણી અનુભવું છું. દરેક દેશ પોતાની શિક્ષણ વ્યવસ્થા અને પોતાના સાંસ્કૃતિક મૂલ્યો સાથે જોડીને પોતાના રાષ્ટ્રીય ધ્યેય અનુસાર સુધારા કરતા આગળ વધતો હોય છે. એની પાછળ ઇરાદો એવો હોય છે કે દેશને એવી શિક્ષણ પદ્ધતિ મળે કે જે હાલની અને આવનારી પેઢીઓને ભવિષ્ય માટે સજ્જ બનાવે. ભારતની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ વર્ષ ૨૦૨૦નો આધાર અને વિચારધારા પણ કંઇક આવી જ છે. આ નવી શિક્ષણ નીતિ ૨૧મી સદીમાં એક નાવ ભારતનો પાયો તૈયાર કરવાના ઉદ્દેશથી બનાવવામાં આવી છે. ભારતના ૨૧મી સદીના યુવાનોને જે રીતનું શિક્ષણ આપવું જોઇએ, જે રીતના કૌશલ્યો પૂરા પાડવા જોઇએ તે બાબતે આ શિક્ષણ નીતિ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ વર્ષ ૨૦૨૦ અમલમાં મૂકીને ખૂબ મોટા સુધારા તો આપણે કરી લીધા છે, પરંતુ આ સુધારા માત્ર કાગળ ઉપર જ ન રાખતાં તેને જમીન ઉપર પણ ઉતારવા ખૂબ જરૂરી છે. તેના અમલીકરણ તરફ પણ સૌની નજર મંડાયેલી છે. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર ભવિષ્યના વિદ્યાર્થીઓને સારી વ્યવસ્થાઓ આપવા માટે કટિબદ્ધ છે, પરંતુ આ બદલાવના પડકાર જોઇને વ્યવસ્થાઓ ગોઠવવા જ્યાં પણ થોડા સુધારની જરૂર હોય ત્યાં આપણે સૌએ સાથે મળીને સુધારા કરવાના છે. આ બિલ એ દિશામાં એક માઇલસ્ટોન સમાન છે. બધી યુનિવર્સિટીઓમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિની જરૂરિયાતને સમજવા એકસમાન માળખા ઉપર અને કાર્યપદ્ધતિ ઉપર આધારિત હોય તેવો એકસમાન કાયદો બનાવી લાગુ કરવાનું સરળ, યોગ્ય, વ્યવહારું અને કાયદાકીય રીતે વ્યાજબી અને ન્યાયપૂર્ણ છે. દરેક યુનિવર્સિટીમાં હાલના અધિનિયમોના અનુભવે માલૂમ પડેલું છે કે ત્રુટિઓ, ઊણપો, આડશો, ક્ષતિઓ, મર્યાદા દૂર કરવા આ સુધારા જરૂરી બને છે એટલે સૌ પ્રથમ તો ગુજરાત પબ્લિક યુનિવર્સિટી એક્ટ-૨૦૨૩ના લીધે તમામ યુનિવર્સિટીના જે તે સમયે બનેલા પોતપોતાના કાયદાઓનો અંત આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, હાલ યુનિવર્સિટીના ૨૫ કે ૫૦-૬૦ વર્ષ પહેલાના કાયદાની કેટલીય કલમો હાલ અપ્રાસંગિક અને આઉટ ડેટેડ થઇ ગઇ છે. યુ.જી.સી.ની પ્રવર્તમાન ગાઇડલાઇન વખતોવખતની બદલાતી રહેલી ગાઇડલાઇન છે. યુ.જી.સી.ની જુદી જુદી ગાઇડલાઇનોના કારણે ગ્રાન્ટ કમિશન ઉચ્ચ શિક્ષણની અન્ય મહત્ત્વની રાષ્ટ્રીય સંસ્થાઓ દ્વારા બહાર પાડવામાં આવેલ જોગવાઇઓનો સમાવેશ આપણી યુનિવર્સિટીના જૂના કાયદામાં કરી શકાતો નથી. જેને કારણે આપણી યુનિવર્સિટીઓ વર્તમાન રાષ્ટ્રીય પ્રવાહથી વંચિત રહી જાય છે. બીજું, વર્ષો જૂના યુનિવર્સિટી એક્ટ અને યુ.જી.સી.ની પ્રવર્તમાન જોગવાઇઓમાં અસમાનતાના કારણે યુનિવર્સિટી સત્તામંડળો મુઝવણમાં મૂકાય છે કે એક્ટનું પાલન કરવું કે યુ.જી.સી.ની જોગવાઇઓનું પાલન કરવું. આ પ્રકારની મુંઝવણોના કારણે નિર્ણયો લેવામાં મુશ્કેલી ઊભી થાય છે. ક્યારેક આવી અસમંજસ પરિસ્થિતિના કારણે કોર્ટ કેસ પણ ઉદભવતા હોય છે. ગુજરાત રાજ્યમાં તમામ યુનિવર્સિટીઓ માટે એક કાયદો લાવવાથી વહીવટી સરળતા વધશે, નિર્ણયોમાં અસમંજસતાની પરિસ્થિતિ દૂર થશે અને જ્યારે યુ.જી.સી. કે અન્ય કોઇ મહત્ત્વની બોડી ઉચ્ચ શિક્ષણની કોઇ પણ મહત્ત્વની બાબત માટે દિશાનિર્દેશ આપશે ત્યારે તરત જ યુ.જી.સી. કે અન્ય કોઇપણ ગાઇડલાઇનને માત્ર એક નાની પ્રક્રિયા કરી લાગુ કરી શકાશે. આથી આ એક્ટથી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, વર્ષ ૨૦૨૦માં થયેલ સૂચનોનું

અમલીકરણ અને સંચાલન વધુ સારી રીતે થઇ શકશે. સુયોગ્ય સંકલનથી યુનિવર્સિટીઓ દ્વારા ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવા માટેની સુવિધાઓનો યોગ્ય ઉપયોગ થઇ શકશે. સંગઠિત નાણાકીય અંકુશ આવશે. વિવિધ ક્ષેત્રોમાં પરિવર્તનાત્મક સંશોધનોને વેગ મળશે અને યુનિવર્સિટીને ઓટોનોમી મળશે. તેના બોર્ડ ઓફ મેનેજમેન્ટ અને કામ કરતી તમામ સમિતિઓને તે ઓટોનોમીના આધારે વધુ સત્તા મળવાના કારણે પોતે નિર્ણયો લઇ યુનિવર્સિટી અને વિદ્યાર્થીઓના હિત માટે કામ કરતી થાય તે પ્રકારની આમાં જોગવાઇઓ છે. જ્યારે શિક્ષણ સંસ્થાઓમાં માળખાગત સુધારાઓ થશે ત્યારે રાષ્ટ્રીય શિક્ષણ નીતિને વધુ પ્રભાવશાળી અને ઝડપી ગતિથી અમલમાં મૂકી શકાશે. સમયની માંગ પ્રમાણે રિસર્ચ, ઇનોવેશન અને અભ્યાસના મૂલ્યો સમાજમાં ઊભા કરવાના છે. તે ખુદ આપણા દેશની શિક્ષણ સંસ્થાઓ મારફતે શરૂ થવા જોઇએ અને તેનું નેતૃત્વ આપણે સૌએ સાથે મળીને કરવાનું છે. ખાસ કરીને એવી ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ શરૂ કરવી જોઇએ જેનું નેતૃત્વ સમાજના શ્રેષ્ઠ લોકો પાસે હોય. જ્યારે શિક્ષણની એમ્પાવર્ડ સોસાયટીનું નિર્માણ કરવા માટે ઊભા થયા છીએ ત્યારે તેના માટે ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓનું સશક્તિકરણ કરવાનું જરૂરી બને છે. જ્યારે શૈક્ષણિક સંસ્થાઓનું સશક્તિકરણ કરવાની વાત આવે ત્યારે આપણી શિક્ષણ સંસ્થાઓને સ્વાયત્તતા આપવી પણ તેટલી જરૂરી બની રહે છે અને તેના કારણે ગુણવત્તાને અને સૌને વિકસવા માટેનું પ્રોત્સાહન મળી રહેશે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ આવી તે પહેલાં નજીકનાં જ વર્ષોમાં અમારી સરકારે અનેક શૈક્ષણિક સંસ્થાઓને સ્વાયત્તતા આપવાની પહેલ કરી છે. મેં પહેલાં કહ્યું એમ, વર્ષ ૨૦૦૧થી આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે વિવિધ યુનિવર્સિટીઓનો અભ્યાસ કરી બોર્ડ ઓફ મેનેજમેન્ટ અને બીજી કમિટીઓનું નવું મૉડલ બનાવ્યું અને એમાં શૈક્ષણિક ક્ષેત્રે, ઔદ્યોગિક ક્ષેત્રે કે અન્ય ક્ષેત્રોમાં નિષ્ણાત અને પારંગત હોય એવા લોકોની આ કમિટીઓમાં નિમણૂક કરવામાં આવી. જેથી કરીને, આવનારા પ્રવાહો અને દુનિયા સાથે તાલ મિલાવનાર લોકોનું બોર્ડ ઓફ મેનેજમેન્ટ તૈયાર થાય. બીજી યુનિવર્સિટીઓનો અભ્યાસ કર્યા પછી યુનિવર્સિટીઓના કાયદા અને બંધારણ બનાવવામાં આવ્યા. એના કારણે આપણને ખૂબ મોટો ફાયદો થયો છે અને સ્તર પણ સુધર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહને જણાવતાં મને આનંદ થાય છે કે, આ બિલની તમામ જોગવાઇઓથી આપણી બધી જ યુનિવર્સિટીઓને જરૂરી સ્વાયત્તતા મળશે. આ સ્વાયત્તતા સ્વચ્છંદતામાં ન પરિણમે એ માટે આ બિલમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ના મૂળ ભાવને સુસંગત ટાઇટ બટ લાઇક જેવી જોગવાઇઓનું પ્રાવધાન કરવામાં આવ્યું છે. આપણી યુનિવર્સિટીઓનું કામ વૈશ્વિક સ્તરે હરીફાઇ કરવાનું છે. આપણે હવે દેશના સીમાડા સુધી સીમિત રહ્યા નથી. આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે દેશના સીમાડાઓ દુનિયા સુધી પહોંચાડ્યા છે ત્યારે આપણે વિશ્વસ્તરે હરીફાઇ કરવાની જરૂર છે અને આવા નાગરિકો આપણે તૈયાર કરવાના છે. તેના માટે સ્વાયત્તતા હોવી ખૂબ જ જરૂરી બને છે. આપણે આ એક્ટ અંતર્ગત અનેક યુનિવર્સિટીઓને સ્વાયત્તતા આપી રહ્યા છીએ. યુનિવર્સિટીઓને પોતાની રીતે પ્રાપ્ત કરેલ સ્થાવર કે જંગમ મિલકતો રાખવા, હસ્તગત કરવાની ક્ષમતા પૂર્વમંજૂરીને આધીન આપી છે. જેથી, યુનિવર્સિટીઓ રિસર્ચ દ્વારા ઊભા કરેલા ફંડ સ્વતંત્રતાથી વાપરી શકે. અત્યારે એવું થાય છે કે, જો કોઇ યુનિવર્સિટીને ફંડ આપવામાં આવે તો એ ફંડના વપરાશ માટે રાજ્ય સરકારશ્રી પાસે આવવું પડે છે. યુનિવર્સિટીઓ સ્વાવલંબી બને એવી જોગવાઇઓ આ બિલમાં છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપ સ્કોપ ઓપન કરતાં જાવ છો. આપ જેટલા સ્કોપ ઓપન કરશો એટલી ડિબેટ વધારે થશે. આપ આપના સમાપન ભાષણમાં બાકીની પૂરક માહિતી આપો. આ તમે સભ્યશ્રીઓ માટે સારું કરી રહ્યા છો. આ સારી નિશાની કહેવાય. માનનીય મંત્રીશ્રી પહેલેથી જ સ્કોપ ઓપન કરે તો એના પર માનનીય સભ્યશ્રીઓ બોલી શકે. આપના ધ્યાન પર મૂકું છું કે, આપ જેટલો સ્કોપ ઓપન કરશો એટલી ચર્ચા કરવાનો વધારે ચાન્સ મળશે. આપ સારું કરી રહ્યા છો. અધ્યક્ષ તરીકે હું આપશ્રીને બિરદાવું છું.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણે જે કરીએ છીએ એ રાજ્યની પ્રજાના હિત માટે જ કરતા હોઇએ છીએ. યુનિવર્સિટીઓના સુચારું સંચાલન માટે યોગ્ય અધિકારીઓ હોવા છતાં પણ આ જરૂરી છે અને આપણે આ એક્ટ અંતર્ગત સુપ્રીમકોર્ટના વખતોવખતના માર્ગદર્શન અને યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનના ધારાધોરણો મુજબ અધિકારીઓની નિમણૂકની જોગવાઇ કરી છે. જેમાં ગુજરાતના મહામહિમ્ રાજ્યપાલશ્રી યુનિવર્સિટીના ચાન્સેલર રહેશે. મહામહિમ રાજ્યપાલશ્રીનું માર્ગદર્શન આપણને વખતોવખત મળતું રહ્યું છે અને તેમના માર્ગદર્શન હેઠળ વૈશ્વિક સ્તરે ખૂબ નામના મેળવવામાં નવા ભારતના નિર્માણમાં ખૂબ મહત્ત્વની ભૂમિકા રહેશે. આઝાદી પહેલાં ગુજરાતના અમુક વિસ્તારોમાં ગાયકવાડ સરકાર હતી. આવા વિસ્તારોમાં શિક્ષણનું સ્તર ઊંચું જોવા મળે છે. એનું એકમાત્ર કારણ મહારાજા સયાજીરાવ ગાયકવાડની દૂરંદેશી જ હતી. તેમના રાજમાં દીકરીઓને ફરજિયાત શિક્ષણ જેવા ક્રાંતિકારી પરિવર્તનો આવ્યા.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા ભારતના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરને પણ સ્કોલરશીપ આપી અને એમના ટેલેન્ટને દેશ અને દુનિયા સમક્ષ મૂકવા માટેનું જો મહત્ત્વનું કામ કોઇએ કર્યું હોય તો એ મહારાજા સયાજીરાવ ગાયકવાડે કર્યું છે. આપણા સૌ પર એમનું મોટું ઋણ છે. શિક્ષણ માટે સતત ચિંતિત મહારાજા સયાજીરાવ ગાયકવાડ પરિવાર માટે આપણા સૌની લાગણી '' ધ મહારાજા સયાજીરાવ યુનિર્વસિટી, વડોદરા '' સાથે જોડાયેલી રહી છે. તે માટે માત્ર એમ.એસ. યુનિવર્સિટી, વડોદરા પૂરતા ચાન્સેલર અને બોર્ડ ઓફ મેનેજમેન્ટના ચેરપર્સન તરીકે શ્રીમતી શુભાંગિની રાજે ગાયકવાડનું સ્થાન શોભાવવા એક્ટમાં જોગવાઇ કરી છે. યુનિવર્સિટીમાં વાઇસ ચાન્સેલરની ભૂમિકા પણ ખૂબ મહત્ત્વની રહેતી હોય છે. યુનિવર્સિટીનો સંપૂર્ણ

વહીવટ કુલપતિશ્રીની દેખરેખ હેઠળ થતો હોય છે, તે માટે તેમની યોગ્ય નિમણૂક થવી પણ ખૂબ મહત્ત્વની હોય છે. યુ.જી.સી.ના ધારા-ધોરણો અને સુપ્રીમકોર્ટના વખતો-વખતના માર્ગદર્શનને ધ્યાને લઇ, કુલપતિશ્રીની નિમણૂક માટે સર્ચ કમિટી નિમવાની જોગવાઇ અને સર્ચ કમિટી દ્વારા ત્રણ શ્રેષ્ઠત્તમ કોમ્પિનન્ટ વ્યકિતઓના પેનલની ભલામણ કરવાની જોગવાઇ આપણે આ એક્ટમાં કરી છે. જેથી આપણી યુનિવર્સિટીઓના વહીવટમાં તજજ્ઞ લોકોને લાભ મળી શકે. કોઇપણ તજજ્ઞને કામ કરવા માટે યોગ્ય સમય મળી રહે તે માટે આપણે કુલપતિશ્રીને યુનિવર્સિટીના વિકાસ માટે પાંચ વર્ષનો સમય આપી રહ્યા છે. ઘણા લોકોને એમ લાગશે કે, માત્ર ટર્મમાં વધારો કરવાથી શું થશે? આ બિલ દ્વારા આપણે ગુજરાત રાજ્યના ૬.૫ કરોડ નાગરિકોને ખાતરી આપીએ છીએ કે, કુલપતિશ્રીઓની પસંદગી માત્રને માત્ર મેરિટના આધારે કરવામાં આવશે. ત્રણ સભ્યશ્રીઓની બનેલ સર્ચ કમિટી દ્વારા વિદ્વાન, તેજસ્વી અને ઓજસ્વી અધ્યાપકશ્રીઓને શોધીને કુલપતિશ્રી તરીકે નિયુક્ત કરવામાં આવશે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦માં જેમ કહેવાયું છે તેમ આપણી યુનિવર્સિટીમાં જ્ઞાનશક્તિના ઉપાસક, દૂરંદેશી અને દીર્ઘદષ્ટા, સંશોધનોમાં ખ્યાતિ ધરાવનાર, વહીવટી રીતે કાબેલ કુલપતિશ્રીઓ દ્વારા ગુજરાતના યુવાધનનું સ્વર્ણિમ ભાવિ ઘડવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલા આપણી ટર્મ ત્રણ વર્ષની હતી. હવે આપણે પાંચ વર્ષની કરીએ છીએ. એવું થતું હતું કે, એક વર્ષ આવે યુનિવર્સિટીમાં બેસે, આખી વ્યવસ્થા સમજે અને એક વર્ષ તો નવું કરવા માટે આખી નીતિ બનાવી અને અમલીકરણ આવે તથા અમલીકરણ ધરાતલ ઉપર જાય એ પહેલા તો ટર્મ પૂરી થઇ જતી હતી. એટલે પાંચ વર્ષનો સમયગાળો આપ્યો છે જેથી કરીને, એ પાંચ વર્ષમાં ટ્રાન્સફોર્મ કરી શકે. એમણે યુનિવર્સિટી અને શિક્ષણ માટેની કરેલી કલ્પનાઓને સાકાર કરવા માટે પાંચ વર્ષનો ખૂબ લાંબો સમયગાળો આપ્યો છે. ઘણી વખત મનમાં એવું પણ થાય કે, આ પાંચ વર્ષ પછી કદાચ બીજી વખત પાંચ વર્ષ આપીઓ તો એકહથ્થુ શાસન થાય. આ બિલથી ફક્ત પાંચ વર્ષની એક જ ટર્મ આપી છે. પાંચ વર્ષની ટર્મ થવાથી એક જ વખત એમને એ તક મળવાની છે. બીજી વખત તક મળવાની નથી. આ બિલમાં એવી જોગવાઇ કરવામાં આવી છે કે કોઇપણ કુલપતિશ્રીને એક યુનિવર્સિટીમાં માત્ર એક જ ટર્મ મળી શકે. જેથી કરીને, યુનિવર્સિટીને વધુમાં વધુ સારા કૌશલ્યવાન ડાયનેમિક કુલપતિશ્રીઓ પ્રાપ્ત થશે. યુનિવર્સિટીના સુચારુ વહીવટ અને કામોની વહેંચણી માટે યુનિવર્સિટીના અધિકારીશ્રીઓની નિમણૂકની જોગવાઇ કરી છે. ફેકલ્ટી ડીન, રજિસ્ટ્રાર, પરીક્ષા નિયંત્રક, પરીક્ષાના બોર્ડના ડાયરેકટર, નાણાં અને હિસાબી અધિકારી, ડાયરેકટર ઓફ રિસર્ચ અને આ ઉપરાંત, યુનિવર્સિટીની સેવામાં અન્ય અધિકારીશ્રીઓની નિમણૂકની જરૂરિયાત અનુસાર સ્ટેચ્યૂટ દ્વારા નિર્ધારિત કરી શકશે. આ એક્ટ અંતર્ગત યુનિવર્સિટીમાં વિવિધ ઓથોરિટીઝની પણ જોગવાઇ કરેલી છે. જે યુનિવર્સિટીને વિવિધ ક્ષેત્રોમાં આગળ લઇ જવામાં ખૂબ જ મહત્ત્વની ભૂમિકા ભજવશે. બોર્ડ ઓફ મેનેજમેન્ટ જે યુનિવર્સિટીના મુખ્ય નિર્ણયકર્તા અને પૉલિસી મેકિંગ ઓથોરિટી હશે. એક્ઝિક્યુટીવ કાઉન્સિલ જે બોર્ડ ઓફ મેનેજમેન્ટના માર્ગદર્શન હેઠળ રોજિંદા વહીવટ અને જરૂરી ફરજો નિભાવશે. એકેડમી કાઉન્સિલ શિક્ષણ સંશોધન, વિસ્તરણ, મૂલ્યાંકન અને શૈક્ષણિક નીતિઓ ઘડવામાં ખૂબ જ મહત્ત્વની ભૂમિકા ભજવશે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦, ૧૫ વર્ષના ગાળામાં તબક્કાવાર ઉચ્ચ શિક્ષણની તમામ સંસ્થાઓને નવીનીકરણ,પરિણામલક્ષી નેતૃત્વ ધરાવતી સ્વતંત્ર, સ્વાયત્ત સંસ્થા બનાવવાનું લક્ષ્ય રાખે છે. મને આપ સૌને જણાવતા આનંદ થાય છે કે, આ સૂચિત મુસદ્ધામાં આપણી શૈક્ષણિક સંસ્થાઓને વિઝનરી વ્યકિતત્વો અને શિક્ષણવિદોનો યોગ્ય લાભ મળી રહે તે માટે બોર્ડ ઓફ મેનેજમેન્ટની જોગવાઇ કરવામાં આવી છે. આ બોર્ડ ઓફ મેનેજમેન્ટ દ્વારા શૈક્ષણિક સંસ્થાઓમાં બહારની દખલગીરી સમાપ્ત થઇ જશે. ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ અને વિદ્યાર્થીઓ શિક્ષણના હિતમાં સ્વતંત્ર રીતે પોતાના નિર્ણયો સરળતા અને ઝડપથી લઇ શકશે.માનનીય અધ્યક્ષશ્રી, દુનિયાની શ્રેષ્ઠ યુનિવર્સિટી કેમ્બ્રિજ, સ્ટેનફોર્ડ હોય કે ભારતના શ્રેષ્ઠ શૈક્ષણિક સંસ્થાન આઇ.આઇ.એમ. કે આઇ.આઇ.ટી. હોય. આ શ્રેષ્ઠ સંસ્થાનોમાં બોર્ડ ઓફ મેનેજમેન્ટ દ્વારા સત્તામંડળના સભ્યોની નિયુક્તિ કરવાની જોગવાઇ છે. આ જોગવાઇના કારણે વિવિધ ક્ષેત્રના બેસ્ટ બ્રેઇનનો આપણને લાભ મળી શકે અને આ સંસ્થાઓને મળે છે. આ જોગવાઇથી આપણી યુનિવર્સિટીઓ સાચા અર્થમાં જ્ઞાન સાધનાનું કેન્દ્ર બનશે. યુનિવર્સિટીઓમાંથી બિનજરૂરી રાજકારણ સમાપ્ત થશે. સ્થાપિત હિતોનો અંત આવશે. આ બોર્ડ ઓફ મેનેજમેન્ટમાં શિક્ષણવિદો, સમાજના શ્રેષ્ઠીઓ, ઉદ્યોગપતિઓ, પ્રાધ્યાપકો, કોલેજના સંચાલકો, આચાર્યો અને વિદ્યાર્થીઓનો પણ સમાવેશ કરવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની આ સરકાર સર્વ સમાવેશક નીતિઓ બનાવવા માટે જાણીતી છે. ફરીથી એકવાર સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને આપણા સૌનો પ્રયાસ. એ સૂત્રને સાર્થક કરવા સ્ટેક હોલ્ડર્સને બોર્ડ ઓફ મેનેજમેન્ટમાં સમાવવામાં આવ્યા છે. અહીંયા દરેક આગવા સમાજને આગવું સ્થાન આપવા માટે પ્રયાસ કરવામાં આવ્યો છે. બોર્ડ ઓફ મેનેજમેન્ટ, એકઝિક્યુટીવ કાઉન્સિલ, એકેડેમિક કાઉન્સિલ અને અન્ય બોર્ડના સભ્યોને ઓવરઓલ સિનિયોરિટી સ્ટેચ્યૂટમાં દર્શાવેલા અન્ય માપદંડો જેવા કે સંશોધનમાં ફાળો, સામાજિક પ્રતિષ્ઠા, યોગ્ય વ્યવહાર જેવા ધોરણો જે સ્ટેચ્યૂટમાં દર્શાવેલા હશે તેના આધારે વાઇસ ચાન્સેલર દ્વારા કોલેજના અધ્યાપકો, આચાર્યો, યુનિવર્સિટીના પ્રોફેસરો, અધ્યક્ષોની નિમણૂકો થશે. જેમાં ૩૩ ટકા મહિલા સભ્યોની જોગવાઇ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ભૂપેન્દ્રભાઇ સાહેબની સરકારે મહિલાઓના શિક્ષણમાં યોગદાનને પણ મહત્ત્વ આપ્યું છે. આ બધાની અવધિ અઢી વર્ષની રહેશે. આ ઉપરાંત યુનિવર્સિટીઓ દ્વારા અન્ય ઓથોરિટીઝ પણ બનાવી શકાશે.

બોર્ડ ઓફ ડીન્સ, બોર્ડ ઓફ સ્ટડીઝ, બોર્ડ ઓફ પોસ્ટ ગ્રેજ્યુએશન, એજ્યુકેશન ઇન કોલેજ, બોર્ડ ઓફ એક્ઝામિનેશન એન્ડ ઇવેલ્યુએશન, બોર્ડ ઓફ રિસર્ચ, યુનિવર્સિટીની અન્ય ઓથોરિટીઝ જે સ્ટેચ્યૂટ દ્વારા નિયુક્ત કરવામાં આવે. આ બધી ઓથોરિટી યુનિવર્સિટીના રિસર્ચ, અન્વેષણ, ગુણવત્તાયુકત અભ્યાસ માટે સતત કાર્યશીલ રહેશે. આ ઉપરાંત રાજય સરકાર દ્વારા એક મોડલ સ્ટેચ્યૂટ બનાવીને તમામ યુનિવર્સિટીઓમાં આપવામાં આવશે. જેથી કરીને રાષ્ટ્રીય શિક્ષા નીતિ-૨૦૨૦ના અમલીકરણ માટે એકસૂત્રતા જળવાઇ રહે તથા વિદ્યાર્થીઓને ચાલુ અભ્યાસે યુનિવર્સિટી બદલવી હોય તો બદલી શકે. વિદ્યાર્થીઓને વિવિધ વિષયોના અભ્યાસનો સીધો લાભ મળી શકે અને સરળતાથી એન.ઇ.પી.-૨૦૨૦નું અમલીકરણ કરી શકીએ. આ યુનિવર્સિટીને આ મોડલના સ્ટેચ્યૂટમાં નાના મોટા સુધારા કરવા હોય તો તે રાજય સરકારની પૂર્વ મંજૂરી મેળવીને ભૌગોલિક રીતે, સામાજિક રહેણીકરણી અને સંસ્કૃતિને અનુરૂપ કરી શકશે. યુનિવર્સિટીઓ જુદા જુદા વિસ્તારમાં આવી હોય એટલે સામાજિક રહેણીકરણી પણ જુદી હોય. ભૌગોલિક વિવિધતા પણ હોય. સંસ્કૃતિ પણ જુદી હોય. તો એને અનુરૂપ કોઇ એને ચેઇન્જ કરવા હોય તો એ ચેઇન્જ કરવાની પણ રાજય સરકારની સંમતિથી છૂટ છે. આપણે જયારે ઉચ્ચ શિક્ષણમાં પરિવર્તનની વાત કરતા હોઇએ ત્યારે માત્ર આજ ઉપર તેની અસર થવાની નથી, પરંતુ તેની અસર દેશના અને રાજયના ભાવિ ઉપર થવાની છે. આપણે દેશની ભાવિ પેઢી તૈયાર કરવાની છે. વર્ષ ૨૦૪૭માં જયારે આપણો દેશ આઝાદીના ૧૦૦ વર્ષ મનાવી રહ્યો હશે ત્યારે આપણી આ યુવા પેઢી દેશને દિશા આપી રહી હશે. એટલે જ હું આ બિલને ખૂબ ઐતિહાસિક ગણાવું છું. સાથે સાથે શિક્ષણની અંદર જે આપણી પરંપરાગત જૂની યુનિવર્સિટીઓ છે. એક જ બંધારણ, એક જ સ્ટેચ્યૂટ, એક જ નિયમોના અંતર્ગત આવરી લઇ અને આવતા સમયમાં જુદા જુદા જે વિદ્વાનો છે. ઉદ્યોગ ક્ષેત્રના હોય, શિક્ષણ ક્ષેત્રના હોય, વિજ્ઞાન ક્ષેત્રના હોય કે કોઇપણ ક્ષેત્રના તજજ્ઞોનો લાભ આપણને આ યુનિવર્સિટીઓમાં મળવાનો છે. ઘણા લોકોને એવી ગેરસમજ પણ છે કે આ પબ્લિક યુનિવર્સિટી કાયદો આવતા યુનિવર્સિટીઓની આગવી વિશેષતા સમાપ્ત થઇ જશે. એવું કાંઇ નથી. યુનિવર્સિટીઓના સાંસ્કૃતિક વૈવિધ્યને હાનિ પહોંચશે. આવું પણ કાંઇ નથી. જે લોકો આવી પાયાવિહીન વાત કરે છે. મારે એટલું જ જણાવવું છે કે ભારતીય જનતા પાર્ટીની આ સરકાર દેશના સાંસ્કૃતિક વૈવિધ્યને પોંખવામાં અને પોષવામાં માને છે.અમારી પાર્ટી તો સાંસ્કૃતિક રાષ્ટ્રવાદના પાયા ઉપર રચાઇ છે અને મને સારે જહાં સે અચ્છા..ગીતની પંક્તિ યાદ આવે છે..

'कुछ बात है कि हस्ती मिटती नहीं हमारी,
सदीयों रहा है दुश्मन दौरे जहाँ हमारा,
सारे जहां से अच्छा हिंदुस्ताँ हमारा।'

માનનીય અધ્યક્ષશ્રી, આ દેશમાં કશું ને કશુંક તો એવું છે કે અનેક આક્રમણો થયા પણ આપણા દેશની પરંપરાઓ જીવંત છે. એ કશુંક એટલે આપણું સાંસ્કૃતિક વૈવિધ્ય. આપણું સાંસ્કૃતિક વૈવિધ્ય આપણને બીજાં કોઇ પણ દેશ કરતાં નોખા પાડે છે. હું આપના માધ્યમથી ગૃહને આશ્વસ્ત કરવા માગું છું કે આ સૂચિત કાયદામાં દરેક યુનિવર્સિટીનો સાંસ્કૃતિક પરિવેશ, સાંસ્કૃતિક વિવિધતા જળવાયેલા જ રહેવાના છે. આ પબ્લિક યુનિવર્સિટી એક્ટ અમલમાં આવશે ત્યાર પછી પણ દરેક યુનિવર્સિટી પોતાના અભ્યાસક્રમો જાતે તૈયાર કરી શકશે. યુનિવર્સિટીના પોતાના સક્ષમ સત્તામંડળોની મંજૂરીથી નવા પ્રોગ્રામ, નવા કોર્સીસ કરવા માટે સ્વાયત્ત રહેશે. યુનિવર્સિટી એક્સટર્નલ તરીકે વિદ્યાર્થીઓને ડિગ્રી આપી શકશે. ઓન લાઇન કોર્સીસ તૈયાર કરી શકશે. દૂરવર્તી પાઠ્યક્રમો પણ ચલાવી શકશે. આ ઉપરાંત યુનિવર્સિટીની સ્થાનિક વિશેષતા જળવાઇ રહે તે માટે આ કાયદામાં કેટલાક અપવાદો પણ રાખ્યા છે. ઉદાહરણ તરીકે બરોડાના દીર્ઘદ્રષ્ટા મહારાજા સયાજીરાવે શરૂ કરેલ ઉત્તમ શૈક્ષણિક પરંપરા અને બરોડા રાજ્યના વિકાસમાં તેમના પ્રદાનને ધ્યાને લઇને આ સૂચિત કાયદામાં મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડાના ચાન્સેલર તરીકે રાજમાતા શુભાંગિની રાજે ગાયકવાડજીને ચાન્સેલરના સ્થાન ઉપર યથાવત રાખી અમે ગૌરવની લાગણી અનુભવીએ છીએ. બાકીની ૧૦ યુનિવર્સિટીમાં રાજ્યના માનનીય રાજયપાલશ્રી ચાન્સેલરનો હોદ્દો ધારણ કરશે. કુલાધિપતિનું ગરિમામય સ્થાન શોભાવશે. ગુજરાત સરકાર દરેક યુનિવર્સિટીના સાંસ્કૃતિક વૈવિધ્ય અને આગવી વિશેષતાને માન આપે છે. તેનું સંરક્ષણ અને સંવર્ધન કરવા કટિબદ્ધ છે. આ એક્ટમાં યુનિવર્સિટી સંસ્થાના એફિલેશન, માન્ય ફી, પરીક્ષકોની નિમણૂક, ફરજો, પરીક્ષાઓનું સંચાલન, અન્ય મૂલ્યાંકન અને યુનિવર્સિટી સાથે સંલગ્ન કોલેજોમાં રેગિંગને રોકવા માટેની પદ્ધતિ અને વિદ્યાર્થીઓના હિતને લગતી તમામ બાબતો આપણે સમાવિષ્ટ કરી છે. જો કોઇ કોલેજ પોતાની ક્ષમતાના આધારે શ્રેષ્ઠ પ્રદર્શન કરતી હોય તો એ કોલેજને ઓટોનોમી આપવી પડતી હોય છે. જેનાથી અમુક ઉત્તમ નિર્ણયો સંસ્થા પોતે પોતાની રીતે લઇ શકે તે માટેની પણ યોગ્ય વ્યવસ્થા આમાં મૂકવામાં આવેલ છે. યુ.જી.સી. દ્વારા જે સંસ્થાને કોલેજ ઓફ પોટેન્શિયલ એક્સલન્સ અથવા તો કોલેજ ઓફ એક્સલન્સ તરીકે ઓળખવામાં આવે તો તે સંસ્થાને ઓટોનોમસનો દરજ્જો આપી શકાય છે. આવી વિશેષ જોગવાઇ પણ આપણે રાખી છે. આપણે આપણી સંસ્થાઓને આઇ.આઇ.ટી., આઇ.આઇ.એમ.ની સમકક્ષ બનાવવા માટે પ્રતિબદ્ધ છીએ. દુનિયા સાથે હરિફાઇ કરવા માટે આપણે એ કક્ષાએ પહોંચવું જ પડશે અને તેના માટે જરૂરી સુધારા આપણે કરી રહ્યા છીએ. માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની સરકારમાં તેના ત્વરિત પગલાં પણ લેવાઇ રહ્યાં છે. યુનિવર્સિટી પોતાના દ્વારા સ્થાપિત ભંડોળો ઊભા કરી શકે છે. જેનાથી

સરકારની ગ્રાન્ટ સિવાય પણ પોતાના ફંડમાંથી તેઓ રિસર્ચ, શિક્ષણની ગુણવત્તા માટે વધુ કામ કરી શકે અને સાથે જ યુનિવર્સિટી પોતાની રીતે શૈક્ષણિક, બિન-શૈક્ષણિક સ્ટાફની નિમણૂક કરી શકે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે જાણીએ છીએ કે ૨૧મી સદી એ જ્ઞાનની સદી છે અને ભારતની પણ સદી છે. આપણી યુનિવર્સિટીઓ પોતાની આગવી ઓળખ ઊભી કરી શકે તેના માટે રિસર્ચ અને ડેવલપમેન્ટમાં પણ વિકાસ કરવો પડશે. વિદ્યાર્થીઓ માટે આપણે રિસર્ચની સુવિધાઓ ઊભી કરવા માટે સગવડો ઊભી કરી મદદ કરવા માટે સંસ્થાઓને સંપૂર્ણ સ્વાયત્તતા આપી છે. તેના માટે સરકારની કોઇ મંજૂરી લેવાની રહેશે નહીં. આઇ.આઇ.ટી., આઇ.આઇ.એમ. જેવી નેશનલ સંસ્થાઓના સારા અનુભવોમાંથી આપણે સારી વ્યવસ્થાઓ લઇ અને આપણી યુનિવર્સિટીને વધુ મજબૂત બનાવી રહ્યા છીએ. આપણે નવી યુનિવર્સિટી બનાવવા માટે નવું બિલ આ ગૃહ સમક્ષ રજૂ કરી કોઇ પણ નવી યુનિવર્સિટી બનાવી શકતા હતા. હવે આ અધિનિયમની અનુસૂચિ ભાગ-૨માં નવી યુનિવર્સિટીની રચનાની જોગવાઇને આધારે નવી યુનિવર્સિટી બનાવવાની જોગવાઇ આ ગૃહ સમક્ષ રજૂ કરી નવી યુનિવર્સિટી બનાવી શકાય છે. કારણ કે તેને પણ આજ એક્ટ લાગુ પડશે. આ એક્ટ આવવાના કારણે જૂના એક્ટમાંથી રદ થતા કાયદા, શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફ, કર્મચારી અને અધિકારીઓને યથાવત ચાલુ રાખવાની સ્પષ્ટ જોગવાઇ કરી છે. આ કાયદાથી આપણી યુનિવર્સિટીઓને વધુ વહીવટી અને નાણાકીય ઓટોનોમી મળશે. તમામ કોલેજો, યુનિવર્સિટીના વિભાગો, અધ્યાપકો અને સિનિયોરિટી થકી રોટેશનથી બોર્ડ ઓફ મેનેજમેંટ એક્ઝિક્યુટીવ કાઉન્સિલ, એકેડેમિક કાઉન્સિલ અંતર્ગત લાભ મળશે. યુનિવર્સિટીઓમાં શિક્ષકો અને બહારના એક્સપર્ટનો પણ લાભ મળશે જે ગુજરાતની ઉચ્ચ શિક્ષણ વ્યવસ્થાને વિશ્વ સાથે હરીફાઇ કરવા માટે તૈયાર કરશે. ગુજરાતની તમામ પબ્લિક યુનિવર્સિટીઓમાં પ્રવેશ, અભ્યાસ, પરીક્ષાઓ અંગે એકસરખી વ્યવસ્થા થતા વિદ્યાર્થીઓને પ્રવેશ અને પરિણામ પણ સમયસર મળતા થઇ જશે. તમામ યુનિવર્સિટીઓમાં પરીક્ષાઓ, પ્રવેશ, વિષયોના બાસ્કેટ, નિયમો સમાન થતા એન.ઇ.પી. એક્ટ- ૨૦૨૦ના અમલીકરણનો ફાયદો વિદ્યાર્થીઓને મહત્તમ થશે. યુનિવર્સિટીઓની વહીવટી કામગીરી અને શિક્ષણમાં સુધારો થવાનો છે. યુનિવર્સિટી પોતાની એલીમની દ્વારા કે રિસર્ચ માટે સાધનો ઊભાં કરી સરકારની કોઇપણ મંજૂરી કે દખલગીરી વગર ફંડ એકત્ર કરી શકશે અને એ પોતાના શિક્ષણ અને સંશોધનોમાં વાપરી શકશે. તમામ ઓથોરિટીઝમાં નિયુક્ત કરેલ સિનિયર અધ્યાપકો, આચાર્યો, યુનિવર્સિટી અધ્યાપકો, પ્રોફેસરો, ડીમ્સમાં ૩૩ ટકા મહિલાઓને આ શિક્ષણના નિર્ણયોના અમલકરણમાં સહભાગી થવાની છે જેથી જેન્ડર ઇક્વાલિટીની વાત છે. મહિલાઓના જ્ઞાનનો પણ આપણને લાભ મળશે અને યુનિવર્સિટીઓમાં પણ શિક્ષણ જગતમાં કામ કરતાં લોકોનો સમાવેશ થતા સંપૂર્ણ ઓટોનોમી સાથે વિદ્યાર્થીઓના વ્યાપક હિત તેઓ સિદ્ધ કરશે એટલા માટે સરકારે કોઇ અધિકારીને રાખેલ નથી. સરકાર માત્ર માર્ગદર્શન અને પ્રગતિનું જ મોનિટરિંગ કરશે. આજ સાબિત કરે છે કે રાજય સરકાર શિક્ષણ જગતને પૂર્ણ મોકો અને પૂરી ઓટોનોમી આપવા માગે છે. ભારતીય જનતા પાર્ટીની સરકારે હંમેશા દેશના અને રાજયના ખૂબ લાંબા સમયના હિત માટેનું વિઝન રાખ્યું છે. માનનીય પ્રધાનમંત્રીશ્રી મોદીસાહેબ પણ આગામી ભારતના સો વર્ષના ભવિષ્યની ચિંતા કરે છે. આ દિશામાં નક્કર પગલાં લેવા પણ જરૂરી છે. આપણે સૌ જાણીએ છીએ કે હવે આવનારી યુવા પેઢી જ આ દેશનું ભવિષ્ય છે તે માટે યુવા પેઢીના સર્વાંગી વિકાસ માટે આ પેઢીઓને નવી ક્ષમતાઓ વિકસાવવા માટે આપણા યુવાનોને રિસર્ચ ક્ષેત્રે ઇનોવેશન, સ્ટાર્ટઅપ ક્ષેત્રે દુનિયામાં ભારત અને ગુજરાતનું નામ ઉજ્જ્વળ કરે તે માટે આ ઐતિહાસિક ગુજરાત પબ્લિક યુનિવર્સિટી બિલ ૨૦૨૩ આ સન્માનનીય ગૃહ સમક્ષ મૂકવા આપની અનુમતિ માગું છું. પબ્લિક યુનિવર્સિટી એક્ટ આપણો છે એવું બિલ ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ ઘણી જગ્યાએ એ ચાલુ જ છે, મારી આપ સૌને વિનંતી છે કે ગુજરાતના હિતમાં આપ સૌ એને અનુમતિ આપો, સંમતિ આપો અને ગુજરાતમાં અને ભારતમાં એક સંદેશો આપીએ, ગુજરાતના ગૃહમાં કોંગ્રેસ હોય કે ભા.જ.પ. હોય પરંતુ જયારે ગુજરાતની વાત આવે એટલે સૌ એક મળી અને ગુજરાતને આગળ વધારવા માટે પ્રતિબદ્ધ છીએ એવી ભાવના આપણે સૌ પ્રગટ કરીએ. ધન્યવાદ.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રીએ વિસ્તૃત વિષય મૂકયો છે એમાં માનનીય સભ્યશ્રીઓને સરળતા એટલા માટે રહેશે કે એમણે ઘણો બધો સ્કોપ ઓપન કર્યો છે, પરંતુ સ્કોપની સાથે સાથે ઘણી બધી શંકાઓના સમાધાન પણ એમણે કહી દીધા છે એટલે તમે ચર્ચા કરો અને એમાં તમારા મનમાં પ્રશ્ન આવે, એ પ્રશ્નના ઉત્તર એમણે વહેલા આપી દીધા છે. તો જે પ્રશ્નના ઉત્તર આપી દીધા હોય અને એમાં આપને સંતોષ લાગતો હોય તો એની ચર્ચા ફરી રિપીટ ન કરીએ, પરંતુ બાકી સ્કોપ જે ઓપન કર્યો છે એના પરિપ્રેક્ષ્યમાં એમના દ્વારા જવાબ ન મળ્યા હોય એ બાબતની ચર્ચા કરીશું તો આ એક રસપ્રદ અને પ્રોડક્ટિવિટીવાળું બિલ બનશે અને મારે માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપવા પડે કે એમણે શરૂઆતથી જ આટલો વિસ્તૃત સ્કોપ ઓપન કરીને આ બિલની સંપૂર્ણ ચર્ચા થાય એવી સરકારની જે ઉદારતા છે અને તમામ એંગલથી ચર્ચા થાય અને તમામ એંગલ દ્વારા આ એક પરિપકવ કાયદો બને અને એની અંદર આવનારી પેઢીને શિક્ષણ માટે ક્રાંતિકારી બિલ બની જાય, એવી ઇચ્છા હશે એટલા માટે એમણે વિસ્તૃત ફલક ઓપન કર્યું છે તો એના પરિપ્રેક્ષમાં સ્કોપની બહાર ના જઇએ અને જેના સમાધાન મળી ગયા છે એની રિપીટ ચર્ચા ન કરીએ એટલી મારી વિનંતી હતી.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા(પોરબંદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ આ બિલનું પાઇલોટિંગ કરતી વખતે ઘણી બધી વિગતો આપી. અમને શ્રી ઋષિકેશભાઇ પાસેથી બહુ મોટી આશા હતી. આ જે શિક્ષણ છે એ કોઇ દિવસ

સરકારની દાસી બને? અને બને તો તેને મુક્ત કરનાર સરકારવતી માનનીય ઋષિકેશભાઇ બિલ લઇને આવે એવી અપેક્ષા રાખતા હતા. હું અને માનનીય કિરીટભાઇ ગઇ વિધાનસભાના સત્ર વખતે યુનિવર્સિટીઓની અંદર યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનના નિયમો પ્રમાણે વર્ષોથી કુલપતિઓની નિમણૂક થતી નથી તો હવે નિયમો પ્રમાણે કરો એવી રજૂઆત કરવા માટે બીજા શિક્ષણની અંદર સંકળાયેલા લોકોને લઇને ગયા હતા ત્યારે શ્રી ઋષિકેશભાઇએ જે વાત કરી હતી એ હું ગૃહ સમક્ષ કરું છું. યુ.જી.સી.ના નોર્મ્સ પ્રમાણે ૧૦૦ ટકા હવે વાઇસ ચાન્સેલર નિમાવાના છે અને નીમ્યા પણ ખરા અને ઘણા બધા સુધારાઓ આ યુનિવર્સિટી એક્ટમાં પણ લઇ આવવાના છે ત્યારે મને એમ હતું કે શ્રી ઋષિકેશભાઇ ક્રાંતિકારી બિલ લઇને આવશે. જો કે એમણે યુ.જી.સી.ના નોર્મ્સ પ્રમાણે એ વાત હું સ્વીકારું કે એમના આવ્યા પછી એમણે વાઇસ ચાન્સેલરની નોર્મ્સ પ્રમાણે નિમણૂક કરી છે. સવાલ એ છે કે વિશ્વ ગુરુ બનવું હોય તો ભાષણથી બની શકાય નહીં. એક પાયામાંથી શિક્ષણ વ્યવસ્થામાં સુધારા કરીને શિક્ષણને મુક્ત કરવું પડશે. આપણાં જ એક પૂરાણનો શ્લોક છે કે -

''तत् कर्म यनबंधाय शा विद्याया विमुक्तये।

कर्म वही है जो बंधन में न बांधे, पर विद्या यही है जो विमुक्त करे।''

વિદ્યા છે એ કોઇ દિવસ કોઇને ભક્ત કે ગુલામ બનાવતી નથી એ તો આઝાદ હોય છે. એ પોતાના ગુરુ અને માતા-પિતા સાથે ડાયલોગ કરી શકે એ વિદ્યા છે. સરકાર કહે કે આ પ્રમાણે કરો એ વિદ્યા નથી. આપ જે બિલ લઇને આવ્યા છો એ તો સંપૂર્ણપણે સરકારીકરણ કરતું બિલ છે. મારા સહિતના અહીંયા કેટલા બધા મિત્રો બેઠા છે કે જેમણે એક યુગની અંદર ત્રણ યુગ જોયા છે. ભૂતકાળની કોઇ પઢીએ પણ જોયા નથી અને ભવિષયની પેઢીને પણ જોવા નહીં મળે. અંધારા યુગથી શરૂ કરીને મશીન યુગ અને અત્યારે આઇ.પી.એલ. યુગ જોયો છે. ત્રણ જનરેશન જોયા અને વિદ્યા છે ને એ પ્રકાશ પાથરનારું હોય છે, એનો કોઇ દાખલો હોય તો હું છું અને સામે બેઠેલા, પાછળ બેઠેલા બધા લોકો છે કે જે વિદ્યા થકી અહીં આવેલા છે.

''जरूरी नहीं रोशनी चिरागों से हो, शिक्षा से भी घर रोशन होता है।''

માનનીય અધ્યક્ષશ્રી, આ શિક્ષાથી ઘર રોશન કરનારા હું અને તમે બેઠા છીએ. હું સામે જોવું છું અને અહીંયાય જોવું છું. મેં ફાનસનો નહીં દીવાનો યુગ જોયો છે. નવી પેઢીએ દીવો જોયો પણ નહીં હોય અને ફાનસનું નામ સાંભળ્યું હશે. આમાંથી સામે બેઠા છે એમાંથી જ ઘણા બધા દીવા યુગ અને ફાનસ યુગના પણ છે. હું પહેલી લાઇનમાં અડધા કરતા વધુ લોકોને જોઉં છું. શહેરમાં નથી જન્મ્યા એ બધાએ દીવા યુગ જોયો છે અને ફાનસ યુગ જોયો છે એણે ઘરની રોશની ઊભી કરી છે.(અંતરાય) ગંભીરતાથી વાત થતી હોય ત્યારે હું પોલિટિકલ બોલું ત્યારે જરૂરથી બોલજો તો હું આવકારીશ. નવા મિત્રો છો એટલે ખબર ન હોય મને ડિસ્ટર્બ કરનારાને બહુ જડબાતોડ જવાબ આપું છું પણ જયારે કોમેન્ટ કરવાની હોય કારણ કે હું બહુ ગંભીરતાથી બોલું છું અને આ શ્રી ચિરાગભાઇ અહિંયા બેઠા છે એટલા માટે કહું છું દીવાના અજવાળે ભણીને આ યુનિવર્સિટીએ જે એકટ બનાવ્યા, સરકારે નિયમો જે બનાવ્યા એને કારણે આ શ્રી કુબેરભાઇ ડીંડોર શિક્ષક થઇ શકયા અને મંત્રીશ્રી પણ છે. આ બિલ પછી તમે હવે આવા મંત્રીઓ નહીં નિહાળો. શ્રી કુંવરજીભાઇ હળપતિ સ્કૂલના પ્રિન્સિપાલ પણ છે અને અહીંયા ધારાસભ્ય અને મંત્રીશ્રી પણ છે. તમારું બિલ શિક્ષાવિદોનું પ્રદાન કરવાનું બંધ કરાવી દેશે એનો દાખલો હું પણ છું અને અહીંયા બેઠેલા અનેક લોકો છે. વિશ્વગુરુ બનવા માટેની કલ્પનાની આ યુનિવર્સિટીઓ હતી અને ભારતનો તો સમૃદ્ધ વારસો છે.

માનનીય અધ્યક્ષશ્રી, દુનિયાની બે ઓલ્ડેસ્ટ યુનિવર્સિટીઓ તક્ષશિલા અને નાલંદા ઇ.સ. પૂર્વે ૫૦૦ વર્ષ પહેલા સ્થપાઇ હતી અને વિશ્વનું જ્ઞાનનું કેન્દ્ર હતું. કયારેક સનાતન સંસ્કૃતિ સાથે આગળ વધતા હતા, કયારેક બૌદ્ધિક સંસ્કૃતિ સાથે આગળ વધ્યા અને પર્શિયન સહિત યુરોપના બધા જ ભણવા આવતા. આ આપણી પાસે હતું અને એમાં કોઇ રાજાઓનો અંકુશ નહોતો. એ સ્વતંત્ર હતા અને રાજાઓને માર્ગદર્શન આપનારા લોકો ત્યાં હતા. આ જે લઇને આવ્યા છો એમાં એવા વિદ્વાનો પેદા થવાના નથી. એ યુગને બાદ કરો તો દુનિયાની અત્યારની વર્તમાન જગતની ઓલ્ડેસ્ટ યુનિવર્સિટી છે એ બોલોગ્ના યુનિવર્સિટી ઇટાલીની સન ૧૦૮૬ની સાલમાં બની અને હજી આવી વિશ્વની યુનિવર્સિટીઓ અસ્તિત્ત્વ ધરાવે છે એનું કારણ એ છે કે સરકારી યુનિવર્સિટીઓ નહોતી. એ સ્વાયત્ત યુનિવર્સિટીઓ હતી. ભારતની અંદર અંગ્રેજો આવ્યા. લોર્ડ મેકોલેએ પોતાને અનુકૂળ આવે, અંગ્રેજોને અનુકૂળ આવે એવી સ્થિતિની શિક્ષા આપી. એની કોલોનીને અનુકૂળ આવે એવી શિક્ષા નીતિ લઇ આવ્યા પણ એની બ્રાઇટ પ્રોડકટ પણ એ થઇ અને એ શિક્ષામાંથી શિક્ષણ મેળવેલા લોકો ક્રાંતિકારી બન્યા. અંગ્રેજોએ સ્થાપેલી સૌથી પહેલાની યુનિવર્સિટી એ સિરાગપોર યુનિવર્સિટી વેસ્ટ બેંગાલ અને એ પછી તો પંજાબ યુનિવર્સિટી, મદ્રાસ યુનિવર્સિટી, બોમ્બે યુનિવર્સિટી કેટલી બધી યુનિવર્સિટી થઇ. આપણા દેશના મહાનુભાવોએ અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી, બનારસ યુનિવર્સિટીથી શરૂ કરીને કેટલી બધી યુનિવર્સિટી બનાવી. સન ૧૯૨૫માં મહાત્મા ગાંધીજીએ ગુજરાત વિદ્યાપીઠ બનાવી. કોઇ યુનિવર્સિટીઓ સરકારની દાસી નહોતી. બધી જ સ્વાયત્ત હતી અને પોતાની શિક્ષાને લગતા બધા નિર્ણયો ભલે સરકાર ગ્રાન્ટ આપતી હોય તો પણ આ યુનિવર્સિટીઓ પોતે લેતી હતી. આપણે મૂકીએ એ જ વાઇસ ચાન્સેલર સારા અને બીજા લોકો એનું બોર્ડ ઓફ ગવર્નન્સ મૂકે એ બરાબર નહીં, એ વિચાર જ ગુલામીનું પ્રતીક છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું વાત એ કરતો હતો કે માનનીય મંત્રીશ્રી બિલ લઇને આવ્યા છે એ એવું બિલ છે કે અત્યાર સુધી તો બધું ફ્રી સ્ટાઇલ સ્વિમિંગ હતું. હવે માનનીય મંત્રીશ્રી આ બિલ દ્વારા શું કહે છે ખબર છે? મન ફાવે ત્યાં માછલીઓને

તરવાનું નહીં, સ્વિમિંગ પુલના સઘળા નિયમોનું પાલન કરવાનું.માછલીઓને માટે પણ, શિક્ષકોને માટે પણ સરકારી નિયમોનું પાલન કરવાનું. હવે આપ એવી યુનિવર્સિટી બનાવવા માગો છો, અહીંયા આપણે શિક્ષણની અંદર બહાર આવનારો માણસ છે તે પોતાની વાત પોતે મેળવેલા શિક્ષણના આધારે કરે છે. કોઇ સારો ચિત્રકાર હોય તો કાર્ટુન બનાવે, સરકારની સામે વિરોધ કરવો હોય તો કાર્ટુન બનાવે. આર.કે.લક્ષ્મણે શ્રી જવાહરલાલ નહેરૂનું કપડાં વગરનું કાર્ટુન બનાવેલું. નહેરૂજીએ કોઇ દિવસ તેને જેલમાં ન્હોતા પૂર્યા પણ તે કાર્ટુન ઉપર પોતાની સિગ્નેચર આપીને જમવા બોલાવ્યા હતા. કોઇ કવિતા બનાવે. હું જે વાત કરતો હતો તે આ જે મેકોલોનું શિક્ષણ છે તેની બાયપ્રોડકટ શું થયું? તેની બાયપ્રોડકટ એ થાય કે તેમાંથી જે ભણેલા લોકો છે તે યુનિવર્સિટીઓમાં ભણ્યા, ઇંગ્લેન્ડ ભણવા ગયા અને આઝાદીની ચિનગારી લઇને આખા દેશમાં ઘૂમ્યા અને આખી નવી ફોજ ઊભી કરી. એકલા મહાત્મા ગાંધી કે એકલા કોંગ્રેસ પક્ષે આઝાદી મેળવી છે તેમ કહેવું હોય તો તે બરાબર નથી. ભલે તેમણે દેશને પ્રેરણા આપી, દેશને ઊભો કરવાની પ્રેરણા આપી પણ એવા મજબૂત લોકો ઊભા થયા કે જેના લીધે અંગ્રેજોએ દેશ છોડીને જવું પડ્યું. આ માછલીઓને તે વખતે પણ તરવાની છૂટ હતી. એટલા માટે હિન્દી જગતની અંદર જે કવિઓનાં નામ આપ્યાં અને કહ્યું સારે જહાં સે હિન્દુસ્તાં હમારા. અનામા ઇકબાલથી શરૂ કરીને રામધારી દિનકર સુધી. બરાબર છે ને? આઝાદીની છાપવાળો આખો ગાંધીયુગ થયો. જેમાં કવિઓએ દેશભક્તિ ઉપર....

અધ્યક્ષશ્રી : તમે બરાબરનો હુંકારો અપાવશો તો સભ્યશ્રીઓ નીચે બેઠા બેઠા કોમેન્ટ કરશે અને પછી તમે મને કહેશો કે મને ડિસ્ટર્બ કરે છે. એટલે એ લોકો ત્યાંથી બોલે ત્યારે શું ખબર તમને મજા આવે છે એટલા માટે વાત કરો છો? તમે સીધા બિલ ઉપર જ રાખો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મને ખબર છે કે, સામે લોકો પણ વિદ્વાન બેઠા છે. એટલે મારી વાતને હુંકારો દે, માણસને હુંકારો ન દે તો એમ થાય કે મારું બધું દોણામાં જતું નથી. નીચે જાય છે. એટલે કયારેક હુંકારાની જરૂર પડે. એટલે મારા મિત્રો હુંકારો આપે, બીજા હુંકારો આપશે તો પણ વાંધો નથી. મને ડિસ્ટર્બ કરે તેનો પણ વાંધો નથી. હું તો ખાલી ડિસ્ટર્બ કેવી રીતે કરવા અને કયારે કરવા તેની વાત કરતો હતો. આ મનફાવે ત્યાં માછલીઓની વાત આવી.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : ઝવેરચંદ મેઘાણીનું કહો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : હા, એ જ લઇ આવું છું.

અધ્યક્ષશ્રી : માનનીય કનુભાઇને આજે રસ પડયો અને કહે છે કે, ઝવેરચંદ મેઘાણીની કોઇ વાર્તા હોય તો કહો અને હવે કહી દો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મને લાગે છે કે, શ્રી કનુભાઇ સૌથી વધારે મને ઓળખી ગયા એનો મતલબ એવો થયો. હું લઇ આવવાનો જ હતો. એમણે ફાનસ જોયા છે એના કરતાં તે મને ઓળખી ગયા છે. માનનીય મુખ્યમંત્રીશ્રી, શ્રી કનુભાઇ ઓળખી ગયા અને હું ખરેખર શ્રી ઝવેરચંદ મેઘાણીને લઇ આવું છું. પોપટ હવે મોટો થઇ ગયો.

અધ્યક્ષશ્રી : અહીં પોપટની ચર્ચા હવે નહીં.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં જ આપની હાજરીમાં પોપટની ચર્ચા ભૂતકાળમાં થયેલી છે તે હું આજે કરવાનો નથી. મારો પોપટ ઉપર જતો રહ્યો, નહીંતર ચર્ચા કરતો. હું જે કહેતો હતો કે, આ માછલીઓને બંધન કેવું છે? અમારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટના એક શિક્ષક. ગુજરાતીના હેડ ઓફ ધી ડિપાર્ટમેન્ટ અને તેમણે યુનિવર્સિટીના કૌભાંડ ઉપર એક કવિતા લખી. એટલે તેમને બીજા દિવસે સસ્પેન્શનનો ઓર્ડર આવ્યા. તે કવિતા ન લખી શકે? તે ગુજરાતીનો શિક્ષક છે, હેડ ઓફ ધી ડિપાર્ટમેન્ટ છે. વાંધો કરવો હોય થોડો ઘરણાં ઉપર બેસે? એ તો કવિતા લખે, પત્ર લખે. તો એમને સસ્પેન્ડ કર્યા. આ શિક્ષણને દાસી બનાવવાની વાત છે. જયારે અંગ્રેજોનો સમય હતો ત્યારે યુનિવર્સિટી ફ્રિડમ મૂવમેન્ટના સેન્ટરો હતાં. છતાં શિક્ષકોને કોઇ દિવસ કાઢી મૂક્યા હોય તેવો બનાવ બન્યો નથી. જે પ્રકારની અભિવ્યક્તિ હોય એ પ્રકારની પોતાની અભિવ્યક્તિ એ કરતા હોય છે. માનનીય કનુભાઇએ વાત કરી ઝવેરચંદ મેઘાણીની. એની વાત કરું હમણાં.

માનનીય અધ્યક્ષશ્રી, ઝવેરચંદ મેઘાણીને ધંધુકાની કોર્ટમાં ખોટા આરોપ હેઠળ, સાચો આરોપ ન હતો ખોટો આરોપ હતો એના માટે એમને જજ ઇશાણી સમક્ષ રજૂ કરવામાં આવ્યા અને કહ્યું કે તમને દોષિત જાહેર કરું છું અને હવે તમારે કંઇ કહેવું હોય કે સજા ઓછી કરો કે વધારે કરો તો કહો. તો કહે સજા ઓછી કરવાની કે વધારે કરવાની મારે વાત કરવી નથી પણ એમણે કહ્યું કે મને એક કવિતા ગાવાની છૂટ આપો. એમણે કવિતા ગાઇ અને એમણે શું ગાયું.

"હજારો વર્ષની જૂની અમારી વેદનાઓ,
કલેજા ચીરતી, કંપાવતી, અમ ભયકથાઓ.
મરેલાંનાં રુધિર ને જીવતાના આંસુડાઓ,
સમર્પણ એ સૌ તારે કદમ, પ્યારા પ્રભુ ઓ! "

માનનીય અધ્યક્ષક્ષી, આખી કવિતા વાંચી ત્યારે જજ ઇશાણી રડી પડ્યા અને આખો કોર્ટ રૂમ પણ રડી પડ્યો. આ તાકાત કવિતાઓમાં અને આ તરતી માછલીઓમાં હતી. શ્રી ગાંધીજીની પ્રેરણાથી એ વખતની યુનિવર્સિટીમાં ઊભા થયેલા શ્રી ઝવેરચંદ મેઘાણીએ કહ્યું હતું અને જ્યારે મહાત્મા ગાંધી બીજી રાઉન્ડ કોન્ફરન્સમાં જતા હતા ત્યારે બાપુના દિલની વેદના એક

કવિ શિક્ષણમાંથી બહાર આવેલો એક સ્વતંત્ર નાગરિક, સ્વતંત્ર કવિ જ બોલી શકે કે, છેલ્લો કટોરો ઝહેરનો આ પી જજો બાપુ, સાગર પીનારા અંજલિ ના ઢોળજો બાપુ અને બાપુ રાઉન્ડ ટેબલ કોન્ફરન્સમાંથી પાછા આવવાના હતા, ખબર ન હતી કે શું પરિણામ આવવાનું છે પણ આ કવિને ખબર હતી કે, માતા તારો બેટડો આવે આશા વિણ એકલો આવે. ખાલી હાથે બાપુ આવ્યા હતા. આ મહાત્મા ગાંધીની પ્રેરણા આપતી કવિતા હતી, એટલું જ નહીં આખા દેશને પ્રેરણા આપતી કવિતા હતી. આવા કવિઓ અને આવી માછલીઓ કોઇ દિવસ આવી યુનિવર્સિટીઓમાંથી ઊભી ન થાય. માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા તો બધા કહ્યાગરા શિક્ષકો, કહ્યાગરા વાઇસ ચાન્સેલરો અને પછી કહ્યાગરા વિદ્યાર્થીઓ બનાવવાના હોય તો આપણાથી વિશ્વગુરુ ના બની શકાય. એ તો મેકોલોનું શિક્ષણ હતું. જો નાગરિક જ્યાં સુધી સ્વતંત્ર વિચારે નહીં ત્યાં સુધી આપણે આ કરી શકીશું નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું હમણાં કે કેવી યુનિવર્સિટીઓ હોવી જોઇએ? આ કલ્પના હતી નાલંદા યુનિવર્સિટીની, ત્યારે વર્ષ ૨૦૦૬માં ડો. મનમોહન સિંઘને વિચાર આવ્યો કે નાલંદા યુનિવર્સિટીને ફરી પાછી રિવાઇવ કરવી જોઇએ, એ રિવાઇવ કરી વર્ષ ૨૦૧૦ની અંદર આપણે નાલંદા યુનિવર્સિટીનો એક્ટ લઇ આવ્યા.૧૬ દેશો સાથે મળીને નાલંદા યુનિવર્સિટી બનાવી. ૪૬૦ એકર જમીન અપાઇ અને નોબેલ પારિતોષિક વિજેતા આમર્ત્ય સેન પહેલા ચાન્સેલર બન્યા. એ નોબેલ પારિતોષિક વિજેતા કોઇ યુનિવર્સિટીના ચાન્સેલર બનાવવા હોય તો એ સરકારી યુનિવર્સિટીમાં બનાવી શકાય નહીં. અત્યાર સુધીનો આપણો રેકર્ડ છે કે, એ આવી જ યુનિવર્સિટીમાં બની શકે. એ બન્યા પણ આખરે નારાજ થઇને, મજબૂર થઇને એમણે જવું પડ્યું કારણ કે એમણે કહ્યું કે આ યુનિવર્સિટીમાં ઓટોનોમી નથી. બીજા વાઇસ ચાન્સેલર જે આવ્યા એ સિંગાપુરના ફોરેન મિનિસ્ટર હતા એનું નામ હતું જ્યોર્જ એઓ એ પણ થોડોક સમય રહ્યા અને એમણે પણ કહ્યું કે ઓટોનોમી નથી એટલે નીકળી ગયા અને આખરે પરિણામ એ આવ્યું એ યુનિવર્સિટીને ઓટોનોમી ન આપી એટલે એ આજે એક સરકારી યુનિવર્સિટી બનીને રહી ગઇ છે. વૈશ્વિક યુનિવર્સિટી બનાવવાની જે કલ્પના હતી એ થઇ ન શક્યું.

માનનીય અધ્યક્ષશ્રી, ઓટોનોમી વગર કોઇ યુનિવર્સિટી, કોઇ ઇન્સ્ટિટ્યૂશન પાર એક્સેલન્સ બની શકે જ નહીં. ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી આઇ.આઇ.ટી. શ્રી જવાહરલાલ નહેરુએ બનાવી હતી, એમણે એવું કહ્યું નહોતું કે સરકાર જ એના ડાયરેકટરને નીમશે. એનું બોર્ડ ઓફ ગવર્નર એની અંદર પ્રોફેશનલ ટાટા કે બિરલાના પ્રતિનિધિઓ કે એવા લોકો જે યુનિવર્સિટીને કંઇક પ્રદાન કરી શકે એવા હતા, એવા લોકોને લઇ આવ્યા એટલે આઇ.આઇ.ટી. આજે વિશ્વ કક્ષાની આપણી ઇન્સ્ટિટ્યૂશન બની શકી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારે ધીરે ધીરે કરી અને કુલપતિને નીમવાના અધિકારો પોતાની પાસે લઇ લીધા. નહીંતર કુલપતિઓ કોણ નીમતું હતું? જે તે યુનિવર્સિટીની સેનેટ અને એકેડેમિક કાઉન્સિલ સાથે મળી...

**પોઇન્ટ ઓફ ક્લેરિફિકેશન**

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૦૭થી ૨૦૧૨માં હું શિક્ષણ મંત્રી હતો તે વખતે ૧૧ યુનિવર્સિટી હતી. પ્રાઇવેટ યુનિવર્સિટી કુલ મળીને ૬૫ થઇ અને પ્રાઇવેટ યુનિવર્સિટી વખતે જે શ્રી અર્જુનભાઇ ભાષણ કરતા હતા અને તે જ ભાષણ અત્યારે ચાલુ છે. મારું એટલું જ માનવું છે કે, કાં તો પ્રાઇવેટ તરફ કાં તો સરકારનો અંકુશ હોવો જોઇએ એ બેમાંથી એક વાત સ્પષ્ટ કરો તો જરા ગૃહને મજા આવશે.

અધ્યક્ષશ્રી : તમારું ક્લેરિફિકેશન થઇ ગયું હશે, બરાબર છે? એમણે તેમનો અનુભવ કહ્યો છે ત્યારે કદાચ શિક્ષણ મંત્રી હશે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મને દુઃખ છે કે અત્યારે શિક્ષણ મંત્રી નથી એટલું જ નહીં, મંત્રી પણ નથી, મારા વડીલ છે અને તેમનું સૂચન માથે ચડાવું છું. અહીંયા વાત એ કરતો હતો કે પહેલાં આપણી યુનિવર્સિટીઓને સ્વાયત્તતા હતી. કુલપતિ નીમવાના અધિકાર તે સંપૂર્ણપણે ત્યાંની એકેડેમિક કાઉન્સિલ અને ત્યાંની સેનેટ પાસે હતા અને એટલે તે વખતે કોઇ જેવા તેવા વ્યકિતઓ આ પદ ઉપર રહેતા નહોતા. હું થોડાક ગુજરાત યુનિવર્સિટી અને બીજી બે-ત્રણ યુનિવર્સિટીઓના દાખલા આપું છું કે કેવા કેવા લોકો હતા? આ બરોડા યુનિવર્સિટી છે જે આપણા રાજ્યની બેસ્ટ યુનિવર્સિટી પૈકીની એક ગણાય છે. પહેલાં એના વાઇસ ચાન્સેલર ડો.શ્રીમતી હંસા મહેતા હતા. આંતરરાષ્ટ્રીય કક્ષાની વ્યકિત હતા. સરકારે નીમેલા નહોતા પણ ત્યાંના લોકોએ નીમેલા હતા. જયોતિન્દ્ર મહેતા, ડો.સી.એસ.પટેલ, એન.કે.પટેલ, પી.જે.મદન આ બધાનાં નામ તમે અને હું બધા જાણીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, સન ૧૯૮૧થી ૧૯૮૪માં લોર્ડ ભીખુ પારેખ આંતરરાષ્ટ્રીય નામ. હવે આમાંથી આમના જેવા એના પછીના પિરિયડમાં કેટલા વાઇસ ચાન્સેલરો મૂકયા? મારે લિસ્ટ વાંચવું નથી, પણ છેલ્લે સુરેશ દલાલ હતા. એ પછી એક પણ નામાંકિત કહી શકાય એવા છે? બરોડા યુનિવર્સિટીના સુરેશ દલાલ અને ડો.અનિલ કાણે. પણ તે પછી જે આવ્યા તે બધા જ યુ.જી.સી.ની લાયકાતના ધોરણો વગરના આવ્યા. હું લાયક કે ગેરલાયકમાં પડતો નથી, પણ યુ.જી.સી.એ જે નોર્મ્સ પ્રોફેસર અને દસ વર્ષના કર્યા હતા તે પણ નહોતા. વાત એ છે કે કેવા વાઇસ ચાન્સેલર હતા? તેની હું વાત કરી લઉં. તે વખતના ડો.પી.સી. વૈદ્ય અને શ્રી ઉમાશંકર જોષી તે બે ગુજરાત યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર ચૂંટાયેલા હતા. તે શ્રી ઉમાશંકર જોષીને શ્રીમતી ઇંદિરા ગાંધીની સરકાર હતી ત્યારે નોમીનેટેડ રાજયસભાના મેમ્બર બનાવ્યા. શ્રી ઉમાશંકર જોષીને તોલે બહુ ઓછા કવિઓ આવે એવા બહુ મોટા ગજાના કવિ જેને આપણે નંબર વન ઉપર મૂકી શકીએ એવા કવિ હતા.

તા. ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૨૩

ગુજરાત પબ્લિક યુનિવર્સિટી વિધેયક, ૨૦૨૩

માનનીય અધ્યક્ષશ્રી, જે સરકારે રાજયસભાના સભ્ય બનાવ્યા તે સરકારની સામે તેણે મોરચો ખોલી દીધો હતો. આ સરકારો હતી તે વખતે હું સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં વીસ વર્ષ સુધી સેનેટ અને સિન્ડિકેટ મેમ્બર રહ્યો. આમાંના ઘણા લોકો સૌરાષ્ટ્રના મિત્રો છે તે મને જાણે છે. તે વખતે અમારે પ્રો.વાઇસ ચાન્સેલરની એક નિમણૂક કરવાની હતી અને શ્રી પ્રબોધભાઇ રાવલ તે વખતે શિક્ષણ મંત્રી હતા. અમે બધા એક ડેલિગેશન લઇ અને તેમની પાસે ગયા. અમારી સાથે સંકળાયેલા થોડા રાજકીય રીતે એક વ્યકિતની અમે ભલામણ કરવા ગયા કે આને પ્રો.વાઇસ ચાન્સેલર બનાવો. શ્રી પ્રબોધ રાવલના શું શબ્દો હતા તે હું આપને કહું છું. એમણે કહ્યું કે, ''હું શિક્ષણ મંત્રી ખરો અને શિક્ષણ મંત્રી કે શિક્ષણ મંત્રાલય વાઇસ ચાન્સેલરની નિમણૂક કરે પણ હું એનાથી મોટો થઇ જતો નથી. તમારા વાઇસ ચાન્સેલર કહેશે કે આને મૂકવાના છે તો જ મૂકાશે નહિ તો મૂકાશે નહિ.'' અમારા કહેવાથી એને ન જ મૂક્યા. આ ગરિમા એ વખતે વાઇસ ચાન્સેલરોની હતી. શ્રી સુરેશ દલાલની વાત કરું તો એ કુલપતિ હતા અને અમારા મિત્ર શ્રી નરહરિભાઇ એ વખતે શિક્ષણમંત્રી અને નાયબ મુખ્યમંત્રી હતા. શ્રી સુરેશ દલાલ શિક્ષણ મંત્રીને મળવા આવ્યા. એમને પાંચ મિનિટ એન્ટી ચેમ્બરમાં રાહ જોવી પડી. એ નારાજ થઇ ગયા અને રાજીનામું મોકલાવ્યું. શ્રી ચીમનભાઇ પટેલે એમને સમજાવવા પડ્યા કે, ''શ્રી નરહરિભાઇની ભૂલ થઇ ગઇ. આપને પહેલાં એટેન્ડ કરવા જોઇતા હતા.'' પહેલાંના વાઇસ ચાન્સેલરો તો શિક્ષણ મંત્રીને મળવા જ ન જાય. એ તો ગવર્નરને મળવા જાય. એ એમ કહે કે ગવર્નર અમારા હેડ ઓફ ધ ડિપાર્ટમેન્ટ છે. એટલા માટે જ શિક્ષણનો જે પહેલો લૉટ હતો એ ગુજરાતના ચિરાગો બન્યા. આજે કોઇ ગુજરાતના ચિરાગો નહિ બને. શિક્ષણને કોઇ દિવસ આંગળિયાત ન બનાવાય.

માનનીય અધ્યક્ષશ્રી, આ બિલમાં બધી જ ઓટોનોમી લેવાઇ રહી છે. ગુજરાતમાં તો આપણે ઓટોનોમી આપવાવાળા છીએ. ગુજરાતમાં શિક્ષણનો મજબૂત પાયો નાંખનારા અને શિક્ષણની ચિંતા કરનારા લોકો હતા. મહાત્મા ગાંધીએ વર્ષ ૧૯૨૫માં ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના કરી. અત્યાર સુધીની સરકારોએ ત્યાં હસ્તક્ષેપ કરવાની હિંમત કરી નથી. ગુજરાત વિદ્યાપીઠના લોકોએ સરકાર સામે અનેક વખત આંદોલનો કરેલા છે. સરકારે કોઇ દિવસ એમ કહ્યું નથી કે ''અમારા પૈસા લઇને અમારી સામે શું કરવા આંદોલનો કરો છો.'' એ જ ઓટોનોમીની બ્યુટી છે. માનનીય મંત્રીશ્રીએ સયાજીરાવ ગાયકવાડની વાત કરી. સયાજીરાવ યુનિવર્સિટી સયાજીરાવ કૉલેજમાંથી ઊભી થઇ.

અધ્યક્ષશ્રી : આપ મંત્રીશ્રીના સ્કૉપ ઉપર તો સરસ વાત કરો છો. બિલની બહાર બોલો છો એવું હું કહેતો નથી, પરંતુ બિલના ક્યા ક્યા વિષયોમાં શું શું ફેરફાર કરવા જેવો લાગે છે તેના આનુષંગિક વાત કરશો તો મને લાગે છે કે વધારે અસરકારક રહેશે. આપ કરી શકવા માટે સક્ષમ છો એટલા માટે હું તમને કહું છું.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપની વાત સ્વીકારું છું. હું એ વાત પણ કરવાનો છું. એમણે સયાજીરાવ ગાયકવાડની વાત કરી. એમાં હું એક વધારાનું નામ મહારાજા ભગવતસિંહ, ગોંડલનું પણ ઉમેરીશ. આ બે મહારાજાઓ એવા થયા કે જેમણે જનતાની વિશેષ ચિંતા કરી. જે રીતે સયાજીરાજ ગાયકવાડના રાજમાં શિક્ષણ ફરજિયાત હતું એમ અમારે ત્યાં મહારાજા ભગવતસિંહે દીકરીઓ માટે પણ ફરજિયાત શિક્ષણ કર્યું હતું. ગોંડલના ચરખડી ગામમાં મારા મિત્ર રહેતા હતા. જ્યારે હું ભણતો હતો ત્યારે એમના ત્યાં રોકાવા જાઉં. મારા મિત્રની મા ભણેલી હતી પણ મારા મિત્રના મોટાભાઇના પત્ની આઝાદી પછી જન્મ્યા હતા. એ અભણ હતા. આવી ચિંતા કરનારા લોકો આપણે ત્યાં જન્મ્યા છે. આપણે ત્યાં ગુજરાતમાં સૌથી પહેલી કૉલેજ ગુજરાત કૉલેજ બની. એના પછી અમારા ભાવનગરના મહારાજાએ શામળદાસ કૉલેજ બનાવી. જૂનાગઢના નવાબે બહાઉદ્દીન કૉલેજ બનાવી. સુરતની ગાર્ડા કૉલેજ બની. આ કૉલેજો ૧૦૦-૧૨૫ વર્ષ જૂની થઇ ગઇ અને આજે એ ગુજરાતનું ઘરેણું છે. એ ઘરેણાને સાચવવું જોઇએ. અત્યારે ભણવા જનારા ઊંચી ફી આપનારા વિદ્યાર્થીઓ હશે. અમે બધા તો એવી સંસ્થાઓમાં ભણેલા છીએ કે એ સંસ્થા ન હોત તો અમે કદાચ ભણી જ શક્યા ન હોત. એ મારી પ્રાથમિક શાળા હોય, મારા ગામની માધ્યમિક શાળા હોય, મારી લખધીરસિંહ એન્જિનિયરિંગ કૉલેજ હોય કે જ્યાં એક રૂપિયો ફી આપ્યા વગર અમે બધા ભણ્યા છીએ. સરકારે ૯૦૦ રૂપિયા સ્કોલરશીપ આપીને ફ્રી ભણાવ્યા હતા અને અમારી ૨૦૦ રૂપિયા ફી પણ માફ કરી દીધી હતી. તેના કારણે અમે ભણી શક્યા એટલે અમને મોરબીની કૉલેજ મા લાગે છે. હું શ્રી કાંતિભાઇને લઇને માનનીય મુખ્યમંત્રીશ્રી પાસે અને માનનીય ઋષિકેશભાઇ પાસે ગયો હતો કે અમારી માના કપડાં બહુ જૂનાં થઇ ગયા છે, તૂટી ગયા છે, જરાક સરખા કરી દો. હું તમારો આભાર માનું છું કે આપે અમારી લખધીરસિંહ એન્જિનિયરિંગ કૉલેજના જૂના બિલ્ડિંગને હેરિટેજ રીસ્ટોરેશન કરવાની ખાતરી આપી છે. તે વખતે ભાવનગરના શ્રી પ્રતાપભાઇ શાહ શિક્ષણમંત્રી હતા. હું જે કૉલેજમાં ભણતો હતો ત્યાં એમના પુત્ર પણ ભણતા હતા એટલે અમને બધાને લઇ ગયા. મેં અમારા આચાર્યને કહ્યું કે સાહેબ તમે પણ આવો ને તો તેમણે કહ્યું કે હું તો મારા ડાયરેક્ટર પાસે જાઉં. માનનીય શિક્ષણમંત્રી બોલાવશે તો હું જરૂર આવીશ. બોલાવ્યા પછી જરૂર ગયા. આ માન શિક્ષકોનું હતું, આ માન આપણે ત્યાં ઈન્સ્ટિટ્યૂશનોનું હતું. સરકારી કૉલેજમાં કદાચ આ ન બની શકે. આની અંદરથી સંપૂર્ણપણે ઓટોનોમી છીનવવામાં આવી છે. સિન્ડિકેટ અથવા તો એક્ઝિક્યુટીવ કાઉન્સિલની વચ્ચે એક બોડીમાં યુનિવર્સિટીને લગતાં તમામ નિર્ણયો થવા જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીની દલીલ એવી છે કે મોટાભાગે અત્યારે વાઇસ ચાન્સેલરને ડિસ્ટર્બ કરનારા લોકો આવે છે તો હું તે બાબતમાં સહમત થતો નથી. કારણ કે હું ૨૦ વર્ષ સુધી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં રહ્યો અને અમે તમામ નિર્ણયો કર્યા. અમે બધાએ નિર્ણય કરેલો કે હવે એક પણ નવી આર્ટ્સ કે કૉમર્સ કૉલેજ આપવાના બદલે કોમ્પ્યૂટર કે બીજા

ઈન્સ્ટિટ્યૂશનમાં પૈસા વાપરીએ. સ્વ. ચીમનભાઇ પટેલે રાજકીય કારણોસર એકાદ કૉલેજને ખાસ કિસ્સા તરીકે મંજૂરી આપી. અમે કહ્યું કે અમે હવે નિર્ણય કરીને જે ગામોમાં કૉલેજ નથી ત્યાં બધી જગ્યાએ આપીશું. અમે ૩૭ કૉલેજને મંજૂરી આપી અને સરકારે અમારો નિર્ણય માન્ય રાખ્યો. આ બધી ૩૭ કૉલેજો આજે પણ હયાત છે. અમને કોઇ દિવસ રોક્યા ન હતા. અમારી સાથે આર.એસ.એસ.ના ખૂબ મોટા કાર્યકર આદરણીય પ્રવિણભાઇ મણિયાર (પ્રવિણકાકા) અમારા વડીલ મિત્ર હતા. ડૉ. પાડલિયાને ખ્યાલ છે કે બહુ સારી રીતે અમારી મિત્રતા હતા. એ એક જ ચૂંટાતા હતા. અમે આખી યુનિવર્સિટી સિન્ડિકેટ એક તરફ હોય અને આદરણીય પ્રવિણકાકા એક તરફ હોય. અંદર આવીએ એટલે બધા રાજકીય જૂતા બહાર કાઢીને ઘણી વખત આદરણીય પ્રવિણકાકા કહે તેમ થાય. તેમને તેમની પોતાની કૉલેજ વિશ્વકર્મા વિદ્યા પ્રતિષ્ઠાન (વી.વી.પી.) શરૂ કરવી હતી. આજે આ એક મોટી કૉલેજ છે. તેની કમિટીના ચેરમેન તરીકે પ્રવિણકાકાએ કહ્યું કે શ્રી અર્જુનભાઇને લઇ આવો તો તમને મદદ કરવા લાગશે. તેના સ્ટાફના સિલેક્શન કમિટીના ચેરમેન તરીકે મને બોલાવ્યો અને મારી કૉલેજોમાં કેટલીય વખત આવતા હતા. સવાલ એ છે કે એ વખતે અમે રાજકારણમાં હતા, પણ કોઇ દિવસ ત્યાં રાજકારણ લાવતા ન હતા કે મેન્ડેટ પ્રથા ત્યારે ન હતી. આ સિન્ડિકેટ સભ્યો બને, આ સેનેટ સભ્યો બને એ ત્યાંથી નીચેથી બધું આવતું હતું. યુનિવર્સિટીઓમાં પરીક્ષા શુદ્ધીકરણ કમિટીમાં મારા ૧૫ વર્ષમાં ક્યારેય કોઇ રાજકીય માણસના દીકરા-દીકરીઓ ક્યાંય ચોરી કે કોઇ બીજી ગેરરીતિ કરતાં પકડાયા હોય તેવું જોયું નથી.એમાં શિક્ષકોના લોકો જ પકડાયા છે. અમારા જેવા જાય તો રોકવામાં આવતા હતા અને ત્યાં મિલિભગત થઇ જતી હતી. ગુજરાતમાં આપણી યુનિવર્સિટીઓ પૈકી એકપણ યુનિવર્સિટી એકથી સોમાં આવતી નથી. ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા યુનિવર્સિટીઓને એકથી સો નંબર આપે છે એમાં આટલાં વર્ષો પછી પણ આપણી યુનિવર્સિટીનું નામ આવતું નથી. મારા જે મિત્રોને ખબર નથી એમને હું કહું છું કે જે યુનિવર્સિટીઓમાં ઓટોનોમી છે એ તમામ યુનિવર્સિટીઓ આગળ છે. એકથી દસમાં ગુજરાતની એકપણ યુનિવર્સિટી નથી. આ એકથી દસ યુનિવર્સિટીઓમાં જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી, બનારસ હિંદુ યુનિવર્સિટી, અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી, જામીયા મિલિયા યુનિવર્સિટી આવે. આનું એકમાત્ર કારણ એ છે કે, આ યુનિવર્સિટીઓમાં ઓટોનોમી છે. જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ ચોક્કસ બાબતોમાં વિરોધ કરે છે. આ વિરોધ આજનો કરતાં નથી, પણ શ્રીમતી ઇન્દિરા ગાંધી હતા ત્યારે એમને પણ કેમ્પસમાં આવવા દીધા નહોતા. આવા વિરોધો અમે પણ કરેલા છે. દીકરાઓનો અધિકાર છે કે મા-બાપની સામે અવાજ ઉઠાવે. આપણે એમને બીજી રીતે જોઇએ એ વ્યાજબી નથી. ઓટોનોમી આપો તો એ યુનિવર્સિટીઓ આગળ નીકળી શકે. મેં આ અગાઉ જે યુનિવર્સિટીઓના વાઇસ ચાન્સેલરનાં નામ આપ્યાં એવા એક પણ વાઇસ ચાન્સેલર મને બતાવો કે ૧૫-૨૦ વર્ષમાં આપના કોઇ પુરોગામીઓએ આવા કુલપતિઓની નિમણૂક કરી હોય. છેલ્લાં ૧૫ વર્ષના કુલપતિઓના નામ કોઇ સડસડાટ બોલીને બતાવો તો ખરા. હા, ગુજરાત યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર શ્રી આદેશ પાલનું નામ મને યાદ છે. દક્ષિણ ગુજરાતમાં આપણા એક પ્રજાપતિ છે એમનું નામ મને યાદ છે પણ એ બીજાં કારણોસર યાદ છે.

માનનીય અધ્યક્ષશ્રી, નવનિર્માણનું આંદોલન થયું ત્યારે શ્રી યશવંત શુકલા વાઇસ ચાન્સેલર હતા. એમની સાથે એક વિદ્યાર્થીએ મિસ બિહેવ કર્યું એટલે એમણે રાજીનામું આપી દીધું. ઘણા લોકોએ એમને સમજાવ્યા કે એ તમારો વિદ્યાર્થી નહોતો. એ તો બહારની વ્યક્તિ હતી. એમણે કહ્યું કે, મારા વિદ્યાર્થીઓ હાજર હતા અને આવું કર્યું એટલે હું નહીં આવું. એમણે રાજીનામું આપી દીધું. આને ડેડીકેટેડ શિક્ષણ કહેવાય. આવા વાઇસ ચાન્સેલર આ સિસ્ટમમાં કેવી રીતે આવશે? આપ કહો છો કે, યુ.જી.સી.એ જે ગાઇડલાઇન્સ નક્કી કરી છે એ પ્રમાણે જ વાઇસ ચાન્સેલરોની નિમણૂક કરી છે. હું ના પાડતો નથી, પણ અગાઉ ૧૫ વર્ષમાં ભાગ્યે જ કોઇક જગ્યાએ નિમણૂક કરી છે. તો આ ફરી પાછું રિપીટિશન ન થાય એની શું ખાતરી? એક્ટમાં આની જોગવાઇ હોવી જોઇએ. સુપ્રીમકોર્ટે કહ્યું પછી આપણે આની શરૂઆત કરી. સુપ્રીમકોર્ટે બે ચુકાદાઓ આપ્યા કે આ ખોટું છે. અહીંયા મેં બીજી પણ ઘણી યુનિવર્સિટીઓની વાત કરી છે. આપણે આપણી હયાત સિસ્ટમને મજબૂત કરવાની જરૂર છે. આપણે પ્રાઇવેટ યુનિવર્સિટીઓ બનાવી. અત્યારે શ્રી રમણભાઇ નથી, પણ એમણે કહ્યું એ પ્રમાણે હું ઘણી પ્રાઇવેટ યુનિવર્સિટીઓમાં પોઝિટિવ બોલેલો છું. નિરમા યુનિવર્સિટીનું બિલ આવ્યું ત્યારે આપણે પોઝિટિવ વાત કરી હતી. કડી વિશ્વ વિદ્યાલયનું બિલ આવ્યું ત્યારે પોઝિટિવ વાત કરી છે. ગણેશ યુનિવર્સિટીનું બિલ આવ્યું ત્યારે અમે પોઝિટિવ વાત કરી છે. પણ આજે આ યુનિવર્સિટીના ફીનું માળખું જોજો. એન્જિનિયરિંગ કોલેજમાં જયાં ફી રેગ્યુલેશન કમિટી છે ત્યાં આટલું બધું મોટું કામ હોવા છતાં એની ટર્મ ફી રૂ. ૧ લાખ હોય છે. આપણી અહીંયા પી.ડી.પી.યું. જે જૂનું નામ છે તે અને અમદાવાદ યુનિવર્સિટી એની આર્ટસ અને કોમર્સ કોલેજની ફી કેટલી? તો રૂ. ૨ લાખ અને બરોડા યુનિવર્સિટીની આ જ ફેકલ્ટીમાં એડમિશન લેવું હોય તો ફી રૂ. ૮.૫ હજાર. નફો કરવા માટે? ત્યાં નિયંત્રણ કરવાની જરૂર હતી કે તમે આટલાથી વધારે ફી લઇ શકો નહીં, પણ ત્યાં બધી જ છૂટ છે. આપણે નિયંત્રણ લઇને આવ્યા અને આપણે આટલો બધો ખર્ચ કર્યા પછી હું એ વાત કરતો હતો કે, આપે અહીંયા નેકની વાત કરી. આપણે ગરીમા પ્રોજેક્ટ કર્યો. નેકમાં એક્રેડીટેશનમાં આપણી કોલેજો ૧થી ૧૦માં તો આવતી નથી પણ એ A ++ કે B ++ આવે કે A +++ આવે એના માટે આપણે પ્રયાસો કરીએ પણ આજે હાલત શું છે? ૧૦૮ યુનિવર્સિટી, અત્યારે કદાચ બે-ચાર વધી હશે. એમાંથી ૮૮ યુનિવર્સિટી પાસે નેકનું એક્રેડીટેશન નથી. એટલે એ પોતે એનું પોતાનું સ્ટાન્ડર્ડ નક્કી કરવા જ માગતા નથી. ત્યાં ગયા જ નથી. ૨૪૯૮ કોલેજોમાંથી ૨૩૭૧ કોલેજ પાસે આ N S S C નું એક્રેડીટેશન નથી. હવે એપ્લાય જ ન થાય એના બદલે એમાં કંઇક કર્યું હોત કે જે લોકો A +++ લઇ આવે તો બીજા બધા કરતાં અમે એને ડબલ

ગ્રાન્ટ આપીશું અને કંઇ એપ્લાય નહીં કરે તો એને આટલું પનિશમેન્ટ એના શિક્ષકો, પ્રિન્સિપાલ, મેનેજમેન્ટ જે કોઇ કરતું હોય તે કરશે, પરંતુ આપ જે લઇને આવ્યા છો એનાથી તો એવું થવાનું કે અત્યારે અમદાવાદમાં દર વર્ષે જે ગ્રાન્ટ ઇન એઇડ સ્કૂલો અને ગ્રાન્ટ ઇન એઇડ કોલેજો છે એ બધી બંધ કરીને ત્યાં પ્રાઇવેટ શરૂ કરવા માગે છે. જયારે એ શરૂ થઇ હશે ત્યારે એની જમીન કોઇ દાતાએ આપી હશે, નહીં તો સરકારશ્રીએ આપી હશે. કોઇએ વેચાતી લીધી નથી. (વચ્ચે અટકાવતાં)

અધ્યક્ષશ્રી : એક મિનિટ માનનીય અર્જુનભાઇ, આપ બેસો.

**પોઇન્ટ ઓફ ક્લેરિફિકેશન**

ડો. મહેન્દ્રભાઇ પાડલિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારું પોઇન્ટ ઓફ ક્લેરિફિકશન છે. માનનીય અર્જુનભાઇ અહીંયા જે વિગતો મૂકી રહ્યા છે કે, ૧૦૮ યુનિવર્સિટીઓમાંથી ૨૮ યુનિવર્સિટીને નેકનું એક્રેડીટિશન નથી. એ બાબતે હું સ્પષ્ટતા કરવા માગું છું કે, અહીંયા માનનીય શિક્ષણ મંત્રીશ્રી જે બિલ લાવ્યા છે એ ૧૧ યુનિવર્સિટીના સંદર્ભમાં તમામે તમામ ૧૧ યુનિવર્સિટીઓનું નેક એક્રેડીટેશન થયેલું છે. આ બાબતે રેકર્ડ જોઇ લેવા વિનંતી છે. નમસ્કાર.

અધ્યક્ષશ્રી : માનનીય અર્જુનભાઇ, આપે જે વાત કરી છે એ હોય તો આપ સુધારી લો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મેં ૧૦૮ યુનિવર્સિટીની વાત કરી છે. ૧૧ યુનિવર્સિટીની વાત જ કરી નથી. મેં પ્રાઇવેટની વાત કરી છે.

અધ્યક્ષશ્રી : આ બિલ પ્રાઇવેટ માટેનું નથી પણ આ જે બિલ ચાલે છે એ તો સરકારી માટેનું છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું એમાં કહી તો શકું ને?

અધ્યક્ષશ્રી : ઠીક છે તમે કહી શકો. તમારા માટે માનનીય મંત્રીશ્રીએ સ્કોપ વધારે ઓપન કર્યો છે એટલે તમે વાત કરી શકશો અને એને હું રોકી નહીં શકું. પરંતુ માનનીય ડૉ.પાડલિયાજીનું પોઇન્ટ ઓફ ક્લેરિફિકેશન પણ રેકર્ડ ઉપર રહેશે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, ડૉ. પાડલિયાના પોઇન્ટ ઓફ ક્લેરિફિકેશનની હું પણ નોંધ લઉં છું. પણ મારે એમાં એટલું જ કહેવાનું છે કે પછી જયારે ડૉ.પાડલિયા ઊભા રહ્યા ત્યારે આપણી યુનિવર્સિટીનું રેન્કિંગ શું છે? A ++ કેટલી છે? લગભગ હશે જ નહીં. B ++ કેટલી છે? કે B કેટલી છે એ જરા આપ ગૃહ સમક્ષ લઇને આવજો તો અમારું જ્ઞાન પણ થોડું વર્ધિત થશે. એટલે ૨૪૬૮ કોલેજોમાંથી ૨૩૭૧ કોલેજોમાં આપણે આ નેકનું એક્રેડીટિશન નથી. આ હાલત આપણા શિક્ષણની અત્યારે છે અને આપણે વિશ્વ ગુરુ બનવાની વાતો કરીએ છીએ. મેં કહ્યું એ પ્રમાણે ગ્રાન્ટ ઇન એઇડ સ્કૂલો અને કોલેજો છે, એ બંધ થાય છે અને ત્યાં પ્રાઇવેટ શરૂ થઇ રહી છે. આ બિલની અંદર એનો દુરુપયોગ ન કરી શકે, વ્યાપારીકરણ ન કરી શકે એટલા માટે વ્યવસ્થા કરવી જોઇતી હતી. કોઇ મૂડીરોકાણ કરીને નવી શૈક્ષણિક સંસ્થાઓ કરતા હોય તો કરે, વાંધો નહીં, પણ આપણા વડવાઓએ જમીન દાનમાં આપી હોય. મકાન દાનમાં આપ્યું હોય, એમણે ચલાવી હોય. હજારો વિદ્યાર્થીઓ ત્યાંથી ભણીને ગયા હોય. એ બધા ઉપર પાણી ફેરવી દે, આ જે વેપારીઓ છે તે એવી સંસ્થાઓનો કબજો લઇને. એને રોકવાની જરૂર હતી. શિક્ષણ તો હંમેશા પાયામાંથી આવે. પાયામાંથી નીચેથી જે વિદ્યાર્થીઓ આવે, એ જ યુનિવર્સિટીઓમાં આવતા હોય છે. આજે આપણા પ્રાથમિક શિક્ષણની હાલત પણ એ જ છે. શિક્ષકોની ૭૫ હજાર જગ્યાઓ ખાલી છે.

અધ્યક્ષશ્રી : પ્રાથમિક શિક્ષણ વિશે તમે અત્યારે ઉલ્લેખ કરી શકો નહીં. બિલમાં પણ નથી અને મંત્રીશ્રી જે બોલ્યા એના સ્કોપમાં પણ આવ્યું નથી. એટલે બાકીના વિષય ઉપર ચર્ચા કરો. બિલ ઉપર આવો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : જી. માનનીય અધ્યક્ષશ્રી, હું વાત એ કરતો હતો કે શિક્ષકોની જગ્યાઓ પણ કોલેજોમાં અને યુનિવર્સિટીઓમાં એટલી જ ખાલી છે. વર્ષ ૧૯૯૬માં આપણે ત્યાં સાડા નવ હજાર શિક્ષકો ગ્રાન્ટ ઇન એઇડ કોલેજોમાં હતા, જે આજે સાડા ચાર હજાર રહ્યા. વિદ્યાર્થીઓ ત્રણ ગણા કદાચ વધી ગયા હશે. શિક્ષકો અડધા થઇ ગયા. પણ જ્ઞાન સહાયકો હોય કે શિક્ષા સહાયકો હોય. એના નામે ભરતી કરીને આપણે કાયમી શિક્ષકોથી વિદ્યાર્થીઓને વંચિત રાખીએ છીએ. એ પણ માનનીય અધ્યક્ષશ્રી, આપણે ત્યાં થવું જોઇએ નહીં. (અંતરાય) હમણાં નવા પ્રવાસી શિક્ષકોનું નામ આવ્યું છે. ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, મારે વિશેષ વાત કરવી નથી, પણ આપે જે વાત કરી છે એ પ્રમાણે જે રીતે અહીંયા સરકારને (અંતરાય)...

અધ્યક્ષશ્રી:(સભ્યશ્રી શૈલેષ પરમારને ઉદ્દેશીને) ડો. સી. જે. ચાવડા અને તમારા બંનેનું મને બરાબર સંભળાય છે. તમે વાત કરો છો એ મને આ હેડફોન લગાવ્યા છે એટલે બરાબર સંભળાય છે. એટલે બેઠા બેઠા હમણાં વાત ન કરો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આમાં અબાધિત સત્તા સરકારે લીધી છે. કહ્યું છે કે અબાધિત સત્તા રહેશે. અબાધિત સત્તા લઇને કરવાનું શું છે? શિક્ષકોની બદલી કરવાની, એક મેનેજમેન્ટ પાસેથી લઇને બીજા મેનેજમેન્ટને આપી દેવાનું. શિક્ષકો કયાંય લેખ લખી ના શકે, ઇન્ટર્વ્યૂ ના આપી શકે, અભિપ્રાય ના આપી શકે. તો શિક્ષકોનું સમાજમાં પ્રદાન શું રહેવાનું? શિક્ષકો જ હંમેશા આપણી નાણા નીતિ હોય, શિક્ષા નીતિ હોય, વન નીતિ હોય કે જમીનની નીતિ હોય. બધી નીતિઓની અંદર સૌથી વિશેષ જો કોઇનું પ્રદાન હોય તો એ શિક્ષકોનું રહ્યું છે. આપણે બધાએ જોયું હશે કે આપણા રિઝર્વ બેંકના ગવર્નર છે, એ મોટે ભાગે એકેડેમિક ફીલ્ડમાંથી આવતા હોય છે. આપણા નાણાકીય સલાહકારો એકેડેમિક

ફીલ્ડમાંથી આવતા હોય છે અને ઇવન એક વખત તો અમારા શ્રી અરવિંદભાઇ સંઘવી છે. એ ઇકોનોમીક્સના પ્રોફેસર હતા. પાંચ વર્ષ એ શિક્ષણ અને નાણાં બન્ને વિભાગ સંભાળતા હતા. જો આપણે એને બંધનમાં જ બાંધી દેવાના હોઇશું તો ક્યારેય ગ્રોથ થાય નહીં. હંમેશા શિક્ષકોની અંદર ક્યારેય એકમત હોતો નથી. આપણે તો એવું કરવાની જરૂર નથી. એટલા માટે કે અમસ્તુયે કોઇ સરકારની સામે બોલવાની હિંમત કરતું નથી. એટલે શિક્ષકોને જે વાણી સ્વતંત્રતા છે. રિસર્ચ કરવાની સ્વતંત્રતા છે. એ આ એક્ટ દ્વારા આપણે ઝૂંટવી લેવા માગીએ છીએ. આના બદલે મારી માનનીય શિક્ષણમંત્રીશ્રીને એટલી વિનંતી છે કે આ એકઝીસ્ટીંગ સ્ટ્રકચર છે જે યુનિવર્સિટીઓના અલગ અલગ એક્ટ બનાવેલા છે. એ એકટમાં પણ થોડું ઘણું આપણે સરકારીકરણ છે, એટલે એને કમ્પ્લિટલી ઓટોનોમી આપી અને યુનિવર્સિટી સેનેટ એકેડેમિક કાઉન્સિલ એના ઉપર એકેડેમિક અને વહીવટી નિર્ણયો બધા એના ઉપર છોડી દેવા જોઇએ અને સરકારે એમાંથી બહાર રહેવું જોઇએ. તો જ આ વિશ્વ ગુરુની જે કલ્પના છે એ સાકાર થઇ શકશે. નહીં તો ગુજરાત અમસ્તુયે હાયર એજ્યુકેશનમાં રેન્કિંગમાં આપણે ખૂબ પાછળ છીએ અને આપણે વધારે પાછળ જઇશું. આ બિલ આગળ લઇ જનારું નહીં પણ આપણને પાછળ લઇ જનારું બિલ છે. એટલે હું એમાં સંમત થઇ શકતો નથી. આપનો આભાર.

ડો. મહેન્દ્રભાઇ પાડલિયા(ધોરાજી) : માનનીય અધ્યક્ષશ્રી, આજનો દિવસ એ ગુજરાતના ઉચ્ચ શિક્ષણના ક્ષેત્ર માટે ખૂબ જ મહત્ત્વનો અને ઐતિહાસિક છે. આ વાત હું એટલા માટે કરું છું કે જ્યારે મને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ તરીકેની જવાબદારી મળી ત્યારથી મારું ડાયરેક્ટ ઇન્વોલ્વમેન્ટ યુનિવર્સિટીના મોનિટરિંગ, એડમિનિસ્ટ્રેશન અને એકેડેમિક મોનિટરિંગમાં થયું ત્યારથી મેં પ્રત્યક્ષ અનુભવેલું હતું કે કેટલાક વિદ્યાર્થીઓના પ્રશ્નો આવતા હોય, વિદ્યાર્થીને એક યુનિવર્સિટીમાંથી બીજી યુનિવર્સિટીમાં ટ્રાન્સફરના પ્રશ્નો આવતા હોય, વિદ્યાર્થીઓને કોર્સ સંબંધે પ્રશ્નો હોય, આજે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં અભ્યાસક્રમ હોય એ અભ્યાસક્રમ જે તે વર્ષમાં, જે તે સેમેસ્ટરમાં હોય. તે ગુજરાત યુનિવર્સિટી, વડોદરા કે અન્ય યુનિવર્સિટીમાં અલગ સેમેસ્ટરમાં હોય. આવી ઘણી બધી વિસંગતતાઓ મેં વર્ષ ૨૦૧૩માં અનુભવી અને વિદ્યાર્થીઓના જે પ્રશ્નો આવતા ત્યારે મેં તત્કાલિન માનનીય શિક્ષણમંત્રીશ્રીને રજૂઆત કરેલી કે એવું કંઇ થઇ શકે કે તમામે તમામ યુનિવર્સિટીમાં એક સરખો કાનૂન હોય તો એવો કંઇક વિચાર કરવો જોઇએ. આપણાં યશસ્વી વડાપ્રધાનશ્રી તત્કાલિન મુખ્યમંત્રી હતા ત્યારે તેમની અનુમતિથી, તેમના માર્ગદર્શનથી આ વિચાર બાબતે એક કાર્યવાહી પણ શરૂ કરવામાં આવેલી હતી. તેના સંદર્ભમાં આજે ગૃહમાં આ બિલ મૂકાઇ ગયું છે ત્યારે તેના સાક્ષી બનતા ખૂબ આનંદ અને હર્ષની લાગણી થાય છે. આપણા દૂરંદેશી અને સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના માર્ગદર્શન અને શિક્ષણ મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ અને શિક્ષણમંત્રીશ્રી પ્રફુલભાઇ પાનસેરીયાના નેતૃત્વમાં આજે ગુજરાત પબ્લિક યુનિવર્સિટી બિલ-૨૦૨૩ જ્યારે મૂકાયું છે ત્યારે હું તેને આવકારું છું અને સમર્થન કરી આ અંગેના મારા કેટલાક વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, તમામે તમામ રાષ્ટ્રીય નહીં પણ હું તો ત્યાંથી આગળ વધીને એમ કહીશ કે વૈશ્વિક સમસ્યાઓ, ઇન્કલુડિંગ ટેરરીઝમ. તમામે તમામ વૈશ્વિક સમસ્યાઓનું નિરાકરણ માત્ર શિક્ષણ અને શિક્ષણની સારી વ્યવસ્થામાં છે. ગઇ કાલે જ્યારે અહીં ઓ.બી.સી. બિલની ચર્ચા થતી હતી ત્યારે મને બહુ આનંદ આવ્યો કે દિયોદરના સિનિયર, વિદ્વાન ધારાસભ્યશ્રી અને પૂર્વ મંત્રીશ્રી કેશાજી ચૌહાણ સાહેબે વાત કરી કે તમામે તમામ સમસ્યાનું નિરાકરણ, રામબાણ ઇલાજ શિક્ષણ છે. મને એટલો હર્ષ થયો, હું તો કહું છું કે સભ્યશ્રી કેશાજીની આ વાતને તાળીઓથી વધાવી લઇએ. આ સભાગૃહમાં જે ચર્ચાઓ થઇ રહી છે તો તમામ ૧૮૨ ધારાસભ્યશ્રીઓને મારી નમ્ર વિનંતી છે કે મોટું મન રાખીને શિક્ષણ મંત્રીશ્રી તેમની ટીમની સાથે જે વિધેયક લાવ્યા છે તેનો બરાબર અભ્યાસ કરીને આપણે વિચાર રજૂ કરવા જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, કેટલાક આંકડાઓ મને આજે જ મળ્યા છે, એ ઇ-લર્નિંગના સંદર્ભમાં છે પણ છતાંય આજના બિલને સુસંગત છે. ભારત દુનિયાનું સૌથી મોટું ઇ-લર્નિંગ માર્કેટ છે. વર્તમાન ભારત સૌથી વધુ યુવાન વસ્તી ધરાવતો દેશ છે, આપણે બધા આ વાત કરીએ છીએ, લગભગ ૫૫ કરોડ લોકો આપણા દેશમાં ૨૪ વર્ષથી નીચેની વયના છે. દેશમાં શાળાઓએ જતા, શાળા-કોલેજ યુનિવર્સિટીએ જતાં બાળકોની સંખ્યા ૨૬ કરોડથી પણ વધારે છે. સન ૨૦૨૦માં દેશના એરટેકસ સ્ટાર્ટઅપે, આ હું સન ૨૦૨૦ની વાત કરું છું પણ અત્યારે સન ૨૦૨૩ની સ્થિતિએ કદાચ આ સ્થિતિ આગળ વધી હશે. સન ૨૦૨૦માં દેશના એર ટેકસ સ્ટાર્ટઅપે લગભગ ૧૬૨૦૪ કરોડ રૂપિયાનું રોકાણ પ્રાપ્ત કર્યું છે. ઇંગ્લિશ પ્રોફિસિયન્સી ઇન્ડેકસ સન ૨૦૨૦ના આંકડા મુજબ દુનિયાના સૌથી વધુ અંગ્રેજી બોલનાર દેશોમાં ભારતનો ક્રમ-૫૦મો છે. આ વિશેષતા ભારતને દુનિયાથી સૌથી અલગ બનાવે છે, તેમ છતાં આજે વૈશ્વિક દ્રષ્ટિએ જોઇએ તો અમેરિકા ગ્લોબલ એજ્યુકેશનના સંદર્ભમાં ભારત ઉપર નજર રાખીને બેઠું છે. આને કારણે ઓનલાઇન એજ્યુકેશન બાબતે ભારત અમેરિકા પછી સૌથી મોટું દુનિયાનું સૌથી મોટું ઇ-લર્નિંગ માર્કેટ બની ગયું છે. ડિપાર્ટમેનન્ટ ઓફ પ્રમોશન એન્ડ ઇન્ડસ્ટ્રીઝ એન્ડ ઇન્ટરનલ ટ્રેડ અનુસાર એપ્રિલ ૨૦૨૦થી માર્ચ-૨૦૨૧ સુધી માત્ર શિક્ષણના ક્ષેત્રમાં ૩.૩૨,૮૧૧ કરોડનું વિદેશી રોકાણ આવ્યું છે. આ સરકારી ડેટા છે, આ વાત હું એટલા માટે કરું છું કે આજે ઝડપથી વિશ્વ બદલાઇ ગયું છે. આજે જ્ઞાનના ફલક ઉપર વિશ્વ ઝડપથી બદલાઇ ગયું છે. વૈશ્વિક સ્તરે ઉપલબ્ધ બીગ ડેટા, મશીન લર્નિંગ અને આર્ટિફિશિયલ ઇન્ટેલીજન્સ જેવા ક્ષેત્રોમાં થઇ રહેલા ઘણા બધા વૈજ્ઞાનિક અને ટેકનિકલ વિકાસને કારણે એક બાજુ સમગ્ર વિશ્વમાં બિનકુશળ કામદારોની જગ્યા એ યંત્રો કામ કરવા લાગશે અને બીજી બાજુ ડેટા સાયન્સ, કમ્પ્યૂટર સાયન્સ અને ગણિતના ક્ષેત્રોમાં એવા કુશળ વ્યકિતઓની જરૂરિયાત અને માંગ વધશે. જેઓ વિજ્ઞાન, સમાજ વિજ્ઞાન,

માનવવિદ્યા શાખાના એકથી વધુ ક્ષેત્રનું જ્ઞાન અને લાયકાત ધરાવતા હોય, આવા જ સર્વગ્રાહી બહુવિધ શિક્ષણ ઉપર ધ્યાન કેન્દ્રિત કરી ગુઢ શૈક્ષણિક ક્ષેત્રે પરિવર્તન લાવવાના ઉદ્દેશ્ય સાથે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નિર્દેશાનુસાર ભારતે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ વર્ષ ૨૦૨૦ને કેન્દ્રીય કેબિનેટ દ્વારા તા.૨૯ જુલાઇ, ૨૦૨૦ના રોજ મંજૂર કરવામાં આવી. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે રાષ્ટ્રીય શિક્ષા નીતિ વર્ષ ૨૦૨૦ માટે જણાવતા કહેલ કે આ નીતિ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ સાથે જોડાયેલી છે. આ શિક્ષા નીતિને રાજયમાં સુનિશ્ચિત કરવા માટે અને તેનો અસરકારક અમલ કરવા માટે દરેક રાજયમાં એક સમાન યુનિવર્સિટીના કાયદા હોવા જરૂરી છે. અહીંયા હું ગૃહના તમામે તમામ સામે બેઠેલા સભ્યોનું પણ ધ્યાન દોરવા માગું છું કે સન ૨૦૨૦ રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો અસરકારક, સફળ અને પરિણામલક્ષી અમલ કરવા માટે આપણી ગુજરાત સરકાર આ બિલ અહીંયા લાવી છે. આજના યુવાનો આવતીકાલનું ગુજરાત છે. ગુજરાતના સર્વાંગી વિકાસ માટે યુવાનો ઉચ્ચ શિક્ષણ મેળવે તે ખૂબજ મહત્ત્વપૂર્ણ છે. યુવાનોને શિક્ષિત કરવા અને તેઓને રોજગારીની તકો પૂરી પાડવા માટે સરકાર પ્રયત્નશીલ છે આથી ગુજરાત રાજયમાં વિકાસની ગતી ટકાવી રાખવા, ગુજરાતના વિકાસની અંદર યુવાનોની ભાગીદારી વધારવા માટે ગુજરાત સરકાર દ્વારા વિવિધ પગલાં લેવામાં આવી રહ્યાં છે. રાષ્ટ્રીય શિક્ષા નીતિ ૨૦૨૦ના વિઝન અને ધ્યેયને વેગ આપવા માટે ગુજરાત સરકારે તેમની વર્તમાન ઇકો સિસ્ટમને ઇન્ફ્રાસ્ટ્રકચર અને ગવર્નન્સ બન્ને દ્રષ્ટિથી પહેલેથી વિસ્તૃત કરી છે.

અધ્યક્ષશ્રી : ડોકટર મહેન્દ્રભાઇ, વિરામનો સમય થયો છે ગૃહ ફરી ૧૨-૩૦ કલાકે મળશે, આપનું સંબોધન ચાલુ રહેશે.

( વિરામ બપોરના ૧૨-૦૦થી ૧૨-૩૦ )

**માનનીય સભાપતિશ્રી રમણલાલ વોરા અધ્યક્ષસ્થાને**

ડો. મહેન્દ્રભાઇ પાડલિયા : માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રીય શિક્ષા નીતિ વર્ષ ૨૦૨૦ના વિઝન અને ધ્યેયને વેગ આપવા માટે ગુજરાત સરકારે તેની વર્તમાન ઇકો સિસ્ટમ, ઇન્ફ્રાસ્ટ્રકચર અને ગવર્નન્સ બંને દ્રષ્ટીથી પહેલેથી જ વિસ્તૃત કરી છે. રાષ્ટ્રીય શિક્ષા નીતિ વર્ષ ૨૦૨૦ના અમલીકરણ માટે ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા છેલ્લાં ત્રણ વર્ષથી આ વિવિધ પગલાં લેવામાં આવે છે. વૈશ્વિક સ્તરે પ્રતિષ્ઠિત સંસ્થાઓ એટલે કે વર્લ્ડ ક્લાસ યુનિવર્સિટીઓ દા.ત. અહીંયા માનનીય શિક્ષણ મંત્રીશ્રીએ આઇ.આઇ.ટી. , આઇ.આઇ.એમ.નો ઉલ્લેખ કરેલો છે તો એ વર્લ્ડ ક્લાસ યુનિવર્સિટી અને વર્લ્ડ ક્લાસ શૈક્ષણિક સંસ્થાઓમાં આધાર ઈફિક્ટિવ ગવર્નન્સ છે, આવું ઈફિક્ટિવ ગવર્નન્સને રિસ્ટ્રકચરેશન કરવા માટે જે તે રાજ્ય સરકારોએ એકસમાન કાયદો લાવવો અત્યંત જરૂરી છે. તેના આધાર ઉપર જે જે અવરોધો કે અડચણરૂપ યુનિવર્સિટીના કાયદાઓની જોગવાઇઓ છે તેને સુપરસીડ કરીને સંપૂર્ણ એકસમાન કાયદો લાવવા માટે રાજ્ય સરકારોને રાષ્ટ્રીય શિક્ષા નીતિ વર્ષ ૨૦૨૦માં સૂચિત કરેલું છે. આઇ.આઇ.ટી., આઇ.આઇ.એમ.નું ઈફિક્ટિવ ગવર્નન્સનો આધાર તેના મેનેજમેન્ટ સ્ટ્રકચરમાં જોવા મળે છે. તેમાં સંસ્થાને સશક્ત અને રાષ્ટ્રીય કક્ષાએ સ્પર્ધાત્મક બનાવવાના દ્રષ્ટીકોણને ખૂબ જ મહત્ત્વ આપવામાં આવેલ છે તેમજ સંબંધિત ક્ષેત્રમાં વૈશ્વિક ઓળખ સાથે શ્રેષ્ઠતા પ્રદાન કરે છે. આ મેનેજમેન્ટ સ્ટ્રકચર ઉચ્ચ ગુણવત્તાનું શિક્ષણ પ્રદાન કરી હાલના ઉભરતા ક્ષેત્રો માટે શિક્ષિત નાગરિકોને તૈયાર કરે છે. આવા જ ઉત્તમ ઉદ્દેશો તેમજ નેતૃત્ત્વ પ્રદાન કરવાના લક્ષ્યો સાથે ગુજરાત યુનિવર્સિટી પબ્લિક બિલ આજે રજૂ કરવામાં આવેલ છે. રાષ્ટ્રીય શિક્ષા નીતિ વર્ષ ૨૦૨૦ શિક્ષણને વધુ સર્વગ્રાહી અને અસરકારક બનાવવાની અને સામાન્ય વ્યાવસાયિક શિક્ષણ, પ્રાયોગિક શિક્ષણના વિસ્તરણ ઉપર ભાર મૂકવાની કલ્પના કરે છે. આ ઉદ્દશને પરિપૂર્ણ કરવા માટે ક્રેડિટ એકત્રીકરણ અને ક્રેડિટ તબદીલ કરવાની વ્યવસ્થા સાથે સમગ્ર રાજ્યમાં તમામ યુનિવર્સિટીમાં એકસમાન ક્રેડિટ માળખું ઘડવું અત્યંત હિતાવહ છે. જેનો ઉલ્લેખ માનનીય શિક્ષણ મંત્રીશ્રીએ આ વિધેયક મૂકતા સમયે વિસ્તૃત રીતે કરેલો છે.

માનનીય અધ્યક્ષશ્રી, પસંદગી આધારિત ક્રેડિટ સિસ્ટમ સી.બી.સી.એસ.- ચોઇસ બેઇઝ ક્રેડિટ સિસ્ટમ વિદ્યાર્થીઓને મેજર, માઇનોર, માઇનર ઇલેક્ટ્રિવ સ્કીલ બેઇઝ વોકેશનલ અભ્યાસક્રમોની સરખામણીમાં નિર્ધારિત અભ્યાસક્રમોના બાસ્કેટમાંથી વિદ્યાર્થીઓને અભ્યાસક્રમો પોતાની રીતે, સ્વતંત્ર રીતે પસંદ કરવાની તક પૂરી પાડે છે. રાષ્ટ્રીય શિક્ષા નીતિ ૨૦૨૦ના અમલીકરણ માટે એક સામાન્ય ઓપરેટિંગ પ્રોસિજર ૨૯મી જુલાઇ, ૨૦૨૩ના રોજ બહાર પાડવામાં આવી છે. ગુજરાતની તમામ સરકારી, ખાનગી યુનિવર્સિટીઓ, ઓટોનોમસ કોલેજો ગુજરાત સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ સામાન્ય સ્ટાન્ડર્ડ ઓપરેટિવ પ્રોસિજરનું ચુસ્તપણે પાલન કરવાનું છે. અહીંયા જે માનનીય શિક્ષણ મંત્રીશ્રીએ ઉલ્લેખ કર્યો એમાં થોડુંક હું સ્પષ્ટીકરણ કરવા માગું છું. એકેડેમિક બેંક ઓફ ક્રેડિટ એ યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન દ્વારા સ્થાપિત ડિજિટલ વર્ચ્યુઅલ ઓનલાઇન એનટીટી એકેડેમિક સર્વિસ મિકેનિઝમ છે. આ ક્રેડિટ રિકગ્નીઝમ ક્રેડિટ એકઠી કરવી, ક્રેડિટ ટ્રાન્સફર કરવી અને ક્રેડિટ રીડમ્સનની ઔપચારિક પ્રણાયો દ્વારા(ચેક) ઉચ્ચ સંસ્થાઓ વચ્ચે તેમજ અંદરો અંદર વિદ્યાર્થીઓની સરળતાથી એન્ટ્રી કે એક્ઝિટ માટેનો માર્ગ મોકળો થાય છે. આ બાબતે હું વધારે સ્પષ્ટીકરણ કરવા માગું છું કે જે રીતે સ્ટોક માર્કેટની અંદર આપણા જે શેર હોય છે એ શેર માટેની જે બેંક હોય છે એ બેંકની અંદર જમા રહે છે એ જ પ્રકારની આ વ્યવસ્થા યુ.જી.સી.એ કરેલી છે અને વિદ્યાર્થીઓને આમાં ખૂબ જ લાભ થવાનો છે અને વિદ્યાર્થી ગમે ત્યારે એક્ઝીટ થાય કે વિદ્યાર્થી ફરી પાછો રીએન્ટ્રી લે ત્યારે એની ક્રેડિટ એની સાથે જ રહે એવી વ્યવસ્થા આમાં થવાની છે અને આ વ્યવસ્થામાં આ

જવાબદારી યુનિવર્સિટીની રહેશે. ઘણી વખત વિદ્યાર્થી ડ્રોપ થતા હોય તો વિદ્યાર્થી એમ માને છે કે હવે મારું શિક્ષણ અધૂરું રહી ગયું પણ આ વ્યવસ્થામાં આ બિલ પછી એવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે જેથી કરીને કોઇપણ વિદ્યાર્થી કોઇ સામાજિક, વ્યક્તિગત કે આર્થિક કારણથી ડ્રોપ થાય તો કોઇ બદલી કે ટ્રાન્સફરથી ડ્રોપ થાય તો એ વિદ્યાર્થી ફરી પાછો શિક્ષણમાં આવવા માગે, ભણવા માગે તો એની ક્રેડિટ એની સાથે રહે અને અગાઉ કરેલો અભ્યાસક્રમ એનો એળે ન જાય એવી વ્યવસ્થા ગુજરાત પબ્લિક યુનિવર્સિટી બિલમાં કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકાર દ્વારા તમામ પ્રવાહની હાયર એજ્યુકેશન ઇન્સ્ટિટ્યૂટ એટલે ખાનગી રાજ્યની યુનિવર્સિટીઓ સ્વાયત્ત સંસ્થાના તમામ પ્રવાહો વચ્ચે ક્રેડિટ ડિસ્ટ્રિબ્યુશનની એકરૂપતા જાળવી શકાય એ માટે એક સામાન્ય ક્રેડિટ માળખું પણ નિશ્ચિત કરવામાં આવેલું છે. પ્રસ્થાપિત વિધેયક દ્વારા આજીવન અધ્યયન માટેની નવી તકોનું સર્જન થશે. વિશાળ બહુ વિદ્યાશાખાથી વિશાળ ડિસિપ્લીનરી વિશ્વ વિદ્યાલયમાં સ્નાતક, અનુસ્નાતક અને ડોકટર સ્તરે સંશોધન આધારિત વિશિષ્ટીકરણ દ્વારા ઇન્ટર ડિસિપ્લિનરી કાર્ય કરવાની તક શિક્ષણવિદો, સરકાર અને ઉદ્યોગો સાથે મળીને આ જોગવાઇઓ પછી પૂરી પાડવામાં આવશે. રાષ્ટ્રિય શિક્ષણ નીતિ વર્ષ ૨૦૨૦ની જરૂરિયાતના સંદર્ભે એક સરખા માળખા ઉપર અને એકસરખી કાર્યપદ્ધતિ ઉપર આધારિત હોય તેવી પ્રણાલિકાગત તમામ યુનિવર્સિટીઓ માટે એકસમાન કાયદો લાવી અને લાગુ કરીને આ એક શ્રેષ્ઠ વ્યવસ્થા ઊભી કરવામાં આવેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત પબ્લિક યુનિવર્સિટી બિલના સેકશન-૩ આ એક મહત્ત્વના સેકશન ઉપર હું ખાસ કરીને સામે બેઠેલા સભ્યશ્રીઓનું ધ્યાન દોરવા માગું છું કે સેકશન-૩ અંતર્ગત આ અધિનિયમમાં સમાવિષ્ટ તમામ યુનિવર્સિટીઓ પોતાની રીતે પ્રાપ્ત કરેલ સ્થાવર અને જંગમ બંને પ્રકારની મિલકતો હસ્તગત કરવા, તેને રાખવા માટે સક્ષમ હશે. કોઇપણ જંગમ અથવા સ્થાવર મિલકતને ભાડે આપવા, વેચવા અથવા સ્થળાંતરિત કરવા તથા નિકાલ કરવા આ કાયદાના હેતુ માટે જરૂરી અન્ય તમામ બાબતો અંગે સ્વતંત્ર રીતે સ્વાયત્તતાથી નિર્ણય કરી શકશે. આ વાત હું એટલા માટે ભારપૂર્વક કહેવા માગું છું કે મને એમ છે ૮મી ઓગસ્ટ લગભગ છાપાની અંદર વર્તમાનપત્રમાં કેટલાક કોંગ્રેસના સભ્યોએ અને કોંગ્રેસના કેટલાક આગેવાનોએ બહુ ગાઇ વગાડીને પ્રચાર કર્યો કે યુનિવર્સિટીની રૂપિયા ૫૦૦૦૦ કરોડની મિલકત વેચવા માટેનો આ કોમન યુનિવર્સિટી કાયદો લાવવા પાછળનો એક *(xxx) છે. આ પ્રકારનું જ્યારે શિક્ષણ અંગે જવાબદાર આગેવાનો આવા નિમ્ન કક્ષાના આક્ષેપો કરે, નિમ્નકક્ષાની વાતો કરી પ્રિન્ટ મીડિયા, ઇલેકટ્રોનિક મીડિયા દ્વારા સમાજને ગેરમાર્ગે દોરે એ ખરેખર ખૂબ જ કમનસીબ છે. આવું થવું ન જોઇએ. આ જોગવાઇ જાણ્યા, વાંચ્યા વગર, એને બરાબર સમજ્યા વગર આવી વાત ન કરવી જોઇએ એવું અહીંયા ગૃહની અંદર હું નમ્રતાથી કહેવા માગું છું. મારે વિશેષમાં એ સ્પષ્ટતા કરવી છે કે વર્ષ ૧૯૪૭ પછી દેશ આઝાદ થયો એ પછીની આજ સુધીની તમામ યુનિવર્સિટીઓ લાવવામાં આવી, એની રચના થઇ. આ તમામે તમામ યુનિવર્સિટીની અંદર જે સરકારી નિયંત્રણની જોગવાઇઓ સામાન્યતઃ હોય છે અને જરૂરી છે, એ તમામે તમામ જોગવાઇઓ એઝ ઇટ ઇઝ અત્યારે છે. ઉલટાનું વધારે સ્વાયત્તતા આપવાનો પ્રયાસ થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આ ગૃહમાં બીજું ખાસ ધ્યાન દોરવાનું કે, એક ન્યૂસપેપરમાં કોંગ્રેસના કેટલાક સભ્યો દ્વારા એવું કહેવામાં આવેલ હતું કે, સરકાર કોમન યુનિવર્સિટી બિલ લાવશે અને પછી સરકારની મિલકતો વેચાઇ જશે. તેના માટે હું કહેવા માગું છું કે, રાજ્ય સરકારે કેટલી જમીન કેટલી યુનિવર્સિટીઓને આપી છે? ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી એટલે કે જી.ટી.યુ.ને ૧૦૦ એકર જમીન ફાળવેલ છે. સ્કીલ યુનિવર્સિટીને ૧૩ એકર પ્રાઇમ પ્લોટ એટલે કે પ્રાઇમ એરિયાની અંદર જમીન ફાળવેલી છે. ચિલ્ડ્રન યુનિવર્સિટીને ૩૦ એકર જમીન ફાળવેલી છે. નેશનલ રેલવે યુનિવર્સિટી જે નવી સ્થાપવામાં આવી છે તેને ૩૧ હેકટર જમીનની ફાળવણી કરેલી છે. ગુરુ ગોવિંદ યુનિવર્સિટી કે જ્યાં મને કુલપતિ તરીકે અને ફાઉન્ડર વાઇસ ચાન્સેલર તરીકે તક આપી હતી તે યુનિવર્સિટીમાં ૧૦૦ એકર જમીન અમને ફાળવવામાં આવી છે. ત્યારપછી અત્યારના કુલપતિશ્રીએ મને જણાવ્યું કે, ૧૦૦ એકર જમીન ફાળવેલી હતી તેનાથી વધારે બીજી ૩૦ થી ૪૦ એકર જમીન આપવામાં આવી છે. ચિલ્ડ્રન યુનિવર્સિટી, ટીચર્સ યુનિવર્સિટી તેમજ સ્પોર્ટસ યુનિવર્સિટી આ ત્રણેય યુનિવર્સિટીઓ માટે વર્ષ ૨૦૧૫માં રાજ્ય સરકારે વડોદરા ખાતે ૭૨૩ એકર જમીન ફાળવેલી છે. ફર્ટિલાઇઝર્સના કેટલાક એકેડેમિક પ્રોગ્રામ માટે અન્ય ૧૮ હેકટર જમીન ફાળવેલી છે. આ બધી જમીનો ઉપરાંત રાજ્ય સરકારે યુનિવર્સિટીઓના ભવનોના બાંધકામ માટે જેટલી દરખાસ્ત થયેલી છે તે તમામે તમામને ગ્રાન્ટ આપેલી છે. તો આ પ્રકારની વાહિયાત વાતોથી સમાજની અંદર લોકોને ગેરમાર્ગે દોરવામાં આવે છે તે બાબતે હું આ સ્પષ્ટ વાત કરી આ બિલની જોગવાઇના આધારે ગૃહમાં જણાવવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અહીં અભ્યાસક્રમો બાબતે થોડી ક સ્પષ્ટતા કરવા માગું છું કે, સેકશન-૬માં  કરવામાં આવેલી જોગવાઇ અનુસાર યુનિવર્સિટીના ડિસ્ટન્સ એજ્યુકેશન કોર્સિસ, કોરસ્પોન્ડન્સ કોર્સિસ, ઓપન યુનિવર્સિટી અભ્યાસક્રમો અથવા એકસટર્નલ ડિગ્રી અભ્યાસક્રમોનો લાભ, યુનિવર્સિટી વિસ્તારની બહારના રાજ્યના સમગ્ર વિસ્તારને વિસ્તૃત રીતે આવરી લીધેલ છે. આ અધિનિયમ અંતર્ગત સમાવિષ્ય યુનિવર્સિટી વિદેશમાં પેટા કેન્દ્ર અથવા તો સંસ્થાની સ્થાપના કરવા માગતી હશે તો તે પોતાની રીતે અથવા અન્ય કોઇ ભારતીય અથવા વિદેશી યુનિવર્સિટી અથવા સંસ્થા સાથે સહયોગથી આ જોગવાઇને આધીન રહી, યુ.જી.સી.ની જોગવાઇઓને આધીન રહી આવા કેન્દ્ર સ્થાપિત કરી શકશે.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ આ શબ્દ અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યો.

તા. ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૨૩

ગુજરાત પબ્લિક યુનિવર્સિટી વિધેયક, ૨૦૨૩

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત પબ્લિક યુનિવર્સિટી બિલ ૨૦૨૩ના અમલીકરણ દ્વારા વિદ્યાર્થીઓના વિકાસ કેન્દ્રિત શૈક્ષણિક પ્રણાલી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અનુસાર અપનાવશે. વેલ્યુ એડેડ કોર્સીસ દ્વારા વિદ્યાર્થીઓને તેના ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય સાથે સમકાલીન ભારતનું જ્ઞાન અને સમજ પ્રાપ્ત કરવા અને તેનું પ્રદર્શન કરવા સક્ષમ બનાવશે. Skill Enhancement Courses દ્વારા વિદ્યાર્થીઓની રોજગાર ક્ષમતા વધારવા માટે વ્યવહારું કૌશલ્ય એમ્બેડેડ ઇન્ટર્નશિપ, hands-on training, સોફ્ટ સ્કિલ, લાઇફ સ્કિલ આવા માન્ય ઓનલાઇન કોર્સીસ વગેરે પણ આપવામાં આવશે. એબિલિટી એમેસમેન્ટ કોર્સીસ દ્વારા ભાષા અને સંચાર કૌશલ્યો, વક્તવ્ય કળા ઉપર ધ્યાન કેન્દ્રિત કરતી આધુનિક ભારતીય ભાષા અને અંગ્રેજી ભાષામાં ક્ષમતા હાંસલ કરવા માટે પણ વિદ્યાર્થીઓને કોર્સીસ ઓફર કરવામાં આવશે. ઉદ્યોગોની માંગ મુજબ રોજગારીની યોગ્યતા ઇન્ટર્સનની વ્યવસ્થા પણ મલ્ટિપલ વર્ગખંડના વિકલ્પ સાથે મલ્ટિપલ સર્ટિફિકેટ નવા ફ્રેમવર્ક મુજબ તૈયાર કરવામાં આવશે. રાજકારણ અને ચૂંટણીના બદલે યુનિવર્સિટી અને કોલજોમાં અભ્યાસ ઉપર વધારે ફોકસ કરવામાં આવશે. એક સર્વ સ્વીકૃત અનુભવ છે કે, યુનિવર્સિટીઓના સત્તામંડળોમાં વર્તમાન ચૂંટણી વ્યવસ્થાને કારણે ગુણવત્તાનું મહત્ત્વ ખૂબ જ ઓછું થઇ ગયેલ છે.આ પ્રસ્તાવિક વિધેયકમાં યુનિવર્સિટીના વિવિધ સત્તામંડળોમાં વધુમાં વધુ શિક્ષકો, શિક્ષણવિદોની ભાગીદારીને ગુણવત્તાના આધાર ઉપર રોટેશન પદ્ધતિથી ખૂબ જ મહત્ત્વ આપવામાં આવે છે અને એ ખૂબ ખૂબ અભિનંદનીય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ચૂંટણીઓ યોજવામાં આવનાર ન હોવાથી તથા પરીક્ષા, ગુણાંકન અને અન્ય તમામ નિયમો એક સરખા થતાં યુનિવર્સિટીમાં ડીલે થનાર તમામ બાબત આ બિલની જોગવાઇઓથી દૂર કરી શકાશે તથા વિદ્યાર્થીઓમાં વધુ કે ઓછા ગુણાંકનની જે હરીફાઇ છે એ હરીફાઇને ટાળી શકાશે. આ વિધેયકના અમલથી તમામ યુનિવર્સિટીના સ્ટેચ્યૂટરી ઓડિટ એક સમાન થશે જેથી વિવિધ નિર્ણયો સંશોધનો, યુનિવર્સિટીમાં ઊભા થતા સ્ટાફ અંગેના પ્રશ્નો તથા સ્ટાફના ફાયદા વગેરે અર્થઘટનના પ્રશ્નો એકદમ સરળ બનશે. અગાઉ ખર્ચની બાબતે પણ માનનીય મંત્રીશ્રીએ પણ ઉલ્લેખ કરેલો છે કે, ખર્ચના હિસાબ રાખવાના નિયમો પણ એક સરખા થતા રાજ્ય સરકાર કે કેન્દ્ર સરકારની ગ્રાન્ટનો ઉપયોગ ઝડપી અને પારદર્શક બની શકશે. નવી કોઇ યુનિવર્સિટીની ભવિષ્યમાં સ્થાપના કરવાની થાય તો નવો કાયદો લાવવાની જરૂર પડશે નહીં પણ આ કાયદાની જોગવાઇ એવી છે, ગુજરાત યુનિવર્સિટી પબ્લિક એક્ટની જોગવાઇ એવી છે કે, સામાન્ય સરળ પ્રક્રિયાથી નવી યુનિવર્સિટી ઊભી કરી શકાશે. આ સાથે બીજી એક વિશેષ ખાસ વાત મારે કરવાની છે કે જે અહીંયા નેક એક્રેડીટેશનની વાત થઇ તો લગભગ મોટા ભાગની કોલેજો, મારી પાસે પાકો આંકડો નથી પણ લગભગ ૪૦૦ જેટલી ગ્રાન્ટેડ અને સરકારી કોલેજોમાં નેકનું એસેસમેન્ટ પહેલી વખત, બીજી વખત કે ત્રીજી વખત થઇ ગયેલું છે. ઘણી વખત એવું બનતું હોય કે પહેલી વખત થયું હોય અને બીજી વખત થવામાં કદાચ પ્રોસિજરમાં ડીલે થયું હોય, પાંચ વર્ષ પછી કદાચ એકાદ બે વર્ષ વધુ થયા હોય પણ નેક એક્રેડીટેશન એ લગભગ મારા ખ્યાલ મુજબ વર્ષ ૨૦૧૦-૧૨થી કમ્પલસરી કરવામાં આવ્યું છે અને મોટે ભાગે કોલેજો નેક એક્રેડિટેડ છે, કદાચ એના નેક્સ્ટ સ્પેલ માટે આગળ પાછળ સમય લાગી શકે છે. મોટે ભાગે સરકારી અને ગ્રાન્ટેડ કોલેજો નેક એક્રેડીટેશનમાં ગયેલી છે અને આ સાથે યુનિવર્સિટીની વાત કરું તો યુનિવર્સિટીની છેલ્લે લેટેસ્ટ જે વિગત મારી પાસે આવી છે એ મુજબ ગુજરાત યુનિવર્સિટીનું અત્યારે નેક એક્રેડીટેશન બી-પ્લસ છે, એમ.એસ. યુનિવર્સિટીનું એ-પ્લસ છે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું-બી છે, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણનું-એ છે, સરદાર પટેલ યુનિવર્સિટીનું-એ છે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી-બી-પ્લસ-પ્લસ છે, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીનું-સી છે, બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનું-એ-પ્લસ-પ્લસ છે, ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ પિક્ચર એજ્યુકેશનનું-બી-પ્લસ છે, સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળનું-એ-પ્લસ છે. લગભગ યુનિવર્સિટી નેક એક્રેડીટેશનમાં ગયેલી છે અને નેક એક્રેડીટેશનમાં જવા માટેની શરત એ હોય છે કે યુનિવર્સિટીની સ્થાપના પછી પાંચ વર્ષ પૂરાં થયા હોવા જોઇએ. તો પાંચ વર્ષ પૂરાં ન થયા હોય એવી કદાચ એક બે યુનિવર્સિટીની પ્રોસિજરલ સમય મર્યાદાને કારણે એ નેકમાં જઇ શક્યા ન હોય પણ એની પ્રોસિજર પણ ચાલુ છે. ઘણી બાબતો એવી છે કે યુનિવર્સિટી ક્વોલિટી એજ્યુકેશનના સંદર્ભમાં ગુજરાત સરકાર કોઇ પણ જાતની બાંધછોડ કરવા માગતી નથી અને આ સાથે અત્યારે આ જે ખૂબ જ ઐતિહાસિક બિલ લાવવામાં આવ્યું છે અને આ અત્યારે સમયની માંગ છે. અત્યારે વૈશ્વિકરણની દોડમાં આપણો દેશ કેમ અગ્રેસર રહે, આપણું ગુજરાત કેમ અગ્રેસર રહે એ ચિંતા રાજ્ય સરકાર કરી રહી છે અને આ જે વૈશ્વિકરણની દોડ હોય, આજે ઝડપથી સંજોગો બદલાઇ રહ્યા છે અને ટેકનોલોજીની ઇફેક્ટ આપણી ઉપર આવી રહી છે ત્યારે આ પ્રકારનું કોમન યુનિવર્સિટી બિલ, ગુજરાત પબ્લિક યુનિવર્સિટી બિલ આપણે જે લાવ્યા છીએ એના માટે રાજ્ય સરકારના સન્માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શન અને શિક્ષણ મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ, પ્રફુલભાઇ પાનસેરિયા, માનનીય એ.યુ.પટેલ સાહેબ અને એમની સમગ્ર ટીમને હું ખૂબ ખૂબ અભિનંદન આપીને મારી વાણીને વિરામ આપુ છું.

શ્રી અમિત ચાવડા(આંકલાવ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત પબ્લિક યુનિવર્સિટી વિધેયક-૨૦૨૩ લઇને આવ્યા છે તેની ઉપર મારા વિચારો વ્યકત કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા પક્ષના સિનિયર ધારાસભ્ય માનનીય અર્જુનભાઇ આ બિલ કાયદો બનવાથી કેવી રીતે શૈક્ષણિક સંસ્થાઓ, યુનિવર્સિટીઓની સ્વાયત્તતા છીનવાઇ જશે, શિક્ષણનું જે રીતે સરકારીકરણ થશે અને કોઇ યુનિવર્સિટીનો

અધ્યાપક, આચાર્ય એ જે શૈક્ષણિક કર્મચારી હતો તેના બદલે સરકારી કર્મચારી બની જશે એ બાબતની જે સ્થિતિનું નિર્માણ થશે તેની ખૂબ વિગતવાર વાત કરી. ભૂતકાળની આપણી શૈક્ષણિક પરંપરાઓ, ભવ્યતાઓ અને તેના કારણે જે જાહેર જીવનને મળ્યું, સમાજને મળ્યું, આપણા રાજય અને રાષ્ટ્રની જે પ્રગતિ થઇ તે બાબતની પણ ખૂબ વિસ્તૃત વાત કરી. એટલું ચોક્કસ કહીશ કે ત્રણ દાયકાથી રાજયમાં ભારતીય જનતા પાર્ટીના શાસનમાં જે રીતે શિક્ષણનું ખાનગીકરણ થયું, શિક્ષણનું વેપારીકરણ થયું અને હવે આપણે જે રીતે અલગ અલગ કાયદા બનાવીને શિક્ષણનું સરકારીકરણ કરવા જઇ રહ્યા છીએ તેનાથી આવનારા દિવસોમાં આપણી જે ભાવિ પેઢી છે, જે આપણે શિક્ષણનો એક ઉચ્ચ વારસો છે તેને ખૂબ મોટું નુકસાન થવાની ભીતિ છે એટલે મારી તો આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, આપણી પાસે અનેક જવાબદારીઓ છે. આપણે અનેક રીતે ખાનગીકરણને બીજી રીતે પ્રોત્સાહન આપ્યું છે તો આ એકત્રીકરણ કરી અને સત્તાનું કેન્દ્રીયકરણ કરી અને જે યુનિવર્સિટીની ઓટોનોમી છે તે ખતમ કરવા માટે જે બિલ લાવી રહ્યા છે એના પર ચોક્કસ પુનઃવિચાર કરવો જોઇએ કારણ કે આ બિલ લાવતા પહેલાં માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે તેનો જે ડ્રાફ્ટ હતો પબ્લિક ડોમેનમાં મૂકવામાં આવ્યો અને અભિપ્રાયો મેળવવામાં આવ્યા. હું માનુ છું કે તેના માટે શિક્ષણવિદો સાથે વિદ્યાર્થીના નેતાઓ કે તેના યુનિયનો સાથે પ્રાધ્યાપકો હોય, આચાર્યો હોય, ટીચિંગ નોન-ટીચિંગ સ્ટાફ સાથે કે જેમણે આ શૈક્ષણિક સંસ્થા ઊભી કરવામાં ખૂબ મોટું યોગદાન આપ્યું છે એવા અનેક લોકો સાથે જો પરામર્શ કર્યો હોત, રૂબરૂ બોલાવીને ચર્ચા કરી હોત તો આમાં આપણે ઘણું બધુ સારું પણ કરી શકયા હોત અને જે ઓટોનોમી ખતમ કરવાવાળી કેટલીક આપણે જે કલમો લીધી છે તેને આપણે દૂર પણ કરી શકયા હોત.

માનનીય અધ્યક્ષશ્રી, આનાથી એટલું ચોક્કસ થશે કે અત્યારે જે ૧૧ યુનિવર્સિટીઓ છે તેમાંથી શૈક્ષણિક ઓટોનોમી ખતમ થઇ જશે, તેમની ફાયનાન્સિયલ ઓટોનોમી ખતમ થઇ જશે અને સાથે સાથે તેમની એકેડેમિક ઓટોનોમી છે તે પણ ખતમ થઇ જશે. અત્યારે જે રીતે મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ચાલે છે તે મધ્ય ગુજરાતમાં શરૂ થઇ અને આજે આખા વિશ્વમાં તેની નામના છે. એ જ રીતે આપણી ૧૧એ ૧૧ યુનિવર્સિટીઓ એ અલગ અલગ ક્ષેત્રમાં તેનુ ખૂબ ઉમદા પ્રદાન રહ્યું છે. હજારોની સંખ્યામાં વિદ્યાર્થીઓ તેમાંથી ભણી ગણીને આજે સમાજમાં અનેક જગ્યાએ ઉમદા પદો ઉપર બિરાજમાન થઇને પોતાની સેવા અને તેમનુ જે જ્ઞાન છે તેમનુ યોગદાન પણ આપી રહ્યા છે, ત્યારે આપણે એ ઓટોનોમી ખતમ કરવા માટે આ બધાને એક જગ્યાએ લાવવા માટેનો જે પ્રયત્ન છે તેનાથી હું માનું છું કે દરેક જગ્યાની જે અલગ અલગ વિવિધતા છે, દરેક જગ્યાનું જે અલગ અલગ સ્પેશિયલાઇઝેશન છે, અલગ અલગ જે કોર્સીસની સ્વતંત્રતા છે તે ખતમ થઇ જવાથી જે મૌલિકતા છે, જે તે વિસ્તાર કે જે તે યુનિવર્સિટીના લોકો માટેની જે અલગ વ્યવસ્થાઓ હતી તેના ઉપર મોટી તરાપ મારવા બરાબર થઇ જશે.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને અહીં ઘણા બધા મિત્રો બેઠા છે કે તેમના જાહેર જીવનની શરૂઆત એક વિદ્યાર્થી કાળમાં વિદ્યાર્થી નેતાથી થઇ. અહીંયા ડોકટર સાહેબ કહેતા હતા કે વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થી નેતાઓ અને તેના સંગઠનોની એક ડખલગીરી ઓછી થશે. યુવાન વયે જયારે કોલેજમાં કોઇ દીકરો કે દીકરી જાય ત્યારે તેનામાં જે સ્વતંત્રતા, એના વિચારો રજૂ કરવાની તેની અભિવ્યકિતની આઝાદી અને કંઇક નવું જોવાની, જાણવાની, શીખવાની અને કંઇ પણ ખોટું થતું હોય તો તેની સામે લડવાનો જે જજબો હોય છે, જે ઉત્સાહ હોય છે. એ વિદ્યાર્થી કાળમાં ધીમે-ધીમે કરીને એમાંથી નેતા બહાર આવતો હોય છે. એના જ કારણે અલગ-અલગ પક્ષના સંગઠનોમાં પણ વિદ્યાર્થી કાળથી જ લોકો જોડાતા હોય છે. એમાંથી અનેક લોકો આગળ વધીને ઉચ્ચ સ્થાન સુધી પણ પહોંચ્યા છે. આ નવો એક્ટ બનાવવાને કારણે આપણે ત્યાંથી સેનેટ-સિન્ડિકેટની વ્યવસ્થા ખતમ થઇ જશે. સેનેટ-સિન્ડિકેટની વ્યવસ્થામાં અત્યાર સુધી વિદ્યાર્થીઓના પ્રતિનિધિઓ ચૂંટાઇને આવતાં, અધ્યાપકોના પ્રતિનિધિઓ ચૂંટાઇને આવતાં, ટીચિંગ-નોન ટીચિંગ સ્ટાફમાંથી અલગ-અલગ પ્રતિનિધિઓ આવતાં, આચાર્યના પ્રતિનિધિઓ પણ આવતાં અને સરકાર દ્વારા નોમિનેટ થતાં પ્રતિનિધિઓ પણ આવતા. જે લોકો ચૂંટાઇને આવે અને જે લોકો નોમિનેટ થઇને આવે એ બંનેમાં એટલો ફરક હોય છે કે ચૂંટાઇને આવનાર વ્યક્તિમાં સામર્થ્ય હોય છે. એનામાં અભિવ્યક્તિ માટેની આઝાદી હોય છે. એ કોઇની પણ શરમ રાખ્યા સિવાય એ જેનું પ્રતિનિધિત્વ કરે છે એના પ્રશ્નો માટે હંમેશા લડતો હોય છે. કોઇ વિદ્યાર્થી નેતા સેનેટ-સિન્ડિકેટમાં ચૂંટાઇને આવે અને વિદ્યાર્થીઓને સહેજપણ તકલીફ પડતી હોય, હૉસ્ટેલનો પ્રશ્ન હોય, પરીક્ષાનો પ્રશ્ન હોય, ફીનો પ્રશ્ન હોય કે બીજો કોઇ પણ નાનો-મોટો પ્રશ્ન હોય તો એના માટે સેનેટ-સિન્ડકેટ સામે ભીડાતા પણ એને સહેજ પણ સંકોચ કે ડર રહેતો નથી. સેનેટ-સિન્ડિકેટની વ્યવસ્થા ખતમ થવાથી જે લડાયક લોકો છે એમનું અસ્તિત્ત્વ ખતમ થઇ જશે. એના બદલે સરકાર દ્વારા માનીતા લોકોની નિમણૂક કરવામાં આવશે. અલગ-અલગ કાઉન્સિલ અને બોર્ડ ઓફ ડિરેક્ટરમાં નિમણૂકની જે પદ્ધતિ છે એનાથી એટલું સ્પષ્ટ છે કે આ તમામ નિમણૂક સરકાર દ્વારા કે કુલપતિ દ્વારા કરવામાં આવશે તો લડવાવાળા અને બોલવાવાળા લોકો નહિ હોય પણ સરકારને ગમતા, કુલપતિના માનીતા કે એની હામાં હા ભેળવવાવાળા લોકોની નિમણૂક થવાની ભીતિ છે. એના કારણે અલગ-અલગ વર્ગનો અવાજ રજૂ થતો હતો, એમના ન્યાય માટેની લડાઇ લડવાવાળા લોકો હતા એ દૂર થઇ જશે અને સરકારે અથવા કુલપતિએ નક્કી કરેલો એજન્ડા ફોલો થશે અને એનાથી આવનારા સમયમાં શૈક્ષણિક વ્યવસ્થાને ખૂબ મોટું નુકસાન થશે. આપણા બંધારણની કલમ- ૧૯માં નાગરિકોને વાણી અને અભિવ્યકિતની આઝાદી આપવામાં આવી છે. આપણે આ બિલમાં જે જોગવાઇઓ લઇને આવ્યા કે ''આપણી યુનિવર્સિટીઓના કોઇ પણ કર્મચારી કે અધ્યાપકને કોઇ પણ જાતની અભિવ્યક્તિની આઝાદી નહિ રહે. એ લખી પણ નહિ શકે, પોતાના વિચારો પણ વ્યક્ત નહિ કરી શકે. કોઇ પણ બાબતમાં રજૂઆત કરવાની આવશે તો પણ એને

ડર લાગશે એવી જોગવાઇઓ આપણે લઇને આવ્યા છીએ. એને મૌલિકતાથી લખવાની છૂટ ન હોય, મૌલિકતાથી અભિવ્યક્તિ કરવાની છૂટ ન હોય. શ્રી અર્જુનભાઇએ કહ્યું એમ કવિતા લખવાની વાત હોય કે બીજો કોઇ લેખ લખવાની વાત હોય કે, પત્ર લખવાની વાત હોય કે બીજી કોઇ રીતે પોતાની અભિવ્યક્તિ કરતા હોય તો એના પર રિસ્ટ્રિક્શન આવશે. એના કારણે ડર અને ભયનો માહોલ ઊભો થશે. હું માનું છું કે આવું હોવું ન જોઇએ. આ શૈક્ષણિક સંસ્થાઓ છે. એમાંથી આપણું ભવિષ્ય તૈયાર થવાનું છે. એ ભવિષ્ય તૈયાર કરવાવાળા પ્રાધ્યાપકો, આચાર્યોની અભિવ્યક્તિ છીનવવા માટેની કલમો આ બિલમાં કોઇ પણ રીતે સ્વીકાર્ય ન હોઇ શકે એવું હું માનું છું. સાથે-સાથે આ બિલમાં બદલ અને ટ્રાન્સફરની વ્યવસ્થા માટે પણ જોગવાઇઓ કરવામાં આવી છે. એક યુનિવર્સિટીમાંથી બીજી યુનિવર્સિટીમાં બદલી કરી શકાશે. આ જોગવાઇના કારણે પણ કર્મચારીઓમાં ડરનો માહોલ ઊભો થયો છે કે ક્યાંક કુલપતિના આદેશની સામે પોતાની વાત રજૂ કરી હોય. ક્યાંક કોઇ રાજકીય પાર્ટીના એજન્ડાને અનુસર્યા ન હોય, ક્યાંક કોઇ રાજકીય પાર્ટીએ આપેલા કાર્યક્રમોમાં હાજરી ન પૂરાવી હોય કે કોઇપણ નાના મોટા વિવાદના કારણે આવી જોગવાઇઓ કરવાથી તેમાં ડર અને ભયનો માહોલ ઊભો થશે. ભવિષ્યમાં તેના કારણે તેનો દુરુપયોગ થવાની પણ ભીતિ છે. આ બાબતે પણ માનનીય મંત્રીશ્રી જ્યારે વાત કરે ત્યારે પ્રકાશ પાડે.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને અહીંયા જે મિલકતોની તબદીલીની વાત થઇ તો આ તમામ યુનિવર્સિટીઓની મોટાભાગની મિલકતો વર્ષો પહેલા દાતાઓ દ્વારા દાનમાં આપવામાં આવી હતી. ક્યાંક સરકારે પણ તેમાં યોગદાન આપ્યું હશે અને જાહેર જીવનના શ્રેષ્ઠીઓએ મળીને આ યુનિવર્સિટીઓની મોટાભાગની મિલકતો વસાવી છે. આટલાં વર્ષો સુધી આ યુનિવર્સિટીઓમાં ક્યારેય તેની તબદીલી માટે રાજ્ય સરકાર સુધી મંજૂરીનો પ્રશ્ન ન આવ્યો. અત્યાર સુધી કોઇએ એવું ખોટું કર્યું પણ નથી. આપણે હવે જોગવાઇઓમાં પ્રતિબંધ મૂકવા માગીએ છીએ કે કોઇપણ જાતની તબદીલી રાજ્ય સરકારની મંજૂરી વગર થઇ શકશે નહીં. ડૉ. પાડલિયાજી ભલે કહે કે ખોટા આક્ષેપો થાય છે પણ આટલાં વર્ષો સુધી કંઇ ખોટું ન થયું તો આ બિલ લાવવા પાછળ રાજ્ય સરકારનો હિડન એજન્ડા લાગે છે. ક્યાંકને ક્યાંક સરકાર ધારે ત્યારે માનીતા કુલપતિઓને તેની મંજૂરી આપીને મિલકતોનું વેચાણ-તબદીલી થાય.

માનનીય અધ્યક્ષશ્રી, એક બૌદ્ધિક સંપદાની પણ તબદીલીની વાત આવી. આપણી રિસર્ચ માટેની લેબોરેટરી કે બીજી વ્યવસ્થાઓનો બહારના લોકો ઉપયોગ કરે અને તેના રિસર્ચને પણ તબદીલ કરવા માટેની વ્યવસ્થાઓની જોગવાઇઓ કરવામાં આવી છે એ પણ આવનારા સમયમાં સંસ્થાઓ માટે ખૂબ ભયજનક બનશે. ખાસ કરીને આ બિલ આવવાથી શૈક્ષણિક સંસ્થાઓની સ્વાયત્તતા ખતમ થવાની સાથે એકેડમિક સ્વાયત્તતા પણ ખતમ થઇ જશે. સિન્ડિકેટની ચૂંટણીઓની વ્યવસ્થા બંધ થવાના કારણે પ્રતિનિધિત્વ કરનારા લોકો, લડવાવાળા લોકો ઓછા આવશે અને 'હા'માં 'હા' મિલાવવાવાળા લોકો વધારે આવશે. એ જ રીતે અલગ અલગ યુનિવર્સિટીઓની ખાસિયત અને નામના તેની ઓટોનોમીના કારણે હતી તે છીનવાઇ જવાની છે. સત્તાનું કેન્દ્રીકરણ થવાનું છે. આ સત્તાના કેન્દ્રીકરણથી આવનારા સમયમાં દુરુપયોગ થવાની સંભાવનાઓ છે. આ તમામ બાબતે અલગ અલગ સમાજમાંથી બધા લોકોનો વિરોધ આવે છે. કોમન યુનિવર્સિટી એક્ટના નામે લાભ પ્રસિદ્ધ કર્યો, પબ્લિક ડોમેનમાં મૂક્યો ત્યારે અધ્યાપકો, કર્મચારી મંડળો અને વિદ્યાર્થી સંગઠનો દ્વારા ખૂબ વિરોધ થયો. આજે ભલે બિલનું નામ બદલીને બીજી રીતે લાવ્યા હોય પણ બિલનો હાર્દ હજુ પણ તે જ છે. તેનો સ્પષ્ટ મતલબ છે કે સરકાર સ્વાયત્તતા ખતમ કરીને પોતાની સત્તાનું કેન્દ્રીકરણ કરવા માંગે છે. આ શૈક્ષણિક સંસ્થાઓનું સરકારીકરણ કરવા માગે છે. હવે યુનિવર્સિટીના કર્મચારીઓ સરકારી કર્મચારી જેવી માનસિકતાથી કામ કરશે. યુનિવર્સિટી શિક્ષણ વિભાગ ચલાવતો હોય તેવી સ્થિતિનું નિર્માણ થવાનું છે ત્યારે હું માનું છું કે આ બિલ તમામ રીતે ગુજરાતની આવનારી પેઢીને, શૈક્ષણિક વ્યવસ્થાઓને, આપણા ઉચ્ચ શૈક્ષણિક વારસાને નુકસાનકારક થવાનું છે. તેને ખૂબ મોટી હાનિ થવા માટે આ બિલ આવી રહ્યું છે ત્યારે અમારા બધાની લાગણી છે કે આ બિલ પર પુનઃ વિચાર કરવામાં આવે. સત્તાનું કેન્દ્રીકરણ અને શૈક્ષણિક ઓટોનોમી ખતમ થઇ રહી છે એટલા માટે અમે આ બિલનો વિરોધ કરીએ છીએ.

શ્રી અમિત ઠાકર**(**વેજલપુર) : માનનીય અધ્યક્ષશ્રી, કોમન એક્ટ એટલે કે પબ્લિક યુનિવર્સિટી એક્ટ, ૨૦૨૩ માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલજીની સરકાર, માનનીય શિક્ષણમંત્રીશ્રી ઋષિકેશભાઇ આ એક્ટ લઇને આપણી વચ્ચે આવ્યા છે. આ એક્ટ એ ગુજરાતના શિક્ષણને વિશ્વ કક્ષાના શિક્ષણની દિશામાં આગળ લઇ જશે. માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં ૩૪ વર્ષ પછી નેશનલ એજ્યુકેશન પોલિસી આવ્યા પછી આ એક્ટ લાવવો જ પડે એવી પરિસ્થિતિ આ દેશમાં ઊભી થઇ છે. આ એક્ટ પહેલાં જ આવી જવો જોઇતો હતો પરંતુ સ્થાપિત હિતોએ વારંવાર આ એક્ટને રોકવાનો પ્રયાસ કર્યો અને એના કારણે આ એક્ટ સમય કરતાં મોડો આવ્યો છે. અત્યારે સમય બદલાયો છે. મેં વિદ્યાર્થી તરીકે કૉલેજના પહેલાં વર્ષમાં પ્રવેશ લીધો ત્યારે સંઘની શાખામાં જતા હતા એટલે વિદ્યાર્થી પરિષદના સંપર્કમાં આવ્યા અને સ્ટુડન્સના પ્રશ્નોનું રી-પ્રેઝન્ટેશન કરવા અમારે પોતાની જાતને તૈયાર કરવાની હતી. એફ.વાય.બી.કોમ.ના વિદ્યાર્થી તરીકે સ્ટુડન્ટ લીડર શું કામ કરે છે એ જાણવા માટે હું એક કૉલેજના ઝાંપાની બહાર બેસતો હતો. ૧૫-૨૦ જણાના અલગ-અલગ ટોળા જુદી-જુદી જગ્યાએ ઊભા હોય અને કોઇ કારણ વિના જ આ ટોળું પ્રિન્સિપાલની ચેમ્બરમાં ઘૂસી જઇને પ્રિન્સિપાલને બે-ચાર થપ્પડ મારી દે. આ પ્રકારની લીડરશીપ જોઇને મને વિચાર આવ્યો કે આ પ્રકારની લીડરશીપ હોય તો એ સ્ટુડન્ટ લીડરશીપ નથી. આ વાતાવરણમાં બદલાવ લાવવાના વિચાર સાથે અમે કામની શરૂઆત કરી.

ગુજરાત પબ્લિક યુનિવર્સિટી વિધેયક, ૨૦૨૩

માનનીય અધ્યક્ષશ્રી, અમે ગુરુપૂર્ણિમાના દિવસે મા સરસ્વતીનો ફોટો ગાડી પર લગાડી અમે દરેક કેમ્પસમાં જતા હતા અને આચાર્ય, ગુરુજનો અને શિક્ષકોને નીચે બોલાવીને એમને અમે જાહેરમાં પગે લાગતા હતા. ગુરુ અને શિષ્યના સંબંધ માટેનું એક વાતાવરણ કેમ્પસમાં બન્યું. આ પ્રકારના લોકો જ્યારે એમને મારવા જતા ત્યારે ત્યાંના પ્રિન્સિપાલ અમને બોલાવતા અને અમે એક શક્તિશાળી ગ્રુપ તરીકે આવા વાતાવરણ સામે ઊભા પણ રહેતા. હું આજે પણ શિક્ષણ સાથે જોડાયેલો છું. એ વખતના વાતાવરણમાં અને આજના વાતાવરણમાં ઘણો ફરક જોવા મળે છે. એ વખતે યુનિવર્સિટીઓમાં એ.આઇ.નો મતલબ એજન્સી ઇન્ટેલિજન્સ થતો હતો, જ્યારે આજે એ.આઇ.નો મતલબ છે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ. એ વખતે બી.ડી. નો મતલબ બીગ દાદા થતો હતો અને અત્યારના વિદ્યાર્થીને બીગ ડેટામાં રસ છે. એ વખતે સ્ટુડન્ટનો લીડર કૉલેજના પ્રિન્સિપાલને જઇને સટઅપ કહેતો હતો અને આજે સ્ટુડન્ટ પ્રિન્સિપાલને જઇને કહે છે સ્ટાર્ટ અપ. આ ફરક આવ્યો છે. આખી પેઢી બદલાઇ ગઇ છે. માનનીય

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી ઋષિકેશભાઇ બોલતા હતા એમાં છેલ્લી ત્રણ યુનિવર્સિટીઓને બાદ કરીએ તો, આપણા રાજ્યમાં અત્યારે ૧૦૮ યુનિવર્સિટીઓ છે. માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદીના આવ્યા પછી ૧૦ નેશનલ યુનિવર્સિટીઓ, ૬૫ પ્રાઇવેટ યુનિવર્સિટીઓ, ૨ ડીમ્ડ યુનિવર્સિટીઓ, ૧૩ સેક્રેટરીઅલ યુનિવર્સિટીઓ, ૨ સેન્ટ્રલ યુનિવર્સિટીઓ, ૧ ટૅકનિકલ યુનિવર્સિટી અને ૧૬ સ્ટેટ યુનિવર્સિટીઓ છે. એમાં ૧૧ યુનિવર્સિટીઓ માટે આ કૉમન એક્ટ લાવવામાં આવ્યો છે. બધી યુનિવર્સિટીઓમાં છેલ્લી ત્રણ યુનિવર્સિટીઓને બાદ કરીએ તો, વર્ષ ૧૯૮૬માં છેલ્લી હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટી આવી હતી.મતલબ આ બધી યુનિવર્સિટીના જે એક્ટ છે એ એક્ટ એ સમય બદલાયા પહેલાના છે. એ આજના ભારતને રિપ્રેઝન્ટેશન કરતા નથી. આજનું ભારત જે લોકો વિશ્વને જોવા માગે છે, જે સ્ટુડન્ટને આખા વિશ્વને જોવું છે, આખા વિશ્વ ઉપર રાજ કરવું છે. અત્યારે શ્રી નરેન્દ્રભાઇના રાજમાં વર્ષ ૨૦૪૭ની વાત થાય છે. અમૃતકાળની વાત થાય છે. વિકસિત ભારત બનાવવાની વાત થાય છે. વિકસિત ભારત બનાવવા માટે વિશ્વને કન્ટ્રોલ કરે એવા ટેકનોક્રેટ જોઇશે. એવા બ્યુરોક્રેટ જોઇશે. એવા ડિપ્લોમેટ જોઇશે. એવા ડૉક્ટર જોઇશે. એવા એન્જિનિયર જોઇશે. એવા બ્રિજ અને રોડ જોઇશે. એ પ્રકારની પબ્લિક પૉલિસી ભણેલા લાઇક માઇન્ડ ધરાવનારા યુવાનો આવનારાં ૨૫ વર્ષોમાં જોઇશે. એ કોણ આપશે? કંઇ યુનિવર્સિટીઓ, કંઇ કૉલેજો આપશે? જે રાજકારણના અડ્ડા છે, જે લોકો આજે આ કૉમન યુનિવર્સિટ એક્ટનો, પબ્લિક યુનિવર્સિટી એક્ટનો વિરોધ કરે છે એમને માત્રને માત્ર પોતાની નેતાગીરી ખત્મ થઇ જવાની બીક છે, એમને ભારતનું ભવિષ્ય બનાવવાની કોઇ ઇચ્છા દેખાતી નથી. માનનીય અધ્યક્ષશ્રી, પ્રવેશ, અભ્યાસ,પરીક્ષા યુનિવર્સિટીના ત્રણ કામ છે. બધું જ લેટ ચાલવાનું હોય, આ પ્રકારના એક્ટના કારણે કોઇ કમાન્ડની વાત જે કરવામાં આવે, એવા કોઇ કમાન્ડ દેખાતા નથી. અમે જયારે કૉલેજમાં પ્રવેશ્યા ત્યારે અત્યારના એજ્યુકેશનની વાત કરનારા જે લોકો છે, શું પરિસ્થિતિ હતી? ૯૦ ટકા આવે એમ.બી.બી.એસ. કરવાનું, ૮૦ ટકા આવે તો એન્જિનિયરિંગમાં જવાનું, ૭૦ ટકા આવે તો ફાર્મસીમાં જવાનું, ૬૦ ટકા આવે તો બી.એસ.સી. કરવાનું, તમારા ટકાના આધારે તમારું કેરિયર નક્કી થતું હતું. આજે તમે ચોઇસ બેઝ શિક્ષણની વાત કરો છો. માનનીય નરેન્દ્રભાઇ મોદીએ આ દેશની વિચારધારા બદલી નાખી છે. આજે પર્સન્ટેજ તમારું કેરિયર નક્કી કરતું નથી. પહેલા તો ૯૦ ટકા આવે એટલે તમારે ડૉક્ટર જ બનવાનું. તમે બીજું કશું ન કરી શકો. તમને સંગીતમાં તબલા વગાડતા આવડે છે તો નહીં ચાલશે. તમને ડ્રામા કરતા આવડે છે તો તમને જોઇએ તો નહીં મળે. તમને આર્ટસમાં ઇંગ્લિશ લઇને કોઇક લિટરેચરમાં રસ છે તો તમને એની છૂટ નહીં. તમારે ૯૦ ટકા આવ્યા એટલે ડૉક્ટર જ બનો, બીજું કંઇ બની જ નહીં શકો. તમે નોકરી આપનારા મેકોલોના માનસપુત્રો જ પેદા કર્યા. તમે આ ભારતની કોઇ દિવસ ચિંતા જ કરી ન હતી. આ મેકોલોની જે નીતિ હતી જેને ૭૦ વર્ષ તમે લોકોએ ચલાવી છે એ ૭૦ વર્ષમાંથી બહાર કાઢવા માટે આ ચોઇસ બેઝ ક્રેડિટ સિસ્ટમ શ્રી નરેન્દ્રભાઇ મોદી ૭૦ વર્ષ પછી છપ્પનની છાતી સાથે આ દેશની એજ્યુકેશન સિસ્ટમ બદલી નાખવા માટે લાવ્યા છે. સ્ટુડન્ટ સી.બી.સી.એસ. એટલે ચોઇસ બેઝ ક્રેડિટ સિસ્ટમ. હું શ્રી ઋષિકેશભાઇને અભિનંદન આપીશ કે યુ.જી.સી.એ તો ૨૦ ક્રેડિટ સિસ્ટમની વાત કરી એમણે ૨૨ ક્રેડિટ સિસ્ટમ સાથે ગુજરાતને એક અલગ રાહ ઉપર મૂક્યું છે. મેજર માઇનર, માઇનરી ઇલેક્ટિવ, સ્કીલ બેઝ વોકેશનલ આ જે વાત છે, એ આપણી આ એજ્યુકેશન સિસ્ટમની વાત છે. હમણાં શ્રી નરેન્દ્રભાઇ મોદીજી, જી-૨૦માં વન અર્થ વન ફેમિલીની વાત કરતા હોય ત્યારે આપણે એક રાજ્યમાં યુનિવર્સિટી એક થઇ જાય એનો વિરોધ કરીએ? આજે વિશ્વ એક થઇ રહ્યું છે. વિશ્વ પોતાના કાયદા એક કરી રહ્યું છે. વિશ્વને એક ધરાતલ ઉપર આવવું છે. બધા રિસોર્સીસને એકસાથે લાવવા છે. બધી વિવિધતાઓને એકસાથે લાવવી છે. એ બધી વિવિધતાઓને સાથે લાવી સમગ્ર વિશ્વએ એક દિશામાં માનવજાતના કલ્યાણ માટે પ્રગતિ કરવી છે. આપણે કયા જમાનાની વાત કરીએ છીએ? કે સ્ટુડન્ટને આપણે પાછળ ફેંકી દઇએ. ફંકશનલ ફ્રીડમ એ આ એક્ટની પાછળનો મૂળ વિચાર છે. આ એક્ટ જો ન લાવવામાં આવે તો જે પરિસ્થિતિ ઊભી થાય એ પરિસ્થિતિ, એ આપણને જે નરેન્દ્રભાઇએ કહ્યું કે પરફોર્મ, રીફોર્મ અને ટ્રાન્સફોર્મ. એ જે નીતિ છે, એ નીતિની દિશામાં આપણને જતા રોકે છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા કહેવામાં આવ્યું કે સ્વિમિંગ પુલના નિયમો લાગુ પડાશે. અરે, ગુજરાતનો વિદ્યાર્થી તો સિંહ છે. એને આખા વનમાં ફરવાની છૂટ આપવામાં આવે છે. એને જે વિષય પસંદ કરવો હોય એ કરી શકે. સાહેબ, આ જે પ્રકારે આ એક્ટ આવવાનો છે એના કારણે બધાનો જ ફાયદો છે. કોઇપણ યુનિવર્સિટીની અંદર પોતે, કારણ કે હું તો ૩ ટર્મ ગુજરાત યુનિવર્સિટીમાં આ જ પ્રકારની સિસ્ટમમાં સિન્ડિકેટ મેમ્બર રહ્યો છું અને હવે જે નવી સિસ્ટમ આવવાની છે. એની

સિસ્ટમ જી.ટી.યુ.ની અંદર બી.ઓ.જી. આ સિસ્ટમ આવવાની છે. એનું બીજું રૂપ છે. એમાં પણ હું બે ટર્મ એટલે ૬ વર્ષ રહ્યો છું. ત્યાં આગળ જે પ્રકારની આ સિસ્ટમ આવવાની છે. એની અંદર શ્રી નરેન્દ્રભાઇએ કહ્યું એ પ્રમાણે રાષ્ટ્રીય શિક્ષણ નીતિના આર્ટિકલ નંબર ૧૯.૨ છે. એની અંદર લખ્યા મુજબ બોર્ડ ઓફ ગવર્નન્સ એ સૌથી મહત્ત્વનો રોલ અદા કરશે. બોર્ડ ઓફ ગવર્નન્સના કારણે માત્ર કોઇકને કોઇક રીતે પોતાની તાકાતના આધારે યુનિવર્સિટીની મુખ્ય બોડીમાં પહોંચનારા લોકો કોઇ યુનિવર્સિટીને ચેઇન્જ કરી નાંખે. વિદ્યાર્થીઓના ભવિષ્યના નવા આઇડિયા લઇને આવે. કોઇ ફાર્મેકોલોજીનો નિષ્ણાત હોય, કોઇ એન્જિનિયરિંગનો નિષ્ણાત હોય, કોઇ વર્લ્ડની પોલિસીનો નિષ્ણાત હોય. એવા વ્યક્તિઓ તો આજની સિસ્ટમમાં યુનિવર્સિટીમાં આવી જ ના શકે. આપણે લો કોલેજો બેસ્ટ કરવી છે. પણ લોનો પ્રોફેસર અંદર ના આવી શકે. આપણે મેડિકલની કોઇ નવી બ્રાન્ચ શરૂ કરવી છે. પણ વર્લ્ડની અંદરથી કોઇ મેડિકલનો નિષ્ણાત ભણીને પાછો ભારત આવવા માગે છે, એ આવી શકે નહીં. આપણે ન્યુક્લિયર સાયન્સના કોઇ કોર્સને લોન્ચ કરવો છે, પણ એ ગુજરાત યુનિવર્સિટીનો સેનેટ મેમ્બર સુદ્ધા ન બની શકે. આજની સિસ્ટમ બંધ બારણાની સિસ્ટમ છે. વિશ્વના બેસ્ટ લોકો, વર્લ્ડના બેસ્ટ માઇન્ડ જે ભારતનું રાજ વિશ્વ ઉપર કરે એવા લોકો સિસ્ટમમાં, યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓના હિતમાં, ગુજરાતના હિતમાં ન આવી શકે.

માનનીય અધ્યક્ષશ્રી, નવી જે વસ્તુ લઇને માનનીય ઋષિકેશભાઇ આવ્યા છે. દરેક યુનિવર્સિટીમાં સ્પર્ધા લાગશે કે મારા બોર્ડ ઉપર કોણ છે? મારા બોર્ડ ઉપર ડો. અબ્દુલ કલામજી જેવા મોટા ન્યુક્લિયર સાયન્ટિસ્ટ છે, એટલે તમે ગુજરાત યુનિવર્સિટીમાં આવો. મારા બોર્ડ ઉપર શ્રી પ્રણવ જોષી જેવો કોઇ ડેટા સાયન્ટિસ્ટ છે, એટલે તમે મારે ત્યાં આવો. તમે મારે ત્યાં એટલા માટે આવો કે મારે ત્યાં આ કોર્સના કોઇ બેસ્ટ માણસ છે. આના કારણે ગુજરાતની બધી યુનિવર્સિટીમાં સ્પર્ધાનું વાતાવરણ ઊભું થશે અને એનો ફાયદો સ્ટુડન્ટસને થવાનો છે. પ્રાઇવેટ યુનિવર્સિટીની સામે ભલે બધી ગુજરાતની યુનિવર્સિટી હોય, પણ સરકારી યુનિવર્સિટીઓ એ મજબૂત રહે, એની પણ સરકારે ચિંતા કરી છે. કારણ કે સરકારી યુનિવર્સિટી મજબૂત હશે તો ગરીબ માણસ ભણી શકશે. આદિવાસી માણસ, દલિત માણસ, પછાત માણસ ભણી શકશે અને એટલી બેસ્ટ યુનિવર્સિટીનું પ્રાઇવેટમાં જે હશે એ બધું એ સરકારી યુનિવર્સિટીમાં એ મેળવી શકશે. કોઇપણ ટીચર હશે તો એ એની એક્ઝિક્યુટીવ કાઉન્સિલ સુધી પહોંચી શકતો નહોતો. કોઇકના આશીર્વાદ વગર ન પહોંચી શકે. આજે એની સિનિયોરિટીના આધારે એ પહોંચી શકશે. બોર્ડની અંદર. જે શિક્ષણની વ્યવસ્થા અને ઓટોનોમીની જે ચિંતા કરવામાં આવે છે ને. હું જી.ટી.યુ.ની અંદર ૬ વર્ષ હતો. ૬ વર્ષમાં સરકારમાંથી એકપણ ફોન દબાણનો નથી આવ્યો. વાઇસ ચાન્સેલર. એને બધા જ નિર્ણયો લેવાની છૂટ હતી. હું સરકારને અભિનંદન આપીશ. જી.ટી.યુ.માં ૨૫ એકર જમીન અમને સરકારે આપી. અમે બોર્ડે નક્કી કર્યું કે આટલી મોટી યુનિવર્સિટી છે. ૨૫ એકરમાં તો શું થશે? અમે કહ્યું કે ૨૫ એકર અમારે જોઇતી નથી. ૧૦૦ એકર જ આપો. સરકારે રજૂઆત ઉપર ૧૦૦ એકરની ફાઇલ શરૂ કરી. સરકાર અમને દબાવી શકી હોત. સરકારે કહ્યું, ૨૫ એકર નહીં, ૧૦૦ એકરની ફાઇલ મૂકો. બીજા ત્રણ મહિનામાં અમને અહીં લેકાવાડા પાસે નદી કિનારા ઉપર, સામેની બાજુ મંત્રીઓના બંગલા હોય, આ બાજુ આઇ.આઇ.ટી. હોય, સરકાર આપવા બેઠી છે. સરકાર લઇ લેવા કે દબાવવા બેઠી નથી. એટલે જે પ્રકારની વાતો થાય છે કે ઓટોનોમી લઇ લેવામાં આવશે. આવી વાતમાં કોઇ માલ નથી. યુનિવર્સિટી પોતાનું ફંડ ઉભું કરી શકશે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે વિશ્વમાં યુનિવર્સિટીઓ પોતાના એલ્યુમનાઇથી, પોતાના રિસર્ચ પ્રોજેક્ટથી, આજે ગુજરાતની યુનિવર્સિટીઓ પણ પોતાના પ્રોફેસરોના પ્રોજેક્ટથી કરોડો અને લાખો રૂપિયા કમાઇ રહી છે. વિશ્વની અંદર અનેક સરકારો કરતાં યુનિવર્સિટીના ફંડો મોટા હોય એવી પરિસ્થિતિ છે. પોતાની યુનિવર્સિટી, પોતાના પૈસા. આજે ગુજરાતની કેટલી યુનિવર્સિટીઓ છે જેની પાસે ૪૦૦-૫૦૦ કરોડ રૂપિયા પડ્યા છે. સરકારે તેના ઉપર ડોળો નાખ્યો નથી. સરકાર તેમના પૈસા જમા કરવા દે છે. કાલ ઉઠીને એ પોતાની વધારે જમીનો ખરીદી શકશે. એમની પાસે પાવર હશે તો કોઇકને એવું નહીં કહે કે તમે ભણાવવા આવો, અમે તમને ૫૦૧ રૂપિયા જ આપીશું કારણ કે યુનિવર્સિટીએ આટલા જ નક્કી કર્યા છે. એ આવશે, ફ્લાઇટની ટિકિટ આપવાની હશે, ઉતરવા માટે સરસ હોટલ આપવી હશે, એમના લેક્ચરની કિંમત ૧૦ હજાર રૂપિયાથી લઇને ૫૦ હજાર રૂપિયા સુધીની હશે. યુનિવર્સિટી પાસે ફંડ હશે, ઓટોનોમી હશે, જો તેના સ્ટુડન્ટ માટે જરૂર હશે તો યુનિવર્સિટી ગમે ત્યારે એ ફંડનો ઉપયોગ કરી શકશે. સ્ટુડન્ટને સારા વક્તા સાંભળવા મળશે. સાહેબ, ગુજરાત યુનિવર્સિટીમાં જાવ, નીચે ૧૯ નંબરની બારી ઉપર લાઇન લાગી હશે. એડમિશન લીધું, પછી ત્રણ દિવસ બીચારો ગરીબ સ્ટુડન્ટ, પગમાં સ્લીપર હોય, માતા-પિતા ઊભા હોય, કેમ? તો કહે કે તું સરદાર પટેલ યુનિવર્સિટીમાંથી ગુજરાતમાં આવ્યો. અરે ભાઇ, ૧૦૦ કિલોમીટર છે. માઇગ્રેશન સર્ટિફિકેટ માટે ચક્કર ખાવ. કોઇ કોલેજમાં ૪૦ કિલોમીટર દૂર એડમિશન લીધું, કચ્છ યુનિવર્સિટીના છોકરાના પિતાને સાણંદમાં નોકરી મળી, એણે ત્યાં એડમિશન લેવા માટે માઇગ્રેશન સર્ટિફિકેટ લેવા માટે અહીં ધક્કા ખાવાના. હવે આ બધું કોમન થઇ ગયું. આમાં કોઇ ધક્કા ખાવાની જરૂર નહીં. પ્રવેશ, પરીક્ષા, પરિણામ બધું એક જ. એટલે કુલ મળીને મને એવું લાગે છે કે ખૂબ સારી દિશા માનનીય ઋષિકેશભાઇના નેતૃત્વમાં પકડાઇ છે. આવનારા દિવસોમાં ગુજરાતનો વિદ્યાર્થી આંતરપ્રિન્યોર છે. ગુજરાતનો વિદ્યાર્થી વર્લ્ડમાં ફરેલો છે. આ યુનિવર્સિટીના એક્ટના કારણે એ પણ છે કે અહીંની યુનિવર્સિટીઓ વિદેશમાં જઇને પણ કેમ્પસ કરી શકશે. સાહેબ, કાલ ઉઠીને આપણે આપણી યુનિવર્સિટી પાસે મેં કહ્યું એમ પૈસા છે, જી.ટી.યુ. ધારે તો સિંગાપોરમાં કેમ્પસ ખોલી શકે. ગુજરાત યુનિવર્સિટી ધારે તો દુબઇમાં કેમ્પસ ખોલી શકે. સરદાર પટેલ યુનિવર્સિટી ધારે તો

લંડનમાં પોતાનું કેમ્પસ ખોલી શકે. આ પ્રકારની એક મોટી પાંખો સરકાર સરકારી યુનિવર્સિટીને આપવા જઇ રહી છે અને આ જો આટલું બધું સારું થતું હોય તો પછી બધાએ સામૂહિક રીતે ગુજરાતના વિદ્યાર્થીઓના હિતમાં સમય બદલાઇ ગયો છે તેને સ્વીકારી લઇને વર્ષ ૨૦૩૪ પહેલાં બધું જ કોમન કરી નાખવાનું છે. એની વાસ્તવિકતાને સમજી લઇને આ કોમન યુનિવર્સિટી એક્ટને બધાએ સપોર્ટ કરવો જોઇએ. હું માનનીય ભૂપેન્દ્રભાઇ, શ્રી ઋષિકેશભાઇ અને માનનીય નરેન્દ્રભાઇના જે પ્રકારના વાઇબ્રેશન અદશ્ય રીતે આપણને હિંમત આપતા હોય છે એ બધાનો આભાર માનીને મારી વાતને પૂર્ણ કરું છું. આપે મને બોલવાની તક આપી, આપનો ખૂબ ખૂબ આભાર.

શ્રીમતી નિમિષાબેન મ. સુથાર(મોરવાહડફ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે જે ગુજરાત પબ્લિક યુનિવર્સિટી બિલ ૨૦૨૩ જે રજૂ થયું છે અને એમાં શિક્ષણની જયારે વાત છે ત્યારે શિક્ષણ એ એક સૌથી મહત્ત્વપૂર્ણ રોકાણ છે અને આ એવું રોકાણ છે કે જેના માધ્યમથી, જેના દ્વારા કોઇપણ દેશ પોતાનું ભાવી ઘડી શકે છે અને આના કારણે સરકારી યુનિવર્સિટીમાં આ સમાન જોગવાઇ હોવી જોઇએ અને રાજયના વિકાસનો આજ પાયો છે. આજનો જે એક્ટ છે ગુજરાત પબ્લિક યુનિવર્સિટી બિલ એના ઉપર એક કવિતા ઉપરથી મારી વાત શરૂ કરીશ.

''આ શિક્ષણ સાથે જયારે યુવાનો જોડાયેલા છે ત્યારે યુવાનોમાં
સમજ, સંસ્કાર અને સંસ્કૃતિને વિશ્વ વિદ્યાલયો વિકસાવે છે.
સમાજને સફળ સભ્ય અને ભવ્ય વિશ્વ વિદ્યાલયો બનાવે છે.
જ્ઞાન વિજ્ઞાનને પ્રસરાવી પ્રબુદ્ધ નાગરિકો બનાવી રાષ્ટ્રને
વિશ્વવ્યાપી, વિશ્વ વિખ્યાત, વિશ્વગુરૂની સિદ્ધિ વિશ્વ વિદ્યાલયો જ અપાવે છે''

માનનીય અધ્યક્ષશ્રી, અને એના કારણે આજે માનનીય મંત્રીશ્રી ગુજરાત પબ્લિક યુનિવર્સિટી બિલ ૨૦૨૩ જે લઇને આવ્યા છે જેને હું આવકારું છું અને અભિનંદન પણ પાઠવું છું. દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ શિક્ષણના ક્ષેત્રમાં જયારે આમૂલ પરિવર્તન લાવ્યા છે ત્યારે અને આ ઉદ્દેશથી સન ૨૦૨૦માં નવી શિક્ષણ નીતિ લાવ્યા અને આ શિક્ષણ નીતિમાં દર્શાવેલા વિવિધ જે ઉદ્દેશો છે એ ઉદ્દેશો ઉચ્ચ શિક્ષણને લગતા પણ છે અને આ નવી શિક્ષણ નીતિ અનુસાર ઉચ્ચ શિક્ષણ વધુ કોમ્પેટિટીવ કેવી રીતે બને, ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં વહીવટ અને કાયદાકીય એકસૂત્રતા કેવી રીતે લાવી શકાય આ તમામ પ્રકારના ઉદ્દેશ આમાં છે. આ વિધેયક દ્વારા રાજય સરકારની ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓનું સંચાલન અને એનો વહીવટ વધુ ગુણવત્તાયુકત, વધુ પારદર્શક બનાવવા માટેનું આ બિલ છે. આ વિધેયક દ્વારા ગુજરાતની કુલ ૧૧ જેટલી પબ્લિક યુનિવર્સિટીને એક સમાન કાયદા હેઠળ લાવવામાં આવશે અને એના કારણે વિવિધ ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં વહીવટની સાથેસાથે એનું સંચાલન કેવી રીતે કરવું એના કાર્યપદ્ધતિ, એના માળખામાં પારદર્શકતા કેવી રીતે લાવવી એમાં સરળીકરણ કેવી રીતે લાવવું અને સુચારાપણા સાથે એકસૂત્રતા આ વિધેયક દ્વારા આવશે અને એના પરિણામે ઉચ્ચ શિક્ષણ વધુને વધુ અસરકારક બનશે, વધુ ગુણવત્તાયુકત બનશે, વધુ સ્પર્ધાત્મક બનશે અને વિશ્વસ્તરીય પણ બનશે. આ વિધેયક દ્વારા ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં વહીવટને વધુ પારદર્શક અને જવાબદાર બનશે અને યુનિવર્સિટીમાં જે ઉપલબ્ધ રિસોર્સીસ છે એનો યોગ્યત્તમ ઉપયોગ પણ થશે. આ ઉપરાંત આ બિલ દ્વારા યુનિવર્સિટીનો જે વહીવટ અને નાણાકીય સ્વાયત્તતા છે, જે સ્વતંત્રતા છે એ પણ પ્રાપ્ત થશે અને યુનિવર્સિટીના વહીવટમાં સંચાલનમાં મહિલાઓની પણ ભાગીદારી ૩૩ ટકા થવાથી મહિલા સશક્તિકરણની દીશામાં એક મહત્ત્વપૂર્ણ બાબત સાબિત થશે. આ સિવાય તમામ યુનિવર્સિટીઓ એકજ કાયદા હેઠળ આવવાથી ઉચ્ચ શિક્ષણ સંસ્થામાં એનો પ્રવેશ હોય, એનો અભ્યાસ હોય, એનું પરિણામ હોય આ તમામ બાબતો સમયસર મળશે અને એના કારણે એકસૂત્રતા આવશે અને એનો ફાયદો આ ભણતા તમામ વિદ્યાર્થીઓને થશે. વિવિધ કાઉન્સિલો અંતર્ગતને વિદ્યાર્થીઓને આ વિધેયકથી રાજય બહાર વિષય નિષ્ણાતોનો પણ લાભ મળશે. ઉપરાંત વિધેયક દ્વારા શિક્ષણને નુકસાન કરતા જે પરિબળો હતા તેમાં રહેલી ખામીઓ અને ત્રુટીઓ દૂર થશે અને એક મજબૂત શૈક્ષણિક અને વહીવટી વ્યવસ્થા ઊભી થશે. ગુજરાત ઐતિહાસિક વિરાસત ધરાવતો અને શૈક્ષણિક ક્ષેત્રે વિકાસશીલ રાજય છે. આ વિકસતું રાજય શિક્ષણ ક્ષેત્રમાં વધુમાં વધુ વિકસિત થાય તે હેતુથી આ ગુજરાત પબ્લિક યુનિવર્સિટી વિધેયક ૨૦૨૩ની જરૂરિયાત છે. ગુજરાત સરકાર દ્વારા ચાલતી વિકાસની આ પ્રક્રિયામાં રાજયમાં ચાલતા નાનામાં નાના એકમથી શરૂ કરીને તમામ પ્રજા સુધી તેઓની જરૂરીયાત મુજબ પાયાની સુવિધાઓ છે એ ઉપલબ્ધ કરાવી શકાય તેવા વિવિધ પ્રજાલક્ષી કાર્યો અમલમાં મૂકવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયક સાથે અલગ અલગ સેક્સન બનાવવામાં આવેલા છે. દા.ત. સેક્સન-૩૪ અંતર્ગત એવું કહ્યું છે કે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન દ્વારા જે નિર્ધારિત ધોરણો થયા છે એ નિર્ધારિત ધોરણો અનુસાર બોર્ડનું મેનેજમેન્ટ છે અને એકેડેમિક કાઉન્સિલ દ્વારા ભલામણ કરવામાં આવનાર છે. ડિગ્રી, ડિપ્લોમા કે પ્રમાણપત્ર હોય, અન્ય શૈક્ષણિક વિશિષ્ટતાઓ સ્થાપિત કરવા અને પ્રદાન કરવા માટેની પણ અહીંયા જોગવાઇ કરવામાં આવેલી છે. આ સેક્સનો આપેલા છે એમાં સેક્સન-૨૧ અંતર્ગત પણ ગુજરાત પબ્લિક યુનિવર્સિટી બિલમાં સેક્સન-૨૧માં જોગવાઇ કરવામાં આવેલી છે કે રાજ્ય સરકાર દ્વારા એક મોડલ સેચ્યુરેટ બનાવી તમામ યુનિવર્સિટીને આપવામાં આવશે અને આ મોડલ સેચ્યુરેટમાં યુનિવર્સિટીને કોઇ સુધારો કરવો હશે તો રાજ્ય સરકારની મંજૂરી મેળવવાની રહેશે અને તમામ યુનિવર્સિટી ખાતે એક સમાન પરિપૂર્ણતા એટલે સેચ્યુરેટ હોય તો વિદ્યાર્થીઓને પણ યુનિવર્સિટીઓ ખાતે ફેરબદલ કરવામાં સરળતા રહેશે અને નવી શિક્ષણ નીતિમાં વિવિધ

બાસ્કેટમાં વિવિધ વિષયો હોય છે. પોતાની યુનિવર્સિટી અથવા તો કોલેજમાં વિદ્યાર્થીઓ ભણતા હોય એ અન્ય યુનિવર્સિટી કે કોલેજ પસંદ કરી શકે એવા વિષયો પણ બીજી યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ પોતાની પસંદગીના અભ્યાસક્રમ અને કોલેજ પ્રાપ્ત કરવાનો એક સુનેહરો અવસર વિદ્યાર્થીઓને આ બિલના માધ્યમથી મળવાનો છે. છેલ્લે હું વાત કરું તો ગુજરાત પબ્લિક યુનિર્વસિટી બિલમાં સેક્શન-૪૦ અંતર્ગત રાજ્ય સરકારે જે જોગવાઇઓ કરેલી છે એમાં રાજ્ય સરકાર દ્વારા ગ્રાન્ટ યુનિર્વસિટીને સોંપવામાં આવશે તેના સિવાય પણ ઉપરોક્ત એક હેડ બનાવી શકાશે, સ્થાપિત કરી શકાશે અને યુનિવર્સિટી પોતે અલગ એફિલેટેડ અને કોન્સ્ટિટ્યૂટ કોલેજ ફંડ હોય, કોલેજ સેલેરી ફંડ હોય કે યુનિવર્સિટી ફંડ હોય, ડેવલપમેન્ટ એન્ડ પ્રોગ્રામ ફંડ હોય અથવા તો અન્ય ફંડ એકત્રિત કરી શકશે. આ ઉપરાંત યુનિર્વસિટી પોતાની રીતે શૈક્ષણિક તેમજ બિન-શૈક્ષણિક સ્ટાફની પણ નિમણૂક કરી શકશે. રિસર્ચ કરવું હોય તો વિદ્યાર્થીઓને માટે મદદરૂપ થશે. વિદ્યાર્થીઓ માટે અલગ અલગ સગવડો અને રિસર્ચ અંગે પણ મદદ કરી શકાશે અને જેમાં સરકારની કોઇ મંજૂરીની જરૂર રહેશે નહીં. એટલે આવી રીતે આઇ.આઇ.એમ. અને આઇ.આઇ.ટી. જેવી નેશનલ સંસ્થાઓ પણ આ વ્યવસ્થાઓ ઊભી કરી છે એવી રીતે આપણે કરી શકીશું. યુનિવર્સિટીનો વહીવટ અને એનો નાણાકીય વધુમાં વધુ ઓટોનોમી મળશે અને તમામ કોલેજો, યુનિવર્સિટીના વિભાગો હોય, અધ્યાપકો હોય કે સિનિયોરિટી થકી રોટેશનથી બોર્ડ ઓફ મેનેજમેન્ટ હોય આ તમામ પ્રકારના લાભ આ બિલના કાયદાથી થવાના છે. તમામ યુનિર્વસિટીમાં પ્રવેશ હોય, અભ્યાસ હોય કે પરીક્ષાઓ અંગે એકસરખી વ્યવસ્થા થતા વિદ્યાર્થીઓને પ્રવેશ અને પરિણામ સમયસર પણ મળશે. આ વિધેયકથી આપણી તમામ યુનિવર્સિટીમાં પરીક્ષાઓ હોય, એનો પ્રવેશ હોય કે વિવિધ પ્રકારના વિષયો હોય આ તમામ નિયમો એન.ઇ.પી. ૨૦૨૦માં અમલીકરણનો ફાયદો સીધો વિદ્યાર્થીઓને થવાનો છે અને છેલ્લે આ કોમન એક્ટ માટે એટલું જ કહીશ કે, કોમન બનીશું, એક બનીશું, નેક બનીશું. લક્ષ્ય એ રીતે આપણે હાંસલ કરીશું. સૌને મળશે ન્યાય, સૌને મળશે સમાન શિક્ષણ અને સાથે મળીને નવી જ ઉડાન ભરીશું. સરકાર રહેશે તમામ નિર્ણયોમાં ગુરુ-શિષ્ય સૌને ઉજાગર કરીશું. સફળ રહે પબ્લિક યુનિર્વસિટી બિલ શિક્ષણના સૌ સપના સાકાર કરીશું. માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયક લઇને અમારા માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ આવ્યા છે એ વિધેયકને મારું અનુમોદન આપું છું.

ડૉ. કિરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના માનનીય શિક્ષણ મંત્રીશ્રી જે ગુજરાત પબ્લિક યુનિવર્સિટી બિલ લઇને આવ્યા છે એના વિશે મારા વિચારો રજૂ કરું છું.

માનનીય મંત્રીશ્રી, માનનીય અધ્યક્ષશ્રી અને ગૃહના તમામ સભ્યશ્રીઓને જણાવવા માગું છું કે આજે હું જે પણ અધ્યાપક બન્યો છું એ માનનીય રમણભાઇને આભારી છું, એટલા માટે કે વર્ષ ૨૦૧૧ની અંદર ગુજરાતનો સૌથી પહેલો વિદ્યાસહાયક હું હતો, અધ્યાપક સહાયક અને એમણે ૧૩ મહિના પછી માનનીય આનંદીબેન અહીંયા રેવન્યુ મિનિસ્ટર હતા. મારે થોડો વિવાદ ચાલતો હતો. વિવાદ તો શું પણ રાજકીય દબાણ હોવા છતાં પણ એમણે મને રેગ્યુલર કર્યો. અધ્યાપક થયો. (અંતરાય) આભાર તો માન્યો. એ બદલ એમનો આભાર માનું છું. ઘણી બધી ચર્ચાઓ થઇ. અમારા સાથી ધારાસભ્યશ્રીઓએ પણ ચર્ચા કરી. બધા બેઠા છીએ એમાંથી જો સૌથી વધુ કોઇને નુકસાન થવાનું હોય તો આ બિલના લીધે મને થવાનું છે એટલા માટે કે વર્ષ ૧૯૯૭થી હું જાહેર જીવનની અંદર યુનિવર્સિટી સાથે સેનેટ મેમ્બર, એકેડેમિક કાઉન્સિલનો મેમ્બર, માધ્યમિક શિક્ષણ બોર્ડનો મેમ્બર રહ્યો છું. વિદ્યાર્થી પ્રતિનિધિ તરીકે પણ ચૂંટાયો. ગવર્નર દ્વારા નોમીની પણ થયો. અધ્યાપક મંડળમાંથી પણ ચૂંટાયો અને આજે પણ ચાલુ છું એટલે આ બિલ જેવું આવશે એવું ૬ મહિનામાં મારા પણ રામ રમી જવાના છે. પરંતુ ભલે મને નુકસાન થતું પણ આ બિલની અંદર ૨-૩ જોગવાઇઓ સિવાય મોટાભાગની જે પણ જોગવાઇઓ કરેલી છે એને હું સમર્થન એટલા માટે આપું છું કે યુનિવર્સિટીની અંદર વર્ષોથી સેનેટ સિન્ડિકેટની અંદર કેટલાક સ્થાપિત હિતો હતા. વર્ષોથી એ અડિંગો જમાવીને બેસતા. યુનિવર્સિટીના કુલપતિને દબાવવાના, કારોબારી સભ્યોને દબાવવાના, સંલગ્ન કોલેજોના અધ્યાપકો અને પ્રિન્સિપાલને દબાવવાના, પોતાનું ધાર્યું કરવાનું. આજથી ૨-૫ વર્ષ પહેલા કંઇ ન હોય આજે કરોડો રૂપિયાના માલિક બન્યા.

માનનીય અધ્યક્ષશ્રી, પરીક્ષાની અંદર અને એડમિશનની ગેરરીતિ કરવાની આ બિલની અંદર જે જોગવાઇ કરવામાં આવી છે એની અંદર અમારી યુનિવર્સિટીની વાત કરું તો અમારી નોર્થ ગુજરાત યુનિવર્સિટીની અંદર અધ્યાપકોને કોઇ સ્થાન કારોબારીની અંદર નહોતું. આ બિલની અંદર જે પણ ગવર્નિંગ બોડી કે એક્ઝિક્યુટીવ કાઉન્સિલની રચના કરવાની છે એની અંદર મોટાભાગે શિક્ષણશાસ્ત્રીઓ, કોલેજના અધ્યાપકો આ તમામનો સમાવેશ થવાનો છે. રાજ્ય સરકારે નોટિફિકેશન દ્વારા આ બિલના સુધારા માટે સૂચનો મંગાવ્યાં હતાં. મને જે પ્રમાણે માહિતી મળી એ પ્રમાણે અંદાજિત ૨૫૪ સૂચનો રાજ્ય સરકારને મળ્યાં. મેં પણ ૧૨ ઓગસ્ટ, ૨૦૨૩ના દિવસે ૩૦ સૂચનો મોકલ્યાં હતાં. એ સૂચનોમાંથી માનનીય મંત્રીશ્રીએ મારાં બે સૂચનો સ્વીકાર્યાં છે. હમણાં જ અમારા શ્રી અમીતભાઇ અધ્યાપકોની બદલીની વાત કરતા હતા. પહેલા નોટિફિકેશનની અંદર જોગવાઇ હતી કે અધ્યાપકોની બદલી થઇ શકશે, પરંતુ જે બિલ આવ્યું એની અંદર અધ્યાપકોની સંમતિ સિવાય બદલી કરવાની નહીં એવી જોગવાઇ કરવામાં આવી છે, એટલા માટે એક અધ્યાપક તરીકે હું શિક્ષણ મંત્રીશ્રીને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું મારું સુચન કલમ-૧ બાબતે હતું. કોમન યુનિવર્સિટી એકટ તો મેં કહ્યું હતું કે રાજ્યની અંદર ૧૧૦ કરતા વધુ યુનિવર્સિટી ખાનગી યુનિવર્સિટી છે. આપણે જે બિલ લાવીએ છીએ એ માત્ર ૧૧ યુનિવર્સિટી પૂરતું છે એટલે કોમન યુનિવર્સિટી એ શબ્દ દૂર કરવો જોઇએ એ પણ માનનીય મંત્રીશ્રીએ દૂર કર્યો છે, એટલે અમુક સૂચનો એવાં હતાં જે નામદાર સુપ્રીમકોર્ટની ગાઇડલાઇન અને તેના ચુકાદાને આધીન હતાં, પરંતુ હજુ સુધી તે સ્વીકાર્યાં નથી. માનનીય મંત્રીશ્રીને હું

જણાવું છું કે, સુપ્રીમકોર્ટની ગાઇડલાઇન અને તેના આદેશને માન આપીને સુધારા કરવામાં આવે તો ભવિષ્યની અંદર કોઇ ખોટા કોર્ટ કેસીસ બનશે નહીં. જયારે નોટિફિકેશન હતું ત્યારે તેમાં ૧૩ પ્રકરણ અને ૫૪ કલમો હતી. જે બિલ આવ્યું તેની અંદર પણ તેટલી જ કલમો અને તેટલા જ પ્રકરણો છે. સામાન્ય રીતે આ રાજ્યની અંદર અને દેશની અંદર પાંચ પ્રકારની યુનિવર્સિટીઓ હોય છેઃ સેન્ટ્રલ યુનિવર્સિટી, સ્ટેટ યુનિવર્સિટી, પ્રાઇવેટ યુનિવર્સિટી, ડિમ્ડ યુનિવર્સિટી અને ઇન્સ્ટિટ્યૂટ ઓફ નેશનલ ઇમ્પોર્ટન્ટ યુનિવર્સિટી. આ બિલની પાછળ યુનિવર્સિટીનું લિસ્ટ આપેલું છે. હમણાં અમારા સાથી ધારાસભ્યશ્રી બહુ ભારે અવાજથી બોલતા હતા કે કોંગ્રેસે શું કર્યું, શું કર્યું, શું કર્યું? આ બિલની પાછળ જે ૧૧ યુનિવર્સિટીનું લિસ્ટ છે તે તમામ યુનિવર્સિટી કોંગ્રેસ સરકારે બનાવી છે. પાછળથી ૧૯૯૫ની સાલ પછી તમે જે ત્રણ યુનિવર્સિટીઓ ઉમેરી તેનું ખાલી વિભાજન જ કર્યું છે. કોઇ નવી સરકારી યુનિવર્સિટી બનાવી નથી. મોટાભાગના આપણે અહીં બેઠા છીએ તે સરકારી યુનિવર્સિટીમાં જ ભણેલા છીએ. કોંગ્રેસના સમયે બનાવેલી છે. એટલે શિક્ષણની બાબતમાં ખોટા આક્ષેપો ન કરીએ. કદાચ તમને ઉપરથી સૂચના હોય કે શું તે મને ખબર નથી. જેટલા સભ્યો ઊભા થાય એટલે તેમણે દસ વખત શ્રી નરેન્દ્રભાઇનું નામ લેવું જ પડે છે. આ બધુ શ્રી નરેન્દ્રભાઇએ જ કર્યું? તમને એટલો બધો ડર લાગતો હોય તો ગુજરાતના શિક્ષણમંત્રી શ્રીમતી આનંદીબેન હતા, શ્રી રમણભાઇ હતા, માનનીય મુખ્યમંત્રી શ્રી કેશુભાઇ હતા, બીજા બધા હતા તો બધાના સહયોગથી જ ગુજરાતનો વિકાસ થયો છે, પણ બીજાનું નામ લેતા તમને ડર લાગે છે તે સમજણ પડતી નથી. હમણાં બધી વાત કરી. આજે તમે ગુજરાતની અંદર એજ્યુકેશન સુધારવાની વાત કરી.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૩નું નેશનલ ઇન્સ્ટિટ્યૂશનલ રેન્કિંગ ફ્રેમવર્ક તમે નેટ ઉપર સર્ચ કરજો, ગુજરાતની અંદર આટલી બધી યુનિવર્સિટીઓ હોય, આટલી બધી કોલેજો હોય આ બધામાંથી માત્ર ૬૧ નંબર ઉપર ગુજરાત યુનિવર્સિટી અને ૯૬ નંબર ઉપર સેન્ટ ઝેવિયર્સ કોલેજ છે. તેના સિવાયની એકપણ યુનિવર્સિટી કે કોલેજ આ રેન્કિંગની અંદર સમાવેશ થયો નથી. હું આક્ષેપ કરતો નથી પણ આપણા બધા માટે તે ચિંતાનો વિષય છે. જે વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગ છે તેની અંદર ભારતની માત્ર એક જ સોલિની યુનિવર્સિટી હિમાચલપ્રદેશની છે તેનો સમાવેશ થયેલો છે. જો આપણે દેશનો કે રાજ્યનો વિકાસ કરવો હોય તો વિવાદોથી પર રહી એજ્યુકેશન સિસ્ટમ કઇ રીતે સુધરે તેના માટે વિચાર કરવો જોઇએ. ખોટા આક્ષેપો કરવા ન જોઇએ. હમણાં જ એક ધારાસભ્યશ્રીએ કહ્યું હતું કે, અમારા પૂર્વ ધારાસભ્ય શ્રી ઇશ્વરસિંહ પરમારના પુત્ર ચોરી કરતા પકડાયા. અમે તો કદાચ ચોરી કરી હશે, *(xxx). શિક્ષણની અંદર આવા ખોટા આક્ષેપો યોગ્ય નથી.

શ્રી અમિત શાહ : સાહેબ, તે નામજોગ બોલે.

સભાપતિશ્રી : શ્રી કિરીટભાઇ, આપ બેસો.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : હું પણ ગુજરાત યુનિવર્સિટી અને ઉત્તર ગુજરાત યુનિવર્સિટમાં ભણ્યો છું. એટલા માટે કહું છું કે, હમણાં હું વાંચતો હતો.

સભાપતિશ્રી : શ્રી કિરીટભાઇ આપ બેસો. શ્રી હાર્દિકભાઇનો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

શ્રી હાર્દિક ભ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કિરીટભાઇએ જે વાત કરી કે *(xxx) તો આ વિધાનસભાની અંદર નામ સાથે એ વાત કરે નહીં તો પછી એમના એ શબ્દો દૂર કરવામાં આવે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભાના નિયમ મુજબ કોઇ વ્યક્તિના નામથી કોઇ આક્ષેપ થયો હોય તો એના પૂરાવા માગી શકાય છે. એમણે તો જનરલ વાત કરી છે.

શ્રી અર્જુનભાઇ મોઢવાડિયાઃ માનનીય અધ્યક્ષશ્રી, આ શ્રી હાર્દિકભાઇ અને શ્રી અમીતભાઇ બંને નામ લેવડાવવા માગે છે. અમારી પાસે નામનો એવો આગ્રહ ન રાખે. નામ આપીશું તો બધા ઊભા થઇ જશે એટલે જે પ્રકરણ છે એ રાજને રાજ જ રહેવા દઇએ. અત્યાર સુધી તમે રહેવા દીધું છે, બહાર અમે બોલીએ છીએ પણ તમે રહેવા દીધું છે. અમારે અહીંયા બોલવું નથી.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે વાત કરી કે, *(xxx) આ વાત ગૃહ માટે પણ અપમાનજનક છે. મારી ડો. કિરીટભાઇને વિનંતી એટલી છે કે કદાચ આ રીતનો કોઇ પણ પ્રકારનો આક્ષેપ, આને આક્ષેપ જ કહેવાય. એટલે *(xxx) જો એમની પાસે ખરેખર રેકર્ડ ઉપર કોઇ માહિતી હોય તો આપવી જોઇએ એ હું બિલકુલ નામ સાથે વાત કરવાનું આહવાન કરું છું.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ઘણા બધા, *(xxx) એવું કહ્યું નથી એટલા માટે હું કહું છું, (અંતરાય) આપણા બધાની સહિયારી જવાબદારી છે.

સભાપતિશ્રી : માનનીય કિરીટભાઇ, તમે શબ્દો પાછા ખેંચો.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારા શબ્દો પાછા ખેંચું છું. પાછું હમણાં દબાણ આવશે કે તમે કાંઇ બોલ્યા નહીં.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો સભ્યશ્રીએ પાછા ખેંચ્યા.

સભાપતિશ્રીઃ શબ્દો પાછા ખેંચે એટલે ઓટોમેટિક રેકર્ડ ઉપરથી દૂર થાય.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારી વિનંતી છે કે, આવા એજ્યુકેશનના વિષય ઉપર સારી ચર્ચા થતી હોય, ગુજરાતના યુવાનોના ભવિષ્યની ચિંતા કરતા હોય ત્યારે ખોટા આક્ષેપો ન કરીએ. હું હમણાં વાંચતો હતો એમાં લખ્યું હતું કે, "Collapsing any Nation does not require use of Atomic bombs or the use of Long range missiles. But it requires lowering the quality of Education and allowing cheating in the exams by the students.

The patient dies in the hands of the doctor who passed his exams through cheating.

And the buildings collapse in the hands of an engineer who passed his exams through cheating.

And the money is lost in the hands of an accountant who passed his exams through cheating.

And humanity dies in the hands of a religious scholar who passed his exams through cheating.

And justice is lost in the hands of a judge who passed his exams through cheating.

And ignorance is rampant in the minds of children who are under the care of a teacher who passed exams through cheating.

The collapse of education is the collapse of the Nation"

It means collapse of education is collapse of nation.

માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે આપણે સૌ એ ચિંતા કરીએ. માનનીય મંત્રીશ્રી જે બિલને આવ્યા છે એના શરૂઆતમાં જ લખ્યું છે કે, ગુજરાત રાજયમાં બિન કૃષિ વિષયક, બિન તબીબી વિષયક યુનિવર્સિટીઓને આનાથી અલગ રાખવામાં આવી છે. મારી મંત્રીશ્રીને વિનંતી છે કે જ્યારે તમે તમામ યુનિવર્સિટીઓને આની અંદર સમાવી લેવા માગતા હોય, જે રીતે તમામ ટેકનિકલ કોલેજો, યુનિવર્સિટીઓ જી.ટી.યુ.ની અંડરમાં આવી તો વધુ ગુણવત્તા સુધારવા માટે મેડિકલ માટે અને કૃષિ માટે પણ એક આવી કોમન યુનિવર્સિટી બને, એનો એકટ બને તો મને લાગે છે કે એનાથી ઘણો બધો ફાયદો થશે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું છે કે, સર્વોચ્ચ અદાલતના વર્ષ ૨૦૦૨ના ચુકાદા એમ.સી.સી. ૪૮૧ના આધારે આ બિલ લાવવાની જરૂર પડી. હમણાં જ અમારા સાથી ધારાસભ્યશ્રીએ કહ્યું કે બહુ મોડું થયું. જો ૨૦૦૨ની સાલમાં ચુકાદો આવ્યો હોય તો આજે ૨૨ વર્ષ પછી આટલું મોડું આ બિલ શા માટે લાવવામાં આવ્યું એ પણ ચિંતાનો વિષય છે. કદાચ સાથી ધારાસભ્યોને ખબર ન હોય આ બિલની અંદર આ જે નામદાર સુપ્રીમકોર્ટનું જજમેન્ટ છે એ મેં પણ વાંચ્યું છે. એની અંદર એવું હતું કે મધ્યપ્રદેશ સરકાર વર્ષ ૨૦૦૭, ૨૦૦૮ અને ૨૦૦૯ની અંદર એડમિશન માટે અને ફી માટે એક કાયદો બનાવ્યો હતો. એ કાયદો નામદાર હાઇકોર્ટની અંદર ચેલેન્જ થયો અને હાઇકોર્ટે કહ્યું કે સમાનતા માટે દરેક રાજય સરકારને આવો કાયદો બનાવવાનો અધિકાર છે અને તેના પછી આ જજમેન્ટ નામદાર સુપ્રીમકોર્ટની અંદર ચેલેન્જ થયું અને સુપ્રીમકોર્ટના ૮ જજોની બેંચે પણ સરકારે જે નિર્ણય લીધો હતો તેના ફેવરમાં ચુકાદો આપ્યો એટલે સરકારને આ સત્તાઓ છે અને એ સત્તાની રૂએ જે બિલ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયકની કલમ-૨(ગ) તેની અંદર સંલગ્ન પ્રાધ્યાપક, સહ પ્રાધ્યાપક અને સંલગ્ન મદદનીશ પ્રાધ્યાપકની જોગવાઇ કરવામાં આવી છે. યુ.જી.સી.ની અંદર પણ આવા એડજોર્ન પ્રોફેસર, આસિસ્ટન્ટ પ્રોફેસર કે એસોસિએટ પ્રોફેસરની જોગવાઇ છે. મેં જોયું છે પરંતુ આ જોગવાઇ કરી છે તે પ્રવાસી શિક્ષક કે વિદ્યા સહાયક કે જ્ઞાન સહાયક આવું ના બને અને જે પણ સંલગ્ન પ્રાધ્યાપક, સંલગ્ન સહ પ્રાધ્યાપક કે મદદનીશ પ્રાધ્યાપકની નિમણૂક થાય એ યુ.જી.સી.એ નક્કી કરેલા ક્વોલિફિકેશનના આધારે થાય અને ચોક્કસ સમય માટે થાય તેના લીધે હાયર એજ્યુકેશનની અંદર નુકસાન ના થયા તે પણ જોવું પડે.

**સભાપતિશ્રી પંકજ વિ. દેસાઇ અધ્યક્ષસ્થાને**

નવા અધ્યક્ષશ્રીને અભિનંદન (અંતરાય) અહીંયા પણ મને લાગે છે કે, પ્રવાસી જેવું જ છે. એટલે આ બાબતે માનનીય મંત્રીશ્રીને વિનંતી કે આ બાબતે પણ ધ્યાન રાખો. માનનીય મંત્રીશ્રી કલમ-૨(જ)ની અંદર સ્વાયતત્તાની વાત કરી છે. બહુ સારી બાબત છે સ્વાયતત્તા આપી શકયા, પરંતુ સ્વાયતત્તા કોને આપવી? ખરેખર શિક્ષણની અંદર ગુણવત્તા ધરાવતી સંસ્થાઓને સ્વાયતત્તા આપવી કે શિક્ષણ મંત્રી ભલામણ કરે તેને આપવી કે અમારા વિરોધપક્ષના નેતા શ્રી અમીતભાઇ કરે તેને આપવી આ બાબત ગંભીરતાથી વિચારવા જેવી છે. એટલે ખરેખર જે સારી શૈક્ષણિક સંસ્થાઓ હોય, ક્વોલિટી એજ્યુકેશન આપતી હોય અને યુ.જી.સી.ના નિયમ પ્રમાણે તમામ સ્ટાફ ભરેલો હોય તેવી સંસ્થાઓને જો સ્વાયતત્તા આપવામાં આવે તો આ બિલમાં જે જોગવાઇ કરી છે તે યોગ્ય ગણવામાં આવશે. કલમ-૨(ઘ)ની અંદર જે નોન વોકેશનલ શૈક્ષણિક કર્મચારીઓની જોગવાઇ કરવામાં આવી છે એટલે આ નોન વોકેશનલ શૈક્ષણિક કર્મચારીઓ એટલે શું? માનનીય મંત્રીશ્રી શિક્ષણની અંદર અને એજ્યુકેશન અને હેલ્થની અંદર જે પણ ભરતી થાય તે હંમેશા કાયમ માટે હોવી જોઇએ. આવા નોન વોકેશનલ અને વોકેશનલ આવા બધા શૈક્ષણિક સ્ટાફની ભરતી કરવામાં આવશે તો તેના લીધે આગામી સમયની અંદર શિક્ષણને મોટું નુકસાન થશે.

ગુજરાત પબ્લિક યુનિવર્સિટી વિધેયક, ૨૦૨૩

માનનીય અધ્યક્ષશ્રી, જે ૨ (મમ) તેની અંદર તમે જોગવાઇ એવી કરી છે કે, યુનિવર્સિટીના રજિસ્ટ્રાર હાજર ના હોય તો તેમની જગ્યાએ આસિસ્ટન્ટ રજિસ્ટ્રારને ચાર્જ આપવો. પરંતુ આસિસ્ટન્ટ રજિસ્ટ્રાર તે રજિસ્ટ્રારની કેડરમાં આવતા નથી. યુનિવર્સિટીના લાઇબ્રેરિયન હોય, પ્રોફેસર હોય, એસોસિએટ પ્રોફેસર હોય આ બધા એ રજિસ્ટ્રારની લાયકાતમાં, તેના ક્વોલિફિકેશન, તેની કેડરમાં આવે છે એટલે તે જોગવાઇ રદ કરી અને રજિસ્ટ્રારની કેડરમાં જે યુનિવર્સિટીના અધિકારીઓ હોય તેને જો રજિસ્ટ્રારનો ચાર્જ આપવામાં આવે એવી જોગવાઇ કરવામાં આવે તો તેના વહીવટ ઉપર અસર નહીં થાય. બીજી બાબત કે તેની અંદર ગ્રંથાલય અને સંસ્થાના ડિરેક્ટરની શિક્ષકની વ્યાખ્યાની અંદર સમાવેશ કરવામાં આવ્યો છે.માત્ર ગુજરાતમાં જ એવું છે કે ગ્રંથપાલને શિક્ષકની વ્યાખ્યામાં ગણવામાં આવે છે. ગુજરાત સિવાય બીજા કોઇ રાજ્યમાં અને યુ.જી.સી.માં પણ આવી જોગવાઇ નથી. એ જોગવાઇને પણ જોઇ લેવા વિનંતી છે. કલમ-૨(૨૨)માં 'યુનિવર્સિટી વિસ્તાર' એટલે કે 'અનુસૂચિમાં યુનિવર્સિટીના નામ સામે નિર્દિષ્ટ કરેલ વિસ્તાર' એવું બતાવ્યું છે. પરંતુ જે અનુસૂચિ છે એમાં આવો કોઇ વિસ્તાર બતાવવામાં આવ્યો નથી. બીજી ગંભીર બાબત એવી પણ છે કે ગુજરાતી વર્ઝન અને અંગ્રેજી વર્ઝનના પાના નંબર પણ જુદા છે. એક જ બિલ હોય તો એના પાના નંબર અને સેક્શન પણ સરખા હોવા જોઇએ. માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આ બાબતને ગંભીરતાથી લે. માનનીય મંત્રીશ્રી આ બધાને જે ડર હતો અને જે આંદોલનો થતા હતા એ કલમ-૩(૩) છે. બધાંને એવું હતું કે આ સરકાર યુનિવર્સિટીની મિલકતો વેચી દેશે પણ યુનિવર્સિટીના જે અલગ-અલગ કાયદાઓ હતા એ દરેક કાયદામાં આ જોગવાઇ કરેલી જ હતી કે રાજ્ય સરકાર જરૂર પડે ત્યારે યુનિવર્સિટીની મિલકતો લઇ શકશે. એનો ઉપયોગ કરી શકશે. અમારી પાટણ યુનિવર્સિટીમાં એરોડ્રામ બનાવી દીધું એવું પણ બનાવી શકશે. આ યોજના બીજા અલગ-અલગ એક્ટમાં હતી. યુનિવર્સિટીની જે પણ સ્થાવર મિલકત હોય એનો ઉપયોગ માત્રને માત્ર શિક્ષણના હેતુ માટે થાય. બીજા કોઇ હેતુ માટે ના થાય. ઘણી વાર મિલકત ભાડાપટ્ટા પર આપી દેવામાં આવે છે. એમાં કોઇ ક્લબો ચાલુ ના થાય. જુગારના અડ્ડાઓ ચાલુ ના થાય અને જે પણ પ્રવૃત્તિ થાય એના કારણે શિક્ષણ કાર્યને અસર ના થાય એની સાવચેતી રાખવાની વિનંતી કરું છું. કલમ-૪(૩)માં જ્ઞાનના સર્જનની વાત કરી છે. જ્ઞાનના સર્જક કોણ હોઇ શકે? ભૂતકાળમાં કૉંગ્રેસ સરકારે શ્રી ઉમાશંકર જોષીની રાજ્યસભાના સભ્ય તરીકે નિમણૂક કરી હતી, પરંતુ એમણે ઘણી વાર એ વખતના વડાપ્રધાન શ્રીમતી ઇન્દિરાબેનની હાજરીમાં કૉંગ્રેસ સરકારની ટીકાઓ કરી હતી અને વડાપ્રધાને એ સ્વીકારી હતી. એક અધ્યાપક અને સાહિત્યકારની આ તાકાત છે. આ કાયદો આવવાથી એક શિક્ષક કે અધ્યાપક મટી જતો નથી અને જ્ઞાનનો સર્જક રહે એ જોવાની વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ એકેડેમિક બેંક ઓફ ક્રેડિટની વાત કરી છે. આ બેંક ક્યાં હશે? એનું સંચાલન કોણ કરશે? આ બાબત હું સમજ્યો નથી તો એ બાબતે પણ સ્પષ્ટતા કરવામાં આવે. તમે પ્રૌઢ શિક્ષણની વાત કરી છે. કૉંગ્રેસના શાસનમાં પ્રૌઢ શિક્ષણ ચાલતું જ હતું. આમાં માનનીય મંત્રીશ્રીએ લખ્યું છે કે ''યુ.જી.સી.ના નિયમોનું પાલન થાય.'' હમણાં જ બે-ત્રણ યુનિવર્સિટીઓના કુલપતિની નિમણૂક કરી. એ નિમણૂક યુ.જી.સી.ના નિયમોની અવગણના કરીને કરી છે. ગુજરાતની કેટલીક યુનિવર્સિટીઓના કુલપતિની નિમણૂક નામ. સુપ્રીમકોર્ટે રદ કરી છે, એટલે આ જે જોગવાઇ કરી છે તે કાયદા પૂરતી ન રહે તેનો સાચો અને સારી રીતે અમલ થાય તે જોવા માટે વિનંતી કરું છું. કલમ-૧૨માં કોઇ અન્ય યુનિવર્સિટી કે સંગઠનમાં કામ કરતી વ્યક્તિને નિર્દિષ્ટ મુદત માટે યુનિવર્સિટીના સંલગ્ન પ્રાધ્યાપકો, સંલગ્ન મદદનીશ પ્રાધ્યાપકોને મુલાકાતી પ્રાધ્યાપકો તરીકે નિમણૂક આપવાની જોગવાઇ કરી છે. આનાથી કોઇ ફાયદો થવાનો નથી કારણ કે કૉલેજોના અધ્યાપકો અને યુનિવર્સિટીના વિભાગોના અધ્યાપકોની લાયકાત સરખી છે. એકબીજાની બદલી કરવાથી કોઇ ફાયદો થવાનો નથી. એ બાબતે માત્ર બદલી કરવાના હેતુથી જો આ કલમનો ઉપયોગ થાય તો તે યોગ્ય નથી. કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૧૯માં એક વટહુકમ બહાર પાડ્યો હતો. એ વટહુકમમાં યુનિવર્સિટી અને કૉલેજને અલગ અલગ યુનિટ ગણેલા છે. જો આ જોગવાઇ આ બિલમાં લાગુ કરવામાં આવશે તો કેન્દ્ર સરકારના નોટિફિકેશનનો ભંગ થશે અને જે ૨૦૦ ક્રેડિટ પોઇન્ટ આપવાના થાય છે તેનો પણ ભંગ થશે. આથી આ બાબતે ગંભીરતાપૂર્વક કાયદાકીય અભ્યાસ થાય તેવી વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, યુનિવર્સિટીના અધ્યાપકોના સમૂહમાંથી માર્ગદર્શન આપવા માટેની જોગવાઇ કરેલી છે તે મને યોગ્ય લાગતી નથી. કલમ-૪(૨૧)માં જે સ્ટેચ્યૂટથી માનદ ડિગ્રી આપવાની વાત કરી છે અને આ જ કાયદામાં કલમ-(૩૫)માં પણ આ જોગવાઇ કરવામાં આવી છે એટલે બંને જોગવાઇઓ ડબલ થાય છે તે માટે યોગ્ય કરવા વિનંતી છે. કલમ-૪(૩૪)માં યુનિવર્સિટીના કર્મચારીઓની ભરતીની વાત થઇ છે. આજે પણ યુનિવર્સિટીમાં ૪૦ ટકાથી ઓછો સ્ટાફ ભરેલો છે એટલે વધુમાં વધુ ઝડપથી યુનિવર્સિટીમાં સ્ટાફની ભરતી થાય તે માટે વિનંતી કરું છું. કલમ-૪(૩૭)માં અધ્યાપકોના મૂલ્યાંકનની વાત થઇ છે. મૂલ્યાંકનના બહાને અધ્યાપકોની હેરાનગતિ ન થાય તે જોવા માટે પણ વિનંતી કરું છું. કલમ-(૩૮)માં અધ્યાપનના કલાકો ઉપરાંત અને કલમ-(૩૯)માં કામના કલાકો ઉપરાંત કામ લેવાની બાબત યોગ્ય નથી. કોઇપણ કર્મચારીને તેના ડ્યૂટીના સમય બાદ વધારાનું કોઇ કામ લેવું હોય તો તેના માટે સ્ટેચ્યૂટ કે ઓર્ડિનન્સમાં તેને માનદ વેતનની જોગવાઇ કરવામાં આવે તેવું સૂચન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કલમ-૪(૪૮)માં કૉલેજનો દરજ્જો રદ કરવાની વાત કરી છે. કોઇપણ કૉલેજ સારી રીતે ચાલતી હોય, અમારા જેવા કૉંગ્રેસવાળાની હોય તો પણ આવી સારી કૉલેજનો દરજ્જો કોઇ રાજકીય બદઇરાદાથી રદ ન થાય, શિક્ષણ સંસ્થાને ખોટી રીતે હેરાનગતિ ન થાય તે જોવા માટે પણ વિનંતી કરું છું. કલમ-૪(૪૯)માં ફંડ ઉઘરાવવાની વાત કરી

છે. હમણાં જ અમારા આદરણીય શ્રી અર્જુનભાઇએ વાત કરી કે વિદ્યાર્થીના પૈસાથી રૂ.૫૦ લાખનો સ્વિમિંગ પૂલ બનાવી દેવામાં આવ્યો. હું આદરણીય વડાપ્રધાનશ્રીને અભિનંદન આપીશ કે એમણે કડક નિર્ણય લઇ દેશમાં ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું કે, સરકાર કે વિદ્યાર્થીઓનાં નાણાં પોતાના હિત માટે વાપરનાર ભ્રષ્ટાચારીઓને તાત્કાલિક એમના હોદ્ધા પરથી દૂર કરી દેવામાં આવે અને એમણે દૂર પણ કર્યા. પરંતુ, આજની તારીખમાં એમના વિરુદ્ધમાં કોઇ કાર્યવાહી કરવામાં આવી નથી. નામદાર હાઇકોર્ટમાં આ બાબતે કેસ ચાલે છે. હું માનનીય શિક્ષણ સચિવશ્રીને પણ મળ્યો હતો છતાં પણ આજદિન સુધી એના જવાબો રજૂ કરવામાં આવતા નથી. આ બહુ જ ગંભીર બાબત છે. માનનીય મંત્રીશ્રી આટલો સારો કાયદો લાવવા જઇ રહ્યા છે ત્યારે આવી ગેરરીતિ કે ભ્રષ્ટાચાર કરનારની વિરુદ્ધમાં સમયમર્યાદામાં કાર્યવાહી થાય એ જોવા હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું. કલમ ૪(૫૧)માં જોગવાઇ કરી છે કે કોઇપણ પ્રથમ દ્રષ્ટિએ ગુનો બને તો એને હોદ્ધા પરથી દૂર કરવા. આ બાબત યોગ્ય એટલા માટે નથી કે આજે મારા વિરુદ્ધ ૨૨ એફ.આઇ.આર. થયેલ છે. એફ.આઇ.આર. એટલે પ્રથમ દ્રષ્ટિએ ગુનો. કોઇપણ વ્યક્તિ ફરિયાદ દાખલ થાય એનાથી એ ગુનેગાર બની જતી નથી. હમણાં જ શ્રી હાર્દિકભાઇને બે વર્ષની સજા થઇ. ભારતના બંધારણમાં જી.સી.એસ.આર.માં એવી જોગવાઇ કરી છે કે, બે વર્ષથી વધુ સજા હોય તો તમે ચૂંટણી લડી ના શકો. ઘણીવાર આના કારણે એવું બનશે કે, કોઇ કર્મચારી હોય, અધ્યાપક હોય કે કૉલેજનો સંચાલક હોય એના વિરુદ્ધમાં એફ.આઇ.આર. થાય અને એને નોકરીમાંથી બરતરફ કરવામાં આવે અને પાંચ-દસ વર્ષ પછી એ નિર્દોષ છૂટે તો શું થશે? એટલે જ્યાં સુધી એ ગુનેગાર સાબિત ન થાય ત્યાં સુધી માત્ર પ્રથમદર્શી અહેવાલના આધારે એની નિમણૂક રદ ન થાય એ જોવા વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, તમે કલમ ૪(૭૬)માં જોગવાઇ કરી છે કે, ઉદ્યોગો સાથે ભાગીદારીમાં વ્યવસાયિક અથવા કૌશલ્ય આધારિત સામૂદાયિક કૉલેજોની સ્થાપના કરવી. રાજ્ય સરકારે ઓલરેડી સ્કીલ યુનિવર્સિટીની સ્થાપના કરેલી છે. વિદ્યાર્થીઓમાં સ્કીલ પેદા થાય અને આ સ્કીલનો સારી રીતે ઉપયોગ થાય એના માટે સ્કીલ યુનિવર્સિટી બનાવેલી જ છે. તમે શૈક્ષણિક સંસ્થાઓમાં આવી ટૅકનિકલ સંસ્થાઓ ઊભી કરશો તો એના લીધે શૈક્ષણિક વાતાવરણ બગડવાનું છે. એટલે આવી કોઇપણ સંસ્થા તમે ઊભી કરો તો એ સ્કીલ યુનિવર્સિટીના અન્ડરમાં થાય એવી વિનંતી કરું છું. તમે ડિસ્ટન્સ એજ્યુકેશન અને કોરસપોન્ડન્સ કોર્ષની કલમ-૬માં વાત કરી છે. ડિસ્ટન્સ એજ્યુકેશન બ્યુરો કેન્દ્ર સરકારની એક સંસ્થા છે. ડિસ્ટન્સ એજ્યુકેશન બ્યુરો દ્વારા આવા ડિસ્ટન્સ એજ્યુકેશન કે કોરસ્પોન્ડિંગ કોર્સ એટલે કે, દૂરવર્તી શિક્ષણના અભ્યાસક્રમો કે પત્રવ્યવ્હારના કોર્સો ચાલે જ છે. એટલે આ જોગવાઇ કરવાની જરૂર નથી. આના લીધે એવું થશે કે માત્ર ડિસ્ટન્સ એજ્યુકેશનના નામે વિદ્યાર્થીઓ એડમિશન લેશે અને કૉલેજો કે યુનિવર્સિટીમાં આવશે નહીં. એના કારણે શિક્ષણ પર એની અસર થશે. એટલે આવા જે ડિસ્ટન્સ એજ્યુકેશન કે કોરસ્પોન્ડિંગ કોર્સ ચાલુ કરો એ ડિસ્ટન્સ એજ્યુકેશન બ્યુરોના અન્ડરમાં ચાલુ થાય એવી વિનંતી કરું છું. માનનીય મંત્રીશ્રીએ ૬૨ વર્ષની ઉંમરની વાત કરી છે પરંતુ, કોઇપણ વ્યક્તિની નિમણૂક થઇ ગઇ અને ૬૨ વર્ષમાં બે કે ત્રણ મહિના બાકી હોય તો ૬૨ વર્ષ પૂરા થશે ત્યારે એ ચાલુ રહેશે કે એનું સભ્યપદ રદ થઇ જશે એની સ્પષ્ટ જોગવાઇ કરવા માટે પણ વિનંતી છે. કલમ-૯માં મહારાજા સયાજીરાવ ગાયકવાડ યુનિવર્સિટીની વાત કરી છે. તમામ યુનિવર્સિટીઓના ચાન્સેલર એટલે કે, કુલાધિપતિ એ ગવર્નર રહેશે. પરંતુ, આ યુનિવર્સિટીમાં તમે એવી જોગવાઇ કરી કે શ્રીમતી શુભાંગિની રાજે ગાયકવાડ રહેશે. પણ જ્યારે શુભાંગિની રાજે ગાયકવાડ ના હોય ત્યારે શું?આપણે ફરીથી સુધારવાનો કાયદો લાવીશું? માનનીય મંત્રીશ્રી એટલે મારે વિનંતી કરવી છે કે, એના જે પણ વારસદાર હોય અથવા નિયમ મુજબ એમના જે વારસદાર આવતા હોય એ આ જ્યારે અસ્તિત્વમાં ન હોય ત્યારે એમની નિમણૂક ચાન્સલેર તરીકે થાય. માનનીય મંત્રીશ્રી, કલમ-૧૦(૨)ની જોગવાઇ મને સમજાતી નથી. એટલે એ બાબતે મને સમજાય એ માટે યોગ્ય માર્ગદર્શન મળે એવી વિનંતી છે. કુલપતિશ્રીની નિમણૂક માટેની જે સર્ચ કમિટીની જોગવાઇની વાત કરી છે એમાં, રાજ્ય સરકાર દ્વારા જે નિયુક્ત કરેલો સભ્ય હશે એ આ સર્ચ કમિટીનો ચેરમેન બનશે, એવી વાત કરી છે. એમાં એક યુ.જી.સી.નો સભ્ય પણ છે. અત્યાર સુધીના દરેક કાયદામાં જોગવાઇ છે કે જે હાયર ઓથોરિટી હોય એનો સભ્ય એ કમિટીનો ચેરમેન હોય. આજે પણ એવી સર્ચ કમિટીમાં, યુ.જી.સી.નો સભ્ય એ સર્ચ કમિટીનો ચેરમેન હોય છે. ભવિષ્યમાં આ બાબતમાં વિવાદ ન થાય એટલે યુ.જી.સી.નો જે પ્રતિનિધિ હોય એ આ કમિટીનો ચેરમેન બને, એવો હું સુધારો સૂચવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કુલપતિની સમયમર્યાદામાં, કુલપતિ ન હોય તો છ મહિનામાં અથવા એક વર્ષમાં ભરતી કરવાની જોગવાઇ કરી છે એ સારી બાબત છે. પરંતુ છ મહિનાની જોગવાઇ કરી એટલે છ મહિનાની અંદર કે છ મહિના પહેલા આવી ભરતીઓ થઇ જાય. ઘણી યુનિવર્સિટીઓમાં, અમારી એચ.એન.જી.યુ. યુનિવર્સિટીના એક્ટમાં જોગવાઇ છે કે, કોઇપણ સત્તા મંડળનો સભ્ય એ કુલપતિશ્રી હોય કે કારોબારી સભ્યશ્રી હોય, એની છ મહિનાથી વધુ સમય સુધી ખાલી જગ્યા રહેશે નહીં. પરંતુ દોઢ-દોઢ, બે-બે વર્ષથી આવી જગ્યાઓ ખાલી છે. એટલે આ કાયદાનો ચૂસ્ત અમલ થાય અને આ જગ્યાઓ બદઇરાદાથી ભરવામાં ન આવે તો અધિકારીશ્રી, કુલપતિશ્રી કે જે પણ જવાબદાર હોય એની સામે કાર્યવાહી કરવાની પણ આ કાયદામાં જોગવાઇ કરવામાં આવે એવી વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કલમ-૧૪(૭)માં કોઇપણ રાજકીય ચળવળ અથવા રાજકીય પ્રવૃત્તિમાં ભાગ લેતા હોય એવાને કર્મચારી તરીકે લઇ શકશે નહીં, એવી જોગવાઇ કરી છે. કલમ-૬ અને એના પછી કલમ-૧૪માં એના નેક્સ્ટ પેરામાં એવું નક્કી કર્યું છે કે, રાજય સરકારશ્રીની મંજૂરીથી આવી પ્રવૃત્તિઓમાં ભાગ લેનાર વ્યકિતને કોઇ વાંધો આવશે નહીં. એટલે હું

કોંગ્રેસનો ધારાસભ્ય છું. ડો.ડિંડોર સાહેબ ભા.જ.પ.ના ધારાસભ્યશ્રી છે. તમારે મને પતાવી દેવો હોય અને ડો. ડીંડોર સાહેબને ચાલુ રાખવા હોય તો તમે મને મંજૂરી ન આપો. એટલે આવા કોઇપણ કર્મચારી હોય, અધ્યાપકો હોય અને રાજકીય કોઇપણ પાર્ટી સાથે જોડાયેલા હોય તો એમના હિત અને કારકિર્દીને ખોટી રીતે નુકસાન ન થાય તે જોવું જોઇએ. હું ગમે તે બોલું તો પણ તમે કરવાના જ છો, પણ આવું ન થાય એ જોવા માટે હું વિનંતી કરું છું. યુનિવર્સિટીનું જે સંચાલક મંડળ બનાવવાની વાત કરી છે એ બહું સારી બાબત છે. સંચાલક મંડળમાં મોટા ભાગે એજ્યુકેશન સાથે સંકળાયેલા કે કોઇ સામાજિક સંસ્થાઓ સાથે સંકળાયેલા (વચ્ચે અટકાવતાં)

સભાપતિશ્રી : માનનીય કિરીટભાઇ, એક મિનિટ ઊભા રહો.

**સભાગૃહની બેઠકનું કામકાજ લંબાવવા અંગે**

શ્રી બાળકૃષ્ણ ખં. શુકલ (મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજના દિવસની કામકાજ યાદીમાં બતાવેલ કામકાજ પૂર્ણ થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવામાં આવે તેવો પ્રસ્તાવ રજૂ કરું છું.

ડો. સી.જે. ચાવડા (કોંગ્રેસ પક્ષના દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રસ્તાવને હું સમર્થન આપું છું.

સભાપતિશ્રી : સૌ સંમત છે? (થોડીવાર બાદ) આજના દિવસની કામકાજની યાદીમાં બતાવેલ કામકાજ પૂર્ણ થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવામાં આવે છે.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારાં આટલાં વર્ષના અનુભવના આધારે માનનીય મંત્રીશ્રી, હું એટલું ચોક્કસ કહીશ કે સૌથી જટિલ બાબત હોય તો એ સિનિયોરિટી નક્કી કરવાની બાબત છે. ડીંડોર સાહેબ પણ અહીં બેઠા છે. એમને ખબર છે. એ પણ અધ્યાપક છે. એટલે સુપ્રીમકોર્ટનું રામી શ્રીવાસ્તવ વર્સીસ વિક્રમ યુનિવર્સિટી. માનનીય મંત્રીશ્રી, એ સુપ્રીમકોર્ટનું જજમેન્ટ છે. મેં જે સૂચન કર્યાં એમાં પણ એ ટાંક્યુ હતું. એની અંદર પ્રોફેસર સી.એસ. પ્રોફેસર કે ડાયરેક્ટ એપોઇન્ટ થયેલા પ્રોફેસરની સિનિયોરિટી કઇ રીતે ગણવી એની ચોકકસ ગાઇડલાઇન આપેલી છે. એમાં સ્પષ્ટ લખ્યું છે કે પ્રમોશનથી કોઇ જગ્યા ભરાય એટલે એમાં કોઇ જગ્યા ખાલી પડતી નથી. પ્રમોશનથી કોઇ જગ્યા ભરાય એટલે ત્યાં કોઇ વર્કલોડ બદલાતો નથી અને પ્રમોશનથી કોઇ જગ્યા ભરાય એટલે એમાં બીજા ઉમેદવાર સાથે સીધી હરીફાઇ થતી નથી. એટલે સુપ્રીમકોર્ટના આ ચુકાદાનો પૂરેપૂરો અભ્યાસ કરીને સિનિયોરિટી સચવાય. ઘણીવાર એવું થાય છે કે સરકારી કોલેજના કોઇ અધ્યાપકની બદલી થાય તો એની સિનિયોરિટી કઇ ગણવી. જે દિવસે કોલેજમાં એપોઇન્ટ થાય એ સિનિયોરિટી કે એ નોકરીએ લાગ્યો એ સિનિયોરિટી? કોઇ ફાજલ પડયો તો એ ફાજલથી જે કોલેજમાં હાજર થાય એ સિનિયોરિટી ગણવી કે જે દિવસે એ નોકરીમાં દાખલ થયો એ? ઘણાબધા અધ્યાપકોને આવો અન્યાય થયો છે. જે ફાજલ પડયા અને ૨૦ વર્ષથી નોકરી કરતા હતા. બીજી કોલેજમાં એ હાજર થયા તો એમની સિનિયોરિટી ઘટી ગઇ. એટલે આ બાબતે ચોક્કસ કર્મચારી અધ્યાપક હોય કે કર્મચારી હોય. એને નુકસાન ન થાય એ માટે સિનિયોરિટી લિસ્ટ સારી રીતે બનાવવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણા કુલપતિઓ સિનિયોરિટી લિસ્ટ બનાવે તો છે, પણ એ પોતાની ફાઇલમાં દબાવી રાખે છે અને કોઇ જાહેર કરતા નથી. એટલે આવું સિનિયોરિટી લિસ્ટ જે બન્યું હોય એ યુનિવર્સિટીની કોમન કે સરકારની જે તે યુનિવર્સિટીની વેબસાઇટ ઉપર આપવામાં આવે તો તમામ અધ્યાપકો અથવા તો કર્મચારીઓને એમની સિનિયોરિટીનો ખ્યાલ આવશે. એની સિનિયોરિટી ખોટી રીતે ઓછી કરવામાં આવે કે વધારી દેવામાં આવી હોય તો ચોક્કસ એનાથી એને ફાયદો થશે. એટલે ચોક્કસ આ બાબતે વધુ ધ્યાન રાખવામાં આવે અને જે કુલપતિ કે અધિકારી દ્વારા બદઇરાદાથી કોઇપણ કર્મચારી કે જેનો હક્ક હોય એની સિનિયોરિટી દબાવવામાં આવે કે ખોટી રીતે રદ કરવામાં આવે તો એની વિરુદ્ધમાં ફોજદારી કાર્યવાહી થાય, કડક કાર્યવાહી થાય અને સત્વરે કાર્યવાહી થાય એની પણ આ કાયદામાં જોગવાઇ કરવામાં આવે તો સિનિયોરિટીની અંદર જે ખોટું થાય છે માનનીય મંત્રીશ્રી, એ ખોટું થશે નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી બાબત કે આની અંદર મેનેજમેન્ટના પ્રતિનિધિ લેવાની આપે વાત કરી. ઘણીવાર એવું થાય છે કે મેનેજમેન્ટના પ્રતિનિધિ બીજા સભ્યને નોમિનેટ કરી દે. કોઇ મેનેજમેન્ટ કોલેજનું મંડળ હોય અને એ સ્થાનિક ના હોય તો બીજા લોકોને નોમિનેટ કરે. તો આ બાબતે સ્પષ્ટ જોગવાઇ કરવા સ્ટેચ્યૂટ કે ઓર્ડિનન્સ બનાવો. એમાં સ્પષ્ટ જોગવાઇ થાય કે કોલેજના મેનેજમેન્ટના જે ટ્રસ્ટી હોય, ચેરમેન હોય કે વાઇસ ચેરમેન હોય કે સેક્રેટરી હોય. એ જ આ કમિટીના સભ્ય બની શકે અને એમાં પણ સિનિયોરિટી જો દાખલ કરવામાં આવે. જેટલી પણ કોલેજો યુનિવર્સિટી સાથે સંલગ્ન હોય એ કોલેજોની ડેઇટ ઓફ એસ્ટાબ્લિશમેન્ટ એટલે જે તારીખે કોલેજ શરૂ થઇ અથવા મંડળની સ્થાપના થઇ. એની સિનિયોરિટી બનાવવામાં આવે અને એની સિનિયોરિટીના આધારે જો પ્રતિનિધિનું સિલેકશન કરવામાં આવે તો ચોક્કસ એમાં કાંઇ ખોટું થશે નહી અને જે ખરેખર સાચા મંડળો છે, સારા મંડળો છે એનો એમાં વારો આવશે. એટલે આ સૂચન ધ્યાનમાં લેવા હું વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આની અંદર તમે એક સભ્યને વધુમાં વધુ કેટલીવાર નોમીની કરી શકાય એની કોઇ સ્પષ્ટ જોગવાઇ કરી નથી. સહકારી કાયદાની અંદર જોગવાઇ છે કે બેંકનો ચેરમેન હોય તો બે વર્ષથી કે દોઢ વર્ષથી વધુ ના રહી શકે. તો આમાં પણ સ્પષ્ટ જોગવાઇ કરવામાં આવે કે જે પણ કુલપતિ દ્વારા કે રાજય સરકાર દ્વારા નોમીની કરવામાં આવે એ વધુમાં વધુ અઢી વર્ષથી મુદત છે, તો અઢી વર્ષ કે પાંચ વર્ષ માટે રહી શકે, કેટલા સમય માટે રહી શકે, એના માટે સમય મર્યાદા નકકી

કરવામાં આવે એ પણ મારું સૂચન છે. માનનીય અધ્યક્ષશ્રી, ભરતીની વાત કરી છે. ઘણીવાર (અંતરાય) મારું કોઇ સૂચન ખોટું હોય તો તમે મને કહો. કંઇક જાણવા મળશે. રાજ્ય સરકાર દ્વારા કર્મચારીઓની ભરતીની વાત થઇ છે. તમે જાણો છો કે યુનિવર્સિટીની અંદર સૌથી વધુ કૌભાંડ થતું હોય તો એ ભરતીમાં થાય છે. તેના કોઇ નિયમો હોતા નથી. એટલે રાજ્ય સરકાર દ્વારા જ્યારે તમે આ કોમન યુનિવર્સિટી એક્ટ લાવ્યા છો તો રાજ્ય સરકાર દ્વારા ભરતી માટે કોઇ કોમન ભરતી બોર્ડ કે જી.પી.એસ.સી. દ્વારા ભરતી થાય એવી વ્યવસ્થા કરવામાં આવે. કેમ કે અમારી યુનિવર્સિટીમાં થયું હતું. અમારી યુનિવર્સિટીમાં ૧૪૦૦ વિદ્યાર્થીઓએ અરજી કરી. તેમાં એપોઇન્ટમેન્ટના છ મહિના પહેલાં ૧૨ નામ આપવામાં આવ્યાં કે આ ૧૨ કેન્ડિડેટનું *(xxx) છ મહિના પછી તેના ઇન્ટર્વ્યૂ થયા. એ જે ૧૨ નામ આપવામાં આવ્યાં હતાં. ગઇ કાલે પ્રશ્ન હતો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આવાં કોઇ નામ બહાર આવ્યાં નથી. બંધ કવર હતા, ખૂલ્યાં અને એમાંથી જે નામ આવ્યાં એટલે સાહેબ, કાલે પ્રશ્નમાં તેનો જવાબ પણ આપેલો છે.

સભાપતિશ્રી : શ્રી કિરીટભાઇ, એ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તમે પાંચ સભ્યોની કમિટી બનાવો અને હું પૂરાવા આપું અને પૂરાવાની અંદર એક પણ બાબત ખોટી હોય તો હું ધારાસભ્ય તરીકે રાજીનામું આપીશ. ખોટી વાત નથી, બધા પૂરાવા સાથેની વાત છે સાહેબ.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તેમની પાસે પૂરાવા હશે અને સરકારને આપશે તો ચોક્કસ તપાસ કરશે.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : હાઇકોર્ટે કહ્યું છે તો પણ હજુ તપાસ થતી નથી.

સભાપતિશ્રી : માનનીય મંત્રીશ્રીએ તપાસ કરવાનું કહી દીધું. આગળ ચાલો.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે ઓડિટની વાત કરી છે બહુ સારી, આવકાર્ય બાબત છે. ઘણી બધી યુનિવર્સિટીમાં ઓડિટ રેગ્યુલર થતું નથી. એટલે થર્ડ પાર્ટી ઓડિટ થાય એ બહુ જરૂરી હતું, પરંતુ ઘણી વખત ઓડિટ સમય મર્યાદામાં થતું નથી. ઓડિટ રિપોર્ટ ૧૦ વર્ષ પછી મંજૂર કરવામાં આવે છે અને તેના લીધે ભ્રષ્ટાચારનું પ્રમાણ વધે છે. એટલે માનનીય મંત્રીશ્રીને વિનંતી કે એકાઉન્ટની સમય મર્યાદા નક્કી કરવામાં આવે અને કંઇ ખોટું થયું હોય તો તેના એક્શન ટેકન રિપોર્ટ અને તેની સામે શું પગલાં લીધાં તેની પણ સમય મર્યાદા નક્કી કરવામાં આવે તો યુનિવર્સિટીની અંદર જે ભ્રષ્ટાચાર થાય છે એ અટકશે.

માનનીય અધ્યક્ષશ્રી, કલમ-૧૫ની અંદર જે જોગવાઇ કરવામાં આવી છે એકેડેમિક કાઉન્સિલે કોઇ નિર્ણય લીધો હોય એ કુલપતિ રદ કરી શકશે. અત્યાર સુધીના બધા યુનિવર્સિટી એક્ટનો મેં અભ્યાસ કર્યો છે. તેમાં એવી સ્પષ્ટ જોગવાઇ છે એટલા માટે કે એકેડેમિક કાઉન્સિલ જે નિર્ણય લેતી હોય છે એ એકેડેમિકને લગતા હોય છે. એકેડેમિકને લગતા નિર્ણયો સીધેસીધા રદ થાય તે યોગ્ય નથી,એટલે હાલના જે હયાત એક્ટ છે એની અંદર પણ એવું પ્રોવિઝન છે કે એકેડેમિક કાઉન્સિલે લીધેલો નિર્ણય એ કુલપતિ સીધેસીધું રદ કરી શકશે નહીં. એને ફરીથી એકેડેમિકની અંદર એમાં સુધારો કરવા મોકલે અને સુધારો કર્યાની તક આપ્યા પછી રાજયપાલશ્રીની મંજૂરી એટલે કે કુલાધિપતિની મંજૂરીથી આ રદ થાય એવી જોગવાઇ છે તો આ બાબતે પણ યોગ્ય થાય એવી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક્ઝિક્યુટીવ કાઉન્સિલની હમણાં જ વાત કરી અને અભિનંદન આપ્યા કે અમારી યુનિર્વસિટીની અંદર અધ્યાપકોને કારોબારી સમિતિમાં લેવાની કોઇ જોગવાઇ નથી. આ જોગવાઇથી કોલેજના અધ્યાપકોને પણ એમાં લાભ થશે. જે કલમ-૨૦ની અંદર સ્ટેચ્યૂટ બનાવવાની વાત કરી છે અને ઓર્ડિનન્સ બનાવવાની વાત કરી છે. જે રીતે તમે જાહેરનામાં અથવા નોટિફિકેશનથી સૂચનો મંગાવ્યાં તો આ જયારે ઓર્ડિનન્સ અથવા સ્ટેચ્યૂટ બને એની અંદર પણ આવાં સૂચનો મંગાવવામાં આવે તો એના લીધે ફાયદો થશે. બીજું, કાયદા અધિકારીશ્રીની વાત બોર્ડ ઓફ મેનેજમેન્ટની અંદર વાત કરી છે. ઘણી બધી યુનિર્વસિટીઓ એવી છે અમારી નોર્થ ગુજરાત યુનિર્વસિટી એવી છે કે એની અંદર કાયદા અધિકારીની પોસ્ટ જ નથી એટલે કાયદા અધિકારીની પોસ્ટની દરેક યુનિર્વસિટીની અંદર નિમણૂક થાય તો કોઇ ગેરકાયદેસર બાબતો બનતી હોય તો એ અટકી જશે. કલમ-૨૧(૮) એની અંદર જે જોગવાઇ કરી છે એ સારી જોગવાઇ છે, પરંતુ સ્ટેચ્યૂટ કે ઓર્ડિનન્સ અમલમાં ના આવે એના પહેલાં કોઇ નિર્ણય લઇ લે તો એનું શું? અમારી યુનિર્વસિટીની અંદર એવું બનેલું છે કે કોઇપણ ઓર્ડિનન્સ અથવા સ્ટેચ્યૂટ બનાવો તો એમાં રાજયપાલશ્રીની જયાં સુધી મંજૂરી ન મળે, તમે સરકારશ્રીની મંજૂરીની વાત કરી તો રાજયપાલશ્રીની મંજૂરી ના મળે ત્યાં સુધી ઓર્ડિનન્સ સ્ટેચ્યૂટ અમલમાં આવતો નથી, પરંતુ ઘણી વખત એવું થાય કે સ્ટેચ્યૂટ કારોબારી સમિતિમાં ઠરાવ કરી અને રાજયપાલશ્રીની મંજૂરી માટે મોકલી દીધો, રાજયપાલશ્રી મંજૂરી ના આપે છતાં પણ એ સ્ટેચ્યૂટના આધારે નિર્ણયો લેવાય છે એટલે આવું ના થાય એ કાયદા કલમનો સ્પષ્ટ, સારી રીતે, ચુસ્ત પાલન થાય એ જોવાની પણ વિનંતી કરું છું. જયારે કલમ-૨૫ની અંદર એડમિશનની, પ્રવેશની બધી વાત કરી છે ત્યારે તમે કોમન યુનિર્વસિટી માટે સમાન કાયદો લાવ્યા છો ત્યારે રાજય સરકાર દ્વારા એક નોટિફિકેશન પ્રસિદ્ધ કરી અને તમામ કોલેજોમાં

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

પ્રવેશની તારીખ ફિક્સ કરવામાં આવે, ઘણી વખત મોડા સુધી પ્રવેશો ચાલુ રહે છે અથવા એક કોલેજ સરકારી કોલેજો ઇરાદાપૂર્વક લેટ પ્રવેશ શરૂ કરે છે અને એના લીધે વિદ્યાર્થીઓ સેલ્ફ ફાઇનાન્સ કોલેજમાં, ખાનગી કોલેજોમાં એડમિશન લઇ લે, પછી જયારે સરકારી કોલેજોમાં એડમિશન ઓપન થાય પછી ખાનગી કોલેજવાળા વિદ્યાર્થીને ફી પરત ન આપે એટલે વિદ્યાર્થીએ ખાનગી કોલેજમાં ભણવું પડે એના માટે વિદ્યાર્થીના હિતમાં સ્પષ્ટ નિર્ણય લો તો એ આવકાર્ય રહેશે એટલા માટે કે દરેક કોલેજની અંદર સમયસર જેવું પરીક્ષાનું રિઝલ્ટ આવે અને તરતજ એડમિશન એક જ સમયે થાય તો એના લીધે દરેક વિદ્યાર્થીઓને ફાયદો થશે. એલ.આઇ.સી. જોડાણની વાત કરીશ તો અત્યાર સુધીનો મારો એવો અનુભવ રહ્યો છે કે જે કારોબારી સભ્યો હોય એ ભેગા થાય અને ભેગા થઇ લોકલ ઇન્સ્પેકશન કમિટી, કોઇપણ કોલેજોને જોડાણ આપવાનું હોય કે પુનઃ જોડાણ આપવાનું હોય તો એ કમિટી વહેંચી દે. ૧૦ કારોબારી સભ્ય હોય અને ૧૦૦ કોલેજ હોય તો ૧૦ ડો.સી.જે. કહે હું લઇ લઉં, ૧૦ ડો.ડીંડોર સાહેબ કહે કે હું લઇ લઉં. પછી એ કોલેજોમાં જાય, એ કોલેજોમાંથી ખામીઓ શોધે પાછા એ ખામીઓ કારોબારી સમિતિમાં આવે, પછી એમના જોડે સેટલમેન્ટ થાય પછી એમને મંજૂરી આપવામાં આવે. (અંતરાય) આ બને છે. આ ખરેખર સ્વીકરવા જેવી બાબત છે એટલા માટે માનનીય મંત્રીશ્રી, હું વિનંતી કરું છું કે એલ.આઇ.સી. સમિતિની અંદર જે સભ્યો મૂકવામાં આવે. એ સભ્ય કારોબારીના સભ્ય કે ગર્વનિંગ ઓથોરિટીના સભ્ય ના હોવા જોઇએ. આ તો એવું થાય તો ચોર પણ એ, આરોપી પણ એ અને જજ પણ એ. આ બહુ ખોટું થાય છે, મને ખબર છે. એટલા માટે મેં ૨૦ વર્ષમાં એક પણ વખત, મેં એલ.આઇ.સી.માં લખીને આપ્યું છે કે, મને કોઇ એલ.આઇ.સી. સમિતિમાં મૂકવો નહીં. આ ઓન રેકોર્ડ છે. હું કોઇ ગયો નથી પણ આ બહુ ગંભીર બાબત છે અને આવું થશે તો ભ્રષ્ટ્રાચાર અટકશે. એટલે આ તો મારો અનુભવ બોલે છે. કોલેજ બંધ થાય એ પહેલા વિદ્યાર્થીને પ્રવેશ મળવો જોઇએ. વિદ્યાર્થીનું ભાવિ બગેડે નહીં એટલા માટે કોલેજ બંધ નહીં કરવાની ખાતરી રાખવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી બાબત એ છે કે, જોડાણ, ઘણીવાર એડમિશન માટે રજિસ્ટ્રેશનની ડેટ પૂરી થઇ જાય. ૧૦મા મહિનામાં પરીક્ષા હોય એના ૧૦ દિવસ પહેલા કોલેજને જોડાણ આપવામાં આવે છે આવું બનેલું છે. એટલે કોઇ પણ કોલેજમાં જોડાણ માટે સમય મર્યાદામાં અરજી થાય, એનું શૈક્ષણિક સત્ર શરૂ થતું હોય એના પહેલા અરજી થાય અને એ સમય મર્યાદા પછી કોલેજને જોડાણ નહીં આપવું એવી સ્પષ્ટ જોગવાઇ કાયદામાં કરવામાં આવે એની પણ વિનંતી કરું છું. (ઘોંઘાટ ) માનનીય મંત્રીશ્રી મારી ખોટી વાત હોય તો બેસી જાવ.

સભાપતિશ્રી : માનનીય કિરીટભાઇ, તમે જ કહ્યું કે એક-બે પોઇન્ટ બાકી છે પછી પૂરું કરું અને પછી પાછું લંબાવે જ જાવ છો.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ચાલુ રાખું સાહેબ, માનનીય મંત્રીશ્રી જે માનદ ડિગ્રી આપવાની વાત કરી છે એના માટે યુ.જી.સી.એ ગાઇડ લાઇન નક્કી કરેલી છે, એ ગાઇડ લાઇનનું ઉલ્લંઘન ન થાય અને ખરેખર જે સક્ષમ વ્યક્તિ હોય, જેનું શિક્ષણમાં સામાજિક લેવલે યોગદાન હોય એવા લોકોને જ માનદ ડિગ્રી આપવામાં આવે જેથી એની વેલ્યુ ઓછી ન થાય. એ જોવા માટે પણ વિનંતી કરું છું. એટલે માનનીય મંત્રીશ્રી આ જે મેં સૂચનો કર્યાં છે અને હજુ તો બાકી હતું. (ઘોંઘાટ )

સભાપતિશ્રી : લખીને આપી દેજો.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ખાસ છેલ્લી બાબત કહી દઉં કે, આપણે કોઇ પણ કાયદો બનાવીએ તો શ્રી અલ્પેશભાઇ, આપણે નીચે એવું લખીએ છીએ કે અધિકારી દ્વારા શુદ્ધબુદ્ધીથી કરેલાં કામ એના વિરુદ્ધ કોઇ એકશન લઇ શકાશે નહીં. આની અંદર પણ આપણે એ જોગવાઇ કરી છે. હું દૈનિક પેપર ચલાવતો હતો તો એની અંદર લખતો કે આધારભૂત સૂત્રો, હવે આ ૨૫ વર્ષ પછી આ ક્યું ભૂત છે એની મને ખબર નથી. તમે બધા કહેતા હતા કે કોઇ ચમરબંધીને છોડવામાં નહીં આવે. ચમરબંધી હજુ સુધી પકડાયો નથી. એમ આ શુદ્ધબુદ્ધીના નામે ઇરાદાપૂર્વક બદઇરાદાથી ઘણા બધા કર્મચારીઓને નુકસાન થતું હોય છે. એને કોર્ટમાં જવું પડે, સુપ્રીમકોર્ટમાં લડવું પડે, સસ્પેન્ડ થાય, માનસિક રીતે હેરાન થાય. એટલે આઇ.પી.સી.માં સેકશન ૨૧૧ હોય કે ૧૯૫(એ)માં આ તમામમાં સ્પષ્ટ જોગવાઇ કરેલી છે. કોઇ પણ કર્મચારીને કે વ્યક્તિને એની સત્તાનો દુરુપયોગ કરી ખોટી રીતે હેરાનગતિ કરે તો એની સામે કાર્યવાહી કરવાની જોગવાઇ છે. એટલે આવી પણ જોગવાઇ આ એક્ટમાં કરવામાં આવે કે કોઇ પણ યુનિવર્સિટીના કુલપતિ હોય કે કોઇ પણ અધિકારી હોય અને કોઇ પણ સંસ્થાના કર્મચારીને ખોટી રીતે બદઇરાદાથી નુકસાન કરવાનો પ્રયાસ કરે તો એની સામે ફોજદારી કાર્યવાહી કરવાની જોગવાઇ કરવામાં આવે તો કર્મચારીઓને ખોટી રીતે હેરાનગતિ નહીં થાય. એટલે માનનીય મંત્રીશ્રી આ જે મેં સૂચનો કર્યાં છે એમાંથી તમે હું એવું નથી કહેતો કે બધાં સૂચનો સ્વીકારો. પરંતુ તમને યોગ્ય લાગે એ સૂચનો સ્વીકારશો તો ચોક્કસ અમે આ બિલને સમર્થન કરીએ છીએ અને અભિનંદન પણ આપું છું.

**માનનીય અધ્યક્ષશ્રી, અધ્યક્ષસ્થાને**

શ્રી કેયુર ના. રોકડિયા(સયાજીગંજ) : માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પહેલા તો આ વિધાનસભાને પેપરલેસ વિધાનસભા બનાવવાની દિશામાં જે આપે પગલું લીધું છે અને આપના જ પ્રવચનમાં કહ્યું હતું કે ૨૫ ટન જેટલા કાગળનો બચાવ થવાનો છે ત્યારે ભવિષ્યમાં ટેકનોસેવી અધ્યક્ષની સાથેસાથે પર્યાવરણપ્રેમી અધ્યક્ષ તરીકેનું પણ આપને બિરુદ

મળવાનું છે એવો મને વિશ્વાસ છે માટે આપને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલની અમારી સરકાર અને માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ આજે જેમણે વિસ્તૃત નિયમો, ઉદ્દેશો, પ્રાવધાનોની ચર્ચા કરી હતી એવું ગુજરાત પબ્લિક યુનિવર્સિટી બિલ આપણા આ ગૃહ સમક્ષ લઇને આવ્યા છે એને સહમતિ આપતા મારા વિચારો આપની સમક્ષ રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિધાનસભા ગૃહની અંદર લોર્ડ મેકોલોની ઘણી ચર્ચા થઇ. લોર્ડ મેકોલોએ વર્ષ ૧૮૩૫માં જે બ્રિટિશ સંસદમાં કહ્યું હતું કે I have travelled across the length and width or breadth of India and I have not seen any person who is begging or who is thief. મેં આખા ઇન્ડિયાનું ભ્રમણ કર્યું પણ મેં કોઇ ચોર જોયો નથી, ભિખારી જોયો નથી. આવા ઉચ્ચ નૈતિક મૂલ્યોવાળા આવા પ્રભાવશાળી વ્યક્તિઓનો દેશ આ ઇન્ડિયા છે અને એની ઉપર રાજ કરવું કે દેશને ગુલામ બનાવવો સહેલો નથી અને જો આ દેશને ગુલામ બનાવવો હોય તો આની જે કરોડરજ્જુ સમાન એની સંસ્કૃતિ છે, એની આધ્યાત્મિકતા જે છે એને તોડવી પડે અને એ તોડવા માટેનું સૌથી પહેલું કામ એણે જે બ્રિટિશ પાર્લામેન્ટમાં સૂચવ્યું હતું એ એની શિક્ષણ વ્યવસ્થાનો બદલાવ હતો અને એનું પરિણામ છે કે આ ભારત દેશની અંદર આજની જે આધુનિક શિક્ષણ વ્યવસ્થા છે એ આ મેકોલોની પદ્ધતિ જે આ બધાએ સ્વીકારી છે એ મેકોલોની પદ્ધતિનું પરિણામ છે. પછી કોંગ્રેસના કેટલાક લોકો કહેતા હતા કે ભવિષ્યની આ વસ્તુઓ યુનિવર્સિટીમાં જે ફેરફાર થવાના છે એ ગુલામીની માનસિકતા દેખાડે છે. ના, એ ગુલામીની માનસિકતા નથી દેખાડતું. ગુલામીની માનસિકતા એ દેખાડે છે કે આઝાદીનાં આટલા વર્ષો સુધી કોંગ્રેસ દ્વારા આને આ જ પદ્ધતિ આપનાવી રાખવામાં આવી છે. કયાં આપણી ઉજ્જવળ પરંપરા ગુરુકુળની અને કયાં આ પદ્ધતિ? આ તો સારું થયું કે ભારત દેશનું નસીબ કે માનનીય વડાપ્રધાન તરીકે શ્રી નરેન્દ્રભાઇ મોદી બેઠા. ભારતીય જનતા પાર્ટીની સરકાર બની અને અનેકવિધ સંશોધનો પછી, અનેકવિધ અભિપ્રાયો પછી એમને એન.ઇ.પી. એટલે નેશનલ એજ્યુકેશન પોલિસી-૨૦૨૦ દાખલ કરી અને એના કારણે માનનીય સદસ્યશ્રી કહેતા "**सा विद्या या विमुक्तये**" જે મુકત કરે એ વિદ્યા. હવે જે શિક્ષણની પદ્ધતિથી મુક્તિનો માર્ગ આપણને મળવાનો છે એ આ પદ્ધતિ એના જો સૌથી પહેલા દર્શન આપણને થાય તો આ ગુજરાત પબ્લિક યુનિવર્સિટી વિધેયક ૨૦૨૩ એ નેશનલ એજ્યુકેશન પોલિસી-૨૦૨૦ના અમલની જે કલ્પના આપણે કરી છે એ ચરિતાર્થ કરવાની દિશાની અંદર આ ગુજરાત સરકારનું ક્રાંતિકારી પગલું છે માટે માનનીય મુખ્યમંત્રીશ્રી, શિક્ષણ મંત્રીશ્રી અને ભારતીય જનતા પાર્ટીની સરકારનો હું ખૂબ ખૂબ આભાર અને અભિનંદન વ્યકત કરું છું.

વાત એમ.એસ. યુનિવર્સિટીની થઇ. માનનીય શિક્ષણ મંત્રીશ્રીએ પણ એમ.એસ. યુનિવર્સિટીની વિસ્તૃત ચર્ચા કરી છે એટલે એ વિષયની અંદર હું ડીટેઇલમાં ચર્ચા કરવા માગતો નથી, પરંતુ એટલું ચોકકસ કહીશ કે સર સયાજીરાવ ગાયકવાડે વર્ષ ૧૮૮૧ની અંદર બરોડા કોલેજથી એમ.એસ. યુનિવર્સિટીની સ્થાપના કરી અને આજનું જે એમ.એસ. યુનિવર્સિટીનું વિદ્યમાન ભૌગોલિક માળખું છે એ ૨૭૫ એકર વિસ્તારની અંદર ૮૯ જેટલા ડિપાર્ટમેન્ટ, ૬ કેમ્પસ દ્વારા રચાયેલું છે અને ખરેખર જે નિર્ણય સરકારે કર્યો છે, માનનીય મુખ્યમંત્રીશ્રીએ, શિક્ષણ મંત્રીશ્રીએ કર્યો છે કે આ એક્ટની અંદર બાકીની તમામ યુનિવર્સિટીઓ માટે કુલાધિપતિ તરીકે માનનીય રાજયપાલશ્રી એમાં રહેવાના છે,પરંતુ એમ.એસ. યુનિવર્સિટીના વિષયની અંદર શ્રીમતી શુભાંગિની રાજે ગાયકવાડ કુલાધિપતિ રહેવાના છે. એવી જ રીતે જે બોર્ડ ઓફ મેનેજમેન્ટ દરેક યુનિવર્સિટીમાં બનવાના છે, તેમાં અધ્યક્ષ તરીકે જે તે યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર રહેવાના છે. તેની જગ્યા પર એમ.એસ. યુનિવર્સિટીમાં ગાયકવાડ પરિવારમાંથી શ્રીમતી શુભાંગિની રાજે ગાયકવાડ રહેવાના છે. જે ગાયકવાડ પરિવારે એમ.એસ. યુનિવર્સિટીને તમામ જગ્યા આપી, બિલ્ડિંગ આપ્યા અને આટલી ભવ્યતમ યુનિવર્સિટી આપી તેનું માન સન્માન અને ઋણ ચૂકવવાનું કામ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે, માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે કર્યું છે ત્યારે તેમને અભિનંદન આપું છું અને આભાર વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયકના સંદર્ભમાં હું વાત કરવા ઊભો થયો છું ત્યારે આ વિધેયકના તમામ સ્ટેક હોલ્ડર્સ પછી તે વિદ્યાર્થી હોય, પ્રોફસર હોય, અધ્યાપકો, શિક્ષકો, નોન ટીચિંગ સ્ટાફ કે ખુદ શિક્ષણ વ્યવસ્થા હોય આ તમામને શું શું ફાયદો થવાનો છે અને તેની જૂની વ્યવસ્થા અને નવી વ્યવસ્થામાં મુખ્ય તફાવત શું છે, આ તફાવતની ચર્ચા ખૂબ વિસ્તૃત રીતે આ સભાગૃહની અંદર વિવિધ સભ્યોના મારફતે થઇ રહી છે. શિક્ષણ વ્યવસ્થાના સંદર્ભમાં કહીએ તો તમામ યુનિવર્સિટીના સ્ટેચ્યૂટસ અને ઓર્ડિનન્સ એકસમાન થવાના છે અને તેનો સીધો ફાયદો જે સંશોધનો હોય, સ્ટાફના પ્રશ્નો હોય, તેના કાયદા હોય, વી.સી.ની નિમણૂક હોય, જૂની એક્ઝિક્યુટીવ કમિટીની સત્તાઓ હોય, યુ.જી.સી.ના નોટિફિકેશન અને વિદ્યાર્થીને લગતા પ્રશ્નો હોય આ તમામના નિર્ણયો છે તેનું સરળીકરણ થવાનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, સાથી પક્ષના માનનીય સભ્યશ્રી કહેતા કે કયાં એમ.એસ. યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર જેમાં લોર્ડ ભીખુ પારેખ, હંસા મહેતાથી લઇને ઘણાં બધાં નામો તેમણે ગણાવ્યાં અને હવે કયા આવે છે? તો એ માહિતી તેમણે અધૂરી આપી તેમાં હું થોડી પૂર્તતા કરું છું. ડૉ.અનિલ કાણેજીનું નામ તો તેમણે લીધું જ છે. તેની આગળના નામ જોઇએ તો ડૉ.મનોજ સોની જેમને આ યુનિવર્સિટીમાં ભારતીય જનતા પાર્ટીએ મૂક્યા હતા તેઓ આજે યુ.પી.એસ.સી.ના ચેરમેન છે. શ્રી યોગેશસિંગજી જે આજે દિલ્હી યુનિવર્સિટીમાં વી.સી.નું પદ શોભાવે છે. તેઓ પણ એમ.એસ. યુનિવર્સિટીમાં વાઇસ ચાન્સેલર બન્યા હતા. શ્રી રમેશ ગોયલજી કે જે આજે ફાર્મસી યુનિવર્સિટીમાં વાઇસ ચાન્સેલર બન્યા છે. આવા અનેક નામો હું આપને

જણાવી શકું છું. આ બધાં એ જ લેવલનાં નામો છે જે લેવલની આપ ચર્ચા કરતા હતા. આજે પણ એમ.એસ. યુનિવર્સિટીમાં જે પ્રક્રિયાથી વાઇસ ચાન્સેલરની નિમણૂક થાય છે તે પારદર્શી છે. આ જે બિલ આવ્યું છે તેમાં ખર્ચ, હિસાબો રાખવાના નિયમો એકસમાન બનશે. આના લીધે રાજ્ય સરકાર કેન્દ્ર સરકારની ગ્રાન્ટનો ઝડપી અને પારદર્શક ઉપયોગ કરી શકશે. માનનીય મંત્રીશ્રી અને ઘણા બધા સદસ્યશ્રીઓએ વાત કરી કે, અલગ ભંડોળ ઊભું કરી શકીશું. આવા ફંડનો ઉપયોગ હવે સરકારની મંજૂરી વગર બોર્ડ ઓફ મેનેજમેન્ટ જે બનવાનું છે તે પોતાની રીતે નાણાં કયાં વાપરવા તેનો ખર્ચ કરી શકશે, આમાં સરકારના નિયંત્રણની જરૂર નહીં રહે. જયાં શિક્ષણને લગતી નવી કેડર ઊભી કરવાની છે તેમાં તેનો ખર્ચ કરી શકાશે. નવા હાયર પેમેન્ટ કોર્સની વાત કરી છે. તે કોર્સીસ પણ આપણે નવા શરૂ કરી શકીશું.

માનનીય અધ્યક્ષશ્રી, સાથી પક્ષના એક માનનીય સદસ્યશ્રી કહેતા કે આ વિધેયકથી ફાઇનાન્શિયલ ઓટોનોમી જતી રહેવાની છે. હાલમાં યુનિવર્સિટીમાં જે પ્રક્રિયા ચાલે છે તેના કરતાં વધુ ફાઇનાન્શિયલ ઓટોનોમી એટલે કે સરકાર સ્વાયતત્તા આપવા જઇ રહી છે તેવું આના પરથી ફલિત થાય છે. જે એલ્યુમિનિના ફંડ આવે તેનો ઉપયોગ યુનિવર્સિટી પોતાના હિતમાં કરી શકશે. માર્કેટ રેડી કોર્સીસ આ યુનિવર્સિટીઓમાં ભવિષ્યમાં શરૂ થવાનું પ્રાવધાન આ બિલમાં મૂકયું છે અને જરૂર પડ્યે તો ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સના પ્રતિનિધિને પણ તેમાં સમાવી શકવાનું પ્રાવધાન છે. આઇ.આઇ.ટી., આઇ.આઇ.આઇ.ટી., આઇ.આઇ.એમ. જેવા ઈન્સ્ટિટ્યૂશનમાંથી એક્સપર્ટને સલાહકાર તરીકે સમાવવાની વાત આ વિધેયકમાં કરવામાં આવી છે. આમ, અલગ અલગ ફાયદા તો મળવાના છે પણ આ બે સિસ્ટમ એટલે કે નવા વિધેયકમાં અને જૂના કાયદામાં કોઇ મુખ્ય તફાવત તે સેનેટ અને સિન્ડિકેટનો મુખ્ય પ્રશ્ન આમાં ચર્ચાયો છે. આજની જે સેનેટ છે તે સંપૂર્ણ સત્તા યુનિવર્સિટીમાં ધરાવે છે તેની જગ્યા પર હવે બોર્ડ ઓફ મેનેજમેન્ટ આ સ્થાન લઇ લેવાનું છે. આજની જે સિન્ડિકેટ જે સત્તા ધરાવે છે તેની અંદર એક્ઝિકયુટવ કાઉન્સિલ હવે બનવાની છે. એમ.એસ. યુનિવર્સિટીમાં ધારાસભ્ય તરીકે આપ સૌની અનુમતિથી મારું નામ એક સેનેટ સભ્ય તરીકે મૂકવામાં આવ્યું હતું.વર્ષમાં માત્ર એક જ વાર સેનેટની મિટિંગ બોલાવવામાં આવતી હતી, પણ આ વિધેયક દ્વારા હવે વર્ષમાં ઓછામાં ઓછી બે વાર મિટિંગ બોલાવવામાં આવશે તો કયાંકને ક્યાંક લોકોના પ્રશ્નો, વિદ્યાર્થીઓના પ્રશ્નો વધુ ચર્ચાવાને અવકાશ રહેવાનો છે. અલગ અલગ કમિટીઓ હાલમાં યુનિવર્સિટીમાં ચાલે છે પછી એ પરચેઝ કમિટી હોય, ફાઇનાન્સ કમિટી હોય, ઇન્વેસ્ટમેન્ટ કમિટી હોય, પી.જી. કાઉન્સિલની કમિટી હોય તો એ કોઇ ખતમ થતી નથી એની જગ્યા પર અલગ રૂપમાં અલગ તજજ્ઞોને સામેલ કરીને એ અભ્યાસ એકેડેમિક કાઉન્સિલ, બોર્ડ ઓફ ડીનની કમિટી, પરીક્ષા મૂલ્યાંકન બોર્ડ, સંશોધન બોર્ડ, કોલેજના અનુસ્નાતક બોર્ડ અલગ અલગ અનુભવી વ્યક્તિઓને સાથે રાખીને અલગ અલગ સમિતિઓ બનાવીને એનું કામ સૂચારુ રૂપે કરવાનું કામ આ વિધેયક કરવા જઇ રહ્યું છે. હા, કેટલાકને નડશે કારણ કે, કેટલીકવાર એવું થાય કે બહારના કોઇ વ્યક્તિઓ જે બહારથી આવીને સેનેટ અને સિન્ડિકેટનું ઇલેક્શન લડતા હોય તે પોતાના નીજી સ્વાર્થમાં ચડસાચડસીમાં ક્યાંક અંદરો અંદર સેનેટની અંદર શિક્ષકો પણ ચૂંટાવામાં ગ્રૃપીઝમમાં કેટલીક યુનિવર્સિટીમાં ભારે નુકસાન થતું હતું. આ નુકસાનની વાત કરું તો હું પોતે એમ.એસ. યુનિવર્સિટીમાંથી ભણ્યો છું. ત્રાહિત વ્યક્તિ અને ત્રાહિત કામના કારણે યુનિવર્સિટી રોજ પેપરના પાને ચડે અને એને યુનિવર્સિટી સાથે કોઇ લેવા દેવા ન હોય, એના શૈક્ષણિક વિષયો સાથે એને કોઇ લેવા દેવા ન હોય આમ છતાં પેપરના પાને ચડે અને ત્યાં સુધી મેં માનસિકતા જોઇ છે કે નેકની અંદર એમ.એસ. યુનિવર્સિટી એ-પ્લસ આવે તો પણ પેપરના પાને આવવા માટે નીજી વ્યક્તિઓ પોતાના સ્વાર્થ સાધવા માટે, પોતાની પ્રસિદ્ધિ મેળવવા માટે એનો પણ વિરોધ કરવા નીકળે. આ તો એવી વાત થઇ કે, સર્જિકલ સ્ટ્રાઇક કરીએ પાકિસ્તાનમાં અને પછી કેટલાક લોકો બીજા દિવસે આવીને કહે કે આર્મીના કામના પૂરાવા આપો. આ એવું છે નેકમાં યુનિવર્સિટી એ-પ્લસ આવે અને ભાઇ, અહીંયા ખાડો રહી ગયો છે છતાં નેકમાં એ-પ્લસ આવ્યું આ કેવી રીતે આપ્યું? આવા પ્રશ્નો પણ ભૂતકાળની અંદર નીજી પ્રસિદ્ધિ માટે લોકોએ ઉઠાવ્યા છે. તો આ બધાની જે આવી *(xxx) ચાલતી હતી એ *(xxx) બંધ થવાની છે. (અંતરાય) મને વિશ્વાસ હતો કે આ *(xxx) કહીશ તો અમુક લોકોને ખરાબ લાગશે. ચાલો *(xxx) શબ્દ પાછો ખેંચી લઉં છું. તો કેટલાક લોકો બેરોજગાર પણ થવાના છે, એટલે એવું થશે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઇએ બહુ સરસ પંક્તિઓ કહી ખરેખર એ પંક્તિઓ ફરીવાર દોહરાવવાની ઈચ્છા થાય છે. ઝેરનો આ કટોરો પી જજો બાપુ, આ ઘણી વાર ઝેર લાગશે પણ હવે એ પીવો પડશે. કારણ કે, આ સરકાર પારદર્શી વહીવટ કરવા માગે છે. તો પોતાના નીજી સ્વાર્થ માટે પ્રસિદ્ધિ માટે યુનિવર્સિટીના પ્લેટફોર્મનો જે ઉપયોગ કરતા હતા એ બધું આ વિધેયકથી બંધ થવાનું છે. કેટલીક ચિંતા શ્રી કિરીટભાઇએ પણ કરી. શ્રી કિરીટભાઇએ એક સારી વાત કરી કે સેનેટ સિન્ડીકેટમાં હુંસાતુંસીનું રાજકારણ હતું, ક્યાંક પર્સનલ પ્રેફરન્સનો ઉપયોગ થતો હતો તો મારી ઇચ્છા હતી અને મારે એમને વિનંતી કરવાની હતી કે થોડું ક આગળની લાઇનમાં પણ સમજાવજો, એકલી પોતાની લાઇન અને પોતાના પૂરતું મર્યાદિત ન રાખતા, આગળની લાઇનના લોકોને ખબર પડે તો એનો ફાયદો સમગ્ર ગુજરાતમાં થવાનો છે. હાલમાં સેનેટ સિન્ડિકેટની અંદર ઘણી વાર એવું ધ્યાનમાં આવ્યું છે, શ્રી કિરીટભાઇએ સારો મુદ્દો ઉઠાવ્યો કે, પેનલ બને પછી એમાંથી કોઇ શિક્ષકની પસંદગી થાય અને એમાં ક્યાંક અન્યાયનું વાતાવરણ થતું હતું. પરંતુ જયારે હવે આ વિધેયક આવશે ત્યારે આ તમામને કોલેજના અધ્યાપક હોય, આચાર્ય હોય, ડોકટરેટ હોય, યુનિવર્સિટીના

* આ શબ્દ સભ્યશ્રીએ પાછો ખેંચ્યો.

વિવિધ બોર્ડ, એક્ઝિક્યુટીવ કાઉન્સિલમાં સિનિયોરિટીના આધાર પર તમામને કામ કરવાની તક મળવાની છે ત્યારે એમનો આ પ્રશ્ન પણ સમાપ્ત થઇ જવાનો છે. વિદ્યાર્થીઓને પણ ફાયદા છે. માનનીય અમિતભાઇ એવું કહેતા કે વિદ્યાર્થીઓ કઇ રીતે આચાર્યને થપ્પડ મારી શકતા હતા અને કઇ રીતે ઘૂસીને ગાળો પણ દઇ શકતા હતા. આ બધું શેના કારણે? તો કહે એમણે ઇલેકશન જીતવું હોય અને એના માટે વિદ્યાર્થીઓ પર પ્રભાવ પાડવો હોય એટલે આખી કોલેજમાં અથવા યુનિવર્સિટી કેમ્પસમાં અરાજકતાનું વાતાવરણ ઊભું કરવાનો પ્રયત્ન કરતા હતા. આ ચૂંટણીઓ જ્યારે રદ થશે ત્યારે મને ચોક્કસ વિશ્વાસ છે કે પ્રવેશ હોય, પરીક્ષા હોય કે પરિણામ હોય આ તમામ યુનિવર્સિટીઓ સમયસર આપી શકશે એવો મને ચોક્કસ વિશ્વાસ છે. ઘણા બધા માનનીય સભ્યશ્રીઓએ પણ કહ્યું છે કે, એક યુનિવર્સિટીમાંથી બીજી યુનિવર્સિટીમાં પ્રવેશ પ્રક્રિયા પણ સરળ થવાની છે. કયાંક ડિગ્રીના પછી એક વર્ષ કર્યું હોય તો સર્ટિફિકેટ થાય, ત્રીજું વર્ષ કર્યું હોય તો ડિપ્લોમાં, ચોથું વર્ષ કર્યું હોય તો ડિગ્રી કોર્સ આવી પણ છૂટ આગામી દિવસોમાં એન.ઇ.પી.ના માધ્યમથી મળવા વિદ્યાર્થીઓને જઇ રહી છે ત્યારે વિદ્યાર્થીઓને પણ ખૂબ મોટો લાભ આની અંદર થઇ રહ્યો છે. વિદ્યાર્થીઓના જે પ્રતિનિધિઓ છે તે પણ બોર્ડ મેનેજમેન્ટમાં મૂકેલા હોય તેમના પ્રશ્નોનું પણ સમાધાન થવાનું છે. આમ, વધુ હું કંઇ કહેતો નથી ઘણી બધી ચર્ચાઓ થઇ છે પણ આ ગુજરાત પબ્લિક યુનિવર્સિટી બિલ એ મને એવું લાગે છે કે, યુનિવર્સિટીની વહીવટી કે શૈક્ષણિક પ્રક્રિયા હોય જેવી કે ટીચિંગ, લર્નિંગ, ટ્રેનિંગ, રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ કે એમની એકસ્પાનશનની આ તમામને વધુ સ્વાયતત્તા, વધુ સત્તા આપવા વિધેયક છે અને આ જ વિધેયક દ્વારા બિન જરૂરી અને અપ્રસ્તુત સ્થાનિક હસ્તક્ષેપો યુનિવર્સિટીના વહીવટમાં દખલગીરી પણ ઘટાડવામાં મદદ કરશે ત્યારે આ ગુજરાત પબ્લિક યુનિવર્સિટી બિલને હું મારું સમર્થન કરું છું અને આપ સૌ પણ સમર્થન કરો એવો વિશ્વાસ રાખું છું.

શ્રી કૌશિકભાઇ સુ. જૈન(દરિયાપુર) : વિધાનસભાના માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી, મંત્રીશ્રીઓ, ઉપસ્થિત કુલપતિશ્રીઓ તેમજ ગુજરાત વિધાનસભા ખાતે હાજર રહેલા...

અધ્યક્ષશ્રી : આપ બાકી બધાના સંબોધન સભાગૃહમાં નહીં કરી શકો. સભાની અંદર સ્ટેજ ઉપર બેઠેલાં બધાં નામ કહી શકાશે, પણ અહીંયા માત્ર અધ્યક્ષને સંબોધન કરીને તમે કામ ચાલુ કરી શકશો અને અધ્યક્ષ માટે અધ્યક્ષના નામનો પણ ઉલ્લેખ નહીં કરી શકાય.

શ્રી કૌશિકભાઇ સુ. જૈન : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના શિક્ષણ વિકાસને વેગવંતુ બનાવવા માટે સરકાર અનેકવિધ પ્રયાસો કરતી રહી છે તે પૈકી આજે ગુજરાત પબ્લિક યુનિવર્સિટી વિધેયક -૨૦૨૩ આ સદનમાં રજૂ થયેલ છે. આ વિધેયકને બનાવવા રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં સમાવિષ્ટ વિવિધ જોગવાઇઓ અને લોકશાહીની ઢબે રાજયના સ્ટેટ હોલ્ડર દ્વારા રજૂ કરવામાં આવેલ સૂચનોને અનુસરવામાં આવેલા છે જે માટે હું એક વિચાર રજૂ કરીશ.

માનનીય અધ્યક્ષશ્રી, આધુનિક શિક્ષણનું કામ જંગલ કાપવાનું નથી પણ રણમાં સિંચાઇ કરવાનું છે. દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના વડપણ હેઠળ દેશમાં આમૂલ પરિવર્તનની શરણાઇઓ વાગી રહી છે. ભારતના માનનીય વડાપ્રધાનશ્રીના નેતૃત્વ હેઠળ જયારે જી-૨૦ જેવી વિશ્વ કક્ષાની બેઠક થઇ રહી છે ત્યારે સમગ્ર વિશ્વ ભારતની નોંધ લે છે. ભારત દેશ સમગ્ર રીતે વિકાસ સાધી રહ્યો હોય ત્યારે તેની સાથે તાલ મેળવી શકાય તેવી સર્વપક્ષીય ઉચ્ચતર શિક્ષણ સંસ્થાઓ અને યુનિવર્સિટીઓને પરિવર્તન કરવી જરૂરી છે. નવા સમયને અનુરૂપ વિજ્ઞાન, કલા, સામાજિક શાસ્ત્રો એ સર્વનું સમગ્રલક્ષી જ્ઞાન પ્રાપ્ત કરી શકાય તેવા સક્ષમ વિદ્યાર્થીઓના નિર્માણ માટે ગુણવત્તાસભર સરકારી યુનિવર્સિટીની સુવિધા રાજય સરકાર દ્વારા પૂરી પાડવા માટે સરકાર હંમેશા કટિબદ્ધ છે. ગુજરાત પબ્લિક યુનિવર્સિટી વિધેયક-૨૦૨૩ અંતર્ગત કુલ-૧૧ સરકારી યુનિવર્સિટીઓનો સમાવેશ કરવામાં આવેલો છે. આ તમામ યુનિવર્સિટીઓમાં સમાન માળખું દાખલ કરી સૂચારુ રીતે સંચાલન થાય તે હેતુથી આ વિધેયકમાં વાઇસ ચાન્સેલર તેમજ અન્ય ઓફિસરોની નિમણૂક, બોર્ડ ઓફ મેનેજમેન્ટની રચના સંપૂર્ણ શૈક્ષણિક, વહીવટી અને નાણાકીય ઓટોનોમી, યુનિવર્સિટીના ઉદ્દેશો, ફરજો અને સત્તાઓ, શિક્ષકો અને અધિકારીઓ અને અન્ય કર્મચારીઓની જાહેર સેવક તરીકે સરકારી તિજોરીમાં જમા કરવાની ભવિષ્યનિધિ, યુનિવર્સિટીના કર્મચારીનું પેન્શન, વીમો, ભવિષ્યનિધિ, આકસ્મિક ખાલી જગ્યાઓ ભરવા અંગે વગેરે બાબતની વિસ્તૃત જોગવાઇઓ કરવામાં આવી છે. આ વિધેયકની અમુક જોગવાઇઓ વિશે હું ચર્ચા કરીશ જેમ કે સેકશન-૨૮ અંતર્ગત યુનિવર્સિટી વિભાગ અથવા સંસ્થાને સંલગ્ન કોલેજો, માન્ય સંસ્થાને ઓટોનોમિક સંસ્થા તરીકે દરજ્જો આપવા માટે, યુનિવર્સિટી તેમજ સરકારશ્રીને કરવાની થતી અરજીઓ અને સંપૂર્ણ પ્રક્રિયા અંગે સ્પષ્ટતા કરવામાં આવેલી છે. સેક્શન-૨૯ અંતર્ગત સંલગ્ન ઓટોનોમસ કૉલેજ કે જે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન દ્વારા college with potential for Excellence અથવા college of Excellence તરીકે ઓળખવામાં આવે છે. તેમજ જે ઉચ્ચસ્તરીય ગ્રેડ ધરાવે છે અને જે રાજ્ય સરકાર દ્વારા સત્તાવાર ગેઝેટ દ્વારા નિર્ધારિત કરવામાં આવે છે તે યુનિવર્સિટીને સશક્ત ઓટોનોમસ દરજ્જો આપવા માટે અરજી કરવા અંગેની તેમજ તેની સંપૂર્ણ પ્રક્રિયા કરવા અંગેની શરતોની સ્પષ્ટતા કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સેક્શન-૩૦ અંતર્ગત સંલગ્ન ક્લસ્ટર અને ઓટોનોમસ કૉલેજ સમાન મેનેજમેન્ટ સરકાર અથવા શૈક્ષણિક સમાજની માન્યતા પ્રાપ્ત કરવાનું જૂથ છે. જેમાં પ્રતિષ્ઠિત કૉલેજો અથવા સંસ્થાઓનો સમાવેશ થાય છે. જે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન દ્વારા college of Excellence તરીકે ઓળખવામાં આવે છે. જે ઉચ્ચસ્તરીય ગ્રેડ ધરાવે છે. તેમાં રાજ્ય સરકાર દ્વારા અધિકૃત ગેઝેટ દ્વારા સૂચવવામાં આવેલા યુનિવર્સિટીના સશક્ત ઓટોનોમસ ક્લસ્ટર સંસ્થાઓનો

દરજ્જો આપવા માટે કરવાની થતી અરજીઓ અંગે સંપૂર્ણ પ્રક્રિયાની સ્પષ્ટતા કરવામાં આવે છે. સેક્શન-૩૧ દ્વારા તમામ પોસ્ટ ગ્રેજ્યુએટ, ગ્રેજ્યુએટ, સંશોધન, વ્યવસ્થા અને સૂચનો, શિક્ષણ, તાલીમ, સહયોગ અને ભાગીદારી અંગેની જોગવાઇઓ દર્શાવવામાં આવી છે. સેક્શન-૩૨ દ્વારા ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થી તરીકે પ્રવેશ મેળવનાર વ્યક્તિની લાયકાત અંગેની જોગવાઇઓ દર્શાવવામાં આવી છે. સેક્શન-૩૩ અંતર્ગત યુનિવર્સિટી દ્વારા જાળવવામાં આવતા યુનિવર્સિટીના વિભાગો, સંસ્થાઓ, કૉલેજોના વિદ્યાર્થીઓને સંબંધિત શિસ્ત અને નિયમોની કાર્યવાહીને લગતી જોગવાઇઓ દર્શાવવામાં આવી છે. સેક્શન-૩૪ અંતર્ગત યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન દ્વારા નિર્ધારિત ધોરણો અનુસરવા બોર્ડ ઓફ મેનેજમેન્ટ અને એકેડેમિક કાઉન્સિલ દ્વારા ભલામણ કરનારી ડિગ્રી, ડિપ્લોમા પ્રમાણપત્ર અને શૈક્ષણિક વિશિષ્ટતાઓ સ્થાપિત કરવા અને પ્રદાન કરવા અંગેની જોગવાઇ કરવામાં આવી છે. ઉપરોક્ત તમામ બાબતો ધ્યનમાં લેતાં રાજ્યમાં ગુજરાત પબ્લિક યુનિવર્સિટી વિધેયક-૨૦૨૩ અમલી થશે તો સરકારી યુનિવર્સિટીઓમાં પ્રવેશ, પરીક્ષા અને પરિણામ આ ત્રણેય પરિબળોમાં સારા પરિવર્તન આવશે. ટીચિંગ, લર્નિંગ, આધુનિકરણ, ઇન્ફ્રાસ્ટ્રક્ચર, સ્પર્ધાત્મક વાતાવરણ, ઇમેર્જિંગ ટૅકનૉલૉજી, વોકેશનલ એન્ડ પ્રોફેશનલ એજ્યુકેશન, રમત-ગમત, કૌશલ્ય અને રોજગારી વગેરે ક્ષેત્રમાં ક્ષમતા વધશે. આ વિધેયક દ્વારા નવા પ્રકારની બહુવિધ કોર્ષ દ્વારા વિદ્યાર્થીઓમાં સર્જનાત્મક ક્ષમતા વધશે. આ ઉપરાંત માન્યતા અને રેન્કિંગ ક્ષેત્રે રાજ્યને સારા ક્રમાંકો પ્રાપ્ત થશે. આ યુનિવર્સિટીઓમાં વિદેશી વિદ્યાર્થીઓની સંખ્યા પણ નોંધપાત્ર બની રહેશે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ઉપરાંત રિસર્ચ અને ઇનોવેશન ક્ષેત્રે નવા આયામો પ્રાપ્ત થશે. હાલમાં દેશમાં મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, બિહાર, કર્ણાટક, આંધ્રપ્રદેશ જેવા રાજ્યોમાં પબ્લિક યુનિવર્સિટી એક્ટ ઘણા સમયથી અમલમાં છે. ત્યારે ગુજરાત રાજ્ય આ બાબતે કેમ પાછળ રહી શકે? સ્વભાવગત તાકાત અને અમાપ તકો સાથે ગુજરાત રાજ્ય રાષ્ટ્રના સર્વોચ્ચ શિખરે પહોંચ્યુ છે તે જોઇને મને ઉજ્જવળ ભવિષ્ય નજરે દેખાઇ રહ્યું છે. આજે આ સદનમાં ગુજરાત પબ્લિક યુનિવર્સિટી વિધેયક ૨૦૨૩ રજૂ થાય છે તે સૌને માટે સારા સમાચાર સાબિત થશે. ઉપરોક્ત વિશ્વવિદ્યાલયના ઉજ્જવળ ભવિષ્યને જ્ઞાનરૂપી વૃક્ષોથી સંચિત કરવું એ સરકારનું મુખ્ય લક્ષ્ય છે. રાજ્યની ૧૧ યુનિવર્સિટીઓના હિતને ધ્યાનમાં લેતાં ગુજરાત પબ્લિક યુનિવર્સિટી વિધેયક ૨૦૨૩નો અમલ કરવા માટે સદનમાં આ પ્રસ્તાવને સૌનો સાથે મળે તે આશા સાથે હું મારી વાત પૂરી કરું એ પહેલાં મેં વર્ષોથી ગુજરાત યુનિવર્સિટીમાં વિદ્યાર્થી નેતા તરીકે કામ કરેલું છે અને જ્યારે હું આ વિદ્યાર્થી નેતા તરીકે કામ કરતો હતો ત્યારે અલગ-અલગ યુનિવર્સિટીના અલગ-અલગ પ્રશ્નો આવતા હતા. આ પ્રશ્નોને ઉકેલવા માટે મને અનેક યાતનાઓ થતી હતી પણ હું તે યુનિવર્સિટીનો આભાર માનું છું કે ત્યાંથી જ હું વિદ્યાર્થી નેતા બન્યો અને આજે ધારાસભ્ય બન્યો છું. આજે સદનમાં આપણા રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી અને શિક્ષણમંત્રીશ્રી જે વિધેયક લઇને આવ્યા છે તે વિધેયકના કારણે વિદ્યાર્થીઓને સૌથી વધારે ફાયદો થવાનો છે.

શ્રી અમૃતજી મો. ઠાકોર(કાંકરેજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે પબ્લિક સુધારણા બિલ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, યુનિવર્સિટીમાં એકસૂત્રતા લાવવા માટે પબ્લિક યુનિવર્સિટી બિલ સરકાર લાવવા જઇ રહી છે પરંતુ નીતિ નિયમો અને યુનિવર્સિટીના ગ્રાન્ડ કમિશનના આદેશનું પાલન કરવા જતા રાજ્યની દરેક યુનિવર્સિટી તેમજ તેમાં સેનેટ અને સિન્ડિકેટના માળખા અને બોર્ડ ઓફ મેનેજમેન્ટ તેમજ નાણાકીય સત્તા અને ભંડોળની એકસૂત્રતા જળવાઇ રહે તે અઘરું દેખાઇ રહ્યું છે. રાજ્યના ઉચ્ચ શિક્ષણ વિભાગ તેમજ ટેકનિકલ અને મેડિકલ એજ્યુકેશનના વહીવટી અધિકારીઓએ આ ડ્રાફ્ટને જાહેર હિતમાં રજૂ કરી અને રાજ્યના અધ્યાપક મંડળ સાથે યોગ્ય માધ્યમ દ્વારા ચર્ચામાં મૂકવું જોઇતું હતું. આ પ્રક્રિયામાં વિદ્યાર્થીના પ્રતિનિધિઓને પણ સ્થાન મળવું જોઇએ. જેના થકી આ બિલ વિદ્યાર્થીઓના હિતમાં કેટલું સાર્થક થાય છે તેની ખબર પડે. આ બિલમાં ખાનગીકરણ અને શિક્ષણનું વેપારીકરણ કરવાનો હેતુ સ્પષ્ટ જણાઇ રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી વડોદરામાં ધરણા ઉપર બેઠેલા અધ્યાપકોના મુદ્દાઓ રજૂ કરું છું. બંધારણની કલમ-૧૯માં નાગરિકોને વાણી અને અભિવ્યક્તિની આઝાદી છે એમ લખવામાં આવ્યું છે પરંતુ આ કાયદો યુનિવર્સિટીઓના અને કૉલેજોના અધ્યાપકોને સદંતર ચૂપ કરી દેવા માટે લાવવામાં આવી રહ્યો છે તેવું દેખાઇ રહ્યું છે. તેમાં તેમને સરકારી કર્મચારી બનાવી દેવાની જોગવાઇ છે અને સરકારી કર્મચારીને તો કોઇપણ જાતની અભિવ્યક્તિની આઝાદી હોતી નથી. અધ્યાપક સરકારી કર્મચારી થાય તો સર્વિસ રૂલ્સ નં.૫ થી ૮ મુજબ કોઇ લેખ, પુસ્તક કે સંશોધન માટે પણ સરકારની પરવાનગી લેવી પડે છે. નવી શિક્ષણ નીતિમાં આઠ વખત critical thinking શબ્દો લખવામાં આવ્યા છે. શું અધ્યાપક સરકારી કર્મચારી થાય તો એ critical thinking કરી શકે? આવી રહેલા આ કાયદામાં કલમ-૮માં રાજ્ય સરકાર યુનિવર્સિટીઓ પર નિયંત્રણ ધરાવશે અને તે પણ સંપૂર્ણ નિયંત્રણ ધરાવશે એમ લખવામાં આવ્યું છે. આ સંપૂર્ણપણે હિટલરશાહી કહેવાય. એનો અર્થ એ થયો કે સરકાર બધો જ વહીવટ પોતાના હાથમાં લેવા માગે છે. આમ થાય તો યુનિવર્સિટીઓ સચિવાલયના શિક્ષણ વિભાગ જેવી બની જશે. લોકશાહી પદ્ધતિથી ચાલતી યુનિવર્સિટી સિન્ડિકેટ નાબૂદ કરી દેવામાં આવશે તો યુનિવર્સિટી અને પ્રાથમિક શાળામાં કોઇ તફાવત રહેશે નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ જે વિધેયક લાવવામાં આવ્યું છે તે વિધેયક કુલ ૮ સરકારી યુનિવર્સિટીને લાગુ પડે છે તો આ જોતા પ્રાઇવેટ યુનિવર્સિટીઓ સૌથી વધુ છે તો આ જે

નિયમો સરકારી યુનિવર્સિટીઓને લાગુ પડવા જઈ રહ્યા છે તે નિયમો પ્રાઈવેટ યુનિવર્સિટીઓને લાગુ કરવામાં આવશે કે કેમ? મેં મારા વિચારો રજૂ કર્યા છે. હું આશા રાખું છું કે માનનીય મંત્રીશ્રી મારા વિચારો ધ્યાનમાં લે.

શ્રી હર્ષદકુમાર ર. પટેલ(સાબરમતી) : માનનીય અધ્યક્ષશ્રી, હું એક શ્લોક દ્વારા આ ગૃહમાં મારા વિચારો રજૂ કરું છું.

**न चोरहार्यं न च राजहार्यं, न भातृभाज्यं न च भारकारी ।**

**व्यये कृते वर्धते एवं नित्यं विद्याधनं सर्वधन प्रधानम।।**

માનનીય અધ્યક્ષશ્રી, શ્લોકમાં વર્ણન કર્યા મુજબ, ચોર ચોરી ન શકે, રાજા લઈ ન શકે, ભાઈઓમાં ભાગ ન પડી શકે અને જે વાપરતા સતત વધે એવા વિદ્યાધન માટે ગુજરાત સરકાર દ્વારા અત્યાર સુધીના પ્રાથમિક શિક્ષણથી લઈને ઉચ્ચ શિક્ષણ સુધી સતત સવિશેષ પ્રયત્નો થયા છે. એ પૈકી આજે વર્ષ ૨૦૨૩ ગુજરાત વિધેયક ક્રમાંક-૨૫ ગુજરાત પબ્લિક યુનિવર્સિટી વિધેયક-૨૦૨૩ સન્માનનીય ઉચ્ચ શિક્ષણ મંત્રીશ્રી લઈને આવ્યા છે તેના અનુમોદનમાં આ સન્માનનીય ગૃહ સમક્ષ હું મારા કેટલાક વિચારો પ્રદર્શિત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વર્તમાન સમયમાં ચાલતી ગણમાન્ય ૧૧ યુનિવર્સિટીઓ છે કે જેનું નામ લેતાં આજે આપણે ગૌરવ લઈ શકીએ એવી ૧૧ યુનિવર્સિટીઓને એકસાથે અસર કરી આ વિધેયક લાવવામાં આવ્યું છે. અહીંયા કેટલાક મિત્રોએ કહ્યું કે, એવી વ્યવસ્થા ઊભી થશે કે જેના કારણે એની મૌલિકતા, વિશેષતા અને વિવિધતા ખતમ થશે. પરંતુ, હું એનાથી ઊલટું કહું છું કે, આ ૧૧ યુનિવર્સિટીઓમાં રહેલી જુદી-જુદી વિશેષતાઓ અને વિવિધતાઓનો બધી જ યુનિવર્સિટીઓમાં વ્યાપ વધશે અને તમામ વિદ્યાર્થીઓને આનો ચોક્કસ લાભ મળશે. આ તમામ યુનિવર્સિટીઓના વર્તમાન નિયમોની ખામીઓનો અભ્યાસ કરીને આ વિધેયક લાવવામાં આવ્યું છે. કેટલાક મિત્રોને આનો દુરુપયોગ થશે એવું લાગે છે અને કેટલાક મિત્રોને આનો સદઉપયોગ થશે એવું લાગે છે. પણ હું સન્માનનીય ગૃહ સમક્ષ આ બિલનો અભ્યાસ કરતાં એવું ચોક્કસ કહી શકું કે, આ બિલનો સદુપયોગ થશે અને એ આવનાર ગુજરાતના વિદ્યાર્થીઓના હિતમાં જ હશે. આ વિધેયકની વિવિધ કલમોની વાત મારા પૂર્વ વક્તાઓએ કરી છે એટલે ગૃહનો સમય બરબાદ નહીં કરું અને એની છણાવટ લેખિત સ્વરૂપમાં પણ છે. ગુજરાત પબ્લિક યુનિવર્સિટી વિધેયક ગૃહમાં રજૂ કરવામાં આવ્યું તેના પરિણામે ગુજરાતના વિશ્વવિદ્યાલયો અર્થાત જે યુનિવર્સિટીઓ છે એની શિક્ષણ વ્યવસ્થા અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિના સુચારું અમલીકરણ માટે આવશ્યક વાતાવરણ ઊભું થશે. દેશ આઝાદ થયા પછી વર્ષ ૧૯૬૮માં આપણી પહેલી શિક્ષણ નીતિ આવી, બીજી નીતિ વર્ષ ૧૯૮૬માં આવી અને ગુજરાતના એ વખતના સન્માનનીય મુખ્યમંત્રીશ્રી અને આજના જનજનના હૃદય સમ્રાટ એવા સન્માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી લાખો લોકોના માર્ગદર્શન, સૂચનો અને અભિપ્રાયોથી વર્ષ ૨૦૨૦માં ત્રીજી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ લાવ્યા એના અમલીકરણ, સફળતા અને અસરકારક પગલાંઓમાં આ બિલ ચોક્કસ ઉપયોગી થશે. ગુજરાત આજે એક એજ્યુકેશન હબ તરીકે ઊભરી રહ્યું છે. રાષ્ટ્રના અનેક રાજ્યોના અનેક છાત્ર-છાત્રાઓ ઉચ્ચ શિક્ષણ માટે ગુજરાતમાં આવી રહ્યા છે.ગુજરાતની ભા.જ.પા.ની સરકાર શિક્ષણના વિસ્તાર માટે ઉમદા વલણ સ્પષ્ટ કરે છે. ગુજરાત રાજ્ય આજે વિશ્વવિદ્યાલયો અર્થાત યુનિવર્સિટીઓની સંખ્યાની દૃષ્ટિએ દેશમાં પ્રથમ સ્થાને છે. ગુજરાત રાજ્યમાં સ્થપાયેલી રક્ષા યુનિવર્સિટી અને ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીને રાષ્ટ્રીય દરજ્જો આપી, દેશના સન્માનનીય વડાપ્રધાનશ્રી અને સન્માનનીય ગૃહમંત્રીશ્રીએ આ ગુજરાત રાજ્યનું ગૌરવ વધાર્યું છે. તે બદલ સભાગૃહના માધ્યમથી હું એમને ધન્યવાદ આપું છું. ગુજરાતની ભા.જ.પા. સરકારની ઉચ્ચ શિક્ષણનો વ્યાપ વધારવા માટેની ઉમદા નીતિના પરિણામે આજે ગુજરાતના છાત્ર-છાત્રાઓને તમામ વિદ્યાશાખાઓનું શિક્ષણ ઘરઆંગણે મળી રહે તે માટે મેડિકલ બેઠકો હોય, ઈજનેરી બેઠકો હોય, ફાર્મસી બેઠકો વધી રહી છે, એમ.બી.એ., એમ.સી.એ., વિવિધ બેઠકો વધી રહી છે. ગુજરાતના કરોડો રૂપિયા જે અન્ય રાજ્યોમાં જતા હતા એને અટકાવીને, ગુજરાતના છાત્ર-છાત્રાઓનું ઉચ્ચ શિક્ષણ તથા કારકિર્દી બનાવવા માટે અને તેઓની તકો ઉજળી બને એ માટે પણ સરકારશ્રીએ જે પ્રયત્ન કર્યો એને પણ હું અહીંયા અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ કૉમન યુનિવર્સિટી એક્ટ અમલી થવાથી ગુજરાતના છાત્ર-છાત્રાઓને અનેક ફાયદાઓ થવાના છે. અહીંયા એક યુનિવર્સિટીમાંથી બીજી યુનિવર્સિટીમાં જ્યારે પ્રવેશ લેતા હોય ત્યારે અનમેચેડ એવા સબજેક્ટની પરીક્ષા લેવામાં આવતી, એ વિટંબણાઓથી વિદ્યાર્થીઓ દૂર થશે. જ્યારે પોતે વિદેશ અભ્યાસ કરવા માટે જાય ત્યારે ક્રેડિબિલિટીનો પ્રશ્ન હતો એ પ્રશ્ન પણ આજે આ બિલ લાવવાથી ચોક્કસ દૂર થશે. ખૂબ લોકોએ પોતાના ચિંતન અને મંથન અંતર્ગત આ બિલની કયાંક તરફેણમાં અને કયાંક વિરુદ્ધમાં વાત કરી છે. મારું વ્યકિતગત જે આકલન છે, એમાં વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને સંસ્થાઓને જે ફાયદા થશે એની પાંચ-દસ મુદ્દાની વાત કરું તો, વિદ્યાર્થીઓ, શૈક્ષણિક અને વહીવટી સ્ટાફને સમાન તક અને વિકાસનું પ્લેટફોર્મ આ બિલ દ્વારા મળશે. વિદ્યાર્થીઓ માટે એકસમાન અભ્યાસક્રમ, એકસમાન પરીક્ષાનું માળખું પ્રાપ્ત થશે એ પણ આ બિલની એક સારી વ્યવસ્થા છે. પ્રવેશ પરીક્ષા અને પરિણામ એકસમાન કેલેન્ડર પ્રમાણે થવાથી વિદ્યાર્થીઓને ચોક્કસ ફાયદો થશે. ગુણવત્તાયુક્ત શિક્ષણ, વૈશ્વિક સ્પર્ધાનો સામનો કરવા વિદ્યાર્થીને સક્ષમ બનાવશે. આવી અનેકવિધ યોજનાઓ, અનેકવિધ ફાયદા થવાના છે. સ્પષ્ટ અને વધુ વ્યાપક સત્તાઓ પ્રાપ્ત થશે. સ્પષ્ટ નિયમો અને અમલીકરણમાં પારદર્શકતા આવશે. વહીવટી અધિકારીઓ વધુ સારી રીતે કામ કરી શકશે. સૌથી વિશેષ, આપણે એન.ઈ.પી.-૨૦૨૦નું સરળતાથી ચોક્કસ અમલીકરણ કરી શકીશું. સુવિધાનો યોગ્ય ઉપયોગ, , ગુણવત્તાયુક્ત વૈશ્વિક

સ્પર્ધાઓનો સામનો કરવા સક્ષમ બનાવશે. આ રીતે આ બિલ દ્વારા આ યુનિવર્સિટી સંશોધન વિદ્યાલક્ષી બની ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવા સક્ષમ બનશે. સમાન પ્રવેશ નિયમો, સમાન મૂલ્યાંકન પદ્ધતિ વિદ્યાર્થીઓને વિશેષ લાભાકર્તા રહેશે. કોઇપણ રાજ્યનો વિકાસ કરવો હોય તો એની મુખ્ય ત્રણ પાયાની જરૂરિયાતો છેઃ ઇરિગેશન, એજ્યુકેશન અને ઇલેક્ટ્રિસિટી. જયારે આ એજ્યુકેશનમાં વિશેષ ગુજરાત સરકારશ્રી દ્વારા વિદ્યાર્થીઓના હિતમાં ભૂતકાળની આપણી જે શિક્ષણ વ્યવસ્થા હતી તે આખી પિરામીડ આકારે હતી. પ્રાથમિકનો વધારે વ્યાપ, પછી માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને છેક હાયર એજ્યુકેશન તો ટોચના સ્થાને હતું. આજે ગુજરાત સરકારશ્રીના નમ્ર પ્રયત્નોથી ગુજરાતના વિદ્યાર્થીઓ માટે આખી જે વ્યવસ્થા છે એ સિલિન્ડર આકાર એટલે કે નળાકાર થઇ છે. જેના કારણે આવી યુનિવર્સિટીઓમાં નાના-મોટા સમયાંતરે ફેરફાર કરવાથી ચોક્કસ ગુજરાતના વિદ્યાર્થીઓના હિતમાં આ બિલ ચોક્કસ લાભકર્તા થશે. અંતે, આ સન્માનનીય સભાગૃહમાં મેં મારા વિચારો રજૂ કરી બાકીના મિત્રોને પણ એની સાથે સમર્થન આપવા માટે વિનંતી કરી મારી વાત વિરમું છું. ધન્યવાદ.

અધ્યક્ષશ્રી : ડૉ. સી.જે. ચાવડા, તમે કોઇ યુનિવર્સિટીના નેતા હતા?

ડો. સી.જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, ના.

અધ્યક્ષશ્રી : માનનીય અર્જુનભાઇ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી આવ્યા અને માનનીય કૌશિકભાઇ અમદાવાદ યુનિવર્સિટીમાંથી આવ્યા. એટલે બે યુનિવર્સિટીના નેતાઓ છે.

ડો. સી.જે. ચાવડા : શ્રી અમિતભાઇ ઠાકર પણ ગુજરાત યુનિવર્સિટીમાંથી છે.

અધ્યક્ષશ્રી : હા, શ્રી અમિતભાઇ તો ગુજરાત યુનિવર્સિટીમાંથી છે.

ડો. સી.જે. ચાવડા : આ બધી યુનિવર્સિટીના વડા તો અહીંયા બેઠા છે.

ડો. સી.જે. ચાવડા(વિજાપુર) : સાહેબ હું ડોકટર હતો યુનિવર્સિટીમાં એટલા માટે.

માનનીય અધ્યક્ષશ્રી, ''

'' **या देवी सर्व भूतेषु, विद्या रूपेण संस्थिता, नमस्तस्ये नमस्तस्ये, नमस्तस्ये नमो नमः।।**''

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં માનનીય અમારા શ્રી હર્ષદભાઇએ બહુ સારી વાત કરી. વિદ્યાની વાત આવે, સરસ્વતીની વાત આવે, સરસ્વતીના ઉપાસકોની વાત આવે અને એનું બિલ જયારે આવે તો એ તો ઐતિહાસિક હોય જ. જો કે શ્રી ઋષિકેશભાઇના બિલ ઐતિહાસિક જ હોય છે. નામ પણ ઋષિ છે. જયારે બિલ લઇને આવ્યા છે અને આખા ભારતનું ભવિષ્ય અને ગુજરાતનું ભવિષ્ય એની સાથે સંકળાયેલું છે ત્યારે કોંગ્રેસ પાર્ટીના એક આગેવાન તરીકે મારા વિચારો રજૂ કરું છું. એક નાનકડો જ દાખલો આપવો છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજા રાવણે જયારે સોનાની નગરી બનાવી અને વિભિષણને પૂછયું કે, મારામાં શું ખૂટે છે કે તું રામનું નામ જપે છે અને મારું નામ જપતો નથી. હું તારો ભાઇ છું. આખી સોનાની નગરી છે. આટલી સમૃદ્ધ નગરી છે. ત્યારે વિભિષણ કહે છે કે આપનામાં એક વસ્તુ ખૂટે છે. વિદ્યા ખૂટે છે. સરસ્વતી ખૂટે છે. એની ઉપાસના કરો. એનું નામ બોલો તો હૃદયમાં પણ રામ વસશે. હૃદયમાં વિદ્યા વસશે. તો આખી નગરીનું વાતાવરણ અને સંસ્કૃતિ બદલાઇ જશે. સરસ્વતીની ઉપાસના કરો. ત્યારે રાવણે એકાદ દિવસ સરસ્વતીની ઉપાસના કરી. પછી એના આખા વિચારો બદલાઇ ગયા. પછી ના પાડી દીધી કે મારે આ લેવું નથી. તો પૂછયું કે કેમ? જેમ શ્રી હર્ષદભાઇએ કહ્યું તેમ આપની રજા લઇને ખાલી એક પંક્તિ ભજનના સ્વરૂપમાં રજૂ કરવી છે કે-

ખોટું ખોટું ખો જાવે નામ જપું ત્યારે, સાચુ રૃદિયામાં આવે.
સીતાજી મને માતા ભાસે, મારા વિષયોને વણસાવે.
રામનું નામ જપુ ત્યાં તો મને એવા એવા સંકલ્પ આવે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આવું કરવું નથી. આ સરસ્વતીનું નામ લઉં તો સીતાજી તો મને માવડી ભાસે છે. આવું બધું થાય છે. એટલે એણે નામ લેવાનું બંધ કરી દીધું. બીજો પણ એને વિચાર આવે છે કે કુબેરને રાજ પાછું આપી દઉં. મને તો એટલા સરસ વિચાર આવે છે કે કુબેરને રાજ પાછું આપી દઉં. તમને એવું નથી કહેતો કે કોંગ્રેસને રાજ પાછું આપી દો. પણ આવા વિચાર રાવણને આવેલા.

માનનીય અધ્યક્ષશ્રી, એ દેશમાંથી એ ભારતમાંથી અને આ ગુજરાતની સંસ્કૃતિમાંથી શિક્ષણ અને આરોગ્યની વાત હોય ત્યારે જે કાંઇ સુધારા રજૂ કરી રહ્યા છે અથવા તો આખું નવું બિલ રજૂ કરી રહ્યા છે, ત્યારે સુપ્રીમકોર્ટ, ગુજરાત હાઇકોર્ટ. અનેક લિટિગેશનો થયા હશે. અનેક યુનિવર્સિટીઓના બિલ રજૂ થયા હશે. વખતો વખતની વિધાનસભામાં સમયની માંગ પ્રમાણે અનેક ચર્ચાઓ થઇ હશે, એ સમયે જયારે બિલ લઇને આવ્યા છે ત્યારે સમયની માંગ છે એ પ્રમાણે જયારે બિલ લઇને આવ્યા છે ત્યારે સૌ પ્રથમ તો મારા વિચારો રજૂ કરું. બિલ ઉપર જ હું વાત કરું.

માનનીય અધ્યક્ષશ્રી, એક મને દેખાયું છે. એક કલમ-૧૨માં જે છે કે તમામ પગારદાર અધિકારીઓ. પછી અધિકારીઓની વ્યાખ્યા આપે અલગ કલમમાં કરી છે. અધિકારી મંડળો, સમિતિઓ અથવા સંસ્થાઓના સભ્યો, યુનિવર્સિટીના અધ્યાપકો અને યુનિવર્સિટીના અન્ય કર્મચારીઓ ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૨૧ મુજબ જાહેર સેવકો ગણાશે. હવે આપે એને જાહેર સેવક ગણ્યા છે એટલે ફોજદારી ધારાની કલમ- ૨૧માં જે જે જોગવાઇઓ છે એ બધું એને

લાગુ પડશે. એટલે એ ચૂંટણીઓમાં કે એમાં ભાગ લઇ શકે નહીં. પરંતુ આપે જે બીજા કાયદામાં જે જોગવાઇ કરી છે એમાં આપે થોડી સ્પષ્ટતા પણ કરી છે કે એ લોકો વિધાનસભા કે સંસદના સભ્યમાં નિમણૂક પામશે તો આમાંથી એમને થોડી મૂક્તિ મળશે. હવે નિમણૂક પામશે શબ્દ છે, તો પછી એ રાજય સભાના સભ્યને અથવા તો વિધાન પરિષદના સભ્યને લાગુ પડી શકશે. એ શબ્દમાં સુધારવું કે કેમ એ જોઇ લેવા મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી એક કલમમાં કુલપતિની નિમણૂક છે. એમાં જે સર્ચ કમિટીની રચના કરવાની વાત છે. કલમ-૧૦. કુલપતિની નિમણૂક. તેમાં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનના એક પ્રતિનિધ પણ આવવાના છે. જે સર્ચ કમિટી બનશે તે કોની નિમણૂક કરી શકશે? તેમાં જે ૬૫ વર્ષની ઉંમર આપે નિર્ધારિત કરી છે. મહત્તમ મર્યાદા. તો પેટા કલમ-૬ છે તેમાં કુલપતિ તરીકે નિમણૂક પામેલી વ્યક્તિ સેવાના કરારની બોલીઓ અને શરતોને આધીન રહીને, ૬૫ વર્ષની ઉંમર થાય અથવા નિમણૂકના પાંચ વર્ષ, બેમાંથી જે વહેલું હોય ત્યાં સુધી કુલપતિ તરીકે રહી શકશે. પછી પુનઃ નિયુક્તિ નહીં થાય એવી પણ જોગવાઇ કરી છે પરંતુ તેના કરેલા કામને આધારે અને સૌથી વધુ કાર્યક્ષમ અને સક્ષમ જણાય તો તે/તેણી અન્ય કોઇ પણ બીજી યુનિવર્સિટીમાં માત્ર પાંચ વર્ષની એક વધુ મુદત માટે પુનઃનિમણૂક માટે પાત્ર રહેશે. સિવાય કે તે/તેણી પુનઃ નિમણૂકની તારીખે ૬૫ વર્ષની ઉંમરના થયા હોય. ૬૫ વર્ષની ઉંમરના થયા હોય તો તો પછી આપવાનું રહેતું જ નથી. એટલે અહીં મારી રજૂઆત એવી છે કે પુનઃનિમણૂકની તારીખે ૬૫ વર્ષની ઉંમરના ન થયા હોય એવું હોવું જોઇએ અથવા ૬૫ વર્ષની ઉંમરના થાય ત્યાં સુધી. આમાં ૬૫ વર્ષની ઉંમરના થયા હોય તો જ પુનઃનિમણૂક આપે એવું છે. વાસ્તવમાં એ તો પ્રતિબંધ કરે છે. ૬૫ વર્ષના લોકોને તો નહીં આપી શકાય. એટલે મારો આટલો સુધારો છે એ વાત કરું છું અને હવે આપે જ્યારે વિશાળ ફલકની વાત કરી છે ત્યારે જ્યારે જ્યારે બિલ લઇને આવીએ છીએ ત્યારે જે સરકાર હોય તે. શિક્ષણ અને આરોગ્યની આપણી પ્રાથમિક જવાબદારી છે. એટલે શિક્ષણ અને આરોગ્યમાં જેના સમયે જે ભાગમાં આવે એ પ્રમાણે કામ કરવાનું હોય છે. દા.ત. શ્રી ભૂપેન્દ્રભાઇની સરકાર છે કે શ્રી રૂપાણી સાહેબની સરકાર હતી અને કોરોનાથી આખું રાજ્ય રોગગ્રસ્ત બન્યું. તો કોરોનાના અનુસંધાને અસંખ્ય પગલાં લીધાં અને ઘણી કામગીરી કરી અને પ્રશંસનીય કામગીરી કરી. પણ પછી તમે એમ કહો કે કોરોનામાં તો શ્રી માધવસિંહે કશું કામ જ નહોતું કર્યું પણ એ વખતે કોરોના નહોતો. એટલે આ જે સિસ્ટમ છે તેમાંથી આપણે બધાએ બહાર આવવું જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી માધવસિંહજી વખતે સ્મોલપોક્સ હતો. તેને લગતી કામગીરી થઇ. તો દરેકના સમયમાં જે રોગચાળો હોય એમ દરેકના સમયમાં શિક્ષણને ભાગે પડતું જે કામ આવે એ આપણે કરવું પડે. ૨૧મી સદીમાં વિજ્ઞાન આટલું આગળ વધ્યું. દુનિયા ટૂંકી બની ગઇ. કમ્પ્યુટરનો જમાનો આવ્યો, મોબાઇલનો જમાનો આવ્યો. હજી તો આપણા વિદ્વાન ધારાસભ્ય કહેતા હતા એમાં તો સીરીને કહી જ દેવાનું કે સીરી મને આની સાથે જોડાણ કરી દે એટલે સીરી જોડાણ કરી આપશે. મોબાઇલની જરૂર નહીં પડે. ડ્રાઇવરની જરૂર નહીં પડે અને ગાડીઓ ચાલતી હશે. આખો જમાનો બદલાઇ રહ્યો છે. ૧૦ વર્ષમાં આ જે દેખાઇ રહ્યું છે એવું કશું રહેવાનું નથી. તો એ વખતે જે સરકાર હશે તે તેને અનુરૂપ કાયદાઓ ઘડશે. એટલે ભૂતકાળની બધી સરકારો નકામી હતી અને કંઇ ન કર્યું, આમ અને તેમ અને આ ઐતિહાસિક બિલ છે તેમાંથી થોડા બહાર નીકળી જાવ ને તો અમે તમને દર વખતે સપોર્ટ આપીએ. પણ તમે તેમાંથી બહાર નીકળતા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ભારત વિશ્વગુરુ બનવા તરફ જઇ રહ્યું છે એવી આપણે વાતો કરીએ છીએ. ભારત વિશ્વગુરુ બને તો સારું છે. આપણાં વડાપ્રધાન ગુજરાતના છે, વિશ્વગુરુ બને તો તમને આનંદ છે એટલો અમને પણ થાય છે. દિલમાં જે હોય એ પણ અમને થાય છે પણ હ્યુએન સિંગ અને ફાહ્યાન નામના ચીની મુસાફરો હતા. તે ચંદ્રગુપ્ત મૌર્યના સમયમાં અહીં ૧૦ વર્ષ રોકાયા હતા. તેમણે જે ઇતિહાસ લખ્યો છે અને એ વખતે ભારતનું જે વર્ણન કર્યું છે એ વાંચવા જેવું છે. ઐતિહાસિક વર્ણન અને ભારતનો સુવર્ણયુગ. એક એક વ્યક્તિ, એક એક સમાજ, એક એક ગામ, એક એક રાજ્યના લોકો કેવું જીવન જીવી રહ્યા છે, કેવું સંસ્કૃતિમય જીવન જીવી રહ્યા છે. હ્યુમન ઇન્ડેક્ષ ગણીએ એ કેવો છે એ ચીની મુસાફરોએ લખેલ છે. આજે જો કે આવે તો તેનાથી ઉંધું જ લખે પણ એ વખતના ચીની મુસાફરોએ ભારત સાથેની લાગણીના કારણે ખૂબ સુંદર લખ્યું છે. તેમાં નાલંદા અને તક્ષશીલા આ ભારત દેશની સારામાં સારી યુનિવર્સિટીઓ. ગુજરાતમાં વલ્લભીપુર તક્ષશીલા જેવું. સૌરાષ્ટ્રમાં વલ્લભીપુર છે તેનો પછી અનાયાસે કોઇ કારણે નાશ થયો હશે. વલ્લભીપુર પણ એટલું જ શિક્ષણ માટે જાણીતું હતું અને લોકો જતા-આવતા હતા.

માનનીય અધ્યક્ષશ્રી, આજે આપણે થોડો ગંભીરતાથી વિચાર કરવો પડશે. કે આપણે આ જે યુનિવર્સિટીઓ બનાવી છે, કોમન યુનિવર્સિટી, પબ્લિક યુનિવર્સિટી એકટ આવી રહ્યો છે, આપણે મેડિકલ માટે સરસ વ્યવસ્થા કરી છે, મેડિકલ કોલેજો ઘણી નવી બની ગઇ છે, વગેરે વાતો કરીએ છીએ પણ આજે દરરોજ એક ફલાઇટ ગુજરાતમાંથી ઓસ્ટ્રેલિયા, કેનેડા તરફ રવાના થઇ રહ્યું છે. આપણા ભણીગણીને તૈયાર થયેલા ગ્રેજ્યુએટોએ આંધળીદોટ ત્યાં મૂકી છે, એવું ત્યાં શું છે અને આપણે ત્યાં શું નથી? આપણામાં એવું શું ખૂટે છે? આપણે એમને શું નથી આપી શકતા અને ત્યાં શું મળે છે એનું ચિંતન કરવું જોઇએ. એક સમય હતો કે ભારતમાં અને ગુજરાતમાં પરદેશના લોકો ભણવા આવતા હતા. ભલે અમેરિકાથી નહોતા આવતા પણ શ્રીલંકાથી આવતા હતા, નેપાળથી આવતા હતા, તિબેટથી આવતા હતા. ઇરાકથી આવતા હતા, હું જે કોલેજમાં ભણતો હતો ત્યાં ઇરાક અને ઇરાનના ચાર દીકરા-દીકરીઓ હતા. આપણા ત્યાં મલેશિયાથી આવતા હતા, ત્રીજા વિશ્વમાં સૌથી સારું

એજયુકેશન અહીંયા મળતું હતું. આજે બધા જ લોકો, આખા વિશ્વના લોકો અમેરિકા અને ઇંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા દોડે છે. એમાં રોજ આપણું ગુજરાતનું સવિશેષ એક વિમાન રોજ ઉડે છે, તો આપણે આવું જયારે બિલ લાવતા હોય ત્યારે ચિંતા કરવી જોઇએ કે એવું શું આપીએ કે એ લોકો રોકાઇ જાય. મારે જાપાનનો એક દાખલો આપવો છે.

અધ્યક્ષશ્રી : બહાર ગરમ નાસ્તો આવી ગયો છે, વારાફરતી જેને જવું હોય એ જઇ આવજો. આ બધું લાંબુ ચાલવાનું છે એટલે વારાફરતી જઇ આવજો. આપ આપનું પ્રવચન ચાલુ રાખો.

ડો. સી.જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, બીજા વિશ્વયુદ્ધમાં જાપાનમાં હિરોશિમા અને નાગાસાકી શહેર ઉપર જયારે અણુબોંબ ફેંકયો અને આખું જાપાન તહસનહસ થઇ ગયું. ત્યારે જાપાનના બધાજ રાજકીય નેતાઓ અને બધા જ ધાર્મિક નેતાઓ અને બધાજ લોકો અને સુજ્ઞપ્રજ્ઞ નેતાઓએ એકત્રિત થઇને વિચાર્યું કે જાપાનને બેઠું કઇ રીતે કરવું? ત્યારે કોઇકે કહ્યું કે આપણે મેડિકલમાં સારવાર વધારવી પડશે, આપણે ટ્રાન્સપોર્ટની સગવડ વધારવી પડશે, આપણે ફોરેન સાથેના વ્યાપાર વધારવા પડશે. ફોરેન સાથેના સંબંધો વધારવા પડશે. આપણે રાતદિવસ મહેનત કરવી પડશે ત્યારે એક વ્યકિતએ એવી વાત કરી કે આપણે શિક્ષણને અને શિક્ષણમાં કામ કરતાં અધ્યાપકો હોય કે પ્રાથમિક શાળાના શિક્ષકો હોય એમને એટલી વિનંતી કરો કે હાલ જે શિક્ષા આપે છે એમાં ફકત એક કલાકનો વધારો કરી દે. તો જે શિક્ષણ બાળકોને પ્રાથમિક શાળાથી માંડીને કોલેજ સુધીમાં એમાં એક કલાકનો વધારો તમામ શિક્ષકોએ જાપાનને બેઠું કરવા માટે દિલથી કર્યો અને ફકત ૨૦ વર્ષમાં જાપાન ફરીથી અમેરિકા, ઇંગ્લેન્ડને ટક્કર આપતું થઇ ગયું. પછી સરકારને એવું લાગ્યું કે આપણા શિક્ષણવિદોએ, શિક્ષકોએ દેશ માટે ખૂબ સારી સેવા કરી છે એટલે એમણે સુધારા વિધેયક પસાર કર્યું કે આવતી કાલથી એક કલાક એમની સેવા લેવાનું બંધ કરવામાં આવે છે તો તમે નહીં માનો, એ દેશના શિક્ષકો, અધ્યાપકો, પ્રાધ્યાપકો અને શિક્ષણવિદો હડતાલ ઉપર ગયા કે અમે એવી શું દેશના વિરુદ્ધ કામગીરી કરી કે અમારી એક કલાકની સેવા તમે લઇ લીધી? અહીંયા ઉંધું છે. જો એક કલાક વધારો તો હડતાલ ઉપર જાય છે. તો એનું પણ કારણ છે, એમણે દેશના અધ્યાપકો માટે એવી વ્યવસ્થા ઊભી કરી કે કામ કરવાનું મન થાય. પ્રાથમિક શાળાના શિક્ષકો માટે વ્યવસ્થા ઊભી કરી, એમના પગાર ભથ્થાં, એમનું સ્વમાન, સન્માન, સરકારી સ્ટેટસ બધું એમને આપ્યું તો આપણે કોઇપણ દેશનો વિકાસ કરવો હોય તો શિક્ષણનું કામ કરતા લોકો ચાહે પ્રાથમિક ટીચર હોય, ચાહે માધ્યમિક શિક્ષક હોય કે ચાહે આધ્યાપક હોય, એમને પહેલાં ગધેડાના બોજની જેમ દબાવી દેવો જોઇએ નહીં. એમને ખુલ્લું વાતાવરણ આપો. એમને મનસ્વી રીતે એ કરે છે એ કરવા દો. એમને રાજયને અને દેશને આગળ લઇ જવું છે એ રીતે કામ કરે છે જે એજયુકેશનનું છે એ કરવા દો. આપણે બાળકને જેટલું ઘરે રાખીએ છીએ એના કરતાં એની પાસે આપણું બાળક વધારે રહે છે, એને ફોલો વધારે કરવાનું છે તો આપણે બધાએ ભેગા થઇને એવું સિંચન કરો કે આપણા દેશના વિકાસમાં રાજયના વિકાસમાં અને યુવાનોના વિકાસમાં ખૂબ સારું શિક્ષણ આપે અને સમયસર આપે.

માનનીય અધ્યક્ષશ્રી, આપ જે આ યુનિવર્સિટી એકટ લઇને આવ્યા છો એમાં તમામ યુનિવર્સિટીના કોમન રૂલ્સ નક્કી કર્યા હશે, કેવી રીતે નિમણૂકો થશે, શું થશે, બધું સરકારી રીતે જે કંઇ લખાણ થયું છે એમાં મેં કહ્યું એ સુધારા સાથે આપ કરજો, એમાં કંઇ ખોટું નથી પણ એમાં જે દિલ ઉમેરવાનું છે એ ઉમેરવાનું છે જેથી ગુજરાતનું ભવિષ્ય, આપણા યુવાન-યુવતિઓનું ભવિષ્ય સંકળાયેલું છે કે શું કામ લોકો બહાર જાય છે, એને કેમ અટકાવવા, આનાથી એ થશે કે કેમ? હજી આમાં સુધારા કરવા પડે તો કરશું કે કેમ? કલમ-પ૪ માં આપે લખ્યું છે કે બે વર્ષમાં જે કાંઇ સુધારા કરવાના થશે એને વિધાનસભામાં લાવીને સુધારીશું. જે મુશ્કેલીઓ ઊભી થશે એ મુશ્કેલીઓ દૂર કરવા માટે પ્રયત્ન કરીશું અને અમે જે કાંઇ સૂચનો આપેલાં છે એ સૂચનોને આપ સ્વીકારીને આગળ વધશો તો અમારો આ બિલને ટેકો આપવાનું પછી અમે વિચારીશું.

શ્રી હાર્દિક ભ. પટેલ(વિરમગામ) : માનનીનય અધ્યક્ષશ્રી, અમેરિકામાં એક ખૂબ જાણીતા રાજનેતાએ એક સમયે ખૂબ સુંદર વિચાર મૂકેલો કે શિક્ષણ એ ભવિષ્યનો પાસપોર્ટ છે. કારણ કે, આવતીકાલ એના માટે છે કે જેઓ આજે તેની તૈયારી કરે છે અને તે તૈયારીના ભાગરૂપે દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ રાષ્ટ્રીય શિક્ષણ નીતિને અમલમાં મૂકી છે અને એ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ જમીની સ્તર ઉપર યુનિવર્સિટીઓમાં, સ્કૂલોમાં ખૂબ પ્રભાવી બની શકે એવા જ ભાગરૂપે માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્ત્વમાં શિક્ષણમંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે ગુજરાત પબ્લિક યુનિવર્સિટી બિલ ૨૦૨૩ અહીંયા રજૂ કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને વિશેષ આનંદ એ વાતનો પણ છે કે જયારે ધારાસભ્ય તરીકે અમે નવા નવા ચૂંટાયેલા ત્યારે માનનીય ઋષિકેશભાઇ પાસે અમારા વિસ્તારની અંદર એક કોલેજ મંજૂર થયેલી. પરંતુ જયારે એમાં રકમની ફાળવણી કરવામાં આવેલી તો ક્યાંકને ક્યાંક એમાં આંકડામાં ભૂલ હતી તેના કારણે કોલેજનું કોઇ પણ પ્રકારનું કામકાજ આગળ વધ્યું નહીં, પણ પછી માનનીય ઋષિકેશભાઇ સાથે વાતચીત થઇ અને એમણે વિધિન ૨૪ કલાકમાં રૂપિયા સાડા સત્તર કરોડ રૂપિયા મારા માંડલની અંદર સુંદર મજાની આર્ટસ કોલેજના નિર્માણ માટે મંજૂર કરી આપ્યા. થોડાક દિવસ પહેલા માનનીય મંત્રીશ્રી સાથે અમદાવાદ જિલ્લામાં એક બેઠકમાં મળવાનું થયેલું ત્યારે તેમણે આ બિલ માટેની એક વાત કરેલી અને પછી મેં પણ ખાસ કરીને મારા જૂના મિત્રો હતા એ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી હોય, ગુજરાત યુનિવર્સિટી હોય કે હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટી હોય એની અંદર સિન્ડિકેટ કે સેનેટની ભૂમિકામાં હોય એ અમારા પણ પક્ષના હોય કે વિપક્ષના પણ હોય તેની સાથે આ બિલને લઇને વિસ્તૃત ચર્ચાઓ કરેલી અને મને વિશેષ આનંદ એ વાતનો છે કે વિપક્ષના પણ ઘણા સભ્યોએ આ બિલને આવકારવાનો પ્રયાસ કર્યો છે

અને એમણે એ દિલથી સ્વીકાર્યું છે કે વ્યક્તિગત રીતે અમે લોકો સિન્ડિકેટ કે સેનેટ સભ્ય મટી જવાના છીએ, પણ આ બિલના કારણે સૌથી વધુ ગામડાના અને તાલુકા કક્ષાના વિદ્યાર્થીઓને આ કોમન ગુજરાત પબ્લિક યુનિવર્સિટી બિલના કારણે વિશેષ લાભ અને ફાયદો થવાનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ દેશની શક્તિ ફ્યુચરની અંદર બનવાની છે એ યુવાનો છે અને યુવાનની શક્તિમાં વધારો થાય અને એને સહયોગ મળે એના માટે આ રાજ્ય સરકારે વિશેષ અનેક પ્રયાસો કર્યા છે. લગભગ છેલ્લા ૪-૫ કલાકથી આ બિલને લઇને ખૂબ વિસ્તૃત ચર્ચાઓ વિપક્ષે અને અમારા સદસ્યોએ પણ કરી છે. એટલે મારે ગૃહનો સમય બગાડવો નથી. વિશેષ ત્રણ મુદ્દાઓને લઇને જે મેં સિન્ડિકેટ અને સેનેટના સભ્યો સાથે ચર્ચા કરી. (અંતરાય)

<u>અધ્યક્ષશ્રી</u> : એક મિનિટ, શ્રી હાર્દિકભાઇ તમે બેસો. માનનીય કિરીટભાઇ, તમે ત્યાં નહીં બેસી શકો. હવે તમારી જગ્યા ઉપર આમ ફરીને નીકળો. એટલા માટે કે જ્યારે કોઇ ધારાસભ્યશ્રી ભાષણ કરતા હોય ત્યારે વચ્ચેથી પસાર થઇ શકાતું નથી.

શ્રી હાર્દિક ભ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે વિપક્ષના સિન્ડિકેટ અને સેનેટના સભ્યો સાથે ચર્ચા કરી ત્યારે તેમણે પણ ૩-૪ મુદ્દાઓ પર વિશેષ ચર્ચા કરી છે અને આ બિલની અંદર જે ૩-૪ મુદ્દાઓ છે જેનાથી સૌથી વધુ લાભ ગામડાના લોકોને, યુનિવર્સિટીને અને ભવિષ્યમાં ગુજરાતને થવાનો છે. એ મુદ્દા પર ૨-૩ વાત આપની સમક્ષ મૂકવી છે. આ સમગ્ર બિલની અંદર જે મહત્ત્વની વાત મૂકવામાં આવી છે કે હવે તમામ યુનિવર્સિટીને નેકમાં જવું પડશે જેથી ગુણવત્તાયુક્ત શિક્ષણ સમાજને મળશે અને નેકનું એક્રિડીએશન થવાથી વિદેશમાં પણ આપણી ગુજરાત યુનિવર્સિટીની મજબૂતાઇ અને વેલ્યું વધશે જેના કારણે વિદેશ ભણવા જનારા વિદ્યાર્થીઓને આ બિલના કારણે ભવિષ્યમાં લાભ થવાનો છે એનો વિશેષ લાભ આપણાં ગામડાના અને ખાસ કરીને જેનાં મા-બાપ પોતાના દીકરા-દીકરીઓને ખૂબ પેટે પાટા બાંધીને ભણાવ્યા છે અને દીકરા, દીકરી જયારે સરકારની વિવિધ યોજનાઓમાંથી લોન લઇને જયારે વિદેશ ભણવા જશે તો બિલના કારણે આપણા ગુજરાતની કોઇપણ યુનિવર્સિટી હશે એની વિદેશમાં એક મજબૂતાઇથી વેલ્યૂ ઊભી થવાની છે. એમાં પણ એક વિશેષ મહત્ત્વની વાત. જે વિપક્ષના માનનીય સભ્યશ્રીની હમણા જે નારાજગી હતી કે આ બિલ આવશે એ પછી યુનિવર્સિટીની અંદર જે બોર્ડ ઓફ સ્ટડીઝ હોય, વિદ્યાશાખા હોય, સેનેટ હોય, સિન્ડિકેટ હોય આ બધા જ સદસ્યો ચૂંટણીની પ્રક્રિયામાંથી દૂર થવાના છે. મેં એવા ઘણાબધા મિત્રો જયારે અમે યુનિવર્સિટીની અંદર હતા. સહજાનંદ કોલેજમાંથી મેં કોલેજ કરી તો એક સમય એવો હતો કે સેટલમેન્ટના નામ ઉપર જે વિદ્યાર્થી પાંખ સાથે જોડાયેલા લોકો હતા. આંદોલનો કરતા, કોઇ કોલેજની ઉપર જઇને તોફાનો કરી લેતાં અને પછી ૨-૪ મળતિયા હોય એમને એડમિશન અપાવવા હોય તો એનાં પણ કામો થતાં પણ મને વિશેષ આનંદ એ વાતનો છે જે વિરમગામ મારા વિસ્તારના કોઇ વિદ્યાર્થીને બી.કોમ.માં કે બી.એ.માં એડમિશન લેવું હોય તો એ અમદાવાદ આવે એટલે સૌથી પહેલા વિદ્યાર્થી પાંખ સાથે જોડાયેલા નેતાઓ પાસે જતા અને કયાંકને કયાંક એવા નેતાઓ પાસે જઇને એને કદાચ પૈસા આપીને પણ એડમિશન લેવા પડતા હતા પણ મને આજે વિશેષ આનંદ છે કે આ બિલના આવ્યા પછી જેટલા પણ લોકો આ મળતિયાની ભૂમિકામાં હતા, જે ગામડાના યુવાનો પાસેથી પૈસા પડાવી લેતા હતા અને એડમિશનના નામે નાટકો કરતા હતા એ તમામની દુકાનો બંધ થવાની છે અને આ પ્રક્રિયાની અંદર વિશેષ ગામડાના લોકોને, તાલુકા કક્ષાના લોકોને એનો વિશેષ લાભ થવાનો છે. બીજી એક વાત જે આ ત્રણ મુદ્દામાંથી એક મહત્ત્વનો મુદ્દો છે. ગઇકાલે લગભગ રાત્રે ૯-૧૦ વાગ્યા સુધી હાઉસ ચાલ્યુ અને ૨૭ ટકા અનામતના બિલ ઉપરનું વિધેયક આપણે અહીંયાથી મંજૂર કર્યું છે. ભારતની નામદાર સર્વોચ્ચ અદાલતે વર્ષ ૨૦૧૨-૧૩ ની અંદર એક બહુ મહત્ત્વપૂર્ણ ચુકાદો આપ્યો હતો. મને વર્ષ ખબર નથી પણ ખુબ મહત્ત્વનો ચુકાદો નામદાર કોર્ટે આપેલો હતો કે ગુજરાતની અંદર જેટલી પણ યુનિવર્સિટી છે કે દેશની કોઇપણ યુનિવર્સિટી હોય એ તમામ યુનિવર્સિટીની અંદર સત્તા મંડળોમાં સ્થાન આપવાની તમામ સમાજને જોગવાઇઓ કરવાની છે અને આ બિલ પછી ગુજરાતની ભવિષ્યની કોઇપણ યુનિવર્સિટીમાં અનુસૂચિત જાતિ હોય, અનુસૂચિત જનજાતિ હોય, આર્થિક અને સામાજિક પછાતવર્ગ હોય, મહિલાઓ હોય, આર્થિક રીતે પછાત વર્ગ હોય એ તમામ લોકોને હવે ભવિષ્યમાં યુનિવર્સિટીની અંદર સ્થાન મળવાનું છે અને એટલા માટે જ આવનારા દિવસોની અંદર આ બિલ ખૂબ મહત્ત્વનું સાબિત થવાનું છે. મારે વિશેષ વાત નથી કરવી, પરંતુ અમને એ વાતનો વિશેષ આનંદ છે કેમ કે યુવાન છીએ, લોકોની વચ્ચે રહીએ છીએ. યુનિવર્સિટીઓ માટે લોકોની ખૂબ ચિંતાઓ હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અમિતભાઇએ ખૂબ સારી વાત કરી. ગામડાનો વિદ્યાર્થી હોય એક યુનિવર્સિટીમાંથી બીજી યુનિવર્સિટીમાં જવું હોય તો એને એન.ઓ.સી. લેવી પડતી આ બધા જ મુદ્દાઓને લઇને કયાંકને કયાંક ખૂબ સરળતા અને રાહત મળવાની છે ત્યારે અમે સૌ લોકો અને ખાસ કરીને સમગ્ર હાઉસ આ બિલને આવકારે અને ભવિષ્યની અંદર આવનારા ભારતના આ ભવિષ્યમાં આપણા ગુજરાતના યુવાનો કે આપણી ગુજરાત યુનિવર્સિટી ખૂબ સશકત થઇને આગળ આવે એવી આશા પણ અમે રાખીએ છીએ. છેલ્લે શ્રી અર્જુનભાઇ જયારે બોલતા હતા ત્યારે એમણે એક વિશેષ વાત કરી હતી કે હું જયારે બોલતો હોઉં ત્યારે બીજા લોકોએ વચ્ચે ન બોલવું નહીંતર જડબાતોડ જવાબ મળશે. અમે બધા તો જનપ્રતિનિધિ તરીકે હંમેશા જનતાને માથા ઉપર લઇને ચાલવાવાળા લોકો છીએ એટલે અમે લોકો તો જડબાતોડ જવાબ ન આપીએ પણ

તમારી એવી હરકતના કારણે જનતાએ જડબાતોડ જવાબ આપ્યો છે અને એને કારણે ૧૭ લોકો થઇને તમે અહિંયા બેઠા છો એટલે વિશેષ વાત નહીં કરું પરંતુ આપનો ખૂબ ખૂબ આભાર.

શ્રી પ્રવીણકુમાર ગો. માળી(ડીસા) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત પબ્લિક યુનિવર્સિટી વિધેયક-૨૦૨૩ મંત્રીશ્રીએ રજૂ કર્યું છે એના ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, જયારે આ વિધેયકનું વાંચન કર્યું ત્યારે મને સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ ૨૦૩૦ જે યુનાઇટેડ નેશને નકકી કર્યા છે એ ગોલમાં જયારે નરેન્દ્રભાઇ મોદી જયારે યુનાઇટેડ નેશનની અંદર ગયા અને માનનીય વડાપ્રધાનશ્રીએ સ્ટેટમેન્ટ આપ્યું કે જે વર્ષ ૨૦૩૦નો ગોલ છે એ ગોલ ભારત એનાથી પહેલા એચીવ કરી લેશે. એવો જયારે વિશ્વાસ સંપાદન કર્યો ત્યારે મને પણ એમ થતું હતું કે વર્ષ ૨૦૩૦ પહેલા કેવી રીતે થાય? એ ગોલમાંનો ચોથા નંબરનો ગોલ એટલે ક્વોલિટી એજ્યુકેશન. ક્વોલિટી એજ્યુકેશનની અંદર તેમનો મહત્ત્વપૂર્ણ નિર્ણય એટલે ન્યુ એજ્યુકેશન પોલિસી એટલે કે એન.ઇ.પી. તે એન.ઇ.પી. તેના જ ભાગરૂપે હતી અને આજે યુનિવર્સિટીઓમાં જે કંઇ અડચણો પડતી હતી તેના માટે જ આપણે આ વિધેયક લાવ્યા છીએ. તે વિધેયક લાવવા માટે હું માનનીય મંત્રીશ્રીને અને રાજ્ય સરકારને હૃદયપૂર્વક અભિનંદન આપું છું. શિક્ષણની અંદર આમૂલ પરિવર્તન કરવા માટે આ વિધેયક લાવ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયકની અંદર ત્રણ મહત્ત્વના મુદ્દા રહેલા છેઃ એક શિક્ષણ વ્યવસ્થાને લગતો છે, બીજો મુદ્દો અધ્યાપકો, આચાર્યશ્રીઓ અને યુનિવર્સિટીના શિક્ષકશ્રીઓને લગતો છે જયારે ત્રીજો મુદ્દો વિદ્યાર્થીઓને લગતો છે. આ ત્રણ મહત્ત્વના મુદ્દા છે. આમાં બધા સભ્યોએ થોડી થોડી વાતો કરી છે. કયાંક વિપક્ષે લુઝ પોઇન્ટ વિશે વાત કરી હશે તો આપણે તેના ફાયદા વિશે વાત કરી છે. કયાંક કોઇ વિદ્યાર્થી નેતા બની આજે ધારાસભ્ય બન્યા છે તો તેમણે પણ પોતાની વેદના કહી છે કે આટલી આટલી મુશ્કેલી પડતી હતી તો તેમાં આ વિધેયક દ્વારા નવા પરિવર્તનો કરી શકવાના છીએ. આ સત્રની અંદર લગભગ કવિતાઓ સૌથી વધારે ગવાઇ છે. આજે કવિતાઓ બહુ ગવાઇ છે. આજે એમ થયું કે હાઉસમાં આટલી બધી કવિતાઓ કહેવાઇ હોય તો કવિ દાદે જ્યારે વાત કરી હતી કે એક સારી કવિતા હોય તો આખા દેશમાં ગુંજે. લાખો મોંઢે કવિતા કર્યેથી શું વળે? કવિ દાદે જ્યારે વાત કરી હતી ત્યારે ૨૦૧૪ની સાલની અંદર શ્રી નરેન્દ્રભાઇ દેશના વડાપ્રધાન તરીકે નક્કી થયા અને ગુજરાતની ધરતી ઉપર એક કવિતા ગવાઇ હતી જે આજે ગુંજે છે. સોગંદ હૈ મુજે ઇસ મિટ્ટી કી મેં દેશ નહીં ઝુકને દૂંગા. મેં દેશ નહીં ઝુકને દૂંગા. તેના જ ભાગરૂપે શિક્ષણની કોઇ નવી પોલિસી બનતી હોય અને ગુજરાત સરકારના માનનીય મંત્રીશ્રી વિધેયક લઇને આવતા હોય તો બાકીની બધી જ વાતો અહીં થઇ ગઇ છે. તો મારો સંપૂર્ણપણે ટેકો છે અને દરેક સભ્યશ્રીઓને વિનંતી છે કે સૌ સાથે મળીને આ વિધેયકને વધાવીએ. આભાર.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના માનનીય મંત્રીશ્રી જે ગુજરાત પબ્લિક યુનિવર્સિટી વિધેયક ૨૦૨૩ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા પાંચ ટર્મના અનુભવ મુજબ સરકાર કોઇપણ વિધેયક લાવે અથવા જૂના વિધેયક ઉપર કોઇ સુધારા લાવે છે તે સમય અને સંજોગો, પરિસ્થિતિ, રાજ્યના મતદારોનો, સમાજના વિકાસના હિતની વાત સમજીને આ સરકાર હોય કે ભૂતકાળની સરકાર હોય તે આવા બિલો લાવતી હોય છે. સ્વાભાવિક છે કે, વિપક્ષમાં કોઇપણ પાર્ટી બેઠી હોય તે પાર્ટી લાવેલા વિધેયકો ઉપર પોતાના વિચારો રજૂ કરતી હોય છે. સુધારા હોય, કોઇ ત્રૃટિ હોય, કોઇ ખોટું થયું હોય, કંઇ જરૂરી હોય, કંઇ ભૂલ થતી હોય આ તમામ બાબતોનો ધારાસભ્યશ્રીઓ સત્તામાં જે કોઇ બેઠેલા હોય તેમનું ધ્યાન અચૂક દોરતા હોય છે. માનનીય મંત્રીશ્રી જ્યારે આ બિલ લઇને આવ્યા છે અને હું તેનો અભ્યાસ કરતો હતો ત્યારે રાજ્યમાં આવેલી ૧૧ યુનિવર્સિટીઓ છે. એ યુનિવર્સિટીની અંદર આ પબ્લિક યુનિવર્સિટી બિલ લાગુ થવા જઇ રહ્યું છે અને ખાસ કરીને જે ધારાસભ્ય મિત્રોને આપવામાં આવેલી વિધેયકની બૂક છે એમાં જે ઉલ્લેખો કરવામાં આવ્યા છે, ખાસ કરીને યુનિવર્સિટીના ઉદ્દેશો એમાં જ્ઞાન સર્જન, સુરક્ષા, ભારતના સંવિધનમાં સ્વતંત્રતા, ધર્મ નિરપેક્ષતા, સમાનતા, સામાજિક ન્યાયને પ્રોત્સાહન, રાષ્ટ્રનો વિકાસ, દેશના સામાજિક આર્થિક પરિવર્તનમાં સામાજિક સૂમેળ, સહઅસ્તિત્વ આવા અનેક શબ્દોનો ઉલ્લેખ કર્યો છે. સમાજના નબળા વર્ગો, ગૌરવની ભાવના પેદા કરવી, પ્રોત્સાહન આપવું આવા અનેક સુવાક્ય જેવા લાગતા શબ્દો આપે આ બૂકલેટમાં આપેલા છે. મારે મંત્રીશ્રીને આપના માધ્યમથી ખાલી એ પૂછવું છે કે, આ રાજયમાં સો કરતા પણ વધારે યુનિવર્સિટીઓ આવેલી ત્યારે હું સ્વાભાવિકપણે એવું માનું છું કે આ બૂકલેટમાં લેખેલા શબ્દો એ રાજયમાં આવેલી તમામ યુનિવર્સિટીઓ છે એ યુનિવર્સિટીઓને લાગુ પડવા જોઇએ. આપણે આભાર પણ માનવો પડે, એમનું અભિવાદન પણ કરવું પડે કે જ્યારે વર્ષ ૧૯૪૯ની અંદર પ્રથમ વખત આ રાજયમાં પહેલી યુનિવર્સિટીની શરૂઆત થઇ અને વર્ષ ૧૯૫૦માં મહારાજા સંયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડાથી આની શરૂઆત થઇ અને જે વર્ષ ૨૦૧૫માં શ્રી ગુરુગોવિંદસિંહજી યુનિવર્સિટી એટલે કુલ ૧૧ યુનિવર્સિટી એ રાજય સરકારના હસ્તક ચાલે છે. સરકાર દ્વારા આ ૧૧ યુનિવર્સિટીનું નામ આપવામાં આવ્યું છે ગુજરાત પબ્લિક યુનિવર્સિટી વિધેયક. આ રાજયમાં બીજી ૬૫ યુનિવર્સિટીઓ આવેલી છે જે પ્રાઇવેટ યુનિવર્સિટીઓ છે. તો આ પબ્લિક યુનિવર્સિટી અને પ્રાઇવેટ યુનિવર્સિટીમાં ફરક છે. પબ્લિક એટલે પ્રજા એમ હું સમજું છું એટલે ગુજરાતીમાં આને પ્રજા કહેવાય. હંમેશા કોઇ પણ સમાજનો, કોઇ પણ રાજયનો કે કોઇ પણ દેશનો ઘડતરનો પાયો એ હંમેશા શિક્ષણ ઉપર રહેલો હોય છે અને શિક્ષણમાં જો સમાનતા હોય તો સમાજમાં સમાનતા આવે અને સમાનતાને આધિન એ રાજય વિકસિત રાજય તરફ દોડ મૂકતું હોય છે. આપણે આને પબ્લિક યુનિવર્સિટી એટલે પ્રજાની યુનિવર્સિટી કહીએ તો આ જે પ્રાઇવેટ યુનિવર્સિટી છે એને

આપણે શું નામ આપીશું? ગુજરાત વેપારી યુનિવર્સિટી નામ આપીશું? કારણ કે સ્વાભાવિક છે કે ભણતર એ હરહંમેશ બધાને માટે સરખું હોય છે અને આપણે ત્યાં તો ખૂબ ઉચ્ચ પ્રણાલી રહેલી છે અને હું તો શિક્ષકનો દીકરો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા મધર અને મારા ફાધર બંને શિક્ષક હતા એટલે શિક્ષક જીવનો હું દીકરો છું અને હું પોતે શિક્ષણ સંસ્થાઓ ચલાવતો હતો. આખી દુનિયામાં આપણો દેશ એક એવો દેશ છે કે, ઘરમાં રહેલું પુસ્તક કે સ્કૂલમાં રહેલું પુસ્તક કે અન્ય જગ્યાએ પડેલા પુસ્તક પર ભૂલથી પણ જો આપણો પગ પડી જાય તો આપણે એ પુસ્તક ઊંચકીને એને નમન કરીએ છીએ. આ સંસ્કાર આપણામાં રહેલા છે અને પુસ્તકને આપણે સરસ્વતીના દેવી તરીકે પૂજીને એની પૂજા પણ કરતા હોઇએ છીએ.જે રીતે સરકાર દ્વારા બિલ લાવવામાં આવ્યુ છે સરકાર પોતે એમ કહી રહી છે કે આ બિલ લાવવાથી રાજયના વિકાસમાં ખૂબ મોટો ફાળો બનશે અને આવનારી પેઢીને ખૂબ ઉપયોગી થશે. મારે સરકારને જ પૂછવું છે કે, શું આ રાજયમાં આવેલી ફકત ૧૧ યુનિવર્સિટીના માધ્યમથી જ આ રાજયનો વિકાસ થશે. આ ૧૧ યુનિવર્સિટીના માધ્યમથી જ ગુજરાતની આવનારી ભાવિ પેઢીનું ભણતર વધશે, તેનો વિકાસ થશે? તો એનો મતલબ એવો થયો કે જે બીજી પ્રાઇવેટ યુનિવર્સિટીઓ આવેલી છે કે જેને વેપારીકરણની અંદર પૂરેપૂરો તેનો રોલ રહેલો છે તે યુનિવર્સિટીઓમાં ભણતર મળતું ના હોય એવો તેનો અર્થ નીકળી શકે.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારના આ બિલની હું ટીકા કરું કે પ્રશંસા કરું? ટીકા કરવાની ઇચ્છા જતી નથી કારણ કે મન શિક્ષણ સાથે જોડાયેલું છે, પણ સાથે સાથે પ્રશંસા કરવાની પણ ઇચ્છા થતી નથી સ્વભાવિક છે કે માણસના બે કાન હોય એટલે બન્ને કાને અલગ અલગ સંભળાય એવું નથી હોતું પણ બન્ને કાને સરખું જ સંભળાય છે. માણસને બે આંખ આપી છે તો કદાચ મોતિયો આવ્યો હોય કે નંબરનાં ચશ્માં આવ્યાં હોય તો વાત જુદી છે, પણ સ્વભાવિક છે કે માણસની આંખો જયારે સ્પષ્ટ હોય ત્યારે તેને બન્ને આંખે સરખું દેખાતું હોય છે. આમાં એવું છે કે, સરકાર આ બિલ લાવી છે તે બિલથી મને પોતાને એવું લાગે છે કે સરકારને એક કાને સંભળાય છે અને બીજો કાન બંધ છે. સરકારને એક આંખે દેખાય છે અને બીજી આંખ બંધ છે. બિલની વાત હોય, સમાન હક્ક અને સમજૂતિની વાત હોય, રાજયના વિકાસની વાત હોય તો સમાનતા કેમ ન હોવી જોઇએ? ફકત અને ફકત રાજયની ૧૧ યુનિવર્સિટીઓ માટે જ આ પબ્લિક એકટ કેમ? અને અન્ય યુનિવર્સિટીઓ માટે કેમ નહીં? તેનો આપ મને જવાબ આપજો. હું રાજકીય અવલોકનમાં પડતો નથી પણ જયારે શિક્ષણની વાત હોય ત્યારે, આ રાજયના ભાવિની વાત હોય અચૂક ચર્ચા કરવાની, આપની સાથે પરામર્શ કરવાની ઇચ્છા થઇ.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં જે રીતે નવી શિક્ષણ નીતિ અમલમાં આવી અને નવી શિક્ષણ નીતિ અમલમાં આવ્યા પછી તે શિક્ષણ નીતિને આધિન રાજયની આ ૧૧ યુનિવર્સિટીઓ અને બાકીની જે યુનિવર્સિટીઓ છે તેમાં શું ડિફરન્સ રહેશે, શું તફાવત રહેશે તેનો પણ વિચાર માનનીય મંત્રીશ્રી આપણે કરવો પડશે. રાજયની દરેક યુનિવર્સિટીઓમાં સિલેબસ છે તે અલગ અલગ છે. એકટ, કોમન એકટ ચાલશે પણ કોમન સિલેબસ ચાલતો નથી આના કારણો આપ મંત્રીશ્રી મને જણાવજો. હું એટલા માટે આ કહું છું કે જે રીતે આપે જે પહેલ કરી છે, મારા અગાઉના વક્તાઓએ ખૂબ સરસ વાત કરી છે કે રાજયમાં શિક્ષણ અને આરોગ્ય ઉપર ભાર મૂકવો જોઇએ તેના માટે બધાએ જોઇન્ટલી ભેગા થઇને જયારે આ સભાગૃહે કાયદો ઘડ્યો ત્યારે બધાએ જોઇન્ટલી ભેગા થઇને આરોગ્યની બાબતમાં અને શિક્ષણની બાબતમાં ટેકો આપીને સર્વાનુમતે આ બિલને મંજૂર કરીને પ્રજા સમક્ષ તેને મૂકવું જોઇએ કારણ કે આ પ્રજાહિતની વાત હોય છે. આ પ્રજાહિતની વાત ફકત પ્રાઇવેટ યુનિવર્સિટીઓ માટે કેમ નહીં અને સરકારી યુનિવર્સિટીઓ માટે જ કેમ? મારી પહેલાં શ્રી કિરીટભાઇએ ખૂબ સારી વાત કરી કારણ કે પોતે જોબ કરે છે એટલે સંચાલક મંડળથી માંડીને, નોકરીની બાબતથી માંડીને ઘણી બધી ચર્ચાઓ કરી છે. કેટલી જગ્યાઓ ખાલી છે અને હજુ જગ્યાઓ ભરતા નથી, કરાર આધારિત છે તે બધામાં હું પડતો નથી પણ જે છે તે ભૂલી ગયા છે પણ જે અત્યારે હાલની પરિસ્થિતિ છે તેના ભાગરૂપે મારે આપને કહેવું છે કે આપણી ૧૦૦ કરતાં પણ વધારે યુનિવર્સિટીઓને સાથે લઇને આ બિલ કેમ લાવવામાં ના આવ્યું? ફક્તને ફક્ત આપણી ગુજરાત સરકારની યુનિવર્સિટીઓમાં જ આ બિલ લાવવાના કારણો મને જણાવજો. બિલમાં જે ઉલ્લેખો કરવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રકરણ-૩ના ક્રમ-(૮)માં યુનિવર્સિટીઓના અધિકારોની વાત કરવામાં આવી છે. એના ભાગરૂપે કલમ-૧(૮)(૨)માં લખ્યું છે કે, ''કોઇ પણ વ્યક્તિ ૬૨ વર્ષનો થાય તે પછી યુનિવર્સિટીના કોઇ પણ અધિકારી મંડળમાં, કોઇ પણ સમિતિ અથવા અન્ય બોર્ડ અથવા તેની સંસ્થામાં સભ્ય તરીકે નિમણૂક કરવી જોઇએ નહિ.'' આ સંશોધન નિયામકની આપે વાત કરી છે. તો સંશોધન કોણ કરે? ખાસ કરીને જયારે શિક્ષણની વાત હોય ત્યારે શિક્ષણ સાથે સંકળાયેલો જીવ હોય એણે પોતાની આખી જિંદગી શિક્ષણ ક્ષેત્રે શોધ કરવામાં પૂરી કરી હોય. એ જયારે નિવૃત્ત થતો હોય ત્યારે આવા અનુભવી લોકોની સંશોધન કમિટીના નિયામક તરીકે નિમણૂક કરી શકાય એવું મને લાગે છે. હું એવું માનું છું કે સંશોધન નિયામકના હોદ્દા માટે આપે ૬૨ વર્ષની વય-મર્યાદા રાખી છે એમાં આપે સુધારો કરવો જોઇએ. કારણ કે, સંશોધન હંમેશા અનુભવી લોકો જ કરતા હોય છે. આથી એમાં સુધારો કરવા માટે વિનંતી કરું છું. એમાં વધારે વાત ન કરતાં હું એટલું ચોક્કસ કહીશ કે અમારા શ્રી અર્જુનભાઇ અને ડો. સી.જે. ચાવડાજીએ આ બિલમાં સુધારા કરવાની વાત કરી છે ત્યારે હું માનનીય મંત્રીશ્રીને ચોક્કસ વિનંતી કરીશ કે શિક્ષણને લગતું બિલ છે, યુનિવર્સિટીને લગતું બિલ છે તો આ બિલ ફક્ત ૧૧ યુનિવર્સિટીઓને લાગુ ના પડવું જોઇએ. રાજ્ય સરકાર જો જશ લેતી હોય કે ભૂતકાળમાં ફક્ત આટલી જ યુનિવર્સિટીઓ હતી

અને અમે આટલી યુનિવર્સિટીઓ કરી છે તો બધા માટે કાયદો એક સરખો હોવો જોઇએ. સરકાર ૧૧ યુનિવર્સિટીઓ માટે ઝડપભેર આ નીતિ અપનાવતી હોય તો આ રાજ્યમાં સરકારી મેડિકલ બિલની પણ જરૂર છે. સરકારે એ પણ લાવવું જોઇએ અને એનાથી ગુજરાતની પ્રજાને ચોક્કસ ફાયદો થશે. મારી આપને વિનંતી છે કે તમામ યુનિવર્સિટીઓમાં આ બિલનો સમાવેશ કરવો જોઇએ. બે વર્ષ પછી કાંઇ સુધારા હશે તો લાવવાની વાત કરો છો એના કરતાં મારી પોતાની એવી માગણી છે કે આ બિલને કમિટીમાં મોકલીને ફરીથી એની ચર્ચા કરીને જે પણ સુધારા લાવવા હોય એ નવા સત્રમાં લાવો. આ બિલને પ્રવર સમિતિમાં સોંપી અને ફરીથી આ બિલ લાવો એવી હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આજે વિદ્યાર્થીઓના ભાવિ માટે અને શિક્ષણની ક્વૉલિટી માટે જે બિલ લાવવામાં આવ્યું છે, એમાં આદરણીય શ્રી મહેન્દ્રભાઇ, શ્રી અમિતભાઇ, શ્રીમતી નિમિષાબેન, શ્રી વિનોદભાઇ, શ્રી કેયુરભાઇ, શ્રી કૌશિકભાઇ, શ્રી હર્ષદભાઇ, શ્રી હાર્દિકભાઇ, શ્રી પ્રવિણભાઇ, માનનીય અર્જુનભાઇ, શ્રી કિરીટભાઇ, શ્રી શૈલેષભાઇ, ડો.સી.જે.ચાવડા સાહેબ, શ્રી અમૃતજી ઠાકોર આ બધા સભ્યોએ ભાગ લીધો છે અને બિલ બાબતે પોતપોતાના વિચારો વ્યક્ત કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, બિલમાં જે યુનિવર્સિટીઓની વાત કરી છે તેમાં આ ૧૧ યુનિવર્સિટીઓ અલગ-અલગ બંધારણ હેઠળ ચાલતી હતી. જે ૧૬ યુનિવર્સિટીઓની વાત થઇ તેમાંથી પાંચ બી.એમ.ઓ.થી ચાલે છે. કેન્દ્રીય યુનિવર્સિટી, સેક્ટરોરિયલ યુનિવર્સિટી, આઇ.આઇ.એમ., આઇ.આઇ.ટી. દુનિયામાં સારામાં સારી યુનિવર્સિટી રન કરવાની જે પ્રકારની વ્યવસ્થાઓ છે તે જ પ્રકારની વ્યવસ્થાઓ માટે આ બંધારણની રચના કરવામાં આવી છે. માનનીય શૈલેષભાઇએ જે પ્રાઇવેટ યુનિવર્સિટીની વાત કરી તેમાં તેને વેપારી ગણવી કે શું ગણવી તે શ્રી શૈલેષભાઇ નક્કી કરે. આ આખો વિષય ખુલાપણાનો છે. વેપારીકરણ નહિ પરંતુ ભૂતકાળમાં આપણે ત્યાં સાબરકાંઠામાં ખેમાભા, વિસનગરમાંથી સાંકળચંદ પટેલ, એ જ રીતે કેટલીય એવી શૈક્ષણિક સંસ્થાઓના આગેવાનોને શિક્ષણ પ્રત્યે લગાવ હતો. પ્રાથમિક શિક્ષણમાં ધ્યાન આપી શિક્ષણને એક નવી ઊંચાઇ આપ્યા પછી જ્યારે દુનિયામાં શિક્ષણના દ્વાર ખુલ્યા હોય ત્યારે સ્વાભાવિક રીતે આવી સંસ્થાઓ કે જે ખૂબ સારું કામ કરતી હોય તેમના મનમાં હોય કે હજુ પણ ગુણવત્તાયુક્ત શિક્ષણ આપી શકાય. હોંશિયાર વિદ્યાર્થીઓને સારામાં સારું ટેકનોલોજીસભર શિક્ષણ મળે, જેમને તક ન મળી હોય તેવા લોકોને પણ તક આપી શકાય. કદાચ ફીના માળખા અલગ હોઇ શકે. કારણ કે હું અને આદરણીય અર્જુનભાઇ અભ્યાસ કરતા હતા તે સમયે મેં ડિપ્લોમામાં સિવિલ એન્જિનિયરિંગ કર્યું અને એમણે એલ.ઇ.માંથી ડિગ્રી એન્જિનિયરિંગ કર્યું ત્યારે ૧૦૦ ટેકનિકલ ડિપ્લોમાં કૉલેજ હતી. એમના સમયમાં તો ફક્ત ૬ જેટલી જ મેડિકલ કૉલેજો હતી. ૬ મેડિકલ કૉલેજમાં કેટલા વિદ્યાર્થીઓ ડૉક્ટર, એન્જિનિયર કે ડિપ્લોમાધારક બની શકે? તે સમયે તો આઇ.ટી.આઇ. પણ ન હતી. કૉલેજોનો વ્યાપ વધતાં અત્યારે હજારોની સંખ્યામાં ડૉક્ટર, એન્જિનિયર કે ડિપ્લોમાધારક બની શકે. આઇ.આઇ.ટી.માંથી પણ સ્કિલ કોર્સીસની તાલીમ લઇ અને ક્યાંક નાના મોટા ધંધામાં પરોવાઇ શકે, પોતાનો ધંધો કરી શકે, ક્યાંક નાના મોટા સ્કિલ વર્કરની જરૂર હોય તો તે કારખાનામાં જઇ શકે તે પ્રકારનું નિર્માણ થયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારી દ્રષ્ટિએ મેં મારો જવાબ આપ્યો છે પરંતુ ઘણી વિશદ ચર્ચાઓના અંતે મારે કહેવાનું થાય કે આ નવી શિક્ષણ નીતિ, ૨૦૨૦માં બોર્ડ ઓફ મેનેજમેન્ટની રચના કરવી તેવી સ્પષ્ટ ભલામણ છે. ગુજરાત પબ્લિક યુનિવર્સિટી બિલ નવી શિક્ષણ નીતિ મુજબ તૈયાર કરવામાં આવ્યું છે. બોર્ડ ઓફ મેનેજમેન્ટનું માળખું હાલ ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, નરસિંહ મહેતા યુનિવર્સિટી, જી.ટી.યુ.માં સફળતાપૂર્વક અમલમાં છે. યુનિવર્સિટીઓનો વિકાસ થાય તેના માટે વધુ વહીવટી સ્વાયત્તતા આપવાનો વિષય છે, ઓટોનોમી આપવાનો વિષય છે. આ બિલથી સંપૂર્ણપણે સરકારીકરણ નાબૂદ થાય છે તેની ખાતરી આપું છું. સ્ટેન્ડ અલોન રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં કૉલેજ માટે કોઇ સૂચન નથી. સૂચિત બિલમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં સૂચવવામાં આવેલ ઓટોનોમસ કૉલેજો જે ભવિષ્યમાં ઓટોનોમી સાથે પોતાનો દરજ્જો પ્રાપ્ત કરશે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. સૂચિત બિલમાં બોર્ડ ઓફ મેનેજમેન્ટ, અન્ય માળખું આઇ.આઇ.ટી., આઇ.આઇ.એમ.ના માળખા જેવું છે અને આઇ.આઇ.ટી. અને આઇ.આઇ.એમ.નું માળખું ટાઇમ ટેસ્ટેડ અને પ્રુવન છે. ઘણા બધા વિષયોની વાત થઇ છે અને બિલમાં સ્વયંસ્પષ્ટ છે. હું એમના બધા જ ઓબ્ઝર્વેશનનો જવાબ આપીશ તો એકાદ કલાક જાય એમ છે. ક્વોલિટીની વાત થઇ, નેકમાં ગુજરાતની હાલ જે પરિસ્થિતિ છે એ પ્રમાણે રાજ્યની પાંચસો જેટલી કૉલેજોએ માન્યતા પ્રાપ્ત કરેલ છે. જેમાંથી ૯૭ કૉલેજોની હાલ માન્યતા ચાલુ છે અને ૪૦૩ની માન્યતા પૂરી થઇ છે. ફરીથી એમને એપ્લાય કરવાનું થાય અને ફરીથી માન્યતા લેવાની થાય. રાજ્યની ૨૮ યુનિવર્સિટીએ તાજેતરમાં નેકની માન્યતા મેળવી છે. જેમાંથી ૨૦ યુનિવર્સિટીની માન્યતા ચાલુ છે, જ્યારે ૮ યુનિવર્સિટીની માન્યતા પૂર્ણ થઇ ગયેલ હોઇ, તેઓ પણ ફરીથી પ્રક્રિયા હેઠળ છે. ગુજરાતે પણ પોતાની અલાયદી વ્યવસ્થા કરી છે. વર્ષ ૨૦૧૭થી જી.એસ.આઇ.આર.એફ. પણ ચલાવી રહ્યા છીએ. એન.આઇ.આર.એફ.ના ધોરણોનું રેન્કિંગ કરવું, રેન્કિંગમાં સુધારણા માટે માર્ગદર્શન પૂરું પાડવું, જી.એસ.આઇ.આર.એફ.ની પ્રતિવર્ષ ભાગીદારી નોંધાવનાર સંસ્થાઓમાં ઉત્તરોઉત્તર વધારો થઇ રહ્યો છે. ચાલુ વર્ષે ગુજરાતની કુલ ૩૮ જેટલી યુનિવર્સિટીઓ, ૩૨૬ જેટલી કૉલેજો એમ કરી ૩૬૪ જેટલી સંસ્થાઓએ ભાગીદારી નોંધાવી છે. ગત વર્ષ કરતાં ૧૧૯ જેટલી નવી સંસ્થાઓએ પોતાની ભાગદારી નોંધાવી છે. વર્ષ ૨૦૨૩માં ગુજરાતની કુલ ૨૮ જેટલી સંસ્થાઓએ એન.આઇ.આર.એફ.માં ટૉપ સંસ્થાઓમાં રેન્ક પ્રાપ્ત કર્યો છે. શૈક્ષણિક સંસ્થાઓને ઉચ્ચ કક્ષાની બનાવવા માટે રાજ્ય

સરકારની કટિબદ્ધતા છે. મારી પાસે એની વિગતવાર માહિતી છે પણ બહુ લાંબી પડશે એટલે હું આપતો નથી. માનનીય શ્રી અર્જુનભાઇએ પણ મેકોલો શિક્ષણની વાત કરી. ૧૯મી સદીના અંત ભાગમાં શરૂઆત કરી અને એમને જે પ્રમાણેના ગ્રેજ્યુએટ છોકરાઓ જોઇતા હતા એના માટેની આ શિક્ષણ નીતિ હતી. આ જ પ્રકારની શિક્ષણ નીતિ લાંબા સમય સુધી ચાલતી રહી અને પહેલી વખત વર્ષ ૧૯૮૬માં સુધારો થયો. પણ એમાં કોઇ એવો ડ્રાસ્ટીસ ચેઇન્જ નહોતો કે ૨૧મી સદીનો વિચાર થઇ શકે. આ જે વર્ષ ૨૦૨૦ની શિક્ષણનીતિ છે એમાં ૨૧મી સદીનો વિચાર છે. ૨૧મી સદીમાં અહીંના ટેલેન્ટેડ વિદ્યાર્થીઓ દેશ-વિદેશમાં તક મેળવી શકશે અને દેશની સેવા કરી શકશે એવા સ્કિલ એન્જિનિયરો બની શકે, હાયર એજ્યુકેશનમાં પણ અભ્યાસ કરી શકે એવા લોકો માટેની તૈયારી છે. શ્રી અર્જુનભાઇએ ઉમાશંકરની વાત કરી, તો ઉમાશંકરે પણ એક કવિતા લખી હતી કે,

દેશ તો આઝાદ થતા થઇ ગયો, તે શું કર્યું?
દેશ તો બરબાદ થતા રહી ગયો, તે શું કર્યું?
લાંચરુશ્વત, ઢીલ, સત્તાદોર, મામા માસીના, કાળા બજારો, મોંઘવારી ના સીમા!
રોષથી સૌ દોષ ગોખ્યા, ગાળથી બીજાને પોંખ્યા.
આળ પોતાનેય શિરે ન આવે, જો તે શું કર્યું?
દેશ તો આઝાદ થતા થઇ ગયો, તે શું કર્યું?

માનનીય અધ્યક્ષશ્રી, આ કોઇ વ્યક્તિગત જવાબદારી નથી પણ આપણા સૌની જવાબદારી છે. અહીંયા બેઠેલા ૧૮૨ની જવાબદારી છે કે શિક્ષણના સ્તરને આગળ લઇ જવું. આઝાદીના ૬૦ વર્ષ સુધી ગુજરાતમાં આંગળીના વેઢે ગણી શકાય એટલી યુનિવર્સિટી હતી. હાયર એજ્યુકેશનનો સૂચકાંક એટલે જી.ઇ.આર. ગ્રોસ એનરોલમેન્ટ રેશિયાની વાત કરીએ તો, ભારત એકથી દસ રાજ્યોમાં પણ નહોતું. આ પરિસ્થિતિ અત્યારે બદલાઇ ગઇ છે. વીસ વર્ષના ગાળામાં ગુજરાતની આ ભા.જ.પ.ની સરકારે ગુજરાતનો યુવાન ઉચ્ચ શિક્ષણથી વંચિત ન રહે એની ચિંતા કરી છે. ૧૦૮ યુનિવર્સિટીઓ થઇ છે. આખા ગુજરાતમાં આદિવાસી વિસ્તાર હોય કે દરિયાઇ પટ્ટી હોય તમામ વિસ્તારને શિક્ષણની તકો મળી રહે એના માટેનો સતત ૨૭ વર્ષનો પુરુષાર્થ અત્યારે રંગ લાવી રહ્યો છે.આપણે સ્વાયત્તાની વારંવાર વાત કરીએ છીએ. સ્વાયત્તા ભારતીય જનતા પાર્ટી માટે શીખવાડવાનો વિષય નથી. ઓટોનોમી પણ શિખવાડવાનો વિષય નથી. સ્વ. કિશોરકુમારને પણ ઓલ ઇન્ડિયા રેડિયો ઉપરથી બંધ કરી દીધા હતા. મારા તમારા જેવા કેટલાયે વિચાર વિરોધી, વિચાર વિરોધી એટલે મતભેદના જે લોકો હતા એ પણ જેલમાં પૂરાયા હતા. એટલે સ્વાયત્તતા તો ભારતીય જનતા પાર્ટીના રગો-રગમાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના માધ્યમથી આ સન્માનનીય સભાગૃહના સભ્યશ્રીઓને જણાવું છું કે, વિવિધ યુનિવર્સિટીના સિન્ડિકેટ, અગ્ર સચિવશ્રી, કમિશનરશ્રી જેવા સરકારી અધિકારીશ્રીઓ હોદ્દાની રૂએ સદસ્ય છે. ગુજરાતની યુનિવર્સિટીઓ વધુમાં વધુ સ્વાયત્ત બને, તેઓ તેમનો વહીવટ વધુ સારી રીતે સરકારની કોઇપણ દખલ વગર કરી શકે તે માટે આ વર્ષ ૨૦૨૩નું બિલ લાવવામાં આવ્યું છે. એમાં એકપણ સરકારી અધિકારીને નિયુક્ત કરવાની જોગવાઇ નથી. બોર્ડ ઓફ મેનેજમેન્ટ સંપૂર્ણ રીતે સ્વાયત્ત છે. તેમાં અધ્યાપકો છે, ડીન છે, દેશ-રાજ્યના અગ્રણી શિક્ષણવિદો, જેના માટે આખી શિક્ષણ વ્યવસ્થા કાર્યરત છે તેવા વિદ્યાર્થી પ્રતિનિધિઓ પણ છે. સ્વાયત્ત ભંડોળ પોતે ઊભું કરી શકે, વાપરી શકે એવી સંપૂર્ણ ઓટોનોમી આપેલી છે. એકેડેમિક ઓટોનોમીની વાત છે તો બિલના પ્રકરણ-૬માં વિગતે આપણે એની જોગવાઇઓ કરી છે. સરકારીકરણ માટે તો મેં કહ્યું અને યુનિવર્સિટી પોતે પોતાની રીતે પ્રોફેસરોની, અધ્યાપકોની નિયુકિત સ્વતંત્ર રીતે કરી શકે અને યુ.જી.સી. ગ્રાન્ટ કમિશનના નિયમોને અનુસરી યુનિવર્સિટી સારી રીતે ભરી શકે એટલા માટે કોઇપણ પ્રકારનું સરકારીકરણ એમાં નથી. માનનીય કિરીટભાઇએ વાત કરી કે, ભરતી એક જ જગ્યાએથી થવી જોઇએ. સૂચન સારું છે. ભવિષ્યમાં વિચારીશું. પરંતુ હાલ આ બિલમાં દરેક યુનિવર્સિટી જાતે ભરતી કરી શકે એ રીતની આપણે છૂટ આપી છે.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી અર્જુનભાઇએ કહ્યું કે, અધ્યાપકોની ભરતી થતી નથી. તો મારે આપના માધ્યમથી આ સભાગૃહને સાચા આંકડા આપવા છે. છેલ્લાં પાંચ વર્ષમાં ગુજરાતની સરકારી કૉલેજોમાં ૩૭૯ જેટલા અધ્યાપકોની ભરતી કરવામાં આવી છે અને ગ્રાન્ટ ઇન એઇડ કૉલેજોમાં છેલ્લાં ત્રણ વર્ષમાં ૬૫૪ અધ્યાપકોની ભરતી કરવામાં આવી છે અને હાલ ૫૩૧ અધ્યાપકોની ભરતી માટેની પ્રક્રિયા ચાલુ છે. ગુજરાત રાજ્ય નેક એક્રેડીટેશનની વાત કરવામાં આવે તો, અત્યારે We are in better position and going to further better position. માનનીય શ્રી અર્જુનભાઇએ કહ્યું કે, એકપણ A + નથી. એ બધી વાતો મેં કરી છે. A + ગ્રેડેડ યુનિવર્સિટીઓમાં આપણા ત્યાં બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી છે. એમ.એસ. યુનિવર્સિટી છે. આમ, ઘણી બધી યુનિવર્સિટી અત્યારે ખૂબ સારી પ્રગતિ કરી રહી છે. આપણી યુનિવર્સિટીઓ રેંકિગમાં પાછળ છે એ વાતમાં કોઇ તથ્ય નથી. આ બિલ લાવવાથી અધ્યાપકો સંશોધન કરતા અટકી જશે. અધ્યાપકો લેખ નહીં લખી શકે, આ બાબત પણ ખોટી છે. આ બિલમાં આ પ્રકારની કોઇ જોગવાઇ નથી. ભારતીય જનતા પાર્ટીની સરકારે પહેલી વખતે એસ.એસ.આઇ.પી.ની પૉલિસી દાખલ કરી, સંશોધન નવીનીકરણ માટેનો નવો રસ્તો ખૂલ્લો કર્યો છે. શોધ

યોજના દ્વારા રાજ્ય સરકાર સંશોધનને સતત પોષતી રહી છે. અધ્યાપકોને સંશોધન માટે પ્રોત્સાહિત કરવા રાજ્ય સરકારે ચાલુ વર્ષના બજેટમાં ખાસ જોગવાઇ કરી છે. શ્રી અમિતભાઇ ચાવડાએ કહ્યું કે, ભયનું વાતાવરણ થશે. આ વાત પણ તદ્દન પાયાવિહોણી છે. ઓટોનોમસ અને સ્વાયત્તા આપવાની વાત છે. આ કાયદાથી અધ્યાપકોની સેવા, શરતોમાં કોઇપણ પ્રકારનો ફેરફાર થતો નથી. સેવાની શરતો યથાવત રાખવામાં આવેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અધિકારીઓ અને કર્મચારીઓની બદલીવાળી વાતમાં પણ તથ્ય નથી. એ જ યુનિવર્સિટીના અધિકારીઓ હતા અને રહેશે. શ્રી અમીતભાઇ ચાવડાએ મિલકતો તબદીલ કરી દેશે એવું જણાવેલ છે. આ એક્ટમાં મિલકત તબદીલી માટે હાલ યુનિવર્સિટીઓમાં જૂના કાયદા પ્રમાણે જે જોગવાઇઓ કરવામાં આવી છે તે યથાવત રહે છે. જૂના કાયદા પ્રમાણે પણ યુનિવર્સિટીઓએ મિલકતોની તબદીલી કરતાં પહેલા રાજ્ય સરકારની મંજૂરી લેવી આવશ્યક છે. અગાઉની જે વ્યવસ્થા હતી એ જ વ્યવસ્થા અત્યારે ચાલુ છે. ગુજરાતની યુનિવર્સિટીઓમાં રિસર્ચ માટે લેબ, રિસર્ચ પાર્ક, સંશોધન કેન્દ્ર શરૂ કરવામાં આવેલા છે. રાજ્ય સરકાર આ માટે તમામ જરૂરી ફંડ આપે છે. પી.એચ.ડી. કરતા તમામ વિદ્યાર્થીઓ અને પોસ્ટ ગ્રેજ્યુએટ કરતા વિદ્યાર્થીઓ લાભ લે છે. આ રિસર્ચ કેન્દ્રોમાં બીજી યુનિવર્સિટીઓના અધ્યાપકો પણ કોમન પ્રોજેક્ટમાં જોડાઇ શકે છે. કેટલાક સંશોધનોમાં બહારના લોકોની જરૂર હોય તો તેમને પણ રિસર્ચ કેન્દ્રોમાં આમંત્રણ આપી ભાગ લેવા દેવામાં આવે છે. સાહેબ, નોલેજ શેરિંગની વાત છે. એકબાજુનું જ્ઞાન ગુજરાતના એક ખૂણામાં હોય તો બીજા ખૂણામાં જાય. બીજા ખૂણામાં હોય તો ત્રીજા ખૂણામાં જાય. નોલેજ શેરિંગની વાત છે. ગુજરાત સરકાર અને શિક્ષણ વિભાગ અને હું તો કહું છું કે યુનિવર્સિટી પણ એટલી ખુલ્લી છે કે બીજાં રાજ્યોમાંથી પણ નોલેજ શેરિંગ માટે બોલાવી શકાય.

માનનીય અધ્યક્ષશ્રી, બીજા બધા પોલિટિકલ સૂચનો તો નહીં કરું. પોલિટિકલ વાત પણ નહીં કરું, પણ માનનીય અધ્યક્ષશ્રી, એક વાત મારે ચોક્કસ કહેવી પડે. દિલ્હી વિશ્વવિદ્યાલય દ્વારા પ્રકાશિત ભારતનો સ્વાતંત્ર્ય સંઘર્ષ. એમાં જે બી.એ. ના પાઠ્યક્રમમાં હતું. તેમાં શહીદ ભગતસિંહને આતંકવાદી કહેવામાં આવ્યા હતા.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે ઠીક છે સાહેબ હવે. ઘણું બધું કહેવાયું હતું. એ બધું હવે તો દૂર થઇ ગયું. નવો યુગ. ૨૧મી સદી અને ઓરિજનલ ભારત. એ ભારતની અસ્મિતાને જાળવવા માટે ખૂબ મોટા ફેરફારો કર્યા છે. બહુ બધી વાત થઇ. શ્રી કિરીટભાઇએ પણ કહ્યું. શ્રી કિરીટભાઇ, જે ચારેચાર વાત તમે જાણવા માગો છો ને. એ એક વખત તમે તમારી યુનિવર્સિટીમાં તમારી કોલેજમાં જઇ આવજો. તો આખેઆખી વ્યવસ્થા તમારી જાણમાં આવશે. ડીટેઇલથી જો સમજાવવા જઇશ તો એક કલાક ને નવ મિનિટ થઇ છે. બીજો અડધો કલાક જાય એવો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ડો.સી.જે. ચાવડા સાહેબે કહ્યું કે ૫ વર્ષની મુદત માટે અથવા ૬૫ વર્ષ. બેમાંથી જેમ વહેલું હોય તેમ હોદ્દો સાંપડશે. ભૂલ નથી. યોગ્ય છે. ૬૫ વર્ષ થઇ જાય તો બીજી ટર્મ નહીં જ મળે. એ પણ બિલકુલ પાક્કું છે. એટલે આખા બિલનો જે સ્કોપ છે એ ક્વોલિટી એજ્યુકેશન અને સાથે સાથે બિન જરૂરી હસ્તક્ષેપ વહીવટકર્તાઓને ન થાય એ રીતનો આખો વહીવટ જે વિશ્વ કક્ષાની સંસ્થાઓમાં જયાં વ્યવસ્થાઓથી જે આખી બધી યુનિવર્સિટીઓ, કોલેજો ટોપ રેન્કિંગમાં પંહોચી છે. જેનું વિશ્વમાં નામ થયું છે. દેશમાં પણ નામ થયું છે. એ જ પ્રકારની વ્યવસ્થાઓ આમાં રાખવામાં આવી છે. હું માનું છું કે આ બિલમાં ખૂબ સારી વ્યવસ્થાઓ છે અને હજુ પણ સરકાર ખુલ્લા મનની છે. જયારે પણ યોગ્ય સૂચન આવશે. કોઇ ફેરફાર અને સૂચન, પ્રકરણ ૫૪ તો ખુલ્લું છે. જયારે પણ કોઇ એમેડમેન્ટ કરવાની જરૂર પડશે તો ૫૪ કલમ પ્રમાણે સરકાર એ સૂચનને આવકાર્ય પણ કરશે. ધન્યવાદ.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, કોઇ યુનિવર્સિટીના પ્રાધ્યાપક કે શિક્ષક. એ વિધાનસભાના સભ્ય હોય તો એને પગાર લેવા માટે વિધાનસભામાં અહીંથી આપવું કે ત્યાંથી આપવાનું? અત્યાર સુધીમાં એ અલગથી લેતા હતા. હવે સરકારી કર્મચારી થશે. તો એ બન્ને જગ્યાએથી લઇ શકશે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સેવક ગણ્યા છે. એટલે આપનો પ્રશ્ન યોગ્ય છે. એની વિગતવાર ચર્ચા કરીને આપને જણાવીશ.

અધ્યક્ષશ્રી : એક બાબતની આમાં હજુ કંઇ સ્પષ્ટતા થતી નથી. કલમ ૪૨ (૨) જોયું. પણ એમાં અસ્પષ્ટતા દેખાય છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એ ૪૪(૨)માં એ રાજય સેવક ગણ્યા છે. ચૂંટણી તો એ ચોક્કસ લડી શકે છે સાહેબ.

અધ્યક્ષશ્રી : નહીં. ચૂંટણીની વાત નથી.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : એના સેલેરીનો વિષય છે.

અધ્યક્ષશ્રી : પગાર અહીંથી કે ત્યાંથી લઇ શકે? એના માટે સ્કોપ છે કે પછી બન્ને જગ્યાએથી લઇ શકે? એ અસ્પષ્ટ છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પણ ક્લિયર નથી. ક્લિયર કરીને આપને જવાબ આપીશ. આમ તો એક જ જગ્યાએ લઇ શકે. છતાં પણ આપને હું આવતીકાલે કાં તો પરમદિવસે જવાબ આપું.

અધ્યક્ષશ્રી : કંઇ વાંધો નહીં. જવાબવાળો વિષય નથી, પણ આમાં અસ્પષ્ટતા હોય તો જરા સ્પષ્ટતા કરી લેજો. સ્પષ્ટતા આપને કરવી પડશે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન-૨૦૨૩ના વિધેયક ક્રમાંક-૨૫-સન ૨૦૨૩ના ગુજરાત પબ્લિક યુનિવર્સિટી વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ થી ૫૪, અનુસૂચિ, કલમ-૧, દીર્ઘસંજ્ઞા, ઇનેક્ટિંગ ફોર્મ્યુલા અને પ્રસ્તાવના વિધેયકનો ભાગ બની.**

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન-૨૦૨૩ના વિધેયક ક્રમાંક-૨૫-સન ૨૦૨૩ના ગુજરાત પબ્લિક યુનિવર્સિટી વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન-૨૦૨૩ના વિધેયક ક્રમાંક-૨૫-સન ૨૦૨૩ના ગુજરાત પબ્લિક યુનિવર્સિટી વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પગાર ચાલુ રહેશે. વિધાનસભામાં હાજરીના દિવસોનો પગાર લઇ શકે નહીં આટલું જ છે. એટલે નક્કી કરવું પડે, ક્યાંથી લેવો છે. બેમાંથી એક જ જગ્યાએ લેવાય, એટલા જ દિવસોનો. એક જ મળે.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : સાહેબ, આપણા અહીંના એક શ્રી ચંદ્રકાંતભાઇ એ અધ્યક્ષ હતા અને એ બાબતે નામદાર હાઇકોર્ટની અંદર એક પિટિશન થયેલી કે કોઇ પણ અધ્યાપક હોય અથવા ટીચર હોય એ બન્ને પગાર લઇ શકે કે નહીં, તેમાં હાઇકોર્ટે કહેલું છે, બન્ને પગાર લઇ શકાય. (અંતરાય) તમને જજમેન્ટ આપું.

અધ્યક્ષશ્રી : શ્રી કિરીટભાઇ, એ અત્યાર સુધી બરાબર છે પણ હવે તમે સરકારી કર્મચારી થશો એટલે લઇ શકો કે કેમ?

ડો. કિરીટકુમાર ચી. પટેલ : અમે પબ્લિક સર્વન્ટની વ્યાખ્યામાં પહેલાં પણ આવતા હતા અને આજે પણ આવીએ છીએ.

અધ્યક્ષશ્રી : તમે જરા જોઇ લેજો. આમાં અસ્પષ્ટતા છે. તમારે સ્પષ્ટતા કરવી પડશે.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : કોઇ લેતું નથી સાહેબ.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, છતાં પણ વિગતવાર આની સ્પષ્ટતા કરી લઇશું.

અધ્યક્ષશ્રી : કોઇ એક વિષય માટે નથી, પરંતુ કાયમી વ્યવસ્થા, આજનો જે કાયદો છે તેમાં અસ્પષ્ટતા છે.

**સન ૨૦૨૩નું ગુજરાત વિધેયક ક્રમાંક-૨૨**

**ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતીય સુધારા)વિધેયક, ૨૦૨૩**

**ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯ વધુ સુધારવા બાબત વિધેયક**

શ્રી પ્રફુલ્લભાઇ પાનસેરીયા(રાજ્ય કક્ષાના શિક્ષણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન-૨૦૨૩ના વિધેયક ક્રમાંક-૨૨, સન-૨૦૨૩ના ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતીય સુધારા) વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી પ્રફુલભાઇ પાનસેરીયા (રાજયકક્ષાના શિક્ષણ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક-૨૨ સન ૨૦૨૩નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી(દ્વિતીય સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી પ્રફુલભાઇ પાનસેરીયા : માનનીય મહોદય, ગુજરાત વિધાનસભા સત્રના છેલ્લા દિવસે આજે સુધારા વિધેયક જયારે રાજય સરકાર ઉચ્ચ શિક્ષણ ગુણાત્મક અને ઉદ્યોગ સંબંધિત જોગવાઇ માટે તથા કાયદાની જોગવાઇ અનુસાર તેમની કામગીરી અસરકાર નિયમાનુસાર થાય તે માટે રાજયમાં પ્રાઇવેટ યુનિવર્સિટીની સ્થાપનાની જોગવાઇ કરવામાં આવેલ છે. ગુજરાત પ્રાઇવેટ યુનિવર્સિટી એકટ ૨૦૦૯ આ માટે અમલમાં મૂકયો છે. રાજયના ઉચ્ચ શિક્ષણ અને ગુણવત્તા સુધારાની સતત પ્રક્રિયા સરળ બનાવવા માટે રાજય સરકાર હંમેશા પ્રતિબદ્ધ રહી છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, એન.ઇ.પી. નેશનલ એજ્યુકેશન

* વિધેયક તા.૧૧મી સપ્ટેમ્બર, ૨૦૨૩ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

પોલિસી ૨૦૨૦-એ શિક્ષણના તમામ તબક્કે અસરકારક ગુણવત્તાયુકત સ્વનિયમન અથવા તો માન્યતા પ્રણાલીની ભલામણ કરે છે જેથી આવશ્યક ગુણવત્તાના ધોરણોનું પાલન સુનિશ્ચિત કરી શકાય. યોગ્ય એક્રેડીટેશન અને સાથે રિસર્ચ ઇન્ટેન્સિવ તથા ટીચિંગ ઇન્ટેન્સિવ સંસ્થાઓમાં વિકસિત થઇ શકે જે ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓની પ્રતિષ્ઠામાં વધારો કરે છે. યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન, એસેસમેન્ટ એન્ડ એક્રેડીટેશન ઓફ હાયર એજ્યુકેશન ઇન્સ્ટિટ્યુશન રેગ્યુલેશન ૨૦૧૨ એ તમામ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ માટે એસેસમેન્ટ અને એક્રેડીટેશન જરૂરી બનાવ્યું છે જેથી તમામ યુનિવર્સિટીઓ ઉચ્ચ ધોરણ સાથે ચાલે એ સુનિશ્ચિત કરી શકાય. ગુજરાત રાજયની કુલ યુનિવર્સિટીઓએ, નેક માન્યતા મેળવી છે જયારે ૯૭ જેટલી કોલેજે નેક માન્યતા મેળવી છે ત્યારે જરૂરિયાત મુજબ વર્ષ ૨૦૨૧ દરમિયાન ગુજરાત પ્રાઇવેટ એકટ ૨૦૦૯માં નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડીટેશન કાઉન્સિલ નેકની માન્યતા પ્રાપ્ત કરવા માટે સમય મર્યાદાની જોગવાઇ એ સમયે રદ કરવામાં આવી જેના કારણે ગુજરાત રાજયની ઘણી ખાનગી યુનિવર્સિટી, કોલેજો નેકની માન્યતા મેળવવામાં ઘટાડો કર્યો હતો અથવા તો એ કોલેજ અને એ યુનિવર્સિટીએ એમાં ખૂબ ગંભીરતા દાખવેલી ન હતી. આ વિધેયકમાં સૂચવાયેલા મુખ્ય સુધારાઓ ગુજરાત પ્રાઇવેટ યુનિવર્સિટી એકટ ૨૦૦૯ના મૂળ અધિનિયમમાં સેકશન-૩૪માં યુનિવર્સિટીની સ્થાપનાના ૫ વર્ષની અંદર નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડીટેશન કાઉન્સિલ નેકની માન્યતા લેવાની રહેશે અને ફરમાવવામાં આવેલ એ પ્રમાણેની જગ્યા વખતોવખત સદર માન્યતાને તાજી કરવાની રહેશે. વધુમાં યુનિવર્સિટી દ્વારા નામમાં સુધારો કરવાની રજૂઆત કરવામાં આવતા નીચેની વિગતો મુખ્ય અધિનિયમોમાં અનુસૂચિત કરવામાં આવે છે. અનુક્રમાંક પાંચ પરની નોંધમાં ઓરો યુનિવર્સિટી ઓફ હોસ્પિટાલિટી એન્ડ મેનેજમેન્ટ સુરત એ શબ્દ બદલીને ઓરો યુનિવર્સિટી એ મુજબનો સુધારો કરવાનો છે. બીજું, અનુક્રમાંક ૨૨ પરની નોંધ પર સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન યુનિવર્સિટી એ શબ્દ બદલીને સ્વર્ણિમમાં ડબલ આર કરવામાં સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન યુનિવર્સિટી મુજબનો સુધારો કરવામાં આવે છે. આમ ઉપરોક્ત ગુજરાત પ્રાઇવેટ યુનિવર્સિટી એક્ટ ૨૦૨૩ ના નિશ્ચિત ઉદ્દેશ પ્રાપ્ત કરવા માટે કાયદામાં જરૂરી સુધારા સૂચવે છે. આ સુધારાનો અમલ કરીને ઉચ્ચ શિક્ષણને ગુણાત્મક અને ઉદ્યોગ સંબંધિત જોગવાઇ અંગે કાયદાની જોગવાઇઓ અનુસાર કામગીરીનું યોગ્ય નિયમન થઇ શકશે. ગુજરાત પ્રાઇવેટ યુનિવર્સિટી બિલ-૨૦૨૩ના અમલ દ્વારા તમામ પ્રાઇવેટ યુનિવર્સિટીના મૂળભૂત શૈક્ષણિક લક્ષ્યાંકો સિદ્ધ કરવા તથા આજના વિકસિત અર્થતંત્ર સાથે કદમ મીલાવી સફળતાના શિખરો સર કરશે આ જ દૃઢ નિશ્ચય સાથે તમામ સભ્યોને વિધેયકને સમર્થન આપવા માટે હું વિનંતી કરું છું.

શ્રીમતી સંગીતાબેન રા.પાટીલ(લીંબાયત) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પ્રફુલભાઇ પાનસેરિયાજી જે ગુજરાત ખાનગી યુનિવર્સિટી પ્રાઇવેટ બિલ લઇને આવ્યાં છે એમાં હું મારું સમર્થન આપીને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, દરેક વ્યક્તિના જીવનમાં શિક્ષણનું મહત્ત્વ ખૂબજ હોય છે. આપણા જીવનમાં કાંઇ અલગ કરવું હોય અને કંઇ સફળતા મેળવવા માટે પણ શિક્ષણની ખૂબ જરૂર હોય છે. શિક્ષણ વીના માનવ જીવન અર્થહીન છે. શિક્ષણથી સામાજિક અને માનસિક સ્તરે પણ વિકાસ થાય છે. શિક્ષણ જ આપણને મુશ્કેલી વીના સામનો કરવામાં મદદ કરે છે. આજે જ્યારે હું શિક્ષણ વિભાગ પર બોલી રહી છું ત્યારે આજના સમયમાં શિક્ષણ મેળવવું સરળ બની ગયું છે. શિક્ષણનું પ્રથમ સ્થાન પોતાનું ઘર હોય છે. જ્યારે આપણા માતા-પિતા ઘરના સંસ્કાર આપે છે. ઘરમાં પ્રાથમિક વ્યવહારું જ્ઞાન આપે છે ત્યાર પછી જ્યારે સ્કૂલ અને કોલેજમાં એ વ્યક્તિ જાય છે ત્યારે શિક્ષિત થાય છે ત્યારે તેના અધિકારો પ્રત્યે વધુ જાગૃત થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, આજે જ્યારે હું શિક્ષણ વિભાગ પર વાત કરું છું ત્યારે મને કંઇ કહેવાની ઇચ્છા થાય છે.

''शिक्षा वो माध्यम है, जो कर्तव्य का मार्ग बताती है,
अच्छा कौन, बुरा कौन, इन सब का बोध कराती है।
अशिक्षित को शिक्षा दो, अज्ञानी को ज्ञान,
शिक्षा से ही बन सकता है, भारत देश महान।।''

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ એ એક એવી ચાવી છે કે જે અનંત શક્યતાઓના દરવાજા ખોલી નાખે છે. રાજ્યમાં ઉચ્ચ શિક્ષણની ક્વોલિટી સુધારવાની સતત પ્રક્રિયાને સરળ બનાવવા માટે રાજ્ય સરકાર હંમેશા પ્રતિબદ્ધ હોય છે અને એના માટે આ સુધારો લઇને આજે મંત્રીશ્રી અહીંયા આવ્યા છે. રાજ્ય સરકારે ઉચ્ચ શિક્ષણને ક્વોલિટીયુક્ત, ગુણવત્તાસભર અને ઉદ્યોગલક્ષી સફળતા પૂરી પાડવાના હેતુથી રાજ્યમાં ખાનગી યુનિવર્સિટી સ્થાપના કરવા માટેની જોગવાઇ કરવા તેમજ કાયદાની જોગવાઇઓ અનુસાર તેમની કામગીરીને અસરકારક નિયમન થાય તે માટે તેમજ રાજ્યમાં પ્રાઇવેટ યુનિવર્સિટીઓ સ્થાપવાની જોગવાઇ કરવા માટે ગુજરાત પ્રાઇવેટ યુનિવર્સિટી એક્ટ ૨૦૦૯ અમલમાં મૂકાયો હતો. રાજ્ય સરકાર રાજ્યમાં ઉચ્ચ શિક્ષણને ગુણવત્તાયુક્ત સુધારણા માટેની સતત પ્રક્રિયા અંગેની સુવિધા પૂરી પાડવા પણ કટીબદ્ધ છે. શિક્ષણના તમામ તબક્કાઓ આવશ્યકતાના ધોરણોને સુનિશ્ચિત કરવા માટે યુ.જી.સી. રેગ્યુલેશન ૨૦૧૨ એ તમામ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ દ્વારા હાથ ધરવામાં એસેસમેન્ટ એન્ડ એગ્રીટી સેલ માટે જરૂરી બનાવી જેથી તમામ યુનિવર્સિટીઓ ઉચ્ચ ધોરણો સાથે ચાલે તે સુનિશ્ચિત કરી શકાય.

તા. ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૨૩

ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતીય સુધારા)વિધેયક, ૨૦૨૩

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે આપણ ગુજરાતમાં ઘણી બધી યુનિવર્સિટીઓ છે એનું સંચાલન કેવી રીતે થાય છે, એની કાર્યપદ્ધતિ શું છે? એની વ્યવસ્થા કેવી છે? એનું સંશોધન કરવા માટેનું આ જે આપણે સુધારા બિલ લાવ્યા છીએ એ ખૂબ જ જરૂરી છે અને એટલા માટે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦માં અસરકારક ગુણવત્તા સ્વનિયમન અથવા માન્યતા પદ્ધતિની ભલામણ કરવામાં આવી છે. યોગ્ય માન્યતાઓ સાથે સંસ્થાઓ સંશોધનલક્ષી અથવા શિક્ષણલક્ષી સંસ્થાઓમાં વિકસિત થઇ શકે અને આ બાબત ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ પ્રતિષ્ઠા ઊભી કરવામાં મદદ કરશે અને સૌથી અગત્યની વાત એ છે કે એ બાબતને શિક્ષણની ગુણવત્તા કેવી છે એ દર્શાવવામાં આવશે. ખાનગી યુનિવર્સિટી દ્વારા તેની સ્થાપનાના પાંચ વર્ષની અંદર નેક માન્યતા લેવા અંગેનો સુધારો કરવો પણ જરૂરી જણાવ્યું છે. તેથી સદરહુ અધિનિયમ કલમ-૩૪ માં સુધારો કરવા ધાર્યું છે. નેક એટલે નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડીટેશન કાઉન્સિલિંગ. જેનો મતલબ થાય છે રાષ્ટ્રીય મૂલ્યાંકન અને માન્યતા પરિષદ. ગુજરાત રાજયની કુલ ૨૦ જેટલી યુનિવર્સિટીઓએ નેકની માન્યતા મેળવેલ છે. તેમાંથી ૯૭ જેટલી કોલેજોએ નેકની માન્યતા મેળવેલ છે. ૮૮ જેટલી યુનિવર્સિટીઓ અને ૨૩૭૧ જેટલી કોલેજોને નેકની માન્યતા મેળવવાની બાકી છે. વર્ષ ૨૦૧૪-૧૫માં ગુજરાત પ્રાઇવેટ યુનિવર્સિટી એકટ ૨૦૦૪માં નેકની માન્યતા પ્રાપ્ત કરવા અંગેની જોગવાઇ રદ કરવામાં આવેલ હતી. જેના કારણે ગુજરાત રાજયની ઘણી ખાનગી યુનિવર્સિટીઓ અને કોલેજોમાં નેકની માન્યતામાં ઘટાડો થયો છે. ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ ગુણવત્તાઓની સુધારણાની સતત ચાલતી પ્રક્રિયાઓને પ્રોત્સાહિત કરવા માટે ગરિમા સેલની શરૂઆત કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકાર રાજયની તમામ યુનિવર્સિટીઓ, કોલેજો નેકની સાથે એક્રેડીટેશન માન્યતા પ્રાપ્ત કરી શકે તે માટે સપોર્ટ પૂરો પાડવા માટે એક એજન્સીની નિમણૂક કરવા જઇ રહી છે. જેનાથી ગુજરાતની શૈક્ષણિક સંસ્થાઓને માન્યતા માટે પૂરતો સહયોગ મળી શકે તેમ છે. આપણું ગુજરાતનું શિક્ષણ ખૂબ સરસ ચાલી રહ્યું છે. દરેક યુનિવર્સિટીઓમાં અધ્યાપકો, પ્રોફેસરો સારું એવું એજ્યુકેશન આપતા હોય છે ત્યારે એનામાં ઉત્તરોત્તર કેવી પ્રગતિ થાય એના માટે આ સુધારો લાવવો જરૂરી છે. ગુજરાતની શૈક્ષણિક સંસ્થાઓને માન્યતા મેળવવાની બાકી છે તેઓને શિક્ષણ વિભાગ દ્વારા તાકીદે નેકની સાથે જોડાણ કરવા માટે ભલામણ કરવામાં આવશે તેમજ આ માટે જરૂરી ગ્રાન્ટ પણ પૂરી પાડવાની વ્યવસ્થા કરવામાં આવશે. હું મારા સુરત શહેરના લિંબાયત વિસ્તારની વાત કરું તો મારો વિસ્તાર સ્લમ અને મધ્યમ વર્ગનો વિસ્તાર છે. જેમાં એજ્યુકેશનનો ખૂબ જ અભાવ હતો. આવા વિસ્તારમાંથી ચૂંટાયેલા હોવાથી એક એવો વિસ્તાર છે ત્યાં જયારે પ્રાથમિક શાળા હતી એમાં એક જ સુરત મહાનગરપાલિકા સંચાલિત ધોરણ-૯ અને ૧૦ની એક જ સ્કૂલ હતી. એ સુમન હાઇસ્કૂલ કહેવાય છે ત્યાં એટલે ૧થી ૮ સુધી સરકારી સ્કૂલ હતી એના પછી જયારે વિદ્યાર્થી ૯માં ધોરણમાં પ્રવેશ કરે ત્યારે સુમન હાઇસ્કૂલ એક જ હોવાથી એને એડમિશનમાં ઘણી તકલીફ હતી અને એક સુમન હતી અને અમારા બધાના પ્રયત્નોથી આજે ત્યાં ૯મા અને ૧૦મા ધોરણની સુમન હાઇસ્કૂલ ચાલુ થઇ ગઇ છે અને એનાથી પણ વધુ કહું તો અમે રજૂઆત કરીને પછી એમાં ૧૧ અને ૧૨ની સુરત મહાનગરપાલિકા સંચાલિત સુમન સ્કૂલ ચાલુ કરી અને ધોરણ-૯થી ૧૨ સુધી એ સ્કૂલ આવવાથી જયાં ન્યૂસન્સ હતું જયાં બાળકો ભણતા નહોતા અને ૧૦મા ધોરણ સુધી ખાનગી સ્કૂલમાં જવું પડતું હતું અને સ્લમ વિસ્તાર હોવાથી લોકો ભણવાનું થોડું ઓછું રાખતા હતા પણ ભારતીય જનતા પાર્ટીના સભ્ય ત્યાં આવવાથી ઘણો બધો ફરક ત્યાં પડયો છે અને એના પછી આપણે બધાએ જોયું છે કે શિક્ષણનું મહત્ત્વ વધે તો ત્યાંનું જે ન્યૂસન્સ હોય એ બધું ઓછું થઇ જતું હોય છે અને એટલા માટે ત્યાં આગળ ધોરણ-૯થી ૧૨ની સ્કૂલો ચાલુ થઇ અને બારમા ધોરણ પછી મને મારા વિસ્તારની દીકરીઓ અને વિદ્યાર્થિનીઓની ચિંતા થતી હતી. જે દીકરીઓ સુરત સુધી ભણવા જવા એટલે કે અઠવાલાઇન્સ સુધી જવામાં તેમને એક કલાક, પોણો કલાક લાગતો હોય છે. એટલે એ વિદ્યાર્થીના માતા-પિતાને ખૂબ જ આર્થિક પરિસ્થિતિનો સામનો કરવો પડતો હોય તેના લીધે વિદ્યાર્થિનીઓને તેઓ ભણાવતા ન હતા અને આવી દીકરીઓ અધવચ્ચે શિક્ષણ છોડી દેતી હતી. તેના પછી બારમા ધોરણ પછી અમારી દીકરીઓ ઇચ્છા હોવા છતાં કોલેજ સુધી જઇ શકતી ન હતી. તેના માટે અમે અહીંયાં જે તે વખતે જે શિક્ષણમંત્રી હતા, નાણાં મંત્રી તથા મુખ્યમંત્રીશ્રી હતા તેમને રજૂઆત કરી. આ રજૂઆત કર્યા પછી ગયા વર્ષથી મારા સ્લમ વિસ્તારમાં સરકારી આર્ટસ, સાયન્સ, કોમર્સ કોલેજ શરૂ કરવામાં આવી છે. તેમાં પહેલાં જ વર્ષે ૪૫૦ થી વધારે દીકરા-દીકરીઓ ભણી રહ્યા છે. આ જે કોલેજ છે તે અમે સ્કૂલના બિલ્ડિંગમાં શરૂ કર્યું હતું કે જેથી કરીને આવા દીકરા દીકરીઓનું વર્ષ ન બગડે. આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને હું કહેવા માગીશ કે આ જે કોલેજ સ્કૂલમાં ચાલે છે તેના માટે ઝડપથી અમોને સરકારી જમીન ફાળવવામાં આવશે તો આ બિલ્ડિંગ બનશે. અમે તો બધી કાર્યવાહી કરી છે. અહીંથી તમારા તબક્કે ફોલોઅપ કરવામાં આવશે તો નવું ભવન બની શકશે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાત પ્રાઇવેટ યુનિવર્સિટી એકટ- ૨૦૦૯માં સુધારો કરીને આ કાયદાને ગુજરાત પ્રાઇવેટ યુનિવર્સિટી-૨૦૨૩ તરીકે ઓળખવામાં આવશે અને આ એકટ દ્વારા સુનિશ્ચિત ઉદ્દેશો પ્રાપ્ત કરવા માટે કાયદામાં જરૂરી સુધારા સૂચવેલ છે. બિલના અમલ દ્વારા તમામ ખાનગી યુનિવર્સિટીઓના મૂળભૂત શૈક્ષણિક લક્ષ્યાંકો સિદ્ધ કરી સફળતાના શિખરો સર કરશે તેવા દ્રઢ નિશ્ચય સાથે એક કવિતા યાદ આવે છે.

અધ્યક્ષશ્રી : હા, હવે આપણે શું કામ બાકી રાખવું છે? બરાબર છે.

ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતીય સુધારા)વિધેયક, ૨૦૨૩

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, ''શબ્દોથી શિલ્પને કંડારનાર શિક્ષણ છે, વર્ગમાંથી વિશ્વને બનાવનાર શિક્ષણ છે, પાડી શકો છો ધારેલું મિશન પણ તમે, ભારતને ચંદ્ર પર પહોંચાડનાર પણ શિક્ષણ છે.'' એટલા માટે જ શિક્ષણનું મહત્ત્વ ખૂબ જરૂરી છે. મનુષ્યનો વિકાસ કરવો હોય તો તેના પાયામાં શિક્ષણ હોય છે. ગુજરાતનું શિક્ષણ અધિક સુધારા તરફ વધી રહ્યું છે તેના માટે માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે તેના માટે હું સમર્થન આપું છું.

અધ્યક્ષશ્રી : આજે સાચા અર્થમાં વિધાનસભા કવિઓની વિધાનસભા બની ગઇ હોય એવું લાગે છે. માનનીય અમીતભાઇ શાહ, શ્રી અમીતભાઇ શાહ. નથી? માનનીય અર્જુનભાઇ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા(પોરબંદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે તેનો સ્કોપ બહુ મર્યાદિત છે એટલે બહુ લાંબી વાત કરવી નથી અને કવિતા પણ બોલવી નથી. વાત માત્ર એટલી કરવાની છે કે, ગુજરાતમાં શિક્ષણની અંદર લોકભાગીદારી છે તે દાયકાઓથી નહીં સૈકાઓથી તેમાં આપણે આગળ રહ્યા છીએ. આઝાદી પછી અને ગુજરાત રાજ્યની સ્થાપના પછી શિક્ષણની અંદર કોઇનું પ્રદાન હોય તો આપણા શ્રેષ્ઠીઓ છે, નાગરિકો છે, શિક્ષકો, શિક્ષણશાસ્ત્રીઓ છે તેમનું રહ્યું છે. એક તબક્કો એવો હતો કે, ગ્રાન્ટેબલ ઇન્સ્ટિટ્યૂશન તરીકે આપણે તેને માન્યતા આપી. જે સ્થાનિક શ્રેષ્ઠીઓ હતા, શિક્ષણની અંદર રસ લેનારા હતા તે લોકોએ ગામડે ગામડે હાઇસ્કૂલો કરી, કોલેજો કરી અને તેના કારણે આ શિક્ષણની અંદર તે લોકોનો મોટો હિસ્સો રહ્યો હતો. એ પછી નવી તરાહ શરૂ થઇ એ સ્વનિર્ભરની થઇ. સ્વનિર્ભરમાં શરૂઆતમાં સારી સંસ્થાઓ આવી, નિરમા યુનિવર્સિટી પહેલી જે સ્વનિર્ભર યુનિવર્સિટી થઇ એને આજ ગૃહમાં આપણે બધાએ સાથે મળીને સર્વાનુમતે મંજૂરી આપી હતી અને તે પછી તો ઘણી બધી સંસ્થાઓને મંજૂરી આપણે આપી છે. બધી વખાણવાલાયક છે એવું નહીં, પરંતુ વખાણવાલાયક થાય એટલા માટે આ નેકની જોગવાઇ કરી એને પણ હું આવકારું છું. એ વખતે નેકની જોગવાઇ કરી હોત કે નેકની અંદર જે લોકોને એ-પ્લસ, પ્લસ કે એ ગ્રેડ આવ્યા હોય એ લોકો આવી શકે તો થોડું સ્ક્રૂટિની થઇને સારી સંસ્થાઓ આવી શકી હોત. આમાં ઘણી બધી એવી સંસ્થાઓ છે કે એ ન આવવી જોઇએ એ પણ આવી ગઇ છે પણ એનો સુધારો થાય એના માટેના આપણે પ્રયત્નો કરીએ એ ખૂબ જરૂરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાથી આપણે ત્યાંથી બ્રેઇન ડેડનું પ્રમાણ ખૂબ મોટા પાયે છે. સન ૨૦૨૨ના જે આંકડા લોકસભામાં આપ્યા હતા એ પ્રમાણે ૧૩ લાખ વિદ્યાર્થીઓ ૨૦૨૨માં બહાર ભણતા હતા, એમાં ખાલી યુ.એસ.એ., કેનેડા, યુ.એ.ઇ., ઓસ્ટ્રેલિયા અને સાઉદી અરેબિયા એમાં ૯.૭૮ લાખ એટલે લગભગ ૧૦ લાખ જેવા વિદ્યાર્થીઓ આ ૪ દેશોમાં છે. જ્યાં સેટલ થવાનો બહુ સ્કોપ નથી એવા યુ.એ.ઇ. અને સાઉદી અરેબિયા. યુ.એ.ઇ.માં ૧.૬૪ લાખ અને સાઉદી અરેબિયામાં ૬૬ હજાર વિદ્યાર્થીઓ ભણતા હતા. આ વિદ્યાર્થીઓમાં ગુજરાતના ૪૦ હજાર વિદ્યાર્થીઓ એ વખત હતા એટલે આજે તો ૪૫થી ૫૦ હજાર વિદ્યાર્થીઓ આપણા પણ બહાર જાય છે. બહારના વિદ્યાર્થીઓ આપણે ત્યાં શા માટે નથી આવતા? શું કરવું જોઇએ એના માટે? બધાએ ચિંતન કરવું જોઇએ કે આપણા વિદ્યાર્થીઓ બહાર જાય છે એને બદલે બહારના વિદ્યાર્થીઓ અહીંયા આવે. અમારે ત્યાં પોરબંદરમાં આર્ય કન્યા ગુરુકુળની આજથી ૭૦ વર્ષ પહેલા નાનજી કાળીદાસ મહેતાએ સ્થાપના કરી હતી એ સૌથી જૂની ઇન્સ્ટિટ્યૂટ છે એની અંદર આફ્રિકાથી યુગાન્ડા, ટાન્ઝાનિયા અને કેન્યાથી દર વર્ષે ૧૦-૧૫ વિદ્યાર્થિનીઓ ભણવા માટે ત્યાં આવતી હતી, આજે બંધ છે. બીજા દેશની વાત રહેવા દઇએ પણ બીજાં રાજ્યોના વિદ્યાર્થીઓ આપણે ત્યાં આવતા નથી એના માટે વાતાવરણ બનાવવું જોઇએ. એ વાતાવરણ ત્યારે જ બની શકે કે જ્યારે આપણે સામૂહિક બધા પ્રયાસો કરીએ. હું એક વર્ષ પહેલા પંજાબ ૧૫ દિવસ રોકાયો એમાં અમૃતસર ગયેલો. આ રાજનીતિ કરવા માટે નહીં હું દિલથી વાત કરું છું, ત્યાં ગયો અગાઉ પંજાબ ક્યારેય ગયો ન હતો એટલે પહેલી વખત અમૃતસરનું સુવર્ણ મંદિર મારે જોવા જવું હતું તો ત્યાંના સંસદસભ્ય હતા તેને ક્યાંક બહાર જવાનું થયું એટલે ત્યાંની જે સ્થાનિક યુનિવર્સિટી છે એના પ્રેસિડેન્ટને મારી સાથે મોકલ્યા ત્યારે મેં એમનું નામ પૂછ્યું, મુસ્લિમ નામ હતું, કાશ્મીરના હતા એટલે મેં કહ્યું કે તમે અમૃતસર યુનિવર્સિટીમાં કાશ્મીરના મુસ્લિમ વિદ્યાર્થી અહીંયા કેવી રીતે સેટલ થયા? એ તો મારી સાથે સુવર્ણ મંદિરમાં બધી જગ્યાએ આવ્યા. ન મારી જાત પૂછી, ન ધરમ પૂછ્યો, કોણ હતા કોણ નહીં? બધી જ જગ્યાએ લઇ ગયા અને એવી સરસ જગ્યા છે કે એમ થાય કે બધા ધાર્મિક સ્થાનો આ પ્રકારના હોવા જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, પણ હું એ અમૃતસર યુનિવર્સિટીની વાત કરતો હતો એમાં વાત એ કરતો હતો કે, ત્યાં તેમણે મને કહ્યું કે ૩૩ હજાર કાશ્મિરી વિદ્યાર્થીઓ ત્યાં ભણે છે અને બધી એક્ટિવિટીમાં ખુલીને ભાગ લે છે. આ સમાવેશી વાતાવરણ જો આપણે અહીંયા થાય તો આપણે ત્યાં પણ વિદ્યાર્થીઓ આવે અને એના માટે આપણે બહુ સારી જેને આપે અહીંયા કહ્યું છે હાયર એજ્યુકેશન, હાઇ એજ્યુકેશનલ ઇન્સ્ટિટ્યૂશન એચ.ઇ.આઇ. એ બને તો આપણે ત્યાં પણ બહારથી ભણવા આવે, એટલું જ નહીં આપણા વિદ્યાર્થીઓ જે બહાર જાય છે એ પણ ઓછા જાય અને બહુ જ નાના દેશો જર્મની, યુ.કે., યુ.એસ.એ., ઓસ્ટ્રેલિયા જાય અને સમજાયું કે ત્યાં સેટલ થવાનું છે, પણ યુ.એ.ઇ. અને સિંગાપુર, સાઉદી અરેબિયા જ્યાં કોઇ સિટીઝનશીપ આપતું નથી ત્યાં પણ આપણા વિદ્યાર્થીઓ જાય છે. એ બધા અહીંયા આવે તેના માટે આપણે ઇન્ક્લુઝીવ એન્વાયર્મેન્ટ યુનિવર્સિટીઓમાં ઊભું કરવું જોઇએ અને યુનિવર્સિટીઓની અંદર ભણનારા કે ભણાવનારા શિક્ષકો છે તે હંમેશા આપણા ઓપિનિયન પ્રમાણે ના ચાલે એ કદાચ તેમના પોતાના ઓપિનિયન પણ હોય.

## તા. ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૨૩

## ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતીય સુધારા)વિધેયક, ૨૦૨૩

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા અમદાવાદની અંદર બે સારી યુનિવર્સિટી છે. અમદાવાદ યુનિવર્સિટી, નિરમા યુનિવર્સિટી બીજી પણ સારી હશે, હું ના નથી કહેતો, પણ આ બે પ્રાઇવેટ યુનિવર્સિટીઓ કે જે સમાજને આપવા માટે આવી છે. હવે વેપાર કરવા માટે પણ કેટલાય લોકો આવે તેમાંય હવે તો વાંધો લેવા જેવું રહ્યું નથી કારણ કે ઘણા બધા આવ્યા છે. હું એક એજ્યુકેશનલ ઇન્સ્ટિટ્યૂટ ચલાવું છું, પણ એ સમાજના શ્રેષ્ઠીઓ સાથે રહીને સંસ્થાની એક ચા પણ પીવાની નહીં. એવા લોકો સાથે અમે પણ છ હજાર વિદ્યાર્થીઓને ભણાવીએ છીએ પણ આવી સંસ્થાઓ ખૂબ ઓછી છે. આ અમદાવાદ યુનિવર્સિટીની વાત કરું છું શ્રી રામચંદ્ર ગુહા જેવા આંતરરાષ્ટ્રીય કક્ષાના વિદ્વાન, ઇતિહાસના વિદ્વાન તેમને ત્યાં આમંત્રણ આપીને બોલાવવામાં આવ્યા પણ આપણે વાતાવરણ એવું કર્યું કે ટકી ના શકયા. રાહુલ ગાંધીના ખૂબ મોટા ટીકાકાર છે, વડાપ્રધાનના પણ ટીકાકાર છે, તમારા અને મારા ટીકાકાર બને પણ તેનાથી તેનું જે એકેડેમિક સ્ટાન્ડર્ડ છે તે કોઇ દિવસ નીચું જતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે ઇન્સ્ટિટ્યૂશનની અંદર આવા વિદ્વાન લોકો આવે અને વિદ્વાનોને આમંત્રણ આપીને લઇ આવીએ અને તેને પાછા કામ કરવાની મોકળાશ આપીએ તો આ બધુ થઇ શકે. મારી વિનંતી એટલી છે કે, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રીને બન્ને મંત્રીશ્રીઓ આ બાબતે થોડાં pragmatism ધરાવતા રહ્યા છે કે આ જે નેકનું જે એક્રેડીટેશન છે તેના માટે આપણે એક ગરિમા સેલ ઊભો કર્યો છે પણ તે બહુ એટલું બધું કામ કરતું હોય, ઇન્સ્ટિટ્યૂશનને મદદ કરવા માટે એવું મને બહુ દેખાયું નથી. તેને ખૂબ મદદ કરી અને જે નેકની અંદર એક્રેડીટેશનની અંદર આગળ લઇ આવે તેને ભલે ખાનગી યુનિવર્સિટી હોય, ખાનગી કોલેજો હોય પણ થોડીક તેને મદદ, મદદ એટલે ઘણું બધું દઇ દેવાની વાત નથી પણ તેને રેકેગ્નાઇઝન આપીએ અને વિદ્યાર્થીઓને ખબર પડે કે નેકનું આ એક્રેડીટેશન છે તો આ ઇન્સ્ટિટ્યૂશનમાં જવા જેવું છે. વિદેશોની અંદર જે આપણા વિદ્યાર્થીઓ એડમિશન લે એટલે બીજુ કંઇ નહીં રેન્કિંગ જ જુએ કે આ રેન્કિંગ કયાં છે? રેન્કિગ હોય તો તેમાં જવાનું અને રેન્કિંગ નથી તો નહીં જવાનું. આપણે ત્યાં પણ રેન્કિંગ છે તે ટ્રાન્સફરન્ટલી બધામાં ડિસ્પ્લે કરવાનું ફરજિયાત કરીએ. એનું વેબસાઇટથી માંડીને બધી જગ્યાએ કેમ્પસ અને ઇન્ફ્રાસ્ટ્રકચર કઇ પ્રકારનું છે તે પણ આપણે કમ્પલસરી કરીએ અને થોડીક જે નબળી ઇન્સ્ટિટ્યૂશન છે, આ સેલ્ફ ફાઇનાન્સ ઇન્સ્ટિટ્યૂશન છે પછી કોલેજ હોય કે યુનિવર્સિટી હોય તેના ઉપર આપણું થોડુંક મોનિટરિંગ વધારીએ અને જેમ તેનું એક્રેડીટેશન વધતું જાય તેમ આપણું મોનિટરિંગ ઓછું થતું જાય અને પછી છેલ્લે ઝીરો થઇ જાય એવી ઇન્સ્ટિટ્યૂશન પણ બનાવીએ અને આપણે તે જરૂરી છે, નહીંતર તો આપણે હમણાં જોયું હશે કે બે વર્ષ, ત્રણ વર્ષ પહેલાં એક યુનિવર્સિટીએ ત્રણ હજાર લોકોને ડિગ્રીના સર્ટિફિકેટ કાઢી દીધા હતા. એટલે એવું ના થાય તેના માટે આપણે થોડુંક મોનિટરિંગ રાખીએ અને આ જે બિલ લઇને આવ્યા છે તેને હું સમર્થન આપું છું અને મારી એટલી વિનંતી કે નવી યુનિવર્સિટી, ખાનગી યુનિવર્સિટી આવે, આમાં તો નામ બદલવાના એવું છે, જયારે આવે ત્યારે તેની થોડીક વિગતો ઇન્ફ્રાસ્ટ્રકચરથી માંડીને તેના એકેડેમિક ફેકલ્ટી બાબતમાં એ પણ થોડીક માહિતી મળે તો તેના ઉપર થોડાક વિચારો વ્યકત કરવાની તક મળે એટલી વાત કરી અને નેકનું જે એક્રેડીટેશન સિસ્ટમ છે તેમાં હું આપના મારફત ગૃહને પણ વિનંતી કરીશ કે તેમાં કોમ્પ્રિહેન્સિવ કામ થાય એટલી વિનંતી સાથે મારી વાત પૂરી કરું છું.

શ્રી મનુભાઇ એમ.પટેલ(ઉધના) : માનની અધ્યક્ષશ્રી, સને ૨૦૨૩નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતીય સુધારા) વિધેયક ક્રમાંક-૨૨ માનનીય મંત્રીશ્રી આ ગૃહ સમક્ષ લઇને આવ્યા છે તેને સમર્થન આપવા અને તેના પર મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પણ રાજ્ય અને રાષ્ટ્રના વિકાસના પાયામાં મૂળ શિક્ષણ છે. યુવા પેઢી બુદ્ધિધન અને શક્તિનો સમન્વય છે. ગુજરાત સરકારે વિદ્યાર્થીઓના હિતમાં શિક્ષણ અને ઉજ્જવળ કારકિર્દીના ઘડતર માટે અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકી છે. જેમાં શૈક્ષણિક સંસ્થાઓ સહાયક બનેલી છે. ઊર્જાવાન અને ચેતનવંતા યુવા વર્ગની અસીમ તાકાત વડે આપણો દેશ અનેક સંભાવનાઓથી અગણિત ક્ષિતિજો હાંસલ કરી શકાય તેમ છે. આ ઊર્જાવાન અને ચેતનવંતા યુવાધનને ભૂતકાળમાં જે સરકારો હતી એ સરકારોએ ગુજરાતના અને દેશના યુવાધન માટે ક્યારેય કશું વિચાર્યું નથી. એટલા માટે વર્ષ ૨૦૧૪ પછી આપણા સૌના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના વિચારથી આ યુવાધનને પ્રેરક બળ મળે એ હેતુથી આ સુધારા વિધેયક આ ગૃહમાં લઇને આવ્યા છીએ. ઘડતર માટે અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકી છે. જેમાં શૈક્ષણિક સંસ્થાઓ સહાયક બની રહી છે. યુવા વર્ગ માટે કારકિર્દીની નવી નવી તકો ઊભી થઇ રહી છે. વ્યવસાયલક્ષી ક્ષેત્રોમાં નવા નવા દરવાજા ખૂલી રહ્યા છે. આજે કારકિર્દીની દુનિયા ખૂબ જ બદલાઇ રહી છે અને સાથો-સાથ વિવિધ ક્ષેત્રોમાં કારકિર્દીની અવનવા ક્ષેત્રો ઊભા થયા છે. એક સમયે સરકારી નોકરી, ડૉક્ટર કે એન્જિનિયર ક્ષેત્રમાં કારકિર્દીના ક્ષેત્રો સીમિત રહેતા હતા. વર્ષો પહેલાંનો ઇતિહાસ જોઇએ તો આપણા વડવાઓ એમનાં બાળકોને ભણાવતાં હતાં, ત્યારે એક જ વાત કરતા હતા કે કાં તો એને નોકરી મળી જાય, કાં તો ડૉક્ટર બને, કાં તો એન્જિનિયર બને. એના સિવાય કશું વિચારતા નહોતા. જ્યારે આજે એક ગ્લોબલ વિલેજ બની ગયેલી આ દુનિયામાં કારકિર્દીના પુષ્કળ વિકલ્પો બન્યા છે. નવતર શોધ, સંશાધનો અને પહેલ કરનાર યુવાનોના વિચારોને વિશ્વ સમક્ષ મૂકવા રાજ્ય સરકારે અનેક અવસર પ્રદાન કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની પ્રેરણાથી નવી શિક્ષણ નીતિ દ્વારા ભારતનો વિકાસ સિદ્ધિના શિખર સુધી પહોંચે અને ભારત વિશ્વગુરુની ભૂમિકામાં ઊભેલો દેખાય તે માટે નવી શિક્ષણ નીતિ રાષ્ટ્રહિતમાં યોગદાન આપવા સીમાચિહ્નરૂપ બની રહેશે. દરેક દેશને પોતાની વિશિષ્ટ કહી શકાય અને દેશોને ઉપયોગી એવી શિક્ષણ પદ્ધતિને

પોતાના રાષ્ટ્રના રાષ્ટ્રીય મૂલ્યોની સાથે જોડીને તેમાં બદલાવ લાવી દેશને વિકાસની દિશામાં આગળ વધારી દેશની શિક્ષણ પદ્ધતિના પરિવર્તન દ્વારા વર્તમાન અને આવનારી પેઢીનું ભવિષ્ય તૈયાર થઇ રહ્યું છે. ભારતની નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિના પાયામાં પણ આ જ વિચારો છે. જે ૨૧મી સદીના ભારતનો નવો પાયો નાંખનારી બની રહેશે. આવનારા સમયમાં ભારતના યુવાનોને કેવા શિક્ષણની, કેવા કૌશલ્યની જરૂર છે તે બાબતને ધ્યાનમાં રાખીને નવી શિક્ષણ નીતિ તૈયાર કરવામાં આવી છે. ગુજરાત ખાનગી યુનિવર્સિટી એક્ટ-૨૦૦૯માં સુધારા સૂચવવા માટે ખાનગી યુનિવર્સિટી (દ્વિતીય સુધારા) એક્ટ ૨૦૨૩ અહીં રજૂ થયેલ છે. તે મુજબ ઉચ્ચ શિક્ષણમાં ગુણવત્તાના ઊંચા ધોરણોને જાળવીને વિદ્યાર્થીઓના રિસર્ચ અને નૉલેજ સાથે રોજગારીની તકો વધે તે માટે પ્રવેશની તમામ રાહ તરફ દોરી જઇ વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય એ હેતુ રહેલો છે. માનનીય અધ્યક્ષશ્રી, યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક કાર્યક્રમો જેવા કે ડિસ્ટન્સ એજ્યુકેશન, ઓનલાઇન એજ્યુકેશન, એનવાયર્નમેન્ટ ડેવલપમેન્ટ સાથે ટૅકનૉલૉજીની જરૂરિયાતના આધારે ઇન્ટેલેક્ચ્યુઅલ એબિલિટી એજ્યુકેશન અને ટ્રેઇનિંગ આધારિત આર્ટ ફેસિલિટી, ટીચિંગ અને રિસર્ચ પ્રોગ્રામ આપવામાં આવશે. તેમજ distance education, online education, environment development, intellectual ability education and training based art facility, teaching and research facility, Up-campus centre and study centre, exam center, Centre of Excellence for Research and Development રાજ્યમાં શરૂ કરવામાં આવનાર છે. ઉચ્ચ શિક્ષણમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓની ભાગીદારી દ્વારા વિદ્યાર્થીઓને દેશ વિદેશ સાથે જોડીને વિદ્યાર્થીઓ ઉત્તરોતર પ્રગતિ મેળવે તે આ બિલનો મુખ્ય ઉદ્દેશ છે. આ નીતિના અમલથી આવનારા સમયમાં ગુજરાત એજ્યુકેશન હબ તરીકે ભારત અને વિશ્વમાં નવી ઊંચાઇ પ્રાપ્ત કરી શકશે. ઉચ્ચ શિક્ષણની સંસ્થા હોય, નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડિશન કાઉન્સિલની ગુણવત્તા ગુણાંકનની માન્યતા મેળવવી જરૂરી બને છે અને તે માટે Curriculum aspect, teaching, learning and resourcing, research, innovation and extension, infrastructure and learning resourcing, student support and progression, governance leadership and management institution, values and best practices વગેરે માપદંડો હોવા મહત્ત્વના છે. આમ, આ વિધેયક પરના સુધારાનો અમલ થવાથી ખાનગી યુનિવર્સિટીના શૈક્ષણિક નિર્ધારિત ધ્યેયોને હાંસલ કરી શકાશે. યુનિવર્સિટીમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, ૨૦૨૦ની જરૂરિયાતોને સંતોષવા એકસમાન માળખા પર અને કાર્યપદ્ધતિ ઉપર આધારિત હોય તેવી યુનિવર્સિટીઓ માટે એકસમાન કાયદો બનાવીને લાગુ કરવાનું સરળ, યોગ્ય, વ્યવહારુ અને કાયદાકીય રીતે પણ વ્યાજબી અને ન્યાયપૂર્ણ છે. ગુજરાત ખાનગી યુનિવર્સિટી બિલ, ૨૦૨૩ના અમલ દ્વારા તમામ ખાનગી યુનિવર્સિટીની સ્થાપના અને સમાવેશ કરીને તેમના મૂળભૂત શૈક્ષણિક લક્ષ્યાંકો સિદ્ધ થશે. આમ, વિદ્યાર્થીઓ માટેના વિવિધ શૈક્ષણિક પ્રકલ્પો ઉપલબ્ધ થશે. આ વિધેયકમાં 'ઓરો યુનિવર્સિટી ઓફ હોસ્પિટાલિટી એન્ડ મેનેજમેન્ટ, સુરત' એ શબ્દને બદલે 'ઓરો યુનિવર્સિટી, સુરત' એ શબ્દ મૂકવા માટેનો સુધારો છે તેમજ 'સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન યુનિવર્સિટી' એ શબ્દને બદલે 'સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન યુનિવર્સિટી' એ શબ્દ મૂકવાના સુધારાઓને મારું સમર્થન કરું છું અને મારી વાત અહીંયા પૂર્ણ કરું છું.

ડૉ. કિરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે ગુજરાત પ્રાઇવેટ યુનિવર્સિટી (સુધારા) વિધેયક લઇને આવ્યા છે અને જે પણ ખાનગી યુનિવર્સિટીને બે વર્ષમાં નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડિશન કાઉન્સિલ (NAAC) ની પરવાનગી લેવાનું ફરજિયાત કર્યું છે તે સારી બાબત છે અને અમે તેને સમર્થન કરીએ છીએ.

પરંતુ માનનીય અધ્યક્ષશ્રી, માત્ર કાયદા બનાવવાથી કે બિલ લાવવાથી શિક્ષણમાં પરિવર્તન આવશે તેવું વિચારવું યોગ્ય નથી. કારણ કે Bill is not necessary, Will is necessary and Act is not necessary, Action is necessary. આપણે આટલા બધા કાયદા બનાવ્યા, આટલી બધી યુનિવર્સિટી બનાવી છે. હમણાં જ જે રીતે સરકારી યુનિવર્સિટીને કન્ટ્રોલિંગ કરી શકે તેવું વિધેયક પસાર કર્યું તેમાં અમારા સાથી ધારાસભ્યશ્રી શૈલેષભાઇની ચિંતા હતી કે ૧૦૦થી વધુ ખાનગી યુનિવર્સિટીની સ્થાપના થઇ પણ આપણી પાસે એવો કોઇ કાયદો કે એવી કોઇ કન્ટ્રોલિંગ ઓથોરિટી નથી કે જે ખાનગી યુનિવર્સિટીને કન્ટ્રોલ કરી શકે. આપણે વિધાનસભામાં કાયદો પસાર કરી દીધો અને યુનિવર્સિટીઓની સ્થાપના થઇ ગઇ. મારા ૧૦ મિત્રો એવા છે કે જેમનું ઓન પેપર અધ્યાપક તરીકે નામ ચાલે છે. જવાનું નહીં છતાંપણ દરમહિને એમના ખાતામાં રૂ.૨૫ હજાર, રૂ.૪૦ હજાર રૂપિયા આવી જાય. ઘણાના ખાતામાં રૂ.૯૦ હજાર આવે. આ ખૂબ જ ગંભીર બાબત છે. આ હકીકત છે. આપણે બિલ લાવ્યા અને નેક માટેનું પ્રોવિઝન કર્યું એ સારી વાત છે. એક સેન્ટ્રલાઇઝ ઓથોરિટી બનાવીએ કે જેનાથી યુનિવર્સિટીને મંજૂરી આપ્યા પછી એનું મૂલ્યાંકન થાય. ગઇ વખતે જે એમ.કે. યુનિવર્સિટીની પરમિશન આપી એમાં પરમિશન મળ્યાના ત્રીજા દિવસે એની હરાજી થઇ ગઇ, બેંકે એના બિલ્ડિંગને સીલ મારી દીધું. યુ. જી. સી.ની ગાઇડલાઇન એવી છે કે, કોઇપણ પ્રાઇવેટ યુનિવર્સિટીની માંગણી કરે તો એનો આટલો સ્ટાફ હોવો જોઇએ, એમાંથી આટલા નેટ-સ્લેટ પાસ હોવા જોઇએ, એની કોઇ લાયાબિલિટી ન હોવી જોઇએ, એની ફાઇનાન્સિયલ કન્ડિશન મજબૂત હોવી જોઇએ. સરકારના નિયુક્ત કરેલા પ્રતિનિધિઓ આનું ઇન્સપેક્શન કરતા હોય અને ત્રીજા દિવસે આ યુનિવર્સિટી બંધ થઇ જાય. આજે આ યુનિવર્સિટી કાગળ પર ચાલુ છે પણ ત્યાં લૉક લાગેલું છે. ફાર્મ હાઉસની અંદર માત્ર એક જમીનની અંદર... (વચ્ચે અટકાવતાં)

તા. ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૨૩

ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતીય સુધારા)વિધેયક, ૨૦૨૩

અધ્યક્ષશ્રી : માનનીય શ્રી કિરીટભાઇ, આ નવી યુનિવર્સિટીની મંજૂરી માટેનું બિલ નથી. આમાં ત્રણ બાબતના સુધારા છેઃ એક સુધારો એવો છે કે, પાંચ વર્ષમાં જેને પણ યુનિવર્સિટીને મંજૂરી આપવી હોય એણે નેકની મંજૂરી લેવી પડશે એટલે એના પર રિસ્ટ્રિક્શન આવે છે કે ગમે તે ચાલી શકે નહીં અને બીજા બે સુધારા નામ બદલવા માટેના છે. નવી યુનિવર્સિટીની મંજૂરી આવે ત્યારે બોલજો પરંતુ, આમાં તો આ ત્રણ પૂરતી જ વાત કરો.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હવે પછી આવું ન થાય અને ઘણી બધી ખાનગી યુનિવર્સિટીઓ સારી રીતે ચાલે છે. વિદ્યાર્થીઓનું હિત સચવાય અને એને સારું પ્લેસમેન્ટ મળે એના માટે બોડીની રચના થાય. જે રીતે નેક દ્વારા એક્રેડિશન થાય છે એ જ રીતે રાજ્ય સરકાર દ્વારા પણ સારી રીતે એનું એક્રેડિશન થાય અને ગુજરાતમાં ખાનગી યુનિવર્સિટીઓ મજબૂત બને એ મારું સજેશન છે. માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે એને મારું સમર્થન કરું છું.

શ્રી હર્ષદકુમાર ર. પટેલ(સાબરમતી):માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે સુધારા બિલ રજૂ કર્યા છે એને હું સમર્થન આપું છું. ઉચ્ચ શિક્ષણનો તબક્કો છાત્ર-છાત્રાઓના જીવનમાં પરિવર્તનનો તબક્કો ગણાય છે. આ તબક્કા દરમિયાન છાત્રાઓમાં સાંસ્કૃતિક, આધ્યાત્મિક, સામાજિક અને દેશભક્તિના પાસાઓનો વિકાસ થાય છે તેમજ જીવનની સ્પષ્ટ દિશા નક્કી થાય છે. માનનીય મંત્રીશ્રી ગુજરાત પ્રાઇવેટ યુનિવર્સિટી બિલ લઇને આવ્યા છે એને સમર્થન આપી મારી વાણીને વિરામ આપું છું.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે સુધારા વિધેયક લઇને આવ્યા છે એને અમારી પાર્ટી તરફથી ટેકો જાહેર કરીએ છીએ.

શ્રી પ્રફુલભાઇ પાનસેરીયા(રાજ્ય કક્ષાના શિક્ષણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૦૯માં જ્યારે પ્રાઇવેટ યુનિવર્સિટી એક્ટ બનાવવામાં આવ્યો આ એક્ટ દ્વારા આ યુનિવર્સિટીને નેક કરવું હોય તો વર્ષ ૨૦૨૧માં એ સુધારો કર્યો હતો અને પાછો આપણે આ સુધારામાં ઉમેરો કરી તેને યથાવત રાખીએ છીએ. જેથી કરીને, યુનિવર્સિટી અને કૉલેજની ગુણવત્તા વધારી શકાય અને સારામાં સારું આનું બેસ્ટ મેનેજમેન્ટ થઇ શકે અને બે યુનિવર્સિટી, ઓરો યુનિવર્સિટી હોસ્પિટલાઇઝ અને મેનેજમેન્ટ છે એની જગ્યાએ ઓરો યુનિવર્સિટી અને સ્વર્ણિમમાં એક આર છે એની જગ્યાએ બે આર, માત્ર આટલો સુધારો છે. જેને સભ્યશ્રીઓએ સમર્થન આપવા વિનંતી કરું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી પ્રફુલભાઇ પાનસેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક ૨૨- સન ૨૦૨૩નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતીય સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ ઉપરનો સુધારો**

શ્રી બાળકૃષ્ણ ખં. શુકલ (મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું કલમ-૨ ઉપરનો મારો સુધારો નીચે પ્રમાણે રજૂ કરું છું.

2 in clause 2,-

In sub-clause (i) , for the words "within five years of its establishment", substitute the words "within two years from the date it becomes eligible".

હવે હું ગુજરાતીમાં કહું છું.

૨ કલમ-૨માં,-

પેટા-કલમ (૧)માં, '' તેની સ્થાપનાના પાંચ વર્ષની અંદર'' એ શબ્દોને બદલે, ''તે પાત્ર બને તે તારીખથી બે વર્ષની અંદર '' એ શબ્દો મૂકવા.

**સુધારો રજૂ કરવામાં આવ્યો.**

**સુધારો મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**સુધારેલી કલમ-૨ મત માટે મૂકવામાં આવી અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવી.**

**સુધારેલી કલમ-૨ વિધેયકનો ભાગ બની.**

**કલમ-૩, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી પ્રફુલભાઇ પાનસેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક ૨૨- સન ૨૦૨૩નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતીય સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક ૨૨- સન ૨૦૨૩ નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતીય સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે સર્વાનુમતે પસાર કરવામાં આવે છે.

છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ - ૧૦૨)

**છેલ્લા દિવસનો પ્રસ્તાવ(નિયમ-૧૦૨)**

**''મેરી માટી મેરા દેશ'' અભિયાનને સફળતાપૂર્વક પાર પાડવા અંગે**

શ્રી શિવાભાઇ જે. ગોહિલ(મહુવા) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, ભારતના માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની પ્રેરણા થકી ''આઝાદી કા અમૃત મહોત્સવ''નો પ્રારંભ ૧૨મી માર્ચ, ૨૦૨૧ના રોજ સાબરમતીથી દાંડી સુધીની કૂચ સાથે થયો હતો. આ મહોત્સવની ઉજવણીના ભાગરૂપે માનનીય વડાપ્રધાનશ્રીએ ''મન કી બાત '' કાર્યક્રમ દરમ્યાન ''મેરી માટી મેરા દેશ''અભિયાનની જાહેરાત કરી હતી. આ અભિયાનનો હેતુ બહાદુર સ્વાતંત્ર્ય સેનાનીઓ અને વીર શહીદોને યાદ કરીને નમન કરવાનો હતો, જેમણે દેશ માટે પોતાના જીવનનું બલિદાન આપ્યું છે.

જેમણે પોતાનું સમગ્ર જીવન દેશની આઝાદી અને દેશની રક્ષા માટે સમર્પિત કર્યું હતું તેવા ભારતના વીર અને વીરાંગનાઓના અમૂલ્ય યોગદાનને બિરદાવતા અને દેશની સિદ્ધિઓને દર્શાવતા ''મેરી માટી મેરા દેશ'' અભિયાનનો રાજ્યવ્યાપી શુભારંભ ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ દ્વારા તા. ૯મી ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે સોનગઢ તાલુકાના ગુણસદા ગામમાં ખાસ ઉપસ્થિત રહીને કરવામાં આવ્યો હતો.

આ અભિયાનના ભાગરૂપે આપણા રાજયમાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકા અને મહાનગરપાલિકા સ્તરે સ્વાતંત્ર્ય સેનાનીઓ અને સુરક્ષા દળોને સમર્પિત ''શિલા ફલકમ્''ની સ્થાપના, પંચપ્રણ સંકલ્પ, વસુધા વંદન અને વીરો કા વંદન જેવા કાર્યક્રમોની સફળતાપૂર્વક ઉજવણી કરવામાં આવી છે. તેમજ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના પથદર્શક તરીકે માનનીય વડાપ્રધાનશ્રીના આહવાનને ઝીલી લઇ કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રજાજનોનો ઉત્સાહ વધારી સમગ્ર કાર્યક્રમને સફળતાપૂર્વક આગળ ધપાવવા નેતૃત્વ પૂરું પાડયું છે.

આ કાર્યક્રમમાં ગામેગામથી માટીના કળશ તાલુકા કક્ષાએ અને તાલુકા કક્ષાએથી જિલ્લામાં લઇ જવામાં આવશે. આ પ્રસંગે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. સમગ્ર રાષ્ટ્રમાંથી એકત્રિત થયેલ માટીમાંથી કર્તવ્યપથ ઉપર અમૃતવાટિકા બનાવવામાં આવશે. આ વાટિકા દેશના નાગરિકોને વીર શહીદોની યાદ અપાવશે અને લોકોના દિલમાં રાષ્ટ્ર ભાવના જાગૃત કરી તેને બળવત્તર બનાવશે તેવી અપેક્ષા રાખવામાં આવી છે. આથી આ અભિયાનના પ્રચાર, પ્રસાર દ્વારા રાજયના તમામ લોકો તેમાં જોડાઇ જઇને દેશભક્તિના ઉત્સાહના માહોલમાં ''મેરી માટી મેરા દેશ'' અભિયાનને સફળતાપૂર્વક પાર પાડવા અંગે આ સભાગૃહ ચર્ચા વિચારણા કરે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી શિવાભાઇ જે. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, આ અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમોની રૂપરેખા વિશે વાત કરું તો ગ્રામ્ય સ્તરે ૯મી ઓગસ્ટથી ૧૫મી ઓગસ્ટ સુધી પાંચ થીમ આધારિત કાર્યક્રમો યોજવામાં આવ્યા. જેમાં 'શિલા ફલકમ્' પથ્થરની તકતીનું નિર્માણ, વીરોના બલિદાન અને યોગદાનને શ્રદ્ધાંજલિ આપતા 'શીલા ફલકમ્' નું સ્થાપન કરવામાં આવેલ. જેમાં પાંચ ગુણ્યા ત્રણ ફૂટની સ્મારક તકતી, અમૃત સરોવર, અન્ય જળાશયો અથવા તો અન્ય સ્થળ પસંદ કરી આ તકતીઓ ઊભી કરવામાં આવેલ. આ તકતીમાં નીચે મુજબની વિગતોનો સમાવેશ કરાયેલો છે. આઝાદી કા અમૃત મહોત્સવનો લોગો, માનનીય વડાપ્રધાનશ્રીનું આઝાદી કા અમૃત મહોત્સવ-૨૦૪૭નું વિઝન, સ્થાનિક વીરોનાં નામ, જયાં સ્થાનિક વીરોનાં નામ ઉપલબ્ધ ન હોય ત્યાં પોતાની ફરજના ભાગરૂપે મૃત્યુ પામેલા હોય એવા શહીદોનાં નામ, સામાન્ય સમર્પણ, અવતરણ, ગ્રામ પંચાયતનું નામ અને કાર્યક્રમની તારીખ, પંચપ્રણ પ્રતિજ્ઞા અને સેલ્ફી. સાહેબ, આ પ્રતિજ્ઞા ગ્રામજનોએ ગ્રામ સ્તરોએ હાથમાં મુઠ્ઠીભર માટી અથવા તો માટીના દીવાઓ રાખીને રાષ્ટ્રની એકતા અને અખંડિતતા માટે પ્રણ લીધાં. વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા માટે અથાગ પરિશ્રમ કરીશું. ગુલામીની માનસિકતાના તમામ નિશાનોને અમે નાબૂદ કરીશું. આપણા દેશના ભવ્ય વારસા પર ગર્વ લઇશું અને તેનું જતન કરીશું. આપણા રાષ્ટ્રની એકતા અને અખંડિતતા માટે કામ કરીશું. રાષ્ટ્ર પ્રત્યેની અમારી ફરજોની પુનઃ પુષ્ટિ કરી પાલન પણ કરીશું. એવી સામૂહિક પ્રતિજ્ઞા લેવામાં આવી.

ઉપરોકત પ્રતિજ્ઞા સેલ્ફી સાથે લઇને અભિયાનની વેબસાઇટ ઉપર અપલોડ કરવામાં આવેલ. વસુધા વંદન. વસુધા વંદન કાર્યક્રમ અંતર્ગત દરેક ગ્રામ પંચાયત દીઠ ૭૫ કે તેથી વધારે પર્યાવરણનું રક્ષણ કરનાર વૃક્ષોના રોપાઓનું વાવેતર કરવામાં આવેલ.

વીરોને વંદન. સ્થાનિક પરંપરાઓ અને રીવાજો મુજબ વીરો કે જેમાં સ્વાતંત્ર્ય સેનાનીઓ, સંરક્ષણ કર્મચારીઓ, રાજય અને કેન્દ્રના પોલીસ દળના કર્મચારીઓ કે જેઓએ દેશ માટે બલિદાન, યોગદાન આપેલ હોય તેવા પરિવારોનું સન્માન કરવામાં આવેલ. ધ્વજવંદના અને રાષ્ટ્રગાન. ગ્રામ્ય કક્ષાએ કાર્યક્રમના સમાપન સમયે રાષ્ટ્રગાન ગાઇ ધ્વજવંદન કરવામાં આવેલ. ૯ ઓગસ્ટથી ૧૫ ઓગસ્ટ સુધી કાર્યક્રમ દરમ્યાન સમગ્ર અભિયાનમાં ગ્રામ્ય સ્તરે ૧૪,૬૨૫ શીલા ફલકમનું સ્થાપન કરવામાં આવ્યું. પંચપ્રણ પ્રતિજ્ઞામાં અંદાજે ૧૭,૩૬,૦૮૦ ગ્રામજનોએ શપથ લીધા. વસુધા વંદના કાર્યક્રમ થકી ૧૫,૬૮૨ અમૃતવાટિકાઓ અને ૧૧,૭૧,૦૩૯ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. દેશની રક્ષા કાજે સર્વોચ્ચ બલિદાન આપનાર ૨૬,૫૨૬ વીરો/વીરાંગનાઓના પરિવારોનું સન્માન કરવામાં આવ્યું. આ તકે આ ગૃહ આપણી માતૃભૂમિ માટે જેમણે આઝાદી અને આઝાદી પછી પોતાના બહુમૂલ્ય જીવન દરમ્યાન કાં તો કારાવાસ ભોગવ્યો અથવા તો ગોળીઓ ખાઇને પોતાના બલિદાનો આપ્યા છે એવા પરિવારની વંદનાનો કાર્યક્રમ આપણે આઝાદીનાં ૭૫ વર્ષે સમગ્ર રાષ્ટ્રમાં રાષ્ટ્ર ભાવના માટે કંઇક કરી છૂટ્યા

છે, બલિદાનો આપ્યા છે તેના પરિવારોને યાદ કરીને આ અમૃત મહોત્સવની ઉજવણી કરીએ એવી નેમ માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ સમગ્ર દેશ સમક્ષ મૂકી છે તો તેના ભાગ રૂપે ગુજરાતમાં ખૂબ સારામાં સારી કામગીરી થઇ છે. અસ્તુ.

ડો. સી.જે. ચાવડા(વિજાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના માનનીય સભ્ય જે પ્રસ્તાવ લઇને આવ્યા છે તેને હું મારો ટેકો જાહેર કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આઝાદીનો અમૃત મહોત્સવ, આઝાદી પહેલાં અને આઝાદી પછી પણ આ દેશની ભૂમિ માટે મેરી માટી, મેરા દેશ. આ જન્મભૂમિ માટે જેણે બલિદાન આપ્યા છે, જેણે આજીવન કારાવાસ ભોગવ્યો છે, આખું જીવન દેશ માટે આપ્યું છે એવા સપૂતોની યાદમાં તેમને બિરદાવવા માટે, તેમને સાચા અર્થમાં શ્રદ્ધાંજલિ આપવા માટે, વીરાંજલિ આપવા માટે જે પ્રસ્તાવ લઇને આવ્યા છે, મેરી માટી, મેરા દેશનો સંકલ્પ, પ્રસ્તાવ, ટ્રેઝરી બેન્ચે હાજર રહેવાની જરૂર હતી. આઝાદીની વાત આવે એટલે મહાત્મા ગાંધી યાદ આવે.

અધ્યક્ષશ્રી : માનનીય દંડકશ્રી, માનનીય ડો. સી.જે. ચાવડા જે ટકોર કરે છે, ખરેખર ટ્રેઝરી બેન્ચમાં એક જ જણ છે. બાકી મંત્રીશ્રીઓ પણ આ પ્રસ્તાવ છે તો જે હાજર હોવા જોઇએ તેમને બોલાવી લેવા જોઇએ.

ડો. સી.જે. ચાવડા : આઝાદીની વાત આવે એટલે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી યાદ આવે. 'દે દી હમે આઝાદી બિના ખડગ બિના ઢાલ. સાબરમતી કે સંત તૂને કર દિયા કમાલ.' આઝાદીનો અમૃત મહોત્સવ યોજવાનું આહવાન જેણે આપ્યું છે એ પણ ગુજરાતના આપણા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી છે. ગૌરવ લેવા જેવી વાત છે. આઝાદીના અમૃત મહોત્સવમાં સમગ્ર દેશમાં આઝાદી માટે આપણા જે લડવૈયાઓ, વીરો લડ્યા છે, આ દેશની ભૂમિ માટે પોતાની જિંદગી વ્યતિત કરી છે તેના માટે રાષ્ટ્રવાદ, દરેક વ્યક્તિના દિલમાં આવા લોકો પ્રત્યે વીરાંજલિ ઊભી થાય તેના માટેનો આ પ્રસ્તાવ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મહાત્મા ગાંધી ત્રણ જ લડાઇઓ લડ્યા છે. સન ૧૯૧૫માં આફ્રિકાથી એક પ્રતિજ્ઞા સાથે આવ્યા હતા. સન ૧૯૪૨માં 'કાગડા, કૂતરાના મોતે મરીશ, પણ આઝાદી લીધા વિના પાછો નહીં ફરું.' એવી એક પ્રતિજ્ઞા સાથે નીકળ્યા હતા. સરદાર વલ્લભભાઇ પટેલે બારડોલી સત્યાગ્રહમાં લોખંડી તાકાત અંગ્રેજોની સામે બતાવી હતી.શ્રી જવાહરલાલ નહેરુએ જેટલા વર્ષ શાસન કર્યું એનાથી વધારે આ દેશની આઝાદી માટે જેલમાં રહ્યા. પત્રમાં વીર ભગતસિંહે એમના પિતાને લખ્યું કે, જો અંગ્રેજોની સમક્ષ જઇને માફી માગવામાં આવશે તો જેલમાં જીભ કચડીને મૃત્યુ પામીશ. માફી ના માગતા, ભલે મને ફાંસી થાય, હું આ દેશ માટે, દેશના લોકો માટે અને આઝાદી માટે બલિદાન આપીશ. આવા વીર ભગતસિંહ, સુખરામ, ખુદીરામ બોઝ ફાંસીના ફંદા ઉપર આઝાદી માટે લટકી ગયા હતા. લાલ, બાલ અને પાલની ત્રિપૂટી અને જલિયાવાલા બાગ હત્યાકાંડમાં જનરલ ડાયરની ગોળીઓ સામે હજારો ખેડૂતોએ પોતાની છાતી ઉપર ગોળીઓનો વરસાદ ઝીલીને આ દેશને આઝાદી અપાવી હતી. જલીયાવાલા બાગ હત્યાકાંડમાં અનેક ખેડૂતો વીર શહીદ થયા હતા. આપણા ગુજરાતમાંથી અનેક લોકોએ કે જેમની ઇતિહાસમાં નોંધ પણ લેવાઇ નથી એવા અનેક લોકોએ કેટલાય આદિજાતીના, કેટલાય ખેડૂત, ખેત મજૂર, ભારતનો એક એક વ્યકિત ગાંધીજીની આ લડાઇમાં આગળ વધીને આ દેશને આઝાદી અપાવવામાં જે ભાગ ભજવ્યો છે એને યાદ કરવાના છે. દેશની આઝાદીને ૭૫ વર્ષ પૂરા થયા છે ત્યારે ભારતના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના આહવાનથી સમગ્ર દેશના લોકો આ અમૃત મહોત્સવ ઊજવી રહ્યા છે ત્યારે ગુજરાતની વિધાનસભા આજે આ પ્રસ્તાવ લઇને આવી છે એને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આઝાદી પહેલાં અને આઝાદી પછી પણ મારા લોહીના છેલ્લા બુંદ સુધી ઝઝૂમતી રહીશ પણ આ દેશની અખંડિતા, એકતા, બિનસાંપ્રદાયિકતા હું નહીં તૂટવા દઉં અને બીજા જ દિવસે જેમની છાતી ઉપર ૬૪ ગોળીઓનો વરસાદ વરસ્યો હતા એવા સ્વ. ઇન્દિરા ગાંધી મેરા ભારત મહાન માટે, ખાલિસ્તાનની ચળવળને ખાળવા માટે, આ દેશના લોકો માટે શહીદ થયા. ઉત્તર ભારત હોય કે દક્ષિણ ભારત હોય, પૂર્વ હોય કે પશ્ચિમ હોય મેરા ભારત મહાન માટે શ્રી રાજીવ ગાંધીના દેહના ટુકડા થતા આપણે જોયા છે. એમનો ત્રિરંગા ઝંડામાં લપેટીને દિલ્હીના સ્મશાન ઘાટ ઉપર જયારે અગ્નિ સંસ્કાર કર્યો ત્યારે ભારતની પ્રજા આ શહીદ વીર માટે ચોધાર આંસુએ રડતી હતી એ આઝાદી બાદ પણ આપણે જોયેલ છે. આઝાદી પછી ભારતની સરહદોનું સંરક્ષણ કરવામાં દરેક જિલ્લામાંથી ગુજરાતના ખૂણેખૂણેથી અનેક વીર સપૂતોએ, સ્વાતંત્ર્ય વીરોએ બલિદાનો આપ્યા છે. આપણું રક્ષણ કરતા લોકો માટે, આપણા સૈનિકો માટે હું ઝવેરચંદ મેઘાણીની એક પંકિત યાદ કરીને મારી વાત પૂરી કરીશ.

'' રક્ત ટપકતી સો સો ઝોળી સમરાંગણથી આવે,'' આ તમે જે પથ્થર મૂકી રહ્યા છો એમની યાદગીરી માટે એ પથ્થર નથી, પણ કોઇના બલિદાન અને આ દેશની આઝાદી માટે લડતા કોઇ વીર સપૂતની સ્મૃતિ છે એમ આ ઝવેરચંદ મેઘાણી કહે છે. એ બધી યાદોને તાજી કરવા માટે જે સંકલ્પ લઇને આવ્યા છે, જે પ્રસ્તાવ લઇને આવ્યા છે એને મારો હૃદયપૂર્વક વીરાંજલિ સહિત પ્રસ્તાવને ટેકો છે.

માલતી કિ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના માનનીય સભ્યશ્રી આદરણીય શ્રી શિવાભાઇ ગોહીલજી દ્વારા જે છેલ્લા દિવસનો પ્રસ્તાવ 'મારી માટી મારો દેશ' લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો પ્રસ્તુત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારી માટી એ મારી જન્મભૂમી છે. મારી માટી એ મારી સંસ્કૃતિ છે. મારી માટી એ મારા ધર્મનું ઘર છે. મારી માટી એ મારી શકિત છે. મારી માટી એ મારી ઓળખ છે. જે મને અન્ય લોકોથી અલગ કરે છે. તે એ સ્થળ છે જયાં હું સુરક્ષિતતા અનુભવું છું. તે એ સ્થળ છે જે મને મજબૂત બનાવે છે. તે એ સ્થળ છે જે મને પ્રેરણા આપે છે અને તેના માટે હું

કૃતજ્ઞ છું. હું તેને સુરક્ષિત રાખવા માટે પ્રતિબદ્ધ છું. મારી માટી મારો દેશ છે. આપણો દેશ સમગ્ર વિશ્વમાં એક અનોખી ઓળખ ધરાવે છે. બિનસંપ્રદાય હોવાને કારણે તમામ ધર્મના લોકો એક સાથે હળી મળીને રહે છે. આપણા દેશના ગૌરવવંતા પ્રધાનમંત્રી આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીજી દ્વારા ' મારી માટી મારા દેશ' અભિયાનની શરૂઆત કરાવવામાં આવી અને આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ સ્વાતંત્ર્ય સેનાનીઓના અનામ વીર અને વીરાંગનાઓને શ્રદ્ધાંજલિ આપવાનો છે. આ અભિયાનનો આધાર અમૃત મહોત્સવના સમાપનના સંદર્ભમાં છે.

**માનનીય સભાપતિ ડો. સી.જે. ચાવડા અધ્યક્ષસ્થાને**

આપણા દેશના લોકલાડિલા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીજી, ભારત દેશને વિશ્વગુરુ બનાવવા દરેક ક્ષેત્રે મજબૂત રીતે કાર્ય કરી રહ્યા છે. જ્યારે રાજ્યના તમામ નાગરિકો આ અભિયાનમાં સહભાગી થઇને રાષ્ટ્ર નિર્માણમાં રાષ્ટ્ર ભક્તિ માટે એક સાથે એકત્ર થઇને આ રાષ્ટ્ર ભક્તિને ઊજાગર કરવાનું કાર્ય કર્યું છે. આ અભિયાન અંતર્ગત ભારતના યુવાનોને રાષ્ટ્ર ભક્તિ અને સંસ્કૃતિના પ્રેમને પ્રોત્સાહન આપવામાં પાયાનું કાર્ય કર્યું છે. આ અભિયાન દ્વારા યુવાનો ભારતના સ્વાતંત્રતા સંગ્રામ વિશે જાણી શકે અને શહીદો-સ્વાતંત્ર્ય સેનાનીઓના જીવનને વધુ સારી રીતે સમજી શકે એ દિશામાં કાર્ય કર્યું છે. આ અભિયાન દ્વારા યુવાનો ભારતના સ્વાતંત્રતા સંગ્રામમાં ભાગ લેવા અને દેશ માટે બલિદાન આપવામાં શહીદો અને સ્વાતંત્ર્ય સેનાનીઓની પ્રેરણાદાયી વિરાસત છે એ વિરાસતને કઇ રીતે આગળ વધી શકાય એ દિશામાં કાર્ય કર્યું છે. આ અભિયાન દ્વારા ભારતને વધુ મજબૂત અને સમૃદ્ધ દેશ બનાવવા તેમજ દેશના ઘર ઘર સુધી રાષ્ટ્ર ભાવનાને ઊજાગર કરવાનું કાર્ય આ અભિયાન દ્વારા કરવામાં આવ્યું છે. ''મેરી માટી, મેરા દેશ''અંતર્ગત સમગ્ર દેશના સમગ્ર રાજ્યના સમગ્ર જિલ્લાઓ, સમગ્ર તાલુકાના ગ્રામ્યો સુધી, શહેરો સુધી ખૂબ ઉત્સાહ અને ઉમંગ સાથે આ અભિયાનની ઉજવણી કરવામાં આવી છે. જેના ભાગરૂપે કચ્છ જિલ્લામાં પણ દરેક ગામ અને દરેક શહેરમાં પણ ખૂબ સારી રીતે અને ઉત્સાહ સાથે ઉજવણી કરવામાં આવી. જેમાં વીરોના બલિદાનની યશગાથા, બલિદાન અને યોગદાનને શ્રદ્ધાંજલિ આપવા ૬૫૩ લાખ સંકલ્પનું અનાવરણ કરવામાં આવ્યું. પંચકર્મની પ્રતિજ્ઞા લેવામાં આવી. સેલ્ફી લઇ માટી સાથે હજારોની સંખ્યામાં અપલોડ કરવામાં આવી. જે રીતે માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા આહવાન કરવામાં આવ્યું એમના આહવાન થકી વસુદા વંદ કાર્યક્રમ અંતર્ગત ૭૫ રોપાઓ સાથે એમાં દરેક જગ્યાએ અમૃત માટી કામનું નિર્માણ કરવામાં આવ્યું અને સ્થાનિક પરંપરાઓ અને રિવાજ મુજબ આ કાર્યક્રમનો મુખ્ય હેતુ હતો. એ હેતુ દરમ્યાન ૧૨૨૧ વીરો અને વીરાંગનાઓને સન્માનિત કરવામાં આવ્યાં અથવા એમના પરિવારને સન્માનિત કરવામાં આવ્યાં. આ કાર્યક્રમના ભાગરૂપે આપણા રાજ્યના આદરણીય ગૃહમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવીજી દ્વારા પણ ૧૧મી ઓગસ્ટ ના રોજ કચ્છના માધાપર ખાતે સન ૧૯૭૧માં ભારત અને પાકિસ્તાનની લડાઇ થઇ હતી અને એ દરમ્યાન પાકિસ્તાન દ્વારા એર બેઇઝના રન-વેને નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું. માધાપર ગામની ૭૨ જેટલી મહિલાઓએ ૨૪ કલાકની અંદર એ સામેથી હુમલાઓ થઇ રહ્યા હતા. એ હુમલાઓથી પણ ના ડરીને પોતાની હિંમત જાળવીને ૨૪ કલાકમાં તેમણે રન-વેનું નિર્માણ કર્યું. એ લોકોને પણ માનનીયશ્રી હર્ષભાઇ સંઘવીજી દ્વારા જેટલી વીરાંગનાઓ ત્યાં ઉપસ્થિત રહી હતી એનું સન્માન કરવામાં આવ્યું. આ આખો કાર્યક્રમ જે રીતે આપણને આઝાદી મળી છે અને આઝાદી મળ્યાં પછી પણ અનેક યુવાનો અને જવાનોએ આપણા દેશ માટે પોતાની અને પોતાના ઘર પરિવારની ચિંતા કર્યા વગર આપણા માટે હરહંમેશ કાર્ય કરી રહ્યા છે અને આજે પણ દરેક જવાનો એ દિશામાં કાર્ય કરી રહ્યા છે, ત્યારે આપણા દેશના અને રાજ્યના દરેક ખૂણે, છેક ગ્રામ્ય સુધી કઇ રીતે આપણે રાષ્ટ્ર ભાવનાને કઇ રીતે ઊજાગર કરી શકીએ? જે રીતે આપણા પરિવારમાં આપણે આપણાં બાળકોને આપણા ધર્મની નીતિરીતિ શીખવતા હોઇએ છીએ. મારું એવું માનવું છે કે એ જ રીતે આપણાં બાળકોને આપણને કઇ રીતે આઝાદી મળી? એમાં કેટલાય સેનાનીઓએ પોતાના જીવનનું બલિદાન આપ્યું છે? એ વાત ચોક્કસ આપણે આપણા પરિવારથી શરૂઆત કરીને સમગ્ર વિસ્તારમાં આપણે આ રીતે કાર્ય કરતા રહેવું જોઇએ અને છેલ્લે મારી પંક્તિ સાથે મારી વાત પૂરી કરવા માગું છું.

''कदम कदम पर बदले भाषा, कदम कदम पर भेष,
पग पग परिवर्तित पामी, पग पग पर परिवेश।
एक सूत्र में बंधे हैं हम सब, आज एक सूर में बोल रहे हैं हम,
मेरी माटी मेरा देश, मेरी माटी मेरा देश।।''

મારી માતૃભૂમિને વંદન. મારી ભૂમિને વંદન.

શ્રીમતી રિવાબા ર. જાડેજા(જામનગર-ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, આજે આ ગૃહના સન્માનનીય સભ્યશ્રી શિવાભાઇ ગોહિલ જે પ્રસ્તાવ લઇને આવ્યા છે એને હું સમર્થન કરું છું અને એ અંતર્ગત મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો આપના માધ્યમથી અને સમગ્ર ગૃહને સાક્ષી રાખીને કાશ્મીરમાં અનંતનાગમાં શહીદ થયેલા મા ભારતીના વીર સપૂતોને વંદન અને ખરા અર્થમાં શ્રદ્ધાંજલિ સાથે મારી વાતની શરૂઆત કરું છું. આ દેશના સ્વ. વડાપ્રધાન અટલ બિહારી બાજપાઇજીની કવિતા સાથે હું મારી વાતને મૂકીશ.

તા. ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૨૩

છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ-૧૦૨)

**"यहां की नदी नदी में गंगा है। यहां के कण-कण में हम शंकर मानते हैं। हम जियेंगे तो इसी भारत के लिए, और हम मरेंगे भी इसी भारत के लिए। और अगर मरने के बाद भी गंगाजल में बहती हमारी अस्थियों को कोई कान लगा के सुनेगा तो भी एक ही आवाज़ गुंजेगी। भारत माता की जय। भारत माता की जय।"**

માનનીય અધ્યક્ષશ્રી, ભારત આપણું સાંસ્કૃતિક અને પૌરાણિક નામ. આપણા દેશનું નામ. વિશ્વનો કોઇ એવો દેશ નથી કે જેને માતાનું બિરુદ આપવામાં આવેલું હોય. ફક્ત ભારત એક એવું રાષ્ટ્ર છે કે જેને આપણે માતા તરીકે સંબોધીએ છીએ અને એથી જ આજે હું આ ગૃહ સમક્ષ એવા અભિયાન વિશે વાત કરવા જઇ રહી છું જે દરેક ભારતીયના હૃદયમાં અને આત્મામાં ગૂંજી ઉઠે એવું છે. મેરી મિટ્ટી મેરા દેશ, મારી માટી મારો દેશ આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજીના નેજા હેઠળ મન કી બાત કાર્યક્રમમાં એમણે આ યોજના અને આ અભિયાન અંતર્ગત ખૂલીને વાત કરી અને આ અભિયાન લોંચ કર્યું. આ એ જ દેશની માટી છે કે જેમાં પ્રભુ શ્રી રામ, કૃષ્ણ જેવા યુગપુરૂષોએ જન્મ લીધો. આ એ જ દેશની માટી છે કે જેમાં અનેક મહાન ઋષિમુનિઓ, શાસ્ત્રો, ગ્રંથો, વેદઉપનિષદ દ્વારા જેમણે સદીઓ પહેલા સમગ્ર વિશ્વને બ્રહ્માંડના દર્શન કરાવી દીધા હતા. આ એજ દેશની માટી છે જેના રક્ષણ કાજે મહારાણા પ્રતાપ, છત્રપતિ શિવાજી, રાણી લક્ષ્મીબાઇ, તાત્યા ટોપેથી લઇને અનેક સનાતની રાજાઓએ પોતાના પ્રાણોની આહૂતિ આપેલી છે. આ એ જ દેશની માટી છે જેમાં ભારતના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઇ પટેલ કે જેને આપણે લોખંડી પુરૂષ તરીકે ઓળખીએ છીએ. વીર ભગતસિંહ, શ્રી સુભાષચંદ્ર બોઝ જેવા અનેક સ્વાતંત્ર્ય સેનાનીઓએ જન્મ લઇ દેશની અખંડિતતા, સ્વાતંત્રતા અને સ્વાભિમાન માટે પોતાના જીવનનું બલિદાન આપેલું છે. આપણો દેશ ભારત વિવિધતાસભર, વૈવિધ્યસભર છે. ૧૨ ગામે બોલી બદલાય, પહેરવેશ બદલાય, ભોજન બદલાય અને તહેવારોનો ઉમંગ પણ બદલાય. એવો આપણો દેશ કે જે હિમાલયના બરફાચ્છાદિત શિખરોથી શરૂ કરીને કેરળના સુંદર દરિયાકિનારા સુધી અને કન્યાકુમારી સુધી લંબાયેલો દેશ છે. વૈવિધ્યસભર દેશ અને આ વૈવિધ્યતાના રક્ષણ કાજે આપણા સૈનિકો, મા ભારતીના વીર સપૂતો દિવસ રાત જોયા વગર, ઋતુ જોયા વગર, વરસાદ જોયા વગર સીયાચીનની બોર્ડર હોય કે રાજસ્થાનનું રણ હોય એમાં અવિરતપણે સેવામાં લાગેલા છે ત્યારે વંદન કરવાનું મન થાય અને અભિનંદન આપવાનું મન થાય. આપણા આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજીને કે જેમણે આ અભિયાન થકી યુવા પેઢીમાં એક અલગ જ મેસેજ આપવાનો પ્રયાસ કર્યો છે. ખાસ આવા વીર સૈનિકોમાં નામી, અનામી એવા કેટલા બધા સૈનિકો છે દા.ત. મેજર કુલદીપસિંહ, કેપ્ટન વિક્રમ બત્રા, મેજર સંદીપ ઉન્નીક્રિષ્ણન કે જે યુવા પેઢી માટે માર્ગદર્શનનું કાર્ય કરશે એટલે મેરી મીટ્ટી મેરા દેશ કહેવાનું તો ઘણુંબધું છે કે ફક્ત આ અભિયાન નથી, ફક્ત આ સૈનિકોની શ્રદ્ધાંજલિની વાત નથી પણ છેવાડાના માનવીને સાથે રાખીને, જનહિતની ભાગીદારીને સાથે રાખીને, જી-૨૦ની સમિટમાં જેના વિશે આપણે અઢળક ચર્ચાઓ કરી, સસ્ટેનેબલ ડેવલપમેન્ટ, પર્યાવરણનું જતન આ વિષયોને પણ ગંભીરતાથી આ વિષય સાથે સાંકળીને આ અભિયાનની ઉજવણી કરવાની છે એટલે આ ગૃહને મારા માધ્યમથી હું એક અભ્યર્થના સાથે વિરમું છું કે આ અભિયાનને જેટલું ઝીલી શકાય એટલું ઝીલી અને શહીદોને સાચી શ્રદ્ધાંજલિ પાઠવીએ. અસ્તુ. ભારત માતા કી જય.

શ્રી નરેશભાઇ મ. પટેલ(ગણદેવી) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સન્માનનીય સભ્યશ્રી શિવાભાઇ આજે છેલ્લો દિવસનો પ્રસ્તાવ લઇને આવ્યા છે તેને અનુમોદન આપું છું. આપણે સૌ ભાગ્યશાળી છીએ કે, આઝાદી પછી અને ૭૫ વર્ષ પછી જ્યારે આઝાદીકા અમૃત મહોત્સવ અંતર્ગત જયારે મારી માટી મારો દેશ પૂરા રાષ્ટ્રમાં અને આપણા ગુજરાતમાં જેનું અભિયાન ચાલી રહ્યું છે. આમ તો આ પ્રસ્તાવ પ્રત્યે આપણા બધા માટે ૬૦ મિનિટ ઓછી ગણાય. તેમ છતાં આજે મને પાંચ મિનિટ બોલવાની તક મળી છે એટલે હું આભાર માનું છું અને આ પ્રસ્તાવના સમર્થનમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારી માટી મારો દેશ એક નવી પેઢીને જે આ દેશની આઝાદી માટે અને આપે જે વાત કરી તે પ્રમાણે અનેક લોકોએ બલિદાન આપ્યા છે. જ્યારે આવા બલિદાન આપનારાઓને ધીરે ધીરે નવી પેઢી ભૂલી જશે તો આટલા મોટા ૧૪૦ કરોડની વસતિના દેશમાં અને આ ભૂમિની જે તાકાત છે અને આજે આપણે ૧૮૨ ધારાસભ્યો કેટલા ભાગ્યશાળી છીએ કે આજે આપણને ગુજરાતની જનતાની સેવા કરવાની તક મળી છે. આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીની શરૂઆત સાબરમતી આશ્રમથી દાંડીકૂચ સુધી થઇ અને મને પણ જયારે કેન્દ્રના માનનીય મંત્રીશ્રી મનસુખભાઇ માંડવિયા નવસારી ખાતે આવ્યા ત્યારે તેની સાથે જોડાવવાનો અવસર મળ્યો. દાંડીનો વર્ષો પછી જે રીતે વિકાસ થઇ રહ્યો છે અને વિકાસ થયો છે તેના માટે હું બધાને નિમંત્રણ આપું છું કે, એક વખત દાંડી આવો અને પૂજય મહાત્મા ગાંધીજી દેશની આઝાદી પ્રત્યે કેવા વિચારો લઇને ચાલ્યા હતા, કેવાં કેવાં સપનાં લઇને ચાલ્યાં હતાં. આજે મારે શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબને પણ અભિનંદન આપવા જોઇએ કે, મારી માટી મારો દેશનું અભિયાન અમારા આદિવાસી તાપી જિલ્લાના સોનગઢ તાલુકાના નાનકડા ગામથી શરૂઆત કરી હતી. ભગવાન બિરસા મુંડાજીનું પણ બહુ મોટું યોગદાન હતું. માનગઢ ખાતે આજે ગુરુ ગોવિંદના નામે હોલ બને, યુનિવર્સિટી બને. આજે સરદાર વલ્લભભાઇ પટેલના નામે સ્ટેચ્યૂ ઓફ યુનિટી બને, એકતાનગર બને અને ત્યાં જઇ નવી પેઢી કંઇક શીખી શકે. આવી પવિત્ર ભૂમિ ગુજરાત છે. આજે ગુજરાતમાં શ્યામજી કૃષ્ણ વર્માના અસ્થિ લાવવાનું કામ આપણા મોદી સાહેબ કરે ત્યારે આવા બલિદાન આપનારાઓની યાદગીરી માટે શ્રી નરેન્દ્રભાઇ મોદી જે રીતે અનેક થીમ દ્વારા કામ કરી રહ્યાં

છે. જે રીતે આ કાર્યક્રમ યોજાયો ત્યારે અહીંથી બધા જ ધારાસભ્યશ્રીઓને જવાનું થયું હશે. હાથમાં માટી લઇને પ્રતિજ્ઞા લેવાય, પાંચ પ્રકારની પ્રતિજ્ઞા કે ભારત દેશને વર્ષ ૨૦૪૭ સુધીમાં આત્મનિર્ભર અને વિકસિત રાષ્ટ્ર બનાવવવાનાં સપનાને અમે સાકાર કરીશું. ગુલામીની માનસિકતાને જડમૂળથી બહાર કાઢીશું. દેશના સમૃદ્ધ વારસા પર ગર્વ કરીશું. ભારતની એકતાને સુદ્રઢ કરીશું અને દેશની રક્ષા કરવાવાળા વીરોનું હરહંમેશ અમે સન્માન કરીશું. દેશના નાગરિક હોવાનું કર્તવ્ય અમે નીભાવીશું. એક જ મિનિટ. મારી માટી મારો દેશ. કોઇપણ વ્યક્તિ પાંચ તત્ત્વોનો બનેલો છેઃ ધરતી, આકાશ, અગ્નિ, વાયુ અને જળ. આ તત્ત્વોનો બનેલો માનવ આપણા વતનની માટીમાં જ્યારે આપણે જન્મ લેતા હોઇએ ત્યારે આપણા વતનની પવિત્ર માટી માટે વફાદારી રાખવી. એટલું જ નહીં મેરી માટી મેરા દેશના પરિશ્રમમાં આપણે સાચા અર્થમાં દેશમાં સ્વાતંત્રતાનો અનુભવ કરી રહ્યા છીએ ત્યારે આ દેશમાં વસતા તમામ ધર્મ, સંપ્રદાય, જ્ઞાતિના લોકો જેવા કે હિન્દુ, મુસ્લિમ, શીખ, પારસી, જૈન, બૌદ્ધ, યહૂદી કોઇપણ ધર્મના હોય તેમના માટે મેરી માટી મેરા દેશ સ્પષ્ટ સંદેશ આપે છે. આપણે સૌએ વતન પ્રત્યે વફાદાર રહેવું જોઇએ તે પ્રકારનો પ્રસ્તાવ છે ત્યારે ફરીવાર આપણા સભ્યશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. ભારત માતાકી જય, વંદે માતરમ, જય જય ગરવી ગુજરાત.

શ્રી અમિત ઠાકર(વેજલપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિવાભાઇ જે પ્રસ્તાવ લઇને આવ્યા છે એમાં હું મારો ટેકો આપવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય દંડકશ્રીએ આ જવાબદારી છેલ્લા દિવસે મને સોંપી એના માટે એમનો આભારી છું.

માનનીય અધ્યક્ષશ્રી, "અપિ સ્વર્ણમયી લંકા ન મે લક્ષ્મણ રોચતે જનની જન્મભૂમિશ્ચ સ્વર્ગાદપિ ગરીયસી" જ્યારે સોનાની લંકા રામે જીતી એ પછી પણ એમણે લક્ષ્મણને કહ્યું કે આ સોનાની લંકા આપણને ન ખપે. જનની જન્મભૂમિ એનાથી મહાન કશું નથી. ચાર વર્ષના રોકાણ પછી સ્વામી વિવેકાનંદ અમેરિકાથી નીકળતા હતા ત્યારે પૂછ્યું કે હવે તમને ભારતની ભૂમિ કેવી લાગે છે? ત્યારે એમણે કહ્યું કે, આ ભારતની ભૂમિ હવે વધારે મને વંદનિય-પૂજનિય લાગે છે. આ આપણી માટી, આ આપણી ભૂમિ. વડાપ્રધાન પદ માટે જ્યારે શ્રી નરેન્દ્રભાઇને દેશે પસંદ કર્યા, જ્યારે ગુજરાતથી તેઓ નીકળ્યા ત્યારે જે કવિતા એમણે સરદાર પટેલ સ્ટેડિયમમાં કહી હતી,

''મેરી ધરતી મુજસે પૂછ રહી કબ મેરા કર્જ ચૂકાઓગે,
મેરા અંબર મુજશે પૂછ રહા કબ અપના ફર્જ નિભાઓગે,
મેરા વચન હે ભારત માં કો તેરા શીશ નહીં ઝૂકને દૂંગા,
સૌગંધ મુજે ઇસ મિટ્ટી કી યે દેશ નહીં મિટને દુંગા,
મેં દેશ નહીં ઝૂકને દૂંગા.''

માનનીય અધ્યક્ષશ્રી, એમણે કહ્યું કે, પોતે ક્યારે કર્જ નિભાવશો અને બીજાને પૂછ્યું તમે ક્યારે ફર્જ નિભાવશો? ૯ વર્ષના શાસન પછી એમણે લાલકિલ્લા પરથી પાંચ વસ્તુની વાત કરી. પાંચ પ્રણ આ ૧૪૧ કરોડની જનતા પાસેથી લીધા ઇન્ડિયા ડેવલપ કન્ટ્રી બાય ૨૦૪૭. આ અમૃતકાળ આપણે એનું પ્રણ લેવાનું છે, ગુલામીની માનસિકતામાંથી સો ટકા મુક્તિ, ઇન્ડિયાના હેરીટેજમાં પ્રાઇડ યુનિટી અને ઇન્ટિગ્રિટી. દરેક નાગરિક એની ડ્યૂટીને નિભાવે આ કહેતા વર્ષ ૨૦૪૭માં આપણે કેવી રીતે વિકસિત રાષ્ટ્ર બનીશું? એમણે સૌથી પહેલો ભરોસો યુવાનોમાં મૂક્યો. બીજી વાત એમણે કરી ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ઇન્વેસ્ટમેન્ટ, ઇનોવેશન અને ઇન્ક્લુઝીવનેશ આ ચાર વાત એમણે કહી અને ખાલી આ ચાર જ વાત નહીં પરંતુ ઇ-ઇન્ફ્રાસ્ટ્રક્ચર એના ઉપર એમણે ભાર મૂક્યો. ગુલામીની માનસિકતા એટલે શું? જ્યોર્જ પંચમની જગ્યાએ એમણે સુભાષચંદ્ર બોઝનું સ્ટેચ્યૂ એ ઇન્ડિયા ગેટ પાસે મૂક્યું, ઔરંગઝેબ રોડને ડો. એ.પી.જી. અબ્દુલ કલામ રોડ નામ આપ્યું, પોતે જ્યાં રહે છે ત્યાં ૭-આર.સી.આર. નહીં પરંતુ ૭-લોક કલ્યાણ માર્ગ, રાજપથ નહીં ત્યાં કર્તવ્ય પથ. ત્યાં આગળ જે લોકો દેશ માટે સહાદત આપે છે એને એમણે સન્માન આપ્યું. લાલ કપડામાં બાંધીને બ્રિફકેશમાં નહીં પરંતુ જે આપણી સંસ્કૃતિ છે કપડામાં બાંધીને બજેટ આવે, અંગ્રેજો એપ્રિલની અંદર એમના બજેટ પછી આપણું બજેટ રજૂ કરતા હતા એ ગુલામીની બધી જ ઝંઝીરો તોડતા એમણે એ બજેટ પણ ફેબ્રુઆરીમાં કર્યું. જ્યારે તેઓ નૌ-સેનામાં ગયા તો નૌ-સેનામાં સૌથી પહેલી નૌ-સેના કોણે બનાવી હતી? શિવાજી મહારાજે, તો નૌ-સેનાનું પ્રતીક કોણ હોવું જોઇએ તો શિવાજી મહારાજ હોવા જોઇએ. તો આ વાત એમણે લોકોની વચ્ચે મૂકી. આજે ઘણી બધી વાત કહી શકાય એમ છે પરંતુ સમયની મર્યાદા છે. એમણે કહ્યું કે, જે આપણી વિરાસત છે એના ઉપર ભરોસો કરો. ધર્મ હોય, આધ્યાત્મવાદ હોય, લલિતકલા હોય, જ્ઞાન વિજ્ઞાન હોય, વિવિધ નીતિ હોય, દર્શન હોય, વિધિ હોય, જીવન પ્રણાલી હોય એમાં જ્યારે ચિકિત્સાની વાત આવી ત્યારે આપણે શ્રૃષુતને ભૂલ્યા, શિક્ષણની વાત આવી ત્યારે આપણે તક્ષશિલા-નાલંદાને ભૂલ્યા,સૌથી મોટા કાવ્ય રામાયણ, મહાભારત, ગીતામાં આપણો ભરોશો જે હતો તે ભરોશો વધારે મજબૂત કરવાની જરૂર હતી. વેદ, ઉપનિષદ, આયુર્વેદ, યોગ, ગરબા, ભાંગડા, બીહુ, ઘુમર, કથ્થક આ આપણો જે વારસો છે આ વારસાની અંદર આપણી જે આસ્થા હતી તે મજબૂત કરવાની હતી. આ બધી વાત જો આપણે આસ્થાથી આગળ વધીશું આ વિશ્વના કલ્યાણ માટે જે લોકો **"सर्वे भवन्तु सुखिनः सर्वे सन्तु निरामयाः, सर्वे भद्राणि पश्यन्तु मा कश्चित दुःख भाग्भवेत्।।"** જે આખા વિશ્વના કલ્યાણની વાત કરે છે એ આપણે લોકો છીએ અને આપણી જાત ઉપર ભરોસો કરીએ એવું શ્રી નરેન્દ્રભાઇએ કહ્યું.

## તા. ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૨૩

## છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ - ૧૦૨)

શ્રી સંજય સુ. કોરડિયા(જૂનાગઢ) : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર દેશની અંદર આ દેશના પ્રધાનમંત્રી અને વૈશ્વિક નેતા આદરણીયશ્રી નરેન્દ્રભાઇ મોદી જયારે સમગ્ર દેશની અંદર અમૃત મહોત્સવની ઉજવણીની જે વાત કરી હતી અને સમગ્ર દેશે એ ઉજવણીને એક દેશની ઉજવણી તરીકે લીધી છે અને જે રીતે આપશ્રીએ કહ્યું હતું ત્યારે આ દેશની અંદર ર લાખથી વધારે વિવિધસભર કાર્યક્રમો અલગ અલગ પ્રદેશોની અંદર, અલગ અલગ ભાષાઓની અંદર ર લાખથી વધારે કાર્યક્રમો આ અમૃત મહોત્સવની અંદર ઉજવવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, તેમના જ એક ભાગરૂપે આ કાર્યક્રમ **"મેરી મિટ્ટી મેરા દેશ "** એ સમગ્ર દેશની અંદર જયારે ઊજવાઇ રહ્યો છે એ કાર્યક્રમ ખરેખર રાષ્ટ્રભાવના અને દેશની અંદર જે શહીદો થયા છે તેમને વંદન કરવા, એ વીરોને વંદન કરવા માટેનો આ એક કાર્યક્રમ હતો. આપણે જાણીએ છીએ કે વર્ષોથી આ દેશને આપણે જોઇએ છીએ કે દુનિયાની અંદર ભારત દેશ જ એક એવો છે કે તેને માતા તરીકે આપણે તેને પૂજીએ છીએ અને આપણી સંસ્કૃતિ, આપણી પરંપરા, આપણા શાસ્ત્રો, આપણા ઋષિમુનિઓએ જયારે કણકણમાં ઇશ્વરના દર્શન કર્યા છે અને આપણે પણ વનસ્પતિ, દેશની માટી, સંસ્કૃતિને અને તત્ત્વોને આપણે પૂજીએ છીએ. આપણે જ હમણાં વાત કરી હતી કે આ દેશની અંદર જયારે પણ કોઇ પણ કાર્યક્રમો થતા હોય, દેશ જયારે આગળ વધતો હોય અને આજે કહેતાં મને આનંદ થાય છે કે, પહેલી વખત જયારે શ્રી નરેન્દ્રભાઇ વડાપ્રધાન બન્યા ત્યારે લાલ કિલ્લા ઉપરથી ભાષણ કર્યું હતું. જયારે આપ હતા ત્યારે ડો.સી.જે.ચાવડા સાહેબે કહ્યું હતું કે આ દેશની અંદર સૌનું યોગદાન છે ત્યારે એ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ પહેલી સ્પીચની અંદર જ તેમણે કહ્યું હતું કે આ દેશની અંદર અત્યાર સુધી જે પણ છે તે આ દેશના તમામ વડાપ્રધાનોએ પોતાની શકિત પ્રમાણે પોતાનું યોગદાન આપ્યું છે. એટલે આ વાત આજે મારે એટલા માટે કરવી છે કે શ્રી નરેન્દ્રભાઇ જયારે કોઇ પણ કામ કરે છે ત્યારે એમ નથી કહેતાં કે મેં કર્યું છે, આપણે કર્યું છે અને આ દેશની અંદર તમામ લોકોનો આની અંદર સાથ અને સહકાર છે એ ભાવના આ દેશના વડાપ્રધાનની અંદર છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં શ્રી કિરીટભાઇએ વચ્ચે વાત કરી હતી કે શ્રી નરેન્દ્રભાઇને ભારતીય જનતા પાર્ટીના લોકો દસ દસ વખત કેમ યાદ કરે છે. તો એમણે જ ભાષણની અંદર કહ્યું કે શ્રી નરેન્દ્રભાઇનો હું આદર કરું છું. શ્રી નરેન્દ્રભાઇને એટલા માટે યાદ કરીએ છીએ, આપ સૌ સાથી પક્ષો પણ એટલા માટે યાદ કરો છો કે આ દેશ માટે, આ દુનિયા માટે, દુનિયાને એક બનાવવા માટે, દુનિયાના વિચારો એક કરવા માટે, દુનિયાના એક ભવિષ્ય માટે જે શ્રી નરેન્દ્રભાઇ કામ કરી રહ્યાં છે તે કોઇ પાર્ટી નહીં પણ એક વિચાર સાથે આગળ વધી રહ્યાં છે તેમના માટે શ્રી નરેન્દ્રભાઇને દસ વખત યાદ કરવા આપણને ગૌરવ થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, જળચેતનામાં ઇશ્વરના દર્શન કરનારી આપણી સંસ્કૃતિ છે. નદીઓને આપણે માતા કહીએ છીએ અને જમીન ખોદતા હોઇએ, આપણે કોઇ પણ ધાર્મિક કાર્ય કરતા હોઇએ ત્યારે આપણે ભૂમિનું પૂજન કરીએ છીએ એ ભૂમિ છે આપણી, તે ભૂમિને આપણે વંદન કરીએ છીએ. ગત વર્ષે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ લાલ કિલ્લા ઉપરથી પોતાના વક્તવ્યમાં કહ્યું હતું કે આવનારાં ૨૫ વર્ષના અમૃતકાળમાં પંચપ્રણની વાત કરી હતી. માનનીય અધ્યક્ષશ્રી, તે પંચપ્રણમાંથી એક પણ એ ધરતી માતા એક મહાભૂત છે, તે આપણું પોષણ કરે છે તેમાંથી આપણને અનાજ, પાણી, ફળ, ફૂલ તે ધરતીના પેટાળમાંથી આપણને મળે છે અને આપણને આશ્રયસ્થાન પૂરું પાડે છે ત્યારે વંદન કરવાની આપણી આ પવિત્ર ફરજ છે તેના ભાગરૂપે આપણે આ અભિયાન ઉપાડી રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મેરી મિટ્ટી, મેરા દેશની વાત જે ભાવનાનો પડઘો પાડે છે. આદરણીય પ્રધાનમંત્રીશ્રીએ આપણા દેશ માટે ગૌરવની વાત, વીરોના વંદન માટેની વાત, રાષ્ટ્ર પ્રેમનું ચિંતન અને આવનારી પેઢી આ દેશના યુવાનો આ દેશની આઝાદી માટે જે શહીદોએ પોતાના પ્રાણ આપ્યા છે એમને વંદન કરું છું અને એમને યાદ કરીને આવનારી પેઢીમાં રાષ્ટ્ર ભાવના પ્રસ્થાપિત થાય એ માટેના એમના પ્રયત્નો છે. આ રાજ્યના મુખ્યમંત્રીશ્રી આદરણીય ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં આ રાજ્યમાં મોટા પ્રમાણમાં કાર્યક્રમો થયા છે અને આ કાર્યક્રમોમાં બધા લોકોએ પોતપોતાનું યોગદાન આપ્યું છે.

**માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતાં આનંદ થાય છે કે હમણાં રાજ્યના સન્માનિત શિક્ષકો સાથે આદરણીય પ્રધાનમંત્રીશ્રીએ વાત કરી હતી ત્યારે એમ કહ્યું હતું કે ''અતિથિ દેવો ભવ:.'' આપણા ઘરે અતિથિ આવે ત્યારે એમની ચરણરજ ઇશ્વરનું સ્વરૂપ ધારણ કરે છે. આ આપણા વડાપ્રધાનના વિચારો છે. આદરણીય વાજપાઇજીની એક કવિતા કહીને મારી વાત પૂરી કરું છું.

"मैं रहुं या न रहुं, ये देश रहना चाहिए, ये देश रहना चाहिए,
जिस की गोद में लौट के ये देश रहना चाहिए, ये देश रहना चाहिए।
मिट्टी है मेरे वतन की, मिट्टी है मेरे वतन की, सुवर्ण से भी कींमती, सुवर्ण से भी कींमती।
जान रहे या न रहे, पर देश रहना चाहिए, ये देश रहना चाहिए।."

આભાર, વંદે માતરમ, ભારત માતા કી જય, જય જય ગરવી ગુજરાત

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ(રાજ્યકક્ષાના કૃષિ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી શિવાભાઇ ગોહિલજી છેલ્લા દિવસનો પ્રસ્તાવ 'મેરી મિટ્ટી, મેરા દેશ' લઇને આવ્યા છે અને તેઓશ્રીએ પણ આના વિશે વિગતે વાત કરી

છે. સાથે ડો.સી.જે.ચાવડાજીએ પણ શહીદોના બલિદાનની વાત, કારાવાસની વાત, સપૂતોને બિરદાવીને, મહાત્મા ગાંધીજીને પણ યાદ કર્યા છે. આપણા માનનીય સભ્ય શ્રીમતી માલતીબેન મહેશ્વરીએ પણ કચ્છમાં થયેલા કાર્યક્રમોની વાત કરી છે. શ્રીમતી રીવાબા જાડેજાજીએ પણ હિમાલયને જોડવા માટેની શાયરી સાથે વાત કરી છે. માનનીય સભ્યશ્રી નરેશભાઇ પટેલે પણ દેશ, દાંડી અને વીરો સુધીની વાત આ કાર્યક્રમના અનુસંધાને કરી છે. માનનીય સભ્યશ્રી અમિતભાઇ ઠાકરે પણ જન જનની જન્મભૂમિ અને દેશની છેક શિવાલય સુધીની વાત કરી છે. માનનીય સભ્યશ્રી સંજયભાઇ કોરડિયાજીએ પણ રાષ્ટ્ર ભાવનાને વંદનની વાત કરી છે. મારા અનેક સાથી મિત્રોએ ' મેરી મિટ્ટી મેરા દેશ' ની વાત કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણી માટી પ્રત્યે ગૌરવ દર્શાવતી વાત છે. દુનિયાના કોઇ પણ છેડે વસતો માનવી પોતાની માટી, પોતાના વતન, પોતાના દેશ પ્રત્યે અનોખી લાગણી ધરાવતો હોય છે. તેને પ્રદર્શિત કરવા માટેનું આ અભિયાન છે. રાષ્ટ્ર પ્રેમ પ્રદર્શિત કરવાના ભાગરૂપે આપણા દેશના વીરો, વીરાંગનાઓને સન્માનિત કરવા માટે આ દેશના વડાપ્રધાન શ્રીમાન નરેન્દ્રભાઇ મોદીના માર્ગદર્શન નીચે એમની પ્રેરણાથી તા.૯ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ સમગ્ર રાષ્ટ્રમાં ' મેરી મિટ્ટી મેરા દેશ' કાર્યક્રમનો શુભારંભ થયો હતો. સ્વતંત્ર રાષ્ટ્ર તરીકેની આપણા દેશની ૭૫ વર્ષની ગૌરવપૂર્ણ યાત્રાની આ સ્મરણાંજલિ છે. દેશની સિદ્ધિઓની ઉજવણી કરવાની હોય સાથે-સાથે વીરો અને વીરાંગનાઓને સન્માનિત કરવા માટે સુરક્ષા પ્રત્યેની સામૂહિક પ્રતિબદ્ધતાને આ અભિયાન સંબંધિત છે. મેરી મિટ્ટી મેરા દેશ અંતર્ગત આપણી માટીની વાત કરીએ તો ભારતીય સંસ્કૃતિ વેદકાળથી '**वसुधैव कुटुंबकम्**' ની ભાવના ધરાવે છે. '**सर्वे भवन्तु सुखिनः, सर्वे भवन्तु निरामयाः**' એટલે કે સૌ સુખી થાઓ અને સૌ રોગમુક્ત રહે એવી ભાવના સાથે એક ધરતી એક દેશનો સૌના કલ્યાણનો વિચાર કરતો આપણો ભારત દેશ છે. ભારત વિશ્વને પોતાનો પરિવાર માને છે. કોરોના મહામારીના કપરા કાળમાં વિશ્વના ૯૦ જેટલા દેશોને કોરોનાની રસી મફત આપવાનું કામ આપણા દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ કર્યું છે.આઝાદીના અમૃતકાળમાં સમૃદ્ધ ભારતના નવા યુગની જ્યારે શરૂઆત થઇ હતી ત્યારે વિશ્વમાં એક નવી દિશા ચીંધનાર દેશ બની રહે તેવી સૌ ભારતવાસીઓને આશા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ બાબત હાલ જી-૨૦માં સમગ્ર દેશ અને દુનિયાએ નિહાળી તે સમય આજે અમૃતની ઘડી છે. ગૌરવવંતી ગુજરાતની માટી ઉપર અનેક અવતારી પુરુષો, રાષ્ટ્ર પુરુષો, ઋષિમુનિઓ અને તપોભૂમિ પર ધર્મના જ્ઞાનનો ભંડાર પણ ગુજરાતની ધરતી પર છે. સમગ્ર વિશ્વના જુદા જુદા દેશો સાથે શિક્ષણ, કલા, સંસ્કૃતિના આદાનપ્રદાન દ્વારા શિક્ષણ ક્ષેત્રે પ્રગતિની હરણફાળ ભરી વિશ્વમાં શિક્ષણના હબ તરીકે આજે ગુજરાત પણ નામના મેળવી રહ્યું છે તેમ ભારતવર્ષ પણ તે દિશામાં આગળ વધી રહ્યું છે. વેપાર ક્ષેત્રે ગુજરાતની ગિફ્ટ સિટીએ વિશ્વના દેશોને વેપાર-ઔદ્યોગિક રોકાણ માટેનું વિશ્વાસપાત્ર પ્લેટફૉર્મ પૂરું પાડ્યું છે. ચાલો, આપણે આપણા ગૌરવવંતા દેશની સિદ્ધિઓની વિશિષ્ટતાની ઉજવણી કરીએ તેમજ આપણા દેશની ગરિમા અને સમૃદ્ધિને આંચ ન આવે તે માટે આખું જીવન વ્યતીત કરનાર વીર-વીરાંગનાઓને પણ યાદ કરીએ. સમગ્ર ભારતમાંથી લોખંડના ટુકડા એકત્રિત કરી ભારતના લોહપુરુષ એવા આદરણીય સરદાર વલ્લભભાઇ પટેલનું સ્ટેચ્યૂ ઓફ યુનિટી મા નર્મદાના કાંઠે નિર્માણ કરવાનું કાર્ય માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ કર્યું અને તે આજે વિશ્વ પ્રવાસન સ્થળ તરીકે વિખ્યાત બન્યું છે. આપણી માતૃભૂમિએ અસંખ્ય બહાદૂર વીરોને જન્મ આપ્યો છે. જેણે પોતાનું સમગ્ર જીવન દેશની આઝાદી અને દેશની રક્ષા માટે સમર્પિત કર્યું છે એવા આ ભારત દેશના વીર-વીરાંગનાઓના અમૂલ્ય યોગદાનને બિરદાવી અને દેશની સિદ્ધિઓને દર્શાવવા ' મેરી મિટ્ટી મેરા દેશ' અભિયાનનો માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ દ્વારા ૯મી ઓગસ્ટના રોજ તાપી જિલ્લાના સોનગઢ તાલુકાના ગુણસદા ગામમાંથી રાજ્યવ્યાપી શુભારંભ કરાવવામાં આવેલો અને આ કાર્યક્રમ સ્થળે ' શિલા ફલકમ્' સ્મારકનું અનાવરણ કર્યું, વીર શહીદોને શ્રદ્ધા સુમન અર્પણ કરવામાં આવ્યા અને આ સાથે રાજ્યમાં અંબાજીથી ઉમરગામ વચ્ચેના ૧૪ જિલ્લાઓમાં આ અભિયાનની શરૂઆત કરી અને ૯મી ઓગસ્ટના રોજ આદિવાસી દિવસની ઉજવણીના ભાગરૂપે પણ આ ઉમરગામથી અંબાજી સુધીના જિલ્લાઓમાં ઉત્સાહથી મારા આદિવાસી સમાજના ભાઇઓ-બહેનોએ ઉત્સવ ઉજવ્યો છે. માનનીય મુખ્યમંત્રીશ્રીના કાર્યક્રમની સાથે અન્ય ૧૨ જિલ્લાઓમાં કેબિનેટ મંત્રીશ્રીઓ અને રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓએ વિશેષ ઉપસ્થિત રહી ' મેરી મિટ્ટી મેરા દેશ' અભિયાનને વિવિધ કાર્યક્રમો થકી વેગવંતુ બનાવવામાં પણ ખૂબ મોટી ભૂમિકા ભજવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમોની વાત કરું તો ' શિલા ફલકમ' નું નિર્માણ, પંચપ્રણ પ્રતિજ્ઞા, સેલ્ફી વસુધા વંદન, વીરોને વંદન થીમ આધારિત કાર્યક્રમો યોજવામાં આવ્યા છે. દેશના ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્ય પ્રત્યેની જન સહભાગિતાને સુનિશ્ચિત કરવાનો ઉદ્દેશ ધરાવતી આ એક ઐતિહાસિક પહેલને પહેલાં જ દિવસે અભૂતપૂર્વ પ્રતિસાદ સાંપડ્યો હતો. રાજ્યના ત્રણ હજાર જેટલા ગામોમાં મહાનુભાવો અને પદાધિકારીઓએ ઉપસ્થિત રહીને ' મેરી મિટ્ટી મેરા દેશ' અભિયાનની શરૂઆત કરવામાં આવેલ. જેમાં પ્રથમ દિવસે અંદાજીત ૩,૬૦,૯૭૮ નાગરિકોએ આ કાર્યક્રમની સફળતા માટે સહભાગિતા નોંધાવી હતી. વધુમાં, રાજ્યમાં ' મેરી મિટ્ટી મેરા દેશ' અભિયાન અંતર્ગત અત્યાર સુધીમાં વીરોના બલિદાન/યોગદાનને શ્રદ્ધાંજલિ આપવા ૧૫,૧૩૬ જેટલા ' શિલા ફલકમ્' નું અનાવરણ કરવામાં આવ્યું હતું તેમજ પ્રતિજ્ઞા અને સેલ્ફી કાર્યક્રમ હેઠળ રાજ્યના ૨૧,૨૭,૧૦૫ જેટલા નાગરિકોએ પવિત્ર માટી હાથમાં લઇને, પંચપ્રણ લઇને રાષ્ટ્ર નિર્માણ માટે પ્રતિબદ્ધતાના શપથ લીધા હતા અને ૧૫,૫૮,૧૬૬ જેટલી સેલ્ફી લઇને તેને અપલોડ કરીને પૂરા વિશ્વને તેની જાણકારી કરાવવાનું કામ કર્યું હતું. વસુધા વંદન કાર્યક્રમ અંતર્ગત દરેક સ્થળોએ ૭૫ રોપાઓનું વાવેતર કરીને અમૃતવાટિકા

બનાવવા માનનીય પ્રધાનમંત્રીશ્રી જે આહવાન કરેલ. તેના પ્રતિસાદરૂપે ૧૬,૩૩૬ અમૃતવાટિકાઓ બનાવવામાં આવી, ૧૨ લાખ ૨૮ હજાર ૨૫ જેટલા સ્થાનિક રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું, સ્થાનિક પરંપરાઓ અને રિવાજો મુજબ ૨૯, ૯૨૫ વીર-વીરાંગનાઓના પરિવારોનું સન્માન વ્યક્ત કરી કૃતજ્ઞતા વ્યકત કરવામાં આવી છે. જેમાં હયાત સ્વાતંત્ર્ય સેનાનીઓ, વીરગતિ પામનાર સ્વાતંત્ર્ય સેનાનીઓના પરિવારો, શહીદ તથા નિવૃત્ત થયેલા સંરક્ષણ કર્મીઓ, સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સ અને સ્ટેટ પોલીસ ફોર્સના કર્મચારીઓને સ્થાનિક રિવાજો અને પરંપરા મુજબ આખા ગુજરાતમાં સન્માન કરવામાં આવ્યું હતું. વીરોને શ્રદ્ધાંજલિ અર્પણ કર્યા બાદ કાર્યક્રમના અંતે ધ્વજવંદન કરી રાષ્ટ્રગાન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની ઉજવણી માટે અમૃત સરોવર, તળાવ, નદી કિનારા અને શાળા જેવા જાહેર સ્થળોને પ્રાધાન્ય આપવામાં આવેલ હતું. ૨૧ લાખ ૧ હજાર ૮૫ જેટલા સહભાગી કાર્યકર્તાઓ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. દેશની આઝાદીનાં ૭૫ વર્ષ પૂર્ણ થવાના અવસર પર માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીની તા. ૧૩થી ૧૫ ઓગસ્ટ સુધી ' હર ઘર તિરંગા ' અભિયાનમાં ભાગ લેવા કરેલ અપીલને રાજ્યમાં ઉત્સાહભેર વધાવી લેવામાં આવી હતી. દેશભક્તિ અને એકતાના પ્રતિક એવા તિરંગાને ગૌરવભેર આન, બાન અને શાન સાથે સમગ્ર ગુજરાતના લગભગ ૬૦ લાખ જેટલા ઘરોમાં ' હર ઘર તિરંગા' નો કાર્યક્રમ થયો છે અને એમાં લગભગ ૧૪.૯૫ કરોડનો ફંડ એકત્રિત થયેલ હતો. પોસ્ટ ઓફિસના માધ્યમથી ૩ લાખ ૩૩ હજાર ૫૭૬ જેટલા ધ્વજનું વેચાણ પણ કર્યું હતું. આ અભિયાનના ભાગરૂપે રાજ્યકક્ષાનો કાર્યક્રમ તા. ૨૩-૦૮-૨૦૨૩ના રોજ ગાંધીનગર ખાતે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના વડપણ હેઠળ ઊજવવામાં આવ્યો હતો. આ ઐતિહાસિક દિવસે એક તરફ દેશની માટીને સ્પર્શ એને નમન કરી દેશભક્તિની ભાવના ઉજાગર કરતાં રાજયકક્ષાના કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી અને બીજી તરફ સ્પેસ ટૅકનોલોજીમાં ભારતને અભૂતપૂર્વ સિદ્ધિ અપાવનાર ચંદ્રયાન-૩ દ્વારા ચંદ્રની ધરતીનો સ્પર્શ કરી સોફ્ટ લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના અંતિમ તબક્કામાં સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન ખાતે ધ્વજવંદન અને સામૂહિક રાષ્ટ્રગાન કરવામાં આવ્યું હતું. બાદમાં માનનીય મુખ્યમંત્રીશ્રીના હસ્તે શિલા ફલકમનું અનાવરણ કરી ' વસુધા વંદન' કાર્યક્રમ અંતર્ગત વડના રોપાનું વાવેતર કરીને અંદાજિત પાંચસો જેટલા રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વડાપ્રધાનશ્રીની અભૂતપૂર્વ પહેલના ભાગરૂપે આપણા રાજ્યમાં આ અભિયાન અંતર્ગત શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં તાલુકા પંચાયત, નગરપાલિકા, મહાનગરપાલિકા સ્તરે સફળતાપૂર્વક ઉજવણી કરવામાં આવી છે. આ કાર્યક્રમમાં તમામનો સહયોગ મળ્યો છે. દેશના લોકલાડીલા વડાપ્રધાનશ્રીની પ્રેરણાથી દેશના દરેક ઘર સુધી માતૃભૂમિ પ્રત્યે અહોભાવ વ્યક્ત કરવાનો કરવાનો અવસર મળ્યો છે. આ અભિયાન અંતર્ગત ગામમાં તથા તાલુકા મથકે જનજાગૃતિની રેલીઓ યોજાય અને દેશની એકતા-અખંડિતતા જાળવવાની ગૌરવવંતી ભાવના સાથે ભારતમાતાને વંદન કરવાનો અવસર પણ પ્રાપ્ત થયો છે. દેશના ગામે-ગામની માટી દેશની રાજધાનીમાં પહોંચે અને માત્ર માટી જ નહીં, પણ દેશની સમૃદ્ધિ માટે સહભાગી બનવાનો સંકલ્પ, વિચાર અને શ્રદ્ધા સાથે દેશના વીરો પ્રત્યે કૃતજ્ઞતાનો ભાવ વ્યક્ત કરવાનું સદભાગ્ય પણ મળ્યું છે. આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ આઝાદીના અમૃતકાળને ' મેરી મિટ્ટી, મેરા દેશ' અભિયાન દ્વારા દેશના તમામ રાજ્યોના ગામેગામની માટી અમૃતકળશમાં, અમૃતકાળમાં ભારતમાતાના ચરણોમાં દિલ્હી પહોંચે અને દેશના વીર-વીરાંગનાઓની યાદમાં આ કાર્યક્રમમાં ધાર્મિક સંતો, યુવાનો, વડીલો, બહેનો અને બાળકો જોડાયા છે. પૂર્વ સૈનિકો અને તેમના પરિવારને મળવાનો પણ વિચાર આપણને પ્રેરણા આપનાર છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ આપણા સૌના માટે રાષ્ટ્રભક્તિની ભાવના ઉજાગર કરી છે અને આ દેશના વીર જવાનોને યાદ કરવા માટે પ્રેરણા પૂરી પાડી છે તે માટે માનનીય વડાપ્રધાનશ્રીનો આ ગૃહ વતી આભાર પણ વ્યક્ત કરું છું. સાથે સાથે આવતી કાલે ૧૭મી સપ્ટેમ્બરના દિવસે આપણા વિશ્વ નેતા તરીકે ઉભરી આવેલા આપણા લોકલાડિલા માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીનો જન્મદિવસ છે. તેમના જન્મદિવસની પણ આપ સૌના વતી શુભેચ્છાઓ પાઠવીએ છીએ. માનનીય મુખ્યમંત્રીશ્રીજીએ દેશના એક નાગરિક તરીકે ગુજરાત રાજ્યને સફળ નેતૃત્વ પૂરું પાડી માનનીય વડાપ્રધાનશ્રીના આહવાનને ઝીલી કાર્યક્રમને સફળ બનાવવા માટે અને આપણા સૌનો ઉત્સાહ વધારી, સમગ્ર કાર્યક્રમને સફળતાપૂર્વક આગળ ધપાવવા માટે તેઓશ્રીનો પણ હું હૃદયપૂર્વક આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મેરી મીટ્ટી મેરા દેશ અભિયાન અંતર્ગત સમગ્ર રાજ્યમાં નાગરિકોએ ઉત્સાહભેર ભાગ લીધો. સમગ્ર અભિયાન દરમિયાન સહભાગી થયેલ અન્ય વિભાગો જેમાં, પંચાયત વિભાગ, ગૃહ વિભાગ, વાહન વ્યવહાર વિભાગ, યોગસેવા અને સાંસ્કૃતિક વિભાગ, શહેરી વિકાસ વિભાગ, શિક્ષણ વિભાગ, આદિજાતિ વિકાસ વિભાગ તથા અન્ય તમામ વિભાગોએ સમગ્ર અભિયાન દરમિયાન પોતાનું અમૂલ્ય યોગદાન આપી કાર્યક્રમને સફળ બનાવેલ છે. આ ઉપરાંત, રાજ્યના સૌ સાંસદશ્રીઓ, આ વિભાગ સાથે જોડાયેલા મારા સાથી મંત્રી ગણ, સભાગૃહના સન્માનનીય મારા ધારાસભ્યશ્રીઓએ પોતાનો અમૂલ્ય સમય આપીને રાજ્યના વિવિધ જિલ્લામાં યોજાયેલા કાર્યક્રમમાં માર્ગદર્શન પૂરું પાડીને એક જનચેતના અને જનજાગૃતિ પેદા કરી ભારત માતાને પરમ વૈભવ ઉપર લઈ જવાનું દેશના વડાપ્રધાન શ્રીમાન નરેન્દ્રભાઇ મોદીજીનું જે સ્વપ્ન છે તે સાકાર કરેલ છે. જિલ્લા પંચાયતો, તાલુકા પંચાયતો અને તેના પદાધિકારીઓ તમામ સફળતાપૂર્વક આ રાજ્યવ્યાપી કાર્યક્રમમાં જોડાયેલ છે. આજે મારા પ્રભારી સભ્યશ્રી આ છેલ્લા દિવસનો પ્રસ્તાવ લઇને આવ્યા છે ત્યારે એમાં અનેક મારા સાથી મિત્રોએ દેશ ભાવનાની વાત કરી છે. દેશના વડાપ્રધાન શ્રીમાન નરેન્દ્રભાઇ મોદીએ પૂરા ભારત વર્ષને એક ભારત વર્ષ જાગૃત કરીને, આ

દેશને વર્ષ ૨૦૪૭ સુધીમાં પૂર્ણ વિકસિત કરવાનું જે સ્વપ્ન નહીં પણ ખરેખર ગતિ ઉપર કરવાના અભિયાનની આજે શરૂઆત કરી છે. મેરા દેશ મેરી મિટ્ટી, મારી ભારત માતાને નમન, મારા દેશને નમન, એ ભાવનાથી આખો દેશ એક મંચ ઉપર થાય એના માટેનો આજે છેલ્લા દિવસનો પ્રસ્તાવ આપણી વચ્ચે મારા સાથી સભ્યશ્રી શિવાભાઇ લાવ્યા છે એને આપ સૌ સમર્થન કરશો તેવી શુભેચ્છા પાઠવું છું. આપ સૌનો આભાર.

અધ્યક્ષશ્રી : આમાં હવે કોઇ ચર્ચા હોતી નથી છતાં આપને કંઇ કહેવું છે? હા, વાત કરી લો.

શ્રીમતી રિવાબા ર. જાડેજા**(**જામનગર-ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો હું આપનો ખૂબ ખૂબ આભાર માનું છું કે મને બોલવાની તક મળી છે. હું પોઇન્ટ ઉપર આવું તો આપણા બધા માટે ગર્વની બાબત છે કે આપણા આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજી ફરી એક વખતે વૈશ્વિક લીડરના સરવેમાં ૭૬ ટકા પર્સન્ટેઝ સાથે સૌથી લોકપ્રિય નેતા તરીકે પાછા ચૂંટાઇ આવ્યા છે અને બીજું, આ તકે આ ગૃહના આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબનો પણ હું ખૂબ ખૂબ આભાર માનું છું કે જેમણે હમણાં જ શહીદ વીર સ્વ. મહિપતસિંહ વાળાના ઘરે જઇ એમના પરિવારજનોને રૂ.૧ કરોડ જેવી માતબર રકમની સરકારશ્રી તરફથી સહાય આપવામાં આવી છે. એટલે ક્ષત્રિય સમાજ વતી, ધારાસભ્યશ્રીઓ વતી અને આ સભાગૃહ વતી હું એમનો પણ ખૂબ ખૂબ આભાર માનું છું. ખૂબ ખૂબ આભાર.

અધ્યક્ષશ્રી : હવે ચર્ચા પૂરી થાય છે.

**સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા અતારાંકિત પ્રશ્નો (૮૭-ક)**

**સચિવશ્રી** : માનનીય અધ્યક્ષશ્રી, હું જેના લેખિત જવાબો સત્ર દરમ્યાન મળ્યા છે પણ સમયના અભાવે સભ્યશ્રીને મોકલી શકાયા નથી તેવા કુલ ૧૮૧ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો વિધાનસભાના નિયમોના નિયમ-૮૭(ક) અન્વયે સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અધ્યક્ષશ્રી : અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવે છે.

**રાજ્યમાં નિવૃત્ત આઇ.એ.એસ અધિકારીઓને પુનઃનિમણૂક આપવા બાબત**

અતારાંકિતઃ ૪૯ (૨૬-૦૪-૨૦૨૩) **ડૉ. તુષાર ચૌધરી** (ખેડબ્રહ્મા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં વયનિવૃત્તિ બાદ કેટલા આઇ.એ.એસ અધિકારીઓને પુનઃ નિમણૂંક અપાયેલ છે,

(૨) ઉક્ત પુનઃનિમણૂંક અપાયેલ અધિકારીઓની હાલની વય કેટલી છે તેમજ સરકારના નિયમ મુજબ વયમર્યાદા કેટલી છે, અને

(૩) ઉક્ત નિવૃત્ત અધિકારીઓને પુનઃનિમણૂંક આપવાના કારણો શા છે ?

**મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) **:** (૩૧-૦૮-૨૦૨૩)

(૧) શૂન્ય

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

\- - - - - - - -

**વયનિવૃત્તિ બાદ આઇ.એ.એસ અધિકારીઓને પુનઃનિમણૂક આપવા બાબત**

અતારાંકિતઃ ૯૨ (૨૬-૦૪-૨૦૨૩) **ડૉ. તુષાર ચૌધરી** (ખેડબ્રહ્મા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ વયનિવૃત્તિ બાદ આઇ.એ.એસ અધિકારીઓની કરાર આધારિત નિમણૂંકો આપવામાં આવી હોય તેવા કેટલા આઇ.એ.એસ અધિકારીઓ ફરજ પર છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત અધિકારીઓ કેટલી વય ધરાવે છે,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત અધિકારીઓ કઇ કચેરીમાં ક્યા હોદ્દાઓ પર ક્યારથી ફરજ બજાવે છે, અને

(૪) વય નિવૃત્તિ બાદ આવી નિમણૂંકો આપવાના કારણો શા છે ?

**મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) **:** (૩૧-૦૮-૨૦૨૩)

(૧) ૨૧ (એકવીસ)

(૨) ઉક્ત અધિકારીઓ ૬૦ થી ૬૯ વર્ષ સુધીની જુદી જુદી વય ધરાવે છે.

(૩) ઉક્ત અધિકારીઓ જુદી જુદી સરકારી કચેરીઓ / બોર્ડ / નિગમ વગેરેમાં ફરજો બજાવે છે.

(૪) નિવૃત્ત આઇ.એ.એસ. અધિકારીઓના લાંબા અનુભવ, જ્ઞાન તથા કૌશલ્યને ધ્યાને લઇ જાહેર હિતમાં.

- - - - - - - -

**ગુજરાત વહીવટી સેવા, વર્ગ-૧ના અધિકારીઓનું મંજૂર મહેકમ**

અતારાંકિતઃ ૫૭૩ (૦૩-૦૭-૨૦૨૩) **શ્રી અમૃતજી ઠાકોર** (કાંકરેજ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ ગુજરાત વહીવટી સેવા, વર્ગ-૧ ના અધિકારીઓનું મંજૂર થયેલું મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી છે,

(૩) તે પૈકી સીધી ભરતીની કેટલી છે અને બઢતીની કેટલી છે, અને

(૪) સીધી ભરતીની જગ્યાઓ ભરવા છેલ્લે ક્યારે ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ ?

**મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) **:** (૨૯-૦૮-૨૦૨૩)

(૧)

| ક્રમ | સંવર્ગ | મંજૂર જગ્યા |
|---|---|---|
| ૧ | ગુજરાત વહીવટી સેવા, વર્ગ-૧ (જુનિયર સ્કેલ) | ૬૦૬ |
| ૨ | ગુજરાત વહીવટી સેવા, વર્ગ-૧ (સિનિયર સ્કેલ) | ૧૯૦ |
| ૩ | ગુજરાત વહીવટી સેવા, વર્ગ-૧ (સિલેક્શન સ્કેલ) | ૬૯ |
| ૪ | ગુજરાત વહીવટી સેવા, વર્ગ-૧ (એપેક્ષ સ્કેલ) | ૧૫ |
| | **કુલ** | **૮૮૦** |

(૨)

| ક્રમ | સંવર્ગ | ખાલી જગ્યા |
|---|---|---|
| ૧ | ગુજરાત વહીવટી સેવા, વર્ગ-૧ (જુનિયર સ્કેલ) | ૨૩૭ |
| ૨ | ગુજરાત વહીવટી સેવા, વર્ગ-૧ (સિનિયર સ્કેલ) | ૭૭ |
| ૩ | ગુજરાત વહીવટી સેવા, વર્ગ-૧ (સિલેક્શન સ્કેલ) | ૩૯ |
| ૪ | ગુજરાત વહીવટી સેવા, વર્ગ-૧ (એપેક્ષ સ્કેલ) | ૧૫ |
| | **કુલ** | **૩૬૮** |

(૩)

| ક્રમ | સંવર્ગ | સીધી ભરતી | બઢતી |
|---|---|---|---|
| ૧ | ગુજરાત વહીવટી સેવા, વર્ગ-૧ (જુનિયર સ્કેલ) | ૩૪ | ૨૦૩ |
| ૨ | ગુજરાત વહીવટી સેવા, વર્ગ-૧ (સિનિયર સ્કેલ) | ૦૦ | ૭૭ |
| ૩ | ગુજરાત વહીવટી સેવા, વર્ગ-૧ (સિલેક્શન સ્કેલ) | ૦૦ | ૩૯ |
| ૪ | ગુજરાત વહીવટી સેવા, વર્ગ-૧ (એપેક્ષ સ્કેલ) | ૦૦ | ૧૫ |
| | **કુલ** | **૩૪** | **૩૩૪** |

(૪) છેલ્લે વર્ષ-૨૦૨૧માં સીધી ભરતીની ૧૫ જગ્યાઓ ભરવા માટે ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા જાહેરાત ક્રમાંક: ૩૦/૨૦૨૧-૨૨ હેઠળ પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે. જેની પ્રાથમિક તથા મુખ્ય લેખિત પરીક્ષા પૂર્ણ થયેલ છે.

ભાદ્રપદ ૨૫, ૧૯૪૫ શાકે

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા અતારાંકિત પ્રશ્નો (૮૭-ક)

[નોંધ: વર્ષ-૨૦૨૩માં સીધી ભરતીથી ૦૫ જગ્યાઓ ભરવા માટેનું માંગણાપત્રક તા.૦૫/૦૮/૨૦૨૩ના રોજ મોકલવામાં આવેલ છે.]

- - - - - - - -

**સરકારી કર્મચારીઓ સિવાયની વ્યક્તિઓને ઓળખપત્રો કાઢી આપવા બાબત**

અતારાંકિતઃ ૫૭૪ (૦૩-૦૭-૨૦૨૩) **શ્રી અમૃતજી ઠાકોર** (કાંકરેજ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં વર્ષવાર સરકારી કર્મચારીઓ સિવાય કેટલી વ્યક્તિઓને સચિવાલયમાં પ્રવેશ માટે ઓળખપત્રો કોની ભલામણથી કાઢી આપવામાં આવ્યા,

(૨) તે અન્વયે વર્ષવાર સરકારને કેટલી આવક થઇ,

(૩) ઉક્ત આપવામાં આવેલ ઓળખપત્રોની મુદત પુરી થયા બાદ વર્ષવાર કેટલા રીન્યુ થયા અને કેટલા પરત મળ્યા અને કેટલા પરત મેળવવાના બાકી છે, અને

(૪) એક વર્ષના મુદતના આ ઓળખપત્રોનો વ્યાપક દુરૂપયોગ થતો હોય તો તેને પરત લેવા શી કાર્યવાહી કરવામાં આવી ?

**મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) **:** (૩૧-૦૮-૨૦૨૩)

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષ દરમ્યાન સરકારી કર્મચારીઓ સિવાયની વ્યક્તિઓને ઓળખપત્રો (ENTRY PASS/સ્માર્ટ-કાર્ડ) કાઢી આપવામાં આવ્યા, તેની વિગત નીચે જણાવેલ **પત્રક-૧** મુજબ સામેલ છે.

સરકારી કર્મચારીઓ સિવાયની વ્યક્તિઓને સચિવાલય પ્રવેશ માટે ઓળખપત્ર માટે તે વ્યક્તિના કામકાજ સાથે સંબંધિત માનનીય મંત્રીશ્રીનું કાર્યાલય/ માનનીય રાજ્યકક્ષા મંત્રીશ્રીનું કાર્યાલય/ વહીવટી વિભાગ/ કચેરીના સક્ષમ અધિકારીશ્રી મારફતે દરખાસ્ત મળ્યેથી કાઢી આપવામાં આવ્યા.

(૨) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ રાજ્ય સરકારને થયેલ આવકની વિગતો **પત્રક-૨** મુજબ સામેલ છે.

(૩) સરકારી કર્મચારી સિવાયની વ્યક્તિઓને કાઢી આપેલ ઓળખપત્રોની મુદત પુરી થયા બાદ વર્ષવાર જે ઓળખપત્રો રીન્યુ થયા અને જે ઓળખપત્રો પરત મળ્યા અને પરત મેળવવાના બાકી છે, તેની સંખ્યા **પત્રક – ૩** મુજબ સામેલ છે.

(૪) આ ઓળખપત્ર (ENTRY PASS/સ્માર્ટ-કાર્ડ) નો ઉપયોગ સચિવાલય સંકુલમાં પ્રવેશ પુરતો જ છે. મુદ્દત પૂર્ણ થયા બાદના ઓળખપત્રો (ENTRY PASS/સ્માર્ટ-કાર્ડ) ને સચિવાલય સંકુલમાં પ્રવેશ માટે માન્ય ગણવામાં આવતાં નથી. એક વર્ષની મુદ્દતનાં આ ઓળખપત્રો (ENTRY PASS/સ્માર્ટ-કાર્ડ) નો દુરૂપયોગ થયાની કોઇ ફરિયાદ આ વિભાગને મળેલ નથી.

**પત્રક-૧**

| **અ.નં.** | **વર્ષ** | **સરકારી કર્મચારીઓ સિવાયની વ્યક્તિઓને ઓળખપત્રો (ENTRY PASS/સ્માર્ટ-કાર્ડ) કાઢી આપ્યાની સંખ્યા** |
|---|---|---|
| ૧ | ૨૦૨૦-૨૦૨૧ | ૨૭૨૫ |
| ૨ | ૨૦૨૧-૨૦૨૨ | ૨૯૧૭ |
| ૩ | ૨૦૨૨-૨૦૨૩ | ૩૨૫૦ |

**પત્રક-૨**

| **અ.નં.** | **વર્ષ** | **આવકની રકમ રૂ/-** |
|---|---|---|
| ૧ | ૨૦૨૦-૨૦૨૧ | ૫,૪૫,૦૦૦/- |
| ૨ | ૨૦૨૧-૨૦૨૨ | ૫,૮૩,૪૦૦/- |
| ૩ | ૨૦૨૨-૨૦૨૩ | ૬,૫૦,૦૦૦/- |

**પત્રક-૩**

| અ.નં. | વર્ષ | રીન્યુ થયેલ ઓળખપત્રો (ENTRY PASS/સ્માર્ટ-કાર્ડ) ની સંખ્યા (સરકારી કર્મચારી સિવાયની વ્યક્તિઓને કાઢી આપેલ) | તે પૈકી પરત મેળવેલ ઓળખપત્રો (ENTRY PASS/સ્માર્ટ-કાર્ડ) ની સંખ્યા | પરત મેળવવાના બાકી હોય તેવા ઓળખપત્રો (ENTRY PASS/સ્માર્ટ-કાર્ડ) ની સંખ્યા |
|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** |
| ૨ | ૨૦૨૦-૨૦૨૧ | ૨૦૯૮ | ૨૦૩૧ | ૬૭ |
| ૩ | ૨૦૨૧-૨૦૨૨ | ૨૨૧૧ | ૨૦૯૦ | ૧૨૧ |
| ૪ | ૨૦૨૨-૨૦૨૩ | ૨૪૨૦ | ૨૨૯૪ | ૧૨૬ |

--------

**સરકારી કર્મચારીઓ સિવાયની વ્યક્તિઓને ઓળખપત્રો કાઢી આપવા બાબત**

અતારાંકિતઃ ૫૮૭ (૦૩-૦૭-૨૦૨૩) **ડૉ. તુષાર ચૌધરી** (ખેડબ્રહ્મા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં વર્ષવાર સરકારી કર્મચારીઓ સિવાય કેટલી વ્યક્તિઓને સચિવાલયમાં પ્રવેશ માટે ઓળખપત્રો કોની ભલામણથી કાઢી આપવામાં આવ્યા,

(૨) તે અન્વયે વર્ષવાર સરકારને કેટલી આવક થઇ,

(૩) ઉક્ત આપવામાં આવેલ ઓળખપત્રોની મુદત પુરી થયા બાદ વર્ષવાર કેટલા રીન્યુ થયા અને કેટલા પરત મળ્યા અને કેટલા પરત મેળવવાના બાકી છે, અને

(૪) એક વર્ષના મુદતના આ ઓળખપત્રોનો વ્યાપક દુરૂપયોગ થતો હોય તો તેને પરત લેવા શી કાર્યવાહી કરવામાં આવી ?

**મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) **:** (૩૧-૦૮-૨૦૨૩)

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષ દરમ્યાન સરકારી કર્મચારીઓ સિવાયની વ્યક્તિઓને ઓળખપત્રો (ENTRY PASS/સ્માર્ટ-કાર્ડ) કાઢી આપવામાં આવ્યા તેની વિગત **પત્રક-૧** મુજબ સામેલ છે.

સરકારી કર્મચારીઓ સિવાયની વ્યક્તિઓને સચિવાલય પ્રવેશ માટે ઓળખપત્ર તે વ્યક્તિના કામકાજ સાથે સંબંધિત માનનીય મંત્રીશ્રીનું કાર્યાલય/ માનનીય રાજ્યકક્ષા મંત્રીશ્રીનું કાર્યાલય/ વહીવટી વિભાગ/ કચેરીના સક્ષમ અધિકારીશ્રી મારફતે દરખાસ્ત મળ્યેથી કાઢી આપવામાં આવ્યા.

(૨) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ રાજ્ય સરકારને થયેલ આવકની વિગતો **પત્રક-૨** મુજબ સામેલ છે.

(૩) સરકારી કર્મચારી સિવાયની વ્યક્તિઓને કાઢી આપેલ ઓળખપત્રોની મુદત પુરી થયા બાદ વર્ષવાર જે ઓળખપત્રો રીન્યુ થયા અને જે ઓળખપત્રો પરત મળ્યા અને પરત મેળવવાના બાકી છે, તેની સંખ્યા **પત્રક – ૩** મુજબ સામેલ છે.

(૪) આ ઓળખપત્ર (ENTRY PASS/સ્માર્ટ-કાર્ડ) નો ઉપયોગ સચિવાલય સંકુલમાં પ્રવેશ પુરતો જ છે તથા, મુદ્દત પૂર્ણ થયા બાદના ઓળખપત્રો (ENTRY PASS/સ્માર્ટ-કાર્ડ) ને સચિવાલય સંકુલમાં પ્રવેશ માટે માન્ય ગણવામાં આવતાં નથી. એક વર્ષની મુદ્દતનાં આ ઓળખપત્રો (ENTRY PASS/સ્માર્ટ-કાર્ડ) નો દુરૂપયોગ થયાની કોઇ ફરિયાદ આ વિભાગને મળેલ નથી.

**પત્રક-૧**

| **અ.નં.** | **વર્ષ** | **સરકારી કર્મચારીઓ સિવાયની વ્યક્તિઓને ઓળખપત્રો (ENTRY PASS/સ્માર્ટ-કાર્ડ) કાઢી આપ્યાની સંખ્યા** |
|---|---|---|
| ૧ | ૨૦૨૦-૨૦૨૧ | ૨૭૨૫ |
| ૨ | ૨૦૨૧-૨૦૨૨ | ૨૯૧૭ |
| ૩ | ૨૦૨૨-૨૦૨૩ | ૩૨૫૦ |

**પત્રક-૨**

| **અ.નં.** | **વર્ષ** | **આવકની રકમ રૂ/-** |
|---|---|---|
| ૧ | ૨૦૨૦-૨૦૨૧ | ૫,૪૫,૦૦૦/- |
| ૨ | ૨૦૨૧-૨૦૨૨ | ૫,૮૩,૪૦૦/- |
| ૩ | ૨૦૨૨-૨૦૨૩ | ૬,૫૦,૦૦૦/- |

**પત્રક-૩**

| **અ.નં.** | **વર્ષ** | **રીન્યુ થયેલ ઓળખપત્રો (ENTRY PASS/સ્માર્ટ-કાર્ડ) ની સંખ્યા (સરકારી કર્મચારી સિવાયની વ્યક્તિઓને કાઢી આપેલ)** | **તે પૈકી પરત મેળવેલ ઓળખપત્રો (ENTRY PASS/સ્માર્ટ-કાર્ડ) ની સંખ્યા** | **પરત મેળવવાના બાકી હોય તેવા ઓળખપત્રો (ENTRY PASS/સ્માર્ટ-કાર્ડ) ની સંખ્યા** |
|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** |
| ૨ | ૨૦૨૦-૨૦૨૧ | ૨૦૯૮ | ૨૦૩૧ | ૬૭ |
| ૩ | ૨૦૨૧-૨૦૨૨ | ૨૨૧૧ | ૨૦૯૦ | ૧૨૧ |
| ૪ | ૨૦૨૨-૨૦૨૩ | ૨૪૨૦ | ૨૨૯૪ | ૧૨૬ |

--------

**રાજ્યમાં નાણાકીય પ્રોત્સાહક જોગવાઈ હેઠળ ફાળવેલ ગ્રાંટ**

અતારાંકિતઃ ૬૬૦ (૧૪-૦૭-૨૦૨૩) **શ્રી અમીત ચાવડા** (આંકલાવ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (આયોજન) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર પ્રોત્સાહક જોગવાઈ હેઠળ કેટલી ગ્રાંટ ફાળવવામાં આવી,

તા. ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૨૩

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા અતારાંકિત પ્રશ્નો (૮૭-ક)

(૨) ફાળવવામાં આવેલ ગ્રાંટ પૈકી કેટલી રકમ ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર ખર્ચ થયો અને કેટલી રકમ વણવપરાયેલ રહી,

(૩) ઉક્ત ફાળવવામાં આવેલ ગ્રાંટ સામે ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કેટલા કામો મંજૂર થયેલ છે, અને

(૪) મંજૂર કામો પૈકી જિલ્લાવાર કેટલા કામો પૂર્ણ થયા, કેટલા કામો પ્રગતિમાં છે અને કેટલા કામો ચાલુ કરવાના બાકી છે ?

**મુખ્યમંત્રીશ્રી** (આયોજન) **:** (૧૨-૦૯-૨૦૨૩)

(૧) રાજ્યમાં પ્રોત્સાહક જોગવાઈ હેઠળ તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર જિલ્લાવાર ફાળવવામાં આવેલ ગ્રાન્ટની માહિતી,

(૨) ફાળવવામાં આવેલ ગ્રાંટ પૈકી વર્ષવાર, જિલ્લાવાર થયેલ ખર્ચ અને વણવપરાયેલ રહેલ રકમની વિગતો,

(૩) ઉક્ત ફાળવવામાં આવેલ ગ્રાંટ સામે ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર મંજૂર થયેલ કામો અને

(૪) મંજૂર કામો પૈકી જિલ્લાવાર પૂર્ણ થયેલ કામો, પ્રગતિ હેઠળના કામો અને ચાલુ કરવાના બાકી કામોની વિગતો

પત્રક-(અ), (બ) અને (ક) મુજબ

**પત્રક-અ**

**(રકમ રૂ. લાખમાં)**

| જિલ્લો | જિલ્લાને ફાળવવામાં આવેલ ગ્રાંટ | વહીવટી મંજૂરી આપેલ કામો | પૂર્ણ થયેલ કામો | પ્રગતિ હેઠળના કામો | શરૂ ન થયેલ કામો | ફાળવવામાં આવેલ ગ્રાંટ પૈકી થયેલ ખર્ચ | વણવપરાયેલ રકમ |
|---|---|---|---|---|---|---|---|
| અમદાવાદ | ૩૨.૫૦ | ૯ | ૮ | ૦ | ૧ | ૧૭.૦૩ | ૧૫.૪૭ |
| અમરેલી | ૩૨.૫૦ | ૧૫ | ૧૫ | ૦ | ૦ | ૩૨.૪૯ | ૦.૦૧ |
| આણંદ | ૩૫.૦૦ | ૬ | ૬ | ૦ | ૦ | ૭.૪૯ | ૨૭.૫૧ |
| અરવલ્લી | ૧૭.૫૦ | ૭ | ૭ | ૦ | ૦ | ૧૨.૫૦ | ૫.૦૦ |
| બનાસકાંઠા | ૪૦.૦૦ | ૨૪ | ૨૩ | ૦ | ૧ | ૪૦.૦૦ | ૦.૦૦ |
| ભરૂચ | ૩૨.૫૦ | ૧૩ | ૧૩ | ૦ | ૦ | ૨૮.૦૦ | ૪.૫૦ |
| ભાવનગર | ૨૫.૦૦ | ૭ | ૭ | ૦ | ૦ | ૧૭.૪૮ | ૭.૫૨ |
| બોટાદ | ૧૦.૦૦ | ૨ | ૨ | ૦ | ૩ | ૫.૦૦ | ૫.૦૦ |
| છોટાઉદેપુર | ૧૫.૦૦ | ૬ | ૬ | ૦ | ૦ | ૧૫.૦૦ | ૦.૦૦ |
| દાહોદ | ૨૨.૫૦ | ૧૨ | ૧૨ | ૦ | ૦ | ૨૧.૩૮ | ૧.૧૨ |
| ડાંગ | ૭.૫૦ | ૩ | ૩ | ૦ | ૦ | ૭.૪૬ | ૦.૦૪ |
| દેવભૂમિ દ્વારકા | ૧૦.૦૦ | ૫ | ૫ | ૦ | ૦ | ૯.૨૨ | ૦.૭૮ |
| ગાંધીનગર | ૨૫.૦૦ | ૧૫ | ૧૫ | ૦ | ૦ | ૨૪.૨૫ | ૦.૭૫ |
| ગીર સોમનાથ | ૨૦.૦૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦.૦૦ | ૨૦.૦૦ |
| જામનગર | ૧૧.૪૮ | ૫ | ૫ | ૦ | ૦ | ૧૧.૪૮ | ૦.૦૦ |
| જૂનાગઢ | ૧૨.૬૨ | ૮ | ૮ | ૦ | ૦ | ૧૨.૬૨ | ૦.૦૦ |
| ખેડા | ૩૫.૦૦ | ૧૨ | ૧૨ | ૦ | ૦ | ૧૨.૨૪ | ૨૨.૭૬ |
| કચ્છ | ૨૫.૦૦ | ૧૧ | ૧૧ | ૦ | ૦ | ૨૪.૯૮ | ૦.૦૨ |
| મહેસાણા | ૯.૫૦ | ૭ | ૭ | ૦ | ૦ | ૯.૫૦ | ૦.૦૦ |
| મહીસાગર | ૧૫.૦૦ | ૧૪ | ૧૪ | ૦ | ૦ | ૧૫.૦૦ | ૦.૦૦ |
| મોરબી | ૧૨.૫૦ | ૬ | ૬ | ૦ | ૦ | ૧૨.૫૦ | ૦.૦૦ |
| નર્મદા | ૧૨.૫૦ | ૫ | ૫ | ૦ | ૦ | ૧૨.૫૦ | ૦.૦૦ |
| નવસારી | ૨૭.૫૦ | ૧૧ | ૧૧ | ૦ | ૦ | ૨૭.૫૦ | ૦.૦૦ |
| પંચમહાલ | ૧૭.૫૦ | ૮ | ૭ | ૧ | ૦ | ૧૫.૫૦ | ૨.૦૦ |
| પાટણ | ૨૨.૫૦ | ૩ | ૩ | ૦ | ૦ | ૭.૫૦ | ૧૫.૦૦ |
| પોરબંદર | ૭.૫૦ | ૪ | ૪ | ૦ | ૦ | ૭.૫૦ | ૦.૦૦ |

| જિલ્લો | જિલ્લાને ફાળવવામાં આવેલ ગ્રાંટ | વહીવટી મંજૂરી આપેલ કામો | પૂર્ણ થયેલ કામો | પ્રગતિ હેઠળના કામો | શરૂ ન થયેલ કામો | ફાળવવામાં આવેલ ગ્રાંટ પૈકી થયેલ ખર્ચ | વણવપરાયેલ રકમ |
|---|---|---|---|---|---|---|---|
| રાજકોટ | ૪૭.૫૦ | ૩ | ૩ | ૦ | ૦ | ૭.૫૦ | ૪૦.૦૦ |
| સાબરકાંઠા | ૩૫.૦૦ | ૨૫ | ૨૫ | ૦ | ૦ | ૩૫.૦૦ | ૦.૦૦ |
| સુરત | ૩૫.૦૦ | ૧૫ | ૧૫ | ૦ | ૦ | ૩૫.૦૦ | ૦.૦૦ |
| સુરેન્દ્રનગર | ૧૭.૨૫ | ૭ | ૬ | ૧ | ૦ | ૧૫.૬૨ | ૧.૬૩ |
| તાપી-વ્યારા | ૧૭.૫૦ | ૭ | ૭ | ૦ | ૦ | ૧૭.૫૦ | ૦.૦૦ |
| વડોદરા | ૨૫.૦૦ | ૧૨ | ૧૨ | ૦ | ૦ | ૨૨.૫૦ | ૨.૫૦ |
| વલસાડ | ૨૫.૦૦ | ૧૨ | ૧૨ | ૦ | ૦ | ૨૫.૦૦ | ૦.૦૦ |
| **કુલ** | **૭૩૫.૮૫** | **૨૯૯** | **૨૯૫** | **૨** | **૫** | **૫૬૪.૨૪** | **૧૭૧.૬૧** |

**પત્રક-બ**

**(રકમ રૂ. લાખમાં)**

| જિલ્લો | જિલ્લાને ફાળવવામાં આવેલ ગ્રાંટ | વહીવટી મંજૂરી આપેલ કામો | પૂર્ણ થયેલ કામો | પ્રગતિ હેઠળના કામો | શરૂ ન થયેલ કામો | ફાળવવામાં આવેલ ગ્રાંટ પૈકી થયેલ ખર્ચ | વણવપરાયેલ રકમ |
|---|---|---|---|---|---|---|---|
| અમદાવાદ | ૩૨.૫૦ | ૧૩ | ૧૨ | ૧ | ૦ | ૨૮.૩૪ | ૪.૧૬ |
| અમરેલી | ૩૨.૫૦ | ૧૩ | ૧૩ | ૦ | ૦ | ૨૮.૯૯ | ૩.૫૧ |
| આણંદ | ૩૫.૦૦ | ૧૩ | ૧૦ | ૩ | ૦ | ૧૫.૩૪ | ૧૯.૬૬ |
| અરવલ્લી | ૧૭.૫૦ | ૧૧ | ૧૦ | ૧ | ૦ | ૧૦.૭૧ | ૬.૭૯ |
| બનાસકાંઠા | ૪૦.૦૦ | ૨૦ | ૧૬ | ૩ | ૧ | ૨૮.૦૯ | ૧૧.૯૧ |
| ભરૂચ | ૩૨.૫૦ | ૧૬ | ૧૫ | ૧ | ૦ | ૩૧.૦૦ | ૧.૫૦ |
| ભાવનગર | ૨૫.૦૦ | ૧૧ | ૧૧ | ૦ | ૦ | ૨૩.૫૦ | ૧.૫૦ |
| બોટાદ | ૧૦.૦૦ | ૪ | ૪ | ૦ | ૦ | ૯.૨૧ | ૦.૭૯ |
| છોટાઉદેપુર | ૧૫.૦૦ | ૬ | ૬ | ૦ | ૦ | ૧૫.૦૦ | ૦.૦૦ |
| દાહોદ | ૨૨.૫૦ | ૧૦ | ૯ | ૧ | ૦ | ૧૯.૭૫ | ૨.૭૫ |
| ડાંગ | ૭.૫૦ | ૬ | ૬ | ૦ | ૦ | ૭.૪૮ | ૦.૦૨ |
| દેવભૂમિ દ્વારકા | ૧૦.૦૦ | ૪ | ૩ | ૦ | ૧ | ૯.૫૭ | ૦.૪૩ |
| ગાંધીનગર | ૨૫.૦૦ | ૧૭ | ૧૨ | ૫ | ૦ | ૧૭.૫૧ | ૭.૪૯ |
| ગીર સોમનાથ | ૨૦.૦૦ | ૨ | ૧ | ૦ | ૧ | ૨.૫૦ | ૧૭.૫૦ |
| જામનગર | ૨૦.૦૦ | ૭ | ૫ | ૨ | ૦ | ૧૦.૦૦ | ૧૦.૦૦ |
| જૂનાગઢ | ૩૨.૫૦ | ૧૫ | ૧૨ | ૧ | ૨ | ૧૭.૧૧ | ૧૫.૩૯ |
| ખેડા | ૩૫.૦૦ | ૪૩ | ૩૯ | ૪ | ૦ | ૩૨.૪૪ | ૨.૫૬ |
| કચ્છ | ૨૫.૦૦ | ૧૦ | ૯ | ૧ | ૦ | ૨૨.૫૦ | ૨.૫૦ |
| મહેસાણા | ૫૦.૦૦ | ૨૪ | ૧૯ | ૫ | ૦ | ૩૬.૫૦ | ૧૩.૫૦ |
| મહીસાગર | ૧૫.૦૦ | ૧૧ | ૧૧ | ૦ | ૦ | ૧૫.૦૦ | ૦.૦૦ |
| મોરબી | ૧૨.૫૦ | ૪ | ૩ | ૧ | ૦ | ૭.૫૦ | ૫.૦૦ |
| નર્મદા | ૧૨.૫૦ | ૯ | ૯ | ૦ | ૦ | ૧૨.૫૦ | ૦.૦૦ |
| નવસારી | ૨૭.૫૦ | ૧૧ | ૧૧ | ૦ | ૦ | ૨૭.૪૯ | ૦.૦૧ |
| પંચમહાલ | ૧૭.૫૦ | ૮ | ૬ | ૨ | ૦ | ૧૦.૨૫ | ૭.૨૫ |
| પાટણ | ૨૨.૫૦ | ૫ | ૪ | ૧ | ૦ | ૧૧.૨૫ | ૧૧.૨૫ |
| પોરબંદર | ૭.૫૦ | ૩ | ૧ | ૨ | ૦ | ૨.૫૦ | ૫.૦૦ |
| રાજકોટ | ૪૭.૫૦ | ૮ | ૪ | ૪ | ૦ | ૭.૯૦ | ૩૯.૬૦ |
| સાબરકાંઠા | ૩૫.૦૦ | ૨૯ | ૨૫ | ૩ | ૧ | ૩૧.૭૫ | ૩.૨૫ |
| સુરત | ૩૫.૦૦ | ૧૮ | ૧૪ | ૪ | ૦ | ૨૪.૨૫ | ૧૦.૭૫ |
| સુરેન્દ્રનગર | ૨૫.૦૦ | ૯ | ૮ | ૧ | ૦ | ૨૨.૫૭ | ૨.૪૩ |
| તાપી-વ્યારા | ૧૭.૫૦ | ૯ | ૬ | ૩ | ૦ | ૧૨.૪૪ | ૫.૦૬ |
| વડોદરા | ૨૫.૦૦ | ૧૪ | ૧૨ | ૨ | ૦ | ૨૧.૨૫ | ૩.૭૫ |
| વલસાડ | ૨૫.૦૦ | ૧૨ | ૧૧ | ૧ | ૦ | ૨૨.૫૦ | ૨.૫૦ |
| **કુલ** | **૮૧૨.૫૦** | **૩૯૫** | **૩૩૭** | **૫૨** | **૬** | **૫૯૪.૬૯** | **૨૧૭.૮૧** |

**પત્રક-ક**

**(રકમ રૂ. લાખમાં)**

| જિલ્લો | જિલ્લાને ફાળવવામાં આવેલ ગ્રાંટ | વહીવટી મંજૂરી આપેલ કામો | પૂર્ણ થયેલ કામો | પ્રગતિ હેઠળના કામો | શરૂ ન થયેલ કામો | ફાળવવામાં આવેલ ગ્રાંટ પૈકી થયેલ ખર્ચ | વણવપરાયેલ રકમ |
|---|---|---|---|---|---|---|---|
| અમદાવાદ | ૩૨.૫૦ | ૫ | ૪ | ૧ | ૦ | ૧૧.૪૮ | ૨૧.૦૨ |
| અમરેલી | ૩૨.૫૦ | ૧૩ | ૯ | ૧ | ૩ | ૧૮.૫૦ | ૧૪.૦૦ |
| આણંદ | ૩૫.૦૦ | ૧૧ | ૮ | ૩ | ૦ | ૧૩.૨૫ | ૨૧.૭૫ |
| અરવલ્લી | ૧૭.૫૦ | ૧૫ | ૧૧ | ૨ | ૨ | ૭.૫૦ | ૧૦.૦૦ |
| બનાસકાંઠા | ૪૦.૦૦ | ૧૬ | ૬ | ૪ | ૬ | ૧૪.૫૧ | ૨૫.૪૯ |
| ભરૂચ | ૩૨.૫૦ | ૯ | ૬ | ૩ | ૦ | ૧૩.૦૦ | ૧૯.૫૦ |
| ભાવનગર | ૨૫.૦૦ | ૧૧ | ૯ | ૦ | ૨ | ૧૯.૯૯ | ૫.૦૧ |
| બોટાદ | ૧૦.૦૦ | ૪ | ૩ | ૧ | ૦ | ૭.૩૬ | ૨.૬૪ |
| છોટાઉદેપુર | ૧૫.૦૦ | ૬ | ૬ | ૦ | ૦ | ૧૫.૦૦ | ૦.૦૦ |
| દાહોદ | ૨૨.૫૦ | ૧૧ | ૩ | ૭ | ૧ | ૭.૫૦ | ૧૫.૦૦ |
| ડાંગ | ૭.૫૦ | ૩ | ૩ | ૦ | ૦ | ૭.૪૭ | ૦.૦૩ |
| દેવભૂમિ દ્વારકા | ૧૦.૦૦ | ૪ | ૨ | ૨ | ૦ | ૭.૭૮ | ૨.૨૨ |
| ગાંધીનગર | ૨૫.૦૦ | ૧૪ | ૧૧ | ૩ | ૦ | ૨૩.૪૬ | ૧.૫૪ |
| ગીર સોમનાથ | ૨૦.૦૦ | ૫ | ૪ | ૧ | ૦ | ૭.૦૦ | ૧૩.૦૦ |
| જામનગર | ૨૦.૦૦ | ૮ | ૩ | ૪ | ૧ | ૫.૫૪ | ૧૪.૪૬ |
| જૂનાગઢ | ૩૨.૫૦ | ૧૨ | ૮ | ૧ | ૩ | ૧૦.૪૮ | ૨૨.૦૨ |
| ખેડા | ૩૫.૦૦ | ૩૫ | ૨૮ | ૭ | ૦ | ૩૧.૪૨ | ૩.૫૮ |
| કચ્છ | ૨૫.૦૦ | ૧૦ | ૩ | ૪ | ૩ | ૭.૫૦ | ૧૭.૫૦ |
| મહેસાણા | ૫૦.૦૦ | ૨૩ | ૧૬ | ૭ | ૦ | ૩૨.૪૫ | ૧૭.૫૫ |
| મહીસાગર | ૧૫.૦૦ | ૧૧ | ૮ | ૩ | ૦ | ૭.૫૦ | ૭.૫૦ |
| મોરબી | ૧૨.૫૦ | ૫ | ૫ | ૦ | ૦ | ૧૨.૫૦ | ૦.૦૦ |
| નર્મદા | ૧૨.૫૦ | ૮ | ૬ | ૨ | ૦ | ૭.૮૨ | ૪.૬૮ |
| નવસારી | ૨૭.૫૦ | ૧૧ | ૧૦ | ૧ | ૦ | ૨૫.૦૦ | ૨.૫૦ |
| પંચમહાલ | ૧૭.૫૦ | ૯ | ૫ | ૪ | ૦ | ૧૧.૫૦ | ૬.૦૦ |
| પાટણ | ૨૨.૫૦ | ૨ | ૨ | ૦ | ૦ | ૫.૦૦ | ૧૭.૫૦ |
| પોરબંદર | ૭.૫૦ | ૩ | ૧ | ૨ | ૦ | ૨.૫૦ | ૫.૦૦ |
| રાજકોટ | ૪૭.૫૦ | ૯ | ૨ | ૬ | ૧ | ૫.૦૦ | ૪૨.૫૦ |
| સાબરકાંઠા | ૩૫.૦૦ | ૨૧ | ૨૦ | ૧ | ૦ | ૩૨.૫૦ | ૨.૫૦ |
| સુરત | ૩૫.૦૦ | ૧૫ | ૭ | ૭ | ૧ | ૧૫.૪૩ | ૧૯.૫૭ |
| સુરેન્દ્રનગર | ૨૫.૦૦ | ૯ | ૬ | ૨ | ૧ | ૧૫.૬૮ | ૯.૩૨ |
| તાપી-વ્યારા | ૧૭.૫૦ | ૮ | ૩ | ૪ | ૧ | ૭.૪૯ | ૧૦.૦૧ |
| વડોદરા | ૨૫.૦૦ | ૧૩ | ૯ | ૪ | ૦ | ૧૭.૧૨ | ૭.૮૮ |
| વલસાડ | ૨૫.૦૦ | ૧૩ | ૮ | ૩ | ૨ | ૧૫.૯૬ | ૯.૦૪ |
| **કુલ** | **૮૧૨.૫૦** | **૩૫૨** | **૨૩૫** | **૯૦** | **૨૭** | **૪૪૨.૧૯** | **૩૭૦.૩૧** |

- - - - - - - -

**સામાન્ય વહીવટ વિભાગ અને તાબાની કચેરીનું મહેકમ**

અતારાંકિતઃ ૭૨૦ (૧૪-૦૯-૨૦૨૩) **શ્રી ગુલાબસિંહ ચૌહાણ** (લુણાવાડા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ સામાન્ય વહીવટ વિભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલી છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી એક વર્ષ, બે વર્ષ અને ત્રણ વર્ષ કરતા વધુ સમયથી કેટલી જગ્યાઓ ખાલી છે,

(૪) તે અન્વયે શા પગલાં લેવામાં આવ્યા ?

**મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) **:** (૧૧-૦૯-૨૦૨૩)

(૧), (૨) અને (૩) * પત્રક મુજબ

(૪) જગ્યાઓ ખાલી પડવી અને ભરાવી એ નિરંતર ચાલતી વહીવટી પ્રક્રિયા છે, આથી ખાલી જગ્યાઓ વહીવટી અનુકૂળતાએ ભરી શકાશે.

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

- - - - - - - -

**કૃષિ પ્રભાગ હસ્તકની ખેડૂતલક્ષી યોજનાઓ**

અતારાંકિતઃ ૫૪૧ (૧૩-૦૬-૨૦૨૩) **શ્રી હેમંતભાઇ આહિર** (જામજોધપુર): **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૫-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કૃષિ પ્રભાગ હસ્તકની ખેડૂતલક્ષી કઇ-કઇ યોજનાઓ ક્યારે બંધ કરવામાં આવી,

(૨) ઉક્ત કઇ-કઇ યોજનાઓ ક્યારથી અમલમાં હતી, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત યોજનાઓ બંધ કરવાના કારણો શાં છે ?

**કૃષિ મંત્રીશ્રી :** (૧૧-૦૯-૨૦૨૩)

(૧) *પત્રક-૧ મુજબ

(૨) *પત્રક-૨ મુજબ

(૩) *પત્રક-૩ મુજબ

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

- - - - - - - -

**સહકાર પ્રભાગ અને તાબાની કચેરીનું મહેકમ**

અતારાંકિતઃ ૭૪૦ (૧૪-૦૭-૨૦૨૩) **શ્રી કિરીટકુમાર પટેલ** (પાટણ): **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ સહકાર પ્રભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલી છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૩) ખાલી જગ્યાઓ પૈકી એક વર્ષ, બે વર્ષ અને ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૪) આ ખાલી જગ્યાઓ ભરવા શા પગલાં લેવામાં આવ્યા ?

**સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૦૪-૦૯-૨૦૨૩)

(૧) અને (૨)

તા. ૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ સહકાર પ્રભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમઃ-

| **અનું. નં.** | **સંવર્ગ** | **કુલ** | **ભરેલી** | **ખાલી** |
|---|---|---|---|---|
| **(૧)** | **(૨)** | **(૩)** | **(૪)** | **(૫)** |
| ૧ | અધિક રજિસ્ટ્રાર સંવર્ગ | ૫ | ૩ | ૨ |
| ૨ | સંયુક્ત રજિસ્ટ્રાર સંવર્ગ (વર્ગ-૧ ઉપલી કક્ષા) | ૨૮ | ૨૧ | ૭ |
| ૩ | જિલ્લા રજિસ્ટ્રાર વર્ગ-૧ | ૯૦ | ૩૨ | ૫૮ |
| ૪ | મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર વર્ગ-૨ | ૧૮૫ | ૩૧ | ૧૫૪ |

| | | | | |
|---|---|---|---|---|
| ૫ | કાર્યાલય અધિક્ષક (વર્ગ-૩) | ૨૩૬ | ૨૫ | ૨૧૧ |
| ૬ | હેડ ક્લાર્ક (વર્ગ-૩) | ૫૯૫ | ૨૮૧ | ૩૧૪ |
| ૭ | સીની. ક્લાર્ક (વર્ગ-૩) | ૮૩૦ | ૪૭૪ | ૩૫૬ |
| ૮ | જૂની. ક્લાર્ક (વર્ગ-૩) | ૭૩૧ | ૨૦૧ | ૫૩૦ |
| | **કુલ** | **૨૭૦૦** | **૧૦૬૮** | **૧૬૩૨** |

**ગુજરાત રાજય સહકારી ટ્રીબ્યુનલની મહેકમની જગ્યાઓની માહિતીઃ-**

| **ક્રમ** | **જગ્યાનું નામ** | **મંજૂર થયેલ જગ્યા** | **ભરાયેલ જગ્યા** | **ખાલી જગ્યા** |
|---|---|---|---|---|
| ૧ | પ્રમુખ (જ્યુડીશીયલ) | ૧ | ૦ | ૧ |
| ૨ | સભ્ય (જ્યુડીશીયલ) | ૧ | ૧ | ૦ |
| ૩ | સભ્ય (સહકાર) | ૨ | ૧ | ૧ |
| ૪ | રજિસ્ટ્રાર (વર્ગ-૨) | ૧ | ૦ | ૧ |
| ૫ | ગુજરાતી સ્ટેનો ગ્રેડ-૧ | ૧ | ૧ | ૦ |
| ૬ | ગુજરાતી સ્ટેનો ગ્રેડ-૨ | ૧ | ૦ | ૧ |
| ૭ | અંગ્રેજી સ્ટેનોગ્રાફર | ૨ | ૦ | ૨ |
| ૮ | બેન્ચ ક્લાર્ક | ૧ | ૧ | ૦ |
| ૯ | સિનિયર ક્લાર્ક | ૨ | ૨ | ૦ |
| ૧૦ | જૂનીયર ક્લાર્ક | ૩ | ૦ | ૩ |
| ૧૧ | ગુજરાતી ટાઈપીસ્ટ | ૨ | ૦ | ૨ |
| ૧૨ | નાયક (વર્ગ-૪) | ૧ | ૦ | ૧ |
| ૧૩ | પટાવાળા | ૪ | ૩ | ૧ |
| | **કુલ** | **૨૨** | **૯** | **૧૩** |

(૩) **ખાલી જગ્યાઓ પૈકી એક વર્ષ, બે વર્ષ અને ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી ખાલી જગ્યાની માહિતીઃ-**

| **અનું. નં.** | **સંવર્ગ** | **ખાલી જગ્યાનો સમયગાળો** | | | **કુલ** |
|---|---|---|---|---|---|
| | | **એક વર્ષ** | **બે વર્ષ** | **ત્રણ વર્ષ** | |
| **(૧)** | **(૨)** | **(૩)** | **(૪)** | **(૫)** | **(૬)** |
| ૧ | અધિક રજિસ્ટ્રાર સંવર્ગ | ૦૧ | ૦૧ | -- | ૦૨ |
| ૨ | સંયુક્ત રજિસ્ટ્રાર સંવર્ગ (વર્ગ-૧ ઉપલી કક્ષા) | ૦૫ | ૦૨ | -- | ૦૭ |
| ૩ | જિલ્લા રજિસ્ટ્રાર વર્ગ-૧ | ૨૦ | ૦૩ | ૩૫ | ૫૮ |
| ૪ | મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર વર્ગ-૨ | ૧૯ | ૦૫ | ૧૩૦ | ૧૫૪ |
| ૫ | કાર્યાલય અધિક્ષક (વર્ગ-૩) | ૫૦ | ૯૮ | ૬૩ | ૨૧૧ |
| ૬ | હેક ક્લાર્ક (વર્ગ-૩) | ૫૨ | ૪૩ | ૨૧૯ | ૩૧૪ |
| ૭ | સીની. ક્લાર્ક (વર્ગ-૩) | ૩૪ | ૧૯ | ૩૦૩ | ૩૫૬ |
| ૮ | જૂની. ક્લાર્ક (વર્ગ-૩) | ૧૩૪ | ૧૦૨ | ૨૯૪ | ૫૩૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | **કુલ** | **૩૧૫** | **૨૭૩** | **૧૦૪૪** | **૧૬૩૨** |

**ગુજરાત રાજ્ય સહકારી ટ્રીબ્યુનલની મહેકમની ખાલી જગ્યાઓની માહિતીઃ-**

| અનું. નં. | સંવર્ગ | ખાલી જગ્યાનો સમયગાળો | | | કુલ |
|---|---|---|---|---|---|
| | | એક વર્ષ | બે વર્ષ | ત્રણ વર્ષ | |
| ૧ | પ્રમુખ (જ્યુડીશીયલ) | ૦ | ૧ | ૦ | ૧ |
| ૨ | સભ્ય (જ્યુડીશીયલ) | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | સભ્ય (સહકાર) | ૦ | ૦ | ૧ | ૧ |
| ૪ | રજિસ્ટ્રાર (વર્ગ-૨) | ૦ | ૧ | ૦ | ૧ |
| ૫ | ગુજરાતી સ્ટેનો ગ્રેડ-૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬ | ગુજરાતી સ્ટેનો ગ્રેડ-૨ | ૦ | ૦ | ૧ | ૧ |
| ૭ | અંગ્રેજી સ્ટેનોગ્રાફર | ૦ | ૦ | ૨ | ૨ |
| ૮ | બેન્ચ ક્લાર્ક | ૦ | ૦ | ૦ | ૦ |
| ૯ | સિનિયર ક્લાર્ક | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૦ | જૂનીયર ક્લાર્ક | ૧ | ૧ | ૧ | ૩ |
| ૧૧ | ગુજરાતી ટાઇપીસ્ટ | ૦ | ૦ | ૨ | ૨ |
| ૧૨ | નાયક (વર્ગ-૪) | ૦ | ૦ | ૧ | ૧ |
| ૧૩ | પટાવાળા | ૦ | ૦ | ૧ | ૧ |
| | **કુલ** | **૧** | **૩** | **૯** | **૧૩** |

(૪) ખાલી જગ્યાઓ ભરવા અંગે અત્રેથી સંવર્ગવાર કરેલ કાર્યવાહી નીચે મુજબ છેઃ-

| અ. નં. | સંવર્ગ | ખાલી જગ્યાઓ | ખાલી જગ્યા ભરવા કરેલ કાર્યવાહી |
|---|---|---|---|
| **(૧)** | **(૨)** | **(૩)** | **(૪)** |
| ૧ | અધિક રજિસ્ટ્રાર | ૨ | બઢતીથી જગ્યા ભરવાની બાબત હાલમાં વિચારણા હેઠળ છે. |
| ૨ | સંયુક્ત રજિસ્ટ્રાર (વર્ગ-૧ ઉપલી કક્ષા) | ૭ | વિભાગના તા.૧૪-૦૮-૨૦૨૩ની અધિસૂચનાથી સંયુક્ત રજિસ્ટ્રાર સંવર્ગની બોર્ડ ઓફ નોમીનીઝની કુલ-૦૭ જગ્યાઓ ભરાઈ ગયેલ છે. |
| ૩ | જિલ્લા રજિસ્ટ્રાર વર્ગ-૧ | ૫૮ | (એ) જિલ્લા રજિસ્ટ્રાર-વર્ગ-૧ની સીધી ભરતીની ખાલી જગ્યાઓ પૈકી સને ૨૦૨૧માં ૦૧ જગ્યા ભરવા અંગેની ભરતી પ્રક્રિયા હાલમાં ચાલુ છે તથા સને ૨૦૨૨માં ૦૨ જગ્યા ભરવા અંગેના માંગણાપત્રક અત્રેના તા.૦૫-૦૬-૨૦૨૩ના રોજ ગુજરાત જાહેર સેવા આયોગને મોકલી આપવા સામાન્ય વહિવટ વિભાગને મોકલી આપેલ છે. |
| ૪ | પ્રમુખ (જ્યુડીશીયલ) | ૧ | ગુજરાત રાજ્ય સહકારી ટ્રીબ્યુનલ ખાતે સદર જગ્યા ભરવાની કાર્યવાહી ગતિમાં છે |
| ૫ | સભ્ય (સહકાર) | ૧ | ગુજરાત રાજ્ય સહકારી ટ્રીબ્યુનલ ખાતે સદર જગ્યા ભરવાની કાર્યવાહી ગતિમાં છે |
| ૬ | મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર વર્ગ-૨ | ૧૫૪ | સીધી ભરતીની ખાલી જગ્યાઓ પૈકી સને ૨૦૨૧માં ૧૦ જગ્યા ભરવા અંગેની ભરતી પ્રક્રિયા હાલમાં ચાલુ છે તથા સને ૨૦૨૩માં ૯૮ જગ્યા ભરવા અંગેના માંગણાપત્રક અત્રેના તા.૨૭-૦૭-૨૦૨૩ પત્રથી ગુજરાત જાહેર સેવા |

| | | | |
|---|---|---|---|
| | | | આયોગને મોકલી આપવા સામાન્ય વહીવટ વિભાગને મોકલી આપેલ છે. |
| ૭ | કાર્યાલય અધિક્ષક | ૨૨૫ | કાર્યાલય અધિક્ષક સંવર્ગમાં બઢતીથી ભરવાની થતી ૧૪૫ જગ્યાઓ અંગે ખાસ કિસ્સામાં અનુભવનો સમયગાળો વેવ કરીને બઢતીથી ભરવાની મંજૂરી વિભાગના તા.૧૯-૦૪-૨૦૨૩ના પત્રથી આપેલ છે. સદર જગ્યાઓ બઢતીથી ભરવાની પ્રક્રિયા હાલ રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓની કચેરી, ગાંધીનગર ખાતે ચાલુ છે. |
| ૮ | ગુજરાતી સ્ટેનો ગ્રેડ-૨ | ૧ | સામાન્ય વહીવટ વિભાગ દ્વારા નિમણૂંક હુકમ કરવામાં આવે છે. |
| ૯ | અંગ્રેજી સ્ટેનોગ્રાફર | ૨ | સામાન્ય વહીવટ વિભાગ દ્વારા નિમણૂંક હુકમ કરવામાં આવે છે. |
| ૧૦ | હેડ ક્લાર્ક | ૩૧૪ | (એ) સીધી ભરતીથી ભરવાની ૧૪૮ જગ્યાઓ પૈકી સહકાર ખાતાની ૧૧૮ જગ્યાઓ માટે માંગણાપત્રક વિભાગે તા.૨૪-૦૪-૨૦૨૩ના રોજ ગૌણ સેવા પસંદગી મંડળને મોકલી આપેલ છે.<br>(બી) બઢતીથી ભરવાની થતી જગ્યાઓ પૈકી ૪૮ જગ્યા પર બઢતી આપવા અંગેની મંજૂરી વિભાગ દ્વારા તા.૨૪-૦૨-૨૩ના રોજ આપેલ છે. સદર જગ્યાઓ બઢતીથી ભરવાની પ્રક્રિયા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓની કચેરી, ગાંધીનગર ખાતે હાલ ચાલુ છે. |
| ૧૧ | સિનિયર ક્લાર્ક | ૩૫૬ | સીધી ભરતીથી ભરવાની થતી ૨૧૮ જગ્યાઓ માટેના માંગણાપત્રક વિભાગે તા.૧૧-૦૫-૨૦૨૩ના રોજ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળને મોકલી આપેલ છે. |
| ૧૨ | જૂનીયર ક્લાર્ક | ૫૩૦ | સીધી ભરતીથી ભરવાની થતી જગ્યાઓ પૈકી ૫૫ જગ્યાઓ માટે માંગણાપત્રકો તા.૦૧-૦૫-૨૦૨૩ના રોજ ગૌણ સેવા મંડળને મોકલેલ છે. તેમજ ૨૬૪ જગ્યાઓ ભરવા અંગે સ્થાયી સમિતિની મંજૂરી મળી ગયેલી હોવાથી હવે માંગણાપત્રક ગૌણ સેવા પસંદગી મંડળને મોકલવાના થાય છે. જે કાર્યવાહી હાલ ચાલુ છે. |
| ૧૩ | ગુજરાતી ટાઇપીસ્ટ | ૨ | ગુજરાત રાજ્ય સહકારી ટ્રીબ્યુનલ ખાતે સદર જગ્યા ભરવાની કાર્યવાહી ગતિમાં છે. |

- - - - - - - -

## કૃષિ પ્રભાગની તાબાની કચેરીઓનું મંજૂર મહેકમ

અતારાંકિતઃ ૭૭૧ (૧૪-૦૭-૨૦૨૩) **શ્રી અમીત ચાવડા** (આંકલાવ): **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ કૃષિ પ્રભાગની તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલી છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ખાલી જગ્યાઓ ભરવા માટે શી કાર્યવાહી કરવામાં આવી છે ?

**કૃષિ મંત્રીશ્રી :** (૧૧-૦૯-૨૦૨૩)

(૧) *પત્રક-૧ મુજબ

(૨) *પત્રક-૨ મુજબ

(૩) *પત્રક-૩ મુજબ

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

\- - - - - - - -

**કોડીનાર તાલુકાની ખેતીવાડી ઉત્પાદન બજાર સમિતિને સહાય**

અતારાંકિતઃ ૭૮૫ (૧૪-૦૭-૨૦૨૩) **શ્રી જીજ્ઞેશ મેવાણી** (વડગામ): **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૬-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગીર સોમનાથ જિલ્લામાં કોડીનાર તાલુકામાં આવેલ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, કોડીનારમાં એસેપ્ટીક ડેર્નીંગ મેંગો પલ્સ યુનિટ માટે કોઈ સહાય કે ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે કે કેમ, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ઉક્ત યુનિટમાંથી વર્ષવાર કેટલી આવક થઈ?

**સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૦૮-૦૯-૨૦૨૩)

(૧) રાજ્ય સરકારશ્રી દ્વારા એસેપ્ટીક ડેર્નીંગ મેંગો પલ્સ માટે કોઈ સહાયની યોજના અમલમાં નથી. છેલ્લા ત્રણ વર્ષમાં કોડીનાર તાલુકામાં આવેલ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, કોડીનારમાં એસેપ્ટીક ડેર્નીંગ મેંગો પલ્સ માટે રાજ્ય સરકારશ્રી દ્વારા કોઈ સહાય કે ગ્રાંટ ફાળવવામાં આવેલ નથી.

(૨) સને : ૨૦૨૦-૨૧માં રૂ.૧૨.૭૭/- લાખની તથા સને : ૨૦૨૧-૨૨માં રૂ.૫.૭૫/- લાખની આવક ઉક્ત યુનિટમાંથી થયેલ છે. સને : ૨૦૨૨-૨૩માં ઉક્ત યુનિટથી કોઈ આવક થયેલ નથી. (''સને : ૨૦૨૨-૨૩માં તાઉતે વાવાઝોડાના કારણે કોડીનાર તથા ઉના વિસ્તારના કેરીના બગીચામાં મોટા પાયે નુકશાન થવાથી રો-મટીરીયલ પુરતા પ્રમાણમાં ન મળતા તેમજ કેરીની પડતર કિંમત ઉંચી જતા પ્લાન્ટ ચાલુ કરેલ નથી.'')

\- - - - - - - -

**સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ખાલી જગ્યાઓ**

અતારાંકિતઃ ૯૦ (૦૧-૦૫-૨૦૨૩) **ડૉ. તુષાર ચૌધરી** (ખેડબ્રહ્મા): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેટલી સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી પ્રાથમિક શાળાઓ આવેલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં શિક્ષકો અને આચાર્યની કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવાનું આયોજન છે?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૦૨-૦૯-૨૦૨૩)

(૧) પત્રક - અ મુજબ

(૨) પત્રક – બ મુજબ

(૩) સરકારી પ્રાથમિક શાળાઓમાં ૨૬૦૦ વિદ્યાસહાયકની નિમણૂંક કરવામાં આવેલ છે. અને અંદાજિત ૧૫૦૦૦ જ્ઞાનસહાયકોની ભરતી કરવામાં આવનાર છે. જ્યારે ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં જગ્યાઓ રદ કરેલ હોઈ ખાલી જગ્યા રહેવા પામેલ છે.

**પત્રક-અ**

**તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ જિલ્લાવાર કાર્યરત પ્રાથમિક શાળાની વિગત**

| ક્રમ | જિલ્લાનું નામ | સરકારી | ગ્રાન્ટેડ | ખાનગી |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૬૮૭ | ૨૮ | ૨૦૬ |
| ૨ | વડોદરા | ૧૦૪૯ | ૪૩ | ૧૬૦ |
| ૩ | રાજકોટ | ૮૫૪ | ૬ | ૫૨૪ |

| | | | | |
|---|---|---|---|---|
| ૪ | સુરત | ૯૩૮ | ૨૧ | ૪૪૭ |
| ૫ | ખેડા | ૧૩૫૦ | ૪૯ | ૨૨૨ |
| ૬ | આણંદ | ૯૯૨ | ૭૯ | ૧૯૨ |
| ૭ | પંચમહાલ | ૧૩૮૪ | ૨૨ | ૧૩૯ |
| ૮ | દાહોદ | ૧૬૪૭ | ૨૩ | ૧૩૪ |
| ૯ | સાબરકાંઠા | ૧૧૬૩ | ૪૦ | ૨૨૫ |
| ૧૦ | જૂનાગઢ | ૭૧૭ | ૫ | ૪૪૨ |
| ૧૧ | પોરબંદર | ૩૦૯ | ૦ | ૧૦૮ |
| ૧૨ | મહેસાણા | ૯૮૪ | ૪૪ | ૨૩૪ |
| ૧૩ | પાટણ | ૭૯૨ | ૧૫ | ૧૧૬ |
| ૧૪ | ભાવનગર | ૯૩૧ | ૫ | ૧૫૬ |
| ૧૫ | જામનગર | ૬૬૪ | ૮ | ૨૩૭ |
| ૧૬ | અમરેલી | ૭૬૧ | ૪ | ૨૦૯ |
| ૧૭ | કચ્છ | ૧૬૬૧ | ૧૬ | ૩૯૬ |
| ૧૮ | ભરૂચ | ૮૭૭ | ૧૮ | ૩૨૩ |
| ૧૯ | નર્મદા | ૬૮૦ | ૨ | ૪૫ |
| ૨૦ | વલસાડ | ૯૫૭ | ૧૦ | ૨૭૫ |
| ૨૧ | નવસારી | ૬૬૩ | ૫ | ૧૪૭ |
| ૨૨ | બનાસકાંઠા | ૨૩૫૬ | ૧૭ | ૫૭ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૮૫૬ | ૭ | ૨૪૯ |
| ૨૪ | ગાંધીનગર | ૫૬૮ | ૩૯ | ૨૭૧ |
| ૨૫ | ડાંગ | ૩૭૮ | ૧ | ૨૫ |
| ૨૬ | તાપી | ૭૯૭ | ૨ | ૬૨ |
| ૨૭ | મોરબી | ૫૮૫ | ૧ | ૨૦૨ |
| ૨૮ | દેવભૂમિ દ્વારકા | ૫૯૨ | ૧ | ૧૮૭ |
| ૨૯ | બોટાદ | ૨૨૫ | ૧ | ૬૫ |
| ૩૦ | ગીર-સોમનાથ | ૫૪૬ | ૦ | ૨૮૫ |
| ૩૧ | છોટા-ઉદેપુર | ૧૨૫૧ | ૧૨ | ૬૭ |
| ૩૨ | અરવલ્લી | ૧૧૯૮ | ૧૬ | ૧૨૪ |
| ૩૩ | મહીસાગર | ૧૧૯૧ | ૧૨ | ૬૧ |

**પત્રક-બ**

**પ્રાથમિક શાળામાં ખાલી જગ્યાની વિગત**

| ક્રમ | જિલ્લાનું નામ | સરકારી | | ગ્રાન્ટેડ |
|---|---|---|---|---|
| | | શિક્ષક | આચાર્ય | શિક્ષક |
| ૧ | અમદાવાદ | ૬૩૮ | ૩૦ | ૭૦ |
| ૨ | વડોદરા | ૪૮૪ | ૪ | ૩૪ |
| ૩ | રાજકોટ | ૭૨૫ | ૦ | ૧૨ |
| ૪ | સુરત | ૫૧૮ | ૧૭ | ૪૩ |
| ૫ | ખેડા | ૬૨૧ | ૨૫ | ૩૦ |
| ૬ | આણંદ | ૬૩૫ | ૬૫ | ૩૩ |
| ૭ | પંચમહાલ | ૬૦૦ | ૬૩ | ૧૫ |
| ૮ | દાહોદ | ૧૦૪૨ | ૩૦૪ | ૩૬ |
| ૯ | સાબરકાંઠા | ૫૯૮ | ૩૧ | ૪૫ |
| ૧૦ | જૂનાગઢ | ૪૩૧ | ૨ | ૮ |
| ૧૧ | પોરબંદર | ૨૨૯ | ૬ | ૦ |

| ક્રમ | જિલ્લાનું નામ | સરકારી | | ગ્રાન્ટેડ |
|---|---|---|---|---|
| | | શિક્ષક | આચાર્ય | શિક્ષક |
| ૧૨ | મહેસાણા | ૫૪૭ | ૦ | ૫૫ |
| ૧૩ | પાટણ | ૩૬૭ | ૨ | ૨૩ |
| ૧૪ | ભાવનગર | ૫૦૩ | ૪૧ | ૨૭ |
| ૧૫ | જામનગર | ૩૫૧ | ૦ | ૩૩ |
| ૧૬ | અમરેલી | ૬૬૩ | ૩૭ | ૯ |
| ૧૭ | કચ્છ | ૧૪૯૮ | ૪૬ | ૬૭ |
| ૧૮ | ભરૂચ | ૪૭૭ | ૨૫ | ૩૩ |
| ૧૯ | નર્મદા | ૩૩૩ | ૧૬ | ૪ |
| ૨૦ | વલસાડ | ૩૩૮ | ૭ | ૧૯ |
| ૨૧ | નવસારી | ૩૨૯ | ૦ | ૧૧ |
| ૨૨ | બનાસકાંઠા | ૧૧૨૪ | ૧૩૩ | ૩૪ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૫૫૩ | ૨૬ | ૧૩ |
| ૨૪ | ગાંધીનગર | ૨૯૨ | ૧ | ૫૨ |
| ૨૫ | ડાંગ | ૧૨૨ | ૨૯ | ૨ |
| ૨૬ | તાપી | ૪૨૯ | ૦ | ૪ |
| ૨૭ | મોરબી | ૫૨૨ | ૪૮ | ૦ |
| ૨૮ | દેવભૂમિ દ્વારકા | ૫૭૮ | ૪ | ૨ |
| ૨૯ | બોટાદ | ૨૪૪ | ૩૫ | ૧ |
| ૩૦ | ગીર-સોમનાથ | ૪૩૩ | ૨ | ૦ |
| ૩૧ | છોટા-ઉદેપુર | ૩૧૩ | ૬૭ | ૧૬ |
| ૩૨ | અરવલ્લી | ૩૨૨ | ૧૮ | ૧૭ |
| ૩૩ | મહીસાગર | ૬૭૯ | ૨૨ | ૨૨ |

**નોંધઃ** અનુદાનિત પ્રાથમિક શાળામાં આચાર્યની નિમણૂંકની જોગવાઈ નથી.

--------

**સરકારી પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટર લેબ અને વિજ્ઞાન પ્રયોગશાળાની સુવિધા**

અતારાંકિતઃ ૧૨૭ (૦૧-૦૫-૨૦૨૩) **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેટલી સરકારી પ્રાથમિક શાળાઓમાં કમ્પ્યુટર લેબ અને વિજ્ઞાન પ્રયોગશાળાની સુવિધા નથી, અને

(૨) ઉક્ત શાળાઓમાં ક્યાં સુધીમાં કોમ્પ્યુટર લેબ અને વિજ્ઞાન પ્રયોગશાળાની સુવિધા ઉપલબ્ધ કરાવવાનું આયોજન છે ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૦૨-૦૯-૨૦૨૩)

(૧) પત્રક-૧ મુજબ

- સામાન્ય રીતે રાજ્યની સરકારી પ્રા.શાળાઓમાં અલગથી વિજ્ઞાન પ્રયોગશાળા આપવા માટે કોઈ જોગવાઈ નથી. કારણ કે શિક્ષક (શાળાના મહેકમ) મુજબ જ વર્ગખંડ આપવાનો નિયમ છે જેથી અલગથી પ્રયોગશાળા માટે રૂમ મેળવવા મુશ્કેલી રહે છે. પરંતુ બાળકોને વિજ્ઞાન તથા ગણિત જેવા વિષયોમાં રસ અને રૂચી વધે તે ઉદ્દેશથી અલગ અલગ ગણિત-વિજ્ઞાનની કીટ રાજ્યની સરકારી પ્રા.શાળાઓમાં આપવામાં આવેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ નામાંકનને આધારે પ્રાથમિકતા આપી તબક્કાવાર જેમ બને તેમ ઝડપથી બાકી રહેલ સરકારી પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટર લેબ ઉપલબ્ધ કરાવવાનું આયોજન છે, અને

- ઉક્ત સ્થિતિ ઉપરાંત ગત નાણાકીય વર્ષના બજેટમાંથી ૧૦૦૦ સરકારી પ્રાથમિક શાળાઓમાં LBD (લર્નિંગ બાય ડુઇંગ) કીટ આપવાનું કાર્ય ચાલુ છે.
- ગત વર્ષે NCERT, દિલ્હીને રાજ્યની ૬૯૬૦ સરકારી પ્રાથમિક શાળાઓમાં ગણિત કીટ આપવા માટેનો વર્ક ઓર્ડર આપેલ છે.
- ઉક્ત સ્થિતિએ નામાંકનને તથા નાણાકીય જોગવાઈઓના આધારે પ્રાથમિકતા આપી તબક્કાવાર નિયત સમયમર્યાદામાં બાકી રહેલ સરકારી પ્રાથમિક શાળાઓમાં ઉપરોક્ત કીટ ઉપલબ્ધ કરાવવાનું આયોજન છે.

**પત્રક-૧**

| **જિલ્લો** | **કુલ સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યા (ધો. ૧ થી ૮ સુધીની)** | **કોમ્પ્યુટર લેબ ઈન્સ્ટોલેશન પ્રગતિમાં છે તેવી શાળાઓની સંખ્યા** | **કોમ્પ્યુટર લેબ ફાળવવાની બાકી હોય તેવી શાળાઓની સંખ્યા** |
|---|---|---|---|
| અમદાવાદ | ૫૭૮ | ૨૨૯ | ૩૪૯ |
| અમદાવાદ કોર્પો. | ૩૬૮ | ૧૫૨ | ૨૧૬ |
| અમરેલી | ૬૪૬ | ૧૫૭ | ૪૮૯ |
| આણંદ | ૬૧૧ | ૨૪૧ | ૩૭૦ |
| અરવલ્લી | ૫૮૪ | ૬૨ | ૫૨૨ |
| બનાસકાંઠા | ૧૨૭૫ | ૬૨૯ | ૬૪૬ |
| ભરૂચ | ૫૫૩ | ૧૧૮ | ૪૩૫ |
| ભાવનગર | ૮૬૩ | ૩૧૧ | ૫૫૨ |
| બોટાદ | ૨૨૮ | ૧૧૮ | ૧૧૦ |
| છોટાઉદેપુર | ૩૯૭ | ૬૧ | ૩૩૬ |
| દેવભૂમિ દ્વારકા | ૩૮૪ | ૪૭ | ૩૩૭ |
| દાહોદ | ૮૫૫ | ૪૨૭ | ૪૨૮ |
| ગાંધીનગર | ૪૩૮ | ૧૫૨ | ૨૮૬ |
| ગીર સોમનાથ | ૪૬૦ | ૧૬૨ | ૨૯૮ |
| જામનગર | ૫૯૮ | ૧૦૮ | ૪૯૦ |
| જૂનાગઢ | ૫૧૯ | ૮૪ | ૪૩૫ |
| કચ્છ | ૧૧૮૪ | ૨૫૭ | ૯૨૭ |
| ખેડા | ૭૫૧ | ૨૫૪ | ૪૯૭ |
| મહેસાણા | ૭૩૮ | ૨૨૮ | ૫૧૦ |
| મહીસાગર | ૫૦૬ | ૮૩ | ૪૨૩ |
| મોરબી | ૪૨૮ | ૧૦૨ | ૩૨૬ |
| નર્મદા | ૨૮૭ | ૩૯ | ૨૪૮ |
| નવસારી | ૪૦૨ | ૭૧ | ૩૩૧ |
| પંચમહાલ | ૭૬૧ | ૧૯૪ | ૫૬૭ |
| પાટણ | ૫૯૬ | ૧૨૫ | ૪૭૧ |
| પોરબંદર | ૨૨૬ | ૪૬ | ૧૮૦ |
| રાજકોટ | ૭૨૬ | ૧૩૫ | ૫૯૧ |
| રાજકોટ કોર્પો. | ૭૮ | ૪૭ | ૩૧ |
| સાબરકાંઠા | ૬૫૪ | ૧૬૦ | ૪૯૪ |
| સુરત કોર્પો. | ૩૨૧ | ૧૫૭ | ૧૬૪ |
| સુરત | ૪૩૮ | ૧૧૯ | ૩૧૯ |

| જિલ્લો | કુલ સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યા (ધો. ૧ થી ૮ સુધીની) | કોમ્પ્યુટર લેબ ઈન્સ્ટોલેશન પ્રગતિમાં છે તેવી શાળાઓની સંખ્યા | કોમ્પ્યુટર લેબ ફાળવવાની બાકી હોય તેવી શાળાઓની સંખ્યા |
|---|---|---|---|
| સુરેન્દ્રનગર | ૬૮૧ | ૨૦૦ | ૪૮૧ |
| તાપી | ૩૧૧ | ૭૨ | ૨૩૯ |
| ડાંગ | ૧૨૯ | ૩૫ | ૯૪ |
| વડોદરા | ૪૪૫ | ૧૪૦ | ૩૦૫ |
| વલસાડ | ૫૦૩ | ૧૩૬ | ૩૬૭ |
| વલસાડ કોર્પો. | ૧૧૭ | ૫૭ | ૬૦ |
| **કુલ** | **૧૯૬૩૯** | **૫૭૧૫** | **૧૩૯૨૪** |

- - - - - - - -

**માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ઓરડાઓની ઘટ**

અતારાંકિતઃ ૧૪૮ (૦૧-૦૫-૨૦૨૩) **ડૉ. સી. જે. ચાવડા** (વિજાપુર): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર સરકારી અને ગ્રાન્ટેડ કેટલી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં કેટલા ઓરડાની ઘટ છે, અને

(૨) ઉક્ત શાળાઓમાં ખૂટતા ઓરડાઓ ક્યાં સુધીમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૧૧-૦૯-૨૦૨૩)

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ઓરડાની ઘટ ધરાવતી શાળાઓની સંખ્યા દર્શાવતુ *પત્રક-અ તથા જિલ્લાવાર સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં કેટલા ઓરડાની ઘટ છે તેની વિગત દર્શાવતુ *પત્રક-બ આ સાથે સામેલ છે.

(૨) ઉક્ત શાળાઓમાં ખૂટતા ઓરડાઓ વહીવટી અનુકૂળતાએ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

- - - - - - - -

**માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં કંપાઉન્ડ વોલની સુવિધા**

અતારાંકિતઃ ૧૬૦ (૦૧-૦૫-૨૦૨૩) **શ્રી હેમંતભાઇ આહિર** (જામજોધપુર): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર સરકારી અને ગ્રાન્ટેડ કેટલી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં કંપાઉન્ડ વોલની સુવિધા ઉપલબ્ધ નથી તેમજ ઓરડાઓની ઘટ છે, અને

(૨) ઉક્ત શાળાઓમાં ક્યાં સુધીમાં કંપાઉન્ડ વોલની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૧૧-૦૯-૨૦૨૩)

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં કંપાઉન્ડ વોલની સુવિધા ઉપલબ્ધ નથી તેવી શાળાઓની સંખ્યા દર્શાવતુ *પત્રક-અ તેમજ ઓરડાઓની ઘટની વિગત દર્શાવતુ *પત્રક-બ સામેલ છે.

(૨) ઉક્ત શાળાઓમાં કંપાઉન્ડ વોલની સુવિધા વહીવટી અનુકૂળતાએ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

તા. ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૨૩
સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા અતારાંકિત પ્રશ્નો (૮૭-ક)
(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

- - - - - - - -

**બનાસકાંઠા, તાપી અને સુરેન્દ્રનગર જિલ્લામાં શિક્ષકોની ઘટ**

અતારાંકિતઃ ૩૫૮ (૦૯-૦૬-૨૦૨૩) **શ્રી અમૃતજી ઠાકોર** (કાંકરેજ): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) બનાસકાંઠા જિલ્લામાં ૫૯૫, તાપી જિલ્લામાં ૧૫૦ અને સુરેન્દ્રનગર જિલ્લામાં ૩૪૨ શિક્ષકોની ઘટ હતી તે ભરતી કેલેન્ડર અનુસાર જેમ બને તેમ જલ્દી ઘટ પૂરવામાં આવનાર હતી તો તે પૈકીના કેટલા શિક્ષકોની ઘટ તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર પૂરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની કેટલી ઘટ છે, અને

(૩) ઉક્ત ઘટ કેટલા સમયમાં પૂરવામાં આવશે ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૦૨-૦૯-૨૦૨૩)

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ નીચે મુજબ ઘટ પૂરવામાં આવેલ છે.

| બનાસકાંઠા | તાપી | સુરેન્દ્રનગર |
|---|---|---|
| ૨૩ | ૦૦ | ૦૦ |

(૨) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ નીચે મુજબ ઘટ છે.

| બનાસકાંઠા | તાપી | સુરેન્દ્રનગર |
|---|---|---|
| ૧૦૨૮ | ૪૨૯ | ૨૫૦ |

(૩) જેમ બને તેમ ઝડપથી.

- - - - - - - -

**પાટણ, મોરબી અને દાહોદ જિલ્લામાં શિક્ષકોની ઘટ**

અતારાંકિતઃ ૩૬૩ (૦૯-૦૬-૨૦૨૩) **શ્રી કિરીટકુમાર પટેલ** (પાટણ): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) પાટણ જિલ્લામાં ૨૧૮, મોરબી જિલ્લામાં ૬૩૨ અને દાહોદ જિલ્લામાં ૭૩૬ શિક્ષકોની ઘટ હતી તે ભરતી કેલેન્ડર અનુસાર જેમ બને તેમ જલ્દી ઘટ પૂરવામાં આવનાર હતી તો તે પૈકીના કેટલા શિક્ષકોની ઘટ તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર પૂરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની કેટલી ઘટ છે, અને

(૩) ઉક્ત ઘટ કેટલા સમયમાં પૂરવામાં આવશે ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૧૧-૦૯-૨૦૨૩)

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ નીચે મુજબ ઘટ પૂરવામાં આવેલ છે.

| પાટણ | મોરબી | દાહોદ |
|---|---|---|
| ૫૨ | ૧૧૫ | ૭૯૦ |

(૨) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ નીચે મુજબ શિક્ષકોની ઘટ છે.

| પાટણ | મોરબી | દાહોદ |
|---|---|---|
| ૩૬૯ | ૫૩૦ | ૧૧૭૯ |

(૩) જેમ બને તેમ જલ્દી.

- - - - - - - -

**મહેસાણા, ગાંધીનગર અને સુરત જિલ્લામાં શિક્ષકોની ઘટ**

અતારાંકિતઃ ૩૬૭ (૦૯-૦૬-૨૦૨૩) **શ્રી ડૉ. સી. જે. ચાવડા** (વિજાપુર): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) મહેસાણા જિલ્લામાં ૨૫, ગાંધીનગર જિલ્લામાં ૧૫૮ અને સુરત જિલ્લામાં ૧૬૬ શિક્ષકોની ઘટ હતી તે ભરતી કેલેન્ડર અનુસાર જેમ બને તેમ જલ્દી ઘટ પૂરવામાં આવનાર હતી તો તે પૈકીના કેટલા શિક્ષકોની ઘટ તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર પૂરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની કેટલી ઘટ છે, અને

(૩) ઉક્ત ઘટ કેટલા સમયમાં પૂરવામાં આવશે ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૧૧-૦૯-૨૦૨૩)

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ નીચે મુજબ ઘટ પૂરવામાં આવેલ છે.

| મહેસાણા | ગાંધીનગર | સુરત |
|---|---|---|
| ૨૧ | ૦૦ | ૨૩ |

(૨) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ નીચે મુજબ શિક્ષકોની ઘટ છે.

| મહેસાણા | ગાંધીનગર | સુરત |
|---|---|---|
| ૫૪૩ | ૩૩૦ | ૧૪૩ |

(૩) જેમ બને તેમ જલ્દી.

--------

**સાબરકાંઠા, જામનગર અને કચ્છ જિલ્લામાં શિક્ષકોની ઘટ**

અતારાંકિતઃ ૩૭૦ (૦૯-૦૬-૨૦૨૩) **ડૉ. તુષાર ચૌધરી** (ખેડબ્રહ્મા): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) સાબરકાંઠા જિલ્લામાં ૨૪૮, જામનગર જિલ્લામાં ૩૩૩ અને કચ્છ જિલ્લામાં ૧૭૯૩ શિક્ષકોની ઘટ હતી તે ભરતી કેલેન્ડર અનુસાર જેમ બને તેમ જલ્દી ઘટ પૂરવામાં આવનાર હતી તો તે પૈકીના કેટલા શિક્ષકોની ઘટ તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર પૂરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની કેટલી ઘટ છે, અને

(૩) ઉક્ત ઘટ કેટલા સમયમાં પૂરવામાં આવશે ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૦૨-૦૯-૨૦૨૩)

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ નીચે મુજબ ઘટ પૂરવામાં આવેલ છે.

| સાબરકાંઠા | જામનગર | કચ્છ |
|---|---|---|
| ૦૦ | ૫૪ | ૨૮૩ |

(૨) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ નીચે મુજબ શિક્ષકોની ઘટ છે.

| સાબરકાંઠા | જામનગર | કચ્છ |
|---|---|---|
| ૧૧૦ | ૩૩૪ | ૧૫૧૦ |

(૩) જેમ બને તેમ ઝડપથી.

--------

તા. ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૨૩

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા અતારાંકિત પ્રશ્નો (૮૭-ક)

**શૈક્ષણિક વિકાસ સહાય માટે કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમ**

અતારાંકિતઃ ૩૭૧ (૦૫-૦૬-૨૦૨૩) **ડૉ. તુષાર ચૌધરી** (ખેડબ્રહ્મા): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પ્રૌઢ શિક્ષણ અને શિક્ષકો માટે તાલીમ સહિતની શૈક્ષણિક વિકાસ સહાય પેટે કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને રકમ મળેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ મળેલ રકમ પૈકી કેટલી રકમનો ખર્ચ થયો અને કેટલી રકમ વણવપરાયેલી રહી ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૦૨-૦૯-૨૦૨૩)

(૧) હા.

પ્રૌઢ શિક્ષણ અંગે

- સને ૨૦૨૦-૨૧ના વર્ષ દરમ્યાન સાક્ષરતા અને નિરંતર શિક્ષણ નિયામકની કચેરી ખાતે કોઈ યોજના અમલમાં ન હતી.
- સને ૨૦૨૧-૨૨ના વર્ષ માટે કેન્દ્ર સરકાર દ્વારા ''પઢના લિખના અભિયાન'' યોજના અમલમાં મૂકેલ હતી. જેનું એક વર્ષ માટે અમલીકરણ કરવામાં આવેલ હતું.
- કેન્દ્ર સરકાર દ્વારા ''નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ'' યોજના સને ૨૦૨૨ થી ૨૦૨૭ સુધી અમલમાં મૂકેલ છે.
- કેન્દ્ર સરકારનાં હિસ્સા પેટે ૬૦% અને રાજ્ય સરકારનાં હિસ્સા પેટે ૪૦% ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ છે.

(૨) આ સાથે સામેલ પત્રક-અ મુજબ

(૩) આ સાથે સામેલ પત્રક-બ મુજબ

**પત્રક-અ**

(૨) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારને મળેલ રકમ

**પ્રૌઢ શિક્ષણ માટે**

**રકમ રૂ.લાખમાં**

| વર્ષ | કેન્દ્રનો હિસ્સો (૬૦%) | રાજ્યનો હિસ્સો (૪૦%) | કુલ |
|---|---|---|---|
| ૨૦૨૦-૨૧ | - | - | - |
| ૨૦૨૧-૨૨ | ૨૧૭.૭૯ | ૧૪૫.૨૦ | ૩૬૨.૯૯ |
| ૨૦૨૨-૨૩ | ૩૮૦.૦૫ | ૨૫૩.૩૭ | ૬૩૩.૪૨ |

**શિક્ષકો માટે**

**રકમ રૂ.લાખમાં**

| વર્ષ | કેન્દ્રનો હિસ્સો (૬૦%) | રાજ્યનો હિસ્સો (૪૦%) | કુલ |
|---|---|---|---|
| ૨૦૨૦-૨૧ | ૧૧૭.૯૪ | ૭૮.૬૩ | ૧૯૬.૫૭ |
| ૨૦૨૧-૨૨ | ૩૦૨.૪૬ | ૨૦૧.૬૪ | ૫૦૪.૧૧ |
| ૨૦૨૨-૨૩ | ૧૯૫૨.૯૫ | ૧૩૦૧.૯૬ | ૩૨૫૪.૯૧ |

**પત્રક-બ**

(૩) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ મળેલ રકમ પૈકી ખર્ચ થયેલ રકમ અને વણવપરાયેલ રકમ

**પ્રૌઢ શિક્ષણ માટે**

**રકમ રૂ.લાખમાં**

| વર્ષ | થયેલ કુલ ખર્ચ | વણવપરાયેલ રકમ |
|---|---|---|
| ૨૦૨૦-૨૧ | - | - |
| ૨૦૨૧-૨૨ | ૫૫.૩૭ | ૩૦૭.૬૨ |
| ૨૦૨૨-૨૩ | ૧.૬૭ | ૬૩૧.૭૫ |

**શિક્ષકો માટે**

**રકમ રૂ.લાખમાં**

| વર્ષ | થયેલ કુલ ખર્ચ | વણવપરાયેલ રકમ |
|---|---|---|
| ૨૦૨૦-૨૧ | ૧૯૦.૦૨ | ૬.૫૫ |
| ૨૦૨૧-૨૨ | ૪૮૯.૮૧ | ૧૪.૨૯ |
| ૨૦૨૨-૨૩ | ૧૮૨૮.૧૮ | ૧૪૨૬.૭૩ |

- - - - - - - -

**ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ દ્વારા મેસર્સ રિલાયેબલ આર્ટ પ્રિન્ટર્સને ચૂકવેલ રકમ**

અતારાંકિતઃ ૩૭૭ (૦૫-૦૬-૨૦૨૩) **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ દ્વારા મેસર્સ રિલાયેબલ આર્ટ પ્રિન્ટરી (અમદાવાદ) પ્રાઈવેટ લિમિટેડને રૂ.૬૬૮.૮૪ લાખની ખોટી રીતે ચૂકવણી થયેલ તે રકમની CAG ના આખરી રીપોર્ટના આધારે વર્ષ : ૨૦૨૪થી પરત લેવાની થાય છે તે અન્વયે તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ કેટલી ઉક્ત પૈકીની રકમ પરત મેળવવામાં આવી,

(૨) ઉક્ત રકમ પર કેટલા ટકા લેખે વ્યાજ વસૂલવાનું છે,

(૩) ઉક્ત સ્થિતિએ ખોટી રીતે ચૂકવાયેલ રકમ અને વ્યાજ સહિત કુલ કેટલી રકમ ઉક્ત એજન્સી પાસેથી વસૂલવાની બાકી છે, અને

(૪) ઉક્ત બાકી રકમ વસૂલવા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યારે અને શાં પગલાં લેવામાં આવ્યાં ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૦૨-૦૯-૨૦૨૩)

(૧) સામાવાળા દ્વારા નામ. ગુજરાત હાઈકોર્ટમાં કેસ દાખલ કરવામાં આવેલ હોવાથી કોઈ રકમ પરત મેળવી શકાયેલ નથી.

(૨) સરકારશ્રીના નિયમાનુસાર ઉક્ત રકમ પર ૧૨% લેખે વ્યાજ વસૂલવાનું બાકી છે.

(૩) રૂ.૬૬૮.૮૪ લાખ તથા ૧૨% વ્યાજ વસૂલવાનું બાકી છે.

(૪)

- જીસીઈઆરટીની કચેરી દ્વારા તા.૨૪-૦૩-૨૦૨૦ના રોજ પોલીસ સ્ટેશન, સેક્ટર-૦૭, ગાંધીનગર ખાતે FIR દાખલ કરેલ છે. જેમાં પોલીસ તપાસની કાર્યવાહી ચાલુ છે.
- ઉક્ત બાકી રકમ વસૂલવા જીસીઈઆરટીના તા.૨૦-૦૫-૨૦૨૧ના પત્રથી મેસર્સ રિલાયેબલ આર્ટ પ્રિન્ટરી, પ્રાઈવેટ લિમિટેડ (અમદાવાદ) અને તેના ડિરેક્ટરશ્રીઓને શોકોઝ નોટીસ આપી આ કચેરી ખાતે પ્રતિબંધ (બાન) મૂકવામાં આવેલ છે.
- મેસર્સ રિલાયેબલ આર્ટ પ્રિન્ટરી(અમદાવાદ) પ્રાઈવેટ લિમિટેડ અને તેના ડિરેક્ટરશ્રીઓ સામે શિક્ષણ વિભાગ હસ્તકની આ કચેરી સિવાયની તમામ ખાતાના વડાની કચેરીઓ તથા સરકારશ્રીના તમામ વિભાગોમાં પ્રીન્ટીંગની કામગીરી મેળવવા સામે પ્રતિબંધ અંગેની બાબત વિચારણા હેઠળ છે.

તા. ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૨૩
સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા અતારાંકિત પ્રશ્નો (૮૭-ક)

- - - - - - - -

**મેસર્સ રિલાયેબલ આર્ટ પ્રિન્ટરી(અમદાવાદ) પ્રાઈવેટ લિમિટેડ બાબત**

અતારાંકિતઃ ૩૮૦ (૦૫-૦૬-૨૦૨૩) **શ્રી હેમંતભાઈ આહિર** (જામજોધપુર): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ દ્વારા મેસર્સ રિલાયેબલ આર્ટ પ્રિન્ટરી (અમદાવાદ) પ્રાઈવેટ લિમિટેડ તેમજ તેના તમામ ડિરેક્ટર્સને તા.૨૦-૦૫-૨૦૨૧ના હુકમથી બ્લેકલીસ્ટ અર્થાત બાન મૂકવામાં આવેલ અને રકમ રૂ.૬૬૮.૮૪ લાખ અને ઉપર ૧૨% વ્યાજ સહિત દિન-૧૫માં ભરપાઈ કરવાના હુકમ થયેલ તે રકમ વસૂલવા કાનૂની સલાહ લઈ રકમ વસૂલ કરવા બાબતે આગળની પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર હતી તે અન્વયે તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ કાનૂની સલાહ ક્યારે કોના પાસેથી લેવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કોના દ્વારા ક્યારે શી કાનૂની સલાહ પૂરી પાડવામાં આવી અને,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત રકમ અને વ્યાજ સહિત કેટલી રકમ વસૂલવામાં આવી અને વ્યાજ સહિત કુલ કેટલી રકમ વસૂલવાની બાકી છે ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૦૨-૦૯-૨૦૨૩)

(૧) જીસીઈઆરટી કચેરીમાં ચાલતા કોર્ટકેસો બાબતે કાયદાકીય સલાહ અને માર્ગદર્શન મળી રહે તેમજ કોર્ટકેસોની કામગીરી સરળતાથી કરી શકાય તે માટે જીસીઈઆરટીની સિંગલ ફાઈલ નં.૧૯૮ તા.૧૪-૧૦-૨૦૧૯ની નોંધ પર મંજૂરી મેળવી હાઈકોર્ટના એડવોકેટશ્રી અરૂણભાઈ ઓઝા પાસેથી કાનૂની સલાહ લેવામાં આવી હતી.

(૨) રિલાએબલ આર્ટ પ્રિન્ટરી અને તેના ડિરેક્ટર્સશ્રીઓ દ્વારા નામ.ગુજરાત હાઈકોર્ટમાં કેસ દાખલ કરેલ છે. જે હાલમાં નામ.કોર્ટમાં ''સબજ્યુડીસ મેટર'' છે. આ દાખલ થયેલ કેસોમાં એફિડેવિટ કરવાની કામગીરી, કેસની મુદ્દતે હાજર રહી નામ.કોર્ટમાં વિગતો પૂરી પાડવાની કામગીરી તેમજ આ કેસોમાં કાનૂની સલાહ અને માર્ગદર્શન તથા રિલાએબલ આર્ટ પ્રિન્ટરી અને તેના ડિરેક્ટર્સશ્રીઓને શો-કોઝ નોટીસ આપેલ તે નોટીસનો ડ્રાફ્ટ તૈયાર કરવાની કામગીરી વકીલશ્રી, અરૂણભાઈ ઓઝા દ્વારા કરેલ છે.

(૩) સામાવાળા દ્વારા નામ.ગુજરાત હાઈકોર્ટમાં કેસ દાખલ કરેલ છે. જે હાલ પડતર હોય કોઈ રકમ વસૂલ થઈ શકેલ નથી.

- - - - - - - -

**જૂનાગઢ, બોટાદ અને ભાવનગર જિલ્લામાં શિક્ષકોની ઘટ**

અતારાંકિતઃ ૩૮૪ (૦૯-૦૬-૨૦૨૩) **શ્રી અરવિંદભાઈ લાડાણી** (માણાવદર): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) જૂનાગઢ જિલ્લામાં ૨૦૪, બોટાદ જિલ્લામાં ૨૬૭ અને ભાવનગર જિલ્લામાં ૪૩૮ શિક્ષકોની ઘટ હતી તે ભરતી કેલેન્ડર અનુસાર જેમ બને તેમ જલ્દી ઘટ પૂરવામાં આવનાર હતી તો તે પૈકીના કેટલા શિક્ષકોની ઘટ તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર પૂરવામાં આવી.

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની કેટલી ઘટ છે, અને

(૩) ઉક્ત ઘટ કેટલા સમયમાં પૂરવામાં આવશે ?

**શિક્ષણ મંત્રીશ્રી:** (૧૧-૦૯-૨૦૨૩)

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ નીચે મુજબ ઘટ પૂરવામાં આવેલ છે.

| જૂનાગઢ | બોટાદ | ભાવનગર |
|---|---|---|
| ૧૮૪ | ૨૩ | ૬૭ |

(૨) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ નીચે મુજબ શિક્ષકોની ઘટ છે.

| જૂનાગઢ | બોટાદ | ભાવનગર |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૪૩૧ | ૨૪૪ | ૫૬૨ |

(૩) જેમ બને તેમ જલદી.

- - - - - - - -

**રાજ્યમાં બાકી રહેલ સરકારી વિજ્ઞાન પ્રવાહની કોલેજો**

અતારાંકિતઃ ૩૯૫ (૧૧-૦૭-૨૦૨૩) **શ્રી અમીત ચાવડા** (આંકલાવ): **તેરમી ગુજરાત વિધાનસભાના સાતમાં સત્રમાં તા.૨૮/૦૮/૨૦૧૫ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ નિયમ-૮૭(ક)ના અતારાંકિત પ્રશ્ન ક્રમાંક-૫૦૯૧ના અનુસંધાને માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) બનાસકાંઠા, વડોદરા, સુરત, ભરૂચ અને નર્મદા સહિત રાજ્યના ૧૩ જિલ્લાઓમાં વિજ્ઞાન પ્રવાહની એક પણ સરકારી કોલેજ ન હતી તે જિલ્લામાં વિદ્યાર્થીઓની ઉપલબ્ધતાને ધ્યાનમાં લઈ નવી કોલેજ સ્થાપવા માટે વિચારણા હાથ ધરવામાં આવનાર હતી તો તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ ઉક્ત ક્યા જિલ્લામાં વિજ્ઞાન પ્રવાહની કોલેજો સ્થાપવામાં આવી, અને

(૨) બાકી જિલ્લાઓમાં વિજ્ઞાન પ્રવાહની કોલેજો ક્યારે સ્થાવામાં આવશે ?

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી :** (૧૫-૦૯-૨૦૨૩)

(૧) બનાસકાંઠા, સુરત, ભરૂચ, નર્મદા, ગીર સોમનાથ અને પાટણ જિલ્લામાં વિજ્ઞાન પ્રવાહની નવી સરકારી કોલેજ સ્થાપવામાં આવી છે,

(૨) વહીવટી અનુકુળતા અનુસાર.

- - - - - - - -

**પંચમહાલ, વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં શિક્ષકોની ઘટ**

અતારાંકિતઃ ૩૯૬ (૦૯-૦૬-૨૦૨૩) **શ્રી ગુલાબસિંહ ચૌહાણ** (લુણાવાડા): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) પંચમહાલ જિલ્લામાં ૩૩૫, વડોદરા જિલ્લામાં ૬૬ અને છોટાઉદેપુર જિલ્લામાં ૮૭ શિક્ષકોની ઘટ હતી તે ભરતી કેલેન્ડર અનુસાર જેમ બને તેમ જલ્દી ઘટ પૂરવામાં આવનાર હતી તો તે પૈકીના કેટલા શિક્ષકોની ઘટ તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર પૂરવામાં આવી.

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની કેટલી ઘટ છે, અને

(૩) ઉક્ત ઘટ કેટલા સમયમાં પૂરવામાં આવશે ?

**શિક્ષણ મંત્રીશ્રી:** (૧૧-૦૯-૨૦૨૩)

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ નીચે મુજબ ઘટ પૂરવામાં આવેલ છે.

| પંચમહાલ | વડોદરા | છોટાઉદેપુર |
|---|---|---|
| ૨૫૫ | ૪૨ | ૮૭ |

(૨) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ નીચે મુજબ શિક્ષકોની ઘટ છે.

| પંચમહાલ | વડોદરા | છોટાઉદેપુર |
|---|---|---|
| ૬૦૦ | ૫૫૫ | ૩૫૦ |

(૩) જેમ બને તેમ જલદી.

- - - - - - - -

**રાજ્યમાં શાળાઓમાં રમતગમતના મેદાનો**

અતારાંકિતઃ ૪૨૭ (૦૯-૦૬-૨૦૨૩) **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

તા. ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૨૩

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા અતારાંકિત પ્રશ્નો (૮૭-ક)

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદમાં કઈ ખાનગી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ પાસે પોતાના રમત ગમતના મેદાનો નથી,

(૨) રમત ગમતના મેદાનો ન હોવા છતાં તેને મંજૂરી આપવાના શાં કારણો છે અને તે માટે કોણ જવાબદાર છે,

(૩) ઉક્ત સ્થિતિએ રમત ગમતના મેદાનો વગરની ઉક્ત શાળાઓ સામે શાં પગલાં લેવાયા છે ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૦૮-૦૯-૨૦૨૩)

(૧) આ સાથે સામેલ *પત્રક-અ, *પત્રક-બ અને *પત્રક-ક મુજબ.

(૨) - નવી ખાનગી પ્રાથમિક શાળાની મંજૂરી માટે શિક્ષણ વિભાગના તા.૨૦/૧૨/૨૦૧૯ના જાહેરનામાથી શહેરી વિસ્તારમાં ૮૦૦ ચો.મી. ખુલ્લી જગ્યા હોવી જોઈએ. જેથી ઉક્ત જાહેરનામાં બહાર પાડ્યેથી કોઈપણ નવી શાળાનો ૮૦૦ ચો.મી. કરતા ઓછી ખુલ્લી જગ્યા હોઈ તેવી શાળાને મંજૂરી આપવામાં આવેલ નથી.

- ખાનગી પ્રાથમિક શાળાની મંજૂરી વખતે રમતગમતનું મેદાન લીઝ પર રાખેલ હોય છે. ઉપરોક્ત શાળાઓ દ્વારા ગામમાં અન્ય જગ્યાએ મેદાનની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

- ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે શાળાની નજીક મેદાન માટેની જગ્યા ભાડે રાખી અથવા આસપાસની ખુલ્લી/ પડતર જગ્યાનો રમતગમતના મેદાન તરીકે ઉપયોગ કરે છે.

(૩) ઉક્ત ખાનગી પ્રાથમિક શાળાની મંજૂરી જૂની હોઈ શાળાઓને વૈકલ્પિક વ્યવસ્થા કરવા જણાવેલ છે. ખાનગી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ અંગે લાગુ પડતું નથી.

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

- - - - - - - -

**રાજ્યમાં શાળાઓમાં રમતગમતના મેદાનો**

અતારાંકિતઃ ૪૬૯ (૦૯-૦૬-૨૦૨૩) **શ્રી દિનેશભાઈ ઠાકોર** (ચાણસ્મા): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં સળંગ ત્રણ વર્ષથી વધુ સમયથી પોતાના રમતગમતના મેદાનો ન હોય તેવી કેટલી શાળાઓ છે,

(૨) તે પૈકી કેટલી શાળાઓએ ઉક્ત સ્થિતિએ રમતગમત માટેના મેદાન માટે વૈકલ્પિક વ્યવસ્થા કરેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી શાળાઓએ વૈકલ્પિક મેદાનોની વ્યવસ્થા કરી નથી અને સરકારે આવી શાળાઓ સામે શી કાર્યવાહી કરેલ છે ?

**શિક્ષણ મંત્રીશ્રી:** (૦૮-૦૯-૨૦૨૩)

(૧)

| સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી પ્રાથમિક શાળાઓ | સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી માધ્ય. શાળાઓ | સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી ઉચ્ચ. માધ્યમિક શાળાઓ |
|---|---|---|
| ૫૫૫૮ | ૬૧૧ | ૫૧ |

(૨)

| સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી પ્રાથમિક શાળાઓ | સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી માધ્ય. શાળાઓ | સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી ઉચ્ચ. માધ્યમિક શાળાઓ |
|---|---|---|
| ૩૯૯૫ | ૪૪૯ | ૩૩ |

(૩)

| ખાનગી માધ્યમિક શાળાઓ | ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ |
|---|---|
| ૯૪ | ૧૬ |
| નોંધઃ ઉક્ત ખાનગી માધ્યમિક અને ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ પૈકી અન્ય શાળાઓ ગામતળની અથવા ખરાબાની જમીનનો મેદાન તરીકે ઉપયોગ કરે છે. તે પૈકી રમતમગતના મેદાન ઉપલબ્ધ કરાવવા સૂચના આપવામાં આવેલ છે. આ શાળાઓ દ્વારા નજીક આવેલ ઉપલબ્ધ ખાલી જમીનનો હાલમાં રમતમગતના મેદાન તરીકે ઉપયોગ કરવામાં આવે છે. | |

- સરકારી માધ્ય અને સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓઃ જમીન મેળવવાની પ્રક્રિયા હાલમાં ચાલુ છે.
- ગ્રાન્ટેડ માધ્યમિક અને ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓઃ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ દ્વારા મેદાનની વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવા નોટીસ આપવામાં આવેલ છે. મેદાન વગરની માધ્ય. અને ઉ.મા. શાળાઓએ શાળાની નજીકમાં મેદાન માટે ભાડે જગ્યા રાખીને મેદાનની વૈકલ્પિક વ્યવસ્થા કરેલ છે.
- સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી પ્રાથમિક શાળાઓઃ ૧૫૬૩ શાળાઓએ વૈકલ્પિક મેદાનોની વ્યવસ્થા કરેલ નથી તે પૈકી સરકારી શાળાઓ ખાતે રમતગમતના મેદાનની વૈકલ્પિક વ્યવસ્થા જિલ્લા મારફતે સૂચના આપવામાં આવેલ છે. જ્યારે ખાનગી શાળાઓને કાયમી ધોરણે રમતગમતના મેદાનની વ્યવસ્થા કરવા સૂચના આપવામાં આવેલ છે.

- - - - - - - -

**ગાંધીનગર શહેરમાં ટ્રસ્ટ સંચાલિત ખાનગી શાળાઓ સરકારી મકાનોમાં ચલાવવા બાબત**

અતારાંકિતઃ ૪૮૫ (૦૯-૦૬-૨૦૨૩) **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ ગાંધીનગર શહેરમાં ટ્રસ્ટ સંચાલિત કઈ ખાનગી પ્રાથમિક અને માધ્યમિક શાળા સરકારી મકાનોમાં ક્યારથી કાર્યરત છે,

(૨) ઉક્ત શાળાઓમાં ઉક્ત સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં વર્ષવાર, ધોરણવાર વિદ્યાર્થીઓ પાસેથી કેટલી ફી ઉઘરાવવાની મંજૂરી આપવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત પૈકીની કઈ શાળા પાસે રમતગમતના મેદાન છે અને કઈ શાળા પાસે રમતગમતના મેદાન ઉપલબ્ધ નથી ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૦૨-૦૯-૨૦૨૩)

(૧) આ સાથે સામેલ પત્રક-૧ મુજબ.

(૨) આ સાથે સામેલ પત્રક-૨ મુજબ.

(૩) આ સાથે સામેલ પત્રક-૩ મુજબ.

**પત્રક-૧**

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ ગાંધીનગર શહેરમાં ટ્રસ્ટ સંચાલિત સરકારી મકાનોમાં કાર્યરત ખાનગી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓની યાદી.

ખાનગી પ્રાથમિક શાળાઓની યાદી.

| ક્રમ | શાળાનું નામ | ક્યારથી કાર્યરત છે. |
|---|---|---|
| ૧ | શ્રી નાણાવટી પ્રા. સ્કૂલ | ૧૦-૦૬-૨૦૦૨ |
| ૨ | વહાણવટી પ્રા. શાળા | ૨૭-૦૪-૧૯૯૨ |
| ૩ | ઓમકાર પ્રા. વિદ્યાલય | ૧૭-૦૬-૨૦૦૪ |
| ૪ | લિટલ એંજલ સ્કૂલ | ૧૪-૦૬-૧૯૯૮ |
| ૫ | શ્રી સરસ્વતી પ્રાથમિક વિદ્યામંદિર | ૧૪-૦૬-૨૦૧૯ |
| ૬ | સ્વામી વિવેકાનંદ પ્રાથમિક શાળા | ૦૬-૦૧-૨૦૦૦ |
| ૭ | શાંતિનિકેતન પ્રાથમિક શાળા | ૦૬-૦૧-૧૯૯૯ |

**ખાનગી માધ્યમિક શાળાઓની યાદી.**

| ક્રમ | ખાનગી માધ્યમિક શાળા | ક્યારથી સરકારી મકાનમાં કાર્યરત છે? |
|---|---|---|
| ૧ | શાંતિનિકેતન પ્રાથમિક અને માધ્યમિક શાળા, સેક્ટર-૨૯ | વર્ષ ૨૦૦૦ |
| ૨ | વસંત માધ્યમિક અને શેઠ શ્રી હીરાલક્ષ્મી ઉચ્ચતર માધ્યમિક શાળા | મે-૨૦૦૪ |
| ૩ | સ્વામી વિવેકાનંદ માધ્યમિક શાળા, સેક્ટર-૨૪ | ૨૮/૦૪/૨૦૦૦ |
| ૪ | સરસ્વતી પ્રાથમિક અને માધ્યમિક વિદ્યામંદિર | ૨૨/૦૫/૨૦૦૨ |

**પત્રક-૨**

ઉક્ત શાળાઓમાં તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર, ધોરણવાર વિદ્યાર્થીઓ પાસેથી ફી ઉઘરાવવાની આપેલ મંજૂરી

**ખાનગી પ્રાથમિક શાળાઓની યાદી**

| ક્રમ | ખાનગી પ્રાથમિક શાળાનું નામ | ધોરણ | ૨૦૨૦-૨૧ | ૨૦૨૧-૨૨ | ૨૦૨૨-૨૩ |
|---|---|---|---|---|---|
| ૧ | નાણાવટી પ્રાથમિક સ્કૂલ | ૧ થી ૮ | ૫૬૦૦ | ૬૧૨૦ | ૬૭૨૦ |
| ૨ | વહાણવટી પ્રાથમિક સ્કૂલ | ૧ થી ૮ | ૪૨૫૦ | ૪૬૫૦ | ૪૮૮૨ |
| ૩ | ઓમકાર પ્રાથમિક સ્કૂલ | ૧ થી ૮ | ૫૮૦૦ | ૬૩૮૦ | ૬૮૫૦ |
| ૪ | લિટલ એંજલ પ્રાથમિક સ્કૂલ | ૧ થી ૮ | ૧૫૦૦૦ | ૧૫૦૦૦ | ૧૫૦૦૦ |
| ૫ | સરસ્વતી પ્રાથમિક વિદ્યામંદિર | ૧ થી ૮ | ૮૨૫૦ | ૯૦૭૫ | ૯૯૭૫ |
| ૬ | સ્વામી વિવેકાનંદ પ્રાથમિક શાળા | ૧ થી ૮ | ૬૩૮૯ | ૭૦૨૮ | ૭૭૩૦ |
| ૭ | શાંતિનિકેતન પ્રાથમિક શાળા | ૧ | ૬૦૯૪ | ૬૭૦૦ | ૭૩૭૦ |
| | | ૨ | ૬૦૯૪ | ૬૭૦૦ | ૭૩૭૦ |
| | | ૩ | ૬૮૨૦ | ૭૫૦૦ | ૮૨૫૦ |
| | | ૪ | ૬૮૨૦ | ૭૫૦૦ | ૮૨૫૦ |
| | | ૫ | ૭૨૬૦ | ૭૯૮૦ | ૮૭૭૮ |
| | | ૬ | ૭૨૬૦ | ૭૯૮૦ | ૮૭૭૮ |
| | | ૭ | ૭૨૬૦ | ૭૯૮૦ | ૮૭૭૮ |
| | | ૮ | ૭૨૬૦ | ૭૯૮૦ | ૮૭૭૮ |

**ખાનગી માધ્યમિક શાળાઓની યાદી**

| શાળા | વર્ષ | ધો-૯ | ધો-૧૦ | ધો-૧૧ | ધો-૧૨ |
|---|---|---|---|---|---|
| શાંતિનિકેતન પ્રાથમિક અને માધ્યમિક શાળા | ૨૦૨૦-૨૧ | ૭૭૭૦ | ૮૬૭૦ | - | - |
| | ૨૦૨૧-૨૨ | ૮૫૪૦ | ૯૫૩૦ | - | - |
| | ૨૦૨૨-૨૩ | ૯૩૯૪ | ૧૦૪૮૩ | - | - |
| વસંત માધ્યમિક અને શેઠશ્રી હીરાલક્ષ્મી ઉચ્ચતર માધ્યમિક શાળા | ૨૦૨૦-૨૧ | ૫૮૦૦ | ૬૧૬૦ | ૬૧૬૦ | ૬૧૬૦ |
| | ૨૦૨૧-૨૨ | ૬૩૮૦ | ૬૭૭૦ | ૬૭૭૦ | ૬૭૭૦ |
| | ૨૦૨૨-૨૩ | ૬૮૫૦ | ૭૩૬૦ | ૭૪૪૭ | ૭૪૪૭ |
| સ્વામી વિવેકાનંદ માધ્યમિક શાળા | ૨૦૨૦-૨૧ | ૭૭૪૪ | ૭૭૪૪ | - | - |
| | ૨૦૨૧-૨૨ | ૮૫૧૮ | ૮૫૧૮ | - | - |
| | ૨૦૨૨-૨૩ | ૯૩૭૦ | ૯૩૭૦ | - | - |
| સરસ્વતી પ્રાથમિક અને માધ્યમિક વિદ્યામંદિર | ૨૦૨૦-૨૧ | ૯૩૫૦ | ૯૯૦૦ | - | - |
| | ૨૦૨૧-૨૨ | ૧૦૨૮૫ | ૧૦૨૮૫ | - | - |
| | ૨૦૨૨-૨૩ | ૧૧૩૦૫ | ૧૧૩૦૫ | - | - |

**પત્રક-૩**

(૩) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ ઉક્ત શાળાઓ પૈકીની રમતગમતના મેદાન ઉપલબ્ધ હોય અને રમતગમતના મેદાન ઉપલબ્ધ ન હોય તેવી શાળાઓ.

**ખાનગી માધ્યમિક શાળાઓની યાદી.**

| **ક્રમ** | **રમતગમતના મેદાન ન ધરાવતી પ્રાથમિક શાળાઓ** |
|---|---|
| ૧ | શાંતિનિકેતન પ્રાથમિક શાળા |
| ૨ | સ્વામી વિવેકાનંદ પ્રાથમિક શાળા |
| ૩ | વહાણવટી પ્રા.શાળા |
| ૪ | શ્રી સરસ્વતી પ્રાથમિક વિદ્યામંદિર |

| **ક્રમ** | **રમતગમતના મેદાન ધરાવતી ખાનગી પ્રાથમિક શાળાઓ** |
|---|---|
| ૧ | શ્રી નાણાવટી પ્રા. શાળા |
| ૨ | ઓમકાર પ્રાથમિક વિદ્યાલય |
| ૩ | લિટલ એંજલ સ્કૂલ |

**ખાનગી પ્રાથમિક શાળાઓની યાદી**

| **ક્રમ** | **ખાનગી માધ્યમિક શાળા** | **રમતગમતનું મેદાન ઉપલબ્ધ છે કે નથી?** |
|---|---|---|
| ૧ | શાંતિનિકેતન પ્રાથમિક અને માધ્યમિક શાળા | નથી. |
| ૨ | વસંત માધ્યમિક અને શેઠ શ્રી હીરાલક્ષ્મી ઉચ્ચતર માધ્યમિક શાળા | નથી. |
| ૩ | સ્વામી વિવેકાનંદ માધ્યમિક શાળા | નથી. |
| ૪ | સરસ્વતી પ્રાથમિક અને માધ્યમિક વિદ્યામંદિર | નથી. |

- - - - - - - -

**રાજ્યની નોન ગ્રાન્ટેડ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કન્યા શાળાને ગ્રાન્ટેડ કરવાની દરખાસ્તો**

અતારાંકિતઃ ૬૧૭ (૦૩-૦૭-૨૦૨૩) **ગેનીબેન ઠાકોર** (વાવ): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર કેટલી ટ્રસ્ટ સંચાલિત નોન ગ્રાન્ટેડ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કન્યા શાળાઓને ગ્રાન્ટેડ કરવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત બાબતે કેટલી દરખાસ્તો પડતર છે, અને તેના કારણો શા છે ?

**શિક્ષણ મંત્રીશ્રી:** (૦૨-૦૯-૨૦૨૩)

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં એક પણ ટ્રસ્ટ સંચાલિત નોન ગ્રાન્ટેડ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કન્યા શાળાઓને ગ્રાન્ટેડ કરવામાં આવેલ નથી.

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત બાબતે કોઈ દરખાસ્ત પડતર નથી. જેથી તેના કારણોનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - -

**સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત ખાનગી કંપનીઓ પાસે કરાવેલ છાપકામ**

અતારાંકિતઃ ૬૯૮ (૧૪-૦૭-૨૦૨૩) **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા સર્વ શિક્ષા અભિયાન હેઠળ છાપકામનું કામ ખાનગી કંપનીઓ પાસે કરાવવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ તે અન્વયે છેલ્લા ત્રણ વર્ષમાં કઈ ખાનગી એજન્સીને કેટલી રકમ ચૂકવવામાં આવી,

(૩) ઉક્ત છાપકામમાં કઈ એજન્સી સામે નાણાકીય ગેરરીતીની ફરિયાદ મળી, અને

(૪) તે અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૧૧-૦૯-૨૦૨૩)

(૧) હા.

(૨) પત્રક-અ મુજબ.

(૩) કોઈ ફરીયાદ મળી નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક-અ**

| ક્રમ | વર્ષ | ખાનગી કંપનીનું નામ | કુલ રકમ (`) | ચૂકવેલ રકમ (`) |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૨૦-૨૧ | જય ઓફસેટ ગાંધીનગર | ૩,૬૨,૦૦૦/- | ૩,૬૨,૦૦૦/- |
| ૨ | ૨૦૨૦-૨૧ | જય ઓફસેટ ગાંધીનગર | ૫,૮૪,૦૦૦/- | ૫,૮૪,૦૦૦/- |
| ૩ | ૨૦૨૦-૨૧ | જય ઓફસેટ ગાંધીનગર | ૪,૯૫,૫૦૦/- | ૪,૯૫,૫૦૦/- |
| ૪ | ૨૦૨૦-૨૧ | ગુજરાત ઓફસેટ પ્રાઈવેટ લિ. | ૮,૨૫,૮૩,૨૧૬/- | ૮,૨૫,૮૩,૨૧૬/- |
| ૫ | ૨૦૨૧-૨૨ | જય ઓફસેટ ગાંધીનગર | ૫,૫૮,૦૦૦/- | ૫,૫૮,૦૦૦/- |
| ૬ | ૨૦૨૧-૨૨ | જય ઓફસેટ ગાંધીનગર | ૮,૯૬,૦૦૦/- | ૮,૯૬,૦૦૦/- |
| ૭ | ૨૦૨૨-૨૩ | જય ઓફસેટ ગાંધીનગર | ૯,૯૦,૦૦૦/- | ૯,૯૦,૦૦૦/- |
| ૮ | ૨૦૨૧-૨૨ | શુભમ ગ્રાફીક્સ ગાંધીનગર | ૪,૯૮,૭૫૦/- | ૬,૯૫,૦૦૦/- |
| ૯ | ૨૦૨૧-૨૨ | શુભમ ગ્રાફીક્સ ગાંધીનગર | ૨,૧૩,૭૫૦/- | ૨,૧૩,૭૫૦/- |
| ૧૦ | ૨૦૨૧-૨૨ | શુભમ ગ્રાફીક્સ ગાંધીનગર | ૬,૯૫,૦૦૦/- | ૬,૯૫,૦૦૦/- |
| ૧૧ | ૨૦૨૨-૨૩ | વિનાયક ક્રીએશન, છત્રાલ | ૯,૪૬,૮૦૦/- | ૯,૪૬,૮૦૦/- |
| ૧૨ | ૨૦૨૨-૨૩ | વિનાયક ક્રીએશન, છત્રાલ | ૯,૮૪,૯૬૦/- | ૯,૮૪,૯૬૦/- |
| ૧૩ | ૨૦૨૨-૨૩ | ગુજરાત ઓફસેટ પ્રાઈવેટ લિ. | ૧,૪૦,૯૯,૯૮૮/- | ૧,૪૦,૯૯,૯૮૮/- |
| ૧૪ | ૨૦૨૨-૨૩ | મારૂતિ પ્રિન્ટર્સ | ૨,૧૪,૦૦,૮૦૦/- | ૧,૯૨,૬૦,૭૨૦/- (૯૦% રકમ ચૂકવવામાં આવેલ છે અને ૧૦% રકમ પોસ્ટ ડીસ્પેચ ઈન્સ્પેક્શન બાદ ચૂકવવામાં આવશે) |

\- - - - - - - -

**ઠરાવેલી શૈક્ષણિક લાયકાત વગર નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં કામ કરતા શિક્ષકો**

અતારાંકિતઃ ૯૦૭ (૧૮-૦૮-૨૦૨૩) **ડૉ. સી. જે. ચાવડા** (વિજાપુર): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર ઠરાવેલી શૈક્ષણિક લાયકાત અને નિયત તાલીમ વગરના કેટલા શિક્ષકો નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે કામ કરી રહ્યા છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત શિક્ષકોની નિમણૂક કરવાના કારણો શાં છે, અને

(૩) ઉક્ત શિક્ષકોને ક્યાં સુધીમાં દૂર કરવામાં આવનાર છે ?

**શિક્ષણ મંત્રીશ્રી:** (૧૩-૦૯-૨૦૨૩)

(૧) આ સાથે સામેલ પત્રક-અ મુજબ.

(૨) જે તે સમયે શાળાઓ તરફથી શિક્ષકોની નિમણૂક થયેલ હોવાના કારણે.

(૩) આવા શિક્ષકોને દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવા માટે સૂચના આપવામાં આવેલ છે.

**પત્રક-અ**

| ક્રમ | જિલ્લાનું નામ | શિક્ષકોની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૮૦૫ |
| ૨ | અમરેલી | ૬૫ |
| ૩ | આણંદ | ૦ |

| **ક્રમ** | **જિલ્લાનું નામ** | **શિક્ષકોની સંખ્યા** |
|---|---|---|
| ૪ | અરવલ્લી | ૦ |
| ૫ | બનાસકાંઠા | ૭૩ |
| ૬ | ભરૂચ | ૧૧ |
| ૭ | ભાવનગર | ૨૪૧ |
| ૮ | બોટાદ | ૧૧ |
| ૯ | છોટા ઉદેપુર | ૦ |
| ૧૦ | દાહોદ | ૦ |
| ૧૧ | ડાંગ | ૦ |
| ૧૨ | દેવભૂમિ દ્વારકા | ૦ |
| ૧૩ | ગાંધીનગર | ૧૩૬ |
| ૧૪ | ગીર સોમનાથ | ૮૭ |
| ૧૫ | જામનગર | ૬ |
| ૧૬ | જૂનાગઢ | ૦ |
| ૧૭ | કચ્છ | ૦ |
| ૧૮ | ખેડા | ૦ |
| ૧૯ | મહેસાણા | ૦ |
| ૨૦ | મહિસાગર | ૦ |
| ૨૧ | મોરબી | ૦ |
| ૨૨ | નર્મદા | ૦ |
| ૨૩ | નવસારી | ૦ |
| ૨૪ | પંચમહાલ | ૦ |
| ૨૫ | પાટણ | ૦ |
| ૨૬ | પોરબંદર | ૦ |
| ૨૭ | રાજકોટ | ૩૧૨ |
| ૨૮ | સાબરકાંઠા | ૧૬ |
| ૨૯ | સુરત | ૦ |
| ૩૦ | સુરેન્દ્રનગર | ૧૨૨ |
| ૩૧ | તાપી | ૦ |
| ૩૨ | વડોદરા | ૦ |
| ૩૩ | વલસાડ | ૦ |
| | **કુલ** | **૧૮૮૫** |

- - - - - - - -

**ગુજરાત યુનિવર્સિટીમાં ઉત્તરવહીઓ ગાયબ થવા બાબત**

અતારાંકિતઃ ૯૬૧ (૧૮-૦૮-૨૦૨૩) **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર): **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગુજરાત યુનિવર્સિટીઓમાં બોટની વિભાગમાંથી બી.એસ.સી. નર્સિંગના ચોથા વર્ષની પરીક્ષાની ઉત્તરવહીઓ ગાયબ થઈ ગયેલ તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કેટલી ઉત્તરવહીઓ ગાયબ થઈ છે,

(૩) ઉક્ત ઉત્તરવહીઓ ગાયબ થવાના કારણો શાં છે, અને

(૪) તે અન્વયે ક્યારે કયા સ્થળે પોલીસ ફરીયાદ નોંધવવામાં આવી ?

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી :** (૧૧-૦૯-૨૦૨૩)

(૧) હા, જી.

(૨) સદરહુ બાબતે FIR No. 11191017230, તા.૧૨/૦૭/૨૦૨૩થી પોલીસ ફરિયાદ કરેલ હોય, પોલીસ તપાસ ચાલે છે.

(૩) પોલીસ તપાસ ચાલી રહી છે.

(૪) FIR No. 11191017230, તા.૧૨/૦૭/૨૦૨૩ થી ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરવામાં આવેલ છે.

- - - - - - - -

**સરકારી પ્રાથમિક શાળાઓમાં ઓરડાઓની ઘટ**

અતારાંકિતઃ ૯૭૧ (૧૮-૦૮-૨૦૨૩) **શ્રી અરવિંદભાઈ લાડાણી** (માણાવદર): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર સરકારી પ્રાથમિક શાળાઓમાં કેટલા ઓરડાઓની ઘટ છે, અને

(૨) આ ખૂટતાં ઓરડાઓ ક્યાં સુધીમાં બનાવવાનું આયોજન છે ?

**શિક્ષમ મંત્રીશ્રી :** (૦૮-૦૯-૨૦૨૩)

(૧) આ સાથે સામેલ પત્રક-અ મુજબ.

(૨) આગામી વર્ષોમાં તબક્કાવાર ઝડપથી.

**પત્રક-અ**

તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર સરકારી પ્રાથમિક શાળાઓમાં ઘટતા ઓરડાઓની વિગત દર્શાવતુ પત્રક

| ક્રમ | જિલ્લો | ઘટતા ઓરડાની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૯૩ |
| ૨ | અમદાવાદ કોર્પોરેશન | ૫૧ |
| ૩ | અમરેલી | ૧૭૫ |
| ૪ | આણંદ | ૧૮૭ |
| ૫ | અરવલ્લી | ૫૬૭ |
| ૬ | બનાસકાંઠા | ૮૧૭ |
| ૭ | ભરૂચ | ૨૬૧ |
| ૮ | ભાવનગર | ૧૪૧ |
| ૯ | બોટાદ | ૫૦ |
| ૧૦ | છોટા ઉદેપુર | ૫૦૩ |
| ૧૧ | ડાંગ | ૨૭૩ |
| ૧૨ | દેવભૂમિ દ્વારકા | ૯૫ |
| ૧૩ | દાહોદ | ૮૨૨ |
| ૧૪ | ગાંધીનગર | ૧૦૪ |
| ૧૫ | ગીર સોમનાથ | ૪૫ |
| ૧૬ | જામનગર | ૧૩૭ |
| ૧૭ | જૂનાગઢ | ૩૬૫ |
| ૧૮ | કચ્છ | ૪૮૦ |
| ૧૯ | ખેડા | ૬૯૩ |
| ૨૦ | મહેસાણા | ૨૩૨ |
| ૨૧ | મહિસાગર | ૩૬૬ |
| ૨૨ | મોરબી | ૧૬૯ |
| ૨૩ | નર્મદા | ૨૮૧ |
| ૨૪ | નવસારી | ૧૯૬ |

| | | |
|---|---|---|
| ૨૫ | પંચમહાલ | ૨૫૩ |
| ૨૬ | પાટણ | ૧૮૦ |
| ૨૭ | પોરબંદર | ૨૪ |
| ૨૮ | રાજકોટ | ૧૦૮ |
| ૨૯ | સાબરકાંઠા | ૪૦૭ |
| ૩૦ | સુરત | ૬૮ |
| ૩૧ | સુરેન્દ્રનગર | ૧૭૩ |
| ૩૨ | તાપી | ૧૧૯ |
| ૩૩ | વડોદરા | ૩૯૯ |
| ૩૪ | વલસાડ | ૨૧૯ |
| | **કુલ** | **૯૧૫૩** |

નોંધઃ ૬૫૩૯ જર્જરિત ઓરડા સામે અને ૨૬૧૪ RTE મુજબ એમ કુલ ૯૧૫૩ ઓરડાની ઘટ છે.

- - - - - - - -

**ખાનગી શાળાઓ દ્વારા ફી વધારવાની માંગણી**

અતારાંકિતઃ ૯૮૪ (૧૮-૦૮-૨૦૨૩) **શ્રી ગુલાબસિંહ ચૌહાણ** (લુણાવાડા): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર ફી નિર્ધારણ કમિટિએ નક્કી કરેલી ફી માં વધારો કરવા માટે કેટલી ખાનગી શાળાઓએ રાજ્યકક્ષાની કમિટિમાં ફી વધારાંની માગણી કરી,

(૨) તે અન્વયે ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર રાજ્યકક્ષાની કમિટિએ કઇ શાળાની ફીમાં કેટલી રકમનો વધારો મંજૂર કર્યો, અને

(૩) ઉક્ત વધારો મંજૂર કરવાના મુખ્ય કારણો શા છે ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૧૪-૦૯-૨૦૨૩)

(૧) આ સાથે પત્રક-અ સામેલ છે.

(૨) આ સાથે પત્રક-બ સામેલ છે.

(૩) આ સાથે પત્રક-ક સામેલ છે.

**પત્રક-અ**

| ક્રમ | જિલ્લો | તા. ૦૧/૦૪/૨૦૨૦ થી તા. ૩૧/૦૩/૨૦૨૧ | તા. ૦૧/૦૪/૨૦૨૧ થી તા. ૩૧/૦૩/૨૦૨૨ | તા. ૦૧/૦૪/૨૦૨૨ થી તા. ૩૧/૦૩/૨૦૨૩ |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૦ | ૭ | ૮ |
| ૨ | અમરેલી | ૦ | ૦ | ૦ |
| ૩ | આણંદ | ૧ | ૦ | ૧ |
| ૪ | અરવલ્લી | ૦ | ૦ | ૦ |
| ૫ | બનાસકાંઠા | ૦ | ૦ | ૦ |
| ૬ | ભરૂચ | ૦ | ૧ | ૦ |
| ૭ | ભાનવગર | ૦ | ૦ | ૨ |
| ૮ | બોટાદ | ૦ | ૦ | ૦ |
| ૯ | છોટાઉદેપુર | ૦ | ૦ | ૦ |
| ૧૦ | દાહોદ | ૦ | ૦ | ૦ |
| ૧૧ | ડાંગ | ૦ | ૦ | ૦ |
| ૧૨ | દેવભૂમિ દ્વારકા | ૦ | ૦ | ૦ |
| ૧૩ | ગાંધીનગર | ૧ | ૨ | ૨ |
| ૧૪ | ગીર સોમનાથ | ૦ | ૧ | ૦ |
| ૧૫ | જામનગર | ૦ | ૦ | ૨૮ |

તા. ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૨૩

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા અતારાંકિત પ્રશ્નો (૮૭-ક)

| ક્રમ | જિલ્લો | તા. ૦૧/૦૪/૨૦૨૦ થી તા. ૩૧/૦૩/૨૦૨૧ | તા. ૦૧/૦૪/૨૦૨૧ થી તા. ૩૧/૦૩/૨૦૨૨ | તા. ૦૧/૦૪/૨૦૨૨ થી તા. ૩૧/૦૩/૨૦૨૩ |
|---|---|---|---|---|
| ૧૬ | જૂનાગઢ | ૦ | ૦ | ૦ |
| ૧૭ | કચ્છ | ૦ | ૧ | ૪ |
| ૧૮ | ખેડા | ૧ | ૦ | ૪ |
| ૧૯ | મહેસાણા | ૦ | ૦ | ૦ |
| ૨૦ | મહિસાગર | ૦ | ૦ | ૦ |
| ૨૧ | મોરબી | ૦ | ૧ | ૪ |
| ૨૨ | નર્મદા | ૦ | ૦ | ૦ |
| ૨૩ | નવસારી | ૦ | ૦ | ૨ |
| ૨૪ | પંચમહાલ | ૦ | ૦ | ૧ |
| ૨૫ | પાટણ | ૦ | ૦ | ૦ |
| ૨૬ | પોરબંદર | ૦ | ૦ | ૧ |
| ૨૭ | રાજકોટ | ૦ | ૦ | ૬૯ |
| ૨૮ | સાબરકાંઠા | ૧ | ૦ | ૦ |
| ૨૯ | સુરત | ૧૫ | ૨ | ૧ |
| ૩૦ | સુરેન્દ્રનગર | ૦ | ૦ | ૦ |
| ૩૧ | તાપી | ૦ | ૦ | ૦ |
| ૩૨ | વડોદરા | ૯ | ૫ | ૩૬ |
| ૩૩ | વલસાડ | ૦ | ૧ | ૦ |
| **કુલ** | | **૨૮** | **૨૧** | **૧૬૩** |

**પત્રક-બ**

| **તા. ૧/૪/૨૦૨૦ થી તા. ૩૧/૩/૨૦૨૧ ની સ્થિતિએ** | | | | |
|---|---|---|---|---|
| **ક્રમ** | **જિલ્લો** | **શાળાનું નામ** | **ફી નિર્ધારણ કમિટીએ મંજૂર કરેલ ફી** | **રાજ્યકક્ષાની ફી કમિટીએ મંજૂર કરેલ ફી** |
| -- | ---- | ---- | ---- | ---- |

| **તા. ૧/૪/૨૦૨૧ થી તા. ૩૧/૩/૨૦૨૨ ની સ્થિતિએ** | | | | |
|---|---|---|---|---|
| **ક્રમ** | **જિલ્લો** | **શાળાનું નામ** | **ફી નિર્ધારણ કમિટીએ મંજૂર કરેલ ફી** | **રાજ્યકક્ષાની ફી કમિટીએ મંજૂર કરેલ ફી** |
| ૧ | અમદાવાદ | યુ.એલ. પટેલ પ્રાયમરી સ્કૂલ, (જીએસએચએસઈબી-ગુ.મા) | ૧. કે.જી. ૧ થી ૨ ની ફી રૂ.૨,૨૨૬/-<br>૨. ધો. ૧ થી ૫ ની ફી રૂ. ૨,૨૬૫/- | ૧. કે.જી. ૧ થી ૨ ની ફી રૂ.૩,૫૬૧/-<br>૨. ધો. ૧ થી ૫ ની ફી રૂ.૪,૧૦૪/- |
| ૨ | મોરબી | નવદીપ વિદ્યાલય, લાલપુર, (જીએસએચએસઈબી-ગુ.મા) | ૧. ધો ૧ થી ૪ ની રૂ. ૮,૦૦૦/-<br>૨. ધો. ૫ થી ૭ ની રૂ. ૮,૨૫૦/-<br>૩. ધો. ૮ ની ફી રૂ. ૮,૬૯૦ | ૧. ધો ૧ થી ૪ ની રૂ. ૧૦,૦૦૦/-<br>૨. ધો. ૫ થી ૭ ની રૂ. ૧૦,૪૦૦/-<br>૩. ધો. ૮ ની ફી રૂ. ૧૦,૯૦૦/- |

| **તા. ૧/૪/૨૦૨૨ થી તા. ૩૧/૩/૨૦૨૩ ની સ્થિતિએ** | | | | |
|---|---|---|---|---|
| **ક્રમ** | **જિલ્લો** | **શાળાનું નામ** | **ફી નિર્ધારણ કમિટીએ મંજૂર કરેલ ફી** | **રાજ્યકક્ષાની ફી કમિટીએ મંજૂર કરેલ ફી** |
| -- | ---- | ---- | ---- | ---- |

**પત્રક-ક**

| **તા. ૧/૪/૨૦૨૦ થી તા. ૩૧/૩/૨૦૨૧ ની સ્થિતિએ** | | | |
|---|---|---|---|
| **ક્રમ** | **જિલ્લો** | **શાળાનું નામ** | **ફી વધારો મંજૂર કરવાના કારણો** |

| | | | |
|---|---|---|---|
| -- | ---- | ---- | ---- |

| તા. ૧/૪/૨૦૨૧ થી તા. ૩૧/૩/૨૦૨૨ ની સ્થિતિએ | | | |
|---|---|---|---|
| **ક્રમ** | **જિલ્લો** | **શાળાનું નામ** | **ફી વધારો મંજૂર કરવાના કારણો** |
| ૧ | અમદાવાદ | યુ.એલ. પટેલ પ્રાયમરી સ્કૂલ, (જીએસએચએસઇબી-ગુ.મા) | અધ્યક્ષશ્રી તેમજ કમિટી દ્વારા ઉચિત જણાવેલ. |
| ૨ | મોરબી | નવદીપ વિદ્યાલય, લાલપુર, (જીએસએચએસઇબી-ગુ.મા) | અધ્યક્ષશ્રી તેમજ કમિટી દ્વારા ઉચિત જણાવેલ. |

| તા. ૧/૪/૨૦૨૨ થી તા. ૩૧/૩/૨૦૨૩ ની સ્થિતિએ | | | |
|---|---|---|---|
| **ક્રમ** | **જિલ્લો** | **શાળાનું નામ** | **ફી વધારો મંજૂર કરવાના કારણો** |
| -- | ---- | ---- | ---- |

--------

**રાજ્યમાં વેપારીઓને જીએસટીની રકમનું ચૂકવવાનું બાકી રીફંડ**

અતારાંકિતઃ ૪૭૪ (૦૫-૦૬-૨૦૨૩) **ડૉ. સી. જે. ચાવડા** (વિજાપુર): **માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેટલા વેપારીઓને જીએસટીનું કેટલી રકમનું રીફંડ ચૂકવવાનું બાકી છે,

(૨) ઉક્ત રીફંડ નહીં ચૂકવવાના કારણો શા છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ રીફંડની બાકી રકમ ક્યાં સુધી ચૂકવવામાં આવશે ?

**નાણાં મંત્રીશ્રી :** (૦૫-૦૯-૨૦૨૩)

(૧) પત્રક-અ મુજબ.

(૨) રીફંડની અરજી ચકાસણી હેઠળ હોવાથી અથવા પૂર્તતા માટે પરત કરેલ હોવાથી.

(૩) કરદાતા દ્વારા રીફંડના દાવા અંગેના પૂરાવા રજૂ થયેથી નિયમોનુસાર ચૂકવણી કરવામાં આવશે.

**પત્રક-અ**

| **ક્રમ** | **જિલ્લાનું નામ** | **ઉક્ત સ્થિતિએ બાકી રીફંડ** | |
|---|---|---|---|
| | | **એકમ** | **રકમ (કરોડમાં)** |
| ૧ | અમદાવાદ | ૮૩૧ | ૫૭૦.૫૯ |
| ૨ | ગાંધીનગર | ૪૨ | ૮૦.૧૭ |
| ૩ | અરવલ્લી | ૦ | ૦.૦૦ |
| ૪ | સાબરકાંઠા | ૦ | ૦.૦૦ |
| ૫ | બનાસકાંઠા | ૩૪ | ૭.૯૦ |
| ૬ | પાટણ | ૫ | ૫.૪૮ |
| ૭ | મહેસાણા | ૪૧ | ૧૭.૧૨ |
| ૮ | મહીસાગર | ૦ | ૦.૦૦ |
| ૯ | પંચમહાલ | ૫ | ૨.૬૮ |
| ૧૦ | છોટાઉદેપુર | ૦ | ૦.૦૦ |
| ૧૧ | વડોદરા | ૧૫૧ | ૩૪.૪૧ |

| ક્રમ | જિલ્લાનું નામ | ઉક્ત સ્થિતિએ બાકી રીફંડ | |
|---|---|---|---|
| | | એકમ | રકમ (કરોડમાં) |
| ૧૨ | દાહોદ | ૩ | ૦.૦૪ |
| ૧૩ | આણંદ | ૬ | ૧.૨૬ |
| ૧૪ | ભરૂચ | ૦ | ૦.૦૦ |
| ૧૫ | ખેડા | ૯ | ૧.૨૦ |
| ૧૬ | નર્મદા | ૦ | ૦.૦૦ |
| ૧૭ | સુરત | ૩૭૭૮ | ૧૯૫.૫૦ |
| ૧૮ | તાપી | ૨ | ૦.૨૮ |
| ૧૯ | વલસાડ | ૪૧ | ૧.૯૭ |
| ૨૦ | ડાંગ | ૦ | ૦.૦૦ |
| ૨૧ | નવસારી | ૪ | ૦.૨૮ |
| ૨૨ | ભાનવગર | ૪૭ | ૫.૨૬ |
| ૨૩ | અમરેલી | ૬ | ૫.૨૦ |
| ૨૪ | બોટાદ | ૧ | ૦.૭૮ |
| ૨૫ | રાજકોટ | ૭૫ | ૨૧.૬૦ |
| ૨૬ | સુરેન્દ્રનગર | ૯ | ૦.૫૦ |
| ૨૭ | મોરબી | ૩૧૭ | ૨૩.૧૯ |
| ૨૮ | દેવભૂમિ દ્વારકા | ૫ | ૦.૬૬ |
| ૨૯ | ગીર સોમનાથ | ૧ | ૦.૦૦૫૪ |
| ૩૦ | જામનગર | ૫૧ | ૧૪.૬૬ |
| ૩૧ | જૂનાગઢ | ૬ | ૦.૧૫ |
| ૩૨ | કચ્છ | ૧૩૧ | ૬૦.૧૬ |
| ૩૩ | પોરબંદર | ૨ | ૦.૧૦ |

--------

**રાજ્યમાં જી.એસ.ટી. ની ચોરીના બનાવો**

અતારાંકિતઃ ૪૮૬ (૦૫-૦૬-૨૦૨૩) **શ્રી હેમંતભાઈ આહિર** (જામજોધપુર): **માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જી.એસ.ટી. ચોરીના કેટલા બનાવો નોંધાયા,

(૨) ઉક્ત બનાવોમાં વર્ષવાર કેટલી રકમની કેટલા ઇસમો દ્વારા જીએસટીની ચોરી કર્યાનું સામે આવ્યું, અને

(૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ ફક્ત વર્ષવાર કેટલા ઇસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**નાણાં મંત્રીશ્રી :** (૦૧-૦૯-૨૦૨૩)

(૧)

| સમયગાળો | રાજ્યમાં જી.એસ.ટી. ચોરીના નોંધાયેલ બનાવોની સંખ્યા |
|---|---|
| તા.૦૧-૦૪-૨૦ થી તા. ૩૧-૦૩-૨૧ | ૫૩૬૧ |
| તા.૦૧-૦૪-૨૧ થી તા. ૩૧-૦૩-૨૨ | ૭૪૨૮ |
| તા.૦૧-૦૪-૨૨ થી તા. ૩૧-૦૩-૨૩ | ૮૨૩૪ |

(૨)

| સમયગાળો | GST કરચોરીવાળા કેસોની સંખ્યા | GST કરચોરીવાળા કેસોની રકમ (રૂ. કરોડ) |
|---|---|---|
| તા.૦૧-૦૪-૨૦ થી તા. ૩૧-૦૩-૨૧ | ૫૩૬૧ | ૨૧૯.૯૯ |
| તા.૦૧-૦૪-૨૧ થી તા. ૩૧-૦૩-૨૨ | ૭૪૨૮ | ૫૯૯.૪૧ |
| તા.૦૧-૦૪-૨૨ થી તા. ૩૧-૦૩-૨૩ | ૮૨૩૪ | ૧૨૭૦.૨૯ |

(૩)

| સમયગાળો | કાર્યવાહીની વિગત | થયેલ કુલ વસૂલાત | કાર્યવાહી ચાલુ છે તેવા બાકી વસૂલાતના કેસો | ધરપકડ કરેલ ઇસમોની સંખ્યા |
|---|---|---|---|---|
| તા.૦૧-૦૪-૨૦ થી તા. ૩૧-૦૩-૨૧ | કેસોની સંખ્યા | ૫૦૧૫ | ૩૪૬ | ૨૬ |
| | રકમ (` કરોડ) | ૨૩૩.૪૩ | ૮૪.૭૧ | |
| તા.૦૧-૦૪-૨૧ થી તા. ૩૧-૦૩-૨૨ | કેસોની સંખ્યા | ૬૬૪૬ | ૭૮૨ | ૨૪ |
| | રકમ (` કરોડ) | ૨૭૯.૪૬ | ૪૭૩.૨૬ | |
| તા.૦૧-૦૪-૨૨ થી તા. ૩૧-૦૩-૨૩ | કેસોની સંખ્યા | ૭૫૫૪ | ૬૮૦ | ૧૧ |
| | રકમ (` કરોડ) | ૫૪૯.૯૮ | ૧૦૪૬.૭૬ | |

\- - - - - - - -

### રાજ્યમાં વેટ/સેલ્સટેક્ષ/જીએસટીની રકમ ન ચૂકવતા વેપારીઓ

અતારાંકિતઃ ૪૮૮ (૦૫-૦૬-૨૦૨૩) **શ્રી હેમંતભાઈ આહિર** (જામજોધપુર): **માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં વર્ષવાર વેટ/સેલ્સટેક્ષ/જીએસટીની રકમ ન ચૂકવતા કેટલા વેપારીઓની મિલકતો ટાંચમાં લીધી, અને

(૨) ઉક્ત ટાંચમાં લીધેલ મિલકતોની હરાજી ક્યારે કરવામાં આવી અને તે પેટે કેટલી રકમની વસૂલાત થઈ?

**નાણાં મંત્રીશ્રી :** (૦૧-૦૯-૨૦૨૩)

(૧)

| ક્રમ | સમય | જેની મિલકત ટાંચમા લીધેલ હોય તેવા વેપારીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | તા.૦૧-૦૪-૨૦ થી તા. ૩૧-૦૩-૨૧ | ૩૩ |
| ૨ | તા.૦૧-૦૪-૨૧ થી તા. ૩૧-૦૩-૨૨ | ૨૮ |
| ૩ | તા.૦૧-૦૪-૨૨ થી તા. ૩૧-૦૩-૨૩ | ૬૪ |

(૨) એક મિલકતની હરાજી તા.૨૫/૦૮/૨૦૨૨ ના રોજ કરવામાં આવી જેનાથી ` ૨,૫૨,૫૦૦.૦૦ ની રકમ ઉપજેલ છે

\- - - - - - - -

### રાજ્યમાં જી.એસ.ટી. ચોરી અટકાવવા બાબત

અતારાંકિતઃ ૪૮૯ (૦૫-૦૬-૨૦૨૩) **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા** (પોરબંદર): **માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જી.એસ.ટી ચોરી સંબંધમાં સરકારને કેટલી ફરીયાદો મળી,

(૨) ઉક્ત મળેલ ફરીયાદો અન્વયે કેટલી સ્થળ તપાસ કરવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોમાં સ્થળ તપાસ દરમ્યાન જી.એસ.ટી ચોરીની ઘટના પકડાઇ?

**નાણાં મંત્રીશ્રી :** (૦૧-૦૯-૨૦૨૩)

(૧)

| સમયગાળો | મળેલ ફરીયાદોની સંખ્યા |
|---|---|
| તા.૦૧-૦૪-૨૦ થી તા. ૩૧-૦૩-૨૧ | ૧૭૦ |
| તા.૦૧-૦૪-૨૧ થી તા. ૩૧-૦૩-૨૨ | ૨૧૩ |
| તા.૦૧-૦૪-૨૨ થી તા. ૩૧-૦૩-૨૩ | ૧૯૫ |

(૨) ઉક્ત ફરીયાદો અન્વયે ૫૧ કેસોમાં સ્થળ તપાસ કરવામાં આવી.

(૩) ઉક્ત સ્થિતિએ ૩૪ એકમોમાં સ્થળ તપાસ દરમ્યાન જી.એસ.ટી. ચોરીની ઘટના પકડાઇ.

- - - - - - - -

**જીએસટી ચોરીની ફરિયાદો**

અતારાંકિતઃ ૬૪૨ (૨૨-૦૬-૨૦૨૩) **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા): **માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં રાજ્ય કર કમિશ્નર કચેરીને વસ્તુ અને સેવા કર (જીએસટી)ની ચોરી સંબંધની કુલ કેટલી ફરીયાદો મળી,

(૨) તે પૈકી ઉક્ત વર્ષવાર કેટલી ફરીયાદોના આધારે સ્થળ તપાસ યોજવામાં આવી, અને

(૩) તે પૈકી કેટલા કિસ્સામાં કુલ કેટલી રકમની જીએસટીની ચોરી પકડવામાં સફળતા મળી ?

**નાણાં મંત્રીશ્રી :** (૦૧-૦૯-૨૦૨૩)

(૧)

| સમયગાળો | મળેલ ફરીયાદોની સંખ્યા |
|---|---|
| તા.૦૧-૦૪-૨૦ થી તા. ૩૧-૦૩-૨૧ | ૧૭૦ |
| તા.૦૧-૦૪-૨૧ થી તા. ૩૧-૦૩-૨૨ | ૨૧૩ |
| તા.૦૧-૦૪-૨૨ થી તા. ૩૧-૦૩-૨૩ | ૧૯૫ |
| **કુલ** | **૫૭૮** |

(૨)

| સમયગાળો | કેસોની સંખ્યા |
|---|---|
| તા.૦૧-૦૪-૨૦ થી તા. ૩૧-૦૩-૨૧ | ૦૦ |
| તા.૦૧-૦૪-૨૧ થી તા. ૩૧-૦૩-૨૨ | ૦૪ |
| તા.૦૧-૦૪-૨૨ થી તા. ૩૧-૦૩-૨૩ | ૪૭ |
| **કુલ** | **૫૧** |

(૩)

| એકમોની સંખ્યા | માંગણીની રકમ (` કરોડ) |
|---|---|
| ૩૪ | ૧૪.૮૧ |

- - - - - - - -

**નાણાં વિભાગ અને તાબાની કચેરીનું મહેકમ**

અતારાંકિતઃ ૭૬૧ (૧૪-૦૭-૨૦૨૩) **શ્રી અરવિંદભાઈ લાડાણી** (માણાવદર): **માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ નાણાં વિભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલી છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૩) ખાલી જગ્યાઓ પૈકી એક વર્ષ, બે વર્ષ અને ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૪) આ ખાલી જગ્યાઓ ભરવા શા પગલાં લેવામાં આવ્યા?

**નાણાં મંત્રીશ્રી :** (૦૬-૦૯-૨૦૨૩)

(૧) *પત્રક-૧ મુજબ.

(૨) *પત્રક-૨ મુજબ.

(૩) *પત્રક-૩ મુજબ.

(૪) *પત્રક-૪ મુજબ.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

--------

**ઘરવપરાશ અને ઉદ્યોગો પાસેથી મળેલ વીજ શુલ્કની રકમ**

અતારાંકિતઃ ૧૦૧૭ (૧૭-૦૮-૨૦૨૩) **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા): **માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર ઘરવપરાશ અને ઉદ્યોગો પાસેથી વીજ શુલ્ક પેટે રાજ્યમાં જિલ્લાવાર કેટલી રકમ સરકારને મળી ?

**નાણાં મંત્રીશ્રી :** (૦૫-૦૯-૨૦૨૩)

પત્રક-૧ આ સાથે સામેલ છે.

**પત્રક-૧**

**(રકમ ` કરોડમાં)**

| ક્રમ | જિલ્લાનું નામ | ઘરવપરાશ | | | ઉદ્યોગો | | |
|---|---|---|---|---|---|---|---|
| | | તા.૦૧.૦૪.૨૦ થી તા.૩૧.૦૩.૨૧ | તા.૦૧.૦૪.૨૧ થી તા.૩૧.૦૩.૨૨ | તા.૦૧.૦૪.૨૨ થી તા.૩૧.૦૩.૨૩ | તા.૦૧.૦૪.૨૦ થી તા.૩૧.૦૩.૨૧ | તા.૦૧.૦૪.૨૧ થી તા.૩૧.૦૩.૨૨ | તા.૦૧.૦૪.૨૨ થી તા.૩૧.૦૩.૨૩ |
| ૧ | સુરત | ૨૧૧.૧૩ | ૨૨૫.૮૮ | ૨૬૭.૩૧ | ૧૦૬૧.૫૩ | ૧૩૮૩.૯૧ | ૧૭૮૫.૨૭ |
| ૨ | તાપી | ૬.૦૭ | ૫.૯૨ | ૬.૭૧ | ૮.૮૨ | ૧૩.૧૧ | ૬.૬૪ |
| ૩ | ડાંગ | ૦.૮૩ | ૦.૮૪ | ૦.૯૪ | ૦.૧૨ | ૦.૧૫ | ૦.૧૭ |
| ૪ | વલસાડ | ૩૨.૬૮ | ૩૩.૦૪ | ૩૮.૪૫ | ૨૩૮.૬૬ | ૨૮૮.૭૭ | ૩૨૮.૩૯ |
| ૫ | નવસારી | ૨૪.૦૬ | ૨૩.૭૦ | ૨૭.૦૭ | ૨૫.૩૨ | ૩૧.૧૬ | ૪૧.૧૬ |
| ૬ | ભરૂચ | ૩૨.૧૨ | ૩૧.૪૩ | ૩૬.૫૧ | ૫૪૨.૧૩ | ૭૦૬.૦૮ | ૮૭૬.૭૯ |
| ૭ | નર્મદા | ૩.૦૯ | ૩.૦૧ | ૩.૫૬ | ૧૬.૪૧ | ૨૧.૮૯ | ૨૩.૪૦ |
| ૮ | આણંદ | ૩૮.૩૦ | ૩૪.૯૩ | ૪૩.૩૬ | ૩૬.૪૧ | ૪૩.૧૯ | ૪૫.૧૯ |
| ૯ | છોટાઉદેપુર | ૫.૦૩ | ૪.૫૬ | ૫.૮૨ | ૨.૪૧ | ૨.૭૨ | ૩.૩૧ |
| ૧૦ | દાહોદ | ૯.૪૬ | ૮.૯૦ | ૧૦.૯૪ | ૩.૬૭ | ૪.૦૨ | ૫.૧૪ |
| ૧૧ | ખેડા | ૨૪.૦૮ | ૨૨.૧૩ | ૨૭.૫૪ | ૨૫.૧૫ | ૩૧.૯૦ | ૩૮.૪૬ |
| ૧૨ | મહિસાગર | ૭.૦૦ | ૬.૬૧ | ૮.૧૨ | ૨.૪૨ | ૪.૯૦ | ૫.૪૬ |
| ૧૩ | પંચમહાલ | ૧૩.૭૩ | ૧૨.૮૯ | ૧૬.૨૮ | ૯૩.૮૪ | ૧૦૮.૨૯ | ૧૨૨.૨૩ |
| ૧૪ | વડોદરા | ૧૧૮.૬૧ | ૧૦૬.૪૩ | ૧૨૯.૭૫ | ૩૫૩.૮૮ | ૪૦૨.૩૩ | ૪૫૮.૭૮ |
| ૧૫ | કચ્છ | ૩૮.૩૬ | ૩૭.૯૬ | ૪૩.૭૮ | ૨૩૧.૫૯ | ૨૪૧.૬૫ | ૨૮૦.૬૦ |
| ૧૬ | રાજકોટ | ૮૩.૦૦ | ૮૩.૪૫ | ૯૭.૦૦ | ૧૭૮.૧૪ | ૨૨૩.૭૧ | ૨૬૪.૯૯ |
| ૧૭ | જૂનાગઢ | ૨૩.૫૪ | ૨૩.૩૮ | ૨૬.૫૮ | ૧૨.૭૯ | ૧૩.૪૬ | ૧૫.૮૮ |
| ૧૮ | દેવભૂમિ દ્વારકા | ૬.૭૧ | ૬.૭૮ | ૭.૮૬ | ૧૭.૪૧ | ૨૩.૨૭ | ૨૫.૫૩ |
| ૧૯ | ભાવનગર | ૩૨.૫૪ | ૩૨.૩૫ | ૩૭.૯૭ | ૬૭.૦૯ | ૯૦.૨૧ | ૧૦૮.૯૮ |
| ૨૦ | જામનગર | ૨૬.૨૬ | ૨૬.૩૪ | ૨૯.૭૭ | ૪૭૦.૯૨ | ૫૪૪.૬૫ | ૪૯૮.૭૭ |
| ૨૧ | મોરબી | ૧૬.૭૫ | ૧૭.૪૧ | ૨૦.૫૬ | ૨૩૭.૪૬ | ૩૩૬.૫૯ | ૩૯૭.૨૬ |
| ૨૨ | અમરેલી | ૧૫.૧૭ | ૧૩.૭૩ | ૧૬.૪૩ | ૧૫.૯૩ | ૩૦.૭૫ | ૪૬.૬૮ |
| ૨૩ | ગીર-સોમનાથ | ૧૦.૭૪ | ૧૦.૪૫ | ૧૧.૯૬ | ૨૧.૬૨ | ૨૫.૬૭ | ૩૦.૬૦ |
| ૨૪ | સુરેન્દ્રનગર | ૧૪.૮૭ | ૧૪.૯૦ | ૧૭.૪૧ | ૨૭.૪૩ | ૩૯.૬૦ | ૫૧.૮૭ |

| ક્રમ | જિલ્લાનું નામ | ઘરવપરાશ | | | ઉદ્યોગો | | |
|---|---|---|---|---|---|---|---|
| | | તા.૦૧.૦૪.૨૦ થી તા.૩૧.૦૩.૨૧ | તા.૦૧.૦૪.૨૧ થી તા.૩૧.૦૩.૨૨ | તા.૦૧.૦૪.૨૨ થી તા.૩૧.૦૩.૨૩ | તા.૦૧.૦૪.૨૦ થી તા.૩૧.૦૩.૨૧ | તા.૦૧.૦૪.૨૧ થી તા.૩૧.૦૩.૨૨ | તા.૦૧.૦૪.૨૨ થી તા.૩૧.૦૩.૨૩ |
| ૨૫ | પોરબંદર | ૧૦.૦૫ | ૯.૯૨ | ૧૦.૭૭ | ૧૨.૨૮ | ૯.૮૮ | ૧૦.૮૩ |
| ૨૬ | બોટાદ | ૬.૯૮ | ૭.૦૨ | ૮.૪૪ | ૨૧.૬૨ | ૨૪.૦૬ | ૨૯.૭૦ |
| ૨૭ | મહેસાણા | ૨૯.૭૬ | ૨૯.૩૭ | ૩૪.૯૨ | ૯૧.૭૫ | ૧૦૬.૨૦ | ૧૬૯.૪૦ |
| ૨૮ | પાટણ | ૧૮.૮૭ | ૧૮.૬૮ | ૨૨.૮૩ | ૨૦.૦૯ | ૨૧.૬૩ | ૨૪.૦૦ |
| ૨૯ | બનાસકાંઠા | ૧૯.૦૪ | ૧૯.૪૧ | ૨૩.૯૦ | ૩૭.૧૪ | ૪૩.૭૪ | ૪૮.૭૭ |
| ૩૦ | અરવલ્લી | ૭.૬૭ | ૭.૪૦ | ૧૧.૫૮ | ૮.૨૧ | ૪.૦૬ | ૧૨.૪૭ |
| ૩૧ | સાબરકાંઠા | ૧૬.૬૨ | ૧૬.૦૯ | ૨૨.૯૬ | ૪૩.૨૪ | ૫૧.૩૯ | ૫૩.૯૬ |
| ૩૨ | ગાંધીનગર | ૪૦.૨૭ | ૪૨.૮૨ | ૪૯.૮૭ | ૫૮૦.૧૦ | ૬૯૪.૧૬ | ૮૩૩.૨૬ |
| ૩૩ | અમદાવાદ | ૩૩૬.૨૯ | ૩૪૭.૩૪ | ૩૯૮.૯૧ | ૪૩૫.૧૧ | ૫૫૮.૩૯ | ૬૬૧.૩૨ |

- - - - - - - -

**સિંગતેલના ભાવમાં વધારો રોકવા બાબત**

અતારાંકિતઃ ૬૯૦ (૧૪-૦૭-૨૦૨૩) **ડૉ. સી. જે. ચાવડા** (વિજાપુર): **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર સિંગતેલના કિલોદીઠ તથા ડબ્બાદીઠ કેટલો ભાવ વધારો થયેલ છે,

(૨) સિંગતેલના ભાવમાં થતા વધારો રોકવાની જવાબદારી રાજ્ય સરકારની છે, તે હકીકત સાચી છે,

(૩) જો હા, તો આ ભાવ વધારો થવાના મુખ્ય કારણો શા છે, અને

(4) આ ભાવ વધારો રોકવા તથા સિંગતેલના ભાવ ઘટાડવા ઉક્ત સ્થિતિએ રાજ્ય સરકારે શી કાર્યવાહી કરી ?

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી :** (૦૬-૦૯-૨૦૨૩)

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષના સીંગતેલના કિલોદીઠ (૧ કિ.ગ્રા) તથા ડબ્બાદીઠ (૧૫ કિ.ગ્રા) ના વર્ષવાર સરેરાસ ભાવ અને વધારો-ઘટાડોની વિગતો ભારત સરકારશ્રી / રાજ્ય સરકારના પોર્ટલ પરથી મેળવી તૈયાર કરેલ પરિશિષ્ટ-૧ આ સાથે સામેલ છે.

(૨) હા, જી.

(૩) સિંગતેલના ભાવમાં વધારો થવાના મુખ્ય કારણો નીચે મુજબ છે.

- કોવિડ-૧૯ વૈશ્વિક મહામારીના કપરા સમયમાં ખાદ્ય તેલોના ઉત્પાદન એકમોમાં કામ કરતા મજૂરોની અછતની સમસ્યા, કાચા માલની ખરીદી, માલ પરિવહનની મુશ્કેલી વિગેરે કારણોને લીધે સ્થાનિક અને રાષ્ટ્રીય બજારોમાં ખાદ્ય તેલના ભાવોમાં વિપરીત અસર થવા પામેલ છે.
- આંતરરાષ્ટ્રીય બજારોમાં ખાદ્ય તેલ અને તેલીબીયા, ખાસ કરીને પામોલીન તેલના ભાવોમાં થતા વધારાની સીધી અસર સ્થાનિક બજારોમાં અન્ય તમામ તેલોમાં જોવા મળેલ છે.
- દેશની ખાદ્યતેલની કુલ જરૂરિયાતના આશરે ૫૦ થી ૬૦ ટકા ખાદ્યતેલ આયાત કરવામાં આવે છે. જેમાં મુખ્યત્વે પામોલીન, સોયાબીન અને સૂર્યમુખી તેલ આયાત કરવામાં આવે છે.
- છેલ્લા બે વર્ષ દરમ્યાન વૈશ્વિક બજારોમાં આયાતી તેલના ભાવમાં નોંધપાત્ર વધારો થવા પામેલ છે.
- ગ્લોબલ વોર્મિંગના કારણે પણ તેલાબીયા પાકોના ઉત્પાદનમાં ઘટાડો થવા પામેલ છે.
- આંતરરાષ્ટ્રીય સ્તરે રશિયા-યુક્રેન વચ્ચે થયેલ યુદ્ધ, ઇન્ડોનેશિયા દેશ દ્વારા તેઓને આયાત-નિકાસની પોલિસીમાં ફેરફાર કરતાં તેમજ આર્જેન્ટિનામાં સપ્લાય ચેઇનમાં થયેલ પ્રાદેશિક અવરોધના લીધે ખાદ્ય તેલોના ભાવોમાં નોંધપાત્ર વધારો થયેલ છે જેની આનુસંગીક અસરના લીધે સ્થાનિક ઘરેલુ બજારોમાં ભાવવધારો નોંધાયેલ છે.

(૪) રાજ્યમાં ખાદ્યતેલોના ભાવ વધારો અંકુશમાં લેવા લેવાયેલા પગલાઃ-

- ગ્રાહકોની બાબતોનો વિભાગ, અન્ન અને જાહેર વિતરણ મંત્રાલય, ભારત સરકાર દ્વારા તા.૦૩/૦૨/૨૦૨૨ના ઓર્ડરથી ખાદ્યતેલ અને ખાદ્યતેલીબિયાંના વધતા જતાં ભાવોને અંકુશમાં રાખવા માટે સ્ટોક લિમિટ દાખલ કરેલ. આ સ્ટોક લીમીટના મુદત ભારત સરકાર દ્વારા તા.૩૦/૩/૨૦૨૨ના ઓર્ડરથી તા.૩૧/૧૨/૨૦૨૨ સુધી લંબાવવામાં આવેલ. જે અન્વયે રાજ્ય સરકાર દ્વારા આ સ્ટોક લિમિટને તા.૩૧/૧૨/૨૦૨૨ સુધી રાજ્યમાં અમલમાં મુકેલ.

- ખાદ્યતેલોની ગેરકાયદેસરની સંગ્રહખોરી રોકવા, ખાદ્યતેલના ઉત્પાદકો અને વેપારીઓ પાસેના ખાદ્યતેલના સાપ્તાહિક જથ્થાની વિગતો માટે ભારત સરકાર દ્વારા વેબ પોર્ટલ https://evegolis.nic.in/eosp/login કાર્યરત કરવામાં આવેલ છે, જેમાં જિલ્લા સ્તરેથી વેપારીઓ પાસેથી જથ્થાની વિગતો દર્શાવવા માટેની જરૂરી સૂચના આપવામાં આવેલ છે. તેમજ હાલ સદર પોર્ટલ પર રાજ્યના ખાદ્યતેલ અને ખાદ્યતેલીબિયાંના કુલ ૧,૪૧૭ વેપારીઓ, ઉત્પાદકો વગેરે દ્વારા રજિસ્ટ્રેશન કરાયેલ છે.

- જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ અગાઉ રાજ્ય સરકાર દ્વારા જન્માષ્ટમી અને દિવાળીના તહેવાર નિમિત્તે અંત્યોદય અને બી.પી.એલ કાર્ડ ધરાવતા આશરે ૩૫ લાખ કુટુંબોને કુટુંબદીઠ એક લીટર કપાસીયા તેલ રાહત દરે આપવામાં આવતું હતું.
  - ➢ જેમાં વર્ષ ૨૦૨૧-૨૨થી આ યોજનાનો વ્યાપ વધારીને "રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા" (એનએફએસએ) હેઠળ તમામ કેટેગરીના કુટુંબોને આવરી લઈ આશરે ૭૧ લાખ કુટુંબોને જન્માષ્ટમી અને દિવાળી નિમિત્તે રાહતદરે (મુક્ત બજારના પ્રવર્તમાન ભાવથી નીચા દરે) પ્રતિ કુટુંબ એક લીટર કપાસીયા તેલ આપવામાં આવેલ છે.
  - ➢ વર્ષ ૨૦૨૦-૨૧માં ૭૫.૩૦ લાખ કપાસીયા તેલના ૧ લીટર પાઉચનું વિતરણ થયેલ જે માટે કુલ સબસીડી ખર્ચ રૂ.૩૫૨૪.૫૭ લાખ થયેલ છે.
  - ➢ વર્ષ ૨૦૨૧-૨૨માં ૧૩૦.૫૦ લાખ કપાસીયા તેલના ૧ લીટર પાઉચનું વિતરણ થયેલ જે માટે કુલ સબસીડી ખર્ચ રૂ.૯૫૨૮.૦૧ લાખ થયેલ છે.
  - ➢ વર્ષ ૨૦૨૨-૨૩માં "રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો" (એનએફએસએ) હેઠળ ૭૧ લાખ કુટુંબોને જન્માષ્ટમી અને દિવાળીના નિમિત્તે રાહતદરે પ્રતિ કુટુંબ એક લીટર સીંગતેલ આપવામાં આવેલ છે.
  - ➢ વર્ષ ૨૦૨૨માં ૧૩૮.૪૨ લાખ સીંગતેલના ૧ લીટર પાઉચનું વિતરણ થયેલ છે. જે માટે કુલ સબસીડી ખર્ચ રૂ.૧૩૩૯૭.૧૭ લાખ થયેલ છે.
  - ➢ તેમજ ચાલુ વર્ષ ૨૦૨૩-૨૪ માં રાજ્યની "રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા" (એનએફએસએ) હેઠળના તમામ કેટેગરીના કુટુંબોને આવરી લઈ આશરે ૭૨ લાખ કુટુંબોને જન્માષ્ટમી અને દિવાળી નિમિત્તે રાહતદરે (મુક્ત બજારના પ્રવર્તમાન ભાવથી નીચા દરે) પ્રતિ કુટુંબ એક લીટર સિંગતેલ આપવામાં માટે કુલ રૂ. ૧૨૮૧૪ લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે.

**પરીશિષ્ટ-૧**

(એપ્રિલ- ૨૦૨૦ થી માર્ચ-૨૦૨૩) (ત્રણ વર્ષ)

ગુજરાતના સિંગતેલના વર્ષવાર છૂટક અને જથ્થાબંધ ભાવ

એકમ દીઠ ૧ કીલોના અને ૧૫ કિલોના ભાવ રૂપિયામાં

| **ક્રમ નં.** | **વર્ષનો સમયગાળો** | **સીંગતેલના વાર્ષિક સરેરાશ ભાવ રૂ.** | **વધારો / ઘટાડો રૂ.** | **સીંગતેલના વાર્ષિક સરેરાશ ભાવ રૂ.** | **વધારો / ઘટાડો રૂ.** |
|---|---|---|---|---|---|
| | | **(૧ કીલોના ભાવ રૂપિયામાં)** | | **(૧૫ કિલોના ભાવ રૂપિયામાં)** | |
| **(૧)** | **(૨)** | **(૩)** | **(૪)** | **(૫)** | **(૬)** |
| ૧ | એપ્રિલ- ૨૦૨૦ થી માર્ચ-૨૦૨૧ | ૧૪૬ | - | ૨૧૧૨ | - |
| ૨ | એપ્રિલ- ૨૦૨૧ થી માર્ચ-૨૦૨૨ | ૧૬૧ | ૧૫ | ૨૪૦૫ | ૨૯૩ |
| ૩ | એપ્રિલ- ૨૦૨૨ થી માર્ચ-૨૦૨૩ | ૧૮૨ | ૨૧ | ૨૫૯૦ | ૧૮૫ |

(Source: ભારત સરકારશ્રીના પ્રાઇઝ મોનીટરિંગ સેલ પોર્ટલ પરના દૈનિક ભાવના ડેટા ઉપરથી સરેરાશ ભાવ)

તા. ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૨૩
સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા અતારાંકિત પ્રશ્નો (૮૭-ક)

**રાજ્યમાં ખાદ્યતેલોના વધતા જતા ભાવો**

અતારાંકિતઃ ૬૯૫ (૧૪-૦૭-૨૦૨૩) **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર): **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં માસવાર સિંગતેલ અને કપાસિયા તેલનો શું ભાવ હતો,

(૨) આ ખાદ્યતેલોના વધતા જતા ભાવોને અંકુશમાં રાખવા સરકારે શા પગલાં લીધા, અને

(૩) લીધેલ પગલા લીધા બાદ ભાવોમાં કેટલો ઘટાડો થયો ?

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી:** (૦૬-૦૯-૨૦૨૩)

(૧) અને (૩) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં સીંગતેલ અને કપાસીયા તેલના છુટક કિલોદીઠ ૧ કિ.ગ્રા ના માસવાર સરેરાસ ભાવ અને વધારો-ઘટાડોની વિગતો ભારત સરકારશ્રી / રાજ્ય સરકારના પોર્ટલ પરથી મેળવી તૈયાર કરેલ પરિશિષ્ટ ૧, ૨ અને ૩ આ સાથે સામેલ છે.

(૨) ગ્રાહકોની બાબતોનો વિભાગ, અન્ન અને જાહેર વિતરણ મંત્રાલય, ભારત સરકાર દ્વારા તા.૦૩/૦૨/૨૦૨૨ના ઓર્ડરથી ખાદ્યતેલ અને ખાદ્યતેલીબિયાંના વધતા જતાં ભાવોને અંકુશમાં રાખવા માટે સ્ટોક લિમિટ દાખલ કરેલ. જે અન્વયે રાજ્ય સરકારના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ દ્વારા તા.૨૪/૦૨/૨૦૨૨ના ઓર્ડરથી "ગુજરાત ખાદ્યતેલ અને તેલિબીયાં (સંગ્રહ નિયંત્રણ) હુકમ, ૨૦૨૨" થી રાજ્યમાં ખાદ્યતેલ અને ખાદ્યતેલિબીયામાં સ્ટોક લિમિટ દાખલ કરેલ છે. આ સ્ટોક લીમીટની મુદત ભારત સરકાર દ્વારા તા.૩૦/૩/૨૦૨૨ના ઓર્ડરથી તા.૩૧/૧૨/૨૦૨૨ સુધી લંબાવવામાં આવેલ. જે અન્વયે રાજ્ય સરકાર દ્વારા આ સ્ટોક લિમિટને તા.૩૧/૧૨/૨૦૨૨ સુધી રાજ્યમાં અમલ માં મુકેલ. ખેડૂતોને તથા આયાત-નિકાસકર્તાઓને શરતોને આધિન સ્ટોક લિમિટની જોગવાઇમાંથી મુક્તિ આપવામાં આવેલ.

સ્ટોક લિમિટની મર્યાદા દર્શાવતું ટેબલ

| નં | આવશ્યક ચીજવસ્તુનું નામ | છુટક | જથ્થાબંધ | જથ્થાબંધ ઉપભોક્તા (છુટક દુકાનોની મોટી શ્રૃંખલા) | | પ્રોસેસર |
|---|---|---|---|---|---|---|
| | | | | છુટક | જથ્થાબંધ | |
| ૧. | ખાદ્યતેલ | ૩૦ ક્વિન્ટલ | ૫૦૦ ક્વિન્ટલ | ૩૦ ક્વિન્ટલ | ૧૦૦૦ ક્વિન્ટલ | ૯૦ દિવસની સંગ્રહ ક્ષમતા |
| ૨. | ખાદ્યતેલિબીયા | ૧૦૦ ક્વિન્ટલ | ૨૦૦૦ ક્વિન્ટલ | --- | | ૯૦ દિવસની ઉત્પાદનની સ્થાપિત ક્ષમતા |

- ખાદ્યતેલોની ગેરકાયદેસરની સંગ્રહખોરી રોકવા, ખાદ્યતેલના ઉત્પાદકો અને વેપારીઓ પાસેના ખાદ્યતેલના સાપ્તાહિક જથ્થાની વિગતો માટે ભારત સરકાર દ્વારા વેબ પાર્ટલ https://evegoils.nic.in/eosp/login કાર્યરત કરવામાં આવેલ છે, જેમાં જિલ્લા સ્તરેથી વેપારીઓ પાસેના જથ્થાની વિગતો દર્શાવવા માટેની જરૂરી સૂચના આપવામાં આવેલ છે. તેમજ હાલ સદર પોર્ટલ પર રાજ્યના ખાદ્યતેલ અને ખાદ્યતેલીબીયાના કુલ ૧,૪૧૭ વેપારીઓ, ઉત્પાદકો વગેરે દ્વારા રજિસ્ટ્રેશન કરાયેલ છે.

- વિદેશ વ્યાપાર મહાનિર્દેશાલય (ડીજીએફટી), ભારત સરકારના તા.૩૦/૬/૨૦૨૧ના નોટિફિકેશનથી આયાતી રીફાઇન્ડ પામોલિન તેલને તા.૩૧/૧૨/૨૦૨૧ સુધી "પ્રતિબંધિત" કેટેગરીમાંથી "મુક્ત" કેટેગરીમાં મુકવામાં આવેલ, જેની મુદત વધારી તા. ૩૧/૧૨/૨૦૨૨ સુધી લંબાવવામાં આવેલ છે.

- નાણાં વિભાગ, ભારત સરકાર દ્વારા તા.૧૦/૦૯/૨૦૨૧ના નોટીફિકેશનથી ક્રુડ સોયાબીન તેલ, ક્રુડ પામોલીન તેલ અને ક્રુડ સનફ્લાવર તેલ પરનો આયાત માટેનો વેરો ઘટાડીને ૨.૫ ટકા કરેલ અને ત્યારબાદ તા.

૧૩/૧૦/૨૦૨૧ના નોટીફિકેશનથી આ વેરો ઘટાડીને "શૂન્ય" કરવામાં આવેલ છે, જે આગામી તા.૩૧/૦૩/૨૦૨૪ સુધી અમલમાં રહેશે.

- જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ અગાઉ રાજ્ય સરકાર દ્વારા જન્માષ્ટમી અને દિવાળીના તહેવાર નિમિત્તે અંત્યોદય અને બી.પી.એલ કાર્ડ ધરાવતા આશરે ૩૫ લાખ કુટુંબોને કુટુંબદીઠ એક લીટર કપાસીયા તેલ રાહત દરે આપવામાં આવતું હતું.

    - ➢ જેમાં વર્ષ ૨૦૨૧-૨૨થી આ યોજનાનો વ્યાપ વધારીને "રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા" (એનએફએસએ) હેઠળના તમામ કેટેગરીના કુટુંબોને આવરી લઇ આશરે ૭૧ લાખ કુટુંબોને જન્માષ્ટમી અને દિવાળી નિમિત્તે રાહતદરે
(મુક્ત બજારના પ્રવર્તમાન ભાવથી નીચા દરે) પ્રતિ કુટુંબ એક લીટર કપાસીયા તેલ આપવામાં આવેલ છે.
    - ➢ વર્ષ ૨૦૨૦-૨૧માં ૭૫.૩૦ લાખ કપાસીયા તેલના ૧ લીટર પાઉચનું વિતરણ થયેલ જે માટે કુલ સબસીડી ખર્ચ રૂ.૩૫૨૪.૫૭ લાખ થયેલ છે.
    - ➢ વર્ષ ૨૦૨૧-૨૨માં ૧૩૦.૫૦ લાખ કપાસીયા તેલના ૧ લીટર પાઉચનું વિતરણ થયેલ જે માટે કુલ સબસીડી ખર્ચ રૂ.૯૫૨૮.૦૧ લાખ થયેલ છે.
    - ➢ વર્ષ ૨૦૨૨-૨૩માં "રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો" (એનએફએસએ) હેઠળના ૭૧ લાખ કુટુંબોને જનમાષ્ટમી અને દીવાળી નિમિત્તે રાહતદરે પ્રતિ કુટુંબ એક લીટર સીંગતેલ આપવામાં આવેલ છે.
    - ➢ વર્ષ ૨૦૨૨માં ૧૩૮.૪૨ લાખ સીંગતેલના ૧ લીટર પાઉચનું વિતરણ થયેલ જે માટે કુલ સબસીડી ખર્ચ રૂ.૧૩૩૯૭.૧૭ લાખ થયેલ છે.
    - ➢ તેમજ ચાલુ વર્ષ ૨૦૨૩-૨૪ માં રાજ્યની "રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા" (એનએફએસએ) હેઠળના તમામ કેટેગરીના કુટુંબોને આવરી લઇ આશરે ૭૨ લાખ કુટુંબોને જનમાષ્ટમી અને દીવાળી નિમિત્તે રાહતદરે (મુક્ત બજારના પ્રવર્તમાન ભાવથી નીચા દરે) પ્રતિ કુટુંબ એક લીટર સિંગતેલ આપવામાં માટે કુલ રૂ. ૧૨૮૧૪ લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે.

પરીશિષ્ટ-૧
(વર્ષ ૨૦૨૦-૨૧)
(એપ્રિલ- ૨૦૨૦ થી માર્ચ-૨૦૨૧)

ગુજરાતના સિંગતેલ અને કપાસીયા તેલના સરેરાશ છૂટક ભાવ
એકમ દીઠ ૧ કીલોના ભાવ રૂપિયામાં

| **ક્રમ નં.** | **વર્ષ ૨૦૨૦-૨૧** | **સીંગતેલ રૂ.** | **વધારો/ઘટાડો રૂ.** | **કપાસીયા તેલ રૂ.** | **વધારો/ઘટાડો રૂ.** |
|---|---|---|---|---|---|
| **(૧)** | **(૨)** | **(૩)** | **(૪)** | **(૫)** | **(૬)** |
| ૧ | એપ્રિલ-૨૦૨૦ | ૧૩૨ | - | ૯૭ | - |
| ૨ | મે-૨૦૨૦ | ૧૪૦ | ૮ | ૧૦૦ | ૩ |
| ૩ | જૂન-૨૦૨૦ | ૧૪૨ | ૨ | ૧૦૦ | ૦ |
| ૪ | જુલાઈ-૨૦૨૦ | ૧૪૩ | ૧ | ૯૯ | -૧ |
| ૫ | ઓગસ્ટ-૨૦૨૦ | ૧૪૩ | ૦ | ૯૮ | -૧ |
| ૬ | સપ્ટેમ્બર-૨૦૨૦ | ૧૪૨ | -૧ | ૯૮ | ૦ |
| ૭ | ઓક્ટોબર-૨૦૨૦ | ૧૪૩ | ૧ | ૯૯ | ૧ |
| ૮ | નવેમ્બર-૨૦૨૦ | ૧૪૪ | ૧ | ૧૦૦ | ૧ |
| ૯ | ડીસેમ્બર-૨૦૨૦ | ૧૪૯ | ૫ | ૧૦૪ | ૪ |
| ૧૦ | જાન્યુઆરી-૨૦૨૧ | ૧૫૭ | ૮ | ૧૦૬ | ૨ |
| ૧૧ | ફેબ્રુઆરી-૨૦૨૧ | ૧૫૭ | ૦ | ૧૦૭ | ૧ |
| ૧૨ | માર્ચ-૨૦૨૧ | ૧૬૪ | ૭ | ૧૧૨ | ૫ |

(Source: ભારત સરકારશ્રીના પ્રાઇઝ મોનીટરીંગ સેલ પોર્ટલ પરના દૈનિક ભાવના ડેટા ઉપરથી સરેરાશ ભાવ
(કપાસિયા તેલના ભાવો માટે રાજ્ય સરકારનું પીડીએસ પોર્ટલ)

| પરીશિષ્ટ-૨<br>(વર્ષ ૨૦૨૧-૨૨)<br>(એપ્રિલ- ૨૦૨૧ થી માર્ચ-૨૦૨૨) | | | | | |
|---|---|---|---|---|---|
| ગુજરાતના સિંગતેલ અને કપાસીયા તેલના સરેરાશ છૂટક ભાવ | | | | | |
| એકમ દીઠ ૧ કીલોના ભાવ રૂપિયામાં | | | | | |
| **ક્રમ નં.** | **વર્ષ ૨૦૨૧-૨૨** | **સીંગતેલ રૂ.** | **વધારો / ઘટાડો રૂ.** | **કપાસીયા તેલ રૂ.** | **વધારો / ઘટાડો રૂ.** |
| **(૧)** | **(૨)** | **(૩)** | **(૪)** | **(૫)** | **(૬)** |
| ૧ | એપ્રિલ-૨૦૨૧ | ૧૬૨ | -૨ | ૧૧૭ | ૫ |
| ૨ | મે-૨૦૨૧ | ૧૫૭ | -૫ | ૧૨૦ | ૩ |
| ૩ | જૂન-૨૦૨૧ | ૧૫૮ | ૧ | ૧૨૫ | ૫ |
| ૪ | જુલાઈ-૨૦૨૧ | ૧૫૯ | ૧ | ૧૨૮ | ૩ |
| ૫ | ઓગસ્ટ-૨૦૨૧ | ૧૬૦ | ૧ | ૧૩૦ | ૨ |
| ૬ | સપ્ટેમ્બર-૨૦૨૧ | ૧૬૨ | ૨ | ૧૩૨ | ૨ |
| ૭ | ઓક્ટોબર-૨૦૨૧ | ૧૬૩ | ૧ | ૧૫૧ | ૧૯ |
| ૮ | નવેમ્બર-૨૦૨૧ | ૧૬૨ | -૧ | ૧૫૩ | ૨ |
| ૯ | ડીસેમ્બર-૨૦૨૧ | ૧૬૪ | ૨ | ૧૫૨ | -૧ |
| ૧૦ | જાન્યુઆરી-૨૦૨૨ | ૧૬૪ | ૦ | ૧૫૧ | -૧ |
| ૧૧ | ફેબ્રુઆરી-૨૦૨૨ | ૧૬૧ | -૩ | ૧૫૨ | ૧ |
| ૧૨ | માર્ચ-૨૦૨૨ | ૧૬૫ | ૪ | ૧૫૫ | ૩ |
| (Source: ભારત સરકારશ્રીના પ્રાઇઝ મોનીટરિંગ સેલ પોર્ટલ પરના દૈનિક ભાવના ડેટા ઉપરથી સરેરાશ ભાવ<br>(કપાસિયા તેલના ભાવો માટે રાજ્ય સરકારનું પીડીએસ પોર્ટલ) | | | | | |

| પરીશિષ્ટ-૩<br>(વર્ષ ૨૦૨૨-૨૩)<br>(એપ્રિલ- ૨૦૨૨ થી માર્ચ-૨૦૨૩) | | | | | |
|---|---|---|---|---|---|
| ગુજરાતના સિંગતેલ અને કપાસીયા તેલના સરેરાશ છૂટક ભાવ | | | | | |
| એકમ દીઠ ૧ કીલોના ભાવ રૂપિયામાં | | | | | |
| **ક્રમ નં.** | **વર્ષ ૨૦૨૨-૨૩** | **સીંગતેલ રૂ.** | **વધારો / ઘટાડો રૂ.** | **કપાસીયા તેલ રૂ.** | **વધારો / ઘટાડો રૂ.** |
| **(૧)** | **(૨)** | **(૩)** | **(૪)** | **(૫)** | **(૬)** |
| ૧ | એપ્રિલ-૨૦૨૨ | ૧૭૦ | ૫ | ૧૫૮ | ૩ |
| ૨ | મે-૨૦૨૨ | ૧૭૪ | ૪ | ૧૬૯ | ૧૧ |
| ૩ | જૂન-૨૦૨૨ | ૧૭૫ | ૧ | ૧૭૨ | ૩ |
| ૪ | જુલાઈ-૨૦૨૨ | ૧૭૯ | ૪ | ૧૭૨ | ૦ |
| ૫ | ઓગસ્ટ-૨૦૨૨ | ૧૮૨ | ૩ | ૧૭૧ | -૧ |
| ૬ | સપ્ટેમ્બર-૨૦૨૨ | ૧૮૩ | ૧ | ૧૭૦ | -૧ |
| ૭ | ઓક્ટોબર-૨૦૨૨ | ૧૮૪ | ૧ | ૧૬૮ | -૨ |
| ૮ | નવેમ્બર-૨૦૨૨ | ૧૮૮ | ૪ | ૧૭૨ | ૪ |
| ૯ | ડીસેમ્બર-૨૦૨૨ | ૧૮૬ | -૨ | ૧૬૭ | -૫ |
| ૧૦ | જાન્યુઆરી-૨૦૨૩ | ૧૮૬ | ૦ | ૧૬૯ | ૨ |
| ૧૧ | ફેબ્રુઆરી-૨૦૨૩ | ૧૮૭ | ૧ | ૧૬૭ | -૨ |
| ૧૨ | માર્ચ-૨૦૨૩ | ૧૯૦ | ૩ | ૧૬૬ | -૧ |
| (Source: ભારત સરકારશ્રીના પ્રાઇઝ મોનીટરિંગ સેલ પોર્ટલ પરના દૈનિક ભાવના ડેટા ઉપરથી સરેરાશ ભાવ<br>(કપાસિયા તેલના ભાવો માટે રાજ્ય સરકારનું પીડીએસ પોર્ટલ) | | | | | |

- - - - - - - -

**રાજ્યમાં વન વિભાગની જમીન ફાળવણી બાબત**

અતારાંકિતઃ ૧૪૪ (૦૨-૦૫-૨૦૨૩) **શ્રી કિરીટકુમાર પટેલ** (પાટણ): **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર વન વિભાગની કેટલી જમીન, ક્યા ભાવે, કોને ફાળવવામાં આવી, અને

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર સરકારને કેટલી આવક થઇ ?

**વન અને પર્યાવરણ મંત્રીશ્રી :** (૦૪-૦૯-૨૦૨૩)

(૧) તા. ૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં વન (સંરક્ષણ) ધારા-૧૯૮૦ અંતર્ગત જંગલ જમીન વિવિધ વિકાસકાર્યો અને અન્ય હેતુઓ માટે જુદી જુદી યુઝર એજન્સીઓને ફાળવવા મંજૂરી મળેલ છે, જેની જિલ્લાવાર વિગતો *પત્રક-૧ માં સામેલ છે.

| અ.નં. | વર્ષ | દરખાસ્તની સંખ્યા | ડાયવર્ઝન વિસ્તાર (હેક.) |
|---|---|---|---|
| ૧ | ૨૦૨૦-૨૧ | ૨૨૦ | ૧૨૩૭.૨૦ |
| ૨ | ૨૦૨૧-૨૨ | ૧૯૬ | ૪૪૩.૪૮ |
| ૩ | ૨૦૨૨-૨૩ | ૭૪ | ૩૧૮.૫૫ |
| | **કુલ** | **૪૯૦** | **૧૯૯૯.૨૩** |

જંગલની જમીન કોઇ ભાવથી ફાળવવામાં આવતી નથી, પરંતુ મુખ્યત્વે વળતર વનીકરણની રકમ અને નેટ પ્રેઝન્ટ વેલ્યુ (એન.પી.વી.)ની રકમ વસૂલ કરવામાં આવે છે.

(૨) તા. ૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં વન (સંરક્ષણ) ધારા-૧૯૮૦ અંતર્ગત મંજુરીની શરતો મુજબ યુઝર એજન્સી પાસેથી નિયમોનુસાર નીચે મુજબની રકમ વસૂલ કરવામાં આવેલ છે, જેની જિલ્લાવાર વિગતો *પત્રક-૨ માં સામેલ છે.

| અ.નં. | વર્ષ | વસૂલ કરવામાં આવેલ રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૨૦-૨૧ | ૧૮૦૦૭.૫૬ |
| ૨ | ૨૦૨૧-૨૨ | ૧૧૧૩૫.૫૧ |
| ૩ | ૨૦૨૨-૨૩ | ૧૨૩૧.૩૧ |
| | **કુલ** | **૩૦૩૭૪.૩૮** |

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

\- - - - - - - -

**રાજ્યમાં વન વિભાગની જમીન ફાળવણી બાબત**

અતારાંકિતઃ ૧૫૪ (૦૨-૦૫-૨૦૨૩) **શ્રી ઇમરાન ખેડાવાલા** (જમાલપુર): **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર વન વિભાગની કેટલી જમીન, ક્યા ભાવે, કોને ફાળવવામાં આવી, અને

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર સરકારને કેટલી આવક થઇ ?

**વન અને પર્યાવરણ મંત્રીશ્રી :** (૦૪-૦૯-૨૦૨૩)

(૧) તા. ૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં વન (સંરક્ષણ) ધારા-૧૯૮૦ અંતર્ગત જંગલ જમીન વિવિધ વિકાસકાર્યો અને અન્ય હેતુઓ માટે જુદી જુદી યુઝર એજન્સીઓને ફાળવવા મંજૂરી મળેલ છે, જેની જિલ્લાવાર વિગતો *પત્રક-૧ માં સામેલ છે.

| અ.નં. | વર્ષ | દરખાસ્તની સંખ્યા | ડાયવર્ઝન વિસ્તાર (હેક.) |
|---|---|---|---|
| ૧ | ૨૦૨૦-૨૧ | ૨૨૦ | ૧૨૩૭.૨૦ |
| ૨ | ૨૦૨૧-૨૨ | ૧૯૬ | ૪૪૩.૪૮ |

| અ.નં. | વર્ષ | દરખાસ્તની સંખ્યા | ડાયવર્ઝન વિસ્તાર (હેક.) |
|---|---|---|---|
| ૩ | ૨૦૨૨-૨૩ | ૭૪ | ૩૧૮.૫૫ |
| | **કુલ** | **૪૯૦** | **૧૯૯૯.૨૩** |

જંગલની જમીન કોઇ ભાવથી ફાળવવામાં આવતી નથી, પરંતુ મુખ્યત્વે વળતર વનીકરણની રકમ અને નેટ પ્રેઝન્ટ વેલ્યુ (એન.પી.વી.)ની રકમ વસૂલ કરવામાં આવે છે.

(૨) તા. ૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં વન (સંરક્ષણ) ધારા-૧૯૮૦ અંતર્ગત મંજૂરીની શરતો મુજબ યુઝર એજન્સી પાસેથી નિયમોનુસાર નીચે મુજબની રકમ વસૂલ કરવામાં આવેલ છે, જેની જિલ્લાવાર વિગતો *પત્રક-૨ માં સામેલ છે.

| અ.નં. | વર્ષ | વસૂલ કરવામાં આવેલ રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૨૦-૨૧ | ૧૮૦૦૭.૫૬ |
| ૨ | ૨૦૨૧-૨૨ | ૧૧૧૩૫.૫૧ |
| ૩ | ૨૦૨૨-૨૩ | ૧૨૩૧.૩૧ |
| | **કુલ** | **૩૦૩૭૪.૩૮** |

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

--------

**રાજ્યમાં અભયારણ્યોમાં ગેરકાયદેસર દબાણ**

અતારાંકિતઃ ૨૭૪ (૧૬-૦૫-૨૦૨૩) **શ્રી અરવિંદભાઇ લાડાણી** (માણાવદર): **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં વન્ય પ્રાણીઓના રક્ષણ માટે જાહેર કરેલ કયા અભયારણ્ય/નેશનલ પાર્કમાં કેટલા વિસ્તારમાં કેવા પ્રકારનું ગેરકાયદેસર દબાણ ક્યારથી થયેલ છે,

(૨) ઉક્ત ગેરકાયદેસર દબાણ પૈકી કયા અભયારણ્ય/નેશનલ પાર્કમાંથી છેલ્લા ત્રણ વર્ષમાં ગેરકાયદેસર દબાણ દૂર કરી કેટલી જમીન ખુલ્લી કરાવવામાં આવી, અને

(૩) ઉક્ત બાકી ગેરકાયદેસર દબાણ ક્યાં સુધીમાં દૂર કરાવવામાં આવશે ?

**વન મંત્રીશ્રી :** (૩૧-૦૮-૨૦૨૩)

(૧) “બિડાણ-અ” મુજબ

(૨) માહિતી શૂન્ય છે.

(૩) ઉક્ત કુલ ૯૯૪.૬૧૧ હેક્ટર વિસ્તારના દબાણો પૈકી ૯૮૬.૭૮૧ હેક્ટર વિસ્તારના દબાણોના કેસ જુદી-જુદી નામદાર અદાલતોમાં પડતર હોઇ, ઉક્ત અદાલતો દ્વારા ચુકાદા આવ્યાથી ચુકાદાને ધ્યાને લઇ આગળની કાર્યવાહી કરવામાં આવનાર છે. જ્યારે બાકી રહેતા ૭.૮૩૦૧ હેક્ટર વિસ્તારના દબાણો માટે ભારતીય વન અધિનિયમ-૧૯૨૭ હેઠળ જરૂરી કાર્યવાહી હાથ ધરી શક્ય તેટલું વહેલું દૂર કરાવવા પ્રયત્નો હાથ ધરવામાં આવશે.

**બિડાણ-અ**

| ક્રમ | અભ્યારણ્ય/નેશનલ પાર્કનું નામ | ગેરકાયદેસર દબાણ (વિસ્તાર હેક્ટરમાં ) | દબાણનો પ્રકાર | કેટલા સમયથી |
|---|---|---|---|---|
| ૧ | ગિરનાર અભયારણ્ય | ૦.૦૮૦૧ | શૈક્ષણિક સંસ્થા | વર્ષ ૨૦૧૯ થી |
| ૨ | ગીર અભયારણ્ય | ૨૮.૫૯૦૧ | ખેડાણ/ધાર્મિક | વર્ષો જૂના |
| ૩ | જાંબુઘોડા અભયારણ્ય | ૨૦.૦૦૦૦ | ખેડાણ | વર્ષ ૨૦૧૩-૧૪ થી |
| ૪ | ઘુડખર અભયારણ્ય | ૯૪૪.૯૪૦૯ | મીઠાના ઉત્પાદન માટે માટી પાળા | વર્ષ ૨૦૧૪-૧૫ થી |
| ૫ | બાલારામ અભયારણ્ય | ૧.૦૦૦૦ | ધાર્મિક | વર્ષ ૨૦૦૮ થી |
| | **કુલ** | **૯૯૪.૬૧૧૧** | | |

- - - - - - - -

**રાષ્ટ્રીય વૃક્ષ વડનું સંરક્ષણ**

અતારાંકિતઃ ૪૦૨ (૦૯-૦૬-૨૦૨૩) **ગેનીબેન ઠાકોર** (વાવ): **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં કેટલા રાષ્ટ્રીય વૃક્ષ વડને કાપવામાં આવ્યા,

(૨) રાષ્ટ્રીય વૃક્ષ વડને કાપવાની મંજૂરી આપવાના શા કારણો છે, અને

(૩) રાષ્ટ્રીય વૃક્ષ વડને સંરક્ષણ આપવા શી વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે ?

**વન મંત્રીશ્રી :** (૦૧-૦૯-૨૦૨૩)

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ વર્ષ ૨૦૨૦-૨૧ માં ૨૨૬, વર્ષ ૨૦૨૧-૨૨ માં ૫૦ અને વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૧૦ રાષ્ટ્રીય વૃક્ષ વડ કપાયેલ છે.

(૨) સરકારશ્રીના વિકાસ કાર્યો અવરોધ વિના સરળતાથી આગળ વધી શકે તે માટે સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર સક્ષમ સત્તાધિકારી દ્વારા કપાણ થતાં વૃક્ષોની સંખ્યા ઓછામાં ઓછી હોય અને કેવળ અનિવાર્ય સંજોગોમાં જે વૃક્ષ કપાણની મંજૂરી આપવામાં આવે છે.

(૩) રાષ્ટ્રીય વૃક્ષ વડને સંરક્ષણ આપવા ખાતાકીય નર્સરીમાં વડના રોપા ઉછેરવા પર ભાર મૂકવામાં આવે છે. વન વિભાગના વિવિધ મોડલ હેઠળ થતાં વાવેતરમાં પણ વડનું વધારે વાવેતર થાય તે દિશામાં પ્રયત્નો કરવામાં આવે છે. રાષ્ટ્રીય વૃક્ષ વડનું ગેરકાયદેસર કપાણ અટકે તે માટે ભારતીય વન અધિનિયમ-૧૯૨૭ અને સૌરાષ્ટ્ર વૃક્ષ છેદન ધારો-૧૯૫૧ ની જોગવાઇઓ મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. ભારતીય સંસ્કૃતિમાં વડનું મહત્વ અનાદિકાળથી રહેલું છે. તેના ધાર્મિક, આયુર્વેદીક વિવિધ મહત્વને ધ્યાનમાં રાખી લોકોમાં વડ વૃક્ષ પ્રત્યે આદરભાવ જાગૃત થાય તે માટે આઝાદીના અમૃત મહોત્સવના શુભ અવસર પર ગુજરાત રાજ્યમાં ૮૨ સ્થળોએ નમો વડ વનનું નિર્માણ કરવામાં આવ્યું છે. પ્રત્યેક સ્થળે ૭૫ વડના રોપાનું વાવેતર કરીને તેના ઉછેર થકી લોકસમુદાયને વડની મહત્તા વિશે જાગૃત કરવાનો પ્રયત્ન વન વિભાગ દ્વારા કરવામાં આવી રહ્યો છે.

- - - - - - - -

**રાજ્યમાં ગેરકાયદે લાયન શો**

અતારાંકિતઃ ૪૨૧ (૦૯-૦૬-૨૦૨૩) **ડૉ. સી. જે. ચાવડા** (વિજાપુર): **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં વર્ષવાર ગીર વન વિસ્તારની અંદર અને બહાર ગેરકાયદે લાયન શોના આયોજન સંબંધી કેટલી ફરિયાદો કોના કોના તરફથી રાજ્ય સરકારને મળી, અને

(૨) મળેલ ફરિયાદો સંબંધમાં સરકારે શી કાર્યવાહી કરી ?

**વન મંત્રીશ્રી :** (૦૧-૦૯-૨૦૨૩)

(૧) એક પણ નહીં.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - -

**રાજ્યમાં ખડમોર પક્ષીની વસતી**

અતારાંકિતઃ ૪૪૨ (૦૯-૦૬-૨૦૨૩) **શ્રી વિમલભાઇ ચુડાસમા** (સોમનાથ): **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લી વસતી ગણતરી મુજબ રાજ્યમાં ખડમોર (લેસર ફ્લોરીકન) પક્ષીની વસતી કેટલી છે, અને

(૨) આ પક્ષીની વસતી વધારવા અને સંરક્ષણ માટે શાં પગલાં લેવાયા છે ?

**વન મંત્રીશ્રી :** (૦૧-૦૯-૨૦૨૩)

(૧) રાજ્યમાં ખડમોર (લેસર ફ્લોરીકન) પક્ષીની વસ્તી ગણતરી આજદિન સુધી થયેલ નથી. વેળાવદર કાળીયાર રાષ્ટ્રીય ઉદ્યાનની અંદર તેમજ આજુબાજુનાં વિસ્તારમાં ૫૫ (પંચાવન) ખડમોર પક્ષીની વસ્તી નોંધાયેલ છે.

(૨) કાળીયાર રાષ્ટ્રીય ઉદ્યાનની અંદર તેમજ આજુબાજુનાં વિસ્તારોમાં ખડમોર પક્ષી ચોમાસા દરમ્યાન જોવા મળે છે. તેથી આ વિસ્તારોમાં રક્ષણ કરવામાં આવે છે, લોક જાગૃતિના કાર્યો કરવામાં આવે છે. કાળીયાર રાષ્ટ્રીય ઉદ્યાન, વેળાવદર ખાતે ખડમોર પક્ષી માટે એક બ્રીડીંગ સેન્ટર ઉભુ કરવામાં આવેલ છે. આ બ્રીડીંગ સેન્ટરમાં લાઇવ સ્ટોક ઇન્સપેક્ટર, વેટરનરી ડૉક્ટરની પણ વ્યવસ્થા ઊભી કરવામાં આવેલ છે.

\- - - - - - - -

**રાજ્યમાં નીલગાયને મારવાની સત્તા**

અતારાંકિતઃ ૪૪૬ (૦૯-૦૬-૨૦૨૩) **શ્રી ચિરાગકુમાર પટેલ** (ખંભાત): **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર કેટલા ગામોમાં નીલગાયને મારવાની સત્તા ઓનરરી વાઇલ્ડ લાઇફ વોર્ડને અપાઇ છે,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જિલ્લાવાર ક્યા સ્થળે-જગ્યાએ નીલગાયને મારવામાં આવી, અને

(૩) નીલગાયને મારવાના શાં કારણો હતા ?

**વન મંત્રીશ્રી :** (૩૧-૦૮-૨૦૨૩)

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

\- - - - - - - -

**રાજ્યમાં સિંહોને અપાતો ખોરાક અને ચકાસણી**

અતારાંકિતઃ ૪૯૭ (૨૨-૦૬-૨૦૨૩) **શ્રી વિમલભાઇ ચુડાસમા** (સોમનાથ): **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં સિંહોના ખોરાક માટે રેન્જવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

(૨) ઉક્ત સ્થિતિએ સિંહોને ખોરાકમાં મુખ્યત્વે શું આપવામાં આવ્યું, અને

(૩) ઉક્ત ખોરાક ચકાસણી કરીને આપવામાં આવેલ હતો કે કેમ ?

**વન અને પર્યાવરણ મંત્રીશ્રી :** (૦૪-૦૯-૨૦૨૩)

(૧) રાજ્યમાં સિંહો તથા અન્ય માંસાહારી પ્રાણીઓના ખોરાક માટે સંયુક્ત ખર્ચ કરવામાં આવતો હોઇ, ફક્ત સિંહો માટે અલગથી ખર્ચ કરવામાં આવતો ન હોઇ, અલાયદા ખર્ચની ગણતરી શક્ય નથી.

(૨) ઉક્ત સ્થિતિએ સિંહો તથા અન્ય માંસાહારી પ્રાણીઓને ખોરાકમાં મુખ્યત્વે મોટુ મટન (ભેંસ/પાડાનું) તથા મરઘી આપવામાં આવે છે.

(૩) હા, જી.

\- - - - - - - -

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા અતારાંકિત પ્રશ્નો (૮૭-ક)

**રાજ્યમાં સિંહો અને દિપડાને અપાતો ખોરાક**

અતારાંકિતઃ ૪૯૮ (૨૨-૦૬-૨૦૨૩) **શ્રી ચિરાગકુમાર પટેલ** (ખંભાત): **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં સિંહો અને દિપડાના ખોરાક માટે રેન્જવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

(૨) ઉક્ત સ્થિતિએ સિંહો અને દિપડાને ખોરાકમાં મુખ્યત્વે શું આપવામાં આવે છે, અને

(૩) ઉક્ત ખોરાક ચકાસણી કરીને આપવામાં આવેલ છે, કે કેમ ?

**વન મંત્રીશ્રી :** (૦૪-૦૯-૨૦૨૩)

(૧) પત્રક-અ મુજબ

(૨) ઉક્ત સ્થિતિએ સિંહો તથા દિપડાને ખોરકમાં મુખ્યત્વે મોટુ મટન (ભેંસ/પાડાનું) તથા મરઘી આપવામાં આવે છે.

(૩) હા, જી.

**પત્રક-અ**

| વર્તુળ | રેન્જ | કરવામાં આવેલ ખર્ચ (લાખમાં) | | |
|---|---|---|---|---|
| | | **૨૦૨૦-૨૧** | **૨૦૨૧-૨૨** | **૨૦૨૨-૨૩** |
| વન્યપ્રાણી વર્તુળ, જૂનાગઢ | સરસીયા | ૧૭.૬૬ | ૨૬.૩૫ | ૨.૪૫ |
| | જસાધાર | ૧૨.૨ | ૪.૩૯ | ૯.૪૫ |
| | પ્રવસન ધારી | ૦ | ૦ | ૩.૮૮ |
| | રાણાવાવ | ૧૩.૮૪ | ૧૩.૭૩ | ૩૪.૮૮ |
| | સક્કરબાગ પ્રાણી સંગ્રહાલય | ૨૯૪.૨૪ | ૩૦૭.૨૯ | ૩૦૮.૩૩ |
| | અભયારણ્ય | ૪૩.૬૬ | ૩૬.૯૧ | ૪૩.૯૪ |
| | સ્વાગતિ | ૫૯.૮૨ | ૮૬.૬ | ૧૩૪.૭૪ |
| | વન્યજીવ રેન્જ, માળીયા હાટીના | ૦ | ૦.૨ | ૧.૭૪ |
| | મહુવા | ૦ | ૦ | ૪.૭૮ |
| | લીલીયા | ૦.૦૨૫ | ૦ | ૦.૩૧ |
| | જાફરાબાદ | ૦.૮૩ | ૧.૪૯ | ૨.૧૫ |
| જૂનાગઢ વન વર્તુળ, જૂનાગઢ | વાંકાનેર | ૨૬.૭૭ | ૩૨.૭૯ | ૪૭.૯૫ |
| | ડુંગર ઉત્તર | ૦ | ૦.૭૯ | ૦.૫૯ |
| | ડુંગર દક્ષિણ | ૦ | ૦ | ૦.૨૩ |
| | માંગરોળ | ૨.૦૨ | ૧.૨૮ | ૦.૯૭ |
| | વેરાવળ | ૧.૫૧ | ૧.૪૭ | ૧.૫૯ |
| | ભાવનગર | ૦.૧૧ | ૦ | ૦ |
| | મહુવા | ૪.૮૮ | ૨.૪ | ૦ |
| | શિહોર | ૦ | ૦ | ૦.૨૨ |
| | જેસર | ૧૦.૦૧ | ૧.૬૮ | ૦.૨૫ |
| | પાલીતાણા | ૧૫.૧૫ | ૫.૫૫ | ૪.૪૩ |
| સામાજિક વનીકરણ વર્તુળ, ભરૂચ | કામરેજ | ૦.૦૫૬ | ૦.૦૩૬ | ૦ |
| | પલસાણા | ૦.૦૧૪ | ૦.૦૦૮ | ૦.૦૧૨ |
| | ઓલપાડ | ૦.૧૧ | ૦ | ૦.૦૯૧ |
| | વાલોદ | ૦.૨૬ | ૦.૪૯ | ૦.૯૩ |
| વડોદરા વન વર્તુળ, વડોદરા | હાલોલ | ૮.૫૨ | ૧૨.૭૩ | ૧૯.૪૬ |

| | | | | |
|---|---|---|---|---|
| સુરત વન વર્તુળ, સુરત | સાદડવેલ | ૦ | ૦.૨૩ | ૦ |
| | **એકંદરે કુલઃ** | **૫૧૧.૬૯** | **૫૩૬.૪૧** | **૬૨૩.૩૭** |

- - - - - - - -

**રેગ્યુલેટેડ કતલખાનાઓને રહેણાંક વિસ્તારથી હટાવવા બાબત**

અતારાંકિતઃ ૫૨૬ (૨૨-૦૬-૨૦૨૩) **શ્રી કિરીટકુમાર પટેલ** (પાટણ): **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૦-૦૪-૨૦૨૩ની સ્થિતિએ જુદી જુદી ઈન્ડસ્ટ્રીઝના કેટેગરાઈઝેશન કરવામાં આવતા, કતલખાનાને રેડ કેટેગરીમાં મુકવામાં આવ્યા છે તે હકીકત સાચી છે,

(૨) રેડ કેટેગરીમાં મુકવામાં આવેલ ઈન્ડસ્ટ્રીઝને રહેણાંક વિસ્તારથી ૫૦૦ મીટર દૂર ચલાવવાની જોગવાઈ કરવામાં આવી છે તે હકીકત પણ સાચી છે, અને

(૩) જો હા, તો અમદાવાદ, સુરત, વડોદરા તથા રાજકોટ ખાતેના રેગ્યુલેટેડ કતલખાનાને રહેણાંક વિસ્તારથી હટાવી લેવા શી કાર્યવાહી કરવામાં આવી ?

**વન અને પર્યાવરણ મંત્રીશ્રી :** (૧૨-૦૯-૨૦૨૩)

(૧) ના.

(૨) હા.

(૩) લાગુ પડતુ નથી.

- - - - - - - -

**રાજ્યમાં દિપડા અને સિંહ દ્વારા હિંસક હુમલા**

અતારાંકિતઃ ૫૪૮ (૧૬-૦૬-૨૦૨૩) **શ્રી અરવિંદભાઈ લાડાણી** (માણાવદર): **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લાં ત્રણ વર્ષમાં વર્ષવાર અને જિલ્લાવાર વન વિસ્તારમાં અને વન વિસ્તાર બહાર દિપડા અને સિંહ દ્વારા મનુષ્ય ઉપર હિંસક હુમલાના કેટલા બનાવો બનેલ છે,

(૨) થયેલ હુમલાઓ પૈકી કેટલા માનવીઓના મૃત્યુ થયા અને કેટલા માનવીઓ ઈજાગ્રસ્ત થયા, અને

(૩) હિંસક પ્રાણીઓ વન વિસ્તારમાંથી બહાર ન આવે તેના માટે વિભાગે શી કામગીરી કરેલ છે ?

**વન મંત્રીશ્રી :** (૦૧-૦૯-૨૦૨૩)

(૧) પત્રક-અ મુજબ.

(૨) થયેલ હુમલાઓ પૈકી ૫૯ માનવીઓના મૃત્યુ થયા અને ૪૦૬ માનવીઓને ઈજા થઈ.

(૩)

- હિંસક પ્રાણીઓ વન વિસ્તારમાંથી પાણી/ખોરાકની શોધમાં બહાર ન આવે તેના માટે વિભાગે અભયારણ્ય/જંગલ વિસ્તારની અંદર પાણીના કૃત્રિમ સ્ત્રોત જેવા કે તળાવ, ચેકડેમ, ચેકવોલ, વિન્ડ હેન્ડપંપ વીથ હવાડા, ગઝલર ટેન્ક, પાણીની કુંડીઓ બનાવવામાં આવેલ છે. તેમજ રહેઠાણ સુધારણા માટે કૃત્રિમ ગુફાઓ બનાવવામાં આવેલ છે.
- વન્યપ્રાણીના રેસ્કયુ માટે ટ્રેકર્સ પાર્ટીની રચના કરવામાં આવેલ છે.
**સરકારી જાહેરાત પાછળ થયેલ ખર્ચ**

અતારાંકિતઃ ૩૨૨ (૩૦-૦૫-૨૦૨૩) **શ્રી હેમંતભાઇ આહિર** (જામજોધપુર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં વર્ષવાર સરકારી જાહેરાતો પાછળ કુલ કેટલો ખર્ચ થયો, અને

(૨) કરવામાં આવેલ ખર્ચ પૈકી પ્રિન્ટ અને ટી.વી. માધ્યમોમાં જાહેરાતો માટે કેટલો ખર્ચ થયો ?

**મુખ્યમંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) **:** (૦૪-૦૯-૨૦૨૩)

(૧) તા. ૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં વર્ષવાર સરકારી જાહેરાતો પાછળ થયેલ કુલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | કુલ ખર્ચ (રૂપિયામાં) |
|---|---|
| વર્ષ-૨૦૨૦-૨૧ | ૨૦,૦૯,૧૦,૩૨૬.૦૦ |
| વર્ષ-૨૦૨૧-૨૨ | ૧૯,૨૮,૭૧,૯૦૭.૦૦ |
| વર્ષ-૨૦૨૨-૨૩ | ૩૦,૪૫,૭૩,૭૬૯.૦૦ |

(૨) કરવામાં આવેલ ખર્ચ પૈકી પ્રિન્ટ અને ટી.વી. માધ્યમોમાં જાહેરાતો માટે થયેલ કુલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | પ્રિન્ટ મીડિયા (ખર્ચ રૂપિયામાં) | ઇલેક્ટ્રોનિક મીડિયા (ખર્ચ રૂપિયામાં) |
|---|---|---|
| વર્ષ-૨૦૨૦-૨૧ | ૧૭,૩૩,૬૯,૦૦૦.૦૦ | ૨,૭૫,૪૧,૩૨૬.૦૦ |
| વર્ષ-૨૦૨૧-૨૨ | ૧૮,૧૪,૪૯,૦૦૦.૦૦ | ૧,૧૪,૨૨,૯૦૭.૦૦ |
| વર્ષ-૨૦૨૨-૨૩ | ૨૭,૨૭,૯૮,૦૦૦.૦૦ | ૩,૧૭,૭૫,૭૬૯.૦૦ |

- - - - - - - -

**શ્રમ અને રોજગાર વિભાગ અને તાબાની કચેરીનું મહેકમ**

અતારાંકિતઃ ૭૩૧ (૨૧-૦૭-૨૦૨૩) **શ્રી જિજ્ઞેશ મેવાણી** (વડગામ): **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ શ્રમ અને રોજગાર વિભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલી છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૩) ખાલી જગ્યાઓ પૈકી કેટલી એક વર્ષ, બે વર્ષ અને ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે, અને

(૪) તે અન્વયે શા પગલાં લેવામાં આવ્યા ?

**શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી :** (૧૧-૦૯-૨૦૨૩)

(૧) *પરિશિષ્ટ-૧(પૃ.૦૧-૦૯)

(૨) *પરિશિષ્ટ-૧(પૃ.૦૧-૦૯)

(૩) *પરિશિષ્ટ-૧(પૃ.૦૧-૦૯)

(૪) *પરિશિષ્ટ-૧(પૃ.૦૧-૦૯)

(* પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

--------

**અલંગ શીપ બ્રેકિંગ યાર્ડમાં કામદારોના મોત**

અતારાંકિતઃ ૮૮૬ (૦૮-૦૮-૨૦૨૩) **ગેનીબેન ઠાકોર** (વાવ): **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર અલંગ શીપ બ્રેકિંગ યાર્ડમાં કેટલા મજૂરો, કામદારોના આકસ્મિક મોત થયા,

(૨) તેમના વારસદારોને ઉકત સ્થિતિએ મૃતકદીઠ કેટલી સહાય ચૂકવવામાં આવી, અને

(૩) કામદારોના આકસ્મિક મોત અટકાવવા શા પગલાં લેવાયા છે ?

**શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી :** (૧૨-૦૯-૨૦૨૩)

(૧)

| વર્ષ | મજૂરો, કામદારોના આકસ્મિક મોત |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૦૨ |
| ૨૦૨૧-૨૨ | ૦૩ |
| ૨૦૨૨-૨૩ | ૦૫ |

(૨)

| વર્ષ | મૃત્યુની સંખ્યા | વળતર / સહાય |
|---|---|---|
| ૨૦૨૦-૨૧ | ૦૨ | • બે શ્રમયોગીઓના વારસદારોને રહેમરાહે રૂ. ૧૧,૫૦,૦૦૦/- ચૂકવેલ છે.<br>• કર્મચારી વળતર અધિનિયમ, ૧૯૨૩ હેઠળ કુલ એક શ્રમયોગીને રૂ. ૭,૫૦,૦૦૦/- ચૂકવેલ છે.<br>• એક શ્રમયોગીના વારસદારને ESIC હેઠળ પ્રતિ માસ કુલ પેન્શન રૂ. ૨૧૬૧/- ચૂકવવામાં આવે છે. |
| ૨૦૨૧-૨૨ | ૦૩ | • ત્રણ શ્રમયોગીના વારસદારોને રહેમરાહે રૂ. ૨૭,૬૨,૮૪૯/- ચૂકવેલ છે.<br>• ત્રણ શ્રમયોગીના વારસદારને ESIC હેઠળ પ્રતિ માસ કુલ પેન્શન રૂ. ૩૦,૨૭૦/- ચૂકવવામાં આવે છે. |
| ૨૦૨૨-૨૩ | ૦૫ | • પાંચ શ્રમયોગીઓના વારસદારોને રહેમરાહે રૂ. ૨૭,૭૫,૦૦૦/- ચૂકવેલ છે.<br>• બે શ્રમયોગીના વારસદારને ESIC હેઠળ પ્રતિ માસ કુલ પેન્શન |

| | | |
|---|---|---|
| | | રૂ. ૧૯,૨૨૨/- ચૂકવવામાં આવે છે. |

(૩) આવા અકસ્માતો અટકાવવા નીચે મુજબ પગલાં લેવામાં આવેલ છે.

- કારખાના ધારા હેઠળ નોંધાયેલ કારખાનાઓમાં નિરિક્ષણો કરવામાં આવેલ છે.
- નિરિક્ષણો દરમ્યાન સદરહું કારખાનાઓમાં કાયદા અને નિયમોનો ભંગ જણાય તેવા કારખાનાઓ સામે ફોજદારી રાહે કાર્યવાહી કરી ફોજદારી કેસ નામદાર કોર્ટમાં દાખલ કરવામાં આવે છે.
- શ્રમયોગીઓ તથા કબ્જેદારોમાં ઈન્ડસ્ટ્રીયલ સેફટી અને હેલ્થ અંગે જાગૃતિ વધારવા સેફટી સેમિનાર/અવેરનેસ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવે છે.

--------

**રાજ્યમાં ફેમિલી કોર્ટ કાર્યરત કરવા બાબત**

અતારાંકિતઃ ૩૩૯ (૧૧-૦૭-૨૦૨૩) **શ્રી ગુલાબસિંહ ચૌહાણ** (લુણાવાડા): **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં છોટા ઉદેપુર, ગીર-સોમનાથ, મહીસાગર, નર્મદા, તાપી અને બોટાદ જિલ્લામાં ફેમિલી કોર્ટની સ્થાપના થયેલ ન હતી તો તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ તે પૈકી કયા જિલ્લામાં ફેમિલી કોર્ટ કાર્યરત કરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કયા જિલ્લાઓમાં ફેમિલી કોર્ટ કાર્યરત કરવાની બાકી છે, અને

(૩) બાકી જિલ્લાઓમાં ક્યાં સુધીમાં ફેમિલી કોર્ટ કાર્યરત કરવામાં આવશે ?

**કાયદા મંત્રીશ્રી :** (૧૫-૦૯-૨૦૨૩)

(૧) અને (૨) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં છોટા ઉદેપુર, ગીર-સોમનાથ, મહીસાગર, નર્મદા, તાપી અને બોટાદ જિલ્લામાં ફેમિલી કોર્ટની સ્થાપના થયેલ નથી.

(૩) બાકીના જિલ્લાઓમાં ફેમિલી કોર્ટોની સ્થાપના કરવા માટે ચોક્કસ સમયમર્યાદા હોતી નથી, જ્યારે નામ. વડી અદાલત તરફથી આ કોર્ટ કાર્યરત કરવા અંગે નિર્ણય થયેથી, અંદાજપત્રમાં નાણાકીય જોગવાઇ કર્યેથી, અધિસૂચનાનો મુસદ્દો મળ્યેથી કોર્ટ કાર્યરત કરવામાં આવશે.

--------

**રાજ્યમાં નલ સે જલ યોજનાના કામોમાં ગેરરીતિ અંગેની ફરિયાદ**

અતારાંકિતઃ ૪૭૫ (૦૫-૦૬-૨૦૨૩) **ડૉ. સી. જે. ચાવડા** (વિજાપુર): **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં રાજ્યમાં વર્ષવાર નલ સે જલ યોજનાના કામોમાં ગેરરીતિ અંગેની કેટલી ફરિયાદો સરકારને મળી,

(૨) મળેલ ફરિયાદો અંગે કેટલા જિલ્લાઓમાં કાર્યવાહી કરવામાં આવી,

(૩) ઉક્ત તપાસમાં જિલ્લાવાર ક્યા સ્થળે ઉક્ત કામોમાં કેવા પ્રકારની ગેરરીતિ સામે આવી, અને

(૪) તે અન્વયે જવાબદારો સામે ઉક્ત સ્થિતિએ શાં પગલાં લીધાં ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી :** (૦૧-૦૯-૨૦૨૩)

(૧) તા. ૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં પાણી પુરવઠા વિભાગને વર્ષવાર નલ સે જલ યોજનાના કામોમાં ગેરરીતિ અંગેની મળેલ ફરિયાદોની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | મળેલ ફરિયાદો |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૦૯ |
| ૨૦૨૧-૨૨ | ૩૭ |
| ૨૦૨૨-૨૩ | ૧૪૭ |
| **કુલ** | **૧૯૩** |

(૨) મળેલ તમામ ૧૯૩ ફરિયાદો અંગે તપાસની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૩) મળેલ ફરિયાદો પૈકીની રજૂઆતોમાં કામની ગુણવત્તા, પાઇપલાઇનની ઉંડાઇ, પાણી સપ્લાય બંધ, ટેન્ડરમાં ગેરરીતિ, એજન્સી દ્વારા કામો ન કરવા, સ્ટોરેજ સ્ટ્રક્ચરની ગુણવત્તા, પાણીની ગુણવત્તા, યોજનાના સંચાલનનો અભાવ, પ્રેરણા પ્રવાસમાં ગેરરીતિ, પાણીની ચોરી થવી વગેરે જેવા આક્ષેપોનો સમાવેશ થયેલ છે.

તપાસના અંતે નીચે મુજબની બાબતની ક્ષતિઓ ધ્યાને આવેલ છે.

- પ્રેરણા પ્રવાસમાં નિવિદા પ્રસિદ્ધિમાં અનિયમિતતા બાબતે-૧
- રેકર્ડ કરેલ માપની સામે સ્થળ પર ઓછા માપોની પાઇપો મળવા બાબતે-૧૬
- ખરીદ કરેલ પાઇપો કરતા સ્થળ ખાતે અન્ય પાઇપો મળવા બાબતે-૫
- તપાસની કાર્યવાહીમાં અસહકાર, રૂકાવટના પ્રયત્નો કરવા બાબતે-૨૮
- પાઇપલાઇનની કામગીરીમાં ગંભીર બેદરકારી દાખવવા બાબતે-૧
- યોજના સમયસર મંજૂર ન કરી ઠેકેદારોને હેરાન કરવા બાબતે-૧
- મંજૂર થયેલ કામો એજન્સી દ્વારા ન કરવા બાબતે-૫
- પાણી સમિતિના ખાતામાંથી સરતચૂકથી પૈસા ઉપાડવા બાબતે-૧

ગેરરીતિની બાબત સિવાય જે તે યોજનાનું યોગ્ય રીતે સંચાલન ન થવું ગ્રામ્ય/ફળીયા લેવલના વાલ્વ ઓપરેટ ન થવાના કારણે યોજના થકી પા.પુ. બંધ રહેવો, ગામોમાં બનાવેલ વ્યક્તિગત સ્ટેન્ડપોસ્ટ યોજનાના લાભાર્થીઓ દ્વારા તોડી પાડવા નળ કાઢી flexible pipe સાથે જોડાણ કરી ઉપયોગમાં લેવાની બાબત, લાભાર્થીના ઢોર દ્વારા સ્ટેન્ડપોસ્ટને નુક્શાન થવાની બાબત, બોરમાં નાખેલ મોટર તથા તેના કેબલની ચોરી થવી, પાઇપલાઇન તોડી પાણીની ચોરી થવી, પાઇપલાઇન લીકેજ, વિજ ફોલ્ટના લીધે યોજના બંધ રહેવી, સોર્સમાં પાણી સુકાઇ જવાના કારણે ગામોમાં/ફળીયામાં આંતરિક વિવાદના કારણે યોજના બંધ રહેવી વગેરે જેવા પ્રશ્નો ધ્યાને આવેલ છે.

(૪) ધ્યાને આવેલ ક્ષતિઓ/અનિયમિતતાઓ સામે,

- ૪- અધિકારી/કર્મચારીને નોટીસ પાઠવેલ છે
- ૮- અધિકારી/કર્મચારીઓને ફરજ મોકુફી હેઠળ ઉતારેલ છે
- ૨- કર્મચારીઓની જિલ્લા બહાર બદલી કરેલ છે
- ૫૫ એજન્સી- એજન્સી દ્વારા કામો ન કરવાના કિસ્સામાં એજન્સીને ડીબાર કરેલ છે
- ૧- પાણી સમિતિના ખાતામાંથી સરતચૂકથી પૈસા ઉપાડવાના કિસ્સામાં, રકમ પરત જમાં કરાવેલ છે

અન્ય ધ્યાને આવેલ યોજનાકિય નાની-મોટી ક્ષતિઓમાં ક્ષતિઓ દૂર કરાવેલ છે.

--------

**રાજ્યમાં પીવાના પાણીની ફરિયાદો**

અતારાંકિતઃ ૬૮૫ (૧૪-૦૭-૨૦૨૩) **શ્રી કિરીટકુમાર પટેલ** (પાટણ): **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં પીવાના પાણીની મુશ્કેલી હોવા અંગે જિલ્લાવાર કેટલી ફરિયાદો મળી,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા ગામમાં પીવાના પાણીની મુશ્કેલી ઊભી થઇ છે, અને

(૩) ઉક્ત મુશ્કેલી નિવારવા શા પગલાં ભરવામાં આવ્યા છે?

**પાણી પુરવઠા મંત્રીશ્રી :** (૦૧-૦૯-૨૦૨૩)

તા. ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૨૩

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા અતારાંકિત પ્રશ્નો (૮૭-ક)

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર પાણી સંબંધિત મળેલ ફરિયાદો નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લો | મળેલ ફરિયાદ | | |
|---|---|---|---|---|
| | | **૨૦૨૦-૨૧** | **૨૦૨૧-૨૨** | **૨૦૨૨-૨૩** |
| ૧ | પંચમહાલ | ૯૦૯ | ૪૧૫૨ | ૧૦૧૮૩ |
| ૨ | દાહોદ | ૧૦૪૦૫ | ૧૩૩૩૦ | ૧૨૪૬૨ |
| ૩ | વડોદરા | ૭૭૧ | ૧૬૫૬ | ૨૦૧૨ |
| ૪ | મહિસાગર | ૧૭૦૦ | ૫૪૪૨ | ૮૩૦૪ |
| ૫ | છોટાઉદેપુર | ૫૮૫૨ | ૮૬૪૮ | ૮૧૪૨ |
| ૬ | બનાસકાંઠા | ૨૬૬ | ૨૫૧ | ૪૪૮ |
| ૭ | પાટણ | ૧૧૯ | ૮૬ | ૨૩૪ |
| ૮ | મહેસાણા | ૯૫ | ૮૦ | ૧૦૫ |
| ૯ | સાબરકાંઠા | ૧૦૬ | ૧૯૦ | ૧૪૦ |
| ૧૦ | ગાંધીનગર | ૬૩ | ૬૫ | ૯૮ |
| ૧૧ | અમદાવાદ | ૧૬૬ | ૧૫૩ | ૧૪૮ |
| ૧૨ | આણંદ | ૧૦૫ | ૯૧ | ૧૦૪ |
| ૧૩ | ખેડા | ૨૫૭ | ૩૫૧ | ૪૪૮ |
| ૧૪ | અરવલ્લી | ૨૭૭ | ૩૪૯ | ૪૭૩ |
| ૧૫ | સુરેન્દ્રનગર | ૧૮૦ | ૧૯૮ | ૩૦૮ |
| ૧૬ | રાજકોટ | ૮૮ | ૧૨૭ | ૧૪૮ |
| ૧૭ | જામનગર | ૩૩ | ૪૦ | ૪૨ |
| ૧૮ | મોરબી | ૧૫૧ | ૭૪ | ૧૫૪ |
| ૧૯ | કચ્છ | ૪૯૨ | ૨૮૮ | ૪૧૭ |
| ૨૦ | પોરબંદર | ૩૩ | ૧૦ | ૬ |
| ૨૧ | જૂનાગઢ | ૪૮ | ૩૩ | ૫૧ |
| ૨૨ | અમરેલી | ૧૫૨ | ૧૦૬ | ૧૮૩ |
| ૨૩ | ભાવનગર | ૨૮૧ | ૧૮૪ | ૪૨૦ |
| ૨૪ | દેવભૂમિ દ્વારકા | ૨૬ | ૪૧ | ૫૨ |
| ૨૫ | ગીર સોમનાથ | ૭૦ | ૪૩ | ૩૨ |
| ૨૬ | બોટાદ | ૪૪ | ૪૪ | ૬૫ |
| ૨૭ | નર્મદા | ૬૯ | ૨૪૨ | ૬૪૧ |
| ૨૮ | ભરૂચ | ૬૨ | ૮૨ | ૨૦૮ |
| ૨૯ | સુરત | ૨૧૦ | ૨૦૦૪ | ૧૬૪૫ |
| ૩૦ | ડાંગ | ૨૭ | ૧૨ | ૧૩ |
| ૩૧ | નવસારી | ૪૧ | ૫૭ | ૮૭ |
| ૩૨ | વલસાડ | ૫૩ | ૩૫ | ૬૬ |
| ૩૩ | તાપી | ૭૦ | ૧૩૭ | ૧૮૬ |
| | **કુલ** | **૨૩૨૨૧** | **૩૮૬૦૧** | **૪૮૦૨૫** |

(૨) ઉક્ત સ્થિતિએ પાણી અનિયમિત મળવું, પાઈપલાઈન લીકેજ, પાણીની ગુણવત્તા વગેરે જેવી બાબતો માટે કુલ ૭૬૫૧ ગામોની ફરિયાદો મળેલ છે.

(૩) તા. ૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ મળેલ ફરિયાદો અન્વયે નિવારણ કરેલ ફરિયાદો.

| વર્ષ | મળેલ ફરિયાદો | નિવારણ | બાકી રહેલ ફરિયાદો |
|---|---|---|---|
| ૨૦૨૦-૨૧ | ૨૩૨૨૧ | ૨૩૨૨૧ | ૦ |
| ૨૦૨૧-૨૨ | ૩૮૬૦૧ | ૩૮૬૦૧ | ૦ |
| ૨૦૨૨-૨૩ | ૪૮૦૨૫ | ૪૮૦૨૩ | ૨ |

૨ (બે) ફરિયાદો તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ પડતર હતી. હાલની સ્થિતિએ આ બંને ફરિયાદોનો નિકાલ થયેલ છે.

--------

**જિલ્લાવાર પીવાનું પાણી પાઈપલાઈનથી પૂરું પાડવા બાબત**

અતારાંકિતઃ ૬૮૭ (૧૪-૦૭-૨૦૨૩) **શ્રી કિરીટકુમાર પટેલ** (પાટણ): **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેટલા ગામોમાં પીવાનું પાણી પાઈપલાઈનથી પૂરું પાડવામાં આવતું બંધ કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત ગામોમાં પીવાનું પાણી પાઈપલાઈનથી પૂરું પાડવામાં આવતું બંધ કરવાના કારણો શા છે, અને

(૩) આવા ગામોમાં પીવાના પાણી માટે વૈકલ્પિક શી વ્યવસ્થા છે ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી :** (૦૧-૦૯-૨૦૨૩)

(૧), (૨) અને (૩) તા. ૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ ૧૪૪૧ ગામ અને ૨૩૩૪ ફળિયા સહિતના કુલ ૩૭૭૫ વસાહતોમાં સિઝનલ સોર્સ સુકાઈ જવાના કારણે, જે તે ગામ દ્વારા સંચાલન ન કરવાના કારણે પાણી સપ્લાય બંધ રહેવા પામેલ. જેની જિલ્લાવાર યાદી પરિશિષ્ટ-૧ પર સામેલ છે. ઉપરોક્ત પાણી વિતરણ બંધ હોય તેવા ગામો/ફળિયાઓ પૈકી જ્યાં વરસાદ પછી સોર્સ જીવંત થઈ ગયા છે, ત્યાં પાણી વિતરણ શરૂ કરી દેવામાં આવેલ છે. ઉપરાંત સ્થાનિક સોર્સ આધારિત યોજનાઓને જુથ યોજના આધારિત તબદીલ કરવાની કામગીરી પણ કરવામાં આવી રહેલ છે. પાઈપલાઈન મારફત પાણી વિતરણ બંધ હોય તેવા ગામો સ્થાનિક સોર્સ/હેન્ડપંપ મારફત પીવાનું પાણી મેળવે છે.

**પરિશિષ્ટ-૧**

**પીવાનું પાણી બંધ છે તેવા ગામો/ફળિયાઓની સંખ્યા**

| ક્રમ નં. | જિલ્લાનું નામ | તા. ૧૫-૦૮-૨૦૧૯ પહેલા આવરી લીધેલા ગામો/ફળિયાની સંખ્યા | | તા. ૧૫-૦૮-૨૦૧૯ પછી આવરી લીધેલા ગામો/ફળિયાની સંખ્યા | |
|---|---|---|---|---|---|
| | | પીવાનું પાણી બંધ છે તેવા ગામોની સંખ્યા | પીવાનું પાણી બંધ છે તેવા ફળિયાઓની સંખ્યા | પીવાનું પાણી બંધ છે તેવા ગામોની સંખ્યા | પીવાનું પાણી બંધ છે તેવા ફળિયાઓની સંખ્યા |
| ૧ | અમદાવાદ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | અમરેલી | ૦ | ૦ | ૧૧ | ૧ |
| ૩ | આણંદ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | અરવલ્લી | ૦ | ૦ | ૩૩ | ૪ |
| ૫ | બનાસકાંઠા | ૦ | ૦ | ૧૪ | ૨૫ |
| ૬ | ભરૂચ | ૫ | ૫ | ૪૨ | ૧૧ |
| ૭ | ભાવનગર | ૦ | ૦ | ૦ | ૦ |
| ૮ | બોટાદ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૯ | છોટાઉદેપુર | ૪૪ | ૧ | ૩૧૭ | ૧૨૨ |
| ૧૦ | દાહોદ | ૦ | ૦ | ૩૬૦ | ૮૮૪ |

| ક્રમ નં. | જિલ્લાનું નામ | તા. ૧૫-૦૮-૨૦૧૯ પહેલા આવરી લીધેલા ગામો / ફળિયાની સંખ્યા | | તા. ૧૫-૦૮-૨૦૧૯ પછી આવરી લીધેલા ગામો / ફળિયાની સંખ્યા | |
|---|---|---|---|---|---|
| | | પીવાનું પાણી બંધ છે તેવા ગામોની સંખ્યા | પીવાનું પાણી બંધ છે તેવા ફળિયાઓની સંખ્યા | પીવાનું પાણી બંધ છે તેવા ગામોની સંખ્યા | પીવાનું પાણી બંધ છે તેવા ફળિયાઓની સંખ્યા |
| ૧૧ | ડાંગ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૨ | દેવભૂમિ દ્વારકા | ૦ | ૦ | ૫ | ૦ |
| ૧૩ | ગાંધીનગર | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૪ | ગીર સોમનાથ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૫ | જામનગર | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૬ | જૂનાગઢ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૭ | કચ્છ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૮ | ખેડા | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૯ | મહીસાગર | ૦ | ૦ | ૨૬૫ | ૨૯૦ |
| ૨૦ | મહેસાણા | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૧ | મોરબી | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૨ | નર્મદા | ૦ | ૦ | ૩૮ | ૨૪ |
| ૨૩ | નવસારી | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૪ | પંચમહાલ | ૦ | ૦ | ૨૦૩ | ૨૭૬ |
| ૨૫ | પાટણ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૬ | પોરબંદર | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૭ | રાજકોટ | ૦ | ૦ | ૪ | ૦ |
| ૨૮ | સાબરકાંઠા | ૦ | ૦ | ૫૬ | ૪૧ |
| ૨૯ | સુરત | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૦ | સુરેન્દ્રનગર | ૦ | ૦ | ૧૦ | ૦ |
| ૩૧ | તાપી | ૧૦ | ૨૮ | ૨૪ | ૧૬૧ |
| ૩૨ | વડોદરા | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૩ | વલસાડ | ૦ | ૦ | ૦ | ૪૬૧ |
| | **કુલ** | **૫૯** | **૩૪** | **૧૩૮૨** | **૨૩૦૦** |

--------

**રાજ્યમાં આદિજાતિ વિસ્તારોના વિકાસ માટે રકમની જોગવાઈ**

અતારાંકિતઃ ૬૯૩ (૧૪-૦૭-૨૦૨૩) **ડૉ. તુષાર ચૌધરી** (ખેડબ્રહ્મા): **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં પાણી પુરવઠા પ્રભાગ હેઠળ આદિજાતિ વિસ્તારના વિકાસ માટે કેટલી રકમની જોગવાઈ કરવામાં આવી,

(૨) તે પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ તાલુકાવાર વાપરવામાં આવી અને કેટલી રકમ વર્ષવાર વણવપરાયેલી રહી, અને

(૩) ઉક્ત રકમ વણવપરાયેલી રહેવાના કારણો શા છે ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી :** (૦૧-૦૯-૨૦૨૩)

(૧) આદિજાતિ વિસ્તારો માટે જોગવાઈની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | જોગવાઈ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૭૬૪૧૯.૨૦ |
| ૨૦૨૧-૨૨ | ૧૦૪૩૧૫.૯૧ |
| ૨૦૨૨-૨૩ | ૧૪૪૮૪૭.૬૭ |

(૨) આ સાથે સામેલ પત્રક-૧ મુજબ.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક-૧**

**આદિજાતિ વિસ્તારોમાં તાલુકાવાર થયેલ ખર્ચ અને વણવપરાયેલ રકમ દર્શાવતું પત્રક**

ભાગ-૧

| અનુ. | જિલ્લો | તાલુકો | ૨૦૨૦-૨૧ | | | ૨૦૨૧-૨૨ | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ફાળવેલ ગ્રાન્ટ | થયેલ ખર્ચ | વણવપરાયેલ રકમ | ફાળવેલ ગ્રાન્ટ | થયેલ ખર્ચ | વણવપરાયેલ રકમ |
| ૧ | અરવલ્લી | ભિલોડા | 94171000.00 | 94171000.00 | 0.00 | 50080000.00 | 50080000.00 | 0.00 |
| ૨ | અરવલ્લી | મેઘરજ | 5507000.00 | 5507000.00 | 0.00 | 8796000.00 | 8796000.00 | 0.00 |
| ૩ | સાબરકાંઠા | ખેડબ્રહ્મા | 150000000.00 | 150000000.00 | 0.00 | 469620000.00 | 469620000.00 | 0.00 |
| ૪ | સાબરકાંઠા | પોશીના | 0.00 | 0.00 | 0.00 | 1891266000.00 | 1891266000.00 | 0.00 |
| ૫ | સાબરકાંઠા | વિજયનગર | 0.00 | 0.00 | 0.00 | 616860000.00 | 616860000.00 | 0.00 |
| ૬ | બનાસકાંઠા | દાંતા | 59147000.00 | 59147000.00 | 0.00 | 50202000.00 | 50202000.00 | 0.00 |
| ૭ | બનાસકાંઠા | અમીરગઢ | 14786000.00 | 14786000.00 | 0.00 | 12551000.00 | 12551000.00 | 0.00 |
| ૮ | છોટાઉદેપુર | છોટાઉદેપુર | 427944000.00 | 427944000.00 | 0.00 | 820858000.00 | 820858000.00 | 0.00 |
| ૯ | છોટાઉદેપુર | પાવીજેતપુર | 411134000.00 | 411134000.00 | 0.00 | 1102115000.00 | 1102115000.00 | 0.00 |
| ૧૦ | છોટાઉદેપુર | ક્વાંટ | 52710000.00 | 52710000.00 | 0.00 | 180422000.00 | 180422000.00 | 0.00 |
| ૧૧ | છોટાઉદેપુર | બોડેલી | 288553000.00 | 288553000.00 | 0.00 | 384121000.00 | 384121000.00 | 0.00 |
| ૧૨ | છોટાઉદેપુર | સંખેડા | 109667000.00 | 109667000.00 | 0.00 | 131041000.00 | 131041000.00 | 0.00 |
| ૧૩ | છોટાઉદેપુર | નસવાડી | 34408000.00 | 34408000.00 | 0.00 | 354724000.00 | 354724000.00 | 0.00 |
| ૧૪ | પંચમહાલ | ગોધરા | 2642000.00 | 2642000.00 | 0.00 | 27731000.00 | 27731000.00 | 0.00 |
| ૧૫ | પંચમહાલ | મોરવા(હ) | 13904000.00 | 13904000.00 | 0.00 | 10720000.00 | 10720000.00 | 0.00 |
| ૧૬ | પંચમહાલ | કાલોલ | 78000.00 | 78000.00 | 0.00 | 0.00 | 0.00 | 0.00 |
| ૧૭ | પંચમહાલ | હાલોલ | 76220000.00 | 76220000.00 | 0.00 | 105322000.00 | 105322000.00 | 0.00 |
| ૧૮ | પંચમહાલ | જામ્બુઘોડા | 26798000.00 | 26798000.00 | 0.00 | 56077000.00 | 56077000.00 | 0.00 |
| ૧૯ | પંચમહાલ | ઘોઘંબા | 44407000.00 | 44407000.00 | 0.00 | 158680000.00 | 158680000.00 | 0.00 |
| ૨૦ | પંચમહાલ | શહેરા | 13821000.00 | 13821000.00 | 0.00 | 212625000.00 | 212625000.00 | 0.00 |
| ૨૧ | મહીસાગર | કડાણા | 48261000.00 | 48261000.00 | 0.00 | 79928000.00 | 79928000.00 | 0.00 |
| ૨૨ | મહીસાગર | સંતરામપુર | 1388000.00 | 1388000.00 | 0.00 | 622000.00 | 622000.00 | 0.00 |
| ૨૩ | દાહોદ | દાહોદ | 281818000.00 | 281818000.00 | 0.00 | 371514000.00 | 371514000.00 | 0.00 |
| ૨૪ | દાહોદ | લીમખેડા | 148508000.00 | 148508000.00 | 0.00 | 175059000.00 | 175059000.00 | 0.00 |
| ૨૫ | દાહોદ | દેવગઢબારીયા | 276852000.00 | 276852000.00 | 0.00 | 106749000.00 | 106749000.00 | 0.00 |

| અનુ. | જિલ્લો | તાલુકો | ૨૦૨૦-૨૧ | | | ૨૦૨૧-૨૨ | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ફાળવેલ ગ્રાન્ટ | થયેલ ખર્ચ | વણવપરાયેલ રકમ | ફાળવેલ ગ્રાન્ટ | થયેલ ખર્ચ | વણવપરાયેલ રકમ |
| ૨૬ | દાહોદ | ઝાલોદ | 46495000.00 | 46495000.00 | 0.00 | 5607000.00 | 5607000.00 | 0.00 |
| ૨૭ | દાહોદ | ફતેપૂરા | 39249000.00 | 39249000.00 | 0.00 | 354468000.00 | 354468000.00 | 0.00 |
| ૨૮ | દાહોદ | ધાનપુર | 216288000.00 | 216288000.00 | 0.00 | 9538000.00 | 9538000.00 | 0.00 |
| ૨૯ | દાહોદ | સંજેલી | 91206000.00 | 91206000.00 | 0.00 | 1213519000.00 | 1213519000.00 | 0.00 |
| ૩૦ | દાહોદ | સીંગવડ | 8136000.00 | 8136000.00 | 0.00 | 5791000.00 | 5791000.00 | 0.00 |
| ૩૧ | દાહોદ | ગરબાડા | 238315000.00 | 238315000.00 | 0.00 | 89109000.00 | 89109000.00 | 0.00 |
| ૩૨ | સુરત | મહુવા | 70279540.00 | 70279540.00 | 0.00 | 47035521.00 | 47035521.00 | 0.00 |
| ૩૩ | સુરત | ઉમરપાડા | 14527209.00 | 14527209.00 | 0.00 | 14656972.00 | 14656972.00 | 0.00 |
| ૩૪ | સુરત | ઓલપાડ | 544835.00 | 644835.00 | 0.00 | 4152301.00 | 4152301.00 | 0.00 |
| ૩૫ | સુરત | માંગરોળ | 4842403.00 | 4842403.00 | 0.00 | 10992729.00 | 10992729.00 | 0.00 |
| ૩૬ | સુરત | માંડવી | 3503000.00 | 3503000.00 | 0.00 | 3176184 00 | 3176184.00 | 0.00 |
| ૩૭ | સુરત | બારડોલી | 5191124.00 | 5191124.00 | 0.00 | 10992729.00 | 10992729.00 | 0.00 |
| ૩૮ | વ્યારા | વ્યારા | 3780164.00 | 3780164.00 | 0.00 | 14663517.00 | 14663517.00 | 0.00 |
| ૩૯ | વ્યારા | ડોલવણ | 3472945.00 | 3472945.00 | 0.00 | 51051629.00 | 51051629.00 | 0.00 |
| ૪૦ | વ્યારા | વાલોડ | 4062735.00 | 4062735.00 | 0.00 | 26869235.00 | 26869235.00 | 0.00 |
| ૪૧ | વ્યારા | સોનગઢ | 6512529.00 | 6512529.00 | 0.00 | 1934258.00 | 1934258.00 | 0.00 |
| ૪૨ | વ્યારા | ઉચ્છલ | 2636836.00 | 2636836.00 | 0.00 | 50660072.00 | 50660072.00 | 0.00 |
| ૪૩ | વ્યારા | નિઝર | 6075498.00 | 6075498.00 | 0.00 | 104378039.00 | 104378039.00 | 0.00 |
| ૪૪ | વ્યારા | કુકરમુંડા | 2840598.00 | 2840598.00 | 0.00 | 237504878.00 | 237504878.00 | 0.00 |
| ૪૫ | ભરૂચ | નેત્રંગ | 256228498.50 | 256228498.50 | 0.00 | 1103139745.00 | 1103139745.00 | 0.00 |
| ૪૬ | ભરૂચ | ઝગડીયા | 0.00 | 0.00 | 0.00 | 0.00 | 0.00 | 0.00 |
| ૪૭ | રાજપીપળા | નાંદોદ | 70278133.19 | 70278133.19 | 0.00 | 86898758.26 | 86898758.26 | 0.00 |
| ૪૮ | રાજપીપળા | ગરૂડેશ્વર | 58565110.99 | 58565110.99 | 0.00 | 73320827.28 | 73320827.28 | 0.00 |
| ૪૯ | રાજપીપળા | તિલકવાડા | 35139066.59 | 35139066.59 | 0.00 | 62458482.53 | 62458482.53 | 0.00 |
| ૫૦ | રાજપીપળા | ડેડીયાપાડા | 46852088.79 | 46852088.79 | 0.00 | 27155861.96 | 27155861.96 | 0.00 |
| ૫૧ | રાજપીપળા | સાગબારા | 23426044.40 | 23426044.40 | 0.00 | 21724689.56 | 21724689.56 | 0.00 |
| ૫૨ | વલસાડ | વલસાડ | 542434625.60 | 542434625.60 | 0.00 | 855999885.00 | 855999885.00 | 0.00 |
| ૫૩ | વલસાડ | વાપી | 406825969.00 | 406825969.00 | 0.00 | 641999914.00 | 641999914.00 | 0.00 |
| ૫૪ | વલસાડ | પારડી | 433947700.00 | 433947700.00 | 0.00 | 684799908.00 | 684799908.00 | 0.00 |
| ૫૫ | વલસાડ | ધરમપુર | 488191163.00 | 488191163.00 | 0.00 | 770399897.00 | 770399897.00 | 0.00 |
| ૫૬ | વલસાડ | કપરાડા | 352582507.00 | 352582507.00 | 0.00 | 556399925.00 | 556399925.00 | 0.00 |
| ૫૭ | વલસાડ | ઊમરગામ | 488191163.00 | 488191163.00 | 0.00 | 770399897.00 | 770399897.00 | 0.00 |
| ૫૮ | નવસારી | ખેરગામ | 25158000.00 | 25158000.00 | 0.00 | 26758000.00 | 26758000.00 | 0.00 |
| ૫૯ | નવસારી | ચિખલી | 140323000.00 | 140323000.00 | 0.00 | 51263000.00 | 51263000.00 | 0.00 |
| ૬૦ | નવસારી | ગણદેવી | 4551200.00 | 4551200.00 | 0.00 | 35675000.00 | 35675000.00 | 0.00 |
| ૬૧ | નવસારી | નવસારી | 40009000.00 | 40009000.00 | 0.00 | 38031000.00 | 38031000.00 | 0.00 |
| ૬૨ | નવસારી | જલાલપોર | 15311000.00 | 15311000.00 | 0.00 | 13256000.00 | 13256000.00 | 0.00 |
| ૬૩ | નવસારી | વાંસદા | 141666000.00 | 141666000.00 | 0.00 | 118206000.00 | 118206000.00 | 0.00 |
| ૬૪ | આહવા | આહવા | 41666367.00 | 41666367.00 | 0.00 | 88112999.00 | 88112999.00 | 0.00 |
| ૬૫ | આહવા | વઘઇ | 28124798.00 | 28124798.00 | 0.00 | 59476274.00 | 59476274.00 | 0.00 |
| ૬૬ | આહવા | સુબીર | 34374753.00 | 34374753.00 | 0.00 | 72693224.00 | 72693224.00 | 0.00 |
| | | **કુલ રકમ રૂ.** | 7024628604.06 | 7024628604.06 | 0.00 | 15791952351.59 | 15791952351.59 | 0.00 |

**ભાગ-૨**

| અનુ. | જિલ્લો | તાલુકો | ૨૦૨૨-૨૩ | | |
|---|---|---|---|---|---|
| | | | ફાળવેલ ગ્રાન્ટ | થયેલ ખર્ચ | વણવપરાયેલ રકમ |
| ૧ | અરવલ્લી | ભિલોડા | 28299000.00 | 28299000.00 | 0.00 |
| ૨ | અરવલ્લી | મેઘરજ | 27976000.00 | 27976000.00 | 0.00 |
| ૩ | સાબરકાંઠા | ખેડબ્રહ્મા | 151067000.00 | 151067000.00 | 0.00 |
| ૪ | સાબરકાંઠા | પોશીના | 2460160000.00 | 2460160000.00 | 0.00 |
| ૫ | સાબરકાંઠા | વિજયનગર | 649270000.00 | 649270000.00 | 0.00 |

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા અતારાંકિત પ્રશ્નો (૮૭-ક)

| અનુ. | જિલ્લો | તાલુકો | ૨૦૨૨-૨૩ | | |
|---|---|---|---|---|---|
| | | | ફાળવેલ ગ્રાન્ટ | થયેલ ખર્ચ | વણવપરાયેલ રકમ |
| ૬ | બનાસકાંઠા | દાંતા | 55678000.00 | 55678000.00 | 0.00 |
| ૭ | બનાસકાંઠા | અમીરગઢ | 13919000.00 | 13919000.00 | 0.00 |
| ૮ | છોટાઉદેપુર | છોટાઉદેપુર | 681695000.00 | 681695000.00 | 0.00 |
| ૯ | છોટાઉદેપુર | પાવીજેતપુર | 650075000.00 | 650075000.00 | 0.00 |
| ૧૦ | છોટાઉદેપુર | ક્વાંટ | 760481000.00 | 760481000.00 | 0.00 |
| ૧૧ | છોટાઉદેપુર | બોડેલી | 424149000.00 | 424149000.00 | 0.00 |
| ૧૨ | છોટાઉદેપુર | સંખેડા | 151766000.00 | 151766000.00 | 0.00 |
| ૧૩ | છોટાઉદેપુર | નસવાડી | 289745000.00 | 289745000.00 | 0.00 |
| ૧૪ | પંચમહાલ | ગોધરા | 15527000.00 | 15527000.00 | 0.00 |
| ૧૫ | પંચમહાલ | મોરવા(હ) | 13860000.00 | 13860000.00 | 0.00 |
| ૧૬ | પંચમહાલ | કાલોલ | 0.00 | 0.00 | 0.00 |
| ૧૭ | પંચમહાલ | હાલોલ | 116806000.00 | 116806000.00 | 0.00 |
| ૧૮ | પંચમહાલ | જામ્બુઘોડા | 41764000.00 | 41764000.00 | 0.00 |
| ૧૯ | પંચમહાલ | ઘોઘંબા | 82175000.00 | 82175000.00 | 0.00 |
| ૨૦ | પંચમહાલ | શહેરા | 118692000.00 | 118692000.00 | 0.00 |
| ૨૧ | મહીસાગર | કડાણા | 282795000.00 | 282795000.00 | 0.00 |
| ૨૨ | મહીસાગર | સંતરામપુર | 12055000.00 | 12055000.00 | 0.00 |
| ૨૩ | દાહોદ | દાહોદ | 143850000.00 | 143850000.00 | 0.00 |
| ૨૪ | દાહોદ | લીમખેડા | 195850000.00 | 195850000.00 | 0.00 |
| ૨૫ | દાહોદ | દેવગઢબારીયા | 545095000.00 | 545095000.00 | 0.00 |
| ૨૬ | દાહોદ | ઝાલોદ | 497464000.00 | 497464000.00 | 0.00 |
| ૨૭ | દાહોદ | ફતેપૂરા | 276513000.00 | 276513000.00 | 0.00 |
| ૨૮ | દાહોદ | ધાનપુર | 166301000.00 | 166301000.00 | 0.00 |
| ૨૯ | દાહોદ | સંજેલી | 918075000.00 | 918075000.00 | 0.00 |
| ૩૦ | દાહોદ | સીંગવડ | 47071000.00 | 47071000.00 | 0.00 |
| ૩૧ | દાહોદ | ગરબાડા | 178697000.00 | 178697000.00 | 0.00 |
| ૩૨ | સુરત | મહુવા | 41287238.00 | 41287238.00 | 0.00 |
| ૩૩ | સુરત | ઉમરપાડા | 28057417.00 | 28057417.00 | 0.00 |
| ૩૪ | સુરત | ઓલપાડ | 1011461714.00 | 1011461714.00 | 0.00 |
| ૩૫ | સુરત | માંગરોળ | 64901339.00 | 64901339.00 | 0.00 |
| ૩૬ | સુરત | માંડવી | 384734805.00 | 384734805.00 | 0.00 |
| ૩૭ | સુરત | બારડોલી | 11235508.00 | 11235508.00 | 0.00 |
| ૩૮ | વ્યારા | વ્યારા | 120820082.00 | 120820082.00 | 0.00 |
| ૩૯ | વ્યારા | ડોલવણ | 334371983.00 | 334371983.00 | 0.00 |
| ૪૦ | વ્યારા | વાલોડ | 12086537.00 | 12086537.00 | 0.00 |
| ૪૧ | વ્યારા | સોનગઢ | 433069462.00 | 433069462.00 | 0.00 |
| ૪૨ | વ્યારા | ઉચ્છલ | 112462240.00 | 112462240.00 | 0.00 |
| ૪૩ | વ્યારા | નિઝર | 426600144.00 | 426600144.00 | 0.00 |
| ૪૪ | વ્યારા | કુકરમુંડા | 234588968.00 | 234588968.00 | 0.00 |
| ૪૫ | ભરૂચ | નેત્રંગ | 356586461.30 | 356586461.30 | 0.00 |
| ૪૬ | ભરૂચ | ઝગડીયા | 266847359.00 | 266847359.00 | 0.00 |
| ૪૭ | રાજપીપળા | નાંદોદ | 112625637.40 | 112625637.40 | 0.00 |
| ૪૮ | રાજપીપળા | ગરૂડેશ્વર | 93854697.84 | 93854697.84 | 0.00 |
| ૪૯ | રાજપીપળા | તિલકવાડા | 63821194.53 | 63821194.53 | 0.00 |
| ૫૦ | રાજપીપળા | ડેડીયાપાડા | 75083758.27 | 75083758.27 | 0.00 |
| ૫૧ | રાજપીપળા | સાગબારા | 30033503.31 | 30033503.31 | 0.00 |
| ૫૨ | વલસાડ | વલસાડ | 1054728714.00 | 1054728714.00 | 0.00 |
| ૫૩ | વલસાડ | વાપી | 791046536.00 | 791046536.00 | 0.00 |
| ૫૪ | વલસાડ | પારડી | 843782971.00 | 843782971.00 | 0.00 |
| ૫૫ | વલસાડ | ધરમપુર | 949255843.00 | 949255843.00 | 0.00 |
| ૫૬ | વલસાડ | કપરાડા | 685573664.00 | 685573664.00 | 0.00 |
| ૫૭ | વલસાડ | ઊમરગામ | 949255843.00 | 949255843.00 | 0.00 |

| અનુ. | જિલ્લો | તાલુકો | ૨૦૨૨-૨૩ | | |
|---|---|---|---|---|---|
| | | | ફાળવેલ ગ્રાન્ટ | થયેલ ખર્ચ | વણવપરાયેલ રકમ |
| ૫૮ | નવસારી | ખેરગામ | 23522000.00 | 23522000.00 | 0.00 |
| ૫૯ | નવસારી | ચિખલી | 27516000.00 | 27516000.00 | 0.00 |
| ૬૦ | નવસારી | ગણદેવી | 52032000.00 | 52032000.00 | 0.00 |
| ૬૧ | નવસારી | નવસારી | 17422000.00 | 17422000.00 | 0.00 |
| ૬૨ | નવસારી | જલાલપોર | 38991000.00 | 38991000.00 | 0.00 |
| ૬૩ | નવસારી | વાંસદા | 2657000.00 | 2657000.00 | 0.00 |
| ૬૪ | આહવા | આહવા | 306267077.00 | 306267077.00 | 0.00 |
| ૬૫ | આહવા | વઘઇ | 206730277.00 | 206730277.00 | 0.00 |
| ૬૬ | આહવા | સુબીર | 252670338.00 | 252670338.00 | 0.00 |
| | | કુલ રકમ રૂ. | 20412851311.65 | 20412851311.65 | 0.00 |

- - - - - -

**રાજ્યમાં મંજૂર કરેલ સિંચાઈ યોજના**

અતારાંકિતઃ ૭૦૧ (૧૪-૦૭-૨૦૨૩) **શ્રી હેમંતભાઈ આહિર** (જામજોધપુર): **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં કેટલી નવી નાની, મધ્યમ અને મોટી સિંચાઈ યોજનાઓ મંજૂર કરવામાં આવી,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કઈ કઈ યોજનાનો કામો મંજૂર કરવામાં આવ્યા,

(૩) ઉક્ત સ્થિતિએ કઈ યોજનાના કામો કેટલા ખર્ચે પૂર્ણ થયેલ છે, અને

(૪) બાકી કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

**જળસંપત્તિ મંત્રીશ્રી :** (૩૧-૦૮-૨૦૨૩)

(૧) વર્ષ ૨૦૨૧-૨૨માં ઝુંડ વડલી પીક-અપ વિયર મધ્યમ સિંચાઈ યોજના

(૨) કામ ટેન્ડર તબક્કે છે.

(૩) મામુર

(૪) વર્ષ ૨૦૨૫માં પૂર્ણ કરવાનું આયોજન છે.

- - - - - - - -

**રાજ્યમાં આવેલા તળાવોને નર્મદાના પાણીથી ભરવા બાબત**

અતારાંકિતઃ ૭૧૧ (૧૪-૦૭-૨૦૨૩) **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ): **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં જળસંપત્તિ પ્રભાગ અંતર્ગત જિલ્લાવાર કેટલા તળાવો આવેલા છે,

(૨) તે પૈકી જિલ્લાવાર કેટલા તળાવો નર્મદાના પાણીથી ભરવામાં આવે છે,

(૩) બાકીના તળાવો નર્મદાના પાણીથી ભરવાનું આયોજન શું છે, અને

(૪) તેના થકી કુલ કેટલી જમીનને સિંચાઈના પાણીની સગવડ ઉપલબ્ધ થશે ?

**જળસંપત્તિ મંત્રીશ્રી :** (૧૫-૦૯-૨૦૨૩)

(૧) રાજ્યમાં ૫૩૧૫૬ તળાવો ગ્રામ્ય વિસ્તારમાં અને ૯૧૩ તળાવો શહેરી વિસ્તારમાં એમ કુલ મળીને ૫૪૦૬૯ તળાવો આવેલા છે. જેની જિલ્લાવાર વિગત પત્રક-૧ માં સામેલ છે.

(૨) તે પૈકી ૯૧૨ તળાવો જળસંપત્તિ વિભાગ દ્વારા નર્મદાના પાણીથી ભરવામાં આવે છે. જેની જિલ્લાવાર વિગત પત્રક-૨ માં સામેલ છે.

(૩) નર્મદાના વધારાના પાણીની ઉપલબ્ધિ, ભૌગોલિક સ્થળસ્થિતિ અને તાંત્રિક રીતે તમામ તળાવો ભરવા શક્ય નથી.

સરકારશ્રી દ્વારા નર્મદાનાં પૂરના વધારાનાં પાણીથી સોરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને કચ્છ વિસ્તારનાં જળાશયો/તળાવો પાઈપલાઈનથી ભરવાની યોજનાઓ અમલીકરણ હેઠળ છે.

(૪) નર્મદાનાં પૂરના વધારાનાં પાણીથી સૌરાષ્ટ્ર વિસ્તારમાં ૩,૩૩,૮૬૬ હેક્ટર, ઉત્તર ગુજરાત વિસ્તારમાં ૧,૧૩,૦૦૦ હેક્ટર અને કચ્છ વિસ્તારમાં ૧,૭૨,૪૧૧ હેક્ટર વિસ્તાર સિંચાઈ સુવિધાથી સુદૃઢ થશે.

**પત્રક-૧**

**જળાશયોની વિગત**

**રાજ્યઃ ગુજરાત**

| ક્રમ | જિલ્લો | કુલ જળાશય | | |
|---|---|---|---|---|
| | | ગ્રામ્ય | શહેર | કુલ |
| ૧ | અમદાવાદ | ૧૭૮૮ | ૧૭૬ | ૧૯૬૪ |
| ૨ | અમરેલી | ૧૮૬૩ | ૧૩ | ૧૮૭૬ |
| ૩ | આણંદ | ૧૫૧૬ | ૧૧૮ | ૧૬૩૪ |
| ૪ | અરવલ્લી | ૧૪૦૨ | ૮ | ૧૪૧૦ |
| ૫ | બનાસકાંઠા | ૩૧૦૯ | ૧૨ | ૩૧૨૧ |
| ૬ | ભરૂચ | ૨૨૦૭ | ૪૦ | ૨૨૪૭ |
| ૭ | ભાવનગર | ૧૮૫૯ | ૮ | ૧૮૬૭ |
| ૮ | બોટાદ | ૩૭૦ | ૬ | ૩૭૬ |
| ૯ | છોટાઉદેપુર | ૨૨૦૭ | ૨ | ૨૨૦૯ |
| ૧૦ | દાહોદ | ૨૨૪૨ | ૮ | ૨૨૫૦ |
| ૧૧ | ડાંગ | ૧૨૮૪ | ૦ | ૧૨૮૪ |
| ૧૨ | દેવભૂમિ દ્વારકા | ૯૨૫ | ૯ | ૯૩૪ |
| ૧૩ | ગાંધીનગર | ૭૭૩ | ૨૦ | ૭૯૩ |
| ૧૪ | ગીર સોમનાથ | ૫૩૫ | ૧૧ | ૫૪૬ |
| ૧૫ | જામનગર | ૧૭૭૦ | ૧૨ | ૧૭૮૨ |
| ૧૬ | જૂનાગઢ | ૯૬૦ | ૧૦ | ૯૭૦ |
| ૧૭ | કચ્છ | ૨૪૭૭ | ૨૪ | ૨૫૦૧ |
| ૧૮ | ખેડા | ૧૬૩૮ | ૧૧૪ | ૧૭૫૨ |
| ૧૯ | મહિસાગર | ૧૧૪૯ | ૧૨ | ૧૧૬૧ |
| ૨૦ | મહેસાણા | ૨૨૦૫ | ૩૯ | ૨૨૪૪ |
| ૨૧ | મોરબી | ૧૪૩૫ | ૩ | ૧૪૩૮ |
| ૨૨ | નર્મદા | ૮૫૫ | ૧ | ૮૫૬ |
| ૨૩ | નવસારી | ૧૪૬૪ | ૨૦ | ૧૪૮૪ |
| ૨૪ | પંચમહાલ | ૨૫૩૯ | ૨૪ | ૨૫૬૩ |
| ૨૫ | પાટણ | ૧૮૮૩ | ૧૪ | ૧૮૯૭ |
| ૨૬ | પોરબંદર | ૩૩૬ | ૫ | ૩૪૧ |
| ૨૭ | રાજકોટ | ૨૬૭૮ | ૨૨ | ૨૭૦૦ |
| ૨૮ | સાબરકાંઠા | ૨૧૦૩ | ૪ | ૨૧૦૭ |
| ૨૯ | સુરત | ૧૩૦૬ | ૩૯ | ૧૩૪૫ |

| ક્રમ | જિલ્લો | કુલ જળાશય | | |
|---|---|---|---|---|
| | | ગ્રામ્ય | શહેર | કુલ |
| ૩૦ | સુરેન્દ્રનગર | ૧૧૨૭ | ૨૨ | ૧૧૪૯ |
| ૩૧ | તાપી | ૧૪૭૩ | ૩ | ૧૪૭૬ |
| ૩૨ | વડોદરા | ૧૯૩૩ | ૮૯ | ૨૦૨૨ |
| ૩૩ | વલસાડ | ૧૭૪૫ | ૨૫ | ૧૭૭૦ |
| | **કુલ** | **૫૩૧૫૬** | **૯૧૩** | **૫૪૦૬૯** |

**પત્રક-૨**

| ક્રમ | જિલ્લો | નર્મદાના પાણીથી ભરવામાં આવતા તળાવોની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૬૭ |
| ૨ | ગાંધીનગર | ૧૨૭ |
| ૩ | મહેસાણા | ૨૬૭ |
| ૪ | પાટણ | ૧૧૯ |
| ૫ | સાબરકાંઠા | ૬૧ |
| ૬ | બનાસકાંઠા | ૪૫ |
| ૭ | પોરબંદર | ૩ |
| ૮ | મોરબી | ૧૬ |
| ૯ | જામનગર | ૨૦ |
| ૧૦ | દેવભૂમિ દ્વારકા | ૪ |
| ૧૧ | રાજકોટ | ૩૯ |
| ૧૨ | સુરેન્દ્રનગર | ૧૮ |
| ૧૩ | બોટાદ | ૩૯ |
| ૧૪ | ભાવનગર | ૪૯ |
| ૧૫ | અમરેલી | ૩૦ |
| ૧૬ | જૂનાગઢ | ૭ |
| ૧૭ | વડોદરા | ૧ |
| | **કુલ** | **૯૧૨** |

--------

**જળસંપત્તિ પ્રભાગ અને તાબાની કચેરીનું મહેકમ**

અતારાંકિતઃ ૭૪૩ (૧૪-૦૭-૨૦૨૩) **ડૉ. સી. જે. ચાવડા** (વિજાપુર): **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ જળસંપત્તિ પ્રભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલી છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૩) ખાલી જગ્યાઓ પૈકી એક વર્ષ, બે વર્ષ અને ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૪) આ ખાલી જગ્યાઓ ભરવા શાં પગલાં લેવામાં આવ્યા ?

**જળસંપત્તિ મંત્રીશ્રી :** (૦૧-૦૯-૨૦૨૩)

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા અતારાંકિત પ્રશ્નો (૮૭-ક)

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ જળસંપત્તિ પ્રભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમની વિગતો આ સાથે સામેલ *પત્રકઃ અ મુજબ છે.

(૨) તે પૈકી સંવર્ગવાર ભરાયેલી જગ્યાઓ અને ખાલી જગ્યાઓની વિગતો આ સાથે સામેલ *પત્રકઃ અ મુજબ છે.

(૩) ખાલી જગ્યાઓ પૈકી એક વર્ષ, બે વર્ષ અને ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી ખાલી જગ્યાઓની વિગતો આ સાથે સામેલ *પત્રકઃ અ મુજબ છે.

(૪) ખાલી જગ્યાઓ ભરવા લેવામાં આવેલ પગલાંઓની વિગતો આ સાથે સામેલ *પત્રકઃ બ મુજબ છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

--------

**કલ્પસર પ્રભાગ અને તાબાની કચેરીનું મહેકમ**

અતારાંકિતઃ ૭૫૬ (૧૭-૦૮-૨૦૨૩) **શ્રી હેમંતભાઈ આહિર** (જામજોધપુર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (કલ્પસર) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ કલ્પસર પ્રભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલી છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૩) ખાલી જગ્યાઓ પૈકી એક વર્ષ, બે વર્ષ અને ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૪) તે અન્વયે શા પગલાં લેવામાં આવ્યા ?

**મુખ્યમંત્રીશ્રી** (કલ્પસર) **:** (૦૬-૦૯-૨૦૨૩)

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ કલ્પસર પ્રભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમની વિગત સામેલ પત્રક-૧ મુજબ છે.

(૨) તે પૈકી સંવર્ગવાર ભરાયેલ તથા ખાલી જગ્યાની વિગતો સામેલ પત્રક-૧ મુજબ છે.

(૩) ખાલી જગ્યાઓ પૈકી એક વર્ષ, બે વર્ષ અને ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી ખાલી જગ્યાઓની વિગતો સામેલ પત્રક-૧ મુજબ છે.

(૪) કલ્પસર પ્રભાગ તથા તેના તાબા હેઠળની જગ્યાઓ જળસંપત્તિ વિભાગના કુલ મહેકમમાં સમાવેશ થતો હોય જળસંપત્તિ વિભાગ દ્વારા તમામ સંવર્ગોની ભરતી માટે નિયમાનુસારની કાર્યવાહી સમયાંતરે હાથ ધરવામાં આવેલ છે.

**પત્રક-૧**

**તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ કલ્પસર પ્રભાગ અને તેના તાબાની કચેરીનું મહેકમ**

| ક્રમ | સંવર્ગનું નામ | મંજૂર જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | ૧ વર્ષ કરતા વધુ સમયથી ખાલી | ૨ વર્ષ કરતા વધુ સમયથી ખાલી | ૩ વર્ષ કરતા વધુ સમયથી ખાલી |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સચિવશ્રી | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | મુખ્ય ઈજનેર અને અ.સ.શ્રી | ૨ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | ખાસ ફરજ પરના અધિકારીશ્રી | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ |
| ૪ | અધિક્ષક ઈજનેરશ્રી | ૨ | ૧ | ૧ | ૧ | ૦ | ૦ |
| ૫ | કાર્યપાલક ઈજનેર | ૧૧ | ૩ | ૮ | ૦ | ૨ | ૬ |
| ૬ | ઉપસચિવ(તાંત્રિક) | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૧ |
| ૭ | નાયબ કાર્યપાલક ઈજનેર | ૨૨ | ૨૧ | ૧ | ૧ | ૦ | ૦ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૮ | મદદનીશ ઇજનેર/અ.મ.ઈ. | ૪૯ | ૩૪ | ૧૫ | ૦ | ૧૩ | ૨ |
| ૯ | સેક્શન અધિકારી | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૦ | મદદનીશ અધિક્ષક (વિ) | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ |
| ૧૧ | સિનિયર કલાર્ક (હિ) | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૧ |
| ૧૨ | વિભાગીય હિસાબનીશ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૩ | સિનિયર કલાર્ક | ૧૮ | ૧૪ | ૪ | ૧ | ૧ | ૨ |
| ૧૪ | જૂનીયર કલાર્ક | ૧૨ | ૮ | ૪ | ૦ | ૩ | ૧ |
| ૧૫ | ગુજરાતી સ્ટેનોગ્રાફર ગ્રેડ-૨ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૧ |
| ૧૬ | રેખનકાર | ૨ | ૦ | ૨ | ૦ | ૨ | ૦ |
| ૧૭ | કોમ્પ્યુટર ઓપરેટર* | ૫ | ૪ | ૧ | ૦ | ૧ | ૦ |
| ૧૮ | ટેકનિકલ આસીસ્ટન્ટ | ૭ | ૦ | ૭ | ૦ | ૨ | ૫ |
| ૧૯ | ડ્રાયવર | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ |
| ૨૦ | વર્ક આસીસ્ટન્ટ | ૧૧ | ૦ | ૧૧ | ૦ | ૧૧ | ૦ |
| ૨૧ | પટાવાળા* | ૧૩ | ૪ | ૯ | ૦ | ૯ | ૦ |
| | **કુલ** | **૧૬૩** | **૯૪** | **૬૯** | **૪** | **૪૬** | **૧૯** |

***પટાવાળા અને કોમ્પ્યુટર ઓપરેટરની જગ્યા આઉટસોર્સથી ભરાયેલ છે.**

- - - - - - - -

**રાજ્યના ડેમોની ચકાસણી**

અતારાંકિતઃ ૭૭૭ (૧૪-૦૭-૨૦૨૩) **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા): **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૬-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેન્દ્રીય જળસંપત્તિ મંત્રાલયે રાજ્ય સરકારને ૧૦૦ વર્ષ જુના ડેમોની ચકાસણી કરવા આદેશ કરેલ છે કે પત્ર લખેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તે અન્વયે સરકારે ક્યારે ક્યારે ક્યા ડેમોની ચકાસણી કરી, અને

(૩) ઉક્ત ચકાસણીમાં ક્યા ડેમોની કેવી સ્થિતિ સામે આવી ?

**જળસંપત્તિ મંત્રીશ્રી :** (૧૨-૦૯-૨૦૨૩)

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - -

**અટલ ભૂજલ યોજના હેઠળ મળેલ રકમ**

અતારાંકિતઃ ૭૮૨ (૧૮-૦૮-૨૦૨૩) **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા): **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૬-૨૦૨૩ની સ્થિતિએ અટલ ભૂજલ યોજના હેઠળ કેન્દ્ર સરકાર અને વર્લ્ડ બેંકનો ફાળો કેટલો છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તે પૈકી કેટલી રકમ મળી, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર અને વર્લ્ડ બેંક તરફથી મળેલ રકમ પૈકી કેટલી રકમ વાપરવામાં આવી ?

**જળસંપત્તિ મંત્રીશ્રી :** (૧૫-૦૯-૨૦૨૩)

(૧) અટલ ભૂજલ યોજના હેઠળ ગુજરાત રાજ્ય માટે કેન્દ્ર સરકાર અને વર્લ્ડ બેંકનો ફાળો નીચે મુજબ છે.

| ક્રમ | ફાળાની વિગત | ફાળાની રકમ |
|---|---|---|
| ૧ | કેન્દ્ર સરકાર | રૂ. ૩૮૪.૬૯ કરોડ |
| ૨ | વર્લ્ડ બેંક | રૂ. ૩૮૪.૬૯ કરોડ |
| | **કુલ** | **રૂ. ૭૬૯.૩૮ કરોડ** |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગુજરાત રાજ્ય સરકારને રૂ.૨૭૬.૯૦ કરોડની રકમ મળેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર અને વર્લ્ડ બેંક તરફથી મળેલ રકમ પૈકી રૂ.૧૫૩.૭૯ કરોડની રકમ વાપરવામાં આવી.

--------

**ગ્રામ પંચાયતોને પાકા મકાન ફાળવવા બાબત**

અતારાંકિતઃ ૨૧૫ (૦૪-૦૫-૨૦૨૩) **શ્રી હેમંતભાઈ આહિર** (જામજોધપુર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પંચાયત) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેટલી ગ્રામ પંચાયતોને પોતાના પાકા મકાન નથી,

(૨) ઉક્ત સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેટલી ગ્રામ પંચાયતો ભાડાના મકાનમાં ચાલે છે,

(૩) ઉક્ત સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેટલી ગ્રામ પંચાયતોના મકાનો જર્જરીત છે, અને

(૪) ઉક્ત ગ્રામ પંચાયતોના પોતાના પાકા મકાનો ક્યાં સુધીમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે ?

**મુખ્યમંત્રીશ્રી** (પંચાયત) **:** (૦૧-૦૯-૨૦૨૩)

(૧) *પત્રક-(અ) સામેલ છે.

(૨) *પત્રક-(બ) સામેલ છે.

(૩) *પત્રક-(ક) સામેલ છે.

(૪) ઉક્ત બાકી ગ્રામ પંચાયતોના પોતાના પાકા મકાનો પંચાયત વિભાગના તા.૧૦-૧૨-૨૦૨૧ના ઠરાવ મુજબ બનતી ત્વરાએ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

--------

**તાલીમ કાર્યક્રમ માટે કેન્દ્ર સરકાર તરફથી મળેલ ગ્રાન્ટ**

અતારાંકિતઃ ૨૪૬ (૧૫-૦૫-૨૦૨૩) **શ્રી અમૃતજી ઠાકોર** (કાંકરેજ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પંચાયત) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર પંચાયતી રાજ સંસ્થાઓના ચૂંટાયેલા પ્રતિનિધિઓ માટે તાલીમ કાર્યક્રમ માટે કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને રકમ મળેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૩) મળેલ રકમ પૈકી કેટલી રકમનો ખર્ચ થયો અને કેટલી રકમ વણવપરાયેલી રહી ?

**મુખ્યમંત્રીશ્રી** (પંચાયત) **:** (૧૩-૦૯-૨૦૨૩)

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર પંચાયતી રાજ સંસ્થાઓના ચૂંટાયેલા પ્રતિનિધિઓ માટે તાલીમ કાર્યક્રમ માટે કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને રકમ મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - -

**વઢવાણ તાલુકામાં રસ્તા પહોળા કરવા બાબત**

અતારાંકિતઃ ૨૨૨ (૦૪-૦૫-૨૦૨૩) **શ્રી અરવિંદભાઈ લાડાણી** (માણાવદર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ તાલુકામાં ખોલડીયાદ-ગુંદીયાણા-ટુવા રસ્તાને પહોળો કરવાની કેટલી ફરિયાદો/રજૂઆતો સરકારને મળી,

(૨) ઉક્ત સ્થિતિએ મળેલ રજૂઆતો/ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) ઉક્ત રસ્તાને પહોળો કરવાનું સરકારનું શું આયોજન છે ?

**મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) **:** (૩૧-૦૮-૨૦૨૩)

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ તાલુકામાં ખોલડીયાદ-ગુંદીયાણા-ટુવા રોડ કિ.મી. ૦/૦ થી ૧૦/૦ (મુ.જી.મા)ને પહોળો કરવાની કોઈ ફરિયાદ/રજૂઆત મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) સદરહુ રસ્તામાં તા.૧૭-૧૧-૨૦૨૪ સુધી ગેરંટી પિરીયડ ચાલુ છે. તાંત્રિક જરૂરિયાત મુજબ દરખાસ્ત સત્વરે કરવામાં આવશે.

- - - - - - - -

**ગાંધીનગર શહેરમાં સરકારી મકાનોમાં ચાલતી ખાનગી શાળાઓ**

અતારાંકિતઃ ૪૮૧ (૦૯-૦૬-૨૦૨૩) **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પાટનગર યોજના) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ ગાંધીનગર શહેરમાં ટ્રસ્ટને ખાનગી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ચલાવવા સરકારી મકાનોમાં ભાડા કરારથી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ક્યા ટ્રસ્ટને ક્યારે કેટલા વર્ષ માટે ક્યા ભાડાના દરથી ક્યા પ્રકારનું સરકારી મકાન ફાળવવામાં આવેલ છે, અને

(૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ ક્યા ટ્રસ્ટ પાસેથી કેટલી ભાડાની રકમ વસૂલવાની બાકી છે ?

**મુખ્યમંત્રીશ્રી** (પાટનગર યોજના) **:** (૧૨-૦૯-૨૦૨૩)

(૧) હા

(૨)

| ક્રમ | ખાનગી શાળાનું નામ | ફાળવણી વર્ષ | ભાડાનો દર તથા સમયગાળો | આવાસની કક્ષા |
|---|---|---|---|---|
| ૧ | ચિંતન ટ્રસ્ટ સંચાલિત શાંતિનિકેતન પ્રાથમિક શાળા | ૨૦૦૦ | આર્થિક ભાડાના દરે પ્રારંભિક તબક્કે એક વર્ષ માટે ત્યારબાદ તબક્કાવાર મંજૂરીથી વર્ષ ૨૦૧૫ સુધી | પ્રારંભિક ''છ કક્ષા'' ત્યારબાદ અવેજીમાં ''ઘ કક્ષા'' |
| ૨ | રામેશ્વરમ સાર્વજનિક સેવા ટ્રસ્ટ | ૨૦૦૨ | આર્થિક ભાડાના દરે પ્રારંભિક તબક્કે ૨ વર્ષ માટે ત્યારબાદ તબક્કાવાર મંજૂરીથી વર્ષ ૨૦૧૫ | પ્રારંભિક ''જ કક્ષા'' ત્યારબાદ અવેજીમાં ''જ-૨ કક્ષા'' |

| ક્રમ | ખાનગી શાળાનું નામ | ફાળવણી વર્ષ | ભાડાનો દર તથા સમયગાળો | આવાસની કક્ષા |
|---|---|---|---|---|
| | | | સુધી | |
| ૩ | ભારતીય વિદ્યાનિકેતન ટ્રસ્ટ | ૨૦૦૮ | ૩ આવાસ ટોકન ભાડાના દરે પ્રારંભિક તબક્કે ૫ વર્ષ માટે અને ૩ આવાસ સામાન્ય ભાડાના દરે પ્રારંભિક તબક્કે ૧ વર્ષ માટે અને ત્યારબાદ તબક્કાવાર મંજૂરીથી વર્ષ ૨૦૧૫ સુધી | ''ઘ-૧'' |
| ૪ | યુવા દિશા કેન્દ્ર | ૨૦૦૨ | આર્થિક ભાડાના દરે પ્રારંભિક તબક્કે એક વર્ષ માટે અને તબક્કાવાર મંજૂરીથી વર્ષ ૨૦૧૫ સુધી | ''જ-૧'' |
| ૫ | શ્યામ સુંદર ટ્રસ્ટ સંચાલિત લીટલ એન્જલ સ્કૂલ | ૨૦૦૦<br>૨૦૦૫ | આર્થિક ભાડાના દરે પ્રારંભિક તબક્કે એક વર્ષ માટે અને તબક્કાવાર મંજૂરીથી વર્ષ ૨૦૧૫ સુધી | ''ગ-૧'' |
| ૬ | શ્રદ્ધા કેળવણી મંડળ | ૧૯૯૮<br>૨૦૦૦ | આર્થિક ભાડાના દરે પ્રારંભિક તબક્કે એક વર્ષ માટે અને તબક્કાવાર મંજૂરીથી વર્ષ ૨૦૧૫ સુધી | ''ચ'' |
| ૭ | વિમેન વેલફેર સોસાયટી, ગાંધીનગર સંચાલિત નંદનવન આશ્રમ શાળા | ૨૦૦૮ | આર્થિક ભાડાના દરે પ્રારંભિક તબક્કે એક વર્ષ માટે અને તબક્કાવાર મંજૂરીથી વર્ષ ૨૦૧૫ સુધી | ''ચ-૧'' |
| ૮ | અર્બુદા એજ્યુકેશન ટ્રસ્ટ | ૨૦૦૨ | આર્થિક ભાડાના દરે પ્રારંભિક તબક્કે એક વર્ષ માટે અને તબક્કાવાર મંજૂરીથી વર્ષ ૨૦૧૫ સુધી | ''ઘ-૧'' |
| ૯ | સિધ્ધાર્થ એજ્યુકેશન ટ્રસ્ટ | ૧૯૯૬ | આર્થિક ભાડાના દરે પ્રારંભિક તબક્કે એક વર્ષ માટે અને તબક્કાવાર મંજૂરીથી વર્ષ ૨૦૧૫ સુધી | પ્રારંભિક ''ઘ-૧'' કક્ષા ત્યારબાદ અવેજીમાં ''ચ-૧ કક્ષા'' |
| ૧૦ | છબીબેન તમશીભાઈ ટ્રસ્ટ સંચાલિત દિશા એજ્યુકેશન ટ્રસ્ટ | ૨૦૦૭ | આર્થિક ભાડાના દરે પ્રારંભિક તબક્કે એક વર્ષ માટે અને તબક્કાવાર મંજૂરીથી વર્ષ ૨૦૧૫ સુધી | ''ચ'' |
| ૧૧ | સમર્પણ મુકબધિર શિશુ વિદ્યામંદીર | ૧૯૯૦<br>૧૯૯૧<br>૧૯૯૨<br>૧૯૯૫<br>૨૦૦૦<br>૨૦૦૨<br>૨૦૦૪ | ૮ આવાસ ટોકન ભાડાના દરે પ્રારંભિક તબક્કે ૧ વર્ષ માટે તેમજ ૪ આવાસ આર્થિક ભાડાના દરે પ્રારંભિક તબક્કે ૧ વર્ષ માટે અને ત્યારબાદ તબક્કાવાર મંજૂરીથી વર્ષ ૨૦૧૫ સુધી | પ્રારંભિક ''ચ'' કક્ષા ત્યારબાદ ૮ ''ચ'' કક્ષાની અવેજીમાં ૪ ''ઘ કક્ષા'' |
| | | ૨૦૨૨ | ટોકન ભાડાના દરે પ્રારંભિક તબક્કે એક વર્ષ માટે | ''ઘ'' |

| ક્રમ | ખાનગી શાળાનું નામ | ફાળવણી વર્ષ | ભાડાનો દર તથા સમયગાળો | આવાસની કક્ષા |
|---|---|---|---|---|
| ૧૨ | શ્રી ગંગાબા એજ્યુકેશન પબ્લિક ટ્રસ્ટ સંચાલિત શ્રી જ્ઞાન ગંગા હોસ્ટેલ | ૨૦૦૩ | આર્થિક ભાડાના દરે પ્રારંભિક તબક્કે એક વર્ષ માટે અને તબક્કાવાર મંજૂરીથી વર્ષ ૨૦૧૫ સુધી | પ્રારંભિક ''જ'' કક્ષા ત્યારબાદ અવેજીમાં ''ચ-૧'' કક્ષા |

(૩) મંજૂરી સમય સુધીનું ભાડું ભરપાઈ કરેલ છે.

--------

**રાજ્યમાં સરકારી રહેણાંકના મકાનોની મરામત બાબત**

અતારાંકિતઃ ૬૧૯ (૧૪-૦૭-૨૦૨૩) **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર સરકારી કર્મચારીઓના રહેણાંકના મકાનોની મરામત પાછળ જિલ્લાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર કઈ કક્ષાના કેટલા મકાનો કાર્યરત છે અને કેટલા બિસ્માર હાલતમાં છે ?

**મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) **:** (૦૫-૦૯-૨૦૨૩)

(૧) *પરિશિષ્ટ-અ મુજબ

(૨) *પરિશિષ્ટ-બ મુજબ

(*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

--------

**સરકારી રહેણાંકના મકાનો બાબત**

અતારાંકિતઃ ૬૩૩ (૧૪-૦૭-૨૦૨૩) **ડૉ. સી. જે. ચાવડા** (વિજાપુર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર સરકારી કર્મચારીઓના રહેણાંકના કેટલા મકાનો બંધ તથા બિસ્માર હાલતમાં છે, અને

(૨) ઉક્ત મકાનોની મરામત પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) **:** (૦૫-૦૯-૨૦૨૩)

(૧) *પરિશિષ્ટ-અ મુજબ

(૨) *પરિશિષ્ટ-બ મુજબ

(*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

--------

**રાજ્યમાં સરકારી રહેણાંકના મકાનોની મરામત બાબત**

અતારાંકિતઃ ૬૬૯ (૧૪-૦૭-૨૦૨૩) **ગેનીબેન ઠાકોર** (વાવ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર સરકારી કર્મચારીઓના રહેણાંકના મકાનોની મરામત પાછળ જિલ્લાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર કઈ કક્ષાના કેટલા મકાનો કાર્યરત છે અને કેટલા બિસ્માર હાલતમાં છે ?

**મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) **:** (૦૫-૦૯-૨૦૨૩)

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા અતારાંકિત પ્રશ્નો (૮૭-ક)

(૧) *પરિશિષ્ટ-અ મુજબ

(૨) *પરિશિષ્ટ-બ મુજબ

(*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

- - - - - - - -

**વઢવાણ તાલુકામાં આવેલ રસ્તાનું રીસરફેસ/મરામતની કામગીરી**

અતારાંકિતઃ ૯૦૦ (૧૭-૦૮-૨૦૨૩) **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૬-૨૦૨૩ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં વઢવાણ તાલુકામાં આવેલ વઢવાણ-માળોદ-ખોલડીયાદના રસ્તાને છેલ્લે ક્યારે રીસરફેસ/મરામતની કામગીરી કેટલા ખર્ચે કઈ એજન્સી દ્વારા કરવામાં આવેલ, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત રસ્તાને મરામત કરવાની માટે સરકારમાં છેલ્લે ક્યારે દરખાસ્ત મોકલવામાં આવેલ ?

**મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) : (૦૬-૦૯-૨૦૨૩)

(૧) પ્રશ્ન હેઠળના રસ્તાની રીસરફેસીંગની કામગીરી રૂ.૮૭૦.૭૬/- લાખના ખર્ચે મે. શ્રીજી કન્સ્ટ્રકશન કંપની, સુરેન્દ્રનગર દ્વારા તા.૧૫-૦૪-૨૦૧૮ના પૂર્ણ કરેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ રસ્તાને ૭ મીટર પહોળો કરવા તેમજ મજબુતીકરણ માટે તા.૦૧-૦૨-૨૦૨૨ના અ.ઈ.શ્રી.મા.મ.વર્તુળ-૧, રાજકોટ દ્વારા દરખાસ્ત કરેલ હતી.

- - - - - - - -

**રાજ્યમાં ગટર સફાઈ કામદારોના મોત**

અતારાંકિતઃ ૪૦૮ (૧૬-૦૬-૨૦૨૩) **શ્રી જીજ્ઞેશ મેવાણી** (વડગામ): **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં કેલેન્ડર વર્ષ ૨૦૨૦, ૨૦૨૧ તથા ૨૦૨૨ના વર્ષમાં કઈ કઈ જગ્યાએ ગટર સફાઈ કામદારો/મેન હોલ મજદૂરોના મોત થયા,

(૨) ઉક્ત સ્થિતિએ મેન હોલમાં મજદૂરોને નહિ ઉતારવાની સુપ્રીમ કોર્ટની મનાઈ હોવા છતાં ઉતારનાર જવાબદાર કોન્ટ્રાક્ટરો સામે શી કાનૂની કાર્યવાહી કરાઈ છે, અને

(૩) આવી ઘટના રોકવા શી વ્યવસ્થા કરાઈ છે અને તેની જવાબદારી કોને સોંપાઈ છે ?

**સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી : (૧૫-૦૯-૨૦૨૩)**

(૧) પત્રક-અ સામેલ છે.

(૨) ગુનો નોંધી કાનૂની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૩) પત્રક-બ સામેલ છે.

**પત્રક-અ**

| | **જિલ્લો** | **મૃતકોની સંખ્યા** |
|---|---|---|
| **તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં કેલેન્ડર વર્ષ ૨૦૨૦માં કુલ-૦૫ મૃત્યુ થયેલ છે.** | અમરેલી | ૦૨ |
| | સુરત | ૦૨ |
| | રાજકોટ | ૦૧ |

| | **જિલ્લો** | **મૃતકોની સંખ્યા** |
|---|---|---|
| **તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં કેલેન્ડર વર્ષ ૨૦૨૧માં કુલ-૦૫ મૃત્યુ થયેલ છે.** | અમદાવાદ | ૦૩ |
| | કચ્છ | ૦૨ |
| | **જિલ્લો** | **મૃતકોની સંખ્યા** |
| **તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં કેલેન્ડર વર્ષ ૨૦૨૨માં કુલ-૦૭ મૃત્યુ થયેલ છે.** | અમદાવાદ | ૦૧ |
| | સુરત | ૦૪ |
| | કચ્છ | ૦૨ |

તા. ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૨૩
સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા અતારાંકિત પ્રશ્નો (૮૭-ક)
**પત્રક-બ**

- ''ધી પ્રોહિબિશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રીહેબીલીટેશન એક્ટ-૨૦૧૩'' ના અસરકારક અમલીકરણ માટે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૧૬-૧૨-૨૦૧૬ અને તા.૧૦-૦૫-૨૦૧૯ના ઠરાવથી ગુજરાતની તમામ મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટરોની સફાઈની કામગીરી માટે માણસ(કામદાર)ને ભૂગર્ભ ગટરમાં ઉતરવા/ઉતારવાની સંપૂર્ણ મનાઈ ફરમાવવામાં આવેલ છે તેમજ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૦૯-૦૫-૨૦૨૩ના પત્રથી સફાઈ કામદારોના અપમૃત્યુ-અકસ્માત રોકવા જરૂરી માર્ગદર્શક સૂચનાઓ આપવામાં આવેલ છે.

- Emergency Response Sanitation Unit (ERSU)ના સંચાલન અને કામગીરી માટે ભારત સરકારના આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયના તા.૧૨-૦૭-૨૦૧૯ના પત્ર ક્રમાંક : ઝેડ-૧૬૦૨૫/૩/૨૦૧૮-સીપીએચઈઈઓ સાથેની મંત્રાલયની ગટર અને સેપ્ટીક ટેંક સફાઈ માટેના પ્રમાણભૂત સંચાલન પ્રક્રિયા (Standard Operating Procedure (SOP))ની માર્ગદર્શક સૂચનાઓ તથા તા.૧૪-૦૨-૨૦૨૦ના પત્ર ક્રમાંક : ૧૪/૧૨/૨૦૧૭-એસબીએમ-૧ ની અને માર્ગદર્શક સૂચનાઓ મુજબ વિભાગના તા.૨૮/૦૪/૨૦૨૧ના ઠરાવથી ''ધી પ્રોહિબિશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રીહેબીલીટેશન એક્ટ-૨૦૧૩''ના અમલીકરણ સંદર્ભે રાજ્યની નગરપાલિકામાં Emergency Response Sanitation Unit (ERSU)ની સ્થાપના કરવામાં આવેલ છે.

- શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૦૯-૦૫-૨૦૨૩ના પત્રમાંની માર્ગદર્શક સૂચનાઓનું ચુસ્તપણે અમલીકરણ થાય તે જોવાની જવાબદારી સંબંધિત મ્યુનિસિપલ કમિશનરશ્રી/ચીફ ઓફિસરશ્રીની નક્કી કરેલ છે.
- નામ. સુપ્રીમ કોર્ટના તા.૨૭-૦૩-૨૦૧૪ના આદેશ તથા ''Prohibition of Employment as manual scavengers and their Rehabilitation Act, 2013'' ની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવા માટે પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનાં તા.૨૧-૦૬-૨૦૧૪ના ઠરાવ તથા તા.૧૦-૧૦-૨૦૧૪ અને તા.૧૧-૦૭-૨૦૧૯ના પરિપત્રથી સૂચનાઓ સહ માર્ગદર્શિકા બહાર પાડવામાં આવેલ છે.
- ઉક્ત ઠરાવ તથા પરિપત્રની વિગતે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ/ગ્રામ પંચાયતોને આ પ્રકારનાં કિસ્સા બનવા પામે તેવા સંજોગોમાં જવાબદાર વ્યક્તિ સામે કાયદાના ભંગ બદલ એફ.આઈ.આર. દાખલ કરવા તથા ગટરની સફાઈની કામગીરી દરમિયાન અવસાન પામેલ સફાઈ કામદારોનાં વારસદારોને રૂ.૧૦.૦૦ લાખની સહાય તાત્કાલિક ચૂકવવા સૂચના આપવામાં આવેલ છે. તા.૧૦-૧૦-૨૦૧૪નાં ઠરાવથી જિલ્લા કલેક્ટરને'' ''Prohibition of Employment as manual scavengers and their Rehabilitation Act, 2013'' કાયદાનાં પાલન માટેની સત્તાઓ સુપ્રત કરવામાં આવેલ છે.
- સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૦૬-૦૪-૨૦૨૧ના નોટિફિકેશનથી મહાનગરપાલિકા, નગરપાલિકા અને પંચાયત હેઠળના અધિકારીશ્રીઓને તેમના કાર્યક્ષેત્રમાં ઇંસ્પેક્ટર તરીકેની ફરજો સોંપવામાં આવી છે.
- ડ્રેનેજ સફાઈની કામગીરી માટે રાજ્યની નગરપાલિકાઓમાં ઉપલબ્ધ સાધનો માટે નગરપાલિકાઓના નજીકનાં ગ્રામ્ય વિસ્તારોમાંથી માંગણી કરવામાં આવે તો સાધનોની વ્યવસ્થા કરી આપવા માટે નગરપાલિકાઓને નાયબ કમિશનર, મ્યુનિસિપાલિટી એડમિનિસ્ટ્રેશનની કચેરી, ગાંધીનગર દ્વારા સૂચના અને દિશા નિર્દેશ આપવામાં આવેલ છે. જે અંગે વિકાસ કમિશનર કચેરી ગાંધીનગરનાં તા.૧૬-૦૫-૨૦૨૩નાં પત્રથી તમામ જિલ્લા પંચાયતોને આ અંગે જરૂરી કાર્યવાહી કરવા સૂચના આપેલ છે.

--------

